# નવ-તત્ત્વ-દીપિકા

યાને

## જૈન ધર્મનું અદ્ભુત તત્ત્વજ્ઞાન

★


લેખક

સાહિત્યવારિધિ શતાવધાની પંડિત

**શ્રી ધીરજલાલ ટોકરશી શાહ**


★

સંશોધકો :

પ. પૂ. આ. શ્રી વિજયધર્મધુરંધરસૂરિજી મ.

પ. પૂ. પં. શ્રી કીર્તિવિજયજી ગણિવર્ય

પ. પૂ. મુ. શ્રી યશોવિજયજી મહારાજ

★

પ્રસ્તાવના - લેખક :

પ. પૂ. આ. શ્રી વિજયધર્મસૂરીશ્વરજી મ.


પ્રકાશક :

જૈન સાહિત્ય - પ્રકાશન - મંદિર



भेंट आचार्य विजय यशोदेव सूरीश्वरजी

પ્રકાશક :

નરેન્દ્રકુમાર ધીરજલાલ શાહ

વ્યવસ્થાપક

**જૈન સાહિત્ય - પ્રકાશન - મંદિર**

લધાભાઈ ગુણપત બીલ્ડીંગ

ચીંચબંદર, મુંબઈ ૯

★

આવૃત્તિ પહેલી

વિ. સં. ૨૦૨૨, સને ૧૯૬૬

**મૂલ્ય રૂપિયા છ**

સર્વ હક્ક સુરક્ષિત

★

મુદ્રક :

કાન્તિલાલ સોમાલાલ શાહ

સાધના પ્રિન્ટરી

ઘીકાંટારોડ : **અમદાવાદ.**

# પ્રકાશકીય

જૈન ધર્મના પરમ કલ્યાણકારી આચાર – વિચારને પ્રકાશમાં લાવવાનો અમારો મનોરથ કંઈક અંશે પૂર્ણ થયો, તે માટે અમે આનંદ અનુભવીએ છીએ. સં. ૨૦૧૪ના શ્રાવણ વદિ ૮ ના રોજ પ્રકાશન – સંસ્થાની સ્થાપના થઈ, ત્યારથી આજ સુધીમાં, એટલે કે લગભગ આઠ વર્ષના ગાળામાં અમે નાનાં – મોટાં ૪૬ જેટલાં પ્રકાશનો કરી શકયાં અને તેમાંના ઘણાખરાં પ્રકાશનોની નકલો ખાપધાપ વેચાઈ ગઈ, તેથી અમારો ઉત્સાહ વૃદ્ધિ પામે, એ સ્વાભાવિક છે.

પરંતુ અમને વિશેષ ઉત્સાહ તો આ સાહિત્યનાં પ્રકાશન તથા સમર્પણ નિમિત્તે યોજાયેલા સમારોહથી મળ્યો. તેમાં પૂજ્ય આચાર્ય ભગવંતો, પૂજ્ય મુનિરાજો, પૂજ્ય સાધ્વીજીઓ તથા સંઘના અનેક અગ્રણીઓએ હાજરી આપી, એટલુંજ નહિ પણ પ્રકાશિત સાહિત્યનું અભિવાદન કરી, તેની સેંકડો પ્રતિઓ ખરીદી અને તેનું વિના મૂલ્યે વિતરણ કર્યું.

પ. પૂ. આચાર્ય શ્રી વિજયપ્રેમસૂરીશ્વરજી મહારાજ, પ. પૂ. આ. શ્રી વિજયલક્ષ્મણસૂરીશ્વરજી મહારાજ, પ. પૂ. આ. શ્રી વિજય-પ્રતાપસૂરીશ્વરજી મહારાજ, પ. પૂ. આ. શ્રી વિજયધર્મસૂરીશ્વરજી મહારાજ, પ. પૂ. આ. શ્રી વિજયઅમૃતસૂરીશ્વરજી મહારાજ, પ. પૂ. આ. શ્રી વિજયધર્મધુરંધરસૂરીશ્વરજી મહારાજ, પ. પૂ. પં. શ્રી ભાનુવિજયજી ગણિવર્ય, પ. પૂ. પં. શ્રી કીર્તિવિજયજી ગણિવર્ય, પ. પૂ. મુનિરાજ શ્રી યશોવિજયજી મહારાજ, પ. પૂ. મુનિરાજ શ્રી ચિત્રભાનુજી મહારાજ, પ. પૂ. મુમુક્ષુ શ્રી ભવ્યાનંદવિજયજી મહારાજ વગેરે ત્યાગી વર્ગ, તેમજ શેઠશ્રી માણેકલાલ ચુનીલાલ શાહ, શેઠશ્રી જીવતલાલ પ્રતાપશી, શેઠશ્રી રમણલાલ દલસુખભાઈ શ્રોફ, શેઠશ્રી મોહનલાલ ભાણજીભાઈ શાપરીઆ, શેઠશ્રી અમૃતલાલ ભાણજીભાઈ શાપરીઆ, શેઠશ્રી કેશવલાલ બુલાખીદાસ, શેઠશ્રી રમણલાલ નગીનદાસ પરીખ, શેઠશ્રી ચંદુલાલ વર્ધમાન શાહ, શેઠશ્રી નવીનચંદ્ર કંપાણી,

શ્રી જયંતિલાલ રતનચંદ શાહ, શેઠશ્રી સોમચંદ શંકરલાલ મહેતા, શેઠશ્રી મૂળચંદભાઈ હરિલાલ, શ્રી રમણીકભાઈ ઝવેરી, શ્રી લાલજી છગનભાઈ કાપડિયા આદિ ગૃહસ્થવર્ગે અમારા સાહિત્ય પ્રત્યે હમેશાં મીઠી નજર રાખી છે અને તેથી જ અમે આ પ્રકાશનો કરવા શક્તિમાન થયા છીએ. તેમાં **શેઠશ્રી માણેકલાલભાઈ**નું પ્રોત્સાહન તો વિશિષ્ટ કોટિનું જ રહ્યું છે, તેનો અમે કયા શબ્દોમાં આભાર માનીએ ?

નવ – તત્ત્વ – પ્રકરણ પર દીપિકા નામની વૃત્તિ રચવાનું કાર્ય શરૂ થયું, તે પછી જીવદયાના પ્રશ્ન અંગે અગત્યની કાર્યવાહી ઊભી થઈ અને તેમાં ગ્રંથલેખકને ઘણો સમય આપવો પડ્યો, છતાં તેમણે રાત્રિ – દિવસ પરિશ્રમ કરીને ગ્રંથરચના સમયસર પૂર્ણ કરી આપી, તેથીજ તેનું પ્રકાશન પૂર્વે કરેલી જાહેરાત અનુસાર સં. ૨૦૨૨ ના ચૈત્ર માસમાં થઈ શક્યું છે.

નવ – તત્ત્વ – પ્રકરણ પરની આ દીપિકા વૃત્તિને પ. પૂ. આ. શ્રી વિજયધર્મધુરંધરસૂરીશ્વરજી મહારાજ, પ. પૂ. પં. શ્રી કીર્તિવિજયજી ગણિવર્ય તથા પ. પૂ. મુ. શ્રી યશોવિજયજી મહારાજે ઘણો પરિશ્રમ લઈને શોધી આપી છે અને તેને પ્રકાશન યોગ્ય બનાવી છે, તે માટે તેમનો અંતઃકરણથી આભાર માનીએ છીએ. વળી પ. પૂ. આ. શ્રીમદ્ વિજયધર્મસૂરીશ્વરજી મહારાજે પોતાની તબિયત જોઈએ તેટલી સ્વસ્થ ન હોવા છતાં, અમારી વિનંતિને માન આપીને, આ ગ્રંથની મનનીય પ્રસ્તાવના લખી આપી, તે માટે તેમનો પણ અંતઃકરણથી આભાર માનીએ છીએ.

જે સંઘો, સંસ્થાઓ તથા વ્યક્તિઓએ આ ગ્રંથની અગાઉથી સારા પ્રમાણમાં નકલો લખાવીને અમારો માર્ગ સરળ કરી આપ્યો, તે સર્વેને હાર્દિક ધન્યવાદ આપીએ છીએ.

શ્રી ફત્તેહચંદભાઈ, શ્રી મનસુખભાઈ, શ્રી પ્રાણજીવન હ. ગાંધી વગેરે મિત્રોએ આ ગ્રંથના રચના વગેરે અંગે કિંમતી સૂચનો કર્યાં છે, તે માટે તેમનો પણ ઋણ - સ્વીકાર કરીએ છીએ.

**પ્રકાશક.**



પરમ પૂજ્ય આચાર્ય શ્રી ૧૦૦૮
**શ્રી વિજયધર્મસૂરીશ્વરજી મહારાજ**

# સમર્પણ

દ્રવ્યાનુયોગના પરમ અભ્યાસી, નવતત્ત્વ, શ્રાવકધર્મ
આદિના સમર્થ વિવેચક, ઔદાર્યાદિક અનેક-
ગુણવિભૂષિત, ક્ષાંત દાંત, સુવિહિત,
ક્રિયાનુરાગી, જૈન શાસનપ્રભાવક,
સાધર્મિકભક્તિના
મહાન ઉપદેશક,
યુગદિવાકર
આચાર્ય શ્રીમદ્ ૧૦૦૮ શ્રી શ્રી શ્રી
**વિજયધર્મસૂરીશ્વરજી મહારાજને**
**નવ-તત્ત્વ-દીપિકા**
અપરનામ
**જૈન ધર્મનું અદ્‌ભુત તત્ત્વજ્ઞાન**
નામનો આ ગ્રંથ
સવિનય સાદર સમર્પણ કરીને
કૃતાર્થ થાઉં છું.

卐

ધીરજલાલ ટોકરશી શાહ

### જૈનાચાર્ય

# શ્રીમદ્ વિજયધર્મસૂરીશ્વરજી મહારાજનો

## ટૂંક જીવન-પરિચય

પ. પૂ. આચાર્ય શ્રીમદ્ વિજયધર્મસૂરીશ્વરજી મહારાજનો જીવન-પરિચય લખવાની ભાવના તો ઘણા વખતથી જાગી હતી, પણ એક યા બીજા કારણે તેમ બની શકયું નહિ. આખરે એ ઇચ્છા પૂર્ણ થવાનો પ્રસંગ સાંપડયો, એટલે ખૂબ ખૂબ આનંદ થાય છે.

### જન્મ અને માતા-પિતાદિ

તેઓશ્રી વિ. સં. ૧૯૬૦ ના શ્રાવણ વદિ ૧૧ ના રોજ સૌરાષ્ટ્રના વઢવાણ શહેરમાં વીશાશ્રીમાળી જૈન કુટુંબમાં જન્મ્યા. તેમના પિતાશ્રીનું નામ હીરાચંદ અને માતાજીનું નામ છબલ હતું. તેમનું પોતાનું નામ ધન રાશિના ભ–ધ અક્ષરના આધારે **ભાઇચંદ** પાડેલું. તેમને બે ભાઈઓ હતા. તેમાં મોટાનું નામ ધીરજલાલ અને નાનાનું નામ વૃજલાલ હતું. નાનાભાઇ આજે વિદ્યમાન છે.

### વિદ્યાભ્યાસ

તેઓશ્રી ધર્મપરાયણ માતાના ખોળે ઉછરતાં ધાર્મિક સંસ્કારો સારી રીતે પામ્યા. પાઠશાળાએ તેમાં પૂર્તિ કરી. ગામની શાળાએ તેમને ચાર ગુજરાતી સુધીનું શિક્ષણ આપ્યું. વિશેષ અભ્યાસ માટે તેઓશ્રી અમદાવાદના શેઠ ચીમનલાલ નગીનદાસ છાત્રાલયમાં દાખલ થયા. બુદ્ધિ તીવ્ર અને ખંત ઘણી, એટલે અભ્યાસમાં સારી રીતે આગળ વધ્યા. છાત્રાલયના ગૃહપતિ તથા શાળાના શિક્ષકો એમ કહેતા કે 'આ

છોકરો આગળ જતાં ઘણો ઝળકશે.' અલબત્ત, એ તો આ વસ્તુ વ્યાવહારિક શિક્ષણની અપેક્ષાએ કહી રહ્યા હતા, પણ તેઓશ્રી આગળ જતાં શ્રદ્ધા, જ્ઞાન અને ચારિત્ર એ ત્રણેયમાં ખૂબ ઝળકયા અને એ રીતે ગૃહપતિ તથા શિક્ષકોની આગાહી સાચી ઠરી.

## માતાની પ્રેરણા

તેમના માતુશ્રીની ઇચ્છા એવી હતી કે પોતાનો પુત્ર ભણીને વ્યવહારમાં પડે, કર્મથી ખરડાય અને સંસાર વધારે તેના કરતાં ધર્મ-પરાયણ ત્યાગી જીવન જીવીને આત્મકલ્યાણ સાધે તો ઘણું સારું. એટલે તેમના તરફથી અવારનવાર દીક્ષા લેવાની પ્રેરણા મળ્યા કરતી. ભાઇચંદભાઈ પૂર્વ ભવમાં સુકૃતની કમાણી કરીને આવેલા અને હળુકર્મી, એટલે માતાની આ પ્રેરણાને બરાબર ઝીલી લીધી અને અનેક વ્રત-નિયમોથી યુક્ત થયા.

## દીક્ષાદાન

સોળ વર્ષની તરુણ ઉંમરે તેમણે છાત્રાલય છોડી પૂ. ગુરુદેવ **શ્રી વિજયમોહનસૂરીશ્વરજી** મહારાજનું શરણ સ્વીકાર્યું. સં. ૧૯૭૬ ના માહ સુદિ ૧૧ ના રોજ મ્હેસાણા નજીક સાંગણપુરમાં તેમને દીક્ષાદાન કરી **મુનિશ્રી પ્રતાપવિજયજીના શિષ્ય મુનિ શ્રી ધર્મવિજયજી** તરીકે જાહેર કરવામાં આવ્યા.

## સ્મરણ-નોંધ

અહીં આટલી નોંધ કરું તો ઉચિત ગણાશે કે હું પણ એ વખતે શેઠ ચીમનલાલ નગીનદાસ છાત્રાલયમાં અભ્યાસ કરતો હતો અને તેમની સાથે સારી મિત્રતા ધરાવતો હતો. વળી તેઓશ્રી થોડે દૂરના સગપણ-સંબંધે મારા કાકા થતા હતા. આથી જ્યારે તેમણે છાત્રાલય છોડયું, ત્યારે તેમને વિદાય આપવા થોડે દૂર સાથે ગયો હતો. ત્યાં તેમણે એમ જણાવ્યું કે "હવે હું છાત્રાલયમાં પાછો ફરનાર નથી,

મારું જીવન કોઈ જુદા જ માર્ગે વહેશે' ત્યારે મારી આંખમાં ઝળ-ઝળિયાં આવી ગયાં હતાં. આજે પણ એ દૃશ્ય મારા સ્મૃતિપટમાં બરાબર ખડું થાય છે.

## જનની જીવોરે......

રાજા ગોપીચંદને વૈરાગ્યના માર્ગે વાળવા માટે 'જનની જીવોરે ગોપીચંદની' એ પંક્તિ ઉલટભેર ગવાય છે, પણ છબલ બહેનની કાર્યવાહી રાજા ગોપીચંદની માતાથી જરાયે ઉતરતી ન હતી, છતાં આજ સુધી તેમને માટે આવી કોઈ પદ્યરચના થઈ નથી, એ ખરેખર આશ્ચર્યજનક છે. પુત્રને વૈરાગ્યના માર્ગે વળાવ્યા પછી અને સર્વવિરતિનો સ્વીકાર કરાવ્યા પછી પોતે પણ સં. ૧૯૮૦ માં ભાગવતી દીક્ષા અંગીકાર કરી હતી અને સાધ્વી શ્રી કુશલશ્રીજી તરીકે સંયમની સુંદર સાધના કરી સં. ૧૯૯૭ માં શ્રી સિદ્ધગિરિની છાયામાં પાલીતાણા મુકામે સમાધિપૂર્વક કાલધર્મ પામ્યા હતા.

## શાસ્ત્રાભ્યાસ

જેઓની પાસે તેઓશ્રીએ ચારિત્ર ગ્રહણ કર્યું, તે પૂ. આચાર્ય શ્રી વિજયમોહનસૂરીશ્વરજી મહારાજનું સ્થાન તેમના સમકાલીન આચાર્યોમાં પ્રથમ પંક્તિમાં ગણાતું હતું. તેઓશ્રી એક સમર્થ વિદ્વાન હોવા સાથે પ્રભાવશાળી વ્યાખ્યાનકાર પણ હતા. તેઓશ્રીના પટ્ટધર પૂ. મુનિવર્ય શ્રી પ્રતાપવિજયજી (હાલ પૂ. આચાર્યશ્રી વિજયપ્રતાપસૂરીશ્વરજી) મહારાજ કે જેઓ મુનિશ્રી ધર્મવિજયજીના દીક્ષાગુરુ થાય, તેઓ પણ અખંડ ગુરુકુલવાસી, સારા વિદ્વાન્ અને જૈન શાસનની પ્રાચીન પ્રણાલિકાના સંરક્ષક હતા. આવા પૂજ્ય પુરુષોની નિશ્રા પ્રાપ્ત થતાં મુનિશ્રી ધર્મવિજયજી આત્મવિકાસના માર્ગે ઝડપથી આગળ વધવા લાગ્યા.

કુશાગ્ર બુદ્ધિ, વિનયશીલતા, અખંડ પરિશ્રમ અને ગુરુદેવોની સતત કાળજી વગેરે કારણે વ્યાકરણ–કાવ્ય–કોષ સાહિત્ય–ન્યાય વગેરે

વિષયો ઉપરાંત પ્રકરણો, આગમો ઇત્યાદિ અનેક ગ્રન્થોનો સુંદર અભ્યાસ મુખ્યતયા તેઓશ્રીએ એમના દાદા ગુરુજી પાસે જ કર્યો. બાદ પૂ. શાસનસમ્રાટ્‌ના પટ્ટાલંકાર સિદ્ધાન્તવાચસ્પતિ પૂ. ઉદયસૂરીશ્વરજી મહારાજ અને આગમોદ્ધારક પૂ. આનંદસાગરસૂરીશ્વરજી મહારાજનો સમાગમ થતાં તેઓશ્રી પાસે બૃહત્કલ્પભાષ્ય, વિશેષાવશ્યક મહાભાષ્ય, તત્ત્વાર્થ–પંચમાધ્યાય વગેરે ઉચ્ચતર શાસ્ત્રોના અભ્યાસનો યોગ મળવાથી તેઓશ્રીના જ્ઞાનમાં સુંદર વિકાસ થયો. અમદાવાદમાં ૬ માઇલ જેટલો વિહાર કરી રોજ અભ્યાસ માટે પૂ. સાગરજી મહારાજ પાસે જતા–આવતા હતા. શાસ્ત્રાભ્યાસની આવી અપૂર્વ તમન્નાને લીધે જ તેઓશ્રી કર્મગ્રન્થો, કર્મપ્રકૃતિ, પંચસંગ્રહ જેવા કર્મશાસ્ત્રોના વિષયમાં નિષ્ણાત બન્યા અને શ્રમણસમુદાયમાં તેમની ગણના દ્રવ્યાનુયોગના સારા વિદ્વાન તરીકે થવા લાગી.

## પદપ્રાપ્તિ

મુનિશ્રી ધર્મવિજયજીને ગ્રહણા અને આસેવના એ બંને પ્રકારની શિક્ષામાં આગળ વધેલા જોઈ પૂ. આ. શ્રી વિજયમોહનસૂરીશ્વરજી મહારાજે પાલીતાણામાં સં. ૧૯૯૨માં યોગોદ્વહનની ક્રિયાપૂર્વક ગણી–પંન્યાસપદથી વિભૂષિત કર્યા અને સં. ૨૦૦૨માં શાસનસમ્રાટ્ પ. પૂ. આચાર્ય શ્રીમદ્ વિજયનેમિસૂરીશ્વરજી મહારાજે અમદાવાદમાં તેમને હજારોની માનવમેદનીની હાજરીમાં ઉપાધ્યાયપદવી અર્પણ કરી. ત્યારબાદ વિ. સં. ૨૦૦૬ની સાલમાં મુંબઈના ચાતુર્માસપ્રસંગે ભાયખલામાં ઉપધાન–તપની માલારોપણનો મંગલ અવસર ઉપસ્થિત થતાં મુંબઈના શ્રી સંઘની વિનંતિથી પૂ. આ. શ્રી વિજયપ્રતાપસૂરીશ્વરજી મહારાજે સં. ૨૦૦૭ ના પોષ વદિ ૫ ના દિવસે તેઓશ્રીને આચાર્યપદે આરૂઢ કર્યા.

આચાર્ય–પદાપર્ણના પ્રસંગો તો ઘણીવાર ઘણા સ્થળે ઉજવાયા હશે, પરંતુ આ આચાર્ય–પદાર્પણના પ્રસંગે જે ઉલ્લાસ અને લગભગ

પચાસ હજાર જેટલી વિશાળ માનવમેદની સાથે મુંબઈના પ્રત્યેક આગેવાનની હાજરીનું દૃશ્ય જેણે જેણે નિહાળ્યું છે, તે તે મહાનુભાવો આજે પણ તે અવસરને યાદ કરીને અનુમોદના કરે છે. આ પ્રસંગ પછી તેઓ **આચાર્ય શ્રી વિજયધર્મસૂરિ** તરીકે ખ્યાતિ પામ્યા અને આજે તો આ નામ અતિ લોકપ્રિય બની હજારો–લાખો હોઠોએ ચડી ગયું છે.

## ચાતુર્માસની પ્રવૃત્તિ

તેઓશ્રી જ્યાં ચાતુર્માસ કરે છે, ત્યાં સામાન્ય રીતે આનંદ–મંગલ વર્તે છે અને તપ, જપ તથા ધર્માનુષ્ઠાનોની પ્રવૃત્તિ સારા પ્રમાણમાં થાય છે. તેઓશ્રી એક સમર્થ વ્યાખ્યાતા છે, એટલે તેઓ–શ્રીનાં વ્યાખ્યાનો તત્ત્વથી ભરપૂર હોય છે અને તેમાંયે જો ભગવતી-સૂત્રની વાચના શરૂ થાય તો તેમની પ્રવચનશક્તિ સોળે કલાએ ખીલે છે. તેમાંના એક એક પદાર્થને તેઓ ખૂબ સ્પષ્ટતાથી સમજાવે છે. અને તેમાં હેતુ–દૃષ્ટાન્ત–યુક્તિ આદિનો સફળતાપૂર્વક ઉપયોગ કરે છે. “ભગવતી સૂત્રનાં પ્રવચનો” નામનો તેઓશ્રીનાં વ્યાખ્યાનોનો પ્રગટ થયેલો દળદાર ગ્રન્થ આ વાતની સાક્ષિ પૂરે છે.

## ઉપધાન–તપની આરાધના

ચાતુર્માસમાં તેઓશ્રીએ દીધેલી દેશનાથી કોઈ ને કોઈ ભાગ્યશાળીને મહામંગલકારી ઉપધાન તપ કરવાની ભાવના થઈ આવે છે. એ રીતે છેલ્લાં વર્ષોમાં તેઓશ્રીની નિશ્રામાં ચૌદેક વાર ઉપધાન–તપની આરાધના થઈ છે અને તેથી અનેક ભવ્યાત્માઓ કલ્યાણમાર્ગે આગળ વધ્યા છે. આ વખતે જે બોલી બોલાય છે, તે સામાન્ય મનુષ્યની કલ્પનાથી બહાર હોય છે. દાખલા તરીકે સં. ૨૦૦૭ની સાલમાં શ્રી ગોડીજી દ્વારા તેમની નિશ્રામાં ભાયખલા ખાતે ઉપધાન–તપની આરાધના થઈ, ત્યારે માળની બોલી રૂ. ૧ લાખ ને ૮ હજારની થઈ હતી

અને સાધર્મિક ફંડ રૂ. ૨૭૦૦૦નું થયું હતું. તે જ રીતે સં. ૨૦૧૫માં કોટ ઉપાશ્રય વતી ભાયખલામાં ઉપધાન–તપની આરાધના થઈ ત્યારે માળની બોલી રૂ. ૧ લાખને ૧૫ હજારની થઈ હતી અને સાધર્મિક ફંડ આદિ રૂા. ૧૫૦૦૦નાં થયાં હતાં. આ રકમ દ્વારા સુપાત્ર ક્ષેત્રોને ઘણું પોષણ મળે છે, એટલે તેને ઉપાદેય ગણી ધાર્મિક વર્ગ આવા પ્રસંગોમાં ઘણો રસ લે છે.

## ઉજમણાં

તેઓશ્રીની પ્રેરણાથી ઉજમણાં પણ ઘણાં થયાં છે અને તે નવીન ભાત પાડનાર નીવડ્યાં છે. ખાસ કરીને સં. ૨૦૧૬/૧૭માં થયેલું ૫૧ અને ૭૭ છોડનું ઉજમણું અને શ્રી ગોડી પાર્શ્વનાથ–સાર્ધ–શતાબ્દી મહોત્સવ વખતે સં. ૨૦૧૮માં શ્રી ગોડીજી ઉપાશ્રયમાં થયેલું ૧૦૮ છોડનું ઉજમણું તો જૈન સમાજ કદી પણ ભૂલશે નહિ.

## ધાર્મિક મહોત્સવો

તેઓશ્રીની પ્રેરણાથી વિવિધ પ્રકારના ધાર્મિક ઉત્સવો થતા રહે છે અને પ્રતિષ્ઠા–અંજનશલાકા મહોત્સવો પણ ઘણા શાનદાર ઉજવાય છે. સં. ૨૦૧૮ના પ્રારંભમાં મુંબઈમાં **શ્રી વિશ્વશાંતિ જૈન આરાધના સત્રની** જે ભવ્ય ઉજવણી થઈ, તે અપૂર્વ કોટિની હતી. આજે પણ લોકો તેને ઘણા આદરપૂર્વક યાદ કરે છે.

આ મહોત્સવોમાં મોટા ભાગે પ્રસંગોને અનુસરતી સ્વયંસંચાલિત ભાવવાહી રચનાઓનું અને રંગોળી–રચનાઓનું અજબ આકર્ષણ હોય છે. તેથી જ સામાન્ય જનતા હજારોની સંખ્યામાં તેનાં દર્શન કરવા ઉમટે છે. વળી રાજ્યપાલ, મુખ્ય પ્રધાન વગેરે અધિકારી–વર્ગ પણ તેમાં હાજરી આપી, દર્શન કરી, જૈન શાસનની પ્રશંસા કરી જાય એવું અનેકવાર બન્યું છે. પરંતુ આ મહોત્સવોનું સૌથી વધુ મહત્ત્વ તો એ હોય છે કે આ પ્રસંગે આચાર્યશ્રીની પ્રેરણાથી મધ્યમ

વર્ગના સાધર્મિક ભાઈઓની ભક્તિ, અનુકંપાક્ષેત્ર અને શિક્ષણ વગેરે માટેની ખાસ કાર્યવાહી થાય છે.

## ધાર્મિક શિક્ષણ

ધાર્મિક શિક્ષણના પ્રચાર માટે પણ તેઓશ્રી ઘણું લક્ષ આપે છે. મુંબઈ જૈન ધાર્મિક શિક્ષણસંઘનાં ઘણાં સંમેલનો તેમની નિશ્રાથી જ શોભ્યા છે. સં. ૨૦૧૯માં ધાર્મિક ઉચ્ચ અભ્યાસ તથા સંસ્કૃત પ્રાકૃત જ્ઞાનની વૃદ્ધિ અર્થે ગોડીજીમાં **જગદ્‌ગુરુ શ્રી હીરસૂરીશ્વરજી સંસ્કૃત–પ્રાકૃત પાઠશાળા** સ્થપાઈ, તે તેઓશ્રીની શુભ પ્રેરણાનું જ પરિણામ છે.

## સાધર્મિક–ભક્તિ

સાધર્મિક–ભક્તિ માટે તેઓશ્રીની લાગણી ઊંડી છે. આજ સુધીમાં તેમના હાથે સાધર્મિક–ભક્તિનિમિત્તે નાનાં મોટાં અનેકાનેક ફંડ થયાં છે અને તે બધાનો તરત સદુપયોગ કરી નાખવામાં આવ્યો છે. સં. ૨૦૧૮માં તેઓશ્રીની પ્રેરણાથી શ્રી ગોડીજી જૈન ઉપાશ્રયમાં **શ્રી જૈન સાધર્મિક સેવાસંઘ**ની સ્થાપના થઈ કે જે આજે પ્રતિ માસ રૂા. ૫૦૦૦ ઉપરાંત રકમ ખર્ચી ૨૨૫ ઉપરાંત કુટુંબોની ભક્તિ કરી રહેલ છે. આ સંસ્થા કાયમી બને તે માટે તેઓશ્રી કોઈ સંગીન યોજના અમલમાં લાવવાની તાલાવેલી સેવી રહ્યા છે.

## જૈનધર્મશાળા–ભોજનશાળા

મુંબઈ જેવા શહેરમાં જૈનોને ઉતરવા માટે ધર્મશાળા જેવું કોઈ સાધન નહિ, એ વાત તેમને ખૂબ ખૂબ ખૂંચતી, તેથી આચાર્યપદ-પ્રાપ્તિ પછીના પ્રથમ પ્રવચનમાં તેનો ઉલ્લેખ કરેલો અને ત્યારબાદ સં. ૨૦૧૬થી સતત પુરુષાર્થ કરતાં આજસુધીમાં આશરે રૂા. ૧૧ લાખનું ફંડ જૈન ધર્મશાળા–જૈન ભોજનાલય–જૈન ક્લીનીક માટે થયું.

સદ્ગર સમિતિ દ્વારા ભૂલેશ્વર–લાલબાગ ઉપાશ્રયની સમીપમાં જૈન ધર્મ-શાળા, ભોજનશાળા અને જૈન ક્લીનીકનું મકાન તૈયાર થઈ ગયું છે.

## જિન–મંદિર નિર્માણ

જિનભક્તિનું મુખ્ય સ્થાન જિનમંદિર છે. તેના નિર્માણ માટે તેઓશ્રીનો ખ્યાલ ઘણો ઊંચો છે. ઘાટકોપર નજીક ચેમ્બુરમાં તેઓ-શ્રીના ઉપદેશ અને માર્ગદર્શનથી શ્રી ઋષભદેવ ભગવાનના મંદિરનું જે ભવ્ય નિર્માણ થયું, તે એની પ્રતીતિ કરાવે છે. પ્રાચીન શૈલિનું સ્થાપત્ય ધરાવનાર આવા વિશાલ ગર્ભાગારવાળું મંદિર મુંબઈ અને તેના પરાવિભાગમાં આ પહેલવહેલું જ છે. અહીં ઉપાશ્રય પણ બંધાયો છે અને ધર્મશાળાની યોજના પણ થયેલી છે. અહીંની પ્રતિષ્ઠાઅંજન–શલાકાનો પ્રસંગ પણ દીર્ઘકાલ સુધી યાદ રહી જાય તેવો છે. અત્યાર સુધીમાં આ મંદિર વગેરે પાછળ રૂપિયા ૭ લાખનો સદ્વ્યય થયેલ છે.

## ઉપદેશમાં વિશિષ્ટ લબ્ધિ

તેઓશ્રીના ઉપદેશમાં એવી કોઈ વિશિષ્ટ લબ્ધિ છે કે જેથી જિનમંદિર, ઉપાશ્રય વગેરે સાતેય સુપાત્ર ક્ષેત્રો માટે જૈન સંઘે લાખો રૂ. ની રકમ હસતાં મુખડે કાઢી આપેલ છે. શાસનના કોઈ કાર્ય માટે તેઓશ્રી ઉપદેશ આપે છે કે જનતા તરફથી પૈસાનો વરસાદ વરસવા લાગે છે. સં. ૨૦૦૬ના ગોડીજીના ચાતુર્માસમાં ગોડીજીના નવા ઉપાશ્રય માટે રૂ. ૨,૫૦૦૦૦]નું ફંડ, સં. ૨૦૧૭માં પુનઃ ગોડીજીના ચાતુ-ર્માસમાં એજ ઉપાશ્રય માટે રૂ. ૧,૫૦૦૦૦]નું ફંડ, બાર બાર વર્ષથી એમને એમ પડી રહેલા ચેમ્બુરના જિનમંદિર-ઉપાશ્રય-ધર્મશાળા માટે રૂ. ૫,૫૦૦૦૦] ઉપરાંતનું ફંડ, મુંબઈ જૈન ધર્મશાળા આદિ માટે રૂ. ૧૧,૨૫૦૦૦] સુધી પહોંચેલું ફંડ, અને ૨૦૧૯ના ચોમાસામાં ઘાટકોપર તપગચ્છના નૂતન જિનમંદિરની જગ્યા માટે ૧,૨૫૦૦૦નું ફંડ અને ત્યાં થનાર નૂતન મંદિરના મૂલનાયકજીનો રૂપિયા ૧,૧૧૧૧૧ નો ચઢાવો વગેરે પ્રસંગો તેઓશ્રીની ઉપદેશ–લબ્ધિનાં સીમાચિહ્નો છે.

## સાહિત્ય-નિર્માણ અને પ્રચાર

જૈન સાહિત્યનાં નિર્માણ અને પ્રકાશનને પણ તેઓશ્રી તરફથી સારૂં ઉત્તેજન મળતું રહ્યું છે. ઉપરાંત તેઓશ્રીની પ્રેરણાથી શ્રી મુક્તિ-કમલ-જૈન મોહનમાળા તથા શ્રી યશોભારતી જૈન પ્રકાશનસમિતિ સુંદર ધાર્મિક પ્રકાશનો કરી રહેલ છે.

તેઓશ્રીએ નવ-તત્ત્વ-પ્રકરણ ઉપર સંસ્કૃત ભાષામાં સુમંગલા ટીકાનું સર્જન કર્યું છે. ઉપરાંત લઘુક્ષેત્રસમાસ, પંચમ (શતક) કર્મગ્રન્થ, ષટ્‌ત્રિંશિકાચતુષ્કપ્રકરણ, પ્રશ્નોત્તર મોહનમાલા, શ્રાદ્ધપ્રતિક્રમણ-સૂત્ર અર્થાત્ વંદિત્તુ સૂત્રનો સવિસ્તર અનુવાદ વગેરે નાના મોટા અનેક ગ્રંથોનું સંપાદન કરી પોતાની પ્રૌઢ વિદ્વત્તાનો પરિચય આપેલો છે.

## શિષ્યસમુદાય

તેઓશ્રીનો શિષ્ય-સમુદાય વિશાળ છે. તેમાં શાસ્ત્રના અભ્યાસીઓ, વક્તા, કલાપ્રેમી, શતાવધાની, તપસ્વી, ક્રિયાનિષ્ઠ વગેરે સર્વ પ્રકારો જોઈ શકાય છે. ગુરુ આજ્ઞાને શિરોધાર્ય કરી તેઓ પણ શાસનપ્રભાવનાનાં ઉત્તમ કાર્યો કરી રહેલ છે. જેમાં સાહિત્ય-કલાપ્રેમી **મુનિશ્રી યશોવિજયજી** તથા પ્રવર્તક **મુનિશ્રી જયાનંદવિજયજી** આદિની મુખ્યતા છે.

## સંયમસાધના અને સંઘોત્કર્ષ

તેઓશ્રી સંયમની સાધના સાથે પોતાની દૈનિક આવશ્યક ક્રિયા-ઓમાં સતત ઉપયોગવંત રહે છે. તે સાથે તપશ્ચર્યાના મંગલ યોગને પણ અપનાવનારા છે. જ્ઞાનપંચમી, નવપદજીની ઓળી અને વરસીતપ જેવી દીર્ઘ તપશ્ચર્યાની પણ તેઓશ્રીએ આરાધના કરેલ છે. વ્યાખ્યાન-વાણી અને પઠન-પાઠનની પ્રવૃત્તિ નિયમિત ચાલુ હોય છે. તે ઉપરાંત જૈન સંઘના ઉત્કર્ષ માટે તેઓશ્રી જે ભગીરથ પુરુષાર્થ કરે છે, તે જોઈને હું મુગ્ધ થયો છું.

આવા એક સમર્થ મહાપુરુષને પ્રસ્તુત ગ્રંથ સમર્પણ કરવાની તક મળી, તે માટે હું કૃતાર્થતા અનુભવું છું.

**—ધીરજલાલ ટો. શાહ**

# ધન્યવાદ



શ્રી જૈન સંઘના અણમોલ રત્ન

**શેઠશ્રી માણેકલાલ ચુનીલાલ શાહને,**

જેમના

પ્રબળ પ્રોત્સાહનથી

અનેક ગ્રન્થોનું નિર્માણ શકય બન્યું.

# નવ-તત્ત્વ-દીપિકાના

## અગાઉથી ગ્રાહક થનારનાં શુભ નામો

[ આ યાદી ૫ નકલ અને તેથી વધારે લખાવનારની છે. ]

| | | નકલો |
|---|---|---|
| શ્રી માણેકલાલ ચુનીલાલ શાહ | | ૨૦૦ |
| પ. પૂ. આ. શ્રી વિજયધર્મધુરંધરસૂરીશ્વરજી મ. ની પ્રેરણાથી | | ૧૩૩ |
| શૈલેષકુમાર અશ્વિનકુમાર એન્ડ કું. | ૮૫ | |
| શ્રી શંખેશ્વરપાર્શ્વનાથ જૈન પેઢી | ૨૧ | |
| શ્રી સોમચંદ શંકરલાલ મહેતા | ૧૧ | |
| શ્રી શાંતિલાલ ઠાકરશી ગોશલિયા | ૧૧ | |
| શ્રી મનસુખલાલ ઓઘડભાઈ શાહ | ૫ | |
| પ. પૂ. આ. શ્રી વિજયધર્મસૂરીશ્વરજી મ.ની પ્રેરણાથી | | ૧૦૧ |
| શ્રી ઋષભદેવ જૈન ચેરીટેબલ એન્ડ સાધારણ ટ્રસ્ટ—ચેમ્બુર | ૫૧ | |
| શ્રી ભાંડુપ જૈન શ્વે. મૂ. સંઘ | ૫૦ | |
| પ. પૂ. મુ. શ્રી ચિત્રભાનુજી મહારાજની પ્રેરણાથી | | ૧૦૦ |
| શ્રી કોટ જૈન શ્વે. મૂ. સંઘ—૧૦૦ | | |
| શ્રી કેશવલાલ બુલાખીદાસ | | ૫૦ |
| શ્રી સોમચંદ ડી. શાહ—પાલીતાણા | | ૫૦ |
| પ. પૂ. પં. શ્રી કીર્તિવિજયજી ગણિવર્યની પ્રેરણાથી | | ૨૫ |
| શ્રી મોહનલાલ ભાણજીભાઈ શાપરીઆ | | ૨૫ |
| શ્રી ચીનુભાઈ સારાભાઈ | | ૨૫ |
| શ્રી કાંતિલાલ દીપચંદ શાહ | | ૨૫ |

| | |
|---|---|
| શ્રી જશવંતલાલ ગીરધરલાલ શાહ—અમદાવાદ | ૨૫ |
| એક ગૃહસ્થ | ૨૫ |
| શ્રી નવીનચંદ્ર જી. કંપાણી | ૨૦ |
| શ્રી વ્રજલાલ કપૂરચંદ મહેતા | ૧૫ |
| શ્રી રમણલાલ નગીનદાસ પરીખ | ૧૧ |
| શ્રી રમણીકચંદ મોતીચંદ ઝવેરી | ૧૧ |
| શ્રી મોતીલાલ વીરચંદ શાહ | ૧૧ |
| શ્રી મેઘરાજ જૈન પુસ્તક ભંડાર | ૧૧ |
| શ્રી બીપીનભાઈ કાંતિલાલ ઝવેરી | ૧૧ |
| શ્રી મનસુખલાલ તારાચંદ મહેતા | ૧૧ |
| શ્રી ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય—અમદાવાદ | ૧૦ |
| પ. પૂ. મુનિરાજ શ્રી સૂર્યોદયવિજયજી મ.ની પ્રેરણાથી | |
| એક ગૃહસ્થ | ૫ |
| શ્રી રસિકલાલ નંદલાલ દોશી | ૫ |
| શ્રી કેશવજી હીરજી ગોગરી | ૫ |
| શ્રી મીઠાભાઈ કલ્યાણચંદની પેઢી—કપડવંજ | ૫ |
| શ્રી કેશવલાલ મનસુખરામ શાહ | ૫ |
| શ્રી સેવંતીલાલ વ્રજલાલ શાહ | ૫ |
| શ્રી અનંતનાથજી મહારાજ દહેરાસર અને સાધારણ ફંડ | ૫ |
| શ્રી શાંતિલાલ ગફલભાઈ | ૫ |
| શ્રી ગોડીજી જ્ઞાનસમિતિ | ૫ |
| શ્રી શાંતાક્રુઝ જૈન તપગચ્છ સંઘ | ૫ |
| શ્રી ફત્તેહચંદ ઝવેરભાઈ | ૫ |
| શ્રી પરમાર ક્ષત્રિય જૈન ધર્મપ્રચારક સભા | ૫ |
| શ્રી જયંત એમ. શાહ | ૫ |
| | ૯૬૦ |

# વિષયાનુક્રમ


**સંશોધકો તરફથી**

પ. પૂ. આ. શ્રી વિજયધર્મધુરંધરસૂરિજી મ. ૧૯

પ. પૂ. પં. શ્રી કીર્તિવિજયજીગણિવર્ય ૧૯

પ. પૂ. મુ. શ્રી યશોવિજયજી મ. ૨૧

**પ્રસ્તાવના** પ. પૂ. આ. શ્રી વિજયધર્મસૂરિજી મ. ૨૩

**પ્રાક્કથન** પં. શ્રી ધીરજલાલ ટોકરશી શાહ ૩૩

૧ જૈન ધર્મની પ્રાચીનતા અને મૌલિકતા

૨ જૈન ધર્મ પરમ આસ્તિક છે. ૩૭

૩ તત્ત્વજ્ઞાનની મહત્તા ૪૪

૪ તત્ત્વજ્ઞાનની પ્રાપ્તિ કોને થાય ? ૫૫

૫ તત્ત્વસંવેદન ૫૯

૬ નવતત્ત્વ અંગે વિશાળ સાહિત્ય ૬૩

૭ પ્રસ્તુત ગ્રંથનિર્માણ ૬૭


## નવ-તત્ત્વ-દીપિકા


| પ્રકરણ | વિષય | પૃષ્ઠસંખ્યા |
|---|---|---|
| પહેલું | નવતત્ત્વનાં નામો તથા ભેદો | ૩ |
| બીજું | જીવતત્ત્વ | ૨૮ |
| ત્રીજું | અજીવતત્ત્વ | ૯૩ |
| ચોથું | ષડ્દ્રવ્ય અંગે વિશેષ વિચારણા | ૧૫૨ |
| પાંચમું | કર્મવાદ | ૧૬૩ |
| છઠ્ઠું | પુણ્યતત્ત્વ | ૧૯૧ |
| સાતમું | પાપતત્ત્વ | ૨૦૫ |

| | |
|---|---|
| આઠમું આશ્રવતત્ત્વ | ૨૨૮ |
| નવમું સંવરતત્ત્વ | ૨૪૮ |
| દશમું નિર્જરાતત્ત્વ | ૩૦૫ |
| અગિયારમું બંધતત્ત્વ | ૩૪૨ |
| બારમું મોક્ષતત્ત્વ | ૩૬૪ |
| તેરમું સમ્યક્ત્વ | ૪૦૨ |
| ચૌદમું સિદ્ધના ભેદો | ૪૨૩ |
| આધારભૂત ગ્રન્થોની યાદી | ૪૩૩ |
| સાહિત્ય વિજ્ઞાપન | ૪૩૫–૪૫૬ |

# સંશોધકો તરફથી

## [ ૧ ]

જૈન દર્શનમાં તત્ત્વજ્ઞાનના પ્રવાહને બે વિભાગમાં વહેંચીએ તો એક પદાર્થજ્ઞાન અને બીજું તર્ક–ન્યાયજ્ઞાન એમ બે વિભાગો પડે.

તર્ક–ન્યાયજ્ઞાનમાં નય, પ્રમાણ, સપ્તભંગી, નિક્ષેપ વગેરે આવે. પદાર્થજ્ઞાનમાં નવતત્ત્વનું જ્ઞાન આવે.

નવતત્ત્વનું સ્વરૂપ સમજાવતા અનેક ગ્રન્થો છે. તેમાં 'નવતત્ત્વ–પ્રકરણ' એ ગ્રન્થ એવો સૌભાગ્યવંતો છે કે ચિર સમયથી લાખો–કરોડો ભવ્યાત્માઓએ એના પ્રત્યે પરમરુચિ ધારણ કરી છે અને એના અધ્યયન–અધ્યાપનથી નવતત્ત્વનું જ્ઞાન કેળવ્યું છે.

પં. શ્રી ધીરજલાલ શાહે રચેલી '**દીપિકા**'વૃત્તિ સહિત વિશિષ્ટ સ્વરૂપે પ્રકટ થતો આ ગ્રન્થ વિશુદ્ધ બોધ કરાવવા પરમ સાધન રૂપ થશે, એમ એનું અવલોકન કરતાં પ્રતીતિ થઈ છે.

નવતત્ત્વનું સમ્યગ્જ્ઞાન પ્રાપ્ત કરવું, એ દરેક જિનેશ્વર પરમાત્માના ઉપાસકની અનિવાર્ય ફરજ છે, એ જ.

તા. ૧–૩–૧૯૬૬,
શ્રી અમૃતસૂરિજી જ્ઞાનમંદિર,
દોલતનગર, બોરીવલી (પૂર્વ)

**વિજયધર્મધુરન્ધરસૂરિ**

## [ ૨ ]

**નવ–તત્ત્વ–દીપિકા** નામનું આ દળદાર પુસ્તક મેં સાદ્યંત વાંચ્યું છે. આ પુસ્તક જનતામાં લોકાદર મેળવી અત્યંત ઉપયોગી નિવડશે એ નિઃસંદેહ હકીકત છે, કારણ કે પુસ્તકની ભાષા સરળ, સ્પષ્ટ અને સુવાચ્ય છે. વિષયની વિશદ ચર્ચા કરી પુસ્તકને સર્વાંગ સુંદર બનાવવાનો લેખકનો પ્રયાસ પ્રશંસનીય છે.

શતાવધાની પંડિત શ્રી ધીરજલાલ ટોકરશી શાહ એક સિદ્ધહસ્ત લેખક છે. સાહિત્યજગતમાં તેમણે સારી ખ્યાતિ મેળવી છે. એમની કસાયલી કલમે લખાયેલું આ પુસ્તક સૌ કોઈને અને વિશેષ કરીને તત્ત્વજ્ઞાનના અભ્યાસીઓને ખૂબ જ ઉપયોગી નીવડશે.

અનેક ગ્રન્થોના અવલોકન, દોહન, ચિંતન અને મનન પછી લેખકે આ ગ્રન્થનું વિશદ આલેખન કર્યું છે.

તેમનું આ પહેલાનું જીવ-વિચાર-પ્રકાશિકા નામનું પુસ્તક જેમ લોકપ્રિય અને લોકભોગ્ય બન્યું છે, તેમ આ પુસ્તક પણ લોકપ્રિય અને લોકભોગ્ય બનશે, એ હકીકત છે.

આવા સંસ્કારી સાહિત્યની અત્યંત આવશ્યકતા છે, કારણ કે જનતામાં જ્ઞાનરુચિ અને જિજ્ઞાસા જાગી છે. ભૂખ લાગતાં માણસ ગમે તે પેટમાં પધરાવવા તૈયાર થાય છે. પરિણામે તેને અનેક રોગોના ભોગ બનવું પડે છે, પણ બગડેલું સ્વાસ્થ્ય ઔષધ અને ચરીપાલનથી પુનઃ પ્રાપ્ત કરી શકાય છે. પરંતુ ધર્મશ્રદ્ધાવિઘાતક, સંસ્કૃતિનાશક અને ઉન્માર્ગપોષક સાહિત્ય છાશવારે ને છાશવારે આજે ઢગલાબંધ પ્રસિદ્ધ થઈ રહ્યું છે. આવા વિષમ કાળના વિષમય વાતાવરણથી બચવા માટે શ્રદ્ધાપોષક અને સન્માર્ગપ્રેરક સાહિત્યની શું ઓછી જરૂર છે?

આવું સુંદર સાહિત્ય સર્જીને સાહિત્યવારિધિ શ્રી ધીરજલાલ ટોકરશી શાહ સાચેજ આપણા સૌના અભિનંદનના અધિકારી બન્યા છે અને હજી પણ પોતાની શક્તિનો આવા ઉમદા સાહિત્યના સર્જન દ્વારા સદુપયોગ કરી શ્રેયના અધિકારી બને, એ જ એક કામના.

**પં. કીર્તિવિજય ગણિ**

માંડલ,

તા. ૩૦-૧-૬૬

[ ૩ ]

જૈન શ્રી સંઘમાં અત્યંત જાણીતા બનેલા પ્રકરણરૂપે લેખાતા ‘નવ-તત્ત્વ’ નામના ગ્રન્થનું પ્રકાશન શતાવધાની પંડિત શ્રી ધીરજલાલ ટોકરશી શાહ કૃત ‘દીપિકા’ નામની ગુજરાતી ભાષા-ટીકા સાથે થઈ રહ્યું છે, તે પ્રસંગે બે શબ્દનો નિર્દેશ કરવો અસ્થાને નહિ ગણાય.

આ સૃષ્ટિ મુખ્યત્વે બે તત્ત્વો ઉપર આધારિત છે. એ બેમાં એક છે जीव અને બીજું છે अजीव. પ્રસિદ્ધ શબ્દોમાં કહીએ તો એકનું નામ છે **‘ચેતન’** અને બીજાનું નામ છે **‘જડ.’**

આમ છતાં હેય અને ઉપાદેયની વિશિષ્ટ સમજણને માટે નવતત્ત્વોનું પ્રતિપાદન કરવામાં આવે છે અને તે આવશ્યક છે.

જ્યારે ચારેય બાજુએ ભૌતિકવાદનો સાગર ઉછળી રહ્યો હોય ત્યારે તેને ખાળવા કોઈપણ કાળે આધ્યાત્મિક-તત્ત્વજ્ઞાનની દિવાલો જ કામિયાબ નીવડે છે. કારણ કે—

તત્ત્વોનું જ્ઞાન હૃદયના પ્રગાઢ અંધકારને ભેદી નિર્મળ પ્રકાશને જન્મ આપે છે.

તત્ત્વોનું જ્ઞાન અજ્ઞાન દોષને દૂર કરી જ્ઞાનગુણની વૃદ્ધિ કરે છે.

* તત્ત્વોનું જ્ઞાન દુર્ગુણોની બાદબાકી કરી સદ્‌ગુણની સુવાસનો સરવાળો ઊભો કરે છે.
* તત્ત્વોનું જ્ઞાન જૈનાગમોરૂપી મંદિરમાં પ્રવેશ કરવા માટે દરવાજાની ગરજ સારે છે.
* તત્ત્વોનું જ્ઞાન પ્રાણીગણ વચ્ચે શાંતિ મૈત્રી અને પ્રેમનો પ્રકાશ ફેલાવે છે.

આવાં અનેકવિધ લાભોના કારણે અને અહિંસા, સત્ય, શાંતિ,

પ્રેમ, મૈત્રી, સંપ, સંગઠન વગેરેની અંતરાત્મામાં, તેમજ ભૌતિકવાદથી સંતપ્ત બનેલા આ વિશ્વમાં પ્રતિષ્ઠા થાય, એ કારણે આવા જ્ઞાનનો ફેલાવો થતો રહે તે માત્ર આવશ્યક નહિ, પણ આ કાળે અનિવાર્ય છે. આવા જ્ઞાનના પ્રચાર દ્વારા જ વિનાશોન્મુખ વિશ્વને સાચી દિશામાં વિકાસોન્મુખ બનાવી શકીશું.

આજ સુધીમાં નવ–તત્ત્વ–પ્રકરણ ઉપર કેટલાક રોચક અનુવાદો પ્રગટ થયા છે, તેમાં આ પ્રકાશનથી એક સમૃદ્ધ ઉમેરો થાય છે. ભોજનની સામગ્રીને કેમ કેળવવી અને કેળવીને તેને કેમ સ્વાદુ અને સુપાચ્ય બનાવવી? એમાં પણ એક કળા સમાયેલી છે. એ રીતે વિવિધ સામગ્રીનું સંકલન કેમ કરવું? તે કરીને તેની સરલ અને રોચક ઢબે રજૂઆત કેમ કરવી, અને એ રજૂઆતના માધ્યમ તરીકે ભાષાશૈલિ કેવી રાખવી? વગેરેમાં પણ ખાસ કલા સમાયેલી છે. આ કલામાં ગ્રંથલેખક નિષ્ણાત હોવાથી તેમની કૃતિ વાચકોને સ્વાદુ અને સુવાચ્ય લાગશે, એમાં શક નથી.

શ્રી ધીરજલાલભાઈ પોતાના સમય–શક્તિનો ઉપયોગ, સાહિત્ય–નિર્માણ તથા સાહિત્યપ્રચાર માટે કરી રહ્યા છે અને તેમના ધર્મ–પત્ની તપસ્વી શ્રી ચંપાબહેન તથા વિનીત પુત્ર ભાઈ શ્રી નરેન્દ્ર જે સહકાર આપી રહ્યા છે, તે ખરેખર! સ્વ–પર–કલ્યાણકારક છે. હજુ પણ તેઓ અન્ય સાહિત્ય પીરસતા રહે અને પોતાનું કલ્યાણ સાધે, તેવી શુભેચ્છા સાથે વિરમું છું.

મુંબઈ,<br>
શ્રી નમિનાથ જૈન ઉપાશ્રય,<br>
તા. ૧–૪–૬૬

**મુનિ યશોવિજય**

**श्री ऋषभदेव स्वामिने नमो नमः**

**સકલલબ્ધિનિધાન શ્રી ગૌતમગણધરાય નમ:**

# પ્રસ્તાવના

"આત્મા અનાદિ છે. આત્માનો સંસારના કારણરૂપ કર્મનો સંયોગ પણ અનાદિ છે.–" જૈનશાસનમાં જન્મ પામેલ મહાનુભાવ આત્માને આ વાત ગળથુથીમાં મળેલ હોય છે. અને એ કારણે જ જૈનશાસનમાં જન્મ પ્રાપ્ત કરનાર આત્માનો પુન્યાનુબંધિ પુન્યોદય માનવામાં આવે છે.

## અનંતકાળ દરમ્યાન આત્મબોધનો અભાવ

આ જીવે અનંતકાળ અવ્યવહારમાં પસાર કર્યો, એ દરમિયાન આહારાદિ ચારેય સંજ્ઞાઓના પોષણ માટે આ જીવમાં અવ્યક્તપણે યોગ અને ઉપયોગ અવશ્ય વિદ્યમાન હતા, પરંતુ આત્મતત્ત્વના બોધનો એ અનંતકાળ દરમિયાન સર્વથા અભાવ હતો. કાળનો પરિપાક થવાથી આ જીવ અવ્યવહારમાંથી વ્યવહારમાં આવ્યો, બાદર પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ અને પ્રત્યેક વનસ્પતિના ભવોમાં અસંખ્ય ઉત્સર્પિણી, અવસર્પિણી પર્યંત આ જીવે જન્મ–મરણની પરંપરા ચાલુ રાખી, અને પ્રત્યેક જન્મમાં શરીર–ઈન્દ્રિયોના પોષણ તથા પરિપાલન માટે આહાર વગેરે ચારેય સંજ્ઞાઓને અવિરતપણે ચાલુ રાખી, પણ આત્મ–તત્ત્વના બોધની ખામીના કારણે આ જીવના યોગ–ઉપયોગ, કર્મબંધન અને સંસારની વૃદ્ધિના કારણરૂપે જ પરિણમ્યા.

## સંસાર ચાલુ ને ચાલુ

એ જ પ્રમાણે બેઇન્દ્રિય, તેઇન્દ્રિય, ચૌરિન્દ્રિય, યાવત્ નારક, તિર્યંચ મનુષ્ય અને દેવોના ભવમાં યથાસંભવ સંખ્યાતો–અસંખ્યાતો કાળ આ જીવે વ્યતીત કર્યો, અને તે પ્રત્યેક ભવમાં શરીર, ઇન્દ્રિયો, સ્વજન-કુટુંબ, ધન–દોલત વગેરે અચેતન પદાર્થોના સંરક્ષણ-સંવર્ધનમાં

જ મન–વાણી–કાયા વગેરે યોગોનો અને જ્ઞાનોપયોગ–દર્શનોપયોગનો વ્યાપાર ચાલુ રહ્યો, પરંતુ અભવ્યપણુના કારણે અથવા ભવ્યત્વદશાનો પરિપાક ન થવાના કારણે આ જીવને આત્મતત્ત્વનું જે રીતે ભાન થવું જોઈએ, તે રીતે ભાન ન થયું. પરિણામે આ જીવનો સંસાર ચાલુ ને ચાલુ જ રહ્યો.

## દુઃખસ્વરૂપ, દુઃખફલક અને દુઃખની પરંપરાવાળો સંસાર

આ જીવ દ્રવ્યપુન્યના કારણે એક વાર નહિ, કિંતુ અનેક વાર નવ ગ્રૈવેયકમાં ભૂતકાલ દરમ્યાન ઉત્પન્ન થયો. આ જીવે જ્યાં દશે ય પ્રકારના કલ્પવૃક્ષોનું અસ્તિત્વ હોય એવા યુગલિક ક્ષેત્રમાં અથવા યુગલિક કાળમાં જન્મ ધારણ કર્યો. વજ્રઋષભનારાચ સંઘયણ, સમ ચતુરસ્ર સંસ્થાન, ત્રણ ગાઉ ઊંચું શરીર, ત્રણ પલ્યોપમનું આયુષ્ય અને દશ પ્રકારના કલ્પવૃક્ષજન્ય હરકોઈ પ્રકારની ભોગોપભોગની સામગ્રી મળવા છતાં આત્મબોધની ખામીના કારણે આ જીવને સંવર અને સકામનિર્જરાનો લાભ ન મલ્યો. આ જીવે તેત્રીશ તેત્રીશ સાગરોપમ પર્યંત અનેક વાર નારક ગતિની ભયંકરમાં ભયંકર ક્ષેત્રજ વેદના, અન્યોન્ય કૃત વેદના અને પરમાધામિકૃત વેદનાઓનો અનુભવ કર્યો, એમ છતાં આત્મલક્ષ્ય ન હોવાના કારણે આ જીવ કર્મથી હળવો ન થયો. **આજ સુધીના અનન્તાનન્ત કાળ દરમિયાન આ જીવને બીજું બધું મલ્યું, પણ આત્મબોધનું સાધન ન મલ્યું, આ જીવે અનંતકાળ દરમિયાન બીજી બધી બાબતો જાણી, પણ આત્માને ન જાણ્યો. આ જીવે અનંતકાળ દરમિયાન અચેતન એવા પુદ્‌ગલોને ભેગા કરવામાં અને આયુષ્ય પૂર્ણ થયે એ પુદ્‌ગલોને મૂકીને રવાના થવામાં ડહાપણ માન્યું.** પણ પોતાના આત્મા માટે ધ્યાન ન આપ્યું. આ કારણે જ દુઃખ-સ્વરૂપ, દુઃખફલક અને દુઃખની પરંપરાવાળો સંસાર આ જીવ માટે કાયમ ને કાયમ રહ્યો.

## જે એકને જાણે તે સર્વને જાણે

આ જીવને દુઃખમય સંસારમાંથી મુક્ત કરવાની સાચી અભિલાષા હોય તો સર્વ પ્રથમ આત્મતત્ત્વને જે રીતે જાણવું–માનવું જોઈએ, તે રીતે જાણવા–માનવાની ખૂબ જ જરૂર છે. અખિલ વિશ્વની સર્વ બાબતો આ જીવને જાણવામાં આવે પણ એક આત્માને ન જાણે તો તે જાણપણું જાણપણું નથી, પણ ઘોર અજ્ઞાન છે. જ્યારે દુનિયાની બીજી બાબતોનું જ્ઞાન અલ્પ પ્રમાણમાં હોય, પરંતુ એક આત્મતત્ત્વનું યથોચિત જાણપણું જો આ જીવને પ્રાપ્ત થઈ જાય, તો તે જાણપણું સમ્યગ્જ્ઞાન છે.–'जे एगं जाणइ से सव्वं जाणई' શ્રી જિનાગમના આ સૂત્રનો ભાવ ઉપર જણાવેલા ભાવ સાથે ઘટાવીએ તો બરાબર સંગત થાય છે.

## શ્રી તીર્થંકરદેવો પ્રથમ ધર્મદેશના પ્રસંગે આત્મતત્ત્વનો જ બોધ આપે છે.

અનન્ત ઉપકારી શ્રી તીર્થંકરદેવો ઘાતિકર્મનો ક્ષય કરવાપૂર્વક જ્યારે કેવલજ્ઞાન–કેવલદર્શન પ્રાપ્ત કરે છે અને ઇન્દ્રાદિદેવોએ રચેલા સમવસરણમાં બિરાજમાન થઈ બારપર્ષદા મધ્યે પ્રથમ ધર્મદેશના આપે છે, ત્યારે "अत्थि मे आया उववाइए" વગેરે વચનો દ્વારા સર્વપ્રથમ આત્માના અસ્તિત્વનું અને સાથે સાથે એ આત્માના શુદ્ધ સ્વરૂપનું પ્રતિપાદન કરે છે. આ પ્રતિપાદનમાં જીવ–અજીવ, પુન્ય–પાપ, આશ્રવ–સંવર, નિર્જરા–બંધ અને મોક્ષ, એ નવેય તત્ત્વોનો ગર્ભિત રીતે સમાવેશ થઈ જાય છે.

## નવતત્ત્વો એ જ જૈનદર્શન

સાપેક્ષભાવે વિચારવામાં આવે તો જૈનદર્શન એ નવતત્ત્વો છે, નવતત્ત્વો એ જૈનદર્શન છે. સમગ્ર દ્વાદશાંગી હોય અથવા દ્વાદશાંગીના બારમા દૃષ્ટિવાદ અંગના એક વિભાગ રૂપે ચૌદપૂર્વ હોય, પરંતુ

**નવતત્ત્વો એ સમગ્ર શ્રુતસમુદ્રનું નવનીત છે.** આ નવતત્ત્વો-માં સમ્યગ્જ્ઞાન છે, નવે ય તત્ત્વોનો અંતરંગ દૃષ્ટિએ વાસ્તવિક શ્રદ્ધા-પરિણામ એ સમ્યગ્ દર્શન છે અને એ નવે ય તત્ત્વોનો હેય, જ્ઞેય અને ઉપાદેય રૂપે બોધ થયા બાદ હેય તત્ત્વોનો ત્યાગ અને ઉપાદેય તત્ત્વોનો આદર એ સમ્યક્ ચારિત્ર છે.

## ચૌદ ભેદો પૈકી એક પણ ભેદ ખરી રીતે આત્માનો પોતાનો નથી.

નવતત્ત્વોમાં પ્રથમ જીવતત્ત્વ અને તેના ચૌદ ભેદો એ આત્માનું શુદ્ધ સ્વરૂપ નથી, પરંતુ કર્મના ઉદયજન્ય આત્માનું અશુદ્ધ સ્વરૂપ છે. સાચી રીતે વિચારીએ તો આત્મા એકેન્દ્રિય પણ નથી, આત્મા પંચેન્દ્રિય પણ નથી, પરંતુ અનિન્દ્રિય છે. આત્મા સૂક્ષ્મ પણ નથી, તેમજ બાદર પણ નથી. સૂક્ષ્મપણું તેમ જ બાદરપણું એ તો શરીરની અપેક્ષાએ છે. જ્યારે પોતે તો અશરીરી છે. આત્મા પર્યાપ્તો પણ નથી અને અપર્યાપ્તો પણ નથી. પર્યાપ્તપણું એ તો દેહધારી આત્માને દેહમાં રહીને જીવન જીવવા માટેની જીવનશક્તિઓ સાથે સંબંધ ધરાવનાર છે, પણ જ્યાં આત્મા પોતાના શુદ્ધસ્વરૂપની અપેક્ષાએ અદેહી-અશરીરી હોય, પછી એ આત્માને જીવનશક્તિઓનું શું પ્રયોજન હોય ! આત્મા સ્વયં સંજ્ઞિ પણ નથી, તેમજ અસંજ્ઞિ પણ નથી. સંજ્ઞિ-અસંજ્ઞિપણાનો સંબંધ મનોબલની સાથે છે. પરંતુ આત્માના અસલી સ્વરૂપમાં લોકાલોકના ત્રૈકાલિક સર્વ ભાવો જાણવા જોવાનું સામર્થ્ય હોય, પછી એ આત્માને મનોબલ તેમજ સંજ્ઞિ-અસંજ્ઞિ-પણાની સાથે શું સંબંધ હોય ?

## આત્મા એ પુરુષ અને બુદ્ધિ એ આત્માની પત્ની

નવતત્ત્વોના અભ્યાસ પ્રસંગે ફક્ત જીવતત્ત્વના ચૌદ ભેદો વગેરે બાબતો જાણીને જ સંતોષ માનવાની જરૂર નથી, પરંતુ આત્મા સ્વયં અનંતજ્ઞાનાદિગુણોથી સંપન્ન હોવા છતાં અનાદિકાળથી આત્મા

અશુદ્ધ કેમ છે? અને ચૌદ ભેદો અથવા ચોરાશી લાખ જીવાયોનિમાં આ જીવના જન્મ–મરણની પરંપરા શા માટે ચાલે છે? એ બાબતનો સૂક્ષ્મ બુદ્ધિથી પરામર્શ કરવો ઘણો જરૂરી છે. અનાદિકાળથી બંધ, ઉદય અને સત્તા એ ત્રણેયની અપેક્ષાએ ધ્રુવતારક સમાન અચલ રહેલા મિથ્યાત્વ મોહનીય નામના કર્મોદયથી ચૈતન્યસ્વરૂપ આત્માએ પોતાના ચેતન સામે જોયું નથી અને જોવાની ઇચ્છા પણ પ્રગટેલ નથી. એ મિથ્યાત્વના ઉદયથી આ આત્માની બુદ્ધિનું જોડાણ સદાકાળ અચેતન એવા જડ પદાર્થો સાથે જ રહ્યું છે. અમુક અપેક્ષાએ કહીએ તો આ જીવ કિંવા આત્માની બુદ્ધિ વ્યભિચારિણી બની ગઈ છે. આત્મા એ પુરુષ છે, બુદ્ધિ એ આત્માની પત્ની છે. પત્ની જો પતિવ્રતા હોય તો ગમે તે કાર્યમાં પોતે જોડાયેલ હોવા છતાં એનું ધ્યાન ક્ષણે ક્ષણે પોતાના પતિના ક્ષેમકુશલ માટે જ હોય છે. જ્યારે વ્યભિચારિણી કુલટા સ્ત્રીનું ધ્યાન નિરંતર પતિના અહિત માટે જ હોય છે.

## અનંતનો પ્રભુ એવો આત્મા આજે પામર બની ગયો છે.

સમ્યગ્દૃષ્ટિ તેમજ દેશવિરત–સર્વવિરત વગેરે આત્માઓની ચેતના કિંવા બુદ્ધિ પતિવ્રતા બાળા સમાન છે. એ સમ્યગ્દૃષ્ટિ વગેરે મહાનુભાવો સંયોગવશાત્ ગમે તે પ્રવૃત્તિમાં જોડાયેલા હોય, છતાં પોતાના આત્મદેવના ક્ષેમકુશલ સંબંધી લક્ષ્ય તેઓના હૈયામાં સદાય જાગ્રત હોય છે. જ્યારે મિથ્યાદૃષ્ટિ આત્મા આ પરમાત્માના મંદિરમાં અથવા બીજા કોઈ ધર્મસ્થાનમાં વર્ત્તતા હોય છતાં એમની બુદ્ધિનું જોડાણ પ્રાયઃ અચેતન તેમજ વિનશ્વર એવા જડ પદાર્થોની પ્રાપ્તિ સાથે જ વર્તતું હોય છે. અને આ કારણે જ અનન્તનો પ્રભુ એવો આપણો આત્મા વર્ત્તમાનમાં પામર બની ગયો છે.

## આત્મામાં વર્ત્તતી જડતા એ જ અજીવતત્ત્વ

ક્ષણે ક્ષણે નવાં નવાં કર્મપુદ્ગલો ગ્રહણ કરવા (અર્થાત્ત કર્મ બાંધવા), બંધાવેલા કર્મના ફળો ભોગવવા અને એ કર્મફળો ભોગ-

વવા માટે ચાર ગતિ, જીવના ચૌદ ભેદો અથવા ચોરાશી લાખ જીવા યોનિમાં પરિભ્રમણ કરવું, એ આત્માનો મૂલ સ્વભાવ જ નથી. આત્મા ચૈતન્યસ્વરૂપ છે અને નિરંજન નિરાકાર અર્થાત્ અમૂર્ત છે. અમૂર્ત એવો આત્મા મૂર્ત એવા પુદ્ગલોને કેમ ગ્રહણ કરે? એમ છતાં પ્રતિ-સમય કર્મયોગ્ય વગેરે પુદ્ગલોનું ગ્રહણ ચાલુ છે, તે આત્મામાં વર્તતી જડતાના કારણે જ ચાલુ છે અને એ જડતા એ જ અજીવતત્ત્વ છે.

## જેમ જેમ મોહજન્ય જડતા ઘટતી જાય, તેમ તેમ કર્મગ્રહણ ઓછું થતું જાય.

એક આત્મા જ્યારે મિથ્યાદૃષ્ટિપણામાં વર્તતો હોય, સાથે સાથે કષાયોની તીવ્રતા હોય, તે અવસરે તે આત્મા ૧૧૭ કર્મપ્રકૃતિ-ઓનો બંધ કરી શકે છે અને ત્રીશ કોડાકોડી, વીશ કોડાકોડી યાવત્ સિત્તેર કોડાકોડી સાગરોપમ પ્રમાણ કર્મનો સ્થિતિબંધ થવાની પણ તે આત્મામાં શકયતા છે. એનું મુખ્ય કારણ વિચારવામાં આવે તો તે અવસરે તે આત્માની બહિરાત્મદશા (જડતા)નું અત્યંત જોર હોય છે. એ જ આત્મા ભવ્ય હોય અને સમ્યગ્ દર્શન જ્યારે પ્રાપ્ત કરે, ત્યારે ૭૭ કર્મપ્રકૃતિઓનો બંધ કરે અને સ્થિતિબંધ એક કોડાકોડી સાગ-રોપમથી પણ ઓછો હોય. તેનું વાસ્તવિક કારણ તેટલા પ્રમાણમાં જડતા ઘટી છે. એમ કરતાં કરતાં આત્મા જ્યારે દશમા ગુણસ્થાનકે પહોંચે છે, ત્યારે પ્રકૃતિબંધ, સ્થિતિબંધ વગેરેનું પ્રમાણ અત્યંત અલ્પ થઈ જાય છે, કારણ કે હવે એક સૂક્ષ્મ લોભ સિવાય બીજી કોઈ મોહની પ્રકૃતિનો ઉદય નથી. **આત્મમંદિરમાં ચૈતન્યપ્રભુ પ્રકટ થવાની હવે તૈયારી છે.** આ બધી બાબતો સમજવા માટે અજીવતત્ત્વને સમજવાની ઘણી જરૂર છે. **કથીરનો સંયોગ જેમ કંચનની કિંમત ઘટાડે, પાણીનો સંયોગ જેમ દૂધના મૂલ્યાં-કન ઓછા કરે, એમ અજીવતત્ત્વનો અર્થાત્ જડ એવા કર્મ વગેરે પુદ્ગલોનો આત્માની સાથે અન્યોન્યપ્રવેશરૂપ એક**

**એક સંયોગ અનંતના સ્વામી એવા આત્માને ફુટી બદામથી પણ હલકી કોટિમાં મૂકી દે.**

## પુન્યતત્ત્વનું પ્રયોજન

કર્મચેતનાના કારણે આત્મા અનંત કાળથી પામર બન્યો, પણ હવે પામરમાંથી પ્રભુ બનવા માટે જે તત્ત્વ બાહ્ય દૃષ્ટિએ પણ મદદગાર થાય અથવા છેવટે આત્માને અધોગતિમાં પડતો જરૂર અટકાવે, તેવું જે કોઈ તત્ત્વ તેનું નામ **પુન્યતત્ત્વ.** માનવજન્મ આર્યક્ષેત્ર, ઉત્તમ કુલ, નીરોગી શરીર, ધનદોલત વગેરે સામગ્રી મળે એટલા માત્રથી પુન્યોદય માનવો, એ અજ્ઞાન દશા છે. પરંતુ એ સામગ્રી આત્મકલ્યાણમાં સહાયક થાય તો જ સાચો પુન્યોદય ગણાય છે. મુક્તિમાર્ગે જતા મુસાફર માટે વળાવિયાની ઉપમા પુન્યતત્ત્વને જે આપવામાં આવેલ છે, તે આ અપેક્ષાએ જ અપાયેલ છે અને એ કારણે જ ત્રીજા નંબરમાં પુન્યતત્ત્વનું સ્થાન છે.

## ચોથા નંબરમાં પાપતત્ત્વ

આ જીવને સંસારમાં ટકાવી રાખનાર અને બાહ્ય અભ્યંતર ઉભય પ્રકારે દુઃખ આપનાર જે કોઈ તત્ત્વ તે **પાપતત્ત્વ** છે. માનવજીવન મલ્યા બાદ આશાતનાના ઉદયથી શરીરમાં બીમારી આવે, પણ તે અવસરે **સનત્કુમાર** મુનિવરની માફક ભાવરોગનું નિવારણ કરવાનો અથવા વિપાકવિચય ધર્મધ્યાનનો સતત પરિણામ ચાલે અને આત્મા આર્ત્તધ્યાનને પરવશ ન થાય, તો તે બીમારી પાપોદય તરીકે ગણવામાં આવતી નથી, કિંતુ કર્મનિર્જરાનું સાધન માનવામાં આવે છે. પુન્ય પાપની ચઉભંગીમાં પુન્યાનુબંધિ પાપની વ્યાખ્યા સમજવામાં આવે તો આ બાબત બરાબર સંગત થાય છે. જે કોઈ આત્માને પામરમાંથી પ્રભુ થવાની સાચી ભાવના હોય, તે મહાનુભાવે આ પાપતત્ત્વમાંથી બચવું જોઈએ, એ કારણે પુન્યતત્ત્વ પછી ચોથા નંબરમાં પાપ-તત્ત્વનું સ્થાન છે.

## આશ્રવતત્ત્વનું રહસ્ય

પુન્ય તથા પાપ અથવા શુભ–અશુભ ઉભય પ્રકારના કર્મબંધના જે કોઈ કારણો તેનું નામ **આશ્રવતત્ત્વ** છે. એકલા અશુભકર્મો દૂર થાય એટલા માત્રથી આત્મા પામર મટી પ્રભુ બનતો નથી. શુભકર્મના ભોગવટા માટે સ્વર્ગલોકમાં અસંખ્ય વર્ષો પર્યંત આત્માને રહેવું, તે પણ વાસ્તવિક દૃષ્ટિએ આ આત્મા માટે પ્રથમ નંબરની જેલ છે. આ કારણે શુભકર્મબંધના હેતુઓ તેને પણ આશ્રવ જ ગણવામાં આવે છે. મુમુક્ષુ આત્માઓ માટે અશુભાશ્રવમાંથી બચવું અને શુભાશ્રવમાં આત્માને જોડવો, એ પ્રથમ પગથિયું છે. અશુભાશ્રવમાંથી જે આત્મા બચ્યો, તે આત્માને અવસર આવે એટલે શુભાશ્રવ આપો આપ અટકે છે. આ કારણે જ પાંચમા નંબરમાં **આશ્રવતત્ત્વનું** સ્થાન છે.

## મોક્ષપ્રાપ્તિના અંતરંગ કારણો સંવર અને નિર્જરા

મોક્ષની પ્રાપ્તિ માટે અસાધારણ અંતરંગ કારણો તરીકે સંવર અને નિર્જરાનું સ્થાન છે. શુભ–અશુભ ઉભય પ્રકારના કર્મો પ્રકૃતિ, સ્થિતિ, રસ અને પ્રદેશ, એમ ચારેય પ્રકારે બંધાતા અટકે (અથવા બંધમાં ક્રમે ક્રમે અલ્પતા થતી જાય) એમાં કારણરૂપે જે કોઈ આત્માની શુદ્ધ ચેતના તેનું નામ **સંવર** છે. અને ભૂતકાળમાં સંચિત કરેલાં કર્મોના આત્મામાંથી એવી રીતે પરિશાટ થાય કે પરિણામે મર્યાદિત કાળમાં આત્મા સર્વદા કર્મથી રહિત થાય, એમાં કારણભૂત બાહ્ય–અભ્યંતર તપસ્યા તે **નિર્જરાતત્ત્વ** છે. મુમુક્ષુ આત્મા માટે આ બન્ને તત્ત્વો ઘણા જ ઉપયોગી હોવાથી છઠ્ઠા–સાતમા નંબરમાં અનુક્રમે સંવર અને નિર્જરાનું સ્થાન આપવામાં આવેલ છે.

## બંધ અને મોક્ષતત્ત્વો

બંધમાંથી બચાય તો જ આત્માને સંવર અને સાથે સાથે અકામ નિર્જરાનો લાભ મળી શકે, એ સંજોગોમાં બંધતત્ત્વ સમજવું પણ

ઘણું જરૂરી હોવાથી આઠમા નંબરે બંધતત્ત્વનું સ્થાન છે. અને આત્માનું સંપૂર્ણ શુદ્ધ સ્વરૂપ જે મુમુક્ષુ આત્માનું અંતિમ ધ્યેય છે, તેની સમજણ માટે નવમું સ્થાન **મોક્ષતત્ત્વનું** છે.

## મોક્ષપ્રાપ્તિ માટે સાધક–બાધક તત્ત્વો

આ નવતત્ત્વમાં પ્રથમ જીવતત્ત્વ એ આત્માનું અશુદ્ધ સ્વરૂપ છે. અંતિમ મોક્ષતત્ત્વ એ આત્માનું યથાર્થ શુદ્ધ સ્વરૂપ છે અને વચલાં સાતતત્ત્વો પૈકી અજીવતત્ત્વ, પાપતત્ત્વ, આશ્રવતત્ત્વ, બંધ–તત્ત્વ, એ ચાર તત્ત્વો મોક્ષતત્ત્વને પ્રાપ્ત કરવા માટે બાધક તત્ત્વો છે. અને પુન્યતત્ત્વ બહિરંગ દૃષ્ટિએ તેમજ સંવર તથા નિર્જરા તત્ત્વો અંતરંગ દૃષ્ટિએ મોક્ષપ્રાપ્તિ માટે સાધક તત્ત્વો છે.

## નવતત્ત્વનું સાહિત્ય

આ નવતત્ત્વના વિષયનું પ્રતિપાદન કરનારા આગમો, પ્રકરણો વગેરે સંખ્યાબંધ ગ્રન્થો જૈનદર્શનમાં આજે પણ વિદ્યમાન છે. એમ છતાં ચિરંતનાચાર્ય સંકલિત ૫૯ ગાથાવાળું નવ–તત્ત્વ–પ્રકરણ વર્ત્ત-માનમાં નવતત્ત્વના અભ્યાસમાં વધુ પ્રચલિત છે. લગભગ પ્રત્યેક પાઠ-શાળામાં આ ગ્રન્થને પાઠ્ય ગ્રન્થ તરીકે સ્વીકારવામાં આવેલ છે અને તે કારણે આ નવતત્ત્વ પ્રકરણ ઉપર હિંદી–ગુજરાતી ભાષામાં સંક્ષેપથી તેમજ વિસ્તારથી અનેક સંખ્યામાં વિવેચનગ્રન્થો આજ સુધીમાં પ્રકાશન પામ્યા છે.


**“ નવ–તત્ત્વ–દીપિકા”** નામનો લગભગ ૫૦૦ પૃષ્ઠનો આ ગ્રન્થ પણ નવતત્ત્વના વિષયનું જ્ઞાન મેળવવા માટે એક ઘણો સારો ગ્રન્થ છે. **પં. શ્રી. ધીરજલાલ ટોકરશી શાહ** કે જેઓ આ ગ્રન્થનું વિવેચન લખનાર છે, તેમને આ વિષયનો ઘણો સારો અભ્યાસ છે અને આ ગ્રન્થ તૈયાર કરવામાં મહિનાઓ સુધી દિવસ અને રાત જોયા સિવાય તેમણે અત્યંત પરિશ્રમ લીધો છે. તે ઉપરાંત લખાણમાં કોઈ પણ

પ્રકારની સ્ખલનાના નિવારણ માટે ગીતાર્થ, પદસ્થ અને વિદ્વાન આચાર્યાદિ પૂજનીય મુનિવરો પાસે આ ગ્રન્થનું સંશોધન કરાવવામાં આવેલ છે, એ રીતે આ ગ્રન્થ નવતત્ત્વના અભ્યાસીઓ માટે વિશિષ્ટ આદરનું પાત્ર બનવાની શક્યતા છે.

આ ગ્રન્થનો સાદ્યંત અભ્યાસ કરવાપૂર્વક સહુ કોઈ ભવ્યાત્માઓ નવતત્ત્વનો બોધ પ્રાપ્ત કરે અને નવમું મોક્ષતત્ત્વ આત્મસાત્ કરે, એ જ પ્રાંતે હાર્દિક અભિલાષા.

ચેમ્બુર, મુંબઈ ૭૧
૧૦ મો રસ્તો, શ્રી ઋષભદેવજી જૈનમંદિર
વીર સં. ૨૪૯૨ વિ. સં. ૨૦૨૨ ચૈત્ર વદિ ૮

**વિજયધર્મસૂરિ**



# પ્રાક્કથન

## [ ૧ ]

## જૈન ધર્મની પ્રાચીનતા અને મૌલિકતા

જૈન ધર્મ જિનોએ કહેલો છે, જિનોએ પ્રરૂપેલો છે અને જિનોએ પ્રવર્તાવેલો છે. જે ધર્મનું પ્રવર્તન જિનો દ્વારા થયું, તે જૈન ધર્મ. અહિં જિન શબ્દથી અર્હત્ કે તીર્થંકરની અવસ્થા પામેલા મહાપુરુષ સમજવાના છે. જૈન શાસ્ત્રોમાં જિનકલ્પી, ચતુર્દશ પૂર્વધર, અવધિજ્ઞાની, મનઃ-પર્યવજ્ઞાની, અને કેવલજ્ઞાનીને માટે પણ 'જિન' શબ્દ વપરાયેલો છે, પરંતુ તેમને તીર્થપ્રવર્તનનો યોગ હોતો નથી, એટલે તે અહીં પ્રસ્તુત નથી.

'આ જગતમાં જૈન ધર્મનું પ્રથમ પ્રવર્તન કયા જિને કર્યું ?' એનો ઉત્તર આપી શકાય એમ નથી, કારણ કે આજ સુધીમાં અનંત કાલચક્રો વ્યતીત થયાં છે અને તે દરેકના ઉત્સર્પિણી અને અવસર્પિણી નામક વિભાગમાં ચોવીશ ચોવીશ જિનોની હારમાળા થતી રહી છે કે જેને સામાન્ય રીતે 'ચોવીશી' કહેવામાં આવે છે. તાત્પર્ય કે જૈન ધર્મ અનાદિ છે.

આ કથન સમગ્ર કાલને અપેક્ષીને થયું. હવે કાલના વિભાગને અનુસરીને તેનો વિચાર કરીએ.

એક ઉત્સર્પિણી કે અવસર્પિણીનું કાલમાન દશ કોડા-કોડી સાગરોપમ વર્ષ જેટલું હોય છે, એટલે કે એ કાલ

પણ આપણી દૃષ્ટિએ ઘણો મોટો છે. આ ઉત્સર્પિણી અને અવસર્પિણી કાલના ૭–૭ વિભાગો હોય છે, જેને આરા કહેવામાં આવે છે. તેમાં ત્રીજા આરાના અંત ભાગથી જિનો ઉત્પન્ન થવાની શરૂઆત થાય છે અને તે ચોથા આરાના અંત ભાગ સુધી ચાલુ રહે છે. અહીં પ્રથમ જિન અને ચરમજિન એવો વ્યવહાર ઘટી શકે છે. દાખલા તરીકે વર્તમાન અવસર્પિણી કાલના ત્રીજા આરાના અંત ભાગે શ્રી ઋષભદેવ ભગવાન થયા અને તેમણે ધર્મનું પ્રવર્તન કર્યું, તો તેમને પ્રથમ જિન કે આદિ જિન કહેવામાં આવે છે અને ચોથા આરાના અંત ભાગે ચોવીશમા તીર્થંકર શ્રી મહાવીર સ્વામીએ ધર્મનું પ્રવર્તન કર્યું, તો તેમને ચરમ જિન કે અંતિમ જિન કહેવામાં આવે છે.

આ પરથી કોઈ એમ કહે કે આ ભરતખંડમાં જૈન ધર્મનું પ્રથમ પ્રવર્તન શ્રી ઋષભદેવ ભગવાને કર્યું તો તે અપેક્ષાવિશેષથી સાચું છે, પણ સર્વાંશે સાચું નથી. આટલી વાત લક્ષ્યમાં રહે તો કોઈ જાતની ભ્રાંતિ થવા સંભવ નથી.

હવે ઐતિહાસિક દૃષ્ટિને સન્મુખ રાખીને કેટલીક વિચારણા કરીશું.

અઢારમી સદીના અંત ભાગમાં યુરોપિયન વિદ્વાનોએ ભારતના ઇતિહાસની સંકલના કરવા માંડી, ત્યારે તેમણે ઉપરછલા અધ્યયનથી એમ જાહેર કર્યું કે જૈન ધર્મ વૈદિક ધર્મનો જ એક ભાગ છે અથવા તો બૌદ્ધ ધર્મની એક શાખા છે, પરંતુ આ વિધાનો ભ્રાંત હતાં અને તેનું નિવારણ થતાં વાર લાગી નહિ. જર્મનીના સુપ્રસિદ્ધ વિદ્વાન ડૉ. હર્મન યાકોબીએ પૌર્વાત્ય ધર્મોનો ઊંડો અભ્યાસ કરીને જાહેર કર્યું કે

"Let me assert my conviction that Jainism is an original system, quite distinct and independent from all others and that, therefore, it is of great importance for the study of philosophical thought and religious life in Ancient India.' અર્થાત્ મને મારી પ્રતીતિ જણાવવા દો કે જૈન ધર્મ એ મૂળ ધર્મ છે, બીજા બધા ધર્મોથી તદ્દને જૂદો અને સ્વતંત્ર છે અને તેથી તે પ્રાચીન ભારતના તાત્વિક વિચારો અને ધાર્મિક જીવનનો અભ્યાસ કરવા માટે અતિ ઉપયોગી છે.

ફ્રેંચ વિદ્વાન ડૉ. ગેરિનોએ પણ ઘણા અભ્યાસ પછી એવો અભિપ્રાય ઉચ્ચાર્યો કે 'Jainism is very original, independent and systematic doctrine.' અર્થાત્ જન ધર્મ ઘણો પ્રાચીન છે, મૌલિક છે અને યુક્તિમત્ સિદ્ધાન્તરૂપ છે.

જૈન ધર્મ શ્રી મહાવીર સ્વામી અને ગૌતમબુદ્ધ પહેલાં પણ આ દેશમાં પ્રચલિત હતો, એ હકીકત પ્રો. મેક્ષમુલર, ઓલ્ડનબર્ગ, બેન્ડોલે, સર મોનિયર વિલિયમ્સ, હાર્વે, વ્હીલર આદિ વિદેશી વિદ્વાનો તથા ડૉ. આર. જી. ભાંડારકર, ડૉ. કે. પી. જયસ્વાલ તથા શ્રી બાળગંગાધર ટિળક વગેરે ભારતીય વિદ્વાનોએ માન્ય કરી છે અને કેમ્બ્રીજ હિસ્ટરી ઓફ ઇન્ડિયા (પૃ. ૧૫૩), એન્સાઇક્લોપીડિયા ઓફ રિલિજિયન એન્ડ એથિકસ્ (વો. ૭મું) તથા હાર્મ્સવર્થ હિસ્ટરી ઓફ ધી વર્લ્ડ (વો. બીજું, પૃ. ૧૧૯૮) માં ત્રેવીશમા તીર્થંકર શ્રી પાર્શ્વનાથની એક ઐતિહાસિક પુરુષ તરીકે નોંધ લેવામાં આવી છે.

પરંતુ ઐતિહાસિક અન્વેષણો અહીંથી જ અટક્યા નથી. તેમણે આગળ વધીને બાવીશમા તીર્થંકર શ્રી અરિષ્ટનેમિને પણ ઐતિહાસિક પુરુષોની કોટિમાં મૂક્યા છે. ડૉ. ફુહરર એપિગ્રાફિકા ઈન્ડિકાના પ્રથમ ભાગમાં પૃ. ૩૮૯ પર જણાવે છે કે 'Lord Neminath, the 22nd Tirthankar of the Jains has been aceepted as a historical person.' અર્થાત્ જૈનોના બાવીશમા તીર્થંકર શ્રી નેમિનાથ પ્રભુને ઐતિહાસિક વ્યક્તિ તરીકે સ્વીકારવામાં આવ્યા છે.'

શ્રી હરિસત્ય ભટ્ટાચાર્ય તથા રેવરન્ડ જે. કેનેડી વગેરે વિદ્વાનોએ આ મતનું સમર્થન કર્યું છે અને બનારસ હિંદુ યુનિવર્સિટીના પ્રાધ્યાપક ડૉ. પ્રાણનાથ વિદ્યાલંકારે પોતાને સૌરાષ્ટ્રમાંથી પ્રાપ્ત થયેલા એક અતિ જૂના તામ્રપટના આધારે આ માન્યતાને મ્હોર મારી છે.

સિંધુ સંસ્કૃતિ પર આવીએ તો તેમાં પણ જૈન ધર્મ પ્રચારમાં હોવાનાં પ્રમાણો મળે છે. મોહન-જો-ડેરોમાંથી પ્રાપ્ત થયેલી કેટલીક મુદ્રાઓ પર કાયોત્સર્ગ અવસ્થામાં રહેલ શ્રી ઋષભદેવની આકૃતિઓ મળે છે.

પ્રા. જે. સી. વિદ્યાલંકાર વગેરે અન્ય વિદ્વાનોએ પણ જૈન ધર્મના ચોવીશ તીર્થંકરો અંગે ચર્ચા કરી છે અને તેમાં ઘણું તથ્ય હોવાનું જણાવ્યું છે.

આ રીતે વિદ્વાનોનાં મંતવ્યો જૈન ધર્મની ચોવીશ તીર્થંકરોની માન્યતાને પુષ્ટ કરે છે અને તેના પ્રારંભને સંસ્કૃતિના આદિકાલ સુધી લઈ જાય છે. આથી જૈન ધર્મની મૌલિકતા પણ સ્વતઃ સિદ્ધ છે.

卐

[ ૨ ]

# જૈન ધર્મ પરમ આસ્તિક છે

જે ધર્મ આસ્તિક હોય તેનો આદર કરવો અને નાસ્તિક હોય તેનો અનાદર કરવો—તિરસ્કાર કરવો, આવી માન્યતા જનસમૂહમાં સારા પ્રમાણમાં ફેલાયેલી છે, એટલે જૈન ધર્મ આસ્તિક છે કે નાસ્તિક? એ પ્રશ્નની વિચારણા પણ અહીં અવશ્ય કરવા યોગ્ય છે.

કેટલાક કહે છે કે “જૈનધર્મ વેદોને માનતો નથી, માટે તે નાસ્તિક છે.’ તો કેટલાક કહે છે કે ‘જૈનધર્મ ઇશ્વરને માનતો નથી, માટે તે નાસ્તિક છે.’ પરંતુ આ બંને કથનો તથ્યહીન હોઈ સુજ્ઞજનોએ સ્વીકારવા યોગ્ય નથી.

પ્રથમ તો આસ્તિક–નાસ્તિકનો ખરો અર્થ શો છે? તે સમજવો જોઈએ. પાણિનીકૃત અષ્ટાધ્યાયીમાં એવું સૂત્ર આવે છે કે ‘अस्ति नास्ति, दिष्टं मतिः। (૪–૪–૬૦)’ ભટ્ટોજી દીક્ષિતે સિદ્ધાન્તકૌમુદીમાં આ સૂત્રની વ્યાખ્યા કરતાં કહ્યું છે કે ‘**अस्ति परलोक इत्येवं मतिर्यस्य स आस्तिकः नास्तीति मतिर्यस्य स नास्तिकः।** અર્થાત્ પરલોક છે, એવી જેની બુદ્ધિ છે, તે આસ્તિક છે અને પરલોક નથી એવી જેની બુદ્ધિ છે, તે નાસ્તિક છે. તાત્પર્ય કે આસ્તિક્ય–નાસ્તિક્યનો સંબંધ વેદ કે ઇશ્વર સાથે નથી, પણ પરલોક

સાથે છે. હવે જૈન ધર્મ તો પરલોકમાં પરમ શ્રદ્ધા ધરાવનારો છે, તેને નાસ્તિક કેમ કહી શકાય ?

એક ધર્મવાળા બીજા ધર્મનાં શાસ્ત્રોને ન માનતા હોય એટલા જ કારણે તેમને નાસ્તિક કહેવામાં આવે તો, બીજા ધર્મવાળા તેમને નાસ્તિક કહે, એ સ્વાભાવિક છે. આ રીતે તો અરસપરસ બધા જ નાસ્તિક કહેવાય, એટલે પરલોક માને તે આસ્તિક અને ન માને તે નાસ્તિક, એ વ્યાખ્યા બરાબર છે.

'જૈનધર્મ ઈશ્વરને માનતો નથી' એમ કહેવું એ અર્ધસત્ય છે અથવા તો અસત્ય છે. જૈન ધર્મ ઈશ્વરને તો માને જ છે અને તેથી જ જિન ભગવંતને જિનેશ્વર (જિન + ઈશ્વર) તરીકે સંબોધે છે. જૈનશાસ્ત્રોમાં કહ્યું છે કે–

**सर्वज्ञो जितरागादिदोषस्त्रैलोक्यपूजितः ।**
**यथास्थितार्थवादी च देवोऽर्हन् परमेश्वरः ॥**

'સર્વજ્ઞ, રાગાદિદોષોને જિતનાર, ત્રૈલોક્યપૂજિત અને સત્ય તત્ત્વના પ્રકાશક એવા જે અર્હદ્દેવ છે, તે જ પરમેશ્વર છે.'

જૈન ધર્મ ઇશ્વરનો વ્યવહાર દેવસંજ્ઞાથી કરે છે અને તેના સાકર તથા નિરાકાર એવાં બે સ્વરૂપો માને છે. તેમાં અર્હત્ એ ઈશ્વરનું સાકર સ્વરૂપ છે અને સિદ્ધ એ ઈશ્વરનું નિરાકાર સ્વરૂપ છે. જૈન ધર્મ આ બંને પ્રકારના ઈશ્વરનું સતત સ્મરણ કરવાનો આદેશ આપે છે અને તેથી જ નમસ્કાર મહામંત્રનાં પ્રથમ બે પદોમાં '**नमो अरिहंताणं**' અને '**नमो सिद्धाणं**' એવી શબ્દરચના જોવામાં આવે છે. તેનો

ભાવાર્થ એ છે કે હું ભૂતકાલીન, વર્તમાનકાલીન અને ભવિષ્યકાલીન સર્વ અર્હદ્દેવોને ત્રિવિધ નમસ્કાર કરું છું.' 'હું અક્ષય-અનંત સુખના ધામમાં બિરાજી રહેલ સર્વ સિદ્ધ પરમાત્માઓને ત્રિવિધ નમસ્કાર કરું છું.'

જૈનધર્મે આ બંને ઈશ્વરી તત્ત્વની-આરાધના ઉપાસનામાં જીવનની કૃત્યકૃત્યતા દર્શાવી છે અને તેને મોક્ષ-પ્રાપ્તિમાં અત્યંત ઉપકારક માની છે.[1]

જૈન ધર્મમાં અતિ પ્રચલિત નવપદ-આરાધનની યોજના પર એક આછો દૃષ્ટિપાત કરવાથી પણ દેવતત્ત્વને કેવું મહત્ત્વ અપાયું છે, તે બરાબર સમજાશે.

## નવપદ

| ક્રમ | નામ | સંજ્ઞા |
|---|---|---|
| પ્રથમ પદ | અરિહંત | દેવ |
| બીજું પદ | સિદ્ધ | ,, |
| ત્રીજું પદ | આચાર્ય | ગુરુ |
| ચોથું પદ | ઉપાધ્યાય | ,, |
| પાંચમું પદ | સાધુ | ,, |
| છઠ્ઠું પદ | દર્શન | ધર્મ |
| સાતમું પદ | જ્ઞાન | ,, |
| આઠમું પદ | ચારિત્ર | ,, |
| નવમું પદ | તપ | ,, |

1. જિનોપાસનાનું વિસ્તૃત સ્વરૂપ સમજવા માટે અમારો રચેલો જિનોપાસના નામનો ગ્રંથ જુઓ.

અહીં દેવતત્ત્વ કે ઇશ્વરતત્ત્વ અગ્રસ્થાને મૂકાયેલું છે, ત્યાર પછીનું સ્થાન ગુરુને અપાયેલું છે અને એ બંનેમાં પૂર્ણ શ્રદ્ધાન્વિત થઇને ધર્માચરણ કરવાનું છે, એમ છેવટનો સંકેત છે.

અહીં એટલું સ્પષ્ટ કરી દઈએ કે આ જગતમાં ઈશ્વિર નામની કોઈ મહાન વ્યક્તિ કે શક્તિ છે અને તે આ જગતનું સર્જન, પાલન તથા સંહાર કરે છે, એ વાદમાં જૈન ધર્મને શ્રદ્ધા નથી; કારણ કે આ જગત અનાદિ–અનંત છે અને તે પોતાના નિયમ મુજબ વ્યવસ્થિત ચાલી રહ્યું છે. આમ છતાં ઘડીભર માની લઈએ કે ઈશ્વિરે આ જગતનું સર્જન કર્યું છે, તો તેણે એ સર્જન ક્યારે કર્યું ? શા માટે કર્યું ? શેના વડે કર્યું ? વગેરે પ્રશ્નો ખડા થાય છે અને તેનો સમાધાનકારક ઉત્તર સાંપડી શકતો નથી. જો એમ કહેવામાં આવે કે ઈશ્વિરે અમુક સમય પહેલાં આ જગતનું સર્જન કર્યું, તો તેની પૂર્વે કેમ ન કર્યું ? એ પ્રશ્ન પણ ઉત્તર માગે છે અને એ પરંપરા એટલી લંબાય છે કે છેવટે અનાદિનો જ આશ્રય લેવો પડે. તે જ રીતે ઈશ્વિર આ જગતનું પાલન કે સંચાલન કરતો હોય તો પણ અનેકવિધ પ્રશ્ન ઉઠે છે. ઈશ્વિર એકને સુખી અને બીજાને દુ:ખી શા માટે કરે છે ? એકને રૂપાળો અને બીજાને કદરૂપો કેમ બનાવે છે ? એકને યશ અને લાભ તથા બીજાને અપયશ અને નુકશાન શા માટે આપે છે ? અહીં એમ કહેવામાં આવે કે ઈશ્વિર સહુને તેમનાં કર્મ અનુસાર બદલો આપે

છે, તો કર્મનો સિદ્ધાંત મુખ્ય બન્યો, ઈશ્વરની ગૌણતા થઈ; કારણ કે તેને પણ કર્મના સિદ્ધાંતને અનુસરવું પડે છે.

અહીં એ પણ વિચારણીય છે કે જો જગતનું સંચાલન ઈશ્વરના હાથમાં છે, તો તેમાં થઈ રહેલાં અનેકવિધ પાપોની જવાબદારી કોની? એક મનુષ્ય બીજાનું ખૂન કરે છે, તેની માલમિલકત પડાવી લે છે, તેના સ્ત્રીવર્ગ ઉપર અત્યાચાર કરે છે, તે બધું શું ઈશ્વરની પ્રેરણાને આભારી છે? જો તે બધું ઈશ્વરની પ્રેરણાને આભારી હોય તો ઈશ્વરને મહાન, ન્યાયી કે દયાળુ કહી શકાશે નહિ; કારણ કે મહાન, ન્યાયી કે દયાળુ લેખાતા માણસો કદી પણ આવાં કાર્યો કરવાની કોઈને પ્રેરણા કરતા નથી; અને જો એમ કહેવામાં આવે કે આ તો બધું પ્રાણીઓની પોતાની અંતઃપ્રેરણા વડે થાય છે, તો ઈશ્વર નામની સાર્થકતા ક્યાં રહી? ઈશ્વર એટલે મહાન રાજ્યકર્તા (Supreme ruler)—બધા ઉપર સર્વોપરિતા ભોગવનાર.

હવે સંહારના પ્રશ્ન પર આવીએ. કોઈ પિતા પોતાનાં તમામ બાળકોનો એક સામટો સંહાર કરી નાખે તો તેને આપણે કેવો કહીએ છીએ? ધનલોભી માતા-પિતાએ અમર-કુમારને ભારોભાર સોના માટે વેચ્યો અને તેને બલિદાન-સ્થાને લઈ જવામાં આવ્યો, ત્યારે લોકોએ તેમના પર ફીટકારનો વરસાદ વરસાવ્યો હતો અને તેઓ કોઈને પોતાનું મ્હોં દેખાડવાને યોગ્ય રહ્યા ન હતા, એ હકીકત જૈન સાહિત્યમાં સ્પષ્ટ અક્ષરે નોંધાયેલી છે. તાત્પર્ય કે જે પ્રાણીઓનું પોતે સર્જન

કર્યું, જે પ્રાણીઓને પોતે પાળ્યા, તેનો સંહાર ઈશ્વર કદી કરે જ નહિ અને કરે તો તે નિષ્ઠુર, નિર્લજ્જ, મહાપાપી જ લેખાય. શું ઈશ્વરને આપણે આ કોટિમાં મૂકવા તૈયાર છીએ?

વિશેષમાં એ જાણવાની પણ જરૂર છે કે આ જગતમાં વસ્તુઓનું સ્વરૂપ પરિવર્તન પામે છે, પણ તેમનો સર્વથા નાશ થતો નથી. જૈન મહર્ષિઓએ પોતાના જ્ઞાનથી અને આધુનિક વિજ્ઞાને અનેકવિધ પ્રયોગોથી આ વાત સિદ્ધ કરી આપી છે. એટલે આ જગતનો સર્વથા સંહાર થવાનું શક્ય નથી અને ગમે તેવી મહાન શક્તિ પણ એ કાર્ય કરી શકતી નથી.

'હરિ કરે તે ખરી' 'ઈશની આજ્ઞા વિના નવ પાંદડું હાલી શકે.' વગેરે ઉક્તિઓ જનસમાજમાં પ્રચલિત છે, તેનું કારણ ઈશ્વરવિષયક ઉપરની માન્યતા છે. પરંતુ ઈશ્વરનું સાચું સ્વરૂપ સમજાય તો આ માન્યતાઓનું શોધન જરૂર થાય અને 'સુખ–દુઃખનો કર્તા આત્મા પોતે જ છે,' 'તે ધારે તો પોતાનું ભાવી ઉજ્જવલ બનાવી શકે છે,' એ વસ્તુ સમજતાં વાર લાગે નહિ.

ઈશ્વર સંબંધી આ પ્રકારની વિચારસરણી ધરાવનાર જૈન ધર્મને નાસ્તિક કહેવો, એ ખરેખર! એક પ્રકારનું દુઃસાહસ છે અને તે સુજ્ઞજનો ન જ કરે, એવી અમારી ખાતરી છે.

શ્રી મંગલદેવ શાસ્ત્રી એમ. એ. ડી. ફિલ. (ઓકસન) કે જેઓ એક વખત વારાણસીની ગવર્મેન્ટ સંસ્કૃત કોલેજના પ્રધાન આચાર્ય હતા, તેમણે એક લેખમાં લખ્યું છે કે

ભારતીય દર્શનના વિષયમાં એક પરંપરાગત મિથ્યા ભ્રમનો ઉલ્લેખ કરવો અમને ઉચિત લાગે છે. કેટલાક સમયથી લોક એમ સમજે છે કે ભારતીય દર્શનની આસ્તિક અને નાસ્તિક એવી બે શાખાઓ છે. તેમાં વૈદિક દર્શનો આસ્તિક છે અને જૈન તથા બૌદ્ધ દર્શન નાસ્તિક છે. વસ્તુતઃ આ વર્ગીકરણ નિરાધાર જ નહિ, નિતાન્ત મિથ્યા છે. આસ્તિક અને નાસ્તિક શબ્દ 'अस्ति नास्ति दिष्टं मतिः (पा० ४-४-६०) એ પાણિની સૂત્ર અનુસાર બનેલો છે. આનો મૌલિક અર્થ એ હતો કે પરલોકની સત્તા માનનારો આસ્તિક અને ન માનનારો નાસ્તિક. સ્પષ્ટતયા આ અર્થમાં જૈન અને બૌદ્ધ દર્શનને નાસ્તિક કહી શકાય જ નહિ.'

પ્રસિદ્ધ રાષ્ટ્રનેતા અને પ્રખર વિદ્વાન્ આચાર્ય શ્રી નરેન્દ્રદેવે તેમના 'બૌદ્ધ ધર્મદર્શન' નામક ગ્રંથના પ્રથમ પ્રકરણમાં લખ્યું છે કે 'આ વાત ધ્યાનમાં રાખવી જોઇએ કે બુદ્ધના સમયમાં આસ્તિકનો અર્થ ઇશ્વરમાં પ્રતિપન્ન ન હતો અને વેદનિંદક પણ ન હતો. પાણિનીના નિર્વચન અનુસાર નાસ્તિક તે છે કે જે પરલોકમાં વિશ્વાસ રાખતો નથી. (नास्ति परलोको यस्य सः ।) આ નિર્વચન અનુસાર બૌદ્ધ અને જૈન ધર્મ નાસ્તિક નથી.

[ ૩ ]

## તત્ત્વજ્ઞાનની મહત્તા

જ્ઞાન બે પ્રકારનું છે : (૧) વ્યાવહારિક અને (૨) પારમાર્થિક. તેમાં વ્યાવહારિક જ્ઞાન વ્યવહારનાં ભિન્ન ભિન્ન અંગોને સિદ્ધ કરવામાં ઉપયોગી છે અને પારમાર્થિક જ્ઞાન પરમાર્થ એટલે મોક્ષ, મુક્તિ, સિદ્ધિ, નિર્વાણ કે પરમપદની પ્રાપ્તિમાં ઉપયોગી છે. જો જીવનના અંતિમ સાધ્ય તરીકે આપણે મોક્ષનો સ્વીકાર કરતા હોઈએ, કરીએ જ છીએ, તો આ બીજા પ્રકારના જ્ઞાનને શ્રેષ્ઠ માનવું જ રહ્યું.

પારમાર્થિક જ્ઞાન પ્રશંસનીય–પ્રશસ્ત છે, તેથી તેનો વ્યવહાર સમ્યગ્જ્ઞાન તરીકે થાય છે અને તે તત્ત્વના અવબોધ રૂપ હોઈને તત્ત્વજ્ઞાન તરીકે પણ ઓળખાય છે. તાત્પર્ય કે જૈન દૃષ્ટિએ જે પારમાર્થિક જ્ઞાન છે, તે જ સમ્યગ્જ્ઞાન છે અને જે સમ્યગ્જ્ઞાન છે, તે જ તત્ત્વજ્ઞાન છે.

આર્ય મહર્ષિઓનો એવો અભિપ્રાય છે કે જે જ્ઞાન પરમાર્થની સિદ્ધિ કરનારું હોય, અર્થાત્ મોક્ષપ્રાપ્તિમાં ઉપકારક થતું હોય, તેને જ જ્ઞાન સમજવું અને બાકીનું બધું અજ્ઞાન સમજવું. આ દૃષ્ટિએ પારમાર્થિક જ્ઞાન, સમ્યગ્જ્ઞાન કે તત્ત્વજ્ઞાનને માત્ર જ્ઞાન પણ કહેવામાં આવે છે. '**नाण–किरियाहिं मोक्खो**' વગેરે સૂત્રમાં જ્ઞાન શબ્દ આવા જ અર્થમાં વપરાયેલો છે. થોડા વિવેચનથી આ વસ્તુ સ્પષ્ટ થશે.

જ્ઞાન તો દરેક જીવને હોય છે. નિગોદ જેવી તદ્દન નિકૃષ્ટ અવસ્થામાં પણ અક્ષરનો અનંતમો ભાગ ઉઘાડો રહે છે. જો જીવમાં આટલું પણ જ્ઞાન ન હોય, તો તેનામાં અને જડ પદાર્થમાં કોઈ તફાવત રહેતો નથી. જ્યાં જ્ઞાન હોય છે, ત્યાં કોઈ ને કોઈ પ્રકારની ક્રિયા પણ અવશ્ય હોય છે.[1] એટલે જ્ઞાન અને ક્રિયાનો સામાન્ય અર્થ ગ્રહણ કરીએ તો જીવમાત્ર જ્ઞાન અને ક્રિયાવાળા હોવાથી તે બધાનો મોક્ષ થાય છે, એમ માનવું પડે, જે સિદ્ધાંતથી વિરુદ્ધ છે; એટલે અહીં જ્ઞાન અને ક્રિયા આ બંને શબ્દો વિશિષ્ટ અર્થમાં યોજાયેલા છે, એ નિશ્ચિત છે. તેમાં જ્ઞાનનો અર્થ અમે ઉપર જણાવ્યું તેમ તત્ત્વજ્ઞાન છે અને ક્રિયાનો અર્થ આત્મશુદ્ધિ કરનારી સંયમપોષક ક્રિયાઓ છે.

---

૧. જન્મભૂમિ–પ્રવાસી તા. ૨૬–૪–૬૫ ના અંકમાં ‘વિજ્ઞાનનાં વહેણ’ એ મથાળાં નીચે નિમ્ન પ્રશ્ન રજૂ થયો હતો : જીવ શું છે અને તેની ઉત્પત્તિ કેવી રીતે થઈ? તેનો ઉત્તર શ્રી મુક્તાનંદ વિશ્વયાત્રીએ નીચે મુજબ આપ્યો હતો : જીવની વ્યાખ્યા ન આપી શકાય. જીવ શાસ્ત્ર તેની પ્રકૃતિ શી શી છે, તે ગણાવે છે. જીવમાં ચોક્કસ વ્યવસ્થા (Organization) હોય છે, તેમ જીવન–રસાયન–ક્રિયા (Metabolism) હોય છે, તેનો વિકાસ થાય છે. તેમાં સંવેદન–ક્ષમતા (Irritability) હોય છે, તેમાં પ્રતિયોગક્ષમતા (Adaptitbility) હોય છે અને તે વંશવૃદ્ધિ (Reproduction) કરી શકે છે. આવી પ્રકૃતિ વડે જીવ વ્યક્ત થાય છે. અમે આ વિધાન સાથે સંમત થતા નથી, પરંતુ વૈજ્ઞાનિક દૃષ્ટિબિન્દુ પણ જીવમાં કોઈ ને કોઈ પ્રકારની ક્રિયા માને છે, એ દર્શાવવાને આ વિધાન અહીં ઉદ્ધૃત કર્યું છે.

અહીં એ સ્પષ્ટતા કરવી ઉચિત છે કે જૈન ધર્મે માત્ર જ્ઞાનથી કે માત્ર ક્રિયાથી મોક્ષ માન્યો નથી, પણ ઉભયના આરાધનથી મોક્ષ માન્યો છે અને તેમાં જ્ઞાનને પહેલું મૂક્યું છે, જે તેની અસાધારણ મહત્તા સૂચવે છે. જો જ્ઞાન ન હોય, તત્ત્વબોધ ન હોય, તો કોઈ પણ આધ્યાત્મિક ક્રિયા તેના યથાર્થ સ્વરૂપે કરી શકાતી નથી અને પરિણામે જે ફળની અપેક્ષા રાખવામાં આવી હોય, તે પ્રાપ્ત થતું નથી. 'पढमं नाणं तओ दआ' વગેરે સૂત્રોમાં આ વસ્તુ ખૂબ જ સ્પષ્ટ કરવામાં આવી છે.

જૈન શાસ્ત્રોમાં જ્ઞાનનો મહિમા ખૂબ વર્ણવાયો છે. જેમકે—

**अन्नाण–संमोह–तमोहरस्स,**
**नमो नमो नाण–दिवायरस्स ॥**

'અજ્ઞાન અને સંમોહ રૂપી અંધકારને દૂર કરનાર જ્ઞાન–દિવાકરને વારંવાર નમસ્કાર હો.'

**पावाओ विणिवत्ती, पवत्तणा तहय कुसल–पक्खंमि ।**
**विणयस्स य पडिवत्ती, तिन्निवि नाणे समप्पिंति ॥**

'પાપકાર્યોમાંથી નિવૃત્તિ, કુશલપક્ષમાં પ્રવૃત્તિ અને મોક્ષનાં સાધનો પ્રત્યે આદરરૂપ વિનયની પ્રાપ્તિ, એ ત્રણે ય જ્ઞાનથી જ થાય છે.'

**नाणं च दंसणं चेव, चरित्तं च तवो तहा ।**
**एयमग्गमणुपत्ता, जीवा गच्छन्ति सोग्गइं ॥**

'જ્ઞાન, દર્શન, ચરિત્ર અને તપથી સંયુક્ત એવા માર્ગ-ને પામેલા જીવો સદ્ગતિમાં જાય છે.'

**ज्ञान अपूरव ग्रहण कर, जागे अनुभवरंग ।**
**कुमति-जाल सब काटके, उछले तत्त्वतरंग ॥**

'હે વત્સ ! તું અપૂર્વ એવા જ્ઞાનને ગ્રહણ કર, જેથી તારા આત્મામાં અનુભવનો રંગ જાગૃત થાય, કુમતિએ ફેલા-વેલી બધી જાળ તૂટી પડે અને તત્ત્વના તરંગો ઉછળવા લાગે.'

**જ્ઞાન વિના પશુ સારીખા, જાણો એણે સંસાર;**
**જ્ઞાન આરાધનથી લહ્યું, શિવપદ-સુખ શ્રીકાર. ૧.**
**જ્ઞાનરહિત કિરિયા કહી, કાશકુસુમ ઉપમાન;**
**લોકાલોક પ્રકાશકર, જ્ઞાન એક પરધાન. ૨.**
**જ્ઞાની શ્વાસોસાસમેં, કરે કર્મનો ખેહ;**
**પૂર્વ કોડી વરસાં લગે, અજ્ઞાની કરે તેહ. ૩.**
**દેશ-આરાધક કિરિયા કહી, સર્વ-આરાધક જ્ઞાન;**
**જ્ઞાનતણો મહિમા ઘણો, અંગ પાંચમે ભગવાન. ૪.**

'આ સંસારમાં જે મનુષ્યોને જીવાજીવાદિ તત્ત્વોનું જ્ઞાન નથી, તેમને પશુના જેવા જાણવા. જે આત્માઓએ શ્રીકાર એવું મોક્ષનું સુખ મેળવ્યું છે, તે જ્ઞાનની આરાધના કરીને જ મેળવ્યું છે. ૧.

આહાર, નિદ્રા, ભય અને મૈથુન એ ચાર સંજ્ઞાઓ પશુ અને મનુષ્યમાં સમાન રૂપે હોય છે, એટલે કે તેમાં કોઈ વિશેષતા નથી. મનુષ્યની વિશેષતા તો તેને જે સંપ્રધારણ

સંજ્ઞા અર્થાત્ બુદ્ધિ પ્રાપ્ત થઈ છે, તેનો સદુપયોગ કરવામાં રહેલી છે. 'बुद्धेः फलं तत्त्वविचारणं च' એ સૂત્ર અનુસાર તત્ત્વની વિચારણા એ જ બુદ્ધિનું મુખ્ય ફળ છે, એ જ બુદ્ધિનો સદુપયોગ છે. જે મનુષ્યો બુદ્ધિનો આ રીતે સદુપયોગ કરતા નથી, તેમનામાં અને પશુમાં વાસ્તવિક કયો તફાવત રહ્યો ? તાત્પર્ય કે તેમને મનુષ્યના રૂપમાં રહેલાં મૃગો–પશુઓ સમજવા, એ જ યોગ્ય છે.

અહીં બીજી વસ્તુ એ પણ સ્પષ્ટ કરવામાં આવી છે કે આજ સુધીમાં જે જે આત્માઓએ શ્રીકાર–ઉત્તમ એવું મોક્ષનું સુખ મેળવ્યું છે, તે જ્ઞાનની આરાધનાપૂર્વક જ મેળવ્યું છે. તાત્પર્ય કે જ્ઞાનનું આરાધન એ મોક્ષપ્રાપ્તિનું એક અનિવાર્ય અંગ છે. તેના વિના કોઈને મોક્ષ મળ્યો નથી, મળતો નથી, તેમ જ મળવાનો પણ નથી.

'જે ક્રિયાની પાછળ જ્ઞાન નથી, તે આકાશ–કુસુમ જેવી છે. અર્થાત્ તે કંઈ પણ ફળ આપી શકતી નથી. લોક અને અલોકનો પ્રકાશ કરનારું એવું જ્ઞાન જ શ્રેષ્ઠ છે.' ૨.

એક ક્રિયા શા માટે કરવામાં આવે છે? તેની પાછળ કયો હેતુ રહેલો છે? વગેરે જાણ્યા વિના તે કરવા લાગીએ તો શુદ્ધ સ્વરૂપે થઈ શકે નહિ, એ દેખીતું છે. આવી અશુદ્ધ–અપૂર્ણ ક્રિયાનું કિંચિત્ ફલ તો મળે, પણ પૂર્ણ-ફલની અપેક્ષાએ તે નહિવત્ છે, એટલે આપણી દૃષ્ટિ જ્ઞાનપૂર્વક ક્રિયા કરવા તરફ જ રાખવી ઘટે. જ્ઞાનનો પ્રભાવ

તો જુઓ ! તેનાથી લોક અને અલોકનું સ્વરૂપ આપણે જાણી શકીએ છીએ અને હેય-ઉપાદેયના વિવેકપૂર્વક શુદ્ધ આચરણા કરવાને શક્તિમાન થઈએ છીએ.

'જ્ઞાની એક શ્વાસોચ્છ્વાસમાં જેટલા કર્મ ખપાવે છે. તે અજ્ઞાનીને ખપાવતાં ક્રોડ પૂર્વ જેટલો સમય લાગે છે.' ૩.

કર્મ ખપાવવાની બાબતમાં અજ્ઞાની અને જ્ઞાની વચ્ચે કેટલો મોટો તફાવત છે? તે અહીં દર્શાવ્યું છે. ક્યાં શ્વાસોચ્છ્વાસ જેટલો સમય અને ક્યાં ૭૦૫, ૬૦૦, ૦૦૦, ૦૦૦, ૦૦૦, ૦૦૦, ૦૦૦ × ૧૦, ૦૦૦, ૦૦૦ = વર્ષ ? તાત્પર્ય કે કર્મનો શીઘ્રતાથી નાશ કરવો હોય, અને મોક્ષમહાલયનાં અનંત-અક્ષય સુખના અધિકારી થવું હોય તો પહેલી તકે જ્ઞાનની આરાધના કરવી જોઈએ અને તત્ત્વનો યથાર્થ બોધ મેળવી લેવો જોઈએ.

'ક્રિયા એ દેશ-આરાધક છે અને જ્ઞાન એ સર્વ-આરાધક છે. આ રીતે જ્ઞાનનો મહિમા ઘણો છે, જે ભગવાન શ્રી મહાવીરે ભાખેલા પાંચમા અંગમાં વિદ્યમાન છે.' ૪.

સારાંશ કે માત્ર ક્રિયાની આરાધના કરીએ તો અલ્પાંશે થાય છે અને જ્ઞાનપૂર્વક કરીએ તો સર્વાંશે થાય છે. આ રીતે જ્ઞાનની-તત્ત્વજ્ઞાનની મહત્તા ઘણી મોટી છે, જે વર્તમાન શાસનના નાયક ચરમ તીર્થંકર ભગવાન શ્રી મહાવીરે અર્થથી કહેલી છે અને તેમના પટ્ટધર શ્રી સુધર્મા સ્વામીએ સૂત્રરૂપે વિવાહપ્રજ્ઞપ્તિ યાને શ્રી ભગવતીસૂત્ર નામના પાંચમા અંગ-સૂત્રમાં ગૂંથેલી છે.

તત્ત્વજ્ઞાન પારસમણિ જેવું છે. પારસમણિનો લોઢાને સ્પર્શ થાય, તો તે સુવર્ણ બની જાય છે, તેમ તત્ત્વજ્ઞાનનો જીવનને સ્પર્શ થાય તો તેમાં સમ્યક્ ચારિત્રની અનેરી ઝલક આવી જાય છે. તે અંગે મિથિલાપતિ નમિરાજનો વ્યતિકર જાણવા યોગ્ય છે.

મિથિલાપતિ નમિરાજને દાહજ્વર લાગુ પડ્યો હતો. તે કોઈ ઉપાયે શાંત થતો ન હતો. એવામાં મોટી રાણીને યાદ આવ્યું. તેણે મલયગિરિનું ચંદન ઘસીને મહારાજાના પગે લગાડ્યું અને બિમાર મહારાજાએ 'હા....શ' એવો ઉદ્‌ગાર કાઢ્યો. એટલે બધી રાણીઓ ચંદન ઘસવાના કામે લાગી ગઈ.

ચંદન ઉતરતું જાય અને મહારાજાના અંગે લેપાતું જાય. આવું જ્યાં થોડી વાર ચાલ્યું કે મહારાજા નમિનો દાહ ઘણા અંશે શાંત થઈ ગયો. તેમની આંખો ઊંઘથી ઘેરાવા લાગી, પણ ઊંઘ તેમાં પ્રવેશી શકી નહિ, કારણ કે ચંદન ઘસી રહેલા સંખ્યાબંધ હાથના કંકણોનો સંયુક્ત અવાજ તેમાં ખલેલ કરી રહ્યો હતો.

ચતુર પટરાણી આ વાતને સમજી ગઈ. તેણે બધી રાણીઓને ઇશારાથી સૂચના કરી કે હાથમાં એક જ કંકણ રાખીને ચંદન ઘસો કે જેથી બિલકુલ અવાજ થાય નહિ.

રાણીઓએ એ સૂચનાનો અમલ કર્યો. વાતાવરણ નીરવ અને શાંત થઈ ગયું.

'દેવી! ચંદન ઘસવાનું કામ બંધ થયું કે શું?' કંકણનો અવાજ બંધ થતાં મહારાજા નમિએ પટરાણીને પ્રશ્ન કર્યો અને સાથે સાથે સૂચન પણ કર્યું કે 'હજી થોડી વાર ઘસાયું હોત તો ઠીક થાત.'

પટરાણીએ ખુલાસો કર્યો. 'મહારાજ! ચંદન ઘસવાનું કામ ચાલુ જ છે.'

'તો કંકણોનો અવાજ કેમ આવતો નથી!' મહારાજા નમિએ મનનું સમાધાન કરવા ફરીને પ્રશ્ન પૂછ્યો.

'દેવ! આપની નિદ્રામાં ખલેલ ન પહોંચે, તે માટે દરેક રાણીએ પોતાના હાથમાં માત્ર એક જ કંકણ રાખ્યું છે અને બાકીનાં બધાં ઉતારી નાંખ્યાં છે.' પટરાણીએ પરિસ્થિતિની ચોખવટ કરી.

'હં, ત્યારે આ કોલાહલ ઘણાના ભેગા થવાથી થયો હતો!' આટલા ઉદ્ગાર કાઢી મહારાજા નમિ ઊંડા ચિંતનમાં સરકી ગયા. 'ખરેખર! એકલું કંકણ કાંઈ શોર મચાવી શકતું નથી. મને જે ત્રાસ ઉપજ્યો, બેચેની થઈ, તે ઘણા કંકણોને લીધે જ થઈ. જીવનમાં પણ આવું જ છે. જ્યાં બહુ પરિગ્રહ, ત્યાં બહુ ઉપાધિ. જ્યાં બહુ સંબંધો, ત્યાં બહુ દુઃખ. હે આત્મન્! તેં અત્યાર સુધી એકત્વના આનંદનો ઉપભોગ કર્યો નથી અને તેથી જ તને રોગ અને શોક, જન્મ અને મરણ સતાવ્યા કરે છે. માટે તું અન્યને છોડી એકલો થા, પુદ્ગલને છોડી તારા સાચા સ્વરૂપનું આલંબન કર.'

તે રાત્રિએ નમિરાજને ગાઢ નિદ્રા આવી ગઈ અને તેનો દાહજ્વર પણ દૂર થયો; પરંતુ બીજા જ દિવસે પુત્રને ગાદી સોંપી ચારિત્ર ગ્રહણ કરવાની તૈયારી કરી. તે જોઈને રાણીઓ રુદન કરવા લાગી, મિથિલાના લોકો ચોધાર આંસુએ રડવા લાગ્યા. સર્વત્ર ભારે કોલાહલ થયો. આ વખતે એક વૃદ્ધ વિપ્રે આવીને કહ્યું: 'હે રાજન્! તમારો વિયોગ સહુને દારુણ દુઃખનું કારણ થઈ પડ્યો છે, માટે તમે દીક્ષા લેવી રહેવા દો અને તમારા રાજમહેલમાં રહીને જ શેષ જીવન વ્યતીત કરો.'

નમિરાજે કહ્યું: 'હે વિપ્ર! એક વૃક્ષ ફળફૂલથી રળિયામણું લાગે છે અને તેનો લાભ લેવા પક્ષીઓનાં ટોળાં આવી પહોંચે છે. હવે પ્રબળ વાયુના વેગથી કદાચ એ વૃક્ષ ભાંગી પડે તો એ પક્ષીઓ બિચારાં આક્રંદ કરે છે. આ જ સ્થિતિ સંસારની છે. બધે જ સ્વાર્થપરાયણતા વ્યાપેલી છે. જ્યાં સ્વાર્થસાધનાનાં સાધનો ખૂટ્યાં કે ખૂટવાની દહેશત ઊભી થઈ, ત્યાં સ્વાર્થીજનો રડારોળ કરી મૂકે છે. પરંતુ આ જગતમાં કોઈના વિના કોઈનું પડી ભાંગતું નથી. બધા પોતાના પુણ્ય અનુસાર ખાય છે. જો હું સ્નેહીઓના બંધનમાં બંધાઈ રહું, તો મારી સિદ્ધિ થાય નહિ.'

હવે એ જ વખતે મિથિલાનાં મકાનોમાંથી ધૂમાડાના ગોટેગોટ નીકળવા લાગ્યા અને ભયંકર અગ્નિ તે બધાનું ભક્ષણ કરવા લાગ્યો. નમિરાજનું અંતઃપુર પણ તેમાંથી બચ્યું ન હતું. તેના તરફ આંગળી ચીંધી વૃદ્ધ વિપ્રે કહ્યું:

'હે રાજન્! તમારી આ મનોહર મિથિલાને અગ્નિ ભરખી રહ્યો છે અને તેમાં તમારું અંતઃપુર પણ બળી રહ્યું છે. માટે એકવાર તેના તરફ કૃપાદૃષ્ટિ કરો.'

નમિરાજે કહ્યું: 'હે વિપ્ર! હું અગ્નિથી બળતો નથી, પાણીથી ભીંજાતો નથી, વાયુથી શોષાતો નથી અને શસ્ત્રોથી છેદાતો નથી. એટલે મિથિલા બળતાં મારું કંઈ પણ બળતું નથી. જે પુત્ર–કલત્રની માયા–સહ્કોબ્બત છોડી સંયમના પંથે સંચરે છે, તે જ સાધુ કહેવાય છે. તેને કંઈ પ્રિયાપ્રિય હોતું નથી. જે બાહ્ય અને અભ્યંતર બંધનથી મુક્ત થાય છે, તેને જ સિદ્ધિ સાંપડે છે. તાત્પર્ય કે મારું સર્વ કંઈ સલામત છે; મારી કોઈ પણ વસ્તુનો નાશ થતો નથી.'

તે સાંભળી વૃદ્ધ વિપ્રે કહ્યું: 'હે રાજન્! પ્રથમ તમે મિથિલા ફરતો મજબૂત કોટ બનાવો, તેની આસપાસ ખાઈ ખોદાવો અને કિલ્લા પર શતઘ્ની વગેરે અસ્ત્રો મૂકાવો. પછી પ્રવ્રજ્યા ગ્રહણ કરજો.'

ઉત્તરમાં નમિરાજે કહ્યું: 'હે વિપ્રવર! શત્રુથી બચવા માટે મેં સર્વ પ્રકારની તૈયારી કરી લીધી છે. આત્મજ્ઞાન એ મારું નગર છે. તેના ફરતા ક્ષમા, નિર્લોભતા, ઋજુતા, મૃદુતા, બંધુત્વ, સત્ય, સંયમ, તપ, જ્ઞાનાભ્યાસ અને બ્રહ્મચર્ય એ દશ કિલ્લા છે. એ કિલ્લાને શમ, સંવેગ, નિર્વેદ, અનુકંપા અને આસ્તિક્ય એ નામના પાંચ દરવાજા છે. અને બાહ્ય તપ તથા અભ્યંતર તપરૂપી બે મજબૂત કમાડો છે. એના ફરતી

સત્યવચનરૂપ ઊંડી ખાઈ ખોદી રાખી છે. અને તેમાં જ્ઞાનરૂપી જળ ભરી દીધું છે. આથી મને મિથ્યાત્વ, અવિરતિ, કષાય અને પ્રમાદરૂપી શત્રુઓનો જરા પણ ભય નથી.'

વૃદ્ધ વિપ્રે કહ્યું : 'હે રાજન્! હજી સુધી જે રાજાઓને તમે જિત્યા નથી, તેને પ્રથમ જિતી લો અને પછી પ્રવ્રજ્યા ગ્રહણ કરો.'

નમિરાજે કહ્યું : 'હે વિપ્ર! સંગ્રામમાં દશ લાખ યોદ્ધાઓને જિતવા સહેલા છે, પણ એક આત્માને જિતવો મુશ્કેલ છે. મેં એ આત્માને જિતવાનો રાહ લીધો છે, એટલે બાહ્ય શત્રુઓનો મને જરા પણ ભય નથી.'

એ વૃદ્ધ વિપ્રે બીજા પણ કેટલાક પ્રશ્નો પૂછ્યા, તેના નમિરાજે સચોટ ઉત્તરો આપ્યા અને દીક્ષા ગ્રહણ કરી. તેઓ સાધુ થયા, સંત થયા; મુનિ અને મહર્ષિ થયા. છેવટે સર્વ કર્મોને તોડી સિદ્ધ, બુદ્ધ અને પારંગત થયા.

કહેવાનું તાત્પર્ય એ છે કે જેને તત્ત્વબોધ થયો છે, તત્ત્વજ્ઞાનની પ્રાપ્તિ થઈ છે, તેના જીવનમાં સમ્યક્ ચારિત્રની અનેરી ઝલક અવશ્ય આવી જાય છે.

તત્ત્વજ્ઞાનની આથી વિશેષ મહત્તા બીજી શી હોઈ શકે?

[ ૪ ]

## તત્ત્વજ્ઞાનની પ્રાપ્તિ કોને થાય ?

તત્ત્વજ્ઞાનની મહત્તાથી પાઠકો પરિચિત થયા. હવે તત્ત્વજ્ઞાનની પ્રાપ્તિ કોને થાય? તે અંગે કેટલીક વિચારણા કરીએ.

જૈન શાસ્ત્રોમાં કહ્યું છે કે '**सद्दहमाणो जीवो वच्चइ अयरामरं ठाणं**–શ્રદ્ધા કરનારો જીવ અજરામર સ્થાન પ્રત્યે જાય છે.' આ આપ્તવચનનો ભાવાર્થ એ છે કે અનાદિ કાલથી સંસારમાં પરિભ્રમણ કરી રહેલો જીવ જ્યારે મિથ્યાત્વનો ત્યાગ કરીને સુદેવ, સુગુરુ તથા સુધર્મ પ્રત્યે દૃઢ શ્રદ્ધાવાળો બને છે, ત્યારે તેને તત્ત્વજ્ઞાનની પ્રાપ્તિ થાય છે. તેના લીધે તે હેય અને ઉપાદેયનો વિવેક કરી સમ્યક્ ચારિત્રનું નિર્માણ કરી શકે છે અને કર્મના જે કુટિલ કટકે તેને અત્યાર સુધી સંસારરૂપી રંગમંડપમાં અનેક પ્રકારનો નાચ નચાવ્યો, તેનો સંપૂર્ણ નાશ કરી શકે છે. પરિણામે તે અજરામર સ્થાન એટલે સિદ્ધશિલા પ્રત્યે ગમન કરે છે અને ત્યાં સિદ્ધ સ્વરૂપે બિરાજી અક્ષય અનંત આનંદનો ઉપભોગ કરે છે.

ભાગવદ્ગીતામાં પણ '**श्रद्धावाँल्लभते ज्ञानम्**' આદિ વચનો આવે છે, તે આ વસ્તુના સમર્થક છે.

મિથ્યાત્વ એટલે દૃષ્ટિવિપર્યાસ. તેનો ત્યાગ ત્યારે જ

થાય છે કે જ્યારે આત્મા દુષ્ટતા છોડી દયાનો ભાવ ધારણ કરે, મૂઢતા છોડી વિવેકશક્તિને જાગ્રત કરે, કદાગ્રહ છોડી સરલતાનું શરણ સ્વીકારે અને પક્ષપાતને તિલાંજલિ આપી માધ્યસ્થતાનું અનુસરણ કરે. આ સ્થિતિ ઉત્પન્ન થતાં તે સુદેવ, સુગુરુ અને સુધર્મ પ્રત્યે દૃઢ શ્રદ્ધાવાળો બની શકે છે.

અહીં કદાચ પ્રશ્ન થશે કે 'તત્ત્વજ્ઞાનની પ્રાપ્તિમાં દેવ પ્રત્યે શ્રદ્ધાન્વિત થવાની શી જરૂર છે?' તેનો ઉત્તર એ છે કે 'તત્ત્વજ્ઞાનની મૂળ પ્રરૂપણા અઢાર દોષરહિત, ચોત્રીશ અતિશયવંત, સર્વજ્ઞ અને સર્વદર્શી એવા શ્રી અરિહંત દેવે કરેલી છે. જો તેમના પ્રત્યે શ્રદ્ધા-વિશ્વાસ ન હોય તો તેમણે પ્રરૂપેલા તત્ત્વજ્ઞાન પ્રત્યે શ્રદ્ધા-વિશ્વાસ શી રીતે ઉત્પન્ન થાય? 'પુરુષવિશ્વાસે વચનવિશ્વાસ' એ હકીકત સુપ્રસિદ્ધ છે.

જે વસ્તુમાં શ્રદ્ધા-વિશ્વાસ ન હોય, તે અંગે પ્રવૃત્તિ થતી નથી અને જ્યાં પ્રવૃત્તિ જ થતી ન હોય, ત્યાં પરિણામ શી રીતે આવે? એટલે તત્ત્વજ્ઞાનની પ્રાપ્તિ ઇચ્છનારે શ્રી અરિહંત દેવ પ્રત્યે શ્રદ્ધાન્વિત થવાની ખાસ જરૂર છે.

શ્રી ઇન્દ્રભૂતિ ગૌતમ વગેરે વિદ્વાનો શ્રી મહાવીર પ્રભુ પ્રત્યે શ્રદ્ધાન્વિત થયા, તો ઉચ્ચ કોટિનું તત્ત્વજ્ઞાન પામ્યા અને સમ્યક્ ચારિત્રનું નિર્માણ કરીને મોક્ષે સીધાવ્યા.

અહીં જો બીજો પ્રશ્ન એમ પૂછાતો હોય કે 'તત્ત્વજ્ઞાનની પ્રાપ્તિ માટે શ્રી અરિહંત દેવ પ્રત્યે શ્રદ્ધાન્વિત થવું

એ ઠીક છે, પણ ગુરુ પ્રત્યે શ્રદ્ધાન્વિત થવાની જરૂર શી ?' તો એનો ઉત્તર એ છે કે 'શ્રી અરિહંત દેવે પ્રરૂપેલા તત્ત્વજ્ઞાનનો યથાર્થ બોધ નિર્ગ્રંથ ગુરુની સહાય વિના થઈ શકતો નથી. કહ્યું છે કે–

**विना गुरुभ्यो गुणनीरधिभ्यो**
**जानाति धर्मं न विचक्षणोऽपि ।**
**विना प्रदीपं शुभलोचनोऽपि,**
**निरीक्षते कुत्र पदार्थसार्थम् ॥**

'મનુષ્ય ગમે તેવો વિચક્ષણ–ડાહ્યો હોય તો પણ ગુણના સમુદ્રરૂપ ગુરુની સહાય વિના તે ધર્મને જાણી શકતો નથી. કોઈ મનુષ્ય સુંદર આંખોવાળો હોય, છતાં અંધારામાં રહેલા પદાર્થસમૂહને ક્યાં જોઈ શકે છે ?'

એ ઉક્તિ પણ પ્રસિદ્ધ જ છે કે–

**ગુરુ દીવો ગુરુ દેવતા, ગુરુ વિણ ઘોર અંધાર;**
**જે ગુરુવાણી વેગળા, તે રવડયા સંસાર.**

'ગુરુ એ દીવો છે અને ગુરુ એ જ દેવતા–પરમેશ્વર છે. જો ગુરુ ન હોય તો તત્ત્વનો સાચો પ્રકાશ સાંપડતો નથી અને તેથી જીવનમાં ઘોર અંધકાર વ્યાપી જાય છે. જેઓ ગુરુની વાણીથી વેગળા રહે છે, એટલે કે ગુરુની પાસે જતા નથી, તેમની સેવા–ભક્તિ કરતા નથી તથા તેમનો ઉપદેશ સાંભળીને ધર્મ તથા તત્ત્વજ્ઞાનની પ્રાપ્તિ કરતા નથી, તેઓ અનંત–અપાર સંસારસાગરમાં રખડયા કરે છે.'

તાત્પર્ય કે તત્ત્વજ્ઞાનની પ્રાપ્તિ માટે ગુરુ પ્રત્યે પણ શ્રદ્ધાન્વિત થવાની જરૂર છે.

અહીં એ સ્પષ્ટતા કરવી આવશ્યક છે કે આ જગતમાં એક યા બીજા બહાને શિષ્યોનાં ગજવાનો ભાર હળવો કરનારા ગુરુઓ ઘણા હોય છે, પણ શિષ્યોના હૃદયનો સંતાપ-રૂપી ભાર હળવો કરનાર ગુરુ દુર્લભ હોય છે. નિર્ગ્રંથ સાધુઓ આ બીજા પ્રકારના હોવાથી તેમની ગણના સદ્ગુરુમાં થાય છે.

હજી એક પ્રશ્ન વધારે પૂછાવાની શક્યતા છે. 'તત્ત્વ-જ્ઞાનની પ્રાપ્તિ માટે શ્રી અરિહંત દેવ અને નિર્ગ્રંથ સુસાધુ ગુરુ પ્રત્યે શ્રદ્ધાન્વિત થવું ઠીક છે, પણ ધર્મ પ્રત્યે શ્રદ્ધા-ન્વિત થવાની શી જરૂર છે?' તેનો ઉત્તર એ છે કે 'શ્રી અરિહંત દેવ પ્રત્યે શ્રદ્ધા હોય, નિર્ગ્રંથ ગુરુઓ પ્રત્યે શ્રદ્ધા હોય, પણ જે ધર્મનું પાલન કરવાનું છે, તેની મંગલમયતા કે કલ્યાણકારિતા વિષે આંતરિક શ્રદ્ધા ન હોય તો ધર્માચરણ માટે ઉત્સાહ થતો નથી અને પરિણામે જ્ઞાનની આરાધના યથાર્થરૂપે થઈ શકતી નથી. આ સંયોગોમાં તત્ત્વજ્ઞાનની પ્રાપ્તિ શી રીતે થાય? તાત્પર્ય કે તત્ત્વજ્ઞાનની પ્રાપ્તિ માટે ધર્મ પ્રત્યે પણ શ્રદ્ધાન્વિત થવાની જરૂર છે.'

અહીં એટલી સ્પષ્ટતા ઉચિત છે કે જે ધર્મનું પાલન કરતાં આત્મા ઊર્ધ્વગામી બને, તે જ ધર્મ ઉપાદેય છે અને તેના પ્રત્યેજ શ્રદ્ધાન્વિત થવાનું છે. આવો ધર્મ જિનો—અર્હતો, તીર્થંકરોએ પ્રવર્તાવેલો છે અને તે ભૂમંડળમાં જૈન ધર્મ કે આર્હત ધર્મ તરીકે વિખ્યાત છે.

## [ ૫ ]

## તત્ત્વસંવેદન

તત્ત્વસંવેદન અંગે શ્રીમાન્ હરિભદ્રસૂરિજીએ સુંદર સ્પષ્ટતા કરી છે. તેઓ કહે છે :

**विषकण्टकरत्नादौ, बालादिप्रतिभासवत् ।**
**विषयप्रतिभासं स्यात्, तद्धेयत्वाद्यवेदकम् ॥**

'ઝેર, કાંટા અને રત્નાદિકને વિષે બાલકાદિના જાણપણાની પેઠે હેયત્વ આદિનો નિશ્ચય નહિ કરાવનારું જ્ઞાન **વિષયપ્રતિભાસ** છે.'

બાળક એમ જાણે છે કે આ ઝેર કહેવાય, આ કાંટો કહેવાય અને આ રત્ન કહેવાય, પણ ઝેર શા માટે ત્યાજ્ય છે? કાંટો શા માટે પરિહાર્ય છે? અથવા રત્ન શા માટે ગ્રહણ કરવા યોગ્ય છે? એવો વિવેક તેને હોતો નથી. તાત્પર્ય કે હેય અને ઉપાદેયના વિવેકથી રહિત માત્ર વિષયના પ્રતિભાસ રૂપ જે જ્ઞાન હોય, તે વિષયપ્રતિભાસ જાણવું.

**पातादिपरतंत्रस्य, तद्दोषादावसंशयम् ।**
**अनर्थाद्याप्तियुक्तं चात्मपरिणतिमन्मतम् ॥**

'વિષય અને કષાય વગેરે દોષોથી પરતંત્ર થયેલા પ્રાણીને તેના દોષો વગેરેનું જે સંશયરહિત જ્ઞાન થાય અને જે દુર્ગતિગમનરૂપ અનર્થ અને પરંપરાથી મળતા મોક્ષરૂપી

ગુણના સંપૂર્ણ ખ્યાલવાળું હોય તે **આત્મપરિણતિમત્** જ્ઞાન મનાયેલું છે.'

બુદ્ધિશાળી અથવા પંડિત પુરુષો એમ જાણે છે કે વિષય અને કષાયનું સેવન કરવાથી દુર્ગતિમાં જવું પડશે અને સંયમ તથા તપનું આરાધન કરવાથી મોક્ષનું સુખ પ્રાપ્ત થશે, પરંતુ તેઓ વિષય અને કષાયને છોડવા માટે તથા સંયમ અને તપને આદરવા માટે પ્રવૃત્ત થતા નથી. તાત્પર્ય કે જે જ્ઞાનમાં વિષયના પ્રતિભાસ ઉપરાંત હેય અને ઉપાદેયનો વિવેક હોય, પણ તથાવિધ પ્રવૃત્તિ ન હોય તેને **આત્મપરિણતિમત્** જાણવું.

**स्वस्थवृत्तेः प्रशान्तस्य, तद्धेयत्वादिनिश्चयम् ।**
**तत्त्वसंवेदनं सम्यग्, यथाशक्तिफलप्रदम् ॥**

'સ્વસ્થ વૃત્તિવાળા તથા શાંત એવા પુરુષને વસ્તુના હેયપણા આદિમાં નિશ્ચયવાળું જે જ્ઞાન થાય છે, તે સમ્યગ્ તત્ત્વસંવેદન કહેવાય છે અને યથાશક્તિ ફળ આપે છે.'

એક વસ્તુ સારી છે, આદરવા યોગ્ય છે, એમ જાણ્યા પછી તેને આદરવાની જ બુદ્ધિ રાખવી તથા તે પ્રમાણે આદરવું; અને એક વસ્તુ ખરાબ કે છોડવા યોગ્ય છે, એમ જાણ્યા પછી તેને છોડવાની જ બુદ્ધિ રાખવી તથા તે પ્રમાણે છોડવું, તેને તત્ત્વસંવેદન કહેવાય છે. આજ સમ્યગ્જ્ઞાન છે. તેથી સમ્યક્ચારિત્ર પ્રકટ થાય છે અને પરંપરાએ મોક્ષ રૂપી મધુર ફલનો આસ્વાદ માણી શકાય છે.

વિષય પ્રતિભાસ જ્ઞાનને લૌકિક ભાષામાં પોપટિયું જ્ઞાન કહેવામાં આવે છે. પોપટ પોતાના મુખથી 'રામ....રામ' એવા શબ્દો બોલે છે, પણ રામ કોણ હતા ? રામનું નામ શા માટે બોલવું ? એ અંગે કંઈ પણ જાણતો નથી. આવા જ્ઞાનથી ક્ષણિક મનોરંજન પ્રાપ્ત થાય, પણ વિશેષ ફલ પ્રાપ્ત થઈ શકે નહિ.

આત્મપરિણતિમત્ જ્ઞાનને લૌકિક ભાષામાં 'પોથીમાંનાં રીંગણા જેવું જ્ઞાન' કહેવામાં આવે છે. પોથીમાં એટલે શાસ્ત્રમાં લખ્યું છે કે રીંગણાં ન ખવાય અને તે વાત બરાબર સમજવામાં આવી છે. પણ રીંગણાં ખાવાની પ્રવૃત્તિ છૂટતી નથી. આવા જ્ઞાનથી શો અર્થ સરે ?

મહારાજા સયાજીરાવ ગાયકવાડ તત્ત્વજ્ઞાનના ભારે શોખીન હતા. તેઓ અવારનવાર વડોદરામાં પોતાના લક્ષ્મીવિલાસ નામના રાજમહેલમાં વિદ્વાનોને આમંત્રણ આપીને બોલાવતા અને તેમની પાસેથી ધાર્મિક તથા તત્ત્વવિષયક ભાષણો સાંભળતા. એક વખત એક વિદ્વાને અહિંસા પર એટલું સુંદર ભાષણ આપ્યું કે મહારાજા તથા તેમના કુટુંબીજનો પર તેની ઘણી ઊંડી અસર થઈ. તેઓ હવે પછી અહિંસાનું વિશેષ પ્રમાણમાં પાલન કરવા તત્પર થયા, પરંતુ એવામાં વિદ્વાન મહાશયે મુખ પર જામેલાં પરસેવાનાં બિંદુઓ લૂછવા માટે ગજવામાંથી રૂમાલ ખેંચ્યો અને તેમાંથી એક ઈંડું નીચે સરકી પડ્યું. કહેવાની ભાગ્યેજ જરૂર છે કે આથી

એ વિદ્વાનની ભોંઠપનો પાર ન રહ્યો અને મહારાજા તથા તેમના કુટુંબીજનો પર પડેલી બધી જ છાપ ભૂંસાઈ ગઈ. તાત્પર્ય કે આવા જ્ઞાનથી ઉદરભરણ, લોકરંજન વગેરે કાર્યો થઈ શકે, પણ વિશિષ્ટ આધ્યાત્મિક ફલની પ્રાપ્તિ થાય નહિ. એ માટે તો તત્ત્વસંવેદનરૂપ જ્ઞાનજ જોઈએ. તત્ત્વજ્ઞાનની પ્રાપ્તિમાં આવું જ્ઞાન અપેક્ષિત છે.

[ ૬ ]

# નવતત્ત્વ અંગે વિશાળ સાહિત્ય

જૈન શ્રુત ચાર અનુયોગમાં વહેંચાયેલું છે : (૧) દ્રવ્યાનુયોગ, (૨) ગણિતાનુયોગ, (૩) ધર્મકથાનુયોગ અને (૪) ચરણકરણાનુયોગ. તે અંગે અમે જીવ-વિચાર-પ્રકાશિકાના પ્રથમ ખંડમાં વિસ્તારથી વિવેચન કરેલું છે, એટલે અહીં વિશેષ વિવેચન નહિ કરીએ, પણ પ્રસંગવશાત્ એટલું જણાવીશું કે દ્રવ્યાનુયોગમાં જેમ ષડ્દ્રવ્યનું વર્ણન આવે છે, તેમ નવ-તત્ત્વોનું વર્ણન પણ આવે છે અને તે જગત અને જીવનને લગતા અનેકવિધ કૂટપ્રશ્નોનું સુંદર સમાધાન કરે છે. અન્ય રીતે કહીએ તો આજે જેને તત્ત્વચિંતન, તત્ત્વવિદ્યા, તત્ત્વજ્ઞાન, ફિલસૂફી કે દર્શનશાસ્ત્ર કહેવામાં આવે છે, તે ઉક્ત દ્રવ્યાનુ-યોગનો જ એક વિભાગ છે અને તે ધર્માચરણ માટે યોગ્ય ભૂમિકા તૈયાર કરવામાં ઘણો અગત્યનો ભાગ ભજવે છે. 'नाण-किरियाहिं मोक्खो' 'पढमं नाणं तओ दया' 'न नाणेण विणा हुंति चरणगुणा' આદિ આપ્તવચનો આ વિષયમાં પ્રમાણભૂત છે.

જેને નવતત્ત્વનો યથાર્થ બોધ નથી, તે જૈન ધર્મનો આત્મવાદ, જૈન ધર્મનો કર્મવાદ, જૈન ધર્મનો પુરુષાર્થવાદ કે જૈન ધર્મનો મોક્ષવાદ સમજવાને સમર્થ થતો નથી, તેથી જ જૈન શાસ્ત્રોમાં અનેક સ્થળે નવતત્ત્વોનું વર્ણન કરેલું છે અને તેના વિષે યોગ્ય સમજૂતી આપવામાં આવી છે.

વળી નવતત્ત્વ અંગે પ્રકરણ કે ટીકારૂપ જે સાહિત્ય રચાયું છે, તે પર એક આછો દૃષ્ટિપાત કરવાથી પણ તેનું મહત્ત્વ લક્ષ્યમાં આવી શકશે.

## નવતત્ત્વ અંગે રચાયેલ સાહિત્યની સૂચિ

| | | |
|---|---|---|
| ૧ | નવ–તત્ત્વ–પ્રકરણ મૂળ | |
| ૨ | નવ–તત્ત્વ વિચાર | શ્રી ભાવસાગર |
| ૩ | બૃહન્નવતત્ત્વ | |
| ૪ | નવ–તત્ત્વ–વિચાર–સારોદ્ધાર | |
| ૫ | નવ–તત્ત્વ–સાર ( કુલક ) આંચ૦ | શ્રી જયશેખરસૂરિ |
| ૬ | નવ–તત્ત્વ–સાર | |
| ૭ | નવ–તત્ત્વ–વૃત્તિ | શ્રી અંબપ્રસાદ |
| ૮ | ,, | શ્રી દેવેન્દ્રસૂરિ |
| ૯ | ,, | શ્રી કુલમંડનસૂરિ |
| ૧૦ | ,, | શ્રી સમયસુંદરગણિ |
| ૧૧ | ,, વિવરણ | શ્રી પરમાનંદસૂરિ |
| ૧૨ | ,, ,, | શ્રી દેવચન્દ્ર |
| ૧૩ | ,, અવચૂર્ણિ | શ્રી સાધુરત્નસૂરિ |
| ૧૪ | ,, ,, | શ્રી માનવિજયગણિ |
| ૧૫ | ,, ,, | |
| ૧૬ | ,, પ્રક્ષેપ ગાથા (૧૧૩) | શ્રી વિજયોદયસૂરિ |
| ૧૭ | નવ–તત્ત્વ–પ્રકરણ | શ્રી દેવગુપ્તસૂરિ |
| ૧૮ | ,, ભાષ્ય | શ્રી અભયદેવસૂરિ |
| ૧૯ | ,, વૃત્તિ | શ્રી યશોદેવ ઉપાધ્યાય |

| | | |
|---|---|---|
| ૨૦ | નવ-તત્ત્વ-બાલાવબોધ | શ્રી હર્ષવર્ધનગણિ |
| ૨૧ | ,, ,, | શ્રી પાર્શ્વચન્દ્ર |
| ૨૨ | ,, (કુલક) ,, | શ્રી મેરુતુંગસૂરિ સન્તાનીય |
| ૨૩ | ,, ટબો | શ્રી માનવિજયગણિ |
| ૨૪ | ,, ,, | શ્રી મણિરત્નસૂરિ |
| ૨૫ | ,, ,, | |
| ૨૬ | નવ તત્ત્વ રાસ | શ્રી ઋષભદાસ |
| ૨૭ | ,, ,, ,, | શ્રી ભાવસાગર |
| ૨૮ | ,, ,, ,, | શ્રી સૌભાગ્યસુંદર |
| ૨૯ | નવ-તત્ત્વ-જોડ | શ્રી વિજયદાનસૂરિ |
| ૩૦ | નવ-તત્ત્વ-સ્તવન | શ્રી ભાગ્ય વિજયજી |
| ૩૧ | નવ-તત્ત્વ-સ્તવન | શ્રી વિવેકવિજયજી |
| ૩૨ | ,, ,, ચોપાઈ | શ્રી કમલશેખર |
| ૩૩ | ,, ,, ,, | શ્રી સૌભાગ્યસુંદર |
| ૩૪ | ,, ,, ,, | શ્રી વર્ધમાન મુનિ |
| ૩૫ | ,, ,, ,, | શ્રી લુંબક મુનિ |
| ૩૬ | નવ-તત્ત્વ-છંદોબદ્ધભાષા | શ્રી જ્ઞાનસાર મુનિ |
| ૩૭ | ,, સાર | .... .... .... |

વિશેષમાં આર્હતદર્શન દીપિકા,[1] જૈન દર્શન,[2] જૈન

---

૧ આ ગ્રન્થ ઉપા૦ શ્રી મંગલવિજયજી મહારાજે રચેલ જૈન તત્ત્વપ્રદીપના વિવેચન રૂપે રચાયેલો છે. તેના વિવેચનકર્તા પ્રો. હીરાલાલ રસિકલાલ કાપડિયા છે.

૨ આ ગ્રન્થ ન્યાયવિશારદ મુનિશ્રી ન્યાયવિજયજીએ રચેલો છે અને પાઠ્ય પુસ્તક તરીકે સ્થાન પામેલો હોઈ નવમી આવૃત્તિ સુધી પહોંચ્યો છે.

ધર્મસાર[૩] વગેરે ગ્રંથોમાં પણ નવતત્ત્વ સંબંધી ઘણું વિવેચન થયેલું છે.

તાત્પર્ય કે જૈન ધર્મનાં તાત્ત્વિક મંતવ્યો સમજવા માટે નવતત્ત્વ અતિ ઉપયોગી છે અને તે જ કારણે ધાર્મિક અભ્યાસક્રમમાં તેને વિશિષ્ટ સ્થાન અપાતું આવ્યું છે.

આજે શ્રી જૈન શ્વેતામ્બર મૂર્તિપૂજક સંઘમાં નવ તત્ત્વનું શિક્ષણ આપવા માટે પ્રાયઃ નવ-તત્ત્વ-પ્રકરણની પસંદગી થાય છે કે જેના કર્તા વિષે હજી સુધી કોઇ સ્પષ્ટ નિર્ણય થઈ શક્યો નથી.

પ્રસ્તુત નવ-તત્ત્વ-પ્રકરણ પર સિદ્ધાંતવાચસ્પતિ ન્યાય-વિશારદ શ્રી વિજયોદય સૂરીશ્વરજી મહારાજે વિસ્તારાર્થ લખેલો છે તથા સ્વ૦ પં. ભગવાનદાસ હરખચંદે સંક્ષિપ્ત સારભૂત વિવેચન કરેલું છે અને તે તેમના પોતાના તરફથી જ પ્રકટ થયેલું છે. ત્રીજું વિવેચન સિનોરનિવાસી માસ્તર ચંદુલાલ નાનચંદે કરેલું છે અને તે શ્રી જૈન શ્રેયસ્કર મંડળ-મ્હેસાણા તરફથી પ્રકટ થયેલું છે. આજે આપણી પાઠશાળાઓમાં બહુધા છેલ્લાં બે વિવેચનોનો જ ઉપયોગ થાય છે, પરંતુ વૈજ્ઞાનિક યુગમાં ઉછરતા વર્તમાનકાલીન વિદ્યાર્થીઓ તેમજ વિદ્યારસિકોની જિજ્ઞાસા તૃપ્ત કરવા માટે વિશિષ્ટ શૈલિવાળી વિસ્તૃત વૃત્તિની જરૂર જણાતાં અમે તે દિશામાં એક નમ્ર પ્રયાસ કર્યો છે.

---

૩ આ ગ્રન્થ અમોએ રચેલો છે અને તે હિન્દી તથા અંગ્રેજી ભાષામાં જૈન માર્ગ આરાધક સમિતિ-ગોકાક તરફથી પ્રસિદ્ધ થયેલો છે.

[ ૭ ]

## પ્રસ્તુત ગ્રંથનિર્માણ

કેટલાક વખતથી નવ–તત્ત્વ પર વિશિષ્ટ વૃત્તિ રચવાની અમારી ભાવના હતી. તે જીવ–વિચાર–પ્રકાશિકાના નિર્માણ વખતે પ્રબળ બની. એવામાં અન્ય મિત્રો–વિદ્વાનો તરફથી પણ આવાં જ સૂચનો થયાં અને મુરબ્બી શ્રી ફત્તેહચંદભાઇ તથા શ્રી મનસુખલાલ તારાચંદ મહેતાએ તો પ્રસ્તુત ગ્રંથની પ્રસ્તાવનામાં આ વસ્તુ અક્ષરાંકિત પણ કરી, એટલે અમે નવ–તત્ત્વ–પ્રકરણ ઉપર દીપિકા નામની વૃત્તિ રચવાનો સંકલ્પ કર્યો અને તેની શરૂઆત કરી.

આ વૃત્તિમાં (૧) ઉપક્રમ, (૨) મૂળપાઠ, (૩) સંસ્કૃત છાયા, (૪) શબ્દાર્થ, (૫) અર્થ–સંકલના અને (૬) વિવેચન એ છ અંગોનું ધોરણ સ્વીકાર્યું, જેથી તેના અભ્યાસીઓને અભ્યાસમાં ઘણી સરલતા રહે.

પછી નામનો પ્રશ્ન આવ્યો. પુસ્તક કે ગ્રન્થનું નામ તો થોડા અક્ષરોનું જ હોય છે, પણ તેનો નિર્ણય કરવામાં ઠીક ઠીક મનોમંથન કરવું પડે છે. કેટલાક લેખકને માટે આ બાબત સરળ હશે., પણ અમારો અનુભવ આ પ્રકારનો છે. એક પછી એક અનેક નામો અમારા સ્મૃતિપટ પર ઉપસ્યા કરે છે અને તેનો પૂર્વાપર વિચાર કર્યા પછી, છેવટે નામનો નિર્ણય થાય છે.

ગ્રન્થનું જે નામ નક્કી થાય તે સરલ, સ્પષ્ટ તથા સાર્થ હોવું જોઇએ.'**જિનોપાસના**' નામ નક્કી કરતાં અમને ઠીક ઠીક સમય લાગ્યો હતો, પણ આખરે પંચાક્ષરી સુંદર નામ મળી આવ્યું, તે માટે ઘણો આનંદ થયો હતો. '**જીવ-વિચાર-પ્રકાશિકા**' નો અનુભવ પણ લગભગ આવો જ હતો. નવ અક્ષરોથી બનેલા આ નામમાં કોઇ ગૂઢ સંકેત તો નથી? એવો પ્રશ્ન અમને ઘણીવાર થયા કરતો હતો. તેનું અપરનામ '**જૈન ધર્મનું પ્રાણીવિજ્ઞાન**' રાખવામાં આવ્યું, ત્યારે પ્રાણીવિજ્ઞાન શબ્દે અમને ઠીક ઠીક મનોમંથન કરાવ્યું હતું. પ્રસ્તુત ગ્રન્થનું નામ પણ કેટલાક મનોમંથન પછી નક્કી થયું હતું.

**નવ-તત્ત્વ**-પ્રકરણ પરની **દીપિકા** નામની વૃત્તિ તે **નવ-તત્ત્વ-દીપિકા**. એમાં સાત અક્ષરનો સુંદર મેળ છે. એનું અપરનામ 'જૈન ધર્મનું તત્ત્વજ્ઞાન' રાખી શકાયું હોત, પણ તેમાં વાચકોની જિજ્ઞાસાને ઉત્તેજિત કરે, એવો રણકાર ન હતો. આખરે તત્ત્વજ્ઞાનની આગળ 'અદ્ભુત વિશેષણ ઉમેરતાં એ રણકાર ઉઠ્યો અને અમારા મનનું સમાધાન થયું. તાત્પર્ય કે આ ગ્રન્થનું અપરનામ '**જૈન ધર્મનું અદ્ભુત તત્ત્વજ્ઞાન**' રાખવામાં આવ્યું અને કામ આગળ ધપાવ્યું.

પ્રાચીન સાહિત્ય પર નવીન ઢબે વૃત્તિ રચવાનું કામ સહેલું તો નથી જ. તેમાં આધારભૂત સાહિત્યને એકત્ર કરવું પડે છે અને તે કોઈ એક જ સ્થળેથી મળતું નથી. તે માટે

અનેક પુસ્તકાલયો, જ્ઞાનભંડારો તથા જ્ઞાનરસિક ગૃહસ્થોના ગ્રંથાલયો ઢૂંઢવા પડે છે. ઘણા પરિશ્રમે આવું સાહિત્ય એકત્ર થયા પછી તેને વાંચવું-વિચારવું પડે છે તથા તેમાંથી જરૂરી નોંધો તૈયાર કરવી પડે છે. તે સાથે આનુષંગિક વિષયો અંગે અન્ય સાહિત્યનું પર્યેષણ જરૂરી બને છે અને સતત ચિંતન-મનન કરવાની આવશ્યકતા રહે છે. તે સિવાય ન તો મૂળ વિષયને ન્યાય આપી શકાય છે કે ન તો તેમાં નવીનતાની ઝલક આવે છે. ટૂંકમાં નવીન વૃત્તિનું નિર્માણ એ પરિશ્રમભરેલું કઠિન કાર્ય છે અને તે ઉત્કટ આંતરિક અભિરુચિ હોય તો જ સફલતાથી પાર ઉતરે છે.

અમને આ પ્રકારના સાહિત્ય-સર્જનમાં આંતરિક રસ છે, એટલે જ વ્યવહારનાં બધાં કાર્યો ગૌણ કરીને તેમાં તલ્લીન રહીએ છીએ અને ગમે તેવો કઠિન પરિશ્રમ કરવો પડે તો પણ કરીએ છીએ. હજી વધારે સ્પષ્ટ કહીએ તો આ વખતે અમે ખાવાપીવાનું ભૂલી જઇએ છીએ, અમારી નિદ્રાનું પ્રમાણ પણ ઓછું થઇ જાય છે અને બીજી કોઇ વસ્તુ અમને ગમતી નથી. આ કાર્યમાં એકાગ્રતા તો એવી જામે છે કે નીચે હુલ્લડ મચ્યું હોય કે પાડોશના ઓરડામાં ખૂબ બોલાચાલી થતી હોય તો પણ અમને ખબર પડતી નથી. એટલું જ નહિ પણ એક જ આસને સાત-સાત કે આઠ-આઠ કલાક બેસવાનું સહજ બની જાય છે.

અહીં એટલી સ્પષ્ટતા કરવી ઉચિત લેખાશે કે જે મંત્ર, સ્તોત્ર કે ગ્રન્થ પર નવી નવી વૃત્તિઓ રચાતી રહે છે, તેની

મહત્તા વિવિધ સ્વરૂપે બહાર આવે છે અને તેથી તેના તરફ લોકોનું ભારે આકર્ષણ જામે છે. નવકાર મંત્ર આમ તો માત્ર નવપદની–અડસઠ અક્ષરની એક સાદી સરલ રચના છે, પણ તેના પર નિર્યુક્તિઓ, ચૂર્ણીઓ, ટીકાઓ, ટિપ્પણો, બાલાવબોધો, કલ્પો વગેરેની રચના થતી જ રહી, તો તેનું અપૂર્વ માહાત્મ્ય બહાર આવ્યું અને આજે સકલ જૈન સંઘની તેના પ્રત્યે પરમ ભક્તિ છે. ઉવસગ્ગહરંસ્તોત્ર, ભક્તામરસ્તોત્ર, કલ્યાણમંદિરસ્તોત્ર વગેરેએ આપણા હૃદયમાં આટલો આદર મેળવ્યો, તેનું કારણ પણ તેના પર રચાયેલી મહત્ત્વપૂર્ણ વિવિધ વૃત્તિઓ છે. અને તત્ત્વાર્થાધિગમસૂત્રનું ગંભીર રહસ્ય આપણને શાથી અવગત થયું? તેના પર સમયે સમયે રચાયેલી નાવિન્યપૂર્ણ વૃત્તિઓને લીધે જ.

અન્ય દર્શનની વાત કરીએ તો પાતંજલયોગસૂત્ર અને ભગવદ્ગીતાનો મહિમા જગતમાં ઘણો પ્રસર્યો, તેનું કારણ તેના પર રચાયેલી વિવિધ વૃત્તિઓ જ છે. આ યુગમાં લોકમાન્ય ટિળક, મહાત્મા ગાંધી, શ્રી વિનોબા, શ્રી વિદ્યાનંદજી મહારાજ વગેરેએ જુદી જુદી દૃષ્ટિએ ભગવદ્ગીતા પર ઘણું વિવેચન કર્યું તો આજે તેની લોકપ્રિયતા ટોચે અડી છે અને દર વર્ષે તેની લાખો નકલો ખપે છે. ભારતની તો કોઈપણ ભાષા એવી નથી કે જેમાં આ પુસ્તકનો અનુવાદ થયો ન હોય! વિદેશની પણ અનેક ભાષામાં તેનો અનુવાદ થયો છે. કહેવાનું તાત્પર્ય એ છે કે આપણા મહત્ત્વપૂર્ણ પ્રાચીન ગ્રન્થો પર નવી નવી દૃષ્ટિએ વૃત્તિઓ લખાતી રહે

તે અત્યંત જરૂરનું છે અને તેથી આવી પ્રવૃત્તિનો આપણે યોગ્ય આદર–સત્કાર કરવો જોઈએ.

અહીં અમે એ વસ્તુ સ્પષ્ટ કરવા ઇચ્છીએ છીએ કે પ્રાચીન જૈનશ્રુત પર નવીન વૃત્તિઓનું નિર્માણ કરનારા ચારિત્ર–સંપન્ન મહામેધાવી મુનિવરોની સરખામણીમાં આજની વિદ્વત્તા, આજની પંડિતાઇ કોઈ વિસાતમાં નથી, આમ છતાં શુભ કાર્યમાં યથાશક્તિ પ્રયાસ કરવો જ રહ્યો. જો આવો પ્રયાસ કરીશું નહિ તો આજની પ્રજા ભૌતિકવાદના ભયંકર વમળમાં તણાઇ જશે અને આપણી ધર્મભાવનાને ધીંગો ધક્કો પહોંચશે.

આજનો ગૃહસ્થવર્ગ પ્રાચીન ભાષા સમજતો નથી અને સંસ્કૃત ભાષાનું જ્ઞાન ઘણું અલ્પ ધરાવે છે, એટલે તે વર્તમાન ભાષામાં રોચક શૈલિએ લખાયેલું અને સુંદર રૂપ–રંગમાં બહાર પડેલું સાહિત્ય જ માગે છે. આ વખતે જો તેમને આ પ્રકારનું સાહિત્ય આપીશું તો તેનો સત્કાર કરશે અને જૈનધર્મ તથા તેના તત્ત્વજ્ઞાન તરફ આદરવાળો બનશે.

છદ્મસ્થ–અપૂર્ણ–અલ્પજ્ઞાની મનુષ્યોની કૃતિમાં એક યા બીજા પ્રકારની કેટલીક ભૂલો તો રહી જ જવાની ! પરંતુ તેટલા જ કારણે નવીન સાહિત્યનું સર્જન અનુપયોગી–અનુપાદેય ઠરતું નથી. જો એક પણ ભૂલ વિનાના સાહિત્યનો આગ્રહ રાખવામાં આવે તો એવું સાહિત્ય ભાગ્યે જ પ્રાપ્ત થશે અને આપણે નવીન સાહિત્યથી સર્વથા વંચિત રહી

જઈશું, જે હરગીઝ ઈચ્છવા યોગ્ય નથી. નવા સાહિત્ય-સર્જનમાં દોષોનું નિવારણ કરવા માટે તેનું સંશોધન ગીતાર્થ મુનિવરો દ્વારા કરાવવું, એ જ એક સર્વોત્તમ ઉપાય છે. શ્રી પંચપ્રતિક્રમણસૂત્રપ્રબોધટીકા, જિનોપાસના, જીવ-વિચાર પ્રકાશિકા તથા પ્રસ્તુત ગ્રન્થમાં અમે આ પદ્ધતિને બરાબર અનુસર્યા છીએ.

અહીં એટલું જણાવવું ઉચિત છે કે પ્રસ્તુત કૃતિ પ્રાચીન સાહિત્ય પરની એક વૃત્તિ હોવા છતાં તેમાં મૌલિક ગ્રન્થની ક્ષમતા છે અને તે જૈન ધર્મ તથા તેના અદ્ભુત તત્ત્વજ્ઞાન પર સુંદર પ્રકાશ પાડે છે. સુજ્ઞ પાઠકો તેને વાંચે; વિચારે અને પોતાનો અભ્યુદય સાધે, એ જ અભ્યર્થના.

# નવ-તત્ત્વ-દીપિકા

યાને

## જૈન ધર્મનું અદ્ભુત તત્ત્વજ્ઞાન



॥ ॐ अर्हं नमः ॥

प्रકરણ પહેલું

# નવતત્ત્વનાં નામો તથા ભેદો

[ ગાથા પહેલી તથા બીજી ]

## (૧) ઉપક્રમ :

માનવ-જીવનનું અંતિમ સાધ્ય મોક્ષ છે. આ નિર્ણય ચાર્વાકો, ભૌતિકવાદીઓ કે નાસ્તિકોને ભલે મંજૂર ન હોય, પણ અધ્યાત્મ અને યોગના ઉચ્ચતમ શિખર પર આરૂઢ થયેલા ધર્મપરાયણ આર્ય મહર્ષિઓએ એની એકી અવાજે જાહેરાત કરેલી છે.

મનુષ્યની સર્વ પ્રવૃત્તિઓ સુખને અર્થે જ થાય છે, તો જેના વડે પરમસુખની પ્રાપ્તિ થાય, એવી અવસ્થાને જ તેણે પોતાનું અંતિમ સાધ્ય માનવું જોઈએ. આવી અવસ્થા માત્ર એક મોક્ષ છે. મુક્તિ, સિદ્ધિ, નિર્વાણ, નિઃશ્રેયસ્, પરમપદ એ તેના પર્યાયશબ્દો છે.

ભોગવિલાસનું અંતિમ પરિણામ રોગ, શોક અને

દુઃખની પરંપરામાં જ આવે છે, એટલે માનવજીવનના અંતિમ સાધ્ય તરીકે તેનો સ્વીકાર થઈ શકે નહિ. અન્ય શબ્દોમાં કહીએ તો જેઓ ભોગવિલાસને જીવનનું અંતિમ સાધ્ય માનીને તેની પ્રાપ્તિ માટે પ્રવૃત્ત થાય છે, તેઓ ટૂંક સમયમાં જ રોગના ભોગ બને છે, વિવિધ પ્રકારની ચિંતાઓથી ઘેરાય છે અને દારુણ દુઃખનો અનુભવ કરે છે. શું કોઈ પણ બુદ્ધિમાન મનુષ્ય આવી સ્થિતિની સ્પૃહા કરે છે ખરો ? આ પ્રશ્નનો ઉત્તર નકારમાં જ આવવાનો. તાત્પર્ય કે ભોગવિલાસને નિઃસાર જાણી તેનો ત્યાગ કરવો અને મોક્ષને પરમસુખનું ધામ માની, તેની પ્રાપ્તિ માટે પ્રયત્ન કરવો, એ જ સાચી બુદ્ધિમત્તા છે.

મોક્ષપ્રાપ્તિનો મુખ્ય ઉપાય રત્નત્રયીની આરાધના છે. રત્નત્રયી એટલે સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ ચારિત્ર. અહીં સમ્યગ્દર્શનને પ્રથમ મૂકવાનું કારણ એ છે કે તેના વિના સમ્યગ્જ્ઞાન કે સમ્યક્ચારિત્રની પ્રાપ્તિ થતી નથી. આ કારણે મોક્ષાભિલાષી મુમુક્ષુજનોએ પ્રથમ પ્રયત્ન સમ્યગ્દર્શનની પ્રાપ્તિ માટે કરવો ઘટે છે.

'સમ્યગ્દર્શનની પ્રાપ્તિ કોને થાય ?' આ પ્રશ્નના ઉત્તરમાં જૈન મહર્ષિઓએ જણાવ્યું છે કે 'જેઓ સ્વ-પ્રયત્નથી કે ગુરુના ઉપદેશથી નવતત્ત્વનું સ્વરૂપ જાણીને તેમાં શ્રદ્ધાન્વિત થાય છે, તેને સમ્યગ્દર્શનની પ્રાપ્તિ થાય છે.' તાત્પર્ય કે નવતત્ત્વનું જ્ઞાન સમ્યગ્દર્શનની પ્રાપ્તિ માટે અતિ આવશ્યક છે.

શ્રી ભગવતીસૂત્રમાં શ્રાવકોની જ્ઞાનસમૃદ્ધિનું વર્ણન આવે છે. તેમાં જણાવ્યું છે કે '**अभिगयजीवाजीवा उवलद्ध पुण्णपावा आसवसंवरणिज्जरकिरियाहिगरणबंधप्पमोक्खकुसला**—જેમણે જીવ અને અજીવને જાણી લીધા છે, જેમને પુણ્ય અને પાપનું જ્ઞાન ઉપલબ્ધ છે, જે આશ્રવ, સંવર, નિર્જરા, ક્રિયા, અધિકરણ, બંધ અને મોક્ષમાં કુશલ છે.' તાત્પર્ય કે જેઓ આત્મહિતની અભિલાષા રાખનારા છે, તેમણે સમ્યક્ત્વની પ્રાપ્તિ, શુદ્ધિ અને સ્થિરતા માટે નવતત્ત્વનો બોધ સારી રીતે પ્રાપ્ત કરી લેવો જોઈએ.

ભવભીરુ ભવ્યાત્માઓને નવતત્ત્વનો યથાર્થ બોધ થાય તે માટે ચારિત્રસંપન્ન મહામેધાવી મુનિવરોએ જિનાગમરૂપી સમુદ્રનું મંથન કરીને કેટલાક પ્રકરણ–ગ્રન્થોની રચના કરેલી છે.[1] પ્રસ્તુત નવ–તત્ત્વ–પ્રકરણ ગ્રન્થ તેમાંનો એક છે. તેનો પ્રારંભ આ રીતે થાય છે :

**(૨) મૂળ ગાથા :**

**जीवाऽजीवा पुण्णं पावाऽऽसव संवरो य निज्जरणा ।**
**बंधो मुक्खो य तहा, नव तत्ता हुंति नायव्वाः ॥१॥**

**(૩) સંસ્કૃત છાયા :**

**जीवाजीवौ पुण्यं पापास्रवो संवरश्च निर्जरणा ।**
**बन्धो मोक्षश्च तथा नवतत्त्वानि भवन्ति ज्ञातव्यानि ॥१॥**

---

૧. આ વિષયમાં વધારે જાણવા ઈચ્છનારે જીવ–વિચાર–પ્રકાશિકાના પહેલા ખંડનું '**આગમસાહિત્ય અને પ્રકરણ–ગ્રન્થો**' નામનું બીજું પ્રકરણ અવશ્ય જોવું.

(૪) શબ્દાર્થ :

जीव-જીવ.

जीव અને अजीव, તે जीवाऽजीवा. जीव-જીવ.

જેનામાં ચેતના એટલે જ્ઞાન અને સુખ-દુઃખનું સંવેદન હોય તે જીવ કહેવાય.[૨] અથવા જે દશ પ્રાણો પૈકી યથાયોગ્ય પ્રાણોને ધારણ કરે તે જીવ કહેવાય.[૩] અથવા જે કર્મના ભેદોનો કર્તા છે, કર્મના ફલનો ભોક્તા છે, કર્મફલને અનુસરીને ચતુર્ગતિમાં સંસરનાર છે, તેમ જ પુરુષાર્થના યોગે સર્વ કર્મનો વિનાશ કરનાર (અને તેથી કર્મરહિત થઈને મોક્ષ પામનાર) છે, તે જીવ કહેવાય.[૪]

જીવનું આ સામાન્ય લક્ષણ કહ્યું. વિશેષ લક્ષણ પાંચમી ગાથામાં કહેવાશે.

अजीव-અજીવ.

જેનામાં જીવનું લક્ષણ નથી, એટલે કે જે ચેતના રહિત છે, જડ છે, તે અજીવ કહેવાય.

पुण्णं-પુણ્ય.

જે કર્મને લીધે જીવ સુખ પામે તે પુણ્ય કહેવાય.

---

२. चेतनालक्षणो जीवः ।

वत्तणालक्खणो कालो, जीवो उवओगलक्खणो ।
नाणेणं दंसणेणं च, सुहेण य दुहेण य ॥

३. जीवति-दशविधान् प्राणान् धारयतीति जीवः ।

४. यः कर्ता कर्मभेदानां, भोक्ता कर्मफलस्य च ।
संसर्ता परिनिर्वाता, स ह्यात्मा नान्यलक्षणः ॥

पाव–પાપ.

पाव અને आसव ते पावाऽऽसवा. જે અશુભ કર્મને લીધે જીવ દુઃખ પામે, તે પાપ કહેવાય. પુણ્યથી પાપ વિપરીત છે, બિલકુલ ઉલટું છે.

आसव–આશ્રવ.

શુભ અથવા અશુભ કર્મનું આવવું, તે આશ્રવ કહેવાય. आ–समन्तात् श्रवति कर्म अनेनेति आश्रवः–જેના વડે સર્વ બાજુથી કર્મ આવે, તે આશ્રવ. અથવા आश्रूयते उपादीयते कर्म अनेनेति आश्रवः–જેના વડે કર્મનું ગ્રહણ કરાય, તે આશ્રવ. અથવા आश्रीयते–उपार्ज्यते कर्म एभिरित्याश्रवाः–જેના વડે કર્મ ઉપાર્જન કરાય, તે આશ્રવ. અહીં આસ્રવ એવો શબ્દપ્રયોગ પણ થાય છે.

संवरो–સંવર.

જેના વડે આવતાં કર્મો અટકે, તે સંવર કહેવાય. संवृणोति कर्म अनेनेति संवरः–જેના વડે કર્મનું સંવરણ થાય–અટકાયત થાય, તે સંવર. આશ્રવનો નિરોધ કરવાથી આ સ્થિતિ ઉત્પન્ન થાય છે.

य–અને.

निज्जरणा–નિર્જરા.

કર્મનું અમુક અંશે જરવું, ખરવું, ઝરવું, સડવું કે નાશ પામવું તે નિર્જરા કહેવાય.

बंधो–બંધ.

જીવ સાથે કર્મનો ક્ષીર-નીર જેવો પરસ્પર સંબંધ થવો, તે બંધ કહેવાય.

**मुक्खो**-મોક્ષ.

જીવનો સર્વ કર્મમાંથી છૂટકારો થવો, તે મોક્ષ કહેવાય.

**य**-વળી.

**तहा**-તથા, તેમજ.

**नव**-નવ.

નવ એ સંખ્યાદર્શક વિશેષણ છે.

**तत्ता**-તત્ત્વો.

'**तस्य भावस्तत्त्वम्**' તેનું એટલે પદાર્થનું જે યથાર્થ સ્વરૂપ, તે તત્ત્વ. વધારે સ્પષ્ટ કહીએ તો વસ્તુના મૂળ, અસલ કે વાસ્તવિક સ્વરૂપને તત્ત્વ કહેવામાં આવે છે. ઘણી વાર સાર કે રહસ્યના પર્યાય તરીકે પણ તેનો ઉપયોગ થાય છે.

**हुंति**-છે.

**नायव्वा**-જાણવા યોગ્ય.

## (૫) અર્થ-સંકલના :

**જીવ, અજીવ, પુણ્ય, પાપ, આશ્રવ, સંવર, નિર્જરા, બંધ અને મોક્ષ, એ નવ તત્ત્વો જાણવા યોગ્ય છે.**

(૬) **વિવેચન :**

'આ ગાથા શાસ્ત્રના પ્રારંભની છે, છતાં તેમાં શિષ્ટજનસંમત મંગલાચરણ કેમ નથી?' એવો પ્રશ્ન થવો સહજ છે, એટલે પ્રથમ તેનું સમાધાન કરીશું.

શ્રી જિનભદ્રગણિક્ષમાશ્રમણે વિશેષાવશ્યકભાષ્યમાં કહ્યું છે કે—

**मंगिज्जएऽधिगम्मइ, जेण हिअं तेण मंगलं होइ ।**
**अहवा मंगो धम्मो, तं लाइ तं समादत्ते ॥**

'જેના વડે હિત સધાય, તે મંગલ કહેવાય છે. અથવા જે મંગ એટલે ધર્મને લાવે, ધર્મને પ્રાપ્ત કરાવે, તે મંગલ કહેવાય છે.'

આ વ્યાખ્યા અનુસાર નવતત્ત્વ મંગલસ્વરૂપ છે, કારણ કે તેનાથી પ્રાણીઓનું હિત સધાય છે, અથવા તો ધર્મની—ચારિત્રધર્મની પ્રાપ્તિ થાય છે. આવા મંગલસ્વરૂપ નવતત્ત્વનાં નામોનો નિર્દેશ કરવો, તે એક પ્રકારનું મંગલાચરણ જ છે. અથવા તો શાસ્ત્રમાં ત્રણ પ્રકારનાં મંગલાચરણો કહેલાં છે (૧) નમસ્કારાત્મક, (૨) આશીર્વાદાત્મક અને (૩) વસ્તુસંકીર્તનરૂપ. તેમાં નમસ્કારાત્મક મંગલાચરણમાં ઇષ્ટદેવને નમસ્કાર કરેલો હોય છે, આશીર્વાદાત્મક નમસ્કારમાં પાઠકોને આશીર્વાદ આપેલો હોય છે અને વસ્તુસંકીર્તનરૂપ મંગલાચરણમાં મૂળ વસ્તુનું—વિષયનું સમ્યગ્ વર્ણન કરેલું હોય છે. આ મંગલા-

ચરણો પૈકી અહીં વસ્તુસંકીર્તનરૂપ મંગલાચરણ કરવામાં આવ્યું છે, કારણ કે તેમાં મૂળ વસ્તુનું અર્થાત્ નવતત્ત્વનું નામકથન વડે સમ્યગ્ વર્ણન કરેલું છે. અહીં 'हुंति नायव्वा' એવાં જે બે પદો છે, તે પણ વસ્તુસંકીર્તનનો જ એક પ્રકાર છે, કેમકે સંકીર્તન શબ્દ પ્રશંસાના અર્થમાં પણ પ્રવર્તે છે અને આ બે પદો નવ-તત્ત્વની પ્રમેય તરીકે પ્રશંસા કરનારાં છે.

જો અહીં એમ કહેવામાં આવે કે 'સંબંધ, અધિકારી, વિષય અને પ્રયોજન એ ચાર અનુબંધોથી રહિત શાસ્ત્રની આદિમાં કરેલું મંગલાચરણ શોભતું નથી.'[૫] તો તેનું સમાધાન આ પ્રકારે સમજવું. અહીં અભિધેય અને ગ્રન્થનો વાચ્ય-વાચકભાવ એ સંબંધ છે અને નવતત્ત્વના જિજ્ઞાસુ આત્મા તેના અધિકારી છે. આ બે વસ્તુ ઉપલક્ષણથી સમજવાની છે. વિશેષમાં **नवतत्त्व** એ ગ્રન્થનો વિષય છે, જે **नव तत्ता** પદથી સૂચિત કરવામાં આવ્યો છે અને નવ તત્ત્વ જાણીને પરંપરાએ મોક્ષ મેળવવો, એ તેનું પ્રયોજન છે, જે **हुंति नायव्वा** એ બે પદોથી સૂચિત કરવામાં આવ્યું છે. આ રીતે આ ગાથામાં અનુબંધ-ચતુષ્ટયની વ્યવસ્થા હોવાથી તેના દ્વારા જે મંગલાચરણ કરવામાં આવ્યું, તે શોભારહિત નથી, પણ શોભાસ્પદ છે, પ્રશસ્ત છે, પ્રશંસનીય છે.

---

૫. सम्बन्धश्चाधिकारी च, विषयश्च प्रयोजनम् ।
विनाऽनुबन्धं ग्रन्थादौ, मङ्गलं नैव शस्यते ।।

## પરિભાષાની સરલતા અને પ્રાચીનતા :

સામાન્ય રીતે તત્ત્વવિષયક પરિભાષા કઠિન હોય છે અને તે માટે યોજાતા શબ્દો લાંબા હોય છે, પણ અહીં નવતત્ત્વનાં જે નામોનો નિર્દેશ કરવામાં આવ્યો છે, તે ઘણા સરલ છે અને ઘણા ટૂંકા પણ છે. આમાંનો કોઈ પણ શબ્દ ત્રણ અક્ષર કરતાં વધારે અક્ષરથી બનેલો નથી. (આ વિધાન સંયુક્તાક્ષરને એક અક્ષર ગણીને કરવામાં આવે છે.) આ રહ્યાં તે નામો : (૧) જીવ, (૨) અજીવ, (૩) પુણ્ય, (૪) પાપ, (૫) આશ્રવ, (૬) સંવર, (૭) નિર્જરા, (૮) બંધ અને (૯) મોક્ષ.

આમાં આશ્રવ, સંવર અને નિર્જરા કંઈક અપરિચિત લાગે છે, પણ તે ઘણા પ્રાચીન છે અને જૈન દર્શનની મૌલિકતાને સિદ્ધ કરનારા છે.

જર્મનીના સુપ્રસિદ્ધ વિદ્વાન્ ડૉ. હર્મન યાકોબીનો 'જૈન દર્શન' નામનો એક લેખ 'ઈન્સાઈક્લોપીડિયા ઓફ રિલિજિયન એન્ડ એથિકસ્ (ધર્મ અને નીતિના વિશ્વકોષ)ના અગિયારમા ભાગમાં પ્રકટ થયેલો છે. તેમાં જણાવ્યું છે કે—

"Now these terms (Asrava, Samvara and Nirjara) are as old as Jainism, for, the Buddhists have borrowed from it the most significant term Asrava; They use it in very much the same sense as the Jains,

but not in its literal meaning, since, they do not regard the Karma as subtle matter, and they deny the existence of a soul into which the Karma could have an 'influx'. Thus the same argument serves to prove at the same time that the Karma theory of the Jains is an original and integral part of their system and that Jainism is considerably older than the origin of Buddhism."

અર્થાત્ આ શબ્દો (આશ્રવ, સંવર અને નિર્જરા) જૈન ધર્મ જેટલા જ પ્રાચીન છે, કારણ કે બૌદ્ધોએ તેમાંનો વિશિષ્ટ અર્થસૂચક આશ્રવ શબ્દ અપનાવેલો છે અને જૈનો જે અર્થમાં તેનો ઉપયોગ કરે છે, લગભગ તેવા જ અર્થમાં તેનો ઉપયોગ કરે છે, પણ તે જ અર્થમાં તેનો ઉપયોગ કરતા નથી, કારણ કે તેઓ કર્મનો એક સૂક્ષ્મ તત્ત્વ તરીકે સ્વીકાર કરતા નથી અને તેઓ એવાં આત્માનો ઇનકાર કરે છે કે જેમાં કર્મની કોઈ પ્રકારની અસર પહોંચતી હોય. આ રીતે આ જ દલીલથી એ વસ્તુ પણ પુરવાર થાય છે કે કર્મનો સિદ્ધાન્ત એ જૈન ધર્મનો મૌલિક સિદ્ધાન્ત છે અને તે એમના દર્શનનું એક અવિભાજ્ય અંગ છે; તથા જૈન ધર્મ બૌદ્ધ ધર્મની ઉત્પત્તિ કરતાં ઘણો જ પુરાણો છે.'

**નવતત્ત્વનો ક્રમ :**

અહીં નવતત્ત્વનાં નામો જે ક્રમે રજૂ કરવામાં આવ્યાં, તેની પાછળ ચોક્કસ હેતુ રહેલો છે. તે આ પ્રમાણે :

સર્વે તત્ત્વોને જાણનારો–સમજનારો તથા સંસાર અને મોક્ષસંબંધી સઘળી પ્રવૃત્તિ કરનારો જીવ છે. વળી જીવ વિના અજીવ તથા પુણ્યાદિ તત્ત્વો સંભવે નહિ, તેથી પ્રથમ નિર્દેશ **જીવ**નો કરવામાં આવ્યો છે.

જીવની ગતિ, સ્થિતિ, અવગાહના, વર્તના આદિ અજીવની સહાયતા વિના થઈ શકતી નથી, તેથી જીવ પછી તરત જ **અજીવ**નો નિર્દેશ કરવામાં આવ્યો છે.

જીવનાં સાંસારિક સુખનું કારણ પુણ્ય છે અને દુઃખનું કારણ પાપ છે, તેથી ત્રીજો નિર્દેશ **પુણ્ય**નો અને ચોથો નિર્દેશ **પાપ**નો કરવામાં આવ્યો છે.

પુણ્ય અને પાપનો આશ્રવ વિના સંભવ નથી, તેથી પાંચમો નિર્દેશ **આશ્રવ**નો કરવામાં આવ્યો છે.

આશ્રવનું વિરોધી તત્ત્વ સંવર છે, તેથી આશ્રવ પછી તરત જ **સંવર**નો નિર્દેશ કરવામાં આવ્યો છે.

જેમ નવાં કર્મોનું આગમન સંવરથી રોકાય છે, તેમ પુરાણાં કર્મોનો ક્ષય નિર્જરાથી થાય છે, તેથી સંવર પછીનું સ્થાન **નિર્જરા**ને આપવામાં આવ્યું છે.

નિર્જરાનું વિરોધી તત્ત્વ બંધ છે, એટલે નિર્જરા પછી તરત જ **બંધને** મૂકવામાં આવ્યો છે.

જેમ જીવનો કર્મની સાથે સંબંધ થાય છે, તેમ સર્વથા છૂટકારો પણ થાય છે, તેથી બંધ પછી તરત જ **મોક્ષનો** નિર્દેશ કરવામાં આવ્યો છે. નવતત્ત્વમાં આ તત્ત્વ છેલ્લું છે, કારણ કે તેની પ્રાપ્તિ કર્યા પછી કંઈ પણ કરવાનું રહેતું નથી.

**નવતત્ત્વનો સંક્ષેપ :**

આ નવતત્ત્વોનો સંક્ષેપ કરવા ઇચ્છીએ તો થઈ શકે છે. દાખલા તરીકે શુભ કર્મનો આશ્રવ તે પુણ્ય છે અને અશુભ કર્મનો આશ્રવ તે પાપ છે, તેથી પુણ્ય અને પાપતત્ત્વને આશ્રવમાં ગણવામાં આવે અથવા પુણ્ય અને પાપ આ બંને તત્ત્વો બંધરૂપ પણ છે, તેથી તેને બંધતત્ત્વમાં ગણવામાં આવે તો તત્ત્વોની સંખ્યા સાત પર આવી જાય છે. શ્રી ઉમાસ્વાતિ મહારાજે તત્ત્વાર્થાધિગમ સૂત્રમાં[૬] અને શ્રી મલયગિરિ મહારાજે પ્રજ્ઞાપનાસૂત્રની વૃતિમાં[૭] આ રીતે સાત તત્ત્વોની ગણના કરેલી છે.

આ સાત તત્ત્વોનો પુનઃ સંક્ષેપ કરવા ઇચ્છીએ તો

૬. जीवाजीवाश्रवबन्धसंवरनिर्जरामोक्षास्तत्त्वम् ।

૭. सर्वे च ते भावाश्च सर्वभावा जीवाजीवाश्रवबन्धसंवर निर्जरा-मोक्षाः ।

જીવ અને અજીવ એ બે તત્ત્વોમાં થઈ શકે છે, કારણ કે પુણ્યાદિ બધાં તત્ત્વોની ઉપપત્તિ જીવ–અજીવનાં કારણે જ થાય છે. જીવ અને અજીવ ન હોય તો બાકીનાં સાત તત્ત્વો સંભવતા નથી; પરંતુ આ રીતે તત્ત્વોનો અતિ સંક્ષેપ કરતાં હેય અને ઉપાદેયનો બોધ કે જે ચારિત્ર-નિર્માણ માટે અતિ આવશ્યક છે, તે સ્પષ્ટતયા થઈ શકતો નથી અને તે જ કારણે આ રીતે બે તત્ત્વો માનવાની કોઈ પ્રણાલિકા અસ્તિત્વમાં આવેલી નથી.

## નવતત્ત્વમાં જ્ઞેય, હેય અને ઉપાદેયની વિચારણા :

નવતત્ત્વમાં જ્ઞેય કેટલા ? હેય કેટલા ? અને ઉપાદેય કેટલા ? એ જાણવાની જરૂર છે. જ્ઞેય એટલે જાણવા યોગ્ય, હેય એટલે છોડવા યોગ્ય અને ઉપાદેય એટલે આદરવા યોગ્ય.

આમ તો નવે ય તત્ત્વો જાણવા યોગ્ય છે, તેથી જ પ્રથમ ગાથામાં ' **हुंति नायव्वा** ' એમ કહેલું છે, પરંતુ જેને માત્ર જાણી શકાય, પણ છોડવા કે આદરવાનું બની શકે નહિ, તેને જ અહીં જ્ઞેય સમજવાના છે. આ દૃષ્ટિએ જીવ અને અજીવ એ બે તત્ત્વો જ્ઞેય છે, કારણ કે તેને જાણી શકાય છે, પણ છોડવાનું કે આદરવાનું બની શકતું નથી.

પાપ, આશ્રવ અને બંધ, આ ત્રણ તત્ત્વો જીવના–આત્માના ગુણોનું આચ્છાદન કરનારા હોવાથી હેય છે

તથા સંવર, નિર્જરા અને મોક્ષ એ ત્રણ તત્ત્વો આત્મ-ગુણોને પ્રકટ કરનારા હોવાથી ઉપાદેય છે.

બાકી રહ્યું પુણ્યતત્ત્વ. તે કર્મસ્વરૂપ હોવાથી વાસ્તવિકતાએ તો હેય જ છે, પરંતુ આત્મગુણોને પ્રકટ કરવામાં સહાયરૂપ હોવાથી વ્યાવહારિક દૃષ્ટિએ ઉપાદેય છે.

શાસ્ત્રોમાં કહ્યું છે કે—

**हेया बंधासवापावा, जीवाजीवा हुंति विन्नेया ।**
**संवर निज्जर मुक्खो, पुण्णं हुति उवाएए ॥**

'બંધ, આશ્રવ અને પાપ હેય છે, જીવ તથા અજીવ જ્ઞેય છે અને સંવર, નિર્જરા, મોક્ષ તથા પુણ્ય ઉપાદેય છે.'

આ જ્ઞેય, હેય અને ઉપાદેયની વિચારણામાં જે વિશેષતા રહેલી છે, તે તરફ પણ અંગુલિનિર્દેશ કરીશું.

કેટલાંક દર્શનો જ્ઞેયમીમાંસા પ્રધાન છે, તે માત્ર જ્ઞેયની એટલે જગતના મૂળભૂત પ્રમેયોની મીમાંસા કરે છે, પણ ચારિત્રની મીમાંસા કરતા નથી. વૈશેષિક, સાંખ્ય અને વેદાંત દર્શન આ પ્રકારનાં છે. વળી કેટલાંક દર્શનો ચારિત્રમીમાંસા પ્રધાન છે. તેઓ મુખ્યત્વે ચારિત્રની એટલે હેય-ઉપાદેયની મીમાંસા કરે છે, પણ જ્ઞેયની મીમાંસા કરતા નથી. યોગ અને બૌદ્ધ દર્શન આ કોટિનાં છે. પરંતુ જૈન દર્શન જ્ઞાન અને ચારિત્રના સમન્વયથી જ મોક્ષને માનનારું હોવાથી તેણે પોતાની તત્ત્વમીમાંસામાં

જ્ઞેયને પણ સ્થાન આપ્યું છે અને હેય તથા ઉપાદેયને પણ સ્થાન આપ્યું છે. તે કહે છે કે જે જ્ઞાનનું ફળ વિરતિ એટલે ચારિત્રનિર્માણમાં આવે નહિ, તે જ્ઞાન શા કામનું ? તથા જે ચારિત્રની પાછળ જ્ઞાનની ઝલક ન હોય, તે ચારિત્ર પણ શા કામનું ? તાત્પર્ય કે જ્ઞાનપૂર્વક ચારિત્રનું નિર્માણ થવું જોઈએ. આવું ચારિત્ર જ મોક્ષ પ્રાપ્તિમાં ઉપકારક થઈ શકે.

નીચેની તાલિકા પર દૃષ્ટિપાત કરવાથી જ્ઞેય, હેય અને ઉપાદેય તત્ત્વોનો વધારે સ્પષ્ટ ખ્યાલ આવશે :

| જ્ઞેય | હેય | ઉપાદેય |
|---|---|---|
| (૧) જીવ તત્ત્વ | (૧) પાપ તત્ત્વ | (૧) પુણ્ય તત્ત્વ |
| (૨) અજીવ તત્ત્વ | (૨) આશ્રવ તત્ત્વ | (૨) સંવર તત્ત્વ |
| | (૩) બંધ તત્ત્વ | (૩) નિર્જરા તત્ત્વ |
| | | (૪) મોક્ષ તત્ત્વ |

**નવતત્ત્વમાં જીવાજીવ વિભાગ :**

નવ-તત્ત્વમાં જીવ અને અજીવની ગણના આ પ્રકારે થાય છે :

| તત્ત્વનું નામ | વિભાગ | કારણ |
|---|---|---|
| (૧) જીવ તત્ત્વ | જીવ | સ્પષ્ટ છે. |
| (૨) અજીવ તત્ત્વ | અજીવ | ,, |
| (૩) પુણ્ય તત્ત્વ | ,, | પુદ્ગલનો વિકાર હોવાથી. |

| | | |
|---|---|---|
| (૪) પાપ તત્ત્વ | અજીવ | પુદ્ગલનો વિકાર હોવાથી. |
| (૫) આશ્રવ તત્ત્વ | ,, | ,, |
| (૬) સંવર તત્ત્વ | જીવ | જીવના ગુણોને પ્રકટ કરનાર હોવાથી. |
| (૭) નિર્જરા તત્ત્વ | ,, | ,, |
| (૮) બંધ તત્ત્વ | અજીવ | પુદ્ગલનો વિકાર હોવાથી. |
| (૯) મોક્ષ તત્ત્વ | જીવ | જીવના ગુણોને પૂર્ણ પ્રકટ કરનાર હોવાથી. |

તાત્પર્ય કે નવતત્ત્વમાં જીવ, સંવર, નિર્જરા, અને મોક્ષ એ ચાર તત્ત્વોની ગણના જીવમાં થાય છે અને બાકીનાં પાંચ તત્ત્વોની ગણના અજીવમાં થાય છે.

**નવતત્ત્વમાં રૂપી-અરૂપી વિભાગ :**

જે દૃષ્ટિનો વિષય બની શકે તે રૂપી કહેવાય અને દૃષ્ટિનો વિષય ન બની શકે તે અરૂપી કહેવાય. નવતત્ત્વમાં આ રૂપી-અરૂપીની ગણના નીચે પ્રમાણે થાય છે :

| તત્ત્વનું નામ | વિભાગ | કારણ |
|---|---|---|
| (૧) જીવ તત્ત્વ | રૂપી | આમ તો જીવ નજરે દેખાતો નથી, એટલે તે અરૂપી કહેવાય, પણ સંસારમાં રહેલો જીવ |

| | | |
|---|---|---|
| | | અનેક પ્રકારના દેહને ધારણ કરે છે, તેથી તેની ગણના રૂપીમાં થાય છે. |
| (૨) અજીવ તત્ત્વ | રૂપી<br>અરૂપી | કેટલુંક સ્વરૂપ રૂપી છે,<br>કેટલુંક સ્વરૂપ અરૂપી છે. |
| (૩) પુણ્ય તત્ત્વ | રૂપી | પુદ્ગલનો કર્મરૂપ વિકાર હોવાથી. |
| (૪) પાપ તત્ત્વ | ,, | ,, |
| (૫) આશ્રવ તત્ત્વ | ,, | ,, |
| (૬) સંવર તત્ત્વ | અરૂપી | જીવનો પરિણામ હોવાથી. |
| (૭) નિર્જરા તત્ત્વ | ,, | ,, |
| (૮) બંધ તત્ત્વ | રૂપી | પુદ્ગલનો કર્મરૂપ વિકાર હોવાથી. |
| (૯) મોક્ષ તત્ત્વ | અરૂપી | જીવનો પરિણામ હોવાથી. |

તાત્પર્ય કે નવતત્ત્વમાં જીવ, પુણ્ય, પાપ, આશ્રવ અને બંધ એ પાંચ તત્ત્વો રૂપી છે; સંવર, નિર્જરા અને મોક્ષ એ ત્રણ તત્ત્વો અરૂપી છે; અને અજીવ કથંચિત્ રૂપી અને કથંચિત્ અરૂપી છે.

## નવતત્ત્વની દ્રવ્ય અને ભાવથી વિચારણા :

હવે નવતત્ત્વની દ્રવ્ય અને ભાવથી વિચારણા કરીએ. દ્રવ્ય-વિચારણા વસ્તુના સ્થૂલ કે બાહ્ય સ્વરૂપને સ્પર્શે છે અને ભાવ-વિચારણા વસ્તુના સૂક્ષ્મ કે અભ્યંતર સ્વરૂપને સ્પર્શે છે. જૈન તત્ત્વજ્ઞાનનું આ એક વિશિષ્ટ અંગ છે.

પાંચ ઈન્દ્રિયો આદિ દ્રવ્ય-પ્રાણોને ધારણ કરનાર તે **દ્રવ્ય-જીવ** અને જ્ઞાન-દર્શન આદિ ભાવ-પ્રાણોને ધારણ કરનાર તે **ભાવ-જીવ**; અથવા વિષય-કષાયાદિ અશુદ્ધ પરિણામવાળો જીવ તે **દ્રવ્ય-જીવ** અને વિશુદ્ધ જ્ઞાન-દર્શનાદિ ગુણવાળો જીવ તે **ભાવ-જીવ**. અહીં દ્રવ્યાત્મા, ભાવાત્મા એવા શબ્દપ્રયોગો પણ થાય છે, કારણ કે જીવ અને આત્મા એ એકાર્થી શબ્દો છે.

પોતાની અર્થ-ક્રિયામાં પ્રવર્તતું ન હોય, પરંતુ હવે પછી પ્રવર્તવાનું હોય, તેવું કારણરૂપ અજીવ દ્રવ્ય તે **દ્રવ્ય-અજીવ** અને પોતાની મુખ્ય અર્થ-ક્રિયામાં પ્રવર્તતું હોય, તે **ભાવ-અજીવ**. આની વધારે સ્પષ્ટતા અજીવનું સ્વરૂપ સમજ્યા પછી થશે.

શુભ કર્મના પુદ્ગલો તે **દ્રવ્ય-પુણ્ય** અને તે શુભ કર્મ બાંધવામાં કારણરૂપ જીવનો જે શુભ અધ્યવસાય, તે **ભાવ-પુણ્ય**. અહીં અધ્યવસાય શબ્દથી જીવના પરિણામ કે જીવની પરિણતિ સમજવી.

અશુભ કર્મનાં પુદ્ગલો તે **દ્રવ્ય-પાપ** અને તે

અશુભ કર્મ બાંધવામાં કારણરૂપ જીવનો જે અશુભ અધ્યવસાય, તે **ભાવ-પાપ.**

શુભ અથવા અશુભ કર્મ-પુદ્ગલોનું આવવું, ગ્રહણ કરવું, તે **દ્રવ્ય-આશ્રવ** અને તે કર્મોને ગ્રહણ કરવામાં કારણભૂત જીવનો જે શુભ કે અશુભ અધ્યવસાય, તે **ભાવ-આશ્રવ.**

શુભ અથવા અશુભ કર્મોને રોકવા અર્થાત્ ગ્રહણ ન કરવાં તે **દ્રવ્ય-સંવર** અને તે શુભાશુભ કર્મને રોકવામાં કારણરૂપ જીવનો જે અધ્યવસાય, તે **ભાવ-સંવર.**

શુભ અથવા અશુભ કર્મોનો અમુક અંશે ક્ષય થવો તે **દ્રવ્ય-નિર્જરા** અને એ ક્ષય થવામાં કારણભૂત જીવનો જે અધ્યવસાય, તે **ભાવ-નિર્જરા.**

જીવ સાથે કર્મ-પુદ્ગલોનો ક્ષીર-નીર જેવો જે સંબંધ થવો તે **દ્રવ્ય-બંધ** અને તે દ્રવ્ય બંધ થવામાં કારણરૂપ જીવનો જે અધ્યવસાય, તે **ભાવ-બંધ.**

કર્મનો સર્વથા ક્ષય થવો તે **દ્રવ્ય-મોક્ષ** અને તે કર્મોનો ક્ષય થવામાં કારણરૂપ જીવનો જે પરિણામ એટલે કે સર્વસંવરભાવ, તે **ભાવ-મોક્ષ.**

## (૧) ઉપક્રમ :

'**बुद्धेः फलं तत्त्वविचारणं च**-બુદ્ધિનું મુખ્ય ફલ તત્ત્વની વિચારણા છે.' તેથી પ્રત્યેક બુદ્ધિમાન મનુષ્યે તત્ત્વની વિચારણા કરવી જોઈએ, તત્ત્વનું જ્ઞાન મેળવવું જોઈએ.

અન્ય જ્ઞાન વ્યવહારની સિદ્ધિમાં ઉપયોગી નીવડે છે, પણ પરમાર્થ એટલે મોક્ષની સિદ્ધિમાં ઉપકારક નીવડતું નથી, એટલે આધ્યાત્મિક દૃષ્ટિએ તેનું વિશેષ મૂલ્ય નથી.

આધ્યાત્મિક દૃષ્ટિ તો તત્ત્વજ્ઞાનને જ સાચું જ્ઞાન ગણે છે, કારણ કે તેનાથી પાપની નિવૃત્તિ થાય છે, કુશલ-પક્ષમાં પ્રવૃત્તિ થાય છે અને મોક્ષમાર્ગમાં અત્યંત ઉપ-કારક એવા વિનયની પ્રાપ્તિ થાય છે.

આત્માર્થી જનોએ તત્ત્વસંબંધી જે કંઈ જાણવા જેવું છે, તે બધું જ નવતત્ત્વમાં અંતર્ગત થયેલું છે, તેથી જ પ્રકરણકાર મહર્ષિએ પ્રથમ ગાથામાં એ તત્ત્વોને જાણવા યોગ્ય કહ્યાં છે. હવે આ તત્ત્વો કેટલા પ્રકારે કે કેટલા ભેદથી જાણવા યોગ્ય છે, તેનો નિર્દેશ બીજી ગાથામાં આ પ્રમાણે કરે છે :

**(૨) મૂળ ગાથા :**

**चउदस चउदस बायालीसा बासी य हुंति बायाला ।**
**सत्तावन्नं बारस चउ नव भेया कमेणेसिं ॥२॥**

**(૩) સંસ્કૃત છાયા :**

**चतुर्दश चतुर्दश द्विचत्वारिंशद् द्व्यशीतिश्च भवन्ति द्विचत्वारिंशत् ।**
**सप्तपञ्चाशद् द्वादश, चत्वारो नवभेदाः क्रमेणैषाम् ॥२॥**

**(૪) શબ્દાર્થ :**

**चउदस**–ચૌદ.

बायालीसा–બેંતાલીશ.

बासी–બ્યાશી.

य–પાદપૂર્તિ માટે યોજાયેલ છે.

हुंति–છે.

बायाला–બેંતાલીશ.

सत्तावन्नं–સત્તાવન.

बारस–બાર.

चउ–ચાર.

नव–નવ.

भेया–ભેદો, પ્રકારો.

कमेण–અનુક્રમે.

कमेण અને एसिं પદની સંધિ થતાં कमेणेसिं એવું પદ બનેલું છે.

एसिं–એના, એ નવતત્ત્વોના.

## (૫) અર્થ-સંકલના :

**એ નવતત્ત્વોના અનુક્રમે ચૌદ, ચૌદ, બેંતાલીશ, બ્યાશી, બેંતાલીશ, સત્તાવન, બાર, ચાર અને નવ ભેદો છે.**

## (૬) વિવેચન :

કોઈપણ વસ્તુનો વિશદ બોધ થવા માટે તેના ભેદ-પ્રભેદોનું જ્ઞાન જરૂરી છે. દાખલા તરીકે વૃક્ષનું જ્ઞાન મેળવવું હોય તો ‘વૃક્ષ’ એવો નામ-નિર્દેશ કરીએ

કે વિટપ, પાદપ આદિ તેના પર્યાયશબ્દો બોલીએ, એ પૂરતું નથી. તે માટે તો તેના પ્રકારો કે ભેદો જાણવા જોઈએ અને તે પ્રકારો કે ભેદો શા કારણે પડેલા છે, તેનાથી પણ પરિચિત થવું જોઈએ. આ જ કારણે જૈન શાસ્ત્રકારો પ્રથમ વસ્તુનો નામ-નિર્દેશ કરે છે અને પછી તેના પ્રકારો કે ભેદો જણાવે છે.

નવતત્ત્વમાં પ્રથમ સ્થાન જીવતત્ત્વને પ્રાપ્ત થયેલું છે, તે ચૌદ ભેદે જાણવા યોગ્ય છે. અપેક્ષા-વિશેષથી આ ભેદોની સંખ્યા ઓછી કે વધારે થઈ શકે ખરી, પણ આ પ્રકારનું ધોરણ નિયત કરવાથી જીવનું સ્વરૂપ જાણનારે આ ચૌદે ય ભેદોથી બરાબર પરિચિત થવું જોઈએ. આ ચૌદ ભેદો જીવતત્ત્વના વર્ણન પ્રસંગે કહેવાશે. અન્ય તત્ત્વના ભેદોની બાબતમાં પણ આ પ્રમાણે જ સમજવું.

નવતત્ત્વમાં બીજું સ્થાન અજીવ તત્ત્વને પ્રાપ્ત થયેલું છે, તે પણ ચૌદ ભેદે જાણવા યોગ્ય છે; ત્રીજું સ્થાન પુણ્યતત્ત્વને પ્રાપ્ત થયેલું છે, તે બેંતાલીશ ભેદે જાણવા યોગ્ય છે; ચોથું સ્થાન પાપતત્ત્વને પ્રાપ્ત થયેલું છે, તે બ્યાશી ભેદે જાણવા યોગ્ય છે; પાંચમું સ્થાન આશ્રવતત્ત્વને પ્રાપ્ત થયેલું છે, તે બેંતાલીશ ભેદે જાણવા યોગ્ય છે; છટ્ઠું સ્થાન સંવરતત્ત્વને પ્રાપ્ત થયેલું છે, તે સત્તાવન ભેદે જાણવા યોગ્ય છે; સાતમું સ્થાન નિર્જરાતત્ત્વને પ્રાપ્ત થયેલું છે, તે બાર ભેદે જાણવા યોગ્ય છે; આઠમું સ્થાન બંધતત્ત્વને પ્રાપ્ત થયેલું છે, તે ચાર પ્રકારે જાણવા યોગ્ય

છે અને નવમું સ્થાન મોક્ષતત્ત્વને પ્રાપ્ત થયેલું છે, તે નવ પ્રકારે જાણવા યોગ્ય છે.

આ રીતે બધા મળીને નવતત્ત્વના કેટલા ભેદો થાય? તેનો ઉત્તર નીચે પ્રમાણે સરવાળો કરવાથી પ્રાપ્ત થાય છે:

| તત્ત્વનું નામ | ભેદસંખ્યા |
|---|---|
| (૧) જીવતત્ત્વ | ૧૪ |
| (૨) અજીવતત્ત્વ | ૧૪ |
| (૩) પુણ્યતત્ત્વ | ૪૨ |
| (૪) પાપતત્ત્વ | ૮૨ |
| (૫) આશ્રવતત્ત્વ | ૪૨ |
| (૬) સંવરતત્ત્વ | ૫૭ |
| (૭) નિર્જરાતત્ત્વ | ૧૨ |
| (૮) બંધતત્ત્વ | ૪ |
| (૯) મોક્ષતત્ત્વ | ૯ |
| કુલ | ૨૭૬ |

તાત્પર્ય કે જીવતત્ત્વના બધા મળીને ૨૭૬ ભેદો છે.

નવતત્ત્વમાં જીવાજીવ વિભાગ કેવી રીતે થાય છે? તે પ્રથમ ગાથાના વિવેચનમાં દર્શાવ્યું છે. તેના આધારે આ ૨૭૬ ભેદોનો જીવાજીવવિભાગ કરીએ, તો તે નીચે પ્રમાણે થાય છે:

| જીવવિભાગ ૯૨ | | અજીવવિભાગ ૧૮૪ | કુલ ૨૭૬ |
|---|---|---|---|
| જીવતત્ત્વ | ૧૪ | અજીવતત્ત્વ | ૧૪ |
| સંવરતત્ત્વ | ૫૭ | પુણ્યતત્ત્વ | ૪૨ |
| નિર્જરાતત્ત્વ | ૧૨ | પાપતત્ત્વ | ૮૨ |
| મોક્ષતત્ત્વ | ૯ | આશ્રવતત્ત્વ | ૪૨ |
| | | બંધતત્ત્વ | ૪ |
| કુલ | ૯૨ | કુલ | ૧૮૪ |

નવતત્ત્વના રૂપી-અરૂપી વિભાગ વિષે પણ પ્રથમ ગાથામાં વિવેચન કરવામાં આવ્યું છે. તેના આધારે આ ૨૭૬ ભેદોની વ્યવસ્થા નીચે મુજબ થાય છે :

| રૂપી વિભાગ ૧૮૮ | | અરૂપી વિભાગ ૮૮ | કુલ ૨૭૬ |
|---|---|---|---|
| જીવતત્ત્વ | ૧૪ | અજીવતત્ત્વ | ૧૦ |
| અજીવતત્ત્વ | ૪ | સંવરતત્ત્વ | ૫૭ |
| પુણ્યતત્ત્વ | ૪૨ | નિર્જરાતત્ત્વ | ૧૨ |
| પાપતત્ત્વ | ૮૨ | મોક્ષતત્ત્વ | ૯ |
| આશ્રવતત્ત્વ | ૪૨ | | |
| બંધતત્ત્વ | ૪ | કુલ | ૮૮ |
| કુલ | ૧૮૮ | | |

અહીં અજીવતત્ત્વના ૪ ભેદોની ગણના રૂપીમાં કરી છે, તે પરમાણુ, દેશ, પ્રદેશ અને સ્કંધ સમજવા. તથા અજીવતત્ત્વના ૧૦ ભેદોની ગણના અરૂપીમાં કરી છે, તે ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય તથા આકાશાસ્તિકાયના ત્રણ

ત્રણ ભેદ અને અદ્ધા સમય એટલે કાળનો એક ભેદ એ પ્રકારે દશ ભેદ સમજવા. આની વધારે સ્પષ્ટતા અજીવનું સ્વરૂપ સમજવાથી થશે.

નવતત્ત્વનાં જ્ઞેય, હેય તથા ઉપાદેય વિભાગ વિષે પણ પ્રથમ ગાથામાં વિવેચન કરવામાં આવ્યું છે. તેના આધારે આ ૨૭૬ ભેદોની વ્યવસ્થા નિમ્ન પ્રકારે થાય છે:

| જ્ઞેય વિભાગ | | હેય વિભાગ | | ઉપાદેય વિભાગ | |
|---|---|---|---|---|---|
| ૨૮ | | ૧૨૮ | | ૧૨૦ | કુલ ૨૭૬ |
| જીવતત્ત્વ | ૧૪ | પાપતત્ત્વ | ૮૨ | પુણ્યતત્ત્વ | ૪૨ |
| અજીવતત્ત્વ | ૧૪ | આશ્રવતત્ત્વ | ૪૨ | સંવરતત્ત્વ | ૫૭ |
| | | બંધતત્ત્વ | ૪ | નિર્જરાતત્ત્વ | ૧૨ |
| કુલ | ૨૮ | | | મોક્ષતત્વ | ૯ |
| | | કુલ | ૧૨૮ | | |
| | | | | કુલ | ૧૨૦ |

નવતત્ત્વનાં નામો અને ભેદો દર્શાવતું પ્રથમ પ્રકરણ અહીં પૂરું થાય છે.

# પ્રકરણ બીજું

## જીવતત્ત્વ

[ ગાથા ત્રીજીથી સાતમી સુધી ]

**(૧) ઉપક્રમ :**

નવતત્ત્વનાં નામો અને ભેદોના કથન વડે પ્રકરણકાર મહર્ષિએ નવતત્ત્વની પીઠિકા બાંધી. હવે તેઓશ્રી દરેક તત્ત્વનું ક્રમશઃ વર્ણન કરવાના આશયથી પ્રથમ જીવતત્ત્વનું વર્ણન કરે છે. તેમાં જીવના અપેક્ષાકૃત ભેદો કેટલા છે? તે ત્રીજી ગાથામાં આ પ્રમાણે જણાવે છે :

**(૨) મૂળ ગાથા :**

**एगविह–दुविह–तिविहा, चउव्विहा पंच–छव्विहा जीवा ।**
**चेयण–तसइयरेहिं, वेय–गई–करण–काएहिं ॥ ३ ॥**

**(૩) સંસ્કૃત છાયા :**

**एकविध-द्विविध-त्रिविधाश्चतुर्विधा पञ्चषड्विधा जीवाः ।**
**चेतन–त्रसेतरैर्वेद–गति–करण–कायैः ॥ ३ ॥**

(૪) શબ્દાર્થ :

एगविह–એક પ્રકારના.

एगविह અને दुविह અને तिविह તે एगविह–दुविह–तिविहा. एगविह–એકવિધ, એક પ્રકારના.

दुविह–બે પ્રકારના.

तिविहा–ત્રણ પ્રકારના.

चउव्विहा–ચાર પ્રકારના.

पंच–छव्विहा–પાંચ અને છ પ્રકારના.

जीवो–જીવો.

चेयण–ચેતના વડે.

चेयण અને तसइयर તે चेयण–तसइयर. તેના વડે चेयण–तसइयरेहिं. चेयण–ચેતના, ચૈતન્ય.

तस–इयरेहिं–ત્રસ અને સ્થાવરના ભેદો વડે.

तस અને इयर તે तस–इयर. तस–ત્રસ ‘शीतोष्ण-भयाद्यैरभितप्तास्तन्नाशाय त्रस्यन्तीति त्रसा :–જે જીવો ઠંડી, તાપ, ભય વગેરેથી ત્રાસ પામીને–દુઃખી થઈને તેનો નાશ કરવાની એટલે કે પ્રતિકાર કરવાની ચેષ્ટા કરે છે, તે ત્રસ કહેવાય છે. અહીં त्रस्यन्ति નો અર્થ चेष्टन्ते કરવાનો છે. इयर–ઈતર, સ્થાવર. ‘तिष्ठन्त्युष्णाद्यभितापिता अपि तत्परिहारासमर्थाः स्थावरनामकर्मोदयवशवर्तिनः स्थावराः–જે જીવો સ્થાવર નામકર્મના ઉદયથી ઠંડી, તાપ, વગેરેથી પીડા પામવા છતાં તેનો પરિહાર કરવાને અસમર્થ હોઈ

જેવી હાલતમાં હોય તેવી જ હાલતમાં પડ્યા રહે છે, તે સ્થાવર કહેવાય છે,

**वेय**-વેદના ભેદો વડે.

**वेय** અને **गई** અને **करण** અને **काय** તેના વડે **वेय-गई-करण-काएहिं**. **वेय**-વેદ. તે ત્રણ પ્રકારનો છે : સ્ત્રીવેદ, પુરુષવેદ અને નપુંસકવેદ. તેમાં સ્ત્રીવેદવાળા પુરુષની અભિલાષા કરનારા હોય છે, પુરુષ વેદવાળા સ્ત્રીની અભિલાષા કરનારા હોય છે અને નપુંસકવેદવાળા પુરુષ તથા સ્ત્રી બંનેની અભિલાષા કરનારા હોય છે. વેદને ગુજરાતી ભાષામાં જાતીય સંજ્ઞા અને અંગ્રેજી ભાષામાં સેક્સ (Sex) કહે છે.

**गई**-ગતિના ભેદો વડે.

ગતિ ચાર પ્રકારની છે : નરક, તિર્યંચ, મનુષ્ય અને દેવ.

**करण**-ઇન્દ્રિયોના ભેદો વડે.

**करण**-સાધન. ઇન્દ્રિયો જ્ઞાનપ્રાપ્તિનું સાધન છે, તેથી કરણ કહેવાય છે. તેના સ્પર્શનેન્દ્રિય, રસનેન્દ્રિય, ઘ્રાણેન્દ્રિય, ચક્ષુરિન્દ્રિય અને શ્રોત્રેન્દ્રિય, એવા પાંચ ભેદો પ્રસિદ્ધ છે.

**काएहिं**-કાયાના ભેદો વડે.

કાયા એટલે બાહ્ય શરીર. તેના છ ભેદો મનાયેલા છે : પૃથ્વીકાય, અપ્કાય, અગ્નિકાય, તેજસ્કાય, વાયુકાય, વનસ્પતિકાય, અને ત્રસકાય.

(૫) **અર્થ-સંકલના :**

**જીવો ચેતનાની અપેક્ષાએ એક પ્રકારના છે; ત્રસ અને સ્થાવરની અપેક્ષાએ બે પ્રકારના છે; વેદની અપેક્ષાએ ત્રણ પ્રકારના છે; ગતિની અપેક્ષાએ ચાર પ્રકારના છે; ઇન્દ્રિયોની અપેક્ષાએ પાંચ પ્રકારના છે અને કાયાની અપેક્ષાએ છ પ્રકારના છે.**

(૬) **વિવેચન :**

એક જ વસ્તુના જુદી જુદી અપેક્ષાએ જુદા જુદા પ્રકારો પડે છે. દાખલા તરીકે મનુષ્યના દેશ પ્રમાણે પ્રકારો પાડીએ તો અમુક પડે, રંગ પ્રમાણે પ્રકારો પાડીએ તો અમુક પડે, ઊંચાઈ પ્રમાણે પ્રકારો પાડીએ તો અમુક પડે અને ગુણ પ્રમાણે પ્રકારો પાડીએ તો અમુક પડે. આમ જેટલી અપેક્ષાઓને આગળ કરીએ, તેટલી જ વિવિધતા તેના પ્રકારોમાં આવતી જાય, તેથી એક વસ્તુના આટલા જ પ્રકારો હોય એમ કહેવું ઉચિત નથી. તે અપેક્ષા અનુસાર એક પણ હોઈ શકે, બે પણ હોઈ શકે, ત્રણ પણ હોઈ શકે, યાવત્ અસંખ્ય-અનંત પણ હોઈ શકે.

સમસ્ત જીવોના મુક્ત અને સંસારી એવા બે ભેદો છે.[1] તેમાંથી સંસારી જીવોના અપેક્ષાકૃત કેટલાક ભેદો અહીં દર્શાવ્યા છે,

સંસારી જીવો અનંતાનંત છે. તેમાંના કેટલાક જીવો ચેતનાવાળા અને કેટલાક ચેતનારહિત એવા બે પ્રકારો

નથી, પરંતુ સર્વે જીવોમાં ચેતના સમાનપણે રહેલી છે, એટલે ચેતના લક્ષણથી તે એક પ્રકારના છે.

'નિગોદ જેવી નિકૃષ્ટ અવસ્થામાં જીવોને ચેતના હોય છે ખરી?' એ પ્રશ્નનો ઉત્તર જૈન મહર્ષિઓ હકારમાં આપે છે. તેઓ કહે છે કે નિગોદમાં રહેલા જીવોને પણ મતિ અને શ્રુતજ્ઞાનનો અનંતમો ભાગ ઉઘાડો હોય છે, એટલે કે તેમાં પણ ચેતનાની અમુક સ્ફુરણા અવશ્ય હોય છે. જો એમ ન હોય તો તેમની અને જડની વચ્ચે તફાવત શું રહે? જીવ અને જડની વચ્ચેનો મુખ્ય તફાવત જ ચેતનાનો છે. જીવ ચેતનાથી યુક્ત હોય છે, જડ ચેતનાથી રહિત હોય છે. તાત્પર્ય કે કોઈ પણ જીવ ચેતનાથી રહિત હોતો નથી, પણ ચેતનાવાળો જ હોય છે અને તેથી ચેતનાની અપેક્ષાએ તેનો એક જ પ્રકાર સંભવે છે.

ચેતના બે પ્રકારની છે: દર્શનચેતના અને જ્ઞાનચેતના. તેમાં દર્શનચેતના સામાન્ય અવબોધ રૂપ હોય છે અને જ્ઞાનચેતના વિશેષ અવબોધરૂપ હોય છે. આ બંને પ્રકારની ચેતના સર્વ જીવોમાં હોય છે.

શાસ્ત્રકારોએ અપેક્ષા વિશેષથી ચેતનાના ત્રણ પ્રકારો પણ માનેલા છે: જેમકે—જ્ઞાનચેતના, કર્મચેતના અને કર્મફલ ચેતના. તેમાં ઘટ-પટાદિ વસ્તુના જ્ઞાનરૂપે ચેતનાનો પરિણામ થવો તે જ્ઞાનચેતના છે, સમયે સમયે પૌદ્ગલિક

૧. जीवा मुत्ता संसारिणो य । જીવ-વિચાર-પ્રકરણ.

કર્મના નિમિત્તથી ક્રોધાદિ પરિણામ થવા તે કર્મચેતના છે અને કર્મફલના સુખદુ:ખરૂપે ચેતનાનો જે પરિણામ થવો તે કર્મફલ ચેતના છે. આ ત્રણેય પ્રકારની ચેતના સર્વ જીવોમાં હોય છે.

શ્રી આનંદઘનજી મહારાજે શ્રી વાસુપૂજ્ય જિનસ્તવનમાં ચેતનાના આ પ્રકારોની નિમ્ન શબ્દો વડે નોંધ લીધી છે:

નિરાકાર અભેદ સંગ્રાહક, ભેદ ગ્રાહક સાકારો રે;
દર્શન જ્ઞાન દુભેદે ચેતના, વસ્તુગ્રહણ વ્યાપારો રે.
કર્તા પરિણામી પરિણામો, કર્મ જે જીવે કરીએ રે;
એક અનેક રૂપ નયવાદે, નિયતે નર અનુસરીએ રે.
દુ:ખ-સુખરૂપ કર્મફલ જાણો, નિશ્ચય એક આનંદો રે;
ચેતનતા પરિણામ ન ચૂકે, ચેતન કહે જિનચંદો રે.

જો ત્રસ અને સ્થાવરપણાને પ્રાધાન્ય આપીને વિચાર કરીએ તો આ સંસારમાં રહેલા સઘળા જીવો બે પ્રકારમાં સમાઈ જાય છે: કેટલાક ત્રસમાં અને કેટલાક સ્થાવરમાં. અન્ય રીતે કહીએ તો સંસારમાં રહેલો કોઈ પણ જીવ યા તો ત્રસ હોય, યા તો સ્થાવર હોય, પણ તેથી અતિરિક્ત કોઈ ત્રીજા પ્રકારનો ન હોય.[2]

જો વેદ એટલે જાતીયસંજ્ઞા (Sex)ને પ્રાધાન્ય આપીને વિચાર કરીએ તો આ સંસારમાં રહેલા સઘળા જીવો ત્રણ પ્રકારમાં વિભક્ત થાય છે. કેટલાક સ્ત્રીલિંગમાં, કેટલાક

૨. तस थावरा य संसारी ।–જીવ–વિચાર–પ્રકરણ.

પુરુષલિંગમાં અને કેટલાક નપુંસકલિંગમાં. લિંગનો ચોથો કોઈ પ્રકાર અસ્તિત્વ ધરાવતો નથી, એટલે વેદની દૃષ્ટિએ સંસારી જીવોના ત્રણ જ પ્રકારો સંભવે છે, ચોથો પ્રકાર સંભવતો નથી.

જો ગતિને પ્રાધાન્ય આપીને વિચાર કરીએ તો આ સંસારમાં રહેલા સઘળા જીવો ચાર પ્રકારમાં વહેંચાઈ જાય છે: કેટલાક નરકગતિમાં જે નારક કહેવાય છે; કેટલાક તિર્યંચગતિમાં જે તિર્યંચ કહેવાય છે; કેટલાક મનુષ્યગતિમાં જે મનુષ્ય કહેવાય છે અને કેટલાક દેવ-ગતિમાં જે દેવ કહેવાય છે. મુક્તિને પંચમગતિ માનવામાં આવી છે, પણ અહીં સંસારી જીવોની વિચારણા હોવાથી એ પ્રસ્તુત નથી. સંસારી જીવો તો ગતિની અપેક્ષાએ ચાર જ પ્રકારના હોય છે, તેથી અધિક પ્રકારના નહિ.

જો ઇન્દ્રિયોને પ્રાધાન્ય આપીને વિચાર કરીએ તો આ સંસારમાં રહેલા સઘળા જીવો પાંચ પ્રકારોમાં ગોઠવાઈ જાય છે. કેટલાક એકેન્દ્રિયમાં, કેટલાક બેઇન્દ્રિયમાં, કેટલાક તેઇન્દ્રિયમાં, કેટલાક ચતુરિન્દ્રિયમાં તો કેટલાક પંચેન્દ્રિ-યમાં. તેનાથી બહાર એક પણ જીવ રહેતો નથી. કેટલાક કહે છે કે છઠ્ઠી ઇન્દ્રિય પણ અસ્તિત્વમાં છે, પણ તેઓ એનું ચોક્કસ સ્વરૂપ હજી સુધી રજૂ કરી શકયા નથી. તાત્પર્ય કે જ્ઞાની ભગવંતોએ પોતાના જ્ઞાનથી ઇન્દ્રિયોને પાંચ પ્રકારની જોઈ છે અને તેનું યથાર્થ સ્વરૂપ વર્ણવેલું છે. વળી આપણો રોજિંદો અનુભવ પણ એ જ પ્રકારનો

છે, એટલે ઇન્દ્રિયોને પાંચ પ્રકારની જ માનવી ઘટે છે અને એ અપેક્ષાએ જીવોના પાંચ પ્રકારો સંભવે છે, તેથી અધિક નહિ.[3] સાતમી ગાથાના વિવેચનમાં ઇન્દ્રિયો સંબંધી અધિક વર્ણન કરેલું છે.

જો કાયાને (બાહ્ય શરીરને) પ્રાધાન્ય આપીને વિચાર કરીએ તો આ સંસારમાં રહેલા સઘળા જીવો છ પ્રકારમાં અંતર્ગત થાય છે. કેટલાક પૃથ્વીકાયમાં, કેટલાક અપ્-કાયમાં, કેટલાક અગ્નિકાયમાં, કેટલાક વાયુકાયમાં, કેટલાક વનસ્પતિકાયમાં તો કેટલાક ત્રસકાયમાં. ષટ્કાય અથવા છ કાય શબ્દ આ દૃષ્ટિએ જ અસ્તિત્વમાં આવેલો છે. સાતમી કાયા હજી સુધી કોઈએ બતાવી નથી, એટલે કાયાની અપેક્ષાએ જીવોના છ પ્રકાર યથાર્થ છે. પૃથ્વીકાય વગેરેનો વિશેષ પરિચય આગળ આવવાનો છે, એટલે અહીં આપેલો નથી.

## (૧) ઉપક્રમ :

અપેક્ષાવિશેષથી જીવના અનેક પ્રકારો પડે છે. તેમાંથી અહીં એક, બે, ત્રણ, ચાર, પાંચ અને છ પ્રકારો વર્ણવ્યાં. બીજા પ્રકારે ગ્રંથગૌરવના ભયથી આપેલા નથી, પણ તે અપેક્ષા અનુસાર સમજી લેવાના છે. હવે જે ચૌદ ભેદે જીવ-તત્ત્વ ખાસ જાણવા યોગ્ય છે, તેનું પ્રકરણકાર મહર્ષિ ચોથી ગાથામાં આ પ્રકારે વર્ણન કરે છે :

---

૩. ઇન્દ્રિયોના વિશેષ વિવેચન અંગે જુઓ જીવ–વિચાર–પ્રકાશિકા પૃ. ૧૯૮ થી ૨૦૪.

(૨) મૂળ ગાથા :

एगिंदिय सुहुमियरा, सन्नीयरपणिंदिया य सबि-ति-चउ।
अपज्जत्ता पज्जत्ता, कमेण चउदस जियट्ठाणा ॥ ४ ॥

(૩) સંસ્કૃત છાયા :

एकेन्द्रियाः सूक्ष्मेतराः संज्ञीतरपञ्चेन्द्रियाश्च सद्वित्रिचतुः ।
अपर्याप्ताः पर्याप्ताः क्रमेण चतुर्दश जीवस्थानानि ॥४॥

(૪) શબ્દાર્થ :

एगिंदिय-એકેન્દ્રિય જીવો.

एग इन्दियथी સહિત તે एगिंदिय. एग-એક. इन्दिय-ઇન્દ્રિય. અહીં એકથી કોઈ પણ એક નહિ, પરંતુ સ્પર્શનેંદ્રિય સમજવાની છે. તાત્પર્ય કે જે જીવોને માત્ર સ્પર્શનેંદ્રિય જ હોય છે, તે એકેન્દ્રિય જીવો કહેવાય છે.

सुहुम-સૂક્ષ્મ.

सुहुम અને इयर તે सुहुमियरा. सुहुम-સૂક્ષ્મ.

इयरा-ઇતર, બાદર.

इतर એટલે અન્ય, જે કહેવાય છે તેથી બીજા. આ રીતે સૂક્ષ્મથી ઇતર જીવો બાદર છે. બાદર જીવો અમુક સંયોગોમાં દૃષ્ટિગોચર થઈ શકે છે.

सन्नि-સંજ્ઞી.

सन्नि અને इयर અને पणिंदिय તે सन्नीयर-पणिंदिया. सन्नि-સંજ્ઞી, સંજ્ઞાવાળા. અહીં સંજ્ઞા શબ્દથી વિચાર-શક્તિ સમજવાની છે. અથવા તો સંજ્ઞા ત્રણ પ્રકારની છે: (૧) હેતુવાદોપદેશિકી, (૨) દીર્ઘકાલિકી અને (૩) દૃષ્ટિ-

વાદોપદેશિકી. આ ત્રણ સંજ્ઞાઓ પૈકી અહીં દીર્ઘકાલિકી સંજ્ઞા ગ્રહણ કરવાની છે, કારણકે તેના વડે 'શું થઈ ગયું? હવે શું થશે?' વગેરે અતિ દીર્ઘકાલીન ભૂતકાલ અને ભવિષ્યકાલ સંબંધી ચિંતન થાય છે. આ સંજ્ઞાને સંપ્રધારણ સંજ્ઞા પણ કહેવામાં આવે છે, કેમકે તેનાથી ઉચિત-અનુચિતનો નિર્ણય થાય છે. આવી દીર્ઘકાલિકી કે સંપ્રધારણ સંજ્ઞાવાળા જીવો તે સંજ્ઞી.

इयर-ઇતર, અસંજ્ઞી.

સંજ્ઞીનું પ્રતિપક્ષી અસંજ્ઞી છે, એટલે ઇતર શબ્દથી અહીં અસંજ્ઞી જીવો ગ્રહણ કરવાના છે. જેને ઉપર કહી તેવી સંજ્ઞા નથી, તે અસંજ્ઞી.

पणिंदिया-પંચેન્દ્રિય.

य-અને.

स-સહિત.

स-સહિત. આ વિશેષણ बि, ति અને चउ એ ત્રણેય પદોને લાગુ પાડવા માટે અહીં सबि-ति-चउ એવો શબ્દ-પ્રયોગ કરવામાં આવ્યો છે.

बि-બે, બેઇન્દ્રિયવાળા જીવો.

ति-ત્રણ, ત્રણ ઇન્દ્રિયવાળા જીવો,

चउ-ચાર, ચાર ઇન્દ્રિયવાળા જીવો.

अपज्जत्ता-અપર્યાપ્તા.

જે જીવ જેટલી પર્યાપ્તિને યોગ્ય હોય, તેટલી

પર્યાપ્તિ પૂરી કર્યા પહેલાં મૃત્યુ પામે તો તે અપર્યાપ્ત કહેવાય. પર્યાપ્તિનું સ્વરૂપ છઠ્ઠી ગાથામાં કહેલું છે.

**पज्जत्ता**–પર્યાપ્તા.

જે જીવ જેટલી પર્યાપ્તિને યોગ્ય હોય, તેટલી પર્યાપ્તિ પૂરી કર્યા બાદ મૃત્યુ પામે, તેને પર્યાપ્ત કહેવાય.

**कमेण**–અનુક્રમે.

**चउद्स**–ચૌદશ.

**जियठाणा**–જીવસ્થાનો, જીવના ભેદ.

(૫) **અર્થ-સંકલના :**

**સૂક્ષ્મ એકેન્દ્રિય, બાદર એકેંદ્રિય, બેઇંદ્રિય, તેઇંદ્રિય અને ચતુરિન્દ્રિય સહિત સંજ્ઞી પંચેન્દ્રિય તથા અસંજ્ઞી પંચેન્દ્રિય (એ સાત ભેદો) અને તેના અપર્યાપ્ત અને પર્યાપ્ત એ રીતે સર્વ મળીને જીવના ચૌદ ભેદો થાય છે.**

(૬) **વિવેચન :**

ઈન્દ્રિયની અપેક્ષાએ જીવો પાંચ પ્રકારના છે, એ હકીકત ઉપરની ગાથામાં કહેવાઈ છે. આ પાંચ પ્રકારના વિશેષ પ્રકારો કે ઉત્તર પ્રકારો પાડતાં જીવના કુલ ચૌદ પ્રકારો કે ચૌદ ભેદો થાય છે, તે આ પ્રમાણે :

**એકેન્દ્રિય :**

(૧) અપર્યાપ્ત સૂક્ષ્મ એકેન્દ્રિય

(૨) પર્યાપ્ત સૂક્ષ્મ એકેન્દ્રિય

(૩) અપર્યાપ્ત બાદર એકેન્દ્રિય
(૪) પર્યાપ્ત બાદર એકેન્દ્રિય

**બેઇન્દ્રિય :**

(૫) અપર્યાપ્ત બેઇન્દ્રિય
(૬) પર્યાપ્ત બેઈન્દ્રિય

**તેઇન્દ્રિય :**

(૭) અપર્યાપ્ત તેઇન્દ્રિય
(૮) પર્યાપ્ત તેઈન્દ્રિય

**ચતુરિન્દ્રિય :**

(૯) અપર્યાપ્ત ચતુરિન્દ્રિય
(૧૦) પર્યાપ્ત ચતુરિન્દ્રિય

**પંચેન્દ્રિય :**

(૧૧) અપર્યાપ્ત અસંજ્ઞી પંચેન્દ્રિય
(૧૨) પર્યાપ્ત અસંજ્ઞી પંચેન્દ્રિય
(૧૩) અપર્યાપ્ત સંજ્ઞી પંચેન્દ્રિય
(૧૪) પર્યાપ્ત સંજ્ઞી પંચેન્દ્રિય

સંસારમાં રહેલા સઘળા જીવો આ ચૌદ પ્રકારમાં સમાઈ જાય છે. તેનો અહીં ક્રમશઃ ટૂંક પરિચય આપીશું.

જેને સ્પર્શનેન્દ્રિય નામની માત્ર એક ઈન્દ્રિય હોય છે, તે જીવો એકેન્દ્રિય કહેવાય છે. આ જીવો પાંચ પ્રકારના છે : (૧) પૃથ્વીકાય, (૨) અપ્કાય, (૩) અગ્નિકાય, (૪) વાયુકાય અને (૫) વનસ્પતિકાય. તેમાં વનસ્પતિકાયના સાધારણ અને પ્રત્યેક એવા બે વિભાગો છે.

આ પાંચેય પ્રકારના એકેન્દ્રિય જીવોના સૂક્ષ્મ અને બાદર એવા બે બે વિભાગો છે, તેમાં અપવાદ એટલો કે પ્રત્યેક વનસ્પતિકાયના સૂક્ષ્મ અને બાદર એવા બે વિભાગો નથી, પણ માત્ર બાદર એવો એક જ પ્રકાર છે. તે અંગે જીવ–વિચાર–પ્રકરણમાં કહ્યું છે કે–

**पत्तेय तरु मुत्तं, पंच वि पुढवाईणो सयल लोए ।**
**सुहुमा हवंति नियमा, अन्तमुहुत्ताउ अद्दिस्सा ॥१४॥**

'પ્રત્યેક વનસ્પતિકાય છોડીને પૃથ્વીકાય આદિ પાંચેયના સૂક્ષ્મ જીવો સકલ લોકમાં નિશ્ચયપૂર્વક હોય છે. તેમનું આયુષ્ય અંતર્મુહૂર્ત હોય છે અને તેઓ દૃષ્ટિનો વિષય બની શકતા નથી. અર્થાત્ અદૃશ્ય છે.'

અહીં સૂક્ષ્મ શબ્દથી એવા જીવો અભિપ્રેત છે કે જેમનાં ઘણાં શરીરો ભેગા થવા છતાં તે દૃષ્ટિગોચર થાય નહિ કે વાયુની જેમ સ્પર્શ વગેરેથી પણ જાણવામાં આવે નહિ. વધારે સ્પષ્ટ કહીએ તો દૃષ્ટિ ગમે તેવી તીક્ષ્ણ હોય કે સૂક્ષ્મદર્શક યંત્ર વગેરેનો પ્રયોગ કરવામાં આવે તો પણ આ જીવો દૃષ્ટિગોચર થઈ શકતા નથી. શાસ્ત્રોમાં કહ્યું છે કે '**तीक्ष्णखड्गधारया छिद्यमानेऽपि वज्रघातेनाप्युपघातो न स्यात्, एवं वह्न्यादिभ्योऽपि नोपघातः**–તીક્ષ્ણ ખડ્ગની ધાર વડે છેદવા છતાં અથવા વજ્રનો ઘાત કરીએ તો પણ તેમને ઉપઘાત થતો નથી કે અગ્નિ વગેરેનો પ્રયોગ કરીએ તો પણ તેમને અસર પહોંચતી નથી. આવા જીવોની સંજ્ઞા માત્ર મનના સંકલ્પ વડે થઈ શકે

છે, પણ વચન કે કાયાથી થઈ શકતી નથી. આ જીવો મનુષ્યના ઉપભોગમાં આવતા નથી.

આ પાંચેય પ્રકારના સૂક્ષ્મ જીવો સકલ લોકમાં વ્યાપેલા છે. તાત્પર્ય કે ચૌદ રાજલોકનો કોઈ પણ ભાગ એવો નથી કે જ્યાં આ જીવોનું અસ્તિત્વ ન હોય.

સૂક્ષ્મ નામકર્મના ઉદયથી જીવો આવું સૂક્ષ્મપણું પ્રાપ્ત કરે છે અને તે અવધિજ્ઞાની કે કેવલી ભગવંતોને જ જ્ઞાનગોચર છે. આપણા જેવા મતિ અને શ્રુતજ્ઞાન-વાળા સામાન્ય જીવો માટે તે સર્વથા અદશ્ય જ છે.

આ સૂક્ષ્મ જીવોનું આયુષ્ય મધ્ય અંતર્મુહૂર્તનું હોય છે, એટલે કે ઓછામાં ઓછું ૨૫૬ આવલિકા અને વધારેમાં વધારે બે ઘડીનો સંખ્યાતમો ભાગ હોય છે.

એકેન્દ્રિય જીવોને આહાર, શરીર, ઇન્દ્રિય અને શ્વાસોચ્છ્વાસ એ ચાર પર્યાપ્તિ કહેલી છે, તે સૂક્ષ્મ અને બાદર બંને માટે સમજવાની છે. આ ચાર પર્યાપ્તિ પૂરી કર્યા વિના જે સૂક્ષ્મ એકેન્દ્રિય જીવો મૃત્યુ પામે તે **અપર્યાપ્ત સૂક્ષ્મ એકેન્દ્રિય** કહેવાય છે અને પૂરી કરીને મૃત્યુ પામે તે **પર્યાપ્ત સૂક્ષ્મ એકેન્દ્રિય** કહેવાય છે.

બાદર નામ કર્મના ઉદયથી જીવો બાદર પૃથ્વીકાય આદિ રૂપે ઉત્પન્ન થાય છે. તેમનાં ઘણાં શરીરો એકત્ર થવાથી તેઓ દષ્ટિગોચર થઈ શકે છે. આમાંના કેટલાક

જીવો એક ઇન્દ્રિયથી તો કેટલાક બે કે તેથી અધિક ઇન્દ્રિયોથી જાણી શકાય છે. આ બાદર એકેન્દ્રિય જીવો સકલ લોકમાં વ્યાપ્ત નથી, પણ અમુક અમુક ભાગમાં જ વ્યાપ્ત છે. આ જીવો શસ્ત્રથી ભેદી-છેદી શકાય એવા હોય છે અને તેઓ પણ બીજા પદાર્થોને ભેદી-છેદી શકે છે. વળી આ જીવો અગ્નિથી બળી શકે છે અને મનુષ્યના ઉપભોગમાં આવે છે. આ જીવોની મન, વચન અને કાયાથી હિંસા થાય છે અને તે પોતપોતાની જાતિથી પણ હણાય છે.

**બાદર પૃથ્વીકાયના ભેદો :**

બાદર પૃથ્વીકાયના સ્ફટિક, મણિ, રત્ન, પરવાળાં, હિંગલોક, હરતાલ, મણસીલ, પારો, સોનું વગેરે સાત ધાતુઓ, ખડી, રમચી, અરણેટ્ટક, પલેવક, અબરખ, તૂરી, ખારો, માટી, પત્થરની જાતો, સૂરમો, મીઠું વગેરે અનેક ભેદો છે.

**બાદર અપ્કાયના ભેદો :**

બાદર અપ્કાયના પણ ભૂમિનું પાણી, આકાશનું પાણી, ઝાકળ, બરફ, કરા, દર્ભ કે ઘાસ પરનાં જલ-બિંદુઓ, ધુમ્મસ અને ઘનોદધિ (જામી ગએલું પાણી કે જેના આધારે પૃથ્વીઓ ટકે છે) વગેરે ભદો છે.

**બાદર અગ્નિકાયના ભેદો :**

બાદર અગ્નિકાયના પણ અંગારા, જ્વાલા, ભાઠાનો

અગ્નિ, ઉલ્કાનો અગ્નિ, આકાશમાંથી વરસતા અગ્નિકણ, વીજળી વગેરે અનેક ભેદો છે.

**બાદર વાયુકાયના ભેદો :**

બાદર વાયુકાયના પણ ઉદ્‌ભ્રામક, ઉત્કલિક, મંડલિક, મહાવાયુ, શુદ્ધવાયુ, ગુંજવાયુ, ઘનવાત, તનવાત વગેરે અનેક ભેદો છે.

**બાદર સાધારણ વનસ્પતિકાયના ભેદો :**

બાદર સાધારણ વનસ્પતિકાયના પણ અનેક ભેદો છે : જેમકે–કંદો, ફણગા, કુંપળો, પંચવર્ણી ફુગ, શેવાળ, બિલાડીના ટોપ, લીલું આદુ, લીલી હળદર, લીલો કચૂરો, ગાજર, મોથ, ટાંકની ભાજી, થેગ, પાલખની ભાજી, સર્વ પ્રકારનાં કુણાં ફળો, જેની નસો ગુપ્ત હોય એવાં ખારી જાળ (પિલુ) વગેરેનાં પાંદડાં, છેદાયા છતાં ફરી ઉગે તેવા થોર, કુંવાર, ગુગ્ગુલિ, ગળો વગેરે.

**બાદર પ્રત્યેક વનસ્પતિકાયના ભેદો :**

બાદર પ્રત્યેક વનસ્પતિકાયના મુખ્ય બાર ભેદો છે : (૧) વૃક્ષ, (૨) ગુચ્છ, (૩) ગુલ્મ, (૪) લતા, (૫) વલ્લી, (૬) પર્વગ, (૭) તૃણ, (૮) વલય, (૯) હરિત, (૧૦) ઔષધિ, (૧૧) જલરુહ અને (૧૨) કુહણ. આ દરેક ભેદમાં વિવિધ વનસ્પતિઓનો સમાવેશ થાય છે.

બાદર એકેન્દ્રિય જીવોમાં જેઓ સ્વયોગ્ય પર્યાપ્તિઓ પૂરી કર્યા વિના મૃત્યુ પામે, તે **અપર્યાપ્ત બાદર એકે-**

ન્દ્રિય કહેવાય છે અને પૂરી કરીને મૃત્યુ પામે તે **પર્યાપ્ત બાદર એકેન્દ્રિય** કહેવાય છે.

એકેન્દ્રિય જીવોમાં વનસ્પતિકાયનું સ્વરૂપ ઘણું વિકાસ પામેલું છે અને તેમાં જીવન હોવાની અનેક સાબીતીઓ મળી આવે છે. તેની વિગતો જીવ-વિચાર-પ્રકાશિકાથી જાણવી.[૪]

**બેઇન્દ્રિયના પ્રકારો :**

જે જીવોને સ્પર્શનેન્દ્રિય અને રસનેન્દ્રિય એ બે ઈન્દ્રિયો હોય છે, તે બેઇન્દ્રિય જીવો કહેવાય છે. તેના શંખ, શંખલા, કોડા, ગંડોલ, જળો, અરિયા, અળસિયાં, લાળિયા, કૃમિ, પોરા, ચૂડેલ વગેરે અનેક ભેદો છે. બેઇન્દ્રિય, તેઈન્દ્રિય અને ચતુરિન્દ્રિય જીવોને વિકલેન્દ્રિય કહેવામાં આવે છે, કારણ કે તેમને પાંચ ઈન્દ્રિયો કરતાં ઓછી ઇન્દ્રિયો હોય છે. આ વિકલેન્દ્રિય જીવોમાં જેઓ સ્વયોગ્ય પર્યાપ્તિઓ પૂરી કર્યા વિના જ મૃત્યુ પામે, તેને **અપર્યાપ્ત બેઇન્દ્રિય** કહેવાય છે અને પૂરી કરીને મૃત્યુ પામે, તેને **પર્યાપ્ત બેઇન્દ્રિય** કહેવાય છે.

**તેઇન્દ્રિયના પ્રકારો :**

જે જીવોને બેઇન્દ્રિય કરતાં એક ઘ્રાણેન્દ્રિય અધિક હોય છે, તે તેઇન્દ્રિય જીવો કહેવાય છે. તેના કાનખજૂરા, માંકડ, જૂ (લીંખ), કીડી, ઉધેઈ, મંકોડા, ધાન્યમાં ઉત્પન્ન

૪ ખંડ બીજો, પ્રકરણ આઠમું : 'વનસ્પતિના જીવન પર આછો દૃષ્ટિપાત.'

થતી ઇયળ, ધીમેલ, સાવા, ગીંગોડાની અનેક જાતો, ગધૈયા, ચોરકીડા, છાણના કીડા, ધાન્યના કીડા, કંથવા, ગોવાલણ, ગોળ–ખાંડમાં થતી ઇયળો, ગોકળગાય વગેરે અનેક ભેદો છે. આ જીવોમાંથી જેઓ સ્વયોગ્ય પર્યાપ્તિઓ પૂરી કર્યા વિના મૃત્યુ પામે, તે **અપર્યાપ્ત તેઇન્દ્રિય** કહેવાય છે અને પૂરી કરીને મૃત્યુ પામે, તે **પર્યાપ્ત તેઇન્દ્રિય** કહેવાય છે.

**ચઉરિન્દ્રિયના પ્રકારો :**

જે જીવોને તેઇન્દ્રિય કરતાં એક ચક્ષુરિન્દ્રિય અધિક હોય છે, તે ચતુરિન્દ્રિય જીવો કહેવાય છે. તેના વીંછી, બગાઈ, ભમરા, ભમરી, તીડ, માખી, ડાંસ, મચ્છર, કંસારી, ખડમાંકડી વગેરે અનેક ભેદો છે. આ જીવોમાંથી જેઓ સ્વયોગ્ય પર્યાપ્તિઓ પૂરી કર્યા વિના મૃત્યુ પામે, તે **અપર્યાપ્ત ચતુરિન્દ્રિય** કહેવાય છે અને પૂરી કરીને મૃત્યુ પામે, તે **પર્યાપ્ત ચતુરિન્દ્રિય** કહેવાય છે.

**પંચેન્દ્રિયના પ્રકારો :**

પંચેન્દ્રિય જીવોના મુખ્ય ચાર પ્રકારો છે : (૧) નારક, (૨) તિર્યંચ, (૩) મનુષ્ય અને (૪) દેવ. તેમાં નારક અને દેવનો જન્મ ઉપપાતથી થાય છે, એટલે કે માતા–પિતાના સંયોગ વિના માત્ર સ્થાનના આધારે થાય છે અને તિર્યંચ તથા મનુષ્યનો જન્મ સંમૂર્ચ્છન અને ગર્ભધારણ એમ બે પ્રકારે થાય છે. તેમાં જેમનો જન્મ સંમૂર્ચ્છનથી થાય છે, તેઓને વિચારશક્તિ હોતી નથી,

એટલે તેઓની ગણના અસંજ્ઞીમાં થાય છે અને નારક, દેવ, ગર્ભજ તિર્યંચ તથા ગર્ભજ મનુષ્યની ગણના સંજ્ઞીમાં થાય છે.

અસંજ્ઞી પંચેન્દ્રિય જીવોમાં જેઓ સ્વયોગ્ય પર્યાપ્તિઓ પૂરી કર્યા સિવાય મૃત્યુ પામે, તે **અપર્યાપ્ત અસંજ્ઞી પંચેન્દ્રિય** કહેવાય છે અને પૂરી કરીને મૃત્યુ પામે, તે **પર્યાપ્ત અસંજ્ઞી પંચેન્દ્રિય** કહેવાય છે.

સંજ્ઞી પંચેન્દ્રિય જીવોમાંથી જેઓ સ્વયોગ્ય પર્યાપ્તિઓ પૂરી કર્યા વિના મૃત્યુ પામે, તે **અપર્યાપ્ત સંજ્ઞી પંચેન્દ્રિય** કહેવાય છે અને પૂરી કરીને મૃત્યુ પામે, તે **પર્યાપ્ત સંજ્ઞી પંચેન્દ્રિય** કહેવાય છે.

સંજ્ઞી પંચેન્દ્રિયમાં નારક જીવોના સાત પ્રકારો છે. પ્રથમ નરકના જીવો, બીજી નરકના જીવો, એ પ્રમાણે સાતમી નરક સુધીના જીવો.

સંજ્ઞી પંચેન્દ્રિયમાં તિર્યંચના મુખ્ય ત્રણ પ્રકારો છે: (૧) જલચર, (૨) સ્થલચર અને (૩) ખેચર. અને તેના પણ કેટલાક પેટાપ્રકારો છે.

સંજ્ઞી પંચેન્દ્રિયમાં મનુષ્યના મુખ્ય ત્રણ પ્રકારો છે: (૧) કર્મભૂમિજ, (૨) અકર્મભૂમિજ અને (૩) અંતરદ્વીપજ. અને તે દરેકના અનુક્રમે પંદર, ત્રીશ તથા છપ્પન પ્રકારો છે.

સંજ્ઞી પંચેન્દ્રિયમાં દેવના મુખ્ય ચાર પ્રકારો છે: (૧) ભવનપતિ, (૨) વ્યંતર તથા (વાણવ્યંતર), (૩)

જ્યોતિષ્ક અને (૪) વૈમાનિક. તેમાં ભવનપતિના દશ, વ્યંતર તથા વાણવ્યંતર દરેકના આઠ–આઠ, જ્યોતિષ્કના પાંચ તથા વૈમાનિક દેવોના કલ્પોપપન્ન અને કલ્પાતીત એવા બે પ્રકારો છે. તેમાં કલ્પોપપન્નના બાર અને કલ્પાતીતના નવ ગ્રૈવેયક તથા પાંચ અનુત્તર એવા ઉત્તર–પ્રકારો છે.

આ બધા ભેદોનો વિસ્તાર જીવ–વિચાર–પ્રકાશિકાથી જાણવો.

## (૧) ઉપક્રમ :

વસ્તુનો વિશેષ બોધ થવા માટે તેના ભેદ–પ્રભેદનું જ્ઞાન જરૂરી છે, તેમ તેના લક્ષણનું જ્ઞાન પણ જરૂરી છે. તેથી પ્રકરણકાર મહર્ષિ પાંચમી ગાથામાં જીવનાં લક્ષણો આ પ્રમાણે રજૂ કરે છે :

## (૨) મૂળ ગાથા :

**नाणं च दंसणं चेव, चरितं च तवो तहा ।**
**वीरियं उवओगो य, एयं जीवस्स लक्खणं ॥ ५ ॥**

## (૩) સંસ્કૃત છાયા :

**ज्ञानं च दर्शनं चैव, चारित्रं च तपस्तथा ।**
**वीर्यमुपयोगश्चैतज्जीवस्य लक्षणम् ॥ ५ ॥**

## (૪) શબ્દાર્થ :

नाणं–જ્ઞાન.

च–અને.

दंसणं–દર્શન.

चेव–નિશ્ચયપૂર્વક.

चरित्तं–ચારિત્ર.

च–અને, અથવા પદપૂરણાર્થે.

तवो–તપ.

तहा–તથા, તે જ પ્રકારે.

वीरियं–વીર્ય.

उवओगो–ઉપયોગ.

'उपयुज्यते वस्तुपरिच्छेदं प्रति व्यापार्यते जीवोऽनेनेत्युपयोग:—જેના વડે જીવ વસ્તુના પરિચ્છેદ જ્ઞાન-પ્રતિ વ્યાપાર કરે-પ્રવૃત્ત થાય, તે ઉપયોગ કહેવાય; અથવા उप એટલે સમીપ અને योग એટલે જ્ઞાન-દર્શનનું પ્રવર્તન. જેના વડે આત્મા જ્ઞાન-દર્શનનું પ્રવર્તન કરવાની અભિમુખતાવાળો થાય તેવો ચૈતન્યમય જે વ્યાપાર, તે ઉપયોગ કહેવાય.

य–અને, અથવા પદપૂરણાર્થે.

एयं–એ. જ્ઞાનાદિ છ.

जीवस्स–જીવનું.

लक्खणं–લક્ષણ, ચિહ્ન.

**(૫) અર્થસંકલના :**

**જ્ઞાન, દર્શન, ચારિત્ર, તપ, વીર્ય અને ઉપયોગ એ છ જીવનાં લક્ષણો છે.**

## (૬) વિવેચન :

પ્રસ્તુત ગાથામાં જીવનાં લક્ષણો કહ્યાં છે, એટલે પ્રથમ વિચાર લક્ષણોનો કરીએ. વસ્તુમાં અનેક પ્રકારના ધર્મો હોય છે, તેમાં કેટલાક સાધારણ હોય છે, એટલે કે બીજી વસ્તુમાં પણ જોવામાં આવે છે અને કેટલાક અસાધારણ હોય છે, એટલે કે તે બીજી વસ્તુમાં જોવામાં આવતા નથી, માત્ર તેનામાં જ જોવામાં આવે છે. વસ્તુના આવા અસાધારણ ધર્મને લક્ષણ કહેવામાં આવે છે. '**असाधारणधर्मो लक्षणम् ।**' આ પ્રકારના લક્ષણ વડે વસ્તુને જાણી શકાય છે, ઓળખી શકાય છે, યાવત્ અનેક વસ્તુમાંથી તેને જૂદી પાડીને 'આ વસ્તુ તે આ જ છે' એવો નિર્ણય કરી શકાય છે.

'લક્ષણ કેવું હોવું જોઈએ ?' તેના ઉત્તરમાં વિદ્વાન પુરુષોએ કહ્યું છે કે 'વસ્તુના જે ધર્મ કે ગુણને લક્ષણ તરીકે કહેવાનો હોય, તે ધર્મ કે ગુણ એ વસ્તુમાં સર્વથા વ્યાપ્ત હોવો જોઈએ. દાખલા તરીકે સાસ્ના એટલે ગળાની ગોદડીને ગાયનું લક્ષણ કહેવામાં આવે છે, તો તે બધી ગાયોમાં હોય છે. અહીં સ્પષ્ટતા એટલી કે વસ્તુના જે ધર્મ કે ગુણને લક્ષણ તરીકે કહેવાનો હોય, તે ધર્મ કે ગુણ જો એ વસ્તુમાં સર્વથા વ્યાપ્ત ન હોય કે તે વસ્તુની બહાર પણ વ્યાપ્ત હોય અથવા તે વસ્તુમાં વ્યાપ્ત જ ન હોય, તો તેમાં અનુક્રમે અવ્યાપ્તિ, અતિવ્યાપ્તિ અને અસંભવ નામના દોષો ગણાય અને તે કારણે ઉક્ત લક્ષણોને યથાર્થ કહી શકાય નહિ.'

દાખલા તરીકે કપિલત્વને ગાયનું લક્ષણ કહીએ તો કેટલીક ગાયો કપિલ (-પીળા રંગની) હોય છે અને કેટલીક ગાયો કપિલ હોતી નથી, એટલે લક્ષણની સર્વથા વ્યાપ્તિ થઈ નહિ. માત્ર એક દેશમાં જ વ્યાપ્તિ થઈ, તેથી તેમાં અવ્યાપ્તિ નામનો દોષ આવ્યો. જો આવા દોષયુક્ત લક્ષણનો સ્વીકાર કરીએ તો જે ગાયો શ્વેત, કાળી, રાતી વગેરે રંગની હોય, તે બધી ગાયના વર્ગમાંથી બાકાત થાય, કારણ કે તેમાં કપિલત્વ નથી.

હવે શૃંગત્વને (-શિંગડાપણું) ગાયનું લક્ષણ કહીએ તો તે ગાય સિવાય અન્ય પશુઓમાં પણ જોવામાં આવે છે. જેમકે-ભેંસ, બકરાં, હરણ, રોઝ વગેરે. અહીં લક્ષણની મૂળ વસ્તુની બહાર પણ વ્યાપ્તિ થઈ, એટલે તેમાં અતિવ્યાપ્તિ નામનો દોષ આવ્યો. જો આવા દોષ-યુક્ત લક્ષણનો સ્વીકાર કરીએ તો ભેંસ, બકરાં, હરણ, રોઝ વગેરેને પણ ગાય કહેવાનો જ પ્રસંગ આવે, કારણ કે તે બધાને શૃંગ હોય છે.

હવે એક શફત્વ (એક છેદ) એટલે એક ખરી હોવી તેને ગાયનું લક્ષણ કહીએ તો ગાયને એક ખરી હોતી જ નથી, અવશ્ય બે હોય છે, તેથી તેમાં અસંભવ નામનો દોષ આવ્યો. જો આવા દોષયુક્ત લક્ષણનો સ્વીકાર કરીએ તો ગાયને ગાય કહી શકાય નહિ અને ઘોડા, ગધેડા વગેરે એક ખરીવાળાં પશુઓને ગાય કહેવાનો પ્રસંગ આવે.

તાત્પર્ય કે અવ્યાપ્તિ, અતિવ્યાપ્તિ અને અસંભવ એ ત્રણ દોષથી રહિત જે લક્ષણ હોય, તેને જ યથાર્થ લક્ષણ કહી શકાય અને તે જ વસ્તુની સાચી ઓળખાણ આપી શકે.

અહીં જ્ઞાન, દર્શન, ચારિત્ર, તપ, વીર્ય અને ઉપયોગને જીવનાં લક્ષણો કહેવામાં આવ્યાં છે, એટલે તે જીવના અસાધારણ ધર્મો છે. તે માત્ર જીવમાં જ જોવામાં આવે છે, અન્ય કોઈ પદાર્થમાં નહિ.

ઉત્તરાધ્યયનસૂત્રમાં કહ્યું છે કે '**जीवो उवओग-लक्खणो**–જીવ ઉપયોગ લક્ષણવાળો છે.' તત્ત્વાર્થસૂત્રમાં કહ્યું છે કે '**उपयोगो लक्षणम्**–જીવનું મુખ્ય લક્ષણ ઉપ-યોગ છે. અન્ય ગ્રન્થોમાં પણ કહ્યું છે કે '**उपयोगवत्त्वं जीवस्य लक्षणम्**–ઉપયોગવાળાપણું એ જીવનું લક્ષણ છે.' તાત્પર્ય કે જ્યાં જીવનું મુખ્ય લક્ષણ કે એક લક્ષણ કહેવાનો પ્રસંગ આવ્યો છે, ત્યાં પ્રાયઃ ઉપયોગનો જ નિર્દેશ કરવામાં આવ્યો છે.

અહીં પ્રશ્ન થવા સંભવ છે કે એક સ્થળે '**चेतना लक्षणो जीवः**' એમ કહ્યું અને અહીં '**जीवो उवओग लक्खणो**' એમ કહ્યું, તો બેમાંથી કોને ઠીક માનવું ?' તેનો ઉત્તર એ છે કે આ બે વિધાનોમાં પરસ્પર વિરોધ નથી, કેમકે ચેતનાનું સ્ફુરણ કે ચેતનાનો વ્યાપાર એ જ ઉપયોગ છે.

જે ઉપયોગ વસ્તુના સામાન્ય ધર્મને ગ્રહણ કરવા

માટે પ્રવર્તતો હોય, તે દર્શન કહેવાય છે અને વિશેષ ધર્મને ગ્રહણ કરવા માટે પ્રવર્તતો હોય, તે જ્ઞાન કહેવાય છે. અથવા 'આ કંઈક છે' એવો જે નિરાકાર ઉપયોગ, તે દર્શન છે અને 'આ અમુક છે' એવો જે સાકાર ઉપયોગ તે જ્ઞાન છે.

આપણને જીવનોપયોગી સર્વ માહિતી આ સાકાર ઉપયોગરૂપ જ્ઞાન વડે જ મળે છે. કહ્યું છે કે, '**सव्वाओ लद्धीओ सागारोवओगोवउत्तस्स** નો **अनागारोवओगोवउत्तस्स**–સર્વ લબ્ધિઓ સાકાર ઉપયોગવાળા આત્માને હોય છે, પણ અનાકાર ઉપયોગવાળા આત્માને હોતી નથી.' આ પરથી જ્ઞાનનું મહત્ત્વ સમજી શકાશે.

ઉપયોગ એ જીવનું લક્ષણ હોવાથી બધા જીવોમાં ઉપયોગ હોય છે, પણ તે સરખો કે સમાન હોતો નથી, કારણ કે તે કર્મના ક્ષયોપશમ પ્રમાણે જ વ્યક્ત થાય છે અને બધા જીવોનો કર્મનો ક્ષયોપશમ સરખો કે સમાન હોતો નથી.

સમય પરત્વે વિચાર કરીએ તો છદ્મસ્થ આત્માઓને દર્શનોપયોગ તથા જ્ઞાનોપયોગ વધારેમાં વધારે અંતર્મુહૂર્ત સુધી હોય છે. તેમાં દર્શનોપયોગ કરતાં જ્ઞાનોપયોગનો સમય સંખ્યાતગણો વધારે હોય છે. જ્યારે કેવલીઓને બંને ઉપયોગ એક એક સમયના જ હોય છે. અહીં એટલું યાદ રાખવું ઘટે કે જીવને એક જ

સમયે એક ઉપયોગ હોય છે, પણ બે ઉપયોગો હોતા નથી.

છદ્મસ્થ આત્માઓને પહેલો દર્શનોપયોગ હોય છે અને પછી જ્ઞાનોપયોગ હોય છે. વધારે સ્પષ્ટ કહીએ તો કોઈ પણ છદ્મસ્થ આત્માને જ્ઞેય પદાર્થનો સંબંધ થાય ત્યારે પ્રથમ અંતર્મુહૂર્તે 'આ કંઈક છે' એવો અવ્યક્ત બોધ થાય છે, તેને દર્શન કહેવામાં આવે છે. ત્યાર પછી જ્ઞાનમાત્રા વૃદ્ધિ પામતાં પામતાં અંતર્મુહૂર્ત કાળે અમૂક નિશ્ચિત અથવા વિશિષ્ટ બોધ થાય છે, તેને જ્ઞાન કહેવામાં આવે છે. પરંતુ કેવલી ભગવંતોની સ્થિતિ જૂદા પ્રકારની હોય છે. તેમને પહેલો જ્ઞાનોપયોગ હોય છે અને પછી દર્શનોપયોગ હોય છે.

દર્શનોપયોગ ચાર પ્રકારનો છે : (૧) અચક્ષુદર્શનોપયોગ, (૨) ચક્ષુદર્શનોપયોગ, (૩) અવધિદર્શનોપયોગ અને (૪) કેવલદર્શનોપયોગ. તેમાં ચક્ષુ સિવાયની બીજી ચાર ઇન્દ્રિયો તથા મનના નિમિત્તથી થતા અનાકાર ઉપયોગને અચક્ષુદર્શનોપયોગ કહેવાય છે, ચક્ષુનિમિત્તથી થતા અનાકાર ઉપયોગને ચક્ષુદર્શનોપયોગ કહેવાય છે, અવધિનિમિત્તથી અનાકાર ઉપયોગ થાય તે અવધિ–દર્શનોપયોગ કહેવાય છે અને કેવલજ્ઞાન થયા પછી જે સામાન્ય ઉપયોગ થાય છે, તેને કેવલદર્શનોપયોગ કહેવાય છે.

જ્ઞાનોપયોગ આઠ પ્રકારનો છે : (૧) મતિજ્ઞાનોપયોગ (૨) મતિ–અજ્ઞાનોપયોગ, (૩) શ્રુતજ્ઞાનોપયોગ, (૪) શ્રુત–

અજ્ઞાનોપયોગ, (૫) અવધિજ્ઞાનોપયોગ, (૬) વિભંગજ્ઞાનોપયોગ, (૭) મનઃપર્યવજ્ઞાનોપયોગ અને (૮) કેવલજ્ઞાનોપયોગ. તેમની ઓળખાણ આ પ્રમાણે સમજવી :

સમ્યક્ત્વધારી આત્માનો મતિજ્ઞાનરૂપ જે ઉપયોગ તે મતિજ્ઞાનોપયોગ અને મિથ્યાત્વી આત્માનો મતિઅજ્ઞાનરૂપ ઉપયોગ તે મતિઅજ્ઞાનોપયોગ. અહીં અજ્ઞાન શબ્દ જ્ઞાનનો અભાવ સૂચવતો નથી, પણ મોક્ષપ્રાપ્તિનું અનુપકારકપણું સૂચવે છે. અન્ય શબ્દોમાં કહીએ તો સમ્યક્ત્વધારી આત્માનું જ્ઞાન મોક્ષપ્રાપ્તિમાં ઉપકારક નીવડે છે, માટે તે જ્ઞાન છે અને મિથ્યાત્વી આત્માનું જ્ઞાન મોક્ષપ્રાપ્તિમાં ઉપકારક નીવડતું નથી, બલ્કે સંસાર વધારનારું હોય છે, માટે તે અજ્ઞાન છે.

સમ્યક્ત્વધારી આત્માનો શ્રુતજ્ઞાન રૂપ જે ઉપયોગ તે શ્રુતજ્ઞાનોપયોગ અને મિથ્યાત્વી આત્માનો શ્રુતજ્ઞાનરૂપ જે ઉપયોગ તે શ્રુત-અજ્ઞાનોપયોગ.

સમ્યકત્વધારી આત્માનો અવધિજ્ઞાનરૂપ જે ઉપયોગ તે અવધિજ્ઞાનોપયોગ અને મિથ્યાત્વી આત્માનો અવધિજ્ઞાનરૂપ જે ઉપયોગ તે વિભંગ જ્ઞાનોપયોગ.

સમ્યક્ત્વધારી આત્માનો મનઃપર્યવજ્ઞાનરૂપ જે ઉપયોગ તે મનઃપર્યવજ્ઞાનોપયોગ અને કેવલજ્ઞાનરૂપ જે ઉપયોગ, તે કેવલજ્ઞાનોપયોગ. મિથ્યાત્વીને મનઃપર્યવ અને કેવલજ્ઞાન થતું નથી, તેથી મનઃપર્યવ-અજ્ઞાનોપયોગ

અને કેવલજ્ઞાન–અજ્ઞાનોપયોગ નામના ઉપયોગના પ્રકારો સંભવતા નથી.

અહીં મતિજ્ઞાન આદિ પાંચ જ્ઞાન અંગે પણ થોડી સ્પષ્ટતા કરીએ. પાંચ ઇન્દ્રિયો અને છઠ્ઠા મનના નિમિત્ત વડે વસ્તુનો જે અર્થાભિમુખ નિશ્ચિત બોધ થાય, તે મતિજ્ઞાન કહેવાય. શ્રુત એટલે શબ્દના નિમિત્તથી ઇન્દ્રિયો અને મન વડે જે મર્યાદિત જ્ઞાન થાય, તે શ્રુતજ્ઞાન કહેવાય; ઇન્દ્રિય અને મનની મદદ વિના આત્માને અમુક ક્ષેત્રવર્તી–અમુક કાળવર્તી જે પ્રત્યક્ષ જ્ઞાન થાય, તે અવધિ-જ્ઞાન કહેવાય; ઇન્દ્રિય અને મનની મદદ વિના આત્માને મનના પર્યાયો સંબંધી જે પ્રત્યક્ષ જ્ઞાન થાય, તે મનઃપર્યવજ્ઞાન કહેવાય; તથા ઇન્દ્રિય અને મનની મદદ વિના આત્માને એક, નિર્મલ, પરિપૂર્ણ, અસાધારણ અને અનંત એવું જે પ્રત્યક્ષ જ્ઞાન થાય, તે કેવલજ્ઞાન કહેવાય.

જ્યારે કેવલજ્ઞાન ઉત્પન્ન થાય, ત્યારે મતિ, શ્રુત, અવધિ કે મનઃપર્યવજ્ઞાન હોતાં નથી, એટલે તેને એક કહેવામાં આવે છે. આ જ્ઞાનમાં કોઈપણ પ્રકારનો મલ હોતો નથી, એટલે તેને નિર્મલ કહેવામાં આવે છે. આ જ્ઞાનમાં કોઈ જાતની અપૂર્ણતા હોતી નથી, એટલે તેને પરિપૂર્ણ કહેવામાં આવે છે. આ જ્ઞાન સાધારણ એટલે સામાન્ય નથી, માટે તેને અસાધારણ કહેવાય છે અને આ જ્ઞાન અંતરહિત છે, એટલે તેને અનંત કહેવાય છે.

મતિજ્ઞાનના અઠ્ઠાવીસ ભેદો છે, શ્રુતજ્ઞાનના ચૌદ ભેદો

છે, અવધિજ્ઞાનના છ ભેદો છે, મનઃપર્યવજ્ઞાનના બે ભેદો છે અને કેવલજ્ઞાનનો એક ભેદ છે. આ રીતે પાંચ જ્ઞાનના કુલ એકાવન ભેદો છે, તે અન્ય ગ્રંથોથી જાણવા.

ઉપર જણાવેલા આઠ પ્રકારના જ્ઞાન (પાંચ જ્ઞાન તથા ત્રણ અજ્ઞાન)માંથી ગમે તે એક અથવા અધિક જ્ઞાન હીનાધિક પ્રમાણવાળું દરેક જીવને હોય છે જ, તેથી જ્ઞાનને જીવનું લક્ષણ કહ્યું છે. વળી ઉપર જણાવેલા ચાર પ્રકારનાં દર્શનો પૈકી એક અથવા અધિક દર્શન હીનાધિક પ્રમાણવાળું દરેક જીવને હોય છે જ, તેથી તેને પણ જીવનું લક્ષણ કહ્યું છે. આ બંનેના મૂળમાં ઉપયોગ રહેલો છે, એટલે તેનો પણ અહીં પૃથક્ લક્ષણ તરીકે નિર્દેશ કરવામાં આવ્યો છે.

અપર્યાપ્ત સૂક્ષ્મ એકેન્દ્રિય જીવોથી માંડીને સિદ્ધ પરમાત્મા સુધીના સર્વ જીવો જેમ જ્ઞાન અને દર્શનથી યુક્ત હોય છે, તેમ ચારિત્રથી પણ યુક્ત હોય છે; વળી આ ગુણ અન્ય કોઈ પદાર્થમાં હોતો નથી, તેથી જ ચારિત્રને જીવનું લક્ષણ માનવામાં આવ્યું છે. અહીં ચારિત્રથી આત્માનું એ આચરણ અભિપ્રેત છે કે જેને પ્રશસ્ત અથવા શુભ કહેવામાં આવે છે[૫] અને જે પરંપરાએ મોક્ષની પ્રાપ્તિ કરાવે છે.[૬]

'આવું ચારિત્ર ગાઢ મોહનીય કર્મથી આવૃત્ત થયેલા

૫. चरन्ति अनिन्दितमनेनेति चारित्रम् ।

૬. चर्यंते गम्यते अनेन निर्वृताविति चारित्रम् ।

જીવોને કેમ સંભવે ?' એ પ્રશ્નનો ઉત્તર એ છે કે સૂર્ય કાળાં વાદળાંઓથી ઘેરાએલો હોય તો પણ તેનો કેટલોક પ્રકાશ પૃથ્વી પર પહોંચે છે અને તેથી દિવસ અને રાત્રિનો ભેદ જણાય છે. જો એ વખતે સર્વથા અંધકાર વ્યાપી જાય, તો દિવસ અને રાત્રિનો ભેદ જણાય નહિ, પણ તેમ બનતું નથી. આ જ રીતે જીવ ગમે તેવા ગાઢ મોહનીય કર્મથી આવૃત્ત હોય, તો પણ તેના કેટલાક પર્યાયો નિરાવરણ રહે છે, તેથી એ અવસ્થામાં પણ કિંચિત્ ચારિત્ર સંભવે છે. અલબત્ત, આને આપણે ચારિત્રનો અનંતમો ભાગ કહી શકીએ.

આત્માના ચારિત્રગુણને ઢાંકનારું મોહનીય કર્મ છે. તે જેમ જેમ ઓછું થતું જાય, તેમ તેમ ચારિત્રનો વિકાસ થાય છે અને જ્યારે તેનો સર્વથા ક્ષય થાય, ત્યારે ચારિત્ર ગુણ સર્વાંશે ખીલી નીકળે છે. ક્ષીણમોહી મુનિવરોને, દેહધારી કેવલી ભગવંતોને તથા સિદ્ધ પરમાત્માઓને આવું સર્વાંશે સંપૂર્ણ ચારિત્ર હોય છે.

ચારિત્રનો વિશેષ પરિચય સંવર–તત્ત્વના વર્ણન-પ્રસંગે અપાશે.

જ્ઞાન, દર્શન અને ચારિત્રની જેમ તપ પણ જીવનો સ્વાભાવિક ગુણ છે અને તે દરેક જીવમાં હીનાધિક પ્રમાણમાં અવશ્ય હોય છે; વળી તે અન્ય પદાર્થમાં કથંચિત્ પણ જણાતો નથી, તેથી જ તેને જીવનું લક્ષણ માનવામાં આવ્યું છે.

અહીં 'તપ' ગુણથી તૃષ્ણા કે ઇચ્છાનો અભાવ અભિપ્રેત છે. તાત્પર્ય કે જ્યારે જીવને કોઈ પણ પ્રકારની તૃષ્ણા કે ઇચ્છા રહે નહિ, ત્યારે તેનો તપગુણ સંપૂર્ણપણે વિકાસ પામેલો મનાય છે. વીતરાગ દશાને પામેલા સર્વજ્ઞ ભગવંતોને આ પ્રકારનો તપગુણ હોય છે.

અહીં કોઈ એમ કહેતું હોય કે 'જો સર્વજ્ઞ ભગવંતોમાં તપગુણ સંપૂર્ણપણે વિકાસ પામેલો હોય તો તેઓ આહાર શા માટે કરે?' તેનો ઉત્તર એ છે કે 'સર્વજ્ઞ ભગવંતો ઇચ્છાને આધીન થઈને આહાર ગ્રહણ કરતા નથી, પણ ઔદારિક કાયાના ટકાવ માટે જ આહાર ગ્રહણ કરે છે. જેમ વ્યાધિ શાંત કરવા માટે લીધેલું ઔષધ ઇચ્છાપૂર્વક લીધેલું ન કહેવાય, તેમ સર્વજ્ઞ ભગવંતોએ કાયાના ટકાવ માટે ગ્રહણ કરેલો આહાર ઇચ્છાપૂર્વક ગ્રહણ કરેલો ન ગણાય. તાત્પર્ય કે તેથી તેમના તપગુણને જરાપણ હાનિ પહોંચતી નથી.[૭]

'ઇચ્છાનિરોધરૂપી તપ નિકૃષ્ટ કોટિના જીવોમાં શી રીતે સંભવે!' તેનો ઉત્તર એ છે કે 'જીવના તપગુણને ઢાંકનાર મોહનીય તથા વીર્યાન્તરાય કર્મ છે. તો પણ તેનો અલ્પ અંશ સર્વ જીવોમાં ઉઘાડો હોય છે, તેથી નિકૃષ્ટ કોટિના જીવોમાં પણ તે કિંચિત્ સંભવે છે.'

૭. ચારિત્રની મહત્તા તથા તેનું સ્વરૂપ વિસ્તારથી સમજાવવા માટે અમોએ ધર્મબોધ ગ્રન્થમાળાનું નવમું પુષ્પ 'ચારિત્ર-વિચાર' લખેલું છે, તે જિજ્ઞાસુઓએ અવશ્ય જોવું.

ઇચ્છાનો નિરોધ કરવામાં અનશનાદિ છ પ્રકારની બાહ્ય તપશ્ચર્યાઓ અને પ્રાયશ્ચિત્તાદિ છ પ્રકારની અભ્યંતર તપશ્ચર્યાઓ સહાયભૂત થાય છે, તેથી વ્યવહાર દૃષ્ટિએ તેમને પણ તપ કહેવામાં આવે છે. આ બાર પ્રકારની તપશ્ચર્યાનો પરિચય આગળ નિર્જરા–તત્ત્વના વર્ણન–પ્રસંગે અપાશે.[૮]

આ લોકમાં જુદા જુદા સ્વરૂપે રહેલા સર્વ જીવો વીર્યગુણથી વિભૂષિત હોય છે અને તેવો વીર્યગુણ અન્ય કોઈ પદાર્થમાં હોતો નથી, તેથી જ તેને જીવનું લક્ષણ માનવામાં આવ્યું છે.

અહીં વીર્યગુણથી જીવનું તે સામર્થ્ય કે જીવનની તે શક્તિ અભિપ્રેત છે કે જે કારણરૂપે–સાધનરૂપે જીવની પાસે મન–વચન–કાયાની પ્રવૃત્તિ કરાવે છે અને લબ્ધિરૂપે જ્ઞાન–દર્શનાદિના ઉપયોગમાં પ્રવર્તાવે છે.

આ વીર્યગુણ સર્વજ્ઞ ભગવંતોમાં સર્વાંશે પ્રકટ થયેલો હોય છે અને બાકીના જીવોને વીર્યાન્તરાયના ક્ષયોપશમ પ્રમાણે હીનાધિક પ્રમાણમાં પ્રકટેલો હોય છે.

અહીં જીવનાં જે છ લક્ષણો કહેવામાં આવ્યાં છે, તે સત્તાથી તો સર્વ જીવોને સરખા જ હોય છે, પરંતુ સકર્મ જીવોને કર્મના પ્રભાવ અનુસાર તે હીનાધિક

---

૮. તપની મહત્તા તથા તેના સ્વરૂપનો વિસ્તૃત પરિચય અમોએ ધર્મબોધ-ગ્રન્થમાળાના બારમા પુષ્પ 'તપનાં તેજ'માં તથા જૈન શિક્ષાવલીની પ્રથમ શ્રેણીના આઠમા પુષ્પ 'તપની મહત્તા'માં આપેલો છે, તે જિજ્ઞાસુઓએ જરૂર જોવો.

પ્રમાણમાં પ્રકટ થાય છે અને અકર્મ જીવોને તે સર્વ લક્ષણો સંપૂર્ણપણે પ્રકટ થાય છે.

**(૧) ઉપક્રમ :**

જીવતત્ત્વનું વર્ણન ચાલી રહ્યું છે. તેમાં પ્રથમ અપેક્ષાકૃત જીવના ભેદો કહ્યા, પછી શાસ્ત્રપ્રસિદ્ધ જીવના ચૌદ ભેદોનું વર્ણન કર્યું, બાદ જીવની સ્પષ્ટ ઓળખાણ આપવા માટે જીવનાં છ લક્ષણો જણાવ્યાં. હવે પર્યાપ્તિઓના પ્રકાર અને તે કયા જીવને કેટલી પર્યાપ્તિ હોય? તે જણાવવા માટે છઠ્ઠી ગાથા આ પ્રમાણે કહે છે :

**(૨) મૂળ ગાથા :**

**आहार–सरीर–इंदियपज्जत्ती आणपाण–भास–मणे ।**
**चऊ पंच पंच छप्पि य इग–विगलऽसन्नि–सन्नीणं ॥ ६ ॥**

**(૩) સંસ્કૃત છાયા :**

**आहार–शरीरेन्द्रिय–पर्याप्तय आनप्राण–भाषा मनांसि ।**
**चतस्रःपञ्च पञ्च षडपि, चैकविकलाऽसंज्ञि–संज्ञिनाम् ॥ ६ ॥**

**(૪) શબ્દાર્થ :**

आहार–આહાર, આહારપર્યાપ્તિ.

आहार અને सरीर અને इंदिय રૂપ पज्जत्ती તે आहार–सरीर–इंदिय–पज्जत्ती. आहार–આહારપર્યાપ્તિ.

सरीर–શરીર, શરીરપર્યાપ્તિ.

इंदिय पज्जत्ती–ઇન્દ્રિયપર્યાપ્તિ.

आणपाण–શ્વાસોચ્છ્વાસ પર્યાપ્તિ.

आणपाण અને भास અને मण તે आणपाण–भास–मणे. आणपाण–શ્વાસોચ્છ્વાસ, શ્વાસોચ્છ્વાસપર્યાપ્તિ.

भास–ભાષા, ભાષાપર્યાપ્તિ.

मणे–મનઃ, મનઃપર્યાપ્તિ.

चउ–ચાર.

पंच–પાંચ.

छप्पि–છ પણ.

य–અને.

इग–એક, એક ઇન્દ્રિયવાળા જીવોને.

इग અને विगल તે इग–विगल. इग–એક, विगल–વિકલેન્દ્રિય. વિકલેન્દ્રિય જીવોને.

असन्नि–અસંજ્ઞી. પંચેન્દ્રિય જીવોને.

विगल તથા असन्नि પદની સંધિ થવાથી विगलाऽसन्नि–એવું પદ બનેલું છે.

सन्नीणं–સંજ્ઞી પંચેન્દ્રિય જીવોને.

## (૫) અર્થ–સંકલના :

**આહારપર્યાપ્તિ, શરીરપર્યાપ્તિ, ઇન્દ્રિય-પર્યાપ્તિ, શ્વાસોચ્છ્વાસ પર્યાપ્તિ, ભાષાપર્યાપ્તિ અને મનઃપર્યાપ્તિ એ છ પર્યાપ્તિઓ છે. એકેન્દ્રિય જીવો, વિકલેન્દ્રિય જીવો અસંજ્ઞી પંચેન્દ્રિય જીવો તથા**

**સંજ્ઞી પંચેન્દ્રિય જીવો અનુક્રમે ચાર, પાંચ, પાંચ અને છ પર્યાપ્તિને યોગ્ય હોય છે.**

**(૬) વિવેચન :**

જીવ જ્યારે એક સ્થૂલ શરીરનો ત્યાગ કરીને બીજું સ્થૂલ શરીર ધારણ કરે છે, ત્યારે ભાવી જીવનયાત્રા માટે તે પોતાના નવીન જન્મક્ષેત્રમાં એકી સાથે પુદ્ગલનો કેટલોક ઉપચય કરે છે, તેને અથવા તેનાથી ઉત્પન્ન થતી પૌદ્ગલિક શક્તિને પર્યાપ્તિ કહેવામાં આવે છે.

આ પર્યાપ્તિ જીવનું કરણવિશેષ છે, એટલે કે એક પ્રકારનું સાધન છે; કારણ કે તેના વડે જીવ આહાર ગ્રહણ, શરીરનિર્વર્તન આદિ ક્રિયાઓ કરવામાં સમર્થ બને છે.

બૃહત્ સંગ્રહણીમાં કહ્યું છે કે—

**आहारसरीरिंदिय, ऊसास वओ मणोऽभिनिव्वत्ती।**
**होइ जओ दलियाओ, करणं पइ सा उ पज्जत्ती॥**

વ્યાખ્યા : '**आहारशरीरेन्द्रियोच्छ्वास वचोमनसाम-भिनिर्वृत्तिरभिनिष्पत्तिर्यतो दलिकाद्दलभूतात् पुद्गलसमूहात्तस्य दलिकस्य स्व-स्वविषये परिणमनं प्रति यत् करणं शक्तिरूपं सा पर्याप्ति।**'

અર્થાત્—જે દલિકરૂપ પુદ્ગલસમૂહથી આહાર, શરીર, ઇન્દ્રિય, ઉચ્છ્વાસ, વચન અને મનની રચના થાય છે, તે દલિકોનું પોતપોતાના વિષયરૂપે પરિણમન કરવા પ્રતિ જે શક્તિરૂપ કરણ, તે પર્યાપ્તિ કહેવાય છે.

થોડાં વિવેચનથી આ વસ્તુ વધારે સ્પષ્ટ થશે. જીવ નવા જન્મસ્થાને આવતાંની સાથે જ જીવનયાત્રામાં ઉપયોગી થાય એવા પુદ્ગલો ગ્રહણ કરવા માંડે છે અને એ રીતે પુદ્ગલોનો કેટલોક ઉપચય એટલે સંઘાત કે જથ્થો તૈયાર થાય છે, તેથી જીવ એ કર્તા છે.

પુદ્ગલના ઉપચયથી એક પ્રકારની શકિત ઉત્પન્ન થાય છે. તેના વડે જીવ આહારગ્રહણ, શરીરનિર્વર્તન આદિ માટે સમર્થ બને છે, તેથી પુદ્ગલોપચયથી ઉત્પન્ન થતી શક્તિ એ જીવનું કરણ છે.

પર્યાપ્તિરૂપ કરણ વડે આહારાદિનું પોતપોતાના વિષયમાં પરિણમન થાય છે, એટલે આહારગ્રહણ, શરીર નિર્વર્તન આદિ ક્રિયાઓ છે.

જીવમાં કોઈ પણ દેહ ધારણ કરીને જીવવાની શક્તિ છે, પણ તે પર્યાપ્તિ વિના પ્રકટ થતી નથી. અન્ય શબ્દોમાં કહીએ તો જીવને દેહધારી તરીકે જીવવું હોય તો પર્યાપ્તિ દ્વારા જ એમ કરી શકાય છે, તેથી સંસારી જીવ માટે પર્યાપ્તિ એ અતિ અગત્યની વસ્તુ છે.

પર્યાપ્તિના છ પ્રકારો છે: (૧) આહારપર્યાપ્તિ, (૨) શરીરપર્યાપ્તિ, (૩) ઇન્દ્રિયપર્યાપ્તિ, (૪) શ્વાસોચ્છ્વાસપર્યાપ્તિ, (૫) ભાષાપર્યાપ્તિ અને (૬) મનઃપર્યાપ્તિ.

તત્ત્વાર્થભાષ્યમાં મનઃપર્યાપ્તિનો ઇન્દ્રિયપર્યાપ્તિમાં સમાવેશ કરી પર્યાપ્તિઓની સંખ્યા પાંચ માની છે, પણ આગમાદિ સાહિત્યમાં છ પર્યાપ્તિઓની પ્રસિદ્ધિ છે.

અહીં પ્રશ્ન થવા સંભવ છે કે 'શાસ્ત્રકારે મનને અનિન્દ્રિય કહ્યું છે, તો ઇન્દ્રિયના ગ્રહણથી મનનું ગ્રહણ કેમ થાય?' તેનું સમાધાન એમ કરવામાં આવ્યું છે કે 'જેમ શબ્દાદિ વિષયને ગ્રહણ કરનાર સાક્ષાત્ ચક્ષુ આદિ છે, તેવું મન નથી. તો પણ મન સુખાદિને સાક્ષાત્ ગ્રહણ કરનાર છે, તેથી મન સંપૂર્ણપણે ઇન્દ્રિય ન હોવા છતાં, ઇન્દ્ર એટલે આત્માનું લિંગ હોવાથી ઇન્દ્રિય પણ છે.'

અહીં પાંચ પર્યાપ્તિઓ કહી છે, તે બાહ્ય કરણની અપેક્ષાએ જાણવી. મન તો અંતઃકરણ એટલે અંદરનું કરણ છે, તેથી મનઃ પર્યાપ્તિને જૂદી માનવામાં કોઈ દોષ નથી.

હવે છ પર્યાપ્તિનું સ્વરૂપ જણાવીશું.

**(૧) આહારપર્યાપ્તિ :**

જીવ પુદ્ગલોપચયથી ઉત્પન્ન થયેલી જે શકિત વડે આહાર ગ્રહણ કરી તેને ખલ તથા રસપણે પરિણમાવે તે શકિતને આહાર પર્યાપ્તિ કહેવાય. અહીં ખલ શબ્દથી મળમૂત્રાદિ રૂપ અસાર પુદ્ગલો અને રસ શબ્દથી સાત ધાતુ રૂપે પરિણમવા યોગ્ય જલ જેવો પ્રવાહી પદાર્થ સમજવાનો છે.

કોઈ ખલ શબ્દથી અસ્થિર આદિ સ્થિર અવયવો બની શકે તેવો પદાર્થ પણ કહે છે.

છ યે પર્યાપ્તિને યોગ્ય પુદ્ગલોનું ગ્રહણ કરવું, તેને અહીં 'આહાર' કહેવામાં આવ્યો છે. આહાર ત્રણ પ્રકારનો છે : ઓજ આહાર, રોમ આહાર કે લોમ આહાર અને કવલ આહાર.

કાર્મણ યોગ દ્વારા પ્રથમ સમયમાં જે પુદ્ગલસમૂહ ગ્રહણ કરવામાં આવે છે, તે ઓજ આહાર. સ્પર્શનેન્દ્રિય દ્વારા જે આહાર ગ્રહણ કરવામાં આવે છે, તે રોમ આહાર. રોમકૂપ દ્વારા ક્ષણે ક્ષણે પુદ્ગલો ગ્રહણ થાય છે. સૂર્યના તાપથી સંતપ્ત અને તૃષાતુર પથિક વૃક્ષની છાયામાં જઈને રોમકૂપ દ્વારા ઠંડીના પુદ્ગલો ગ્રહણ કરે છે અને તેથી પરમ શાંતિ અનુભવે છે. જે આહાર મુખ વડે ગ્રહણ થાય છે, તેને કવલ આહાર કહેવામાં આવે છે.

## (૨) શરીરપર્યાપ્તિ :

જીવ પુદ્ગલોપચયથી ઉત્પન્ન થયેલી જે શક્તિ વડે રસરૂપે (પ્રવાહીરૂપે) પરિણમાવેલા આહારને રસ (ધાતુવિશેષ), રુધિર, માંસ, મેદ, અસ્થિ, મજ્જા અને વીર્ય એ સપ્તધાતુ રૂપે પરિણમાવે, તે શરીરપર્યાપ્તિ કહેવાય. શરીરને બાંધવા માટે ઉપયોગી પદાર્થ તે ધાતુ. આયુર્વેદે પણ સપ્તધાતુનો સિદ્ધાંત સ્વીકારેલો છે. આ વ્યાખ્યા ઔદારિક શરીરને અનુલક્ષીને સમજવી. અન્ય શરીરમાં તે તે પ્રકારની શરીરસામગ્રી સમજવી.

## (૩) ઇન્દ્રિયપર્યાપ્તિ :

જીવ પુદ્ગલોપચયથી ઉત્પન્ન થયેલી જે શક્તિ વડે શરીર રૂપે પરિણમાવેલા પુદ્ગલોમાંથી ઇન્દ્રિયયોગ્ય પુદ્ગલો ગ્રહણ કરીને તેને ઇન્દ્રિયરૂપે પરિણમાવે તે શક્તિને ઇન્દ્રિયપર્યાપ્તિ કહેવાય. ઇન્દ્રિયો પાંચ પ્રકારની છે, એ હકીકત આગળ કહેવાઈ ગઈ છે.

## (૪) શ્વાસોચ્છ્વાસપર્યાપ્તિ :

જીવ પુદ્ગલોપચયથી ઉત્પન્ન થયેલી જે શક્તિ વડે શ્વાસોચ્છ્વાસયોગ્ય વર્ગણા( પુદ્ગલના વિશિષ્ટ સમૂહ ) ને ગ્રહણ કરી શ્વાસોચ્છ્વાસ રૂપે પરિણમાવી, અવલંબીને વિસર્જન કરે, તે શક્તિને શ્વાસોચ્છ્વાસપર્યાપ્તિ કહેવાય. અવલંબીને એટલે અવલંબનપૂર્વક, વિશિષ્ટ પ્રયાસપૂર્વક.

જે વસ્તુને એકદમ છોડવી હોય, તે વસ્તુને છોડતાં પહેલાં કંઈક પ્રયાસ કરવો પડે છે, તે પ્રયાસને અહીં અવલંબન સમજવાનો છે. ધનુષ્યમાંથી બાણ ફેંકવું હોય તો પણછ પર ચડાવી પાછું ખેંચવું પડે છે, અથવા કૂદકો મારવો હોય તો પ્રથમ શરીરના કેટલાક ભાગને સંકોચવો પડે છે. અહીં પણછ પર ચડાવેલા બાણને પાછા ખેંચવાની ક્રિયા અને પ્રથમ કરેલા અંગ સંકોચને અવલંબન સમજવાનું છે; કારણ કે તેના આધારે જ ઉક્ત ક્રિયાઓ યથાર્થપણે થાય છે.

બહારના વાયુને શરીરની અંદર ખેંચવો અને અંદરના વાયુને બહાર કાઢવો, તે શ્વાસોચ્છ્વાસ કહેવાય છે.

આ ક્રિયા માત્ર ફેફસાં દ્વારા જ થતી નથી, પરંતુ ચર્મછિદ્રો દ્વારા પણ થાય છે. જો ફેફસાંને જ શ્વાસોચ્છ્વાસનું સાધન માની લઈએ તો વનસ્પતિકાય તથા તેની કોટિના બીજા જીવોને શ્વાસોચ્છ્વાસની ક્રિયા સંભવે નહિ, કારણ કે તેમાં ફેફસાં હોતાં નથી; પરંતુ સિદ્ધાંતમાં તેમને શ્વાસોચ્છ્વાસની ક્રિયા કહેલી છે, કારણ કે સમસ્ત શરીરદ્વારા પણ શ્વાસ લેવા–મૂકવાની ક્રિયા થાય છે. લીમડાના વૃક્ષ નીચે સૂવાથી આરોગ્ય સુધરે છે, આંબલીના વૃક્ષ નીચે સૂવાથી આરોગ્ય બગડે છે, વગેરે વિધાનો તેના શરીરદ્વારા નીકળતા ચોકસ પ્રકારના શ્વાસને આધારે થયેલા છે.

### (૫) ભાષાપર્યાપ્તિ :

જીવ પુદ્ગલોપચયથી ઉત્પન્ન થયેલી જે શક્તિ વડે ભાષાયોગ્ય વર્ગણાને ગ્રહણ કરી, ભાષારૂપે પરિણમાવી અવલંબીને વિસર્જન કરે, તે શક્તિને ભાષાપર્યાપ્તિ કહેવાય.

### (૬) મનઃપર્યાપ્તિ :

જીવ પુદ્ગલોપચયથી ઉત્પન્ન થયેલી જે શક્તિ વડે મનયોગ્ય વર્ગણાને ગ્રહણ કરી, મનરૂપે પરિણમાવી, અવલંબીને વિસર્જન કરે, તે શક્તિને મનઃ પર્યાપ્તિ કહેવાય.

## પર્યાપ્તિઓનો પરસ્પર સંબંધ :

પ્રથમની ત્રણ પર્યાપ્તિઓના કાર્યનો પરસ્પર સંબંધ છે. આહારપર્યાપ્તિથી રસાદિરૂપે પરિણમાવેલ આહારને

શરીરપર્યાપ્તિ શરીરરૂપે પરિણમાવે છે અને ઇન્દ્રિય-પર્યાપ્તિ એ શરીરમાંથી ઇન્દ્રિયયોગ્ય પુદ્ગલો ગ્રહણ કરીને ઇન્દ્રિયરૂપે પરિણમાવે છે. બાકીની ત્રણ પર્યાપ્તિઓનું કાર્ય પરસ્પર સંબંધ ધરાવતું નથી, કેમકે શ્વાસોચ્છ્વાસ, ભાષા અને મનઃપર્યાપ્તિ પોતાની સ્વતંત્ર વર્ગણામાંથી પુદ્ગલો ગ્રહણ કરે છે.

## કયા જીવો કેટલી પર્યાપ્તિને યોગ્ય છે ?

'કયા જીવો કેટલી પર્યાપ્તિને યોગ્ય છે?' એ પ્રશ્નનો ઉત્તર ગાથાના ઉત્તરાર્ધમાં અપાયેલો છે. તેમાં જણાવ્યું છે કે એકેન્દ્રિય જીવો ચાર પર્યાપ્તિઓને યોગ્ય હોય છે, વિકલેન્દ્રિય જીવો તથા અસંજ્ઞી પંચેન્દ્રિય જીવો પાંચ પર્યાપ્તિઓને યોગ્ય હોય છે અને સંજ્ઞી પંચેન્દ્રિય જીવો છ પર્યાપ્તિઓને યોગ્ય હોય છે. અહીં ચાર, પાંચ અને છ ની સંખ્યા પર્યાપ્તિના ક્રમ મુજબ સમજવાની છે, એટલે કે એકેન્દ્રિય જીવો આહાર, શરીર, ઇન્દ્રિય અને શ્વાસોચ્છ્વાસ એ ચાર પર્યાપ્તિને યોગ્ય હોય છે, વિકલેન્દ્રિય અને અસંજ્ઞી પંચેન્દ્રિય જીવો એ ચાર પર્યાપ્તિઓ ઉપરાંત પાંચમી ભાષાપર્યાપ્તિને પણ યોગ્ય હોય છે અને સંજ્ઞી પંચેન્દ્રિય જીવો એ પાંચ પર્યાપ્તિઓ ઉપરાંત છઠ્ઠી મનઃપર્યાપ્તિને પણ યોગ્ય હોય છે.

## પર્યાપ્તિનો પ્રારંભ અને સમાપ્તિ :

જે જીવો જેટલી પર્યાપ્તિઓને યોગ્ય હોય છે, તે બધી પર્યાપ્તિઓનો પ્રારંભ તો એક સાથે જ કરે છે પણ

તેની સમાપ્તિ અનુક્રમે કરે છે. દાખલા તરીકે સંજ્ઞી પંચેન્દ્રિય એવો ગર્ભજ મનુષ્ય છ પર્યાપ્તિઓને યોગ્ય છે, તો મનુષ્યના ગર્ભસ્થાનમાં આવેલો જીવ ઉત્પત્તિના પ્રથમ સમયે પોતાને યોગ્ય છ યે પર્યાપ્તિઓનો પ્રારંભ કરે છે, તેમાં પ્રથમ આહારપર્યાપ્તિ પૂર્ણ કરે છે, પછી શરીરપર્યાપ્તિ, પછી ઇન્દ્રિયપર્યાપ્તિ, એ પ્રમાણે છ યે પર્યાપ્તિ અનુક્રમે પૂર્ણ કરે છે.

## પર્યાપ્તિનો કાલ :

સર્વ જીવો આહારપર્યાપ્તિ પ્રથમ સમયે પૂરી કરે છે અને શરીરાદિ અન્ય પર્યાપ્તિઓ ત્યાર બાદ અંતર્મુહૂર્તે પૂરી કરે છે.

'જીવ આહારપર્યાપ્તિ એક જ સમયમાં પૂરી કરે છે, તેમ બીજી પર્યાપ્તિઓ પણ એક જ સમયમાં કેમ પૂરી કરતો નથી ?' તેનો ઉત્તર એ છે કે 'આ પર્યાપ્તિઓનું કાર્ય ઉત્તરોત્તર સૂક્ષ્મ છે, તેથી અધિક પુદ્ગલના ઉપચયની અપેક્ષા રાખે છે, એટલે તે પર્યાપ્તિઓને પૂરી કરતાં અનુક્રમે વધારે વાર લાગે છે. અહીં સૂતર કાંતનારી છ સ્ત્રીઓનું દૃષ્ટાંત વિચારણીય છે.

છ સ્ત્રીઓ એક શેર સૂતર લઈને કાંતવા બેસે તો સ્થૂલ એટલે જાડું સૂતર કાંતનારી સ્ત્રી સહુથી પહેલી કાંતિ રહે, તેનાથી સૂક્ષ્મ એટલે ઝીણું કાંતનારી સ્ત્રી તેની પછી કાંતી રહે, તેથી ઝીણું સૂતર કાંતનારી તેની પછી કાંતી રહે. આ રીતે સહુથી ઝીણું કાંતનારી સ્ત્રી

સહુથી છેલ્લું કાંતી રહે. પર્યાપ્તિઓના વિષયમાં પણ આ પ્રમાણે જ સમજવું.

## પર્યાપ્તિની અપેક્ષાએ જીવના ચાર ભેદો :

ચોથી ગાથામાં જીવનું વર્ણન કરતાં અપર્યાપ્ત અને પર્યાપ્ત એવા બે ભેદો જણાવેલા છે, તે પર્યાપ્તિને આધીન છે. તાત્પર્ય કે જે જીવ સ્વયોગ્ય પર્યાપ્તિઓ પૂર્ણ કર્યા વિના જ મૃત્યુ પામે, તે અપર્યાપ્ત કહેવાય છે અને પૂર્ણ કર્યા પછી મૃત્યુ પામે, તે પર્યાપ્ત કહેવાય છે. આ અપર્યાપ્ત અને પર્યાપ્તના લબ્ધિ અને કરણથી બે-બે ભેદો પડે છે, એટલે કે પર્યાપ્તિની અપેક્ષાએ જીવના કુલ ચાર ભેદો પડે છે.

(૧) **લબ્ધિ-અપર્યાપ્ત :** જે જીવ સ્વયોગ્ય પર્યાપ્તિ-ઓ પૂર્ણ કરતાં પહેલાં જ મૃત્યુ પામે, તે લબ્ધિ-અપર્યાપ્ત કહેવાય. આવો જીવ પ્રથમની ત્રણ પર્યાપ્તિઓ તો પૂરી કરે જ છે, કારણ કે તે સિવાય નવા ભવનું આયુષ્ય બંધાતું નથી. પરંતુ તે એકેન્દ્રિય હોય તો ચોથી પર્યાપ્તિ અધૂરી રહે છે, વિકલેન્દ્રિય કે અસંજ્ઞી પંચેન્દ્રિય હોય તો ચોથી અને પાંચમી પર્યાપ્તિ અધૂરી રહે છે અને સંજ્ઞી પંચેન્દ્રિય હોય તો ચોથી, પાંચમી અને છઠ્ઠી પર્યાપ્તિ અધૂરી રહે છે.

અહીં લબ્ધિ શબ્દ પૂર્વબદ્ધ-કર્મજન્ય-યોગ્યતાને સૂચવનારો છે. તાત્પર્ય કે જીવે પૂર્વકાલે જે અપર્યાપ્ત

નામકર્મ બાંધેલું છે, તેનો ઉદય આવતાં તેને આવું અપર્યાપ્તપણું પ્રાપ્ત થાય છે.

આ લબ્ધિ અપર્યાપ્તપણાનો કાલ પૂર્વભવમાંથી છૂટે તે સમયથી માંડીને ઉત્પત્તિસ્થાને આવી ઇન્દ્રિયપર્યાપ્તિ પૂરી કરે ત્યાં સુધીનો અંતર્મુહૂર્તપ્રમાણ હોય છે. અહીં એટલી સ્પષ્ટના ઉચિત છે કે આવો જીવ જ્યારે અંતરાલ-ગતિમાં હોય, એટલે કે પ્રથમનો દેહ છોડીને નવો દેહ ગ્રહણ કરવા માટે ગતિ કરતો હોય, ત્યારે પણ તે લબ્ધિ અપર્યાપ્ત જ કહેવાય છે.

(૨) **લબ્ધિ-પર્યાપ્ત :** જે જીવ પોતાના મૃત્યુ પહેલાં સ્વયોગ્ય સર્વ પર્યાપ્તિઓ અવશ્ય પૂર્ણ કરવાનો છે, તે જીવ એ પર્યાપ્તિઓ પૂર્ણ કર્યા પહેલાં અને પૂર્ણ કર્યા પછી પણ લબ્ધિ-પર્યાપ્ત કહેવાય છે. જીવને આવું પર્યાપ્તપણું પૂર્વે બાંધેલા પર્યાપ્તનામ કર્મના ઉદયથી પ્રાપ્ત થાય છે.

આ લબ્ધિ-પર્યાપ્તપણાનો કાલ જીવ પ્રથમ ભવથી છૂટે તે જ સમયથી સંપૂર્ણ ભવપર્યંત એટલે દેવને ૩૩ સાગરોપમ, મનુષ્યને ૩ પલ્યોપમ ઇત્યાદિ હોય છે. આવો જીવ અંતરાલગતિમાં પણ લબ્ધિ-પર્યાપ્ત જ કહેવાય છે.

(૩) **કરણ-અપર્યાપ્ત :**

જીવ જ્યાં સુધી સ્વયોગ્ય પર્યાપ્તિઓને પૂરી કરતો નથી, ત્યાં સુધી તે કરણ-અપર્યાપ્ત કહેવાય છે. અહીં

કરણ શબ્દથી સ્વયોગ્ય પર્યાપ્તિઓ અભિપ્રેત છે. તાત્પર્ય કે જીવ નવા જન્મસ્થાને આવીને તરત જ સ્વયોગ્ય પર્યાપ્તિઓનો પ્રારંભ કરે છે, તે જ્યાં સુધી એ પર્યાપ્તિઓને પૂર્ણ કરી રહે નહિ, ત્યાં સુધી કરણ-અપર્યાપ્તની કોટિનો ગણાય છે.

આવા કરણ-અપર્યાપ્તપણાનો કાલ પૂર્વભવમાંથી છૂટે તે સમયથી માંડી સર્વ પર્યાપ્તિઓ પૂર્ણ ન કરે ત્યાં સુધી અંતર્મુહૂર્ત પ્રમાણ હોય છે. આવો જીવ અંતરાલ ગતિમાં પણ કરણ-અપર્યાપ્ત જ કહેવાય છે.

**(૪) કરણ-પર્યાપ્ત :**

જે જીવે સ્વયોગ્ય સર્વ પર્યાપ્તિઓને પૂરી કરી લીધી હોય તે કરણ-પર્યાપ્ત કહેવાય છે.

આવા કરણ-પર્યાપ્તપણાનો કાલ સ્વઆયુષ્યના પ્રમાણથી ન્યૂન અંતર્મુહૂર્ત પ્રમાણ હોય છે. આવો જીવ અંતરાલ ગતિમાં પણ કરણ પર્યાપ્ત જ કહેવાય છે.

અહીં એટલું ખ્યાલમાં રાખવાની જરૂર છે કે લબ્ધિ-અપર્યાપ્ત તથા લબ્ધિ-પર્યાપ્ત એ બંને જીવોને કરણ-અપર્યાપ્તપણું હોય છે. તેમાંથી લબ્ધિ-અપર્યાપ્ત જીવને કરણ-પર્યાપ્તપણું પ્રાપ્ત થતું જ નથી, જ્યારે લબ્ધિ-પર્યાપ્ત જીવને પર્યાપ્તિઓ પૂરી કર્યા પછી કરણ-પર્યાપ્તપણું પ્રાપ્ત થાય છે.

(૧) ઉપક્રમ :

પર્યાપ્તિઓ પૂર્ણ થવાથી દ્રવ્ય પ્રાણો ઉત્પન્ન થાય છે, તેથી પ્રકરણકાર મહર્ષિ સાતમી ગાથામાં દ્રવ્ય પ્રાણોનું વર્ણન આ પ્રમાણે કરે છે :

(૨) મૂળ ગાથા :

**पणिंदिअ–त्तिबलूसासाऊ दस पाण चउ छ सग अट्ठ ।**
**इग–दु–ति–चउरिंदीणं, असन्नि–सन्नीण नव दस य ॥७॥**

(૩) સંસ્કૃત છાયા :

**पञ्चेन्द्रिय–त्रिबलोच्छ्वासायूंषि दश प्राणाश्चत्वारः षट्सप्ताष्टौ ।**
**एक–द्वि–त्रि–चतुरिन्द्रियाणां असंज्ञि-संज्ञिनां नव दश च ॥७॥**

(૪) શબ્દાર્થ :

पणिंदिअ–પાંચ ઈન્દ્રિયો.

पणिंदिअ અને त्तिबल અને ऊसास અને आऊ તે पणिंदिअ–त्तिबलूसासाऊ. पणिंदिअ–પાંચ ઈન્દ્રિયો.

त्तिबल–ત્રણ બળો.

त्ति એવું बल તે त्तिबल. त्ति–ત્રણ પ્રકારનું. बल–બલ. જીવ અસંખ્ય પ્રદેશોથી યુક્ત છે. આ પ્રદેશોમાં નિરંતર પરિસ્પંદન ચાલી રહ્યું છે, તેને યોગ કહેવામાં આવે છે. આ યોગ ત્રણ પ્રકારનો છે : મનસંબંધી, વચનસંબંધી અને કાયાસંબંધી. તેને જ અહીં મનોબળ, વચનબળ અને કાયબળ એ ત્રણ પ્રકારનાં બળો સમજવાનાં છે.

ऊसास–ઉચ્છ્વાસ, શ્વાસોચ્છ્વાસ.

आऊ–આયુષ્ય.

दस–દશ.

पाण–પ્રાણો.

चउ–ચાર.

छ–છ.

सग–સાત.

अट्ठ–આઠ.

इग–એક, એકેન્દ્રિય જીવોને.

इग અને दु અને ति અને चउर પછી યોજાયેલ इंदीणं શબ્દ દરેક સંખ્યાને લાગુ પડે છે, તેથી इगનો અર્થ એકેન્દ્રિયને, એકેન્દ્રિય જીવોને એમ સમજવાનો છે.

दु–બે, બેઇન્દ્રિય જીવોને.

ति–ત્રણ, તેઇન્દ્રિય જીવોને.

चउरिंदीणं–ચાર ઇન્દ્રિયવાળા જીવોને.

असन्नि–सन्नीण–અસંજ્ઞી અને સંજ્ઞી જીવોને.

नव–નવ.

दस–દશ.

य–અને.

(૫) અર્થ-સંકલના :

**પાંચ ઇન્દ્રિયો, ત્રણ બળો, શ્વાસોચ્છ્વાસ અને આયુષ્ય એ દશ પ્રાણો છે. તેમાંના ચાર, છ, સાત અને આઠ પ્રાણ અનુક્રમે એકેન્દ્રિય જીવોને,**

**બેઇન્દ્રિય જીવોને, તેઇન્દ્રિય જીવોને તથા ચતુરિન્દ્રિય જીવોને હોય છે. અસંજ્ઞી અને સંજ્ઞી જીવોને અનુક્રમે નવ અને દશ પ્રાણો હોય છે.**

**(૬) વિવેચન :**

જીવને માટે પ્રાણી શબ્દ પ્રસિદ્ધ છે, કારણ કે સંસારી અવસ્થામાં તે દશવિધ પ્રાણો પૈકી યથાયોગ્ય પ્રાણોને ધારણ કરનારો હોય છે. દશવિધ પ્રાણ જીવને જ હોય છે, અજીવને હોતા નથી, તેથી દશવિધ પ્રાણ એ જીવનું લક્ષણ છે.

અહીં પ્રશ્ન થવા સંભવ છે કે ‘પાંચમી ગાથામાં જીવનાં લક્ષણો વિસ્તારથી આપ્યાં છે, તેમાં પ્રાણનો ઉલ્લેખ નથી, તેનું કેમ?’ તેનો ઉત્તર એ છે કે ‘પાંચમી ગાથામાં જીવનાં જ્ઞાન–દર્શનાદિ જે લક્ષણો બતાવ્યાં છે, તે અભ્યંતર લક્ષણો છે અને દશવિધ પ્રાણ એ જીવનું બાહ્ય લક્ષણ છે, તેથી પાંચમી ગાથામાં દશવિધ પ્રાણનો ઉલ્લેખ કરેલો નથી.’

‘આ જીવ છે,’ અથવા ‘આ જીવે છે,’ એવી પ્રતીતિ આપણને આ દશવિધ પ્રાણો વડે જ થાય છે, તેથી શાસ્ત્રકાર ભગવંતોએ ‘जीवति दशविधान् प्राणान् धारयतीति जीव :– જે દશવિધ પ્રાણોને ધારણ કરે, તે જીવ’ એવી વ્યાખ્યા કરેલી છે. વિશેષમાં તેમણે જણાવ્યું છે કે જેના સંયોગથી આ જીવને જીવનાવસ્થા પ્રાપ્ત થાય અને જેના

વિયોગથી આ જીવને મરણાવસ્થા પ્રાપ્ત થાય, તે પ્રાણ સમજવા. તાત્પર્ય કે પ્રાણ એ જીવનશકિત છે. તેના વિના કોઈ જીવ જીવંત રહી શકતો નથી.

દશવિધ પ્રાણની ગણના આ પ્રમાણે થાય છે :

(૧) સ્પર્શનેન્દ્રિય પ્રાણ.
(૨) રસનેન્દ્રિય પ્રાણ.
(૩) ઘ્રાણેન્દ્રિય પ્રાણ.
(૪) ચક્ષુરિન્દ્રિય પ્રાણ.
(૫) શ્રોત્રેન્દ્રિય પ્રાણ.
(૬) મનોબળ પ્રાણ.
(૭) વચનબળ પ્રાણ.
(૮) કાયબળ પ્રાણ.
(૯) શ્વાસોછ્વાસ પ્રાણ.
(૧૦) આયુષ્ય પ્રાણ.

પર્યાપ્તિ એ કારણ છે અને પ્રાણ એ કાર્ય છે. વધારે સ્પષ્ટ કહીએ તો આ દશવિધ પ્રાણો પૈકી પ્રથમના નવ પ્રાણો છ પર્યાપ્તિઓને લીધે ઉત્પન્ન થાય છે, તે આ પ્રમાણે :

સ્પર્શનેન્દ્રિયાદિ પાંચ પ્રાણોનું કારણ ઇન્દ્રિય-પર્યાપ્તિ છે; મનોબળ પ્રાણનું કારણ મનઃપર્યાપ્તિ છે, વચનબળ પ્રાણનું કારણ ભાષાપર્યાપ્તિ છે, કાયબળ પ્રાણનું કારણ શરીરપર્યાપ્તિ છે અને શ્વાસોચ્છ્વાસ પ્રાણનું કારણ શ્વાસોચ્છ્વાસપર્યાપ્તિ છે.

આયુષ્ય પ્રાણનું કારણ આયુષ્ય કર્મ છે, આમ છતાં આહારપર્યાપ્તિ તેનું સહકારી કારણ તો છે જ, કારણ કે આહાર સિવાય જીવન ટકી શકતું નથી.

હવે દશવિધ પ્રાણ જીવન–વ્યવહાર કે જીવન–નિર્વાહમાં કેવી રીતે ઉપયોગી થાય છે, તે દર્શાવીશું.

સ્પર્શનેન્દ્રિય નામના પ્રાણ વડે જીવ શીત, ઉષ્ણ, સ્નિગ્ધ, રુક્ષ, મૃદુ, કર્કશ, ગુરુ અને લઘુ આ આઠ પ્રકારના સ્પર્શોનો બોધ કરી શકે છે.

રસનેન્દ્રિય નામના પ્રાણ વડે જીવ કડવો, તીખો, મીઠો, ખાટો અને તુરો એ પાંચ પ્રકારના રસનો બોધ કરી શકે છે.

ઘ્રાણેન્દ્રિય નામના પ્રાણ વડે જીવ સુગંધ અને દુર્ગંધનો બોધ કરી શકે છે.

ચક્ષુરિન્દ્રિય નામના પ્રાણ વડે જીવ કાળો, નીલો (વાદળી), પીળો, રાતો, ધોળો એ પાંચ પ્રકારના વર્ણોનો તથા એ વર્ણના મિશ્રણથી ઉત્પન્ન થતી વિવિધ વર્ણ–છાયાઓનો બોધ કરી શકે છે. વર્ણ એટલે રંગ.

શ્રોત્રેન્દ્રિય નામના પ્રાણ વડે જીવ સચિત્ત, અચિત્ત અને મિશ્ર એ ત્રણ પ્રકારના શબ્દો–ધ્વનિઓ (Sounds)નો બોધ કરી શકે છે. સચિત્ત શબ્દ એટલે જીવંત પ્રાણીઓ વડે બોલાતો શબ્દ. ભ્રમરનો ગુંજારવ તથા ઘોડાનો હણહણાટ એ સચિત્ત શબ્દ છે. અચિત્ત શબ્દ એટલે નિર્જીવ પદાર્થોના ભેગા થવાથી, અથડાવાથી કે બીજી કોઈ રીતે

ઉત્પન્ન થતો શબ્દ. ઘડિયાળનો ટક ટક એવો અવાજ તથા અમુક અમુક સમયે વાગતા ટકોરા એ અચિત્ત શબ્દ છે. મિશ્ર શબ્દ એટલે જીવના પ્રયત્ન વડે નિર્જીવ પદાર્થોમાંથી ઉદ્ભવતો શબ્દ. મનુષ્ય મોરલી, નગારું કે ઘંટ વગાડે છે, તેમાંથી ઉત્પન્ન થતા શબ્દો મિશ્ર કોટિના છે.

મનોબળ પ્રાણવડે જીવ કોઈ પણ વસ્તુ સંબંધી મનન–ચિંતન કરી શકે છે.

વચનબળ પ્રાણવડે જીવ કોઈ પણ પ્રકારની ભાષા બોલી શકે છે; પછી તે અક્ષરાત્મક હોય કે અનક્ષરાત્મક હોય. નિકૃષ્ટ કોટિના જીવોની ભાષા અનક્ષરાત્મક હોય છે.

કાયબળ પ્રાણવડે જીવ કાયાને લગતી વિવિધ પ્રવૃત્તિઓ કરી શકે છે.

શ્વાસોચ્છ્વાસ પ્રાણવડે જીવ ફેફસાં તથા ચર્મછિદ્રો દ્વારા શ્વાસ લઈ શકે છે. (વનસ્પતિ તો ચર્મછિદ્રો વડે જ શ્વાસ લે છે.)

વ્યવહારમાં તો શ્વાસોચ્છ્વાસને જ જીવનનું મુખ્ય લક્ષણ માનવામાં આવે છે. જો પ્રાણીનો શ્વાસોચ્છ્વાસ ચાલતો હોય તો તે જીવંત મનાય છે અને બંધ પડી ગયો હોય તો મરણ થયેલું મનાય છે. એક મનુષ્ય મૃત્યુને બિછાને પડેલો હોય અને તે શાંત થતો જણાય તો પાસે બેઠેલાઓ તેનાં નસકોરાં આગળ આંગળી ધરે છે, તે એમ જાણવાને કે હજી તેનો શ્વાસોચ્છ્વાસ ચાલુ

છે કે કેમ ? જો તે અતિ અલ્પ પ્રમાણમાં પણ ચાલતો જણાય તો તેઓ અનુમાન કરે છે કે હજી આ મનુષ્ય જીવંત છે.

પરંતુ અહીં એટલી સ્પષ્ટતા કરવી આવશ્યક છે કે આ જગતમાં એવા અનેક દાખલાઓ નોંધાયેલા છે. કે જેમાં શ્વાસોચ્છ્વાસની ક્રિયા કલાકો સુધી, અરે ! દિવસો સુધી બંધ રહી હોય અને છતાં તેઓ જીવંત રહ્યા હોય. દાખલા તરીકે ભારતના સુપ્રસિદ્ધ યોગી હરિદાસજી છ મહિના સુધી ભૂમિ–સમાધિમાં રહ્યા હતા અને ત્યાર બાદ જીવન જીવ્યા હતા. પ્રથમ તેમની બધી આંગળીઓ ઉપરથી નખ ઉતારી લેવામાં આવ્યા હતા, મસ્તકાદિ પર ઉગેલા વાળ કાઢી નાખવામાં આવ્યા હતા અને જીભની નીચેનું પડ કાપીને એ જીભને અવળી કરી નાખવામાં આવી હતી. યૌગિક પરિભાષામાં કહીએ તો ખેચરી મુદ્રા કરવામાં આવી હતી. ત્યાર બાદ તેમના શરીર પર મલમલનું ઝીણું વસ્ત્ર વીંટાળવામાં આવ્યું હતું અને એ શરીરને લાકડાની પેટીમાં મૂકી એને બરાબર બંધ કરવામાં આવી હતી. પછી એ પેટીને જમીનમાં બાર ફૂટ ઊંડા ખોદાયેલા ખાડામાં ઉતારી તેના પર માટી નાખી દેવામાં આવી હતી અને તેના પર સંત્રીઓનો પહેરો મૂકી દેવામાં આવ્યો હતો. નિર્ધારિત મુદતે એટલે છ મહિના બાદ એ ખાડામાંની માટી દૂર કરીને તેમાંથી લાકડાની પેટી બહાર કાઢવામાં આવી હતી અને તેને સંભાળથી ઉઘાડીને યોગી શ્રી હરિદાસનું શરીર તેમાંથી

બહાર કાઢવામાં આવ્યું હતું. ત્યાર બાદ તેમના શિષ્યોએ તેમના મસ્તકના અગ્રભાગે ગાયનું થોડું ઘી મસળ્યું હતું અને તેમના શરીરમાં પ્રાણસંચાર થતો દેખાયો હતો. થોડી જ મીનીટમાં તેઓ પૂર્વાવસ્થામાં આવી ગયા હતા.

અન્ય યોગવિશારદોએ પણ અમુક કલાક કે અમુક દિવસો સુધી શ્વાસોચ્છ્વાસની ક્રિયા બંધ રાખ્યા પછી પૂર્વવત્ ચાલુ કરેલી છે અને જીવંત અવસ્થા ભોગવેલી છે, એટલે માત્ર શ્વાસોચ્છ્વાસ પ્રાણ એ જ જીવનનું લક્ષણ નથી. દશવિધ પ્રાણો પૈકીનો કોઈ પણ એક પ્રાણ અવશિષ્ટ હોય તો પણ જીવન સંભવી શકે છે. યોગીશ્રી હરિદાસજીની બાબતમાં તેમનો આયુષ્ય પ્રાણ અવશિષ્ટ હતો, એટલે જ તેઓ જીવંત રહી શક્યા, એમ માનવું જોઈએ.

આયુષ્ય વડે જીવ નિયત શરીરમાં અમુક સમય સુધી ટકી શકે છે. આ આયુષ્ય બે પ્રકારનું છે: એક દ્રવ્યાયુષ્ય અને બીજું કાલાયુષ્ય. તેમાં આયુષ્યકર્મનાં જે પુદ્ગલો તે દ્રવ્યાયુષ્ય કહેવાય છે અને તે પુદ્ગલો વડે જીવ જેટલા કાલ સુધી નિયત ભવમાં ટકી શકે, તે કાલાયુષ્ય કહેવાય છે.

જીવને જીવવામાં આયુષ્યકર્મનાં પુદ્ગલો-આયુષ્ય-કર્મનો ઉદય એજ મુખ્ય કારણ છે. જ્યાં એ પુદ્ગલો સમાપ્ત થયાં કે આહાર, ઔષધિ આદિ અનેક ઉપાયોથી પણ જીવ જીવી શકતો નથી.

બંને પ્રકારનાં આયુષ્યમાં જીવને દ્રવ્યાયુષ્ય તો

અવશ્ય પૂર્ણ કરવું જ પડે છે, પરંતુ કાલાયુષ્ય તે પૂરું કરે કે ન પણ કરે; કારણ કે કાલાયુષ્ય જો અપવર્તનીય હોય, એટલે કે શસ્ત્ર વગેરેના આઘાતથી શીઘ્ર પરિવર્તન પામે તેવું હોય તો અપૂર્ણ કાલે પણ મરણ પામે અને જો અનપવર્તનીય હોય તો ગમે તેવાં નિમિત્તો મળવા છતાં તે આયુષ્યનો કાળ પૂરો કરીને જ મરણ પામે.

અહીં એટલું ધ્યાનમાં રાખવાનું છે કે શસ્ત્રાદિ બાહ્ય નિમિત્તથી આયુષ્યનો ક્ષય થાય તો તે સોપક્રમ આયુષ્ય કહેવાય. અહીં ઉપક્રમનો અર્થ બાહ્ય નિમિત્ત છે. આયુષ્યના અંતિમ કાળમાં જેને બાહ્ય નિમિત્ત આવી પડે તેવું આયુષ્ય પણ સોપક્રમ જ કહેવાય. આવા કોઈ પણ બાહ્ય નિમિત્ત વિના જ જે આયુષ્યનો ક્ષય થાય તે નિરુપક્રમ આયુષ્ય કહેવાય.

અનપવર્તનીય આયુષ્યમાં બાહ્ય નિમિત્ત હોય પણ ખરું અને ન પણ હોય, એટલે કે તે સોપક્રમ અને નિરુપક્રમ એમ બંને પ્રકારનું હોય છે અને અપવર્તનીય આયુષ્ય તો સોપક્રમ જ હોય છે. અહીં એ સ્પષ્ટતા પણ આવશ્યક છે કે સોપક્રમ અપવર્તનીય આયુષ્યમાં અકાળ મરણ નીપજે છે, પણ સોપક્રમ અનપવર્તનીય આયુષ્યમાં તે માત્ર નિમિત્તરૂપ જ બને છે, એટલે કે એ ઉપક્રમ આયુષ્યને ન્યૂન કરતો નથી.

તીર્થંકરો, ચક્રવર્તીઓ, વાસુદેવો, પ્રતિવાસુદેવો, બળદેવો અને તે જ ભવમાં મોક્ષે જનાર સ્ત્રી-પુરુષો,

દેવો, નારકો તથા અસંખ્યાત વર્ષના આયુષ્યવાળા મનુષ્યો તથા તિર્યંચો અનપવર્તનીય નિરુપક્રમ આયુષ્યવાળા હોય છે, જ્યારે બાકીના સર્વ મનુષ્ય અને તિર્યંચ જીવો સોપક્રમ અને નિરુપક્રમ બંને આયુષ્યવાળા હોય છે.

શાસ્ત્રમાં આયુષ્યનો ક્ષય સાત કારણે કહેલો છે: (૧) પ્રબળ અધ્યવસાયથી, (૨) શસ્ત્રાદિકના નિમિત્તથી, (૩) અહિતકર આહારથી, (૪) વેદનાથી, (૫) પરાઘાતથી અથવા ઊંડા ખાડા વગેરેમાં પડી જવાથી, (૬) વિષાદિનો સ્પર્શ થવાથી અને (૭) શ્વાસનું રુંધન થવાથી.

હવે ઇન્દ્રિયો સંબંધી જે વિશેષ વક્તવ્ય છે, તે અહીં રજૂ કરીશું.

ઇન્દ્ર એટલે આત્મા, તેનું જે લિંગ-નિશાન, તે ઇન્દ્રિય. તાત્પર્ય કે ઇન્દ્રિય વડે-ઇન્દ્રિયોનાં કાર્ય વડે આત્માનું અસ્તિત્વ જાણી શકાય છે.

ઇન્દ્રિયો પાંચ છે. તે દરેકના દ્રવ્યેન્દ્રિય અને ભાવેન્દ્રિય એવા બે બે પ્રકારો છે. તેમાં દ્રવ્યેન્દ્રિય આકૃતિ કે આકારરૂપ છે અને ભાવેન્દ્રિય આત્માની શક્તિરૂપ છે.

દ્રવ્યેન્દ્રિય પુનઃ નિર્વૃત્તિ અને ઉપકરણ એવા બે પ્રકારોમાં વહેંચાયેલી છે અને તે દરેકના પણ બાહ્ય અને અભ્યંતર એવા બે બે પ્રકારો છે. તેમાં ઇન્દ્રિયની દૃશ્ય આકૃતિ તે બાહ્ય નિર્વૃત્તિ, તેની અંદર રહેલો આકાર-વિશેષ તે અભ્યંતર નિર્વૃત્તિ, તેની અંદર વિષયને ગ્રહણ

કરવામાં સમર્થ એવા પુદ્ગલોની વિશિષ્ટ રચના તે બાહ્ય ઉપકરણ અને તેની અંદર રહેલી સૂક્ષ્મ રચના તે અભ્યંતર ઉપકરણ કહેવાય છે. આમાં અપવાદ એટલો કે સ્પર્શ-નેન્દ્રિયને બાહ્ય અને અભ્યંતર એમ બે પ્રકારની નિર્વૃત્તિ હોતી નથી, પણ માત્ર અભ્યંતર નિર્વૃત્તિ જ હોય છે.

કોઈ આચાર્યના મતથી અભ્યંતર નિર્વૃત્તિની શક્તિવિશેષ તે જ ઉપકરણ છે. તાત્પર્ય કે તેઓ ઉપકરણના બાહ્ય અને અભ્યંતર એવા બે પ્રકારો માનતા નથી.

બાહ્ય નિર્વૃત્તિ જુદી જુદી જાતના જીવોને જુદી જુદી જાતની હોય છે. દાખલા તરીકે આપણો કાન, ઘોડાનો કાન અને સસલાનો કાન આકૃતિમાં સમાન હોતા નથી.

અભ્યંતર નિર્વૃત્તિ સ્પર્શનેન્દ્રિય પરત્વે જુદા જુદા જીવોના શરીર પ્રમાણે હોય છે અને રસનેન્દ્રિય પરત્વે સર્વ જીવોને ક્ષુરપ્ર એટલે અસ્ત્રાના આકારે, ઘ્રાણેન્દ્રિય પરત્વે સર્વ જીવોને અતિમુક્ત પુષ્પ કે પડઘમના આકારે, ચક્ષુરિન્દ્રિય પરત્વે સર્વ જીવોને મસુરની દાળના આકારે અને શ્રોત્રેન્દ્રિય પરત્વે સર્વ જીવોને કદંબ પુષ્પના આકારે હોય છે.

ઉપકરણેન્દ્રિયના સ્થૂલ અને સૂક્ષ્મ એવા બે વિભાગો છે, તે સારી સ્થિતિમાં હોય તો જ પોતાનો વિષય બરાબર ગ્રહણ કરી શકે છે અને જો તેમને કોઈ પણ

કારણે ઉપઘાત થયેલો હોય, એટલે કે નુકશાન પહોંચેલું હોય તો પોતાનો વિષય બરાબર ગ્રહણ કરી શકતી નથી.

ભાવેન્દ્રિયના બે પ્રકારો છે : એક લબ્ધિ, બીજો ઉપયોગ. તેમાં મતિજ્ઞાનાવરણીય આદિ કર્મોનો ક્ષયોપશમ થવો, તેને લબ્ધિ કહેવાય છે અને તેના પરિણામે વિષય સંબંધી જે ચેતના-વ્યાપાર થવો, તે ઉપયોગ કહેવાય છે. ઇન્દ્રિયદ્વારા વિષય ગ્રહણ કર્યા પછી કોઈને અલ્પ બોધ થાય છે અને કોઈને વિશેષ બોધ થાય છે, તેનું કારણ આ ભાવેન્દ્રિય છે. વધારે સ્પષ્ટ કહીએ તો બે માણસોને કાન એક સરખા હોય અને તેઓ સમાન કાળે વિષયને ગ્રહણ કરે તો પણ જેનો મતિ જ્ઞાનાવરણીયાદિ કર્મોનો ક્ષયોપશમ સામાન્ય હોય તેને વિષયનો અલ્પ બોધ થાય અને ક્ષયોપશમ વિશેષ હોય તેને વિષયનો વિશેષ બોધ થાય.

ઇન્દ્રિયો પોતાનો વિષય કેટલા અંતરેથી ગ્રહણ કરી શકે વગેરે બાબતમાં શાસ્ત્રકારોએ ઊંડી વિચારણા કરેલી છે, તે અન્ય ગ્રન્થોથી જાણવી.

હવે કયા જીવને કેટલા પ્રાણો હોય છે, તે સમજી લઈએ. એકેન્દ્રિય જીવોને ચાર પ્રાણો કહેલા છે, તે સ્પર્શનેન્દ્રિય, કાયબળ, શ્વાસોચ્છ્વાસ અને આયુષ્યપ્રાણ સમજવા. બેઇન્દ્રિય જીવોને છ પ્રાણ કહેલા છે, તેમાં ઉપરના ચાર પ્રાણો ઉપરાંત રસનેન્દ્રિય અને વચનબળ પ્રાણ અધિક સમજવા. તેઇન્દ્રિય જીવોને સાત પ્રાણો કહેલા

છે, તેમાં ઉપરના છ પ્રાણો ઉપરાંત એક ઘ્રાણેન્દ્રિય-પ્રાણ અધિક સમજવો. ચતુરિન્દ્રિય જીવોને આઠ પ્રાણો કહેલા છે, તેમાં ઉપરના સાત પ્રાણો ઉપરાંત એક ચક્ષુ-રિન્દ્રિયપ્રાણ અધિક સમજવો. અસંજ્ઞી પંચેન્દ્રિય જીવોને નવ પ્રાણો કહેલા છે, તેમાં ઉપરના આઠ પ્રાણો કરતાં એક શ્રોત્રેન્દ્રિયપ્રાણ અધિક સમજવો અને સંજ્ઞી પંચેન્દ્રિય જીવોને દશ પ્રાણો કહેલા છે, તેમાં આ નવ પ્રાણો ઉપ-રાંત એક મનઃપ્રાણ અધિક સમજવો. આ પ્રમાણે દરેક જીવને પ્રાણ સમજવા.

હવે જીવ અંગે બીજી પણ જે કેટલીક હકીકતો જાણવા જેવી છે, તે પ્રસંગોપાત્ત અહીં રજૂ કરીએ છીએ.

ભગવતી સૂત્રમાં કહ્યું છે કે '**जीवो अणाई अणिधणो अविणासी अक्खओ धुओ निच्चं**–જીવ અનાદિ છે, અનિધન છે, અવિનાશી છે, અક્ષય છે, ધ્રુવ છે અને નિત્ય છે.'

જીવ અનાદિ છે, એમ કહેવાનો આશય એ છે કે તે અમુક સમયે ઉત્પન્ન થયેલો નથી, અમુક સમયે જન્મેલો નથી. તાત્પર્ય કે તે અજન્મા છે, અજ છે. જો જીવને અમુક સમયે ઉત્પન્ન થયેલો માનીએ, તો તે ક્યારે ઉત્પન્ન થયો અને શા માટે ઉત્પન્ન થયો? એ બે પ્રશ્નો ખડા થાય છે. જો તેના ઉત્તરમાં એમ કહેવામાં આવે કે ઘટ અને પટની માફક તે અમુક સમયે ઉત્પન્ન થયેલો છે, તો પ્રશ્ન એ થાય છે કે તે એ જ સમયે કેમ ઉત્પન્ન થયો? તે પહેલાં કેમ નહિ? ઉત્તરમાં ગમે તેવી

સમયમર્યાદા કહેવામાં આવે તો પણ આ પ્રશ્ન તો ઉઠવાનો જ, એટલે કે તે અંગે અપાતો ઉત્તર સમાધાનકારક નથી.

જો જીવને અમુક સમયે ઉત્પન્ન થયેલો માનીએ તો બે વસ્તુ ફલિત થાય છે. એક તો એ કે તે પહેલાં તેનું અસ્તિત્વ ન હતું અને બીજી વસ્તુ એ કે તે જીવ સિવાયના કોઈ પણ દ્રવ્ય કે દ્રવ્યોના સંયોજનથી બનેલો છે. તાત્પર્ય કે આ સંજોગોમાં તેનું એક મૌલિક દ્રવ્ય તરીકેનું સ્થાન ટકી શકતું નથી.

જો એમ કહેવામાં આવે કે જીવ દેહની સાથે જ ઉત્પન્ન થાય છે અને તેને ઉત્પન્ન થવાનું કારણ પૃથ્વી આદિ પંચભૂતોનું સંયોજન છે, તો એ પણ ઉચિત નથી, કારણ કે જીવ આ રીતે પંચભૂતના સંયોજનથી ઉત્પન્ન થયો હોય તો બધા પ્રાણીઓનો સ્વભાવ એક સરખો જ હોવો જોઈએ, પરંતુ તેમ જોવામાં આવતું નથી. એક બાજુ સિંહનો સ્વભાવ જુઓ ને બીજી બાજુ શિયાળનો સ્વભાવ જુઓ. એક બાજુ હંસનો સ્વભાવ જુઓ અને બીજી બાજુ કાગડાનો સ્વભાવ જુઓ. એક બાજુ સજ્જનોનો સ્વભાવ જુઓ અને બીજી બાજુ દુર્જનોનો સ્વભાવ જુઓ. તેમાં ઘણું મોટું અંતર જણાય છે. જો માલ એક સરખી બનાવટનો છે, તો તેમાં આટલી વિવિધતા કે વિચિત્રતા શા માટે? કદી અહીં એમ કહેવામાં આવે કે ભૂતોના સંયોજનમાં ઓછા–વત્તાપણું થવાથી આવું પરિણામ આવે છે, તો તે પણ ઉચિત નથી; કેમકે તેથી

અલ્પ કે બહુપણું આવે પણ વિવિધતા કે વિચિત્રતા ન આવે. ઘઉંના આટાની કણક બાંધતાં તેમાં ઓછું-વત્તું પાણી પડયું હોય તો રોટલીના સ્વરૂપમાં તફાવત પડે, પણ તેથી વડી કે પાપડ ન બને.

અહીં વિચારવા જેવી વસ્તુ એ પણ છે કે પંચભૂત અર્થાત્ પૃથ્વી, જલ, અગ્નિ, વાયુ અને આકાશ જડ છે, ચૈતન્યરહિત છે, તેના સંયોગથી ચૈતન્યમય એવા જીવની ઉત્પત્તિ શી રીતે થાય? જો એમ કહેવામાં આવે કે ધાવડીનાં ફૂલ, ગોળ, પાણી વગેરેમાં પ્રથમ માદક શક્તિ કયાં જોવામાં આવે છે? પરંતુ તેનું અમુક રીતે મિશ્રણ થાય છે, એટલે તેનામાં માદક શકિત આવી જાય છે અને એક પ્રકારનું મદ્ય બને છે. તો આ દૃષ્ટાંત પણ ઉચિત નથી, કારણ કે ધાવડીનાં ફૂલ, ગોળ વગેરેમાં માદક શકિત દૃષ્ટિગોચર ભલે થતી ન હોય, પણ તે પ્રચ્છન્ન રીતે એમાં રહેલી હોય છે અને તેથી જ અમુક રીતે મિશ્રણ થતાં તે પ્રકટ થાય છે, જયારે પૃથ્વી આદિ પંચભૂતોમાં તો ચૈતન્યનો લેશ પણ હોતો નથી, અર્થાત્ તે સર્વથા જડ હોય છે, તેથી તેના સંયોજનથી ચૈતન્યમય એવો જીવ ઉત્પન્ન થઈ શકે નહિ.

આધુનિક વિજ્ઞાનશાસ્ત્રીઓ બધી વસ્તુની ઉત્પત્તિ જડ એવા પુદ્ગલ ( Matter ) થી માને છે. તેઓ વિરોધી સમાગમ અને ગુણાત્મક પરિવર્તનનો સિદ્ધાંત આગળ કરીને એમ કહે છે કે બધી વસ્તુઓની માફક ચૈતન્ય

પણ અમુક વસ્તુના સંયોજનથી બને છે, પરંતુ તેમણે હજી સુધી તે અંગે કોઈ સમીકરણ ( Formula ) રજૂ કર્યું નથી કે તે સમીકરણ અનુસાર ચૈતન્યની ઉત્પત્તિ કરી બતાવી નથી, એટલે એ મંતવ્ય નિરાધાર છે.

અહીં અમે એમ કહેવાને ઇચ્છીએ છીએ કે શુદ્ધ ચૈતન્ય તો દૂર રહ્યું, પણ આંખ જેવી આંખ, કાન જેવો કાન, નાક જેવું નાક, હાથ જેવો હાથ કે પગ જેવો પગ પણ તેઓ બનાવી શકયા નથી. તેમણે આવી આકૃતિની બનાવેલી બધી વસ્તુઓ જડ દેખાય છે અને જીવંત વસ્તુથી સર્વથા ભિન્ન લાગે છે.

પરંતુ હવે કેટલાક વૈજ્ઞાનિકો એમ માનવા લાગ્યા છે કે આ વિશ્વ ( Universe ) માત્ર એક પ્રકારનું જડ યંત્ર નથી, પરંતુ તેમાં ચૈતન્યશક્તિનો વાસ પણ છે. તે અંગે તેમણે જે ઉદ્‌ગારો કાઢેલા છે, તેનો કેટલોક સંગ્રહ અમોએ જીવ–વિચાર–પ્રકાશિકાના પ્રથમ ખંડનાં પાંચમા પ્રકરણમાં 'વિજ્ઞાન શું કહે છે?' એ મથાળાં નીચે આપેલો છે, તે જિજ્ઞાસુઓએ અવશ્ય જોવો.

જીવને અમુક સમયે ઉત્પન્ન થયેલો માનતાં કર્મનો સિદ્ધાંત પણ ખંડિત થાય છે, કારણ કે તદ્દન નવજાત આત્માને કર્મો વળગે શી રીતે ? અને ન વળગે તો તેને ભવભ્રમણ કરવાનું કારણ શું ?

તાત્પર્ય કે જીવને અમુક સમયે ઉત્પન્ન થયેલો માનતાં

અનેક પ્રકારની આપત્તિ આવે છે અને તેનું યોગ્ય સમાધાન થઈ શકતું નથી, તેથી તેને અનાદિ માનવો સુસંગત છે.

જીવને અનિધન કહેવાનો આશય એ છે કે તે કદી મરતો નથી; અર્થાત્ તે અમર છે. અમુક જીવ મરણ પામ્યો વગેરે કહેવાય છે, તે ઔપચારિક છે; અથવા તો દેહ–ધારણની અપેક્ષાએ કહેવાય છે. ધારણ કરેલા દેહને છોડી દેવો, તેનું નામ મરણ. તેમાં જીવ મરતો નથી, પણ તેનો સ્થૂલ દેહથી વિયોગ થાય છે.

જીવને અવિનાશી કહેવાનો આશય એ છે કે શસ્ત્રો તેનું છેદન–ભેદન કરી શકતા નથી, અગ્નિ તેને બાળી શકતો નથી, પાણી તેને ભીંજાવી શકતું નથી, વાયુ તેને શોષી શકતો નથી અને ગમે તેવા રાસાયણિક પ્રયોગો કરવામાં આવે તો પણ તેનો નાશ થઈ શકતો નથી. તે ગમે તેવા સંયોગોમાં પણ પોતાનું અસ્તિત્વ ટકાવી શકે છે.

જીવને અક્ષય કહેવાનું કારણ એ છે કે તેનો કોઈ પણ ભાગ કદી પણ ઓછો થતો નથી. તે અનંત ભૂતકાલમાં જેટલો હતો, તેટલો આજે પણ છે અને અનંત ભવિષ્યમાં પણ તેટલો જ રહેવાનો. જો તેનો અતિ અતિ અલ્પ ભાગ પણ ક્રમશઃ ઓછો થાય છે, એમ માનીએ તો એક કાલ એવો જરૂર આવે કે જ્યારે તેનું નિધન થાય, જ્યારે તે મરણ પામે. તાત્પર્ય કે તેની હસ્તી સાવ ભૂંસાઈ જાય. પરંતુ જીવ અક્ષય હોવાથી આવી કોઈ પરિસ્થિતિ પેદા થતી નથી.

જીવને ધ્રુવ કહેવાનો આશય એ છે કે તે દ્રવ્યના રૂપમાં સ્થાયી રહે છે અને નિત્ય કહેવાનો આશય એ છે કે તેનો કદી અભાવ થતો નથી.

જીવને અસંખ્ય પ્રદેશ હોય છે. પ્રદેશ એટલે અતિ સૂક્ષ્મ વિભાગ. આ બધા પ્રદેશો સાંકળના અંકોડાની જેમ એક બીજા સાથે સંડોવાયેલા હોય છે, તેથી તેમાં એકત્વ જળવાઈ રહે છે. જીવના કદી પણ ટૂકડા થતા નથી અર્થાત્ ખંડ થતા નથી, એટલે કે તે સદા અખંડ હોય છે.

અહીં પ્રશ્ન થઈ શકે છે કે 'હાથીના શરીરમાં રહેલો જીવ હાથીનું શરીર છોડીને કીડીનું શરીર ધારણ કરે ત્યારે જીવના ખંડ થતા હશે કે નહિ?' તેનો ઉત્તર એ છે કે 'જીવ જેમ અખંડ છે, તેમ સંકોચ-વિસ્તારના ગુણવાળો પણ છે, તેથી હાથીનું શરીર છોડીને કીડીનું શરીર ધારણ કરે ત્યારે તેટલા પ્રમાણમાં સંકોચાય છે, પણ તેના ખંડ થતા નથી. દીવાનો પ્રકાશ જેમ મોટા ખંડમાં તેના પ્રમાણમાં વ્યાપીને રહે છે અને નાના ખંડમાં તેના પ્રમાણમાં વ્યાપીને રહે છે, તેમ જીવની બાબતમાં પણ સમજવું.

જીવ દેહપરિમાણ છે, એટલે કે દેહ પ્રમાણે વ્યાપીને રહે છે, પણ તેની બહાર વ્યાપીને રહેતો નથી. કેટલાક એમ માને છે કે જીવ દેહ ઉપરાંત બહાર પણ વ્યાપીને રહે છે, અર્થાત્ વિશ્વવ્યાપી છે. આ રીતે તો સકલ વિશ્વ કે સકલ લોકમાં એક જ જીવ સંભવે, અનેક નહિ. હવે

પરિસ્થિતિ જો આવી જ હોય તો જીવ માત્રમાં સરખા જ ગુણો જણાવા જોઈએ અને તેમના દ્વારા જે ક્રિયાઓ થાય તે સમકાળે અને સમાન પ્રકારે થવી જોઈએ, પરંતુ તેમાં તો ઘણી જ વિવિધતા દેખાય છે, એટલે બધામાં એક જ જીવ નથી, પણ જુદા જુદા જીવો છે અને તે તેમણે પોતે ધારણ કરેલા દેહમાં વ્યાપી રહેલા છે, એમ માનવું યુક્તિ–સંગત છે.

કેટલાક કહે છે કે જીવ સૂક્ષ્મ પરિણામવાળો છે, એટલે કે દેહથી નાનો છે, તે માત્ર ચોખાના દાણા કે અરીઠા જેટલો છે. અહીં પ્રશ્ન થાય છે કે જીવ જો દેહથી નાનો હોય તો ક્યાં રહે છે? જો એમ કહેવામાં આવે કે હૃદયમાં રહે છે, અથવા મસ્તકમાં રહે છે, અથવા અન્ય કોઈ ભાગમાં રહે છે, તો બાકીના ભાગમાં સુખ–દુઃખનું સંવેદન શાથી થાય છે? હાથની આંગળી પર ટાંકણી વાગે તો તરત દુઃખ થાય છે, અથવા પગના તળિયે ચંદનાદિનો લેપ કરે તો સુખનો અનુભવ થાય છે, તેથી એ વાત સિદ્ધ છે કે જીવ દેહ કરતાં સૂક્ષ્મ પરિમાણવાળો નથી, પણ દેહ જેટલા જ પરિમાણવાળો છે.

જીવ અરૂપી છે, એટલે તેને રૂપ, રસ, ગંધ કે સ્પર્શ નથી.

જીવ સક્રિય છે, અર્થાત્ તે ઊર્ધ્વ, અધો કે તિર્યગ્ દિશામાં ગતિ કરી શકે છે.

જીવમાં ગુરુત્વ નથી, એટલે તેની સ્વાભાવિક ગતિ

ઊર્ધ્વ છે અને તેથી જ સકલ કર્મમાંથી મુક્ત થતાં જ તે ઊર્ધ્વ ગતિ દ્વારા લોકના અગ્ર ભાગે રહેલી સિદ્ધ-શિલામાં પહોંચી જાય છે. તેનાથી ઉપર ધર્માસ્તિકાય દ્રવ્ય વ્યાપેલું નથી, એટલે ત્યાં તેની ગતિ અટકી જાય છે.

આ રીતે જીવનું સ્વરૂપ જાણીને જે તેમાં શ્રદ્ધાન્વિત થાય છે, તે અજીવાદિ તત્ત્વોને પણ સારી રીતે જાણી શકે છે અને પરિણામે હેય અને ઉપાદેયનો વિવેક કરી સમ્યક્ ચારિત્રનું નિર્માણ કરવામાં સફળ થાય છે કે જેનું આખરી પરિણામ મોક્ષપ્રાપ્તિ છે.

આ પૃષ્ઠના વાચકોએ જીવ-વિચાર-પ્રકાશિકાનું સાદ્યંત વાંચન કરી લેવું આવશ્યક છે, કારણ કે જીવ-વિષયનો તે ખાસ ગ્રંથ છે અને અનેક ઉપયોગી માહિતીથી ભરપૂર છે.

જીવતત્ત્વ નામનું બીજું પ્રકરણ અહીં પૂરું થાય છે.

## પ્રકરણ ત્રીજું

# અજીવતત્ત્વ

[ ગાથા આઠમીથી તેરમી સુધી ]

### (૧) ઉપક્રમ :

પ્રકરણકાર મહર્ષિએ ત્રીજી ગાથાથી સાતમી ગાથા સુધી જીવતત્ત્વનું વર્ણન કર્યું. અલબત્ત, આ વર્ણન સંક્ષેપમાં છે અને તે જીવતત્ત્વને લગતી મુખ્ય મુખ્ય બાબતોને સ્પર્શે છે, પરંતુ અમોએ તેના પર ઠીક ઠીક વિસ્તારથી વિવેચન કરેલું છે અને બીજી પણ જે હકીકતો જાણવા જેવી હતી, તે રજૂ કરેલી છે. આથી પાઠકોના મનમાં જીવતત્ત્વ સંબંધી એક સળંગ સુરેખ ચિત્ર જરૂર ઉઠયું હશે, એમ માનવું વધારે પડતું નથી.

એક વાર જીવતત્ત્વ બરાબર સમજાયું કે અજીવ તત્ત્વને સમજતાં વાર લાગતી નથી. કહ્યું છે કે '**जो जीवे वि वियाणेई, अजीवे वि वियाणेई**–જે જીવને વિશિષ્ટ રીતે જાણે છે, તે અજીવને પણ વિશિષ્ટ રીતે જાણે છે.'

કહેવાનું તાત્પર્ય એ છે કે જ્યાં જીવનાં લક્ષણો સ્પષ્ટ સમજાયાં કે જીવ અને અજીવ વચ્ચેની ભેદરેખા મનમાં અંકિત થઈ જાય છે અને તેના આધારે અજીવને ઓળખવાનું કામ જરાય કઠિન કે અઘરૂં રહેતું નથી. જેને જીવનાં લક્ષણો લાગુ ન પડે તે અજીવ.

કોઈ એમ માનતું હોય કે 'જીવતત્ત્વને જાણ્યું, એટલે બસ. અજીવતત્ત્વને જાણવાની જરૂર શી છે?' તો એ માન્યતા વ્યાજબી નથી, કારણ કે જીવતત્ત્વ અજીવ-તત્ત્વ સાથે અનેક રીતે સંકળાયેલું છે અને સમસ્ત લોકનો તે એક મહત્ત્વનો ભાગ છે. કહ્યું છે કે 'जीवा चेव अजीवा य, एस लोए वियाहिए–જેમાં જીવ પણ હોય અને અજીવ પણ હોય, તેને લોક કહે છે.' અન્ય રીતે કહીએ તો જીવ અને અજીવ બંનેને જાણ્યા વિના આ લોક, વિશ્વ, સૃષ્ટિ, બ્રહ્માંડ, જગત્ કે દુનિયાનો ભેદ ઉકેલાતો નથી અને આપણા મનમાં જે અનેકવિધ કૂટ પ્રશ્નો ઉઠે છે, તેનું યોગ્ય સમાધાન થતું નથી. તેથી જીવતત્ત્વની જેમ અજીવતત્ત્વને પણ સારી રીતે જાણી લેવાની જરૂર છે અને તેથી જ પ્રકરણકાર મહર્ષિ જીવતત્ત્વનું વર્ણન પૂરું થતાં જ અજીવતત્ત્વનું વર્ણન શરૂ કરે છે. તેમાં અજીવતત્ત્વ જે ચૌદ ભેદે જાણવા યોગ્ય છે, તેનો નિર્દેશ આઠમી ગાથામાં આ પ્રકારે કરે છે:

**(२) મૂલ ગાથા :**

**धम्माऽधम्माऽऽगासा, तिय-तिय-भेया तहेव अद्धा य ।**
**खंधा देस–पएसा, परमाणु अजीव चउदसहा ॥८॥**

(૩) સંસ્કૃત છાયા :

धर्मोऽधर्मोऽऽकाशास्त्रिक–त्रिक–भेदास्तथैवाद्धा च ।
स्कन्धा देश-प्रदेशाः, परमाणवोऽजीवश्चतुर्दशधा ॥८॥

(૪) શબ્દાર્થ :

धम्म–ધર્મ, ધર્માસ્તિકાય.

धम्म અને अधम्म અને आगास તે धम्माऽधम्माऽऽगासा. धम्म–ધર્મ. પાંચ અજીવ દ્રવ્યોમાંનું એક દ્રવ્ય-વિશેષ. સામાન્ય રીતે પ્રદેશાત્મક દ્રવ્યોને અસ્તિકાય શબ્દ લગાડવામાં આવે છે, એ રીતે ધર્મને પણ અસ્તિકાય શબ્દ લગાડી ધર્માસ્તિકાય એવો શબ્દપ્રયોગ કરવામાં આવે છે. ધર્મ વગેરે પાંચેય અજીવ દ્રવ્યોનાં લક્ષણો હવે પછીની ગાથાઓમાં કહેવાશે. 'अस्तयः प्रदेशास्तेषां कायः संघातोऽस्तिकायः–અસ્તિ એટલે પ્રદેશો કે જેના વડે અસ્તિત્વનું ભાન થાય છે. તેનો કાય એટલે સમૂહ, તે અસ્તિકાય.

अधम्म–અધર્મ, અધર્માસ્તિકાય.

જેનું લક્ષણ ધર્મદ્રવ્યથી વિપરીત છે, તે અધર્માસ્તિકાય. તે પણ પ્રદેશાત્મક હોવાથી અસ્તિકાય કહેવાય છે.

आगास–આકાશ, આકાશાસ્તિકાય.

આકાશ પણ પાંચ અજીવ દ્રવ્યોમાંનું એક દ્રવ્ય છે અને તે પ્રદેશાત્મક હોવાનાં કારણે અસ્તિકાય કહેવાય છે.

तिय–तिय–भेया–ત્રણ ત્રણ ભેદવાળા છે.

પ્રથમ ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય અને આકાશાસ્તિકાય નામનાં જે ત્રણ દ્રવ્યો કહ્યાં, તે દરેક ત્રણ ત્રણ ભેદવાળાં છે.

**तहेव**–તેમ જ.

**अद्धा**–કાલ.

કાલ પણ પાંચ દ્રવ્યોમાંનું એક દ્રવ્યવિશેષ છે. તે પ્રદેશાત્મક નથી, એટલે તેને અસ્તિકાય શબ્દ લગાડવામાં આવતો નથી. કાલનું સ્વરૂપ આગળ વિસ્તારથી કહેવાશે.

**य**–અને

**खंधा**–સ્કંધો, સ્કંધ.

વસ્તુના આખા ભાગને સ્કંધ કહેવાય છે.

**देस**–દેશ.

**देस** અને **पएस** તે **देस–पएसा**. **देस**–દેશ. વસ્તુથી પ્રતિબદ્ધ એવા તેના ન્યૂન ભાગને દેશ કહેવાય છે.

**पएस**–પ્રદેશ.

સ્કંધથી પ્રતિબદ્ધ તેના નાનામાં નાના ભાગને અર્થાત્ નિર્વિભાજ્ય ભાગને પ્રદેશ કહેવાય છે.

**परमाणु**–પરમાણુ, નિર્વિભાજ્ય અણુ, છૂટો અણુ.

**अजीव**–અજીવ, અજીવતત્ત્વ.

**चउदसहा**–ચૌદ પ્રકારનું છે.

## (૫) અર્થ-સંકલના :

**ત્રણ ત્રણ ભેદવાળા ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય અને આકાશાસ્તિકાય તેમ જ કાલ અને**

**સ્કંધો, દેશો, પ્રદેશો તેમ જ પરમાણુ એ ચૌદ પ્રકારનું અજીવતત્ત્વ છે.**

### (૬) વિવેચન :

અજીવતત્ત્વના કુલ ચૌદ ભેદો આ પ્રમાણે ગણાય છે :

(૧) ધર્માસ્તિકાય સ્કંધ.
(૨) ધર્માસ્તિકાય દેશ.
(૩) ધર્માસ્તિકાય પ્રદેશ.
(૪) અધર્માસ્તિકાય સ્કંધ.
(૫) અધર્માસ્તિકાય દેશ.
(૬) અધર્માસ્તિકાય પ્રદેશ.
(૭) આકાશાસ્તિકાય સ્કંધ.
(૮) આકાશાસ્તિકાય દેશ.
(૯) આકાશાસ્તિકાય પ્રદેશ.
(૧૦) કાલ.
(૧૧) પુદ્ગલ સ્કંધ.
(૧૨) પુદ્ગલ દેશ.
(૧૩) પુદ્ગલ પ્રદેશ.
(૧૪) પુદ્ગલ પરમાણુ.

અહીં સ્કંધ, દેશ, પ્રદેશ અને પરમાણુ આ ચાર વસ્તુઓ ખાસ સમજવા યોગ્ય છે, એટલે પ્રથમ વિચાર તેનો કરીએ.

સંપૂર્ણ વસ્તુને સ્કંધ કહેવામાં આવે છે. જેમકે–લાકડી, પત્થરનો ટુકડો, માટીનું ઢેકું વગેરે. આ સંપૂર્ણ

વસ્તુમાંથી કોઈ ટુકડો જુદો પડે તો તેને પણ સ્કંધ જ કહેવાય છે, કારણ કે તે પણ એક સંપૂર્ણ વસ્તુ છે. વધારે સ્પષ્ટ કહીએ તો વસ્તુના નાના કણને પણ સ્કંધ જ કહેવાય છે, કારણ કે તે પણ એક સંપૂર્ણ વસ્તુ છે.

સ્કંધની અપેક્ષાએ જે ભાગ ન્યૂન કે નાનો હોય છે અને જેના હજી પણ વધારે વિભાગો પડવાની શકયતા હોય છે, તેને દેશ કહેવામાં આવે છે. દેશ સ્કંધથી પ્રતિબદ્ધ હોય છે, એટલે કે જોડાયેલો હોય છે, પણ છૂટો હોતો નથી. જો તે છૂટો પડે તો સ્કંધ જ કહેવાય છે, પછી તેનો વ્યવહાર દેશ તરીકે થઇ શકતો નથી. દાખલા તરીકે પાંચ ફુટ લાંબી લાકડી છે, તો પાંચ ફુટથી ઓછો ભાગ તેનો દેશ છે. આ ભાગ નાનો થતાં થતાં ત્રણ પ્રદેશ સુધી પહોંચે છે, એટલે કે માત્ર ત્રણ પ્રદેશ રહેલા હોય ત્યાં સુધી તે દેશ જ કહેવાય છે. બે પ્રદેશવાળા સ્કંધના બે ભાગ કરતાં દરેક પ્રદેશ કહેવાય છે, એટલે ત્યાં દેશ સંજ્ઞાનો વ્યવહાર થતો નથી. પરંતુ એ લાકડીના ટુકડા થાય તો દરેક ટુકડાને સ્કંધ કહેવાય છે, દેશ કહેવાતો નથી.

દેશના સૂક્ષ્માતિસૂક્ષ્મ વિભાગને એટલે કે જેના કલ્પનાથી પણ બે ભાગ ન થઈ શકે એવા વિભાગને પ્રદેશ કહેવામાં આવે છે. આ પ્રદેશ પણ સ્કંધથી પ્રતિબદ્ધ હોય છે. જો તે પ્રદેશથી છૂટો પડે તો પરમાણુ કહેવાય છે, પરંતુ આવી સ્થિતિ માત્ર પુદ્ગલમાં જ સંભવે છે;

ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય કે આકાશાસ્તિકાયમાં સંભવતી નથી, કારણ કે તે સકલ લોકમાં એક દ્રવ્ય રૂપે સળંગ વ્યાપીને રહેલા છે.

સકલ લોકમાં વ્યાપેલું ધર્માસ્તિકાય નામનું જે દ્રવ્ય તે ધર્માસ્તિકાય સ્કંધ. તેનો જે કલ્પિત ન્યૂન ભાગ તે ધર્માસ્તિકાય દેશ અને તેનો જે નિર્વિભાજ્ય ભાગ તે ધર્માસ્તિકાય પ્રદેશ. અધર્માસ્તિકાય અને આકાશાસ્તિકાયનું પણ આ પ્રમાણે જ સમજવું. પરંતુ તેમાં અપવાદ એટલો કે ધર્માસ્તિકાય અને અધર્માસ્તિકાયના દેશ અને પ્રદેશ અસંખ્ય હોય છે, ત્યારે આકાશાસ્તિકાય લોકની બહાર પણ વ્યાપેલો હોવાથી તેના દેશ અને પ્રદેશ અનંત હોય છે. જો માત્ર લોકમાં વ્યાપેલા આકાશાસ્તિકાયના દેશ–પ્રદેશનો વિચાર કરીએ તો તે ધર્માસ્તિકાય અને અધર્માસ્તિકાયની જેમ અસંખ્ય હોય છે.

ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય અને આકાશાસ્તિકાયના સ્કંધને સ્વાભાવિક સ્કંધ ગણવામાં આવે છે, કારણ કે તે હંમેશાં એક સરખો જ રહે છે અને તેમાં કદી વિભાવ કે વિકાર થતો નથી; જ્યારે પુદ્ગલના સ્કંધને વૈભાવિક સ્કંધ કહેવામાં આવે છે, કારણ કે તેમાં અનેક પ્રકારનો વિભાવ થતો રહે છે, પરિવર્તન થતું રહે છે.

કાલ એક સમય રૂપ છે, એટલે તેના વિશેષ ભેદો નથી. ભૂતકાલ ચાલ્યો ગયો છે અને ભવિષ્યકાલ હજી આવ્યો નથી, એટલે વર્તમાનકાલ માત્ર એક સમયનો જ ગણાય છે અને તેનો જ વ્યવહાર અહીં કાલ તરીકે થયેલો છે.

પુદ્ગલના સ્કંધ, દેશ, પ્રદેશ અને પરમાણુ એવા ચાર વિભાગો છે. તેમાં સ્કંધો અનંત છે, તેના દેશ અને પ્રદેશો પણ અનંત છે અને તેના પરમાણુઓ પણ અનંત છે.

**(૧) ઉપક્રમ :**

અજીવના ચૌદ ભેદો કહ્યા પછી, કયા દ્રવ્યો અજીવ છે? અને તેમનો કેવો સ્વભાવ છે? એ જણાવવાને નવમી તથા દશમી ગાથા આ પ્રમાણે કહે છે :

**(૨) મૂળ ગાથા :**

**धम्माऽधम्मा पुग्गल, नह कालो पंच हुंति अज्जीवा ।**
**चलणसहावो धम्मो, थिरसंठाणो अहम्मो य ॥९॥**
**अवगाहो आगासं, पुग्गल-जीवाण पुग्गला चउहा ।**
**खंधा देस-पएसा, परमाणू चेव नायव्वा ॥१०॥**

**(૩) સંસ્કૃત છાયા :**

**धर्माधर्मौ पुद्गलाः नभः कालः पञ्च भवन्त्यजीवाः ।**
**चलनस्वभावो धर्मः, स्थिरसंस्थानोऽधर्मश्च ॥९॥**
**अवकाश आकाशं, पुद्गलजीवानां पुद्गलाश्चतुर्धा ।**
**स्कन्धा देशप्रदेशाः, परमाणवश्चैव ज्ञातव्याः ॥१०॥**

धम्म-ધર્મ, ધર્માસ્તિકાય.

धम्म અને अधम्म, તે धम्माऽधम्मा. धम्म-ધર્મ, ધર્માસ્તિકાય.

अधम्म–અધર્મ, અધર્માસ્તિકાય.

पुग्गल–પુદ્ગલ.

' पूरणगलणसहावो पुग्गलकाओ '–જેનો પૂરણ એટલે ભેગા થવું અને ગલન એટલે વિખરાવું, એવો સ્વભાવ છે, તેને પુદ્ગલાસ્તિકાય જાણવો. સામાન્ય રીતે પુદ્ગલને ભૌતિક પદાર્થ કહેવામાં આવે છે. અંગ્રેજી ભાષામાં તેને માટે ' મેટર ' (Matter) શબ્દનો પ્રયોગ થાય છે.

नह–નભ, આકાશ.

कालो–કાલ.

पंच–પાંચ, એ પાંચ.

हुंति–છે.

अज्जीवा–અજીવ, અજીવતત્ત્વ.

અહીં પ્રાકૃત શૈલિથી **अज्जीवा** એવો શબ્દપ્રયોગ થયેલો છે. કેટલીક પ્રતિઓમાં **अजीवा** એવો પાઠ પણ જોવામાં આવે છે.

**चलणसहावो**–ચાલવામાં ગતિ કરવામાં સહાય આપવાના સ્વભાવવાળો.

**चलण**–ચાલવું, ગતિ કરવી, તેમાં સહાય આપવી એવો જેનો **सहावो** સ્વભાવ છે, તે **चलणसहावो**.

धम्मो–ધર્મ, ધર્માસ્તિકાય.

थिरसंठाणो–સ્થિર રહેવામાં સહાય આપવાના સ્વભાવવાળો.

थिर-સ્થિર રહેવું, સ્થિર રહેવામાં સહાય આપવી, એવું જેનું संठाण છે-સ્વભાવ છે, તે थिरसंठाणो.

अहम्मो-અધર્મ, અધર્માસ્તિકાય.

अधम्मो અને अहम्मो આ બંને રૂપો પ્રાકૃતમાં ચાલે છે.

अवगाहो-અવકાશ, અવકાશ આપવાના સ્વભાવવાળો.

आगासं-આકાશ, આકાશાસ્તિકાય.

पुग्गल-जीवाण-પુદ્ગલ અને જીવોને.

पुग्गल અને जीव તે पुग्गल-जीव. पुग्गल-પુદ્ગલ. जीवाण-જીવોને.

पुग्गला-પુદ્ગલો.

चउहा-ચાર પ્રકારના.

खंधा-સ્કંધો.

देस-पएसा-દેશ અને પ્રદેશો.

परमाणू-પરમાણુ.

चेव-નિશ્ચયે કરીને, નિશ્ચયપૂર્વક.

नायव्वा-જાણવા.

## (૫) અર્થ-સંકલના :

**ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, પુદ્ગલાસ્તિકાય, આકાશાસ્તિકાય અને કાલ એ પાંચ અજીવો છે. તેમાં ગતિ કરવામાં સહાય આપવાના સ્વભાવવાળો ધર્માસ્તિકાય છે અને સ્થિર રહેવામાં**

**સહાય આપવાના સ્વભાવવાળો અધર્માસ્તિકાય છે. પુદ્ગલ અને જીવોને અવકાશ આપવાના સ્વભાવવાળો આકાશાસ્તિકાય છે. પુદ્ગલો ચાર પ્રકારના છે. તે સ્કંધ, દેશ, પ્રદેશ અને પરમાણુ-સ્વરૂપ જાણવા.**

### (૬) વિવેચન :

જેના કોઈ પણ અંશમાં ચેતના-ચૈતન્ય ન હોય, તે જડ કે અજીવ કહેવાય છે. આવાં દ્રવ્યો પાંચ છે: (૧) ધર્માસ્તિકાય, (૨) અધર્માસ્તિકાય, (૩) પુદ્ગલાસ્તિકાય, (૪) આકાશાસ્તિકાય અને (૫) કાલ. તેમાં જીવ દ્રવ્ય ઉમેરીએ તો કુલ છ દ્રવ્યો થાય છે. આ છ દ્રવ્યો વડે લોકનું સ્વરૂપ નિર્માણ થયેલું છે.

### દ્રવ્યની વ્યાખ્યા :

જે પદાર્થ પોતાના વિવિધ પર્યાયો અર્થાત્ અવસ્થાઓ કે પરિણામોના રૂપમાં દ્રવીભૂત થાય એટલે કે તે તે પરિણામ પ્રાપ્ત કરે, તેને દ્રવ્ય કહેવાય. પર્યાય વિના દ્રવ્ય હોતું નથી અને દ્રવ્ય વિના પર્યાય હોતા નથી.

### દ્રવ્યોનું સ્વરૂપ :

બધાં દ્રવ્યો સત્ છે, અકૃત્રિમ છે, અનાદિનિધન છે અને સમાન અથવા એક જ અવકાશમાં અન્યોન્ય પ્રવેશ કરી શકે એવાં છે. વળી તે પોતાનો સ્વભાવ છોડતાં નથી, એટલે અવસ્થિત છે.

અહીં દ્રવ્યોને સત્ કહેવાનો આશય એ છે કે તેઓ ઉત્પાદ, વ્યય અને ધ્રૌવ્યથી યુક્ત છે. દ્રવ્ય ઉત્પાદથી યુકત છે, એટલે કે તે ઉત્પન્ન થાય છે; વ્યયથી યુકત છે, એટલે કે તે નાશ પામે છે; અને ધ્રૌવ્યથી યુકત છે, એટલે કે તે સ્થિર રહે છે.

પ્રેક્ષાકારી પાઠકને અહીં જરૂર પ્રશ્ન થશે કે 'એક જ વસ્તુમાં આ રીતે પરસ્પર વિરોધી એવી ત્રણ સ્થિતિ શી રીતે સંભવે ?' તેનું સમાધાન એ છે કે 'જો દ્રવ્યને ફૂટસ્થ નિત્ય એટલે જેમાં કદી પરિવર્તન ન થાય, એવું માનીએ કે ક્ષણિક એટલે સદા પરિવર્તન થાય એવું માનીએ તો આવી ત્રણ સ્થિતિ સંભવી શકે નહિ, પણ દ્રવ્યને પરિણામી નિત્ય માનીએ, તો તેમાં આ ત્રણેય સ્થિતિ સંભવી શકે છે.

પરિણામી નિત્યનો અર્થ એ છે કે જેના પરિણામો બદલાતા રહે, પણ મૂલ દ્રવ્ય બદલાય નહિ, અર્થાત્ તે નિત્ય રહે. સોનાનું કંકણ જ્યારે કુંડલનું સ્વરૂપ ધારણ કરે છે, ત્યારે કંકણરૂપી પરિણામોનો નાશ થાય છે અને આમ છતાં સોનું મૂલ દ્રવ્યરૂપે કાયમ રહે છે.

હિંદુ ધર્મમાં ઈશ્વરને ત્રિમૂર્તિ માનવામાં આવ્યો છે; એટલે કે તે બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ રૂપ છે. તેમાં બ્રહ્મારૂપ ઈશ્વર ઉત્પત્તિ કરે છે, વિષ્ણુરૂપ ઈશ્વર સ્થિતિનો નિર્વાહ કરે છે અને મહેશરૂપ ઈશ્વર લય કરે છે, એટલે કે તે વસ્તુનો નાશ કરે છે, એમ મનાયું છે. શું આ વસ્તુ

ઉત્પાદ, વ્યય અને ધ્રૌવ્યયુક્ત સત્‌નું જ એક રૂપક નથી? દરેક દ્રવ્યમાં આ ત્રણ પ્રકારની સ્થિતિ અવશ્ય હોય છે.

દ્રવ્યોને અકૃત્રિમ કહેવાનો આશય એ છે કે તે કોઈનાં બનાવેલાં નથી, પણ સ્વભાવસિદ્ધ છે. જો આ દ્રવ્યને કોઈનાં બનાવેલાં માનીએ તો એ કોઈ પણ કોઈનો બનાવેલો હોવો જોઈએ અને એ કોઈ પણ કોઈનો બનાવેલો હોવો જોઈએ. આમ એ પરંપરા એટલી લંબાય કે જેનો કદી છેડો જ આવે નહિ; એટલે આ મૂલ દ્રવ્યોને અકૃત્રિમ તથા અનાદિસિદ્ધ માનવાં એ જ યોગ્ય છે. જે વસ્તુ અનાદિસિદ્ધ હોય, તેનો અંત આવતો નથી, એટલે તેને અનિધન પણ માનવા જ જોઈએ.

આ દ્રવ્યો સમાન અથવા એક જ અવકાશમાં અન્યોન્ય પ્રવેશ કરી શકે એવાં છે, એટલે જ આ લોકમાં એકબીજાની સાથે રહેલાં છે. જો આ દ્રવ્યો અન્યોન્ય પ્રવેશ કરી શકે એવા ન હોત તો આ લોકમાં કોઈ પણ એક જ દ્રવ્ય રહી શકત, છ દ્રવ્યો નહીં. જેમ એક ઓરડામાં અનેક દીપકોનો પ્રકાશ સાથે રહી શકે છે, તેમ આ છ યે દ્રવ્યો એક જ લોકમાં સાથે રહી શકે છે.

આ દ્રવ્યો પોતાનો સ્વભાવ છોડતા નથી, એટલે છનાં છ રહે છે, પણ તેમાં વૃદ્ધિ કે હાનિ થતી નથી.

આધુનિક વિજ્ઞાન હાઇડ્રોજન, હેલિયમ, લિથિયમ, બેરેલિયમ, કાર્બન, નાઇટ્રોજન, ઓકિસજન વગેરે સો ઉપરાંત દ્રવ્યો માને છે, પરંતુ જૈન દૃષ્ટિએ તો આ બધાં

પુદ્ગલના જ પર્યાયો છે. વળી તેઓ જે અર્થમાં દ્રવ્ય શબ્દનો ઉપયોગ કરે છે, તેની અને અહીં વપરાતા દ્રવ્ય શબ્દની પરિભાષા જુદી છે.

દ્રવ્યમાં ત્રણેય કાલ અવસ્થિત રહેનારો જે વિશિષ્ટ સ્વભાવ તેને ગુણ કહેવાય છે અને તેનું જે રૂપાંતર થયા કરે છે, તેને પર્યાય કહેવાય છે.

છ દ્રવ્યોમાંથી જીવદ્રવ્યનો પરિચય પૂર્વે અપાઈ ગયો. હવે પાંચ અજીવ દ્રવ્યનો પરિચય આપવાનો છે. તેનો પ્રારંભ ધર્માસ્તિકાય અને અધર્માસ્તિકાયથી કરીએ, કારણ કે અજીવ દ્રવ્યોની નામાવલીમાં તેમને પ્રથમ સ્થાન અપાયેલું છે.

## ધર્માસ્તિકાય અને અધર્માસ્તિકાય :

કેટલાક મહાનુભાવો દ્રવ્યની નામાવલીમાં ધર્મ અને અધર્મનું નામ સાંભળીને ભડકી ઉઠે છે, પણ એક જ નામવાળા શબ્દો જુદા જુદા વિજ્ઞાનમાં જુદી જુદી રીતે વપરાય છે. દાખલા તરીકે રસ શબ્દ શરીરશાસ્ત્રમાં એક પ્રકારની ધાતુનો અર્થ બતાવે છે, ઇન્દ્રિયશાસ્ત્રમાં સ્વાદનો અર્થ બતાવે છે, રસાયણશાસ્ત્રમાં પારદ કે પારાનો અર્થ બતાવે છે અને સાહિત્યમાં એક પ્રકારના ભાવનો અર્થ બતાવે છે. એટલે દ્રવ્યની નામાવલીમાં ધર્મ અને અધર્મનું નામ વાંચીને જરા પણ ભડકવાની કે આશ્ચર્ય પામવાની જરૂર નથી. વળી ધર્મ અને અધર્મના છેડે પ્રાયઃ અસ્તિકાય

શબ્દ લગાડવામાં આવે છે, એટલે તેના અર્થમાં ભ્રાંતિ થવાનો સંભવ નથી.

'ધર્મ અને અધર્મ દ્રવ્યોનો સ્વભાવ શું?' એના ઉત્તરમાં પ્રકરણકાર મહર્ષિએ કહ્યું છે કે '**चलणसहावो धम्मो, थिरसंठाणो अहम्मो य**—ગતિ કરવામાં સહાય કરવી એ ધર્મનો સ્વભાવ છે અને સ્થિર રહેવામાં સહાય કરવી, એ અધર્મનો સ્વભાવ છે.'

અહીં સ્પષ્ટતા એટલી કે '**स्वत एव गमनं प्रति प्रवृत्तानां जीवपुद्गलानां गत्युपष्टम्भकारी धर्मास्तिकाय:, स्थितिपरिणतानां तु तेषां स्थितिक्रियोपकारी अधर्मास्तिकाय इति**'—સ્વયં ગમન પ્રતિ પ્રવૃત્ત થયેલા જીવ અને પુદ્ગલની ગતિમાં સહાયક થાય, એ ધર્માસ્તિકાય અને સ્થિર રહેલા પદાર્થોને સ્થિતિ-ક્રિયામાં સહાયક થાય, એ અધર્માસ્તિકાય.[૧] તાત્પર્ય કે પોતાના સ્વભાવથી જ ગતિશીલ થતા એવા જીવદ્રવ્ય તથા પુદ્ગલદ્રવ્યને ગતિ કરવામાં સહાયભૂત થવું, એ ધર્માસ્તિકાયનું લક્ષણ છે અને પોતાના સ્વભાવથી જ સ્થિરતા પામેલા એવા જીવ-દ્રવ્ય તથા પુદ્ગલદ્રવ્યને એ પ્રમાણે સ્થિર રહેવામાં સહાયભૂત થવું, એ અધર્માસ્તિકાયનું લક્ષણ છે.

જીવ અને પુદ્ગલ સિવાય અન્ય દ્રવ્યો ગતિમાન

૧. શ્રી ભાવવિજયજીકૃત ઉત્તરાધ્યયન સૂત્ર ટીકા, ભાગ પહેલો, પૃ. ૨૫૯.

થતા નથી, ગતિ કરતા નથી, એટલે અહીં જીવ અને પુદ્ગલ એ બે દ્રવ્યોનો જ નિર્દેશ કરેલો છે.

જીવ પોતાના સ્વભાવ વડે પુદ્ગલના આલંબનથી તથા કર્મની પ્રેરણાથી ગતિ કરે છે. આ ભવમાં તેને ઔદારિક આદિ દેહનું આલંબન હોય છે અને પરભવમાં જતાં કાર્મણ દેહની પ્રેરણા હોય છે. જીવ જ્યારે સર્વ કર્મોથી મુક્ત થાય છે, ત્યારે પોતાની સ્વાભાવિક ઊર્ધ્વ ગતિ વડે સિદ્ધશિલામાં પહોંચી જાય છે. પુદ્ગલ પણ પોતાના સ્વભાવથી અને જીવની પ્રેરણાથી ગતિ કરે છે. પુદ્ગલનિર્મિત પ્રકાશ, ધ્વનિ આદિ તેમની ગતિશીલતા માટે પ્રસિદ્ધ છે.

જીવ અને પુદ્ગલ ગતિ–સ્થિતિ કરવાના સ્વભાવ-વાળા છે, પણ તેમને ગતિ અથવા સ્થિતિ કરવા માટે કોઈ માધ્યમ (Medium) ની જરૂર પડે છે. તે માધ્યમ આ ધર્માસ્તિકાય અને અધર્માસ્તિકાય દ્રવ્ય પૂરું પાડે છે.

અહીં પ્રશ્ન થવો સહજ છે કે 'જ્યારે જીવ અને પુદ્ગલ પોતાના સ્વભાવથી જ ગતિ–સ્થિતિ કરે છે, ત્યારે તેમને તે ગતિ કે સ્થિતિ માટે માધ્યમની જરૂર શી ?' તેનો ઉત્તર એ છે કે 'એક વસ્તુ ગતિ કે સ્થિતિ કરવાના સ્વભાવવાળી હોય તો પણ તેને સહાયક વસ્તુની અપેક્ષા રહે છે. દાખલા તરીકે માછલી તરવાના સ્વભાવ-વાળી છે, એટલે કે પોતે તરી શકે એવી છે, છતાં તેને સહાયક તરીકે જળની જરૂર પડે છે. જો જળ ન હોય

તો તે તરી શકે નહિ. અથવા આગગાડી વરાળ કે વીજળીના જોરથી ચાલવાની ક્ષમતા ધરાવે છે, પણ તેને સહાયક તરીકે લોખંડના પાટાની જરૂર પડે છે. જો લોખંડના પાટા ન હોય તો તે ચાલી શકતી નથી. અથવા વિદ્યાર્થી ભણવાની શકિતવાળો છે, પણ તેને સહાયક તરીકે શિક્ષક કે શાળાની જરૂર પડે છે. જો શિક્ષક કે શાળાની સહાય ન હોય તો તે ભણી શકતો નથી. તેજ રીતે ગતિમાન પ્રાણીઓમાં સ્થિતિ કરવાની–સ્થિર થવાની શકિત છે, પરંતુ રસ્તામાં કોઈ વૃક્ષ કે વિશ્રામસ્થાન મળે ત્યારે તેઓ સ્થિર થાય છે. અથવા ગતિમાન ભિક્ષુઓમાં સ્થિર થવાની શકિત છે, પણ અન્નસત્ર ચાલતું હોય ત્યાં જ તેઓ સ્થિર થાય છે. તાત્પર્ય કે જીવ અને પુદ્‌ગલને ગતિ–સ્થિતિ કરવા માટે માધ્યમની જરૂર રહે છે અને તે માધ્યમ ધર્માસ્તિકાય તથા અધર્માસ્તિકાય દ્રવ્યો પૂરું પાડે છે.

વૈજ્ઞાનિકોએ ઘણા સંશોધનો પછી એવો નિર્ણય કર્યો કે પ્રકાશના કિરણો એક સેકન્ડમાં ૧,૮૬૦૦૦ માઈલની ગતિથી પ્રવાસ કરે છે. પરંતુ ત્યાં એ પ્રશ્ન ઉપસ્થિત થયો કે આ કિરણો કેવી રીતે ગતિ કરે છે? સૂર્ય, ગ્રહ અને તારાની વચ્ચે વિરાટ્ શૂન્ય પ્રદેશ[1] વ્યાપેલો છે. તેમાં થઈને આ કિરણો લાખો, કરોડો કે

૧. જેમાં કોઈ ભૌતિક પદાર્થ કે વાયુ પણ ન હોય, તેને અહીં શૂન્ય પ્રદેશ કહેવામાં આવ્યો છે.

અબજો માઈલ દૂરથી આવવા છતાં એ બધાંની ગતિ સમાન હોય છે, નહિ કે એકની શીઘ્ર અને બીજાની મંદ. તેથી આ કિરણોને આવવાનું કોઈ માધ્યમ હોવું જોઈએ.

ત્યારબાદ આ વિષયનું સંશોધન કરતાં 'ઈથર' (Ethar) નામનો એક પદાર્થ મળી આવ્યો. પરંતુ તેના સ્વરૂપનો નિર્ણય કરવાનું કામ સહેલું ન હતું. પહેલાં તેને ભૌતિક અથવા પરમાણુવિક એટલે પરમાણુઓનો બનેલો માનવામાં આવ્યો, પરંતુ અનેક મતો બદલાયા પછી હવે લગભગ બધા જ વૈજ્ઞાનિકો એ માન્યતા પર આવી ગયા છે કે ઈથર અપરમાણુવિક વસ્તુ છે, સર્વત્ર વ્યાપ્ત છે[1] અને વસ્તુને ગતિમાન થવામાં સહાય કરે છે. આ વસ્તુ ધર્માસ્તિકાયના સિદ્ધાંતને ખૂબ જ પુષ્ટ કરનારી છે.

'**धम्मो अहम्मो** आगासं, दव्वं इक्किक्कमाहियं–ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય અને આકાશાસ્તિકાયને જ્ઞાની ભગવંતોએ એકેક દ્રવ્ય કહેલું છે.' એટલે કે ધર્માસ્તિ-કાય અને અધર્માસ્તિકાય અખંડ એક દ્રવ્યરૂપ છે. તેના કોઈ ટુકડા કે વિભાગો નથી.

આ બંને દ્રવ્યો લોકમાં સર્વત્ર વ્યાપેલા છે. અથવા તો આ બંને દ્રવ્યો આકાશના જેટલા ભાગમાં વ્યાપેલા છે, તે જ લોકની મર્યાદા છે.

---

૧. અહીં સર્વત્ર શબ્દ જેટલા ભાગમાં વિશ્વની સ્થિતિ છે, તેને અનુલક્ષીને કહેવામાં આવ્યો છે.

અહીં એવો પ્રશ્ન થવા સંભવ છે કે ‘ ધર્માસ્તિકાય અને અધર્માસ્તિકાયની વ્યાપ્તિ લોકપર્યંત જ શા માટે ? લોકની બહાર પણ કેમ નહિ ? જો તેને લોકની બહાર પણ વ્યાપેલા માનીએ, તો આપત્તિ શી છે ?’ તેનો ઉત્તર એ છે કે ‘ જ્યાં જ્યાં આકાશ ત્યાં ત્યાં ધર્માસ્તિકાય અને અધર્માસ્તિકાયનું અસ્તિત્વ માનીએ, તો તે બંનેનો સ્વતંત્ર દ્રવ્ય તરીકે સ્વીકાર કરવાની કોઈ આવશ્યકતા રહેતી નથી. પછી તો ગતિ અને સ્થિતિમાં સહાય કરવી, એ આકાશનો જ ગુણ લેખાય, કારણ કે જ્યાં પણ આકાશ હોય, ત્યાં આ બંને વસ્તુઓ અવશ્ય હોવાની.

વિશેષમાં ધર્માસ્તિકાય અને અધર્માસ્તિકાયને લોકની બહાર પણ વ્યાપેલાં માનીએ તો લોકની મર્યાદાનો લોપ થઈ જાય અને તેનો વિસ્તાર અનંત બની જાય, તેથી તેમાં કોઈ જાતની વ્યવસ્થા રહે નહિ. જીવ અને પુદ્ગલ અનંત આકાશમાં ધર્માસ્તિકાયની સહાય વડે જો સંસરણ કરે તો એટલા વેરવિખેર થઇ જાય કે ફરી તેમનું મળવું, લગભગ અસંભવિત બની જાય. ઉપરાંત લોકના અગ્રભાગે જે સિદ્ધિસ્થાન કહેલું છે, તેનો પણ લોપ થઇ જાય, કારણ કે અનંતને અગ્રભાગ હોતો નથી. અગ્રભાગ તો કોઇ પણ મર્યાદિત વસ્તુને જ હોય છે. આ સ્થિતિમાં સિદ્ધિ એટલે મુક્તિ કે મોક્ષનો પણ લોપ જ થાય, કારણ કે સિદ્ધિસ્થાન વિના મુક્ત જીવો રહે ક્યાં ? એ તો આકાશમાં ધર્માસ્તિકાયના માધ્યમ વડે સદૈવ ગતિમાન જ રહે અને તેનો અંત આવે નહિ.

આ રીતે ધર્માસ્તિકાય અને અધર્માસ્તિકાયને લોકની બહાર પણ વ્યાપેલા માનવામાં અનેક પ્રકારની આપત્તિ છે, તેથી તેઓ લોકપર્યંત વ્યાપેલા છે, એમ માનવું જ યોગ્ય છે.

પાઠકોને જાણીને આનંદ થશે કે સુપ્રસિદ્ધ વૈજ્ઞાનિક આલ્બર્ટ આઇન્સ્ટીને નિમ્ન શબ્દો વડે આ સિદ્ધાંતનું સમર્થન કરેલું છે: 'લોક પરિમિત છે, અલોક અપરિમિત. લોક પરિમિત હોવાથી દ્રવ્ય (Matter) અથવા શક્તિ (Energy) તેની બહાર જઈ શકતા નથી. લોકની બહાર આ દ્રવ્યનો અભાવ છે કે જે ગતિમાં સહાય થાય છે.'

શ્રી ભગવતીસૂત્રમાં આ દ્રવ્યોને '**अवण्णे अगन्धे अरसे अफासे**' કહેલાં છે, એટલે કે તેમને કોઈ પ્રકારનો વર્ણ-રંગ હોતો નથી, કોઈ પ્રકારની ગંધ હોતી નથી, કોઈ પ્રકારનો રસ હોતો નથી અને કોઈ પ્રકારનો સ્પર્શ પણ હોતો નથી. વર્ણ, ગંધ, રસ અને સ્પર્શ એ પુદ્ગલના ગુણો છે અને તે પુદ્ગલ સિવાય અન્ય કોઇ દ્રવ્યમાં હોતા નથી, એટલે ધર્માસ્તિકાય અને અધર્માસ્તિકાયમાં તેનો સંભવ નથી. આ દ્રવ્યો અપરમાણુવિક છે, તેનું આ પુષ્ટ પ્રમાણ છે.

'**असंखेज्जा धम्मत्थिकाय पएसा**' એ શાસ્ત્રવચનોથી ધર્માસ્તિકાય તેમજ અધર્માસ્તિકાયના પ્રદેશો અસંખ્ય હોવાનો નિશ્ચય થાય છે.

અહીં એટલી સ્પષ્ટતા કરવી ઉચિત છે કે વ્યાવહારિક ભાષામાં અસંખ્યનો અર્થ અનંત થાય છે, પણ જૈન તત્ત્વજ્ઞોએ અસંખ્યાત અને અનંત એવા બે જુદા પ્રકારો માનેલા છે, એટલે અસંખ્ય એ અનંત નથી, પણ તેનો ઘણો નાનો ભાગ છે.

ભાષા, ઉચ્છ્વાસ, મન વગેરે પુદ્ગલોનું ગ્રહણ–વિસર્જન ધર્માસ્તિકાય વિના ગતિના અભાવે થઈ શકે નહિ, તેથી જીવની ગતિક્રિયામાં તેમજ ભાષા, ઉચ્છવાસ, મન અને કાય યોગાદિ ચલક્રિયામાં સર્વત્ર ધર્માસ્તિકાય ઉપકારી છે. તેજ રીતે બેસવામાં, ઊભા રહેવામાં તથા ચિત્તની સ્થિરતા આદિ સ્થિર ક્રિયાઓ અધર્માસ્તિકાયની સહાય વિના થઇ શકતી નથી, એટલે જીવની સ્થિર ક્રિયાઓમાં સર્વત્ર અધર્માસ્તિકાય ઉપકારી છે.

આજથી હજારો વર્ષ પહેલાં જ્યારે આજનાં જેવાં વૈજ્ઞાનિક સાધનો ન હતાં, ત્યારે જીવ અને પુદ્ગલ એક અદૃશ્ય માધ્યમ દ્વારા ગતિ–સ્થિતિ કરે છે, એવું પ્રતિપાદન કરનારા જૈન મહર્ષિઓના જ્ઞાનની કયા શબ્દોમાં પ્રશંસા કરવી ? વળી એ પણ નોંધપાત્ર છે કે અન્ય કોઇ પણ દર્શન ધર્માસ્તિકાય અને અધર્માસ્તિકાયની વિચારણા સુધી પહોંચ્યું નથી, એટલે ધર્માસ્તિકાય અને અધર્માસ્તિકાય એ જૈન દર્શનની વિશેષતા છે અને તે એની અદ્ભુતતા પુરવાર કરે છે.

ધર્માસ્તિકાય અને અધર્માસ્તિકાય દ્રવ્યોનું આ

સ્વરૂપ જાણ્યા પછી તેમને અનુક્રમે ગતિનું માધ્યમ (Medium of motion) અને સ્થિતિનું માધ્યમ (Medium of rest) કહીએ, તો તે સર્વથા યોગ્ય છે.

**આકાશાસ્તિકાય :**

દશમી ગાથાના પ્રારંભમાં કહ્યું છે કે '**अवगाहो आगासं पुग्गल–जीवाण**–જે પુદ્ગલ અને જીવોને રહેવાનો તથા ગમનાગમન કરવાનો અવકાશ આપે છે, તે આકાશ. અહીં ધર્માસ્તિકાય અને અધર્માસ્તિકાયનો નિર્દેશ કર્યો નથી, પણ તે અધ્યાહારથી સમજી લેવાનું છે. કાલ તો મર્ત્યલોકમાં જ હોય છે, એટલે તેનો નિર્દેશ કરવાની આવશ્યકતા નથી. તાત્પર્ય કે જે અદૃશ્ય, દૃશ્ય, નાના, મોટા સર્વે પદાર્થોને પોતાની અંદર રહેવાની જગા આપે છે, તેને આકાશ કહેવાય છે.

આકાશ સર્વવ્યાપી હોવાથી કોઈ પણ વસ્તુ તેની બહાર સંભવી શકતી નથી.

અહીં પ્રશ્ન થવા સંભવ છે કે, " ઉપર આકાશ અને નીચે ધરતી " વગેરે ઉક્તિઓ પરથી તો એમ સમજાય છે કે ઉપરના ભાગમાં આકાશ આવેલું છે અને નીચેના ભાગમાં ધરતી આવેલી છે, તો પછી આકાશને સર્વત્ર વ્યાપેલું કેમ માની શકાય ?' તેનો ઉત્તર એ છે કે આપણી ઉપરના ભાગમાં ઘણું મોટું પોલાણ—ઘણો મોટો અવકાશ આવેલો હોવાથી આપણે 'ઉપર આકાશ,' એમ કહીએ છીએ, અને આપણે ધરતી પર વસેલા છીએ,

ધરતી પર હરીએ-ફરીએ છીએ, એટલે કે આપણા પગ નીચે ધરતી છે, તેથી 'નીચે ધરતી' એમ કહીએ છીએ, પણ સમગ્રતયા જોઈએ તો દશે દિશામાં આકાશ વ્યાપ્ત છે અને તેના એક ભાગમાં જ લોક રહેલો છે. તાત્પર્ય કે આકાશ માત્ર આપણી ઉપર જ નહિ, પણ આપણી ચારે બાજુ અને નીચેના ભાગમાં પણ વ્યાપેલું છે.

આપણે જે ધરતી પર વસીએ છીએ, તેમાં નીચે ૯૦૦ યોજન ગયા પછી અધોલોકની શરૂઆત થાય છે. તેમાં સહુથી પ્રથમ રત્નપ્રભા નામની પૃથ્વી આવે છે. આ પૃથ્વી ઉપરથી આપણી પૃથ્વી સાથે જોડાયેલી છે, પણ નીચેથી સ્વતંત્ર છે, એટલે કે તે બીજી પૃથ્વીથી જોડાયેલી નથી. ત્યાર પછી અમુક અંતરે નીચે શર્કરાપ્રભા, વાલુકાપ્રભા, પંકપ્રભા, ધૂમપ્રભા, તમઃપ્રભા અને તમસ્તમઃપ્રભા નામની પૃથ્વીઓ એક એકથી નીચે સ્વતંત્રપણે આવેલી છે, તાત્પર્ય કે આ બધી પૃથ્વીઓ આકાશમાં જ અદ્ધર રહેલી છે.

અહીં પ્રશ્ન થવો સહજ છે કે 'પૃથ્વી જેવી અતિ વજનદાર વસ્તુ આકાશમાં અદ્ધર (ટેકા વિના) શી રીતે રહેતી હશે?' તેનો ખુલાસો એ છે કે 'આ પૃથ્વીઓ ઘનોદધિ એટલે જામીને સ્થૂલ થઈ ગયેલા પાણી પર રહેલી છે. આ જામીને સ્થૂલ થઈ ગયેલું પાણી ઘનવાત એટલે જાડી હવાના થર પર રહેલું છે અને આ જાડી હવાનો થર તનુવાત એટલે પાતળી હવાના થર પર રહેલો

છે. તેમ જ આ પાતળી હવાનો થર આકાશમાં રહેલો છે. આ રીતે અતિ વજનદાર પૃથ્વીઓ તનુવાતાદિના આધારે આકાશમાં અદ્ધર રહેલી છે. આપણી ઉપરના ભાગમાં અમુક અંતરે દેવોનાં વિમાનો આવેલાં છે, તે પણ આવી જ રીતે આકાશમાં અદ્ધર રહેલાં છે. વૈજ્ઞાનિકો ગુરુત્વાકર્ષણના સિદ્ધાંતથી આ ઘટનાનો ખુલાસો કરે છે, પરંતુ હજી તેમાં સુધારા સૂચવાયે જ જાય છે, એટલે કે એ અંતિમ નિર્ણયાત્મક વસ્તુ નથી.

આપણી ધરતી આકાશમાં રહેલી છે, તેનો સચોટ અને પ્રબળ પુરાવો એ છે કે આ ધરતીનો કોઈ પણ ભાગ એમાંથી લઈ લેવામાં આવે તો એ સ્થળે આકાશ બાકી રહે છે. દાખલા તરીકે ધરતીમાં ચાર ફુટ લાંબો, ચાર ફુટ પહોળો અને ચાર ફુટ ઊંડો ખાડો ખોદવામાં આવે તો તે ખાડામાં શું હોય? અહીં કોઈ એવો જવાબ આપે કે 'હવા.' તો એ હવાને પંપ દ્વારા ખેંચી લેતાં ત્યાં માત્ર અવકાશ જ રહેવાનો કે જેને આપણે આકાશ કહીએ છીએ. નૈશ્ચયિક દૃષ્ટિએ જોઈએ તો તેમાં ધર્માસ્તિકાય છે, અધર્માસ્તિકાય છે, સૂક્ષ્મ એકેન્દ્રિય જીવો પણ છે અને પુદ્ગલની વર્ગણાઓ પણ છે, પરંતુ આ બધી વસ્તુઓ આપણા ચર્મચક્ષુઓથી જોઈ શકાય એવી નથી, એટલે ત્યાં માત્ર અવકાશ હોવાનો જ ખ્યાલ આવે છે.

સમગ્ર અવકાશના લોકાકાશ અને અલોકાકાશ એવા

બે ભાગો છે. તેમાં જે આકાશ લોકમાં વ્યાપેલું છે, તે લોકાકાશ કહેવાય છે અને અલોકમાં વ્યાપેલું છે, તે અલોકાકાશ કહેવાય છે. લોકાકાશ કરતાં અલોકાકાશનું પ્રમાણ અનંતગણું મોટું છે.

લોકનો આકાર કેડ ઉપર કરયુગ્મવાળા અને બંને પગ પ્રસારીને ઊભેલા ધનુષધારી પુરુષ જેવો છે. તેમાં અધોલોક અધોમુખ રાખેલા શરાવલાના જેવા સંસ્થાનવાળો છે, તિર્ચ્છાલોક થાલ જેવા આકારવાળો છે અને ઊર્ધ્વલોક શરાવસંપુટના આકાર જેવો છે. આ લોક ઉપરથી નીચે સુધી ચૌદ રજ્જુ કે રાજ જેટલો લાંબો છે.

'રજ્જુ કે રાજનું પ્રમાણ શું?' તેનો ઉત્તર આંકડાથી અપાય એવો નથી, એટલે ઉપમાનથી આપવામાં આવે છે. જેમકે નિમિષ માત્રમાં લાખ યોજન જનારો દેવ છ માસમાં જેટલું અંતર વટાવે તે એક રજ્જુ કે એક રાજ જાણવું. અથવા ૩,૮૧,૨૭,૯૭૦ મણનો એક ભાર એવા એક હજાર મણ ભારવાળા તપાવેલા ગોળાને જોરથી ફેંકવામાં આવે અને તે ગતિ કરતો ૬ માસ, ૬ દિવસ, ૬ પહોર ૬ ઘડી અને ૬ સમયમાં જેટલું અંતર વટાવે, તે એક રજ્જુ કે એક રાજ જાણવું.

કોઈને એમ લાગતું હોય કે 'અધધધ! આ પ્રમાણ તો કેટલું બધું મોટું છે? શું ખરેખર એક રજ્જુ કે રાજમાં આટલું મોટું અંતર હોતું હશે?' તો આધુનિક વૈજ્ઞાનિકો પણ આકાશની વિરાટતા સમજાવવા માટે આવા

જ ઉદાહરણો આપે છે. ધી રીડર્સ ડાયજેસ્ટ ગ્રેટ વર્લ્ડ એટલાસ (The reader's digest great world atlas) નામની એક અદ્યતન નકશાપોથી હમણાં જ બહાર પડી છે. તેના ત્રીજા ભાગમાં વધારાનો અવકાશ—અનંત આકાશ (Outer space—the boundless sky) નામનો એક નકશો આપવામાં આવ્યો છે. (પૃ. ૧૦૨) તેમાં જણાવ્યું છે કે આ આકાશમાં લાખો સૂર્ય-માળાઓ (સૂર્યો અને તેના ગ્રહો–ઉપગ્રહો વગેરે) છે. તે એક બીજાથી એટલી દૂર આવેલી છે કે કલાકના ૧૦૦,૦૦૦ એક લાખ માઈલની ઝડપે જતાં રોકેટને તેની પાસે પહોંચતાં ૮૭ ક્રોડ વર્ષ લાગે. હવે વિચાર કરો કે જેને લોકાકાશ કહીએ છીએ, તે પણ કેટલું વિરાટ છે! અલો-કાકાશ તો તેના કરતાં પણ અનંતગણું મોટું છે, એટલે તેની તો વાત જ શી કરવી?

આકાશને વર્ણ નથી, ગંધ નથી, રસ નથી તથા સ્પર્શ પણ નથી. તાત્પર્ય કે તે અમૂર્ત છે, અપર-માણવિક છે.

અહીં એવો પ્રશ્ન થવા સંભવ છે કે 'જો આકાશને વર્ણ નથી તો તે વાદળી રંગનું કેમ દેખાય છે? તથા પ્રાતઃકાલ અને સાયંકાલે વિવિધ વર્ણનું કેમ જણાય છે?' તેનો ખુલાસો એ છે કે 'આપણને આકાશ વાદળી રંગનું દેખાય છે, પણ તે રંગ આકાશનો નથી. એ રંગ તો તેની અંદર રહેલ વાયુમંડળ તથા અન્ય પૌદ્ગલિક

રજનો છે. વળી એ પણ ધ્યાનમાં રાખવું ઘટે છે કે દર્શનક્રિયાના નિયમ અનુસાર એક વસ્તુ ઘણી દૂર જાય તો તે ગમે તે રંગની હોય, પણ વાદળી જ લાગે છે. પહાડનું શિખર જુદા જુદા રંગનું હોય છે, પણ દૂરથી જોતાં તે માત્ર વાદળી રંગનું જ લાગે છે. પ્રાતઃકાળે અને સંધ્યાકાળે આકાશ વિવિધ રંગનું જણાય છે, તેનું કારણ એ છે કે સૂર્યના કિરણો વાતાવરણમાં અમુક રીતે પ્રસરે છે. તાત્પર્ય કે એ રંગો આકાશના નથી, પણ વાતાવરણના છે, પરંતુ આપણને તે આકાશના જ હોય એવો ભાસ થાય છે.

આકાશને પોતાની કશી આકૃતિ નથી, છતાં તે ઘુમ્મટ જેવું ગોળ લાગે છે, તેનું કારણ પણ દર્શનક્રિયાની વિશેષતા છે. જે વસ્તુ અતિ દૂર રહેલી હોય, તેના કિરણો આપણી આંખ સુધી પહોંચતાં વક્રાકાર બની જાય છે અને તેથી એ વસ્તુ ગોળ લાગે છે. સૂર્યની આકૃતિ ગમે તે હોય, ચંદ્રની આકૃતિ પણ ગમે તે હોય અને તારાઓની આકૃતિઓ પણ ગમે તે હોય, આમ છતાં તે બધા જ આપણને ગોળ લાગે છે, કારણ કે તે અતિ દૂર રહેલા છે.


આકાશ નિષ્ક્રિય છે, એટલે કે તે કંઈ પણ ક્રિયા કરતું નથી. અહીં પ્રશ્ન થવા સંભવ છે કે 'જો આકાશ નિષ્ક્રિય હોય તો તેમાં અનેક પ્રકારની ક્રિયાઓ થતી કેમ દેખાય છે? વળી શબ્દ તો તેનાથી જ ઉત્પન્ન થતો જણાય છે, તેનું કેમ?' આ પ્રશ્નનો ઉત્તર એ છે કે

'આકાશમાં જે વિવિધ પ્રકારની ક્રિયાઓ થતી દેખાય છે, તેનું કારણ જીવ અને પુદ્ગલનો ક્રિયા-સ્વભાવ છે. આકાશ તો તેમને ક્ષેત્ર પૂરું પાડવા સિવાય અન્ય કશું કાર્ય કરતું નથી. ઘરમાં વિવિધ પ્રકારની ક્રિયાઓ થાય છે, તેથી એ ક્રિયાઓ ઘર કરે છે, એમ કહેવાય છે ખરું ? વાસ્તવિક રીતે તો એ ક્રિયાઓ ઘરમાં રહેનારા જ કરે છે, પણ ઘર કરતું નથી. આકાશની બાબતમાં પણ આમ જ સમજવું. વળી શબ્દ આકાશમાંથી ઉત્પન્ન થતો ભલે જણાતો હોય, પણ વાસ્તવમાં તે આકાશથી ઉત્પન્ન થતો નથી. એ તો પુદ્ગલનું જ એક પ્રકારનું કે પરિણામ છે.

જૈન દર્શને આ વાત હજારો વર્ષ પહેલાં કહી હતી અને તે કારણે અનેક દર્શનોએ તેની નિર્ભર્ત્સના કરી હતી, પરંતુ છેલ્લાં સો વર્ષમાં વૈજ્ઞાનિકોએ અનેક પ્રયોગો કરીને એ વાત પુરવાર કરી આપી છે, એટલું જ નહિ પણ શબ્દને આબાદ પકડી આપ્યો છે. ફોનોગ્રાફ, રેડિયો, ટેલિફોન વગેરે તેનાં પ્રમાણો છે. હવે શબ્દ એ પૌદ્ગલિક વસ્તુ હોવા બાબત કોઈને કશી શંકા રહી નથી. તાત્પર્ય કે શબ્દ એ આકાશનો ગુણ નથી, એ તો સર્વથા નિષ્ક્રિય જ છે.

એક વસ્તુ અને બીજી વસ્તુ વચ્ચેનું અંતર આકાશના નિમિત્તથી જ જાણી શકાય છે. જો આકાશ ન હોય તો આપણે કોઈ પણ વસ્તુની લંબાઈ, પહોળાઈ કે ઊંચાઈ કહી શકીએ નહિ.

તેજ રીતે દિશાઓનું જ્ઞાન પણ આકાશના નિમિત્તથી જ થાય છે. જે ઉપરના ભાગમાં ગઈ તે ઊર્ધ્વદિશા અને નીચેના ભાગમાં ગઈ તે અધોદિશા. તેની વચ્ચે જે ભાગ રહ્યો તે તિર્યગ્ ભાગ. દાખલા તરીકે સાથેની આકૃતિમાં क ख અને ग એવાં ત્રણ બિંદુઓ આપેલાં છે. તેમાં कને તિર્યગ્ ભાગ માનીએ તો ત્યાંથી ઉપર જતો ख સુધીનો ભાગ એ ઊર્ધ્વદિશા છે અને નીચે જતો ग સુધીનો ભાગ એ અધોદિશા છે. જો અવકાશ ન હોય તો આપણને આ રીતે ઊર્ધ્વ કે અધોદિશાનો ખ્યાલ આવે નહિ.




ચાર દિશાઓ તથા ચાર દિશાઓની બાબતમાં પણ આમ જ સમજવાનું છે.

આપણે પૃથ્વીના જે ભાગ પર રહીએ છીએ, તે મધ્યલોક કે તિર્યગ્લોક કહેવાય છે. તેથી તેની ઉપરના ભાગને આપણે ઉર્ધ્વલોક તરીકે ઓળખીએ છીએ અને નીચેના ભાગને અધોલોક તરીકે સંબોધીએ છીએ. જ્યાં ઊંચા–નીચાનો પ્રશ્ન આવે ત્યાં ઊર્ધ્વ, તિર્યગ્ અને અધો એવા ત્રણ વિકલ્પો અવશ્ય સંભવે છે અને તે જ આધારે આ લોકના ઉર્ધ્વલોક, મધ્યલોક અને અધોલોક, એવા ત્રણ વિભાગો માનવામાં આવ્યા છે.

ચાર દિશાઓ તથા વિદિશાઓનાં નામ પ્રાચીન શાસ્ત્રોમાં આ પ્રમાણે પ્રાપ્ત થાય છે :

| પ્રસિદ્ધ નામ | પ્રાચીન નામ | કારણ |
|---|---|---|
| પૂર્વ | ઐન્દ્રી | ઈન્દ્ર દ્વારા રક્ષિત. |
| દક્ષિણ | યામ્યા | યમ દ્વારા રક્ષિત. |
| પશ્ચિમ | વારુણી | વરુણ દ્વારા રક્ષિત. |
| ઉત્તર | સૌમ્યા | સોમ દ્વારા રક્ષિત. |
| અગ્નિ | આગ્નેયી | અગ્નિ દ્વારા રક્ષિત. |
| નૈઋત્ય | નૈઋતિ | નૈઋત દ્વારા રક્ષિત. |
| વાયવ્ય | વાયવ્યા | વાયુ દ્વારા રક્ષિત. |
| ઈશાન | ઐશાની | ઈશાન દ્વારા રક્ષિત. |

અહીં દિશા અને વિદિશાઓ અંગે થોડું સ્પષ્ટીકરણ કરીશું. ભુવલયના મધ્ય ભાગમાં આવેલા મેરુ પર્વતના આઠ રુચક પ્રદેશોને મધ્યબિંદુ સમજવાના છે. આ બિંદુમાંથી સૂર્ય ઉગવાની દિશામાં જે રેખા દોરીએ તે પૂર્વ અને સૂર્ય અસ્ત થવાની દિશામાં જે રેખા દોરીએ તે પશ્ચિમ. આ બિંદુમાંથી ધ્રુવના તારા તરફ જે રેખા દોરીએ તે ઉત્તર અને તેની સામી દિશાએ જે રેખા દોરીએ તે દક્ષિણ. ઉત્તર અને પૂર્વની વચ્ચે જે ખૂણો આવેલો છે, તે ઈશાન. પૂર્વ અને દક્ષિણ દિશાની વચ્ચે જે ખૂણો આવેલો છે, તે અગ્નિ. દક્ષિણ અને પશ્ચિમ દિશાની વચ્ચે જે ખૂણો આવેલો છે, તે નૈઋત્ય અને પશ્ચિમ તથા ઉત્તર દિશાની વચ્ચે જે ખૂણો આવેલો છે, તે વાયવ્ય. જલ, સ્થલ તથા આકાશના માર્ગો જાણવા માટે દિશાનું જ્ઞાન જરૂરી છે અને તે જ કારણે તેના

માર્ગ દર્શાવતા નકશાઓમાં દિશાસૂચક આકૃતિ અવશ્ય આપવામાં આવે છે.

## પુદ્ગલાસ્તિકાય :

કેટલાક પુદ્ગલ શબ્દનો પ્રયોગ પરમાણુના અર્થમાં કરે છે, કેટલાક શરીરના અર્થમાં કરે છે, તો કેટલાક આત્માના અર્થમાં પણ કરે છે. પરંતુ અહીં પુદ્ગલ શબ્દ ભૌતિક પદાર્થના અર્થમાં વપરાયેલો છે કે જેને આધુનિક વિજ્ઞાન સામાન્ય રીતે 'મેટર' ( Matter ) કહે છે.

કોષકારના કથન મુજબ પુદ્ગલ શબ્દ **पुत्** અને **गल** એવાં બે પદોથી બનેલો છે. તેમાં **पुत्** પદ પૂરણનું સૂચન કરે છે અને **गल** શબ્દ ગલનનું સૂચન કરે છે. પૂરણ એટલે પુરાવું, ભેગા થવું, જોડાવું. ગલન એટલે ગળી જવું, છૂટા પડવું, જુદા થઈ જવું.

સિદ્ધસેનીય તત્ત્વાર્થટીકામાં '**पूरणाद् गलनाच्च पुद्गलाः ।**' એવી વ્યાખ્યા કરવામાં આવી છે અને દિગમ્બર ગ્રન્થ રાજવાર્તિકમાં પણ 'पूरणगलनान्वर्थसंज्ञत्वात् पुद्गलाः' એમ જણાવેલું છે, એટલે જે દ્રવ્યમાં સંયોજન અને વિભાજનની ક્રિયા નિરંતર ચાલી રહી છે, તે પુદ્ગલ એમ સમજવાનું છે.

છ દ્રવ્યો પૈકી અન્ય કોઈ દ્રવ્યમાં આ પ્રકારે સંયોજન–વિભાજનની ક્રિયા થતી નથી, એટલે તેને પુદ્ગલનું વિશિષ્ટ લક્ષણ માનવું જોઈએ. ધર્માસ્તિકાય,

અધર્માસ્તિકાય અને આકાશસ્તિકાય પોતાના મૂળ સ્વરૂપે જ સ્થિર રહે છે, એટલે કે તેમના પ્રદેશોમાં કોઈ પ્રકારની ન્યૂનાધિકતા થતી નથી. આજથી લાખો-ક્રોડો વર્ષ પહેલાં તેમાં જેટલા પ્રદેશો હતા, તેટલા આજે પણ છે અને ભવિષ્યમાં પણ તેટલા જ રહેવાના. કાલનો પ્રત્યેક પ્રદેશ સ્વતંત્ર છે, એટલે તેમાં પણ સંયોજન અને વિભાજનની ક્રિયા થતી નથી. જીવ સંકોચ અને વિસ્તારના ગુણવાળો છે, એટલે દેહ પ્રમાણે વ્યાપીને રહે છે, પણ તેથી તેના પ્રદેશોમાં કંઈ પણ ઘટાડો કે વધારો થતો નથી. તેમાં પ્રથમ જેટલા પ્રદેશો હતા, તે બધાય આજે વિદ્યમાન છે અને આખર સુધી એ પ્રમાણે જ રહેવાના. અન્ય શબ્દોમાં કહીએ તો જીવમાં કોઈ નવો ટુકડો જોડાતો નથી કે તેમાંથી કોઈ ટુકડો છૂટો પડતો નથી; એટલે તે સંયોજન અને વિભાજનની ક્રિયાથી રહિત છે.

પ્રકરણકાર મહર્ષિએ '**पुग्गला चउहा**' એ પદોથી એમ સૂચવ્યું છે કે 'આ પુદ્‌ગલ દ્રવ્ય ચાર પ્રકારનું છે.' અહીં તેનાં નામોની અપેક્ષા રહે એ સ્વાભાવિક છે, તેથી તેમણે ગાથાના ઉત્તરાર્ધમાં કહ્યું છે કે '**खंधा देस-पएसा, परमाणु चेव नायव्वा**-આ ચાર પ્રકારો તે સ્કંધ, દેશ, પ્રદેશ અને પરમાણુ જાણવા.'

પૂર્વે આઠમી ગાથામાં અજીવના ચૌદ ભેદોની ગણના કરતી વખતે સ્કંધ, દેશ, પ્રદેશ અને પરમાણુનો નિર્દેશ થયેલો છે, પણ તે પુદ્‌ગલના ચાર પ્રકાર તરીકે થયેલો નથી, એટલે અહીં આ સ્પષ્ટતા કરવામાં આવી છે.

આ ચાર પ્રકારોને સામાન્ય રીતે સ્કંધ, સ્કંધ-દેશ સ્કંધ-પ્રદેશ અને પરમાણુ કહેવામાં આવે છે, કારણ કે દેશ અને પ્રદેશ સ્કંધથી પ્રતિબદ્ધ હોય છે, એટલે કે તેમાં જ રહેલા હોય છે; તેનું પૃથક્ અસ્તિત્વ હોતું નથી. શ્રી ભગવતીસૂત્રમાં કહ્યું છે કે '**जे रूवी ते चउ-विहा पण्णत्ता, तं जहा खंधा, खंध-देसा, खंध-पएसा, परमाणु पोग्गला**-જે રૂપી દ્રવ્ય છે, તે ચાર પ્રકારનું કહેલું છે. જેમ કે-સ્કંધ, સ્કંધ-દેશ, સ્કંધ-પ્રદેશ અને પરમાણુ -પુદ્ગલ.' તાત્પર્ય કે પુદ્ગલના વાસ્તવમાં બે જ પ્રકારો છે: (૧) સ્કંધ અને (૨) પરમાણુ કે જેને આધુનિક વૈજ્ઞાનિકોએ 'મોલેક્યુલ' (Molecule) અને 'એટમ' (Atom) ની સંજ્ઞા આપેલી છે. શ્રી ઉમાસ્વાતિ વાચક-વર્યે તત્ત્વાર્થસૂત્રમાં '**अणवः स्कन्धाश्च**' ॥ ૫-૨૫ ॥ એ સૂત્ર વડે આ વસ્તુ સ્પષ્ટ કરી છે. અહીં અણુ શબ્દ પરમાણુના અર્થમાં જ વપરાયેલો છે. તે પરમાણુથી ભિન્ન કોઈ વસ્તુને સૂચવતો નથી.

## પરમાણુ-પ્રતિપાદનનો યશ જૈન દર્શનને ફાળે જાય છે:

યુરોપ વગેરે દેશોના વિદ્વાનોની એવી માન્યતા છે કે પરમાણુ સંબંધી પ્રથમ વિચાર ડેમોક્રેટ્સે પ્રકટ કર્યો કે જેનો સત્તાસમય ઈ.સ. પૂર્વે ૪૬૦ થી ૩૭૦ સુધીનો મનાય છે. પરંતુ આ માન્યતા ભ્રાંત છે, કારણ કે તેની પૂર્વે પણ ભારતમાં પરમાણુ સંબંધી કેટલાક વિચારો

પ્રકટ થયા હતા અને તેના સ્વરૂપ સંબંધી ઠીક ઠીક ચર્ચાઓ થઈ હતી. વૈદિક દર્શનોમાં ન્યાય-વૈશેષિક દર્શને પરમાણુ પર પ્રકાશ પાડેલો છે, પરંતુ તેમનો એ પરમાણુ અતિ સ્થૂલ છે, એટલે કે સૂર્યના કિરણમાં જે રજ ઉડતી જણાય છે, તેના છઠ્ઠા ભાગ જેટલો છે. જૈન દર્શન કે જે બધાં વૈદિક દર્શનો કરતાં ઘણું પ્રાચીન છે, તેણે પરમાણુના વિષયમાં વિશદ ચર્ચા કરેલી છે, એટલે પર-માણુ-પ્રતિપાદનનો ખરો યશ તો જૈન દર્શનના ફાળે જ જાય છે. વૈશેષિકોના પરમાણુની અપેક્ષાએ જૈન દર્શનનો પરમાણુ ઘણો જ સૂક્ષ્મ છે, અનંતમા ભાગ જેટલો નાનો છે.

## પરમાણુની સૂક્ષ્મતા :

શ્રી ભગવતીસૂત્રના પાંચમા શતકના સાતમા ઉદ્દેશકમાં કહ્યું છે કે 'પરમાણુ-પુદ્ગલ અવિભાજ્ય, અચ્છેદ્ય, અભેદ્ય, અદાહ્ય અને અગ્રાહ્ય છે.' અર્થાત્ કોઈ પણ ઉપાય કે ઉપચારથી તેના વિભાગો થઈ શકતા નથી, ગમે તેવાં તીક્ષ્ણ શસ્ત્રોથી તેનું છેદન કે ભેદન થઈ શકતું નથી, ગમે તેવો તીવ્ર તાપ પણ તેને બાળી શકતો નથી કે ઇન્દ્રિયો વડે આપણે તેને ગ્રહણ કરી શકતા નથી. વળી તે અનર્ધ, અમધ્ય અને અપ્રદેશી છે. અર્થાત્ તેના બે ભાગ થઈ શકતા નથી, તેમાં આદિ, મધ્ય અને અંત એવા વિભાગો નથી, અને તે માત્ર એકપ્રદેશરૂપ હોઈને તેમાં વિશેષ પ્રદેશો સંભવતા નથી.

અહીં પ્રશ્ન થવા સંભવ છે કે 'જો અણુ અભેદ્ય હોય તો તેનો સ્ફોટ કે વિસ્ફોટ કેમ થાય છે? અણુનો વિસ્ફોટ થવાથી પ્રચંડ શક્તિને ઉત્પન્ન થાય છે અને તેના આધારે તો આજે અણુબોંબ બની રહ્યા છે.' આ પ્રશ્નનો ઉત્તર એ છે કે આધુનિક વિજ્ઞાન જેને અણુ (Atom) માની રહ્યું છે, તે વાસ્તવમાં અણુ નથી, પણ એક જાતનો સ્કંધ (Molecule) છે અને તેથી તેનો સ્ફોટ કે વિસ્ફોટ સંભવી શકે છે.

ઓગણીસમી સદીના અંત સુધી વૈજ્ઞાનિકો એમ માનતા હતા કે અણુ એ આખરી ઘટક છે. પરંતુ ઇ. સ. ૧૯૧૧ માં એક સુપ્રસિદ્ધ વૈજ્ઞાનિકે જાહેર કર્યું કે 'જેને આપણે અણુ (Atom) માનીએ છીએ, તે વાસ્તવમાં સૌરમંડલ (સૂર્યમાળા) જેવો છે, એટલે કે તેની વચ્ચે પ્રોટોન (પરમાણુ) હોય છે અને તેની આસપાસ અન્ય ઇલેક્ટ્રોનો ગોળ ચક્રાકારે ફર્યા કરે છે.' તેની સાથે તેણે એમ પણ કહ્યું કે 'જો આ અણુને તેના મધ્ય ભાગથી–પ્રોટોનથી છૂટો પાડવો હોય તો ૧૦ લાખ જેટલા રેડિયમના અણુઓની આવશ્યકતા રહે છે.' તાત્પર્ય કે વૈજ્ઞાનિકો જેને અણુ તરીકે સંબોધી તેનું સ્ફોટન કે વિસ્ફોટન કરવાની વાતો કરી રહ્યા છે, તે વાસ્તવમાં અણુવિસ્ફોટન નથી, પણ સ્કંધ–વિસ્ફોટન છે.

**પરમાણુની ગતિ :**

પરમાણુ જડ હોવા છતાં ગતિધર્મા છે, એટલે કે

ગતિ કરી શકે છે. તે એક સમયમાં જઘન્યથી નિકટવર્તી આકાશપ્રદેશ સુધી અને ઉત્કૃષ્ટથી ચૌદ રજ્જ્વાત્મક લોકના પૂર્વ ચરિમાન્ત (છેડા)થી પશ્ચિમ ચરિમાન્ત સુધી, ઉત્તર ચરિમાન્તથી દક્ષિણ ચરિમાન્ત સુધી અને અધો ચરિમાન્તથી ઊર્ધ્વ ચરિમાન્ત સુધી ગતિ કરી શકે છે. આ ગતિ એક અસાધારણ કોટિની ગણાય, એટલે સામાન્ય મનુષ્યને તેની કલ્પના આવવી મુશ્કેલ છે.

પરમાણુ બધો જ વખત ગતિ કરે છે, એવું નથી. ક્યારેક તે ગતિમાન હોય છે, ક્યારેક સ્થિર.

પરમાણુને ક્રિયાવાન્ પણ કહેલો છે. શ્રી ભગવતી સૂત્રમાં કહ્યું છે કે 'सिय एयति सिय वेयति, सिय परिणमई–તે કંપે છે, અથવા વિશેષ પ્રકારે કંપે છે અને કોઈ વિશિષ્ટ પરિણામ પામે છે.'

પરમાણુની આ ગતિ સ્વતઃ છે, એટલે કે પોતાના સ્વભાવથી જ છે. 'જીવની તેના પર કોઈ અસર પડે છે ખરી?' એ પ્રશ્નનો ઉત્તર નકારમાં છે. પરમાણુ એટલો સૂક્ષ્મ છે કે તે જીવ દ્વારા ગ્રહણ જ થઈ શકતો નથી, પછી તેની અસર પડે શી રીતે? પરંતુ જીવ સ્કંધોને પકડી શકે છે અને તેના પર તેનો પ્રભાવ પડે છે.

પરમાણુની સ્વાભાવિક ગતિ સરલ એટલે સમરેખાએ થાય છે, પણ અન્ય પુદ્ગલના સહકારથી તે વક્રગતિ પણ કરી શકે છે.

પરમાણુની અવગાહનશક્તિ અજબ છે. જે આકાશ-પ્રદેશમાં એક પરમાણુ રહેલો હોય, તે જ આકાશ-પ્રદેશમાં બીજો પરમાણુ પણ સ્વતંત્ર રીતે રહી શકે છે અને અનંતપ્રદેશી સ્કંધ પણ રહી શકે છે.

## સ્કંધની ઉત્પત્તિ :

સ્કંધની ઉત્પત્તિ સંઘાત, ભેદ અને ભેદ-સંઘાત, એ ત્રણ પ્રકારે થાય છે. સંઘાત એટલે ભેગા થવાની ક્રિયા. જ્યારે બે અલગ રહેલા પરમાણુ ભેગા થાય છે, ત્યારે દ્વિપ્રદેશી સ્કંધ બને છે. એ રીતે ત્રણ, ચાર, સંખ્ય, અસંખ્ય, અનંત અને અનંતાનંત પરમાણુ મળવાથી અનુક્રમે ત્રિપ્રદેશી, ચતુઃપ્રદેશી, સંખ્યપ્રદેશી, અસંખ્ય-પ્રદેશી, અનંતપ્રદેશી અને અનંતાનંતપ્રદેશી સ્કંધ બને છે.

એક મોટા સ્કંધનો ભેદ થવાથી નાના નાના અનેક સ્કંધો બને છે અને તેનો પણ ભેદ થતાં સ્કંધની સંખ્યાનો વિસ્તાર થાય છે. આ પ્રક્રિયા ચાલુ રહેતાં આંકડો અસંખ્ય કે અનંત સુધી પહોંચે છે. દાખલા તરીકે એક મોટો ખડક તૂટે તો નાની નાની અનેક શિલાઓ બને છે, જે સ્કંધરૂપ છે. અને એ શિલાઓ તૂટતાં પત્થરના નાના નાના હજારો ટુકડા થાય છે, તે પણ સ્કંધરૂપ છે. તેમાંથી વધારે નાના ટુકડા અને રેતીના અસંખ્ય કણ બને છે, તે પણ સ્કંધ રૂપ છે. આવા ભેદજન્ય સ્કંધો દ્વિપ્રદેશીથી માંડીને અનંતાનંત પ્રદેશી સુધીના હોય છે.

કેટલીક વાર એક સ્કંધનો ભેદ થતો હોય ત્યારે બીજા કેટલાક સ્કંધો કે પરમાણુ તેને આવી મળે છે. આ રીતે જે સ્કંધો બને તે ભેદ-સંઘાતજન્ય સ્કંધો કહેવાય છે. તેમની સંખ્યા પણ દ્વિપ્રદેશીથી માંડીને અનંતાનંત-પ્રદેશી સુધીની હોય છે.

એક સ્કંધનો માત્ર ભેદ જ થતો જાય તો છેવટે પરમાણુ અવશિષ્ટ રહે છે. એટલે પરમાણુ એ પુદ્ગલનો મૂળ ઘટક ( Primary unit ) છે.

**સ્કંધના છ પ્રકારો :**

સ્કંધોમાં કેટલાક ચાક્ષુષ એટલે આંખે દેખી શકાય એવા હોય છે અને કેટલાક અચાક્ષુષ એટલે આંખે દેખી શકાય એવા હોતા નથી. તેમને અનુક્રમે સ્થૂલ અને સૂક્ષ્મ કહેવામાં આવે છે. આ સ્થૂલ-સૂક્ષ્મની અપેક્ષાએ તેના છ પ્રકારો આ પ્રમાણે માનવામાં આવે છે :

**(૧) સ્થૂલ-સ્થૂલ :**

જે પુદ્ગલ-સ્કંધનું છેદન-ભેદન થઈ શકે તથા જેનું સામાન્ય રીતે અન્યત્ર વહન થઈ શકે તેને સ્થૂલ-સ્થૂલ કે અતિ સ્થૂલ ( Solid ) કહેવાય છે. માટી, પત્થર, લાકડું, કાચ વગેરે આ પ્રકારના સ્કંધો છે.

**(૨) સ્થૂલ :**

જે પુદ્ગલ-સ્કંધનું છેદન-ભેદન થઈ શકે નહિ, પણ જેનું અન્યત્ર વહન થઈ શકે, તેને સ્થૂલ (Liquid)

કહેવાય છે. દૂધ, દહીં, તેલ, પાણી વગેરે આ પ્રકારના સ્કંધો છે.

(૩) **સ્થૂલ–સૂક્ષ્મ :**

જે પુદ્ગલ–સ્કંધોનું છેદન–ભેદન થઈ શકે પરંતુ જેનું અન્યત્ર વહન થઈ શકે નહિ, તથા જે નેત્રથી દૃશ્યમાન (Visual) હોય, તેને સ્થૂલ–સૂક્ષ્મ કહેવાય છે. પ્રકાશ, વિદ્યુત્, ઉષ્ણતા આદિ આ પ્રકારના સ્કંધો છે.

(૪) **સૂક્ષ્મ–સ્થૂલ :**

જે પુદ્ગલ–સ્કંધો નેત્રને છોડી બાકીની ચાર ઈન્દ્રિયો દ્વારા ગ્રહણ થઈ શકે, તેને સૂક્ષ્મ–સ્થૂલ કહેવાય છે. વાયુ, વરાળ વગેરે આ જાતના સ્કંધો છે.

(૫) **સૂક્ષ્મ :**

જે પુદ્ગલ–સ્કંધો અતીન્દ્રિય છે, એટલે કે કોઈ પણ ઈન્દ્રિય દ્વારા ગ્રહણ થઈ શકે એવા નથી, તેને સૂક્ષ્મ (Unvisible) કહેવાય છે. મનોવર્ગણા, ભાષાવર્ગણા, કાર્મણવર્ગણા આદિ આ જાતના સ્કંધો છે.

(૬) **સૂક્ષ્મ–સૂક્ષ્મ :**

જે પુદ્ગલ–સ્કંધો મનોવર્ગણા આદિ કરતાં પણ સૂક્ષ્મ છે, તેને સૂક્ષ્મ–સૂક્ષ્મ કહેવાય છે. દ્વિપ્રદેશી, ત્રિપ્રદેશી આદિ સ્કંધો આ પ્રકારના છે.

(૧) ઉપક્રમ :

પ્રકરણકાર મહર્ષિએ દશમી ગાથામાં પુદ્ગલના ચાર પ્રકારો કહ્યા છે. હવે તેના સ્વભાવ, ગુણ કે ધર્મનો પરિચય આપવા માટે તેનાં લક્ષણો અગિયારમી ગાથામાં આ પ્રમાણે કહે છે :

(૨) મૂળ ગાથા :

सद्दंधयार उज्जोअ, पभा छायाऽऽतवे हि वा ।
वन्न-गंध-रसा फासा, पुग्गलाणं तु लक्खणं ॥ ११ ॥

(૩) સંસ્કૃત છાયા :

शब्दान्धकारावुद्योतः, प्रभा छायाऽऽतपश्च वा ।
वर्ण-गन्ध-रसाः स्पर्शाः, पुद्गलानां तु लक्षणम् ॥ ११ ॥

(૪) શબ્દાર્થ :

सद्द-શબ્દ.

सद्द અને अंधयार, તે सद्दंधयार. सद्द-શબ્દ. નાદ, ધ્વનિ, સ્વર વગેરે તેના પર્યાયશબ્દો છે.

अंधयार-અંધકાર.

તમ, તમસ, તિમિર વગેરે તેના પર્યાયશબ્દો છે.

उज्जोअ-ઉદ્યોત.

અહીં उज्जोओ એવો પાઠ પણ મળે છે.

पभा-પ્રભા, કાંતિ.

અહીં पहा એવો પાઠ પણ મળે છે.

छाया–છાયા, પ્રતિબિંબ.

आतवे–આતપ, તાપ, તડકો.

इ–અને.

वा–અથવા.

અહીં आतवेइय, अतिवेइअ, अतिवेइया, आतवेइअ વગેરે પાઠો પણ મળે છે. પરંતુ આ ગાથા મૂળ ઉત્તરાધ્યયન સૂત્રની છે. તેમાં आतवेइया એવો પાઠ હોવાથી અહીં તેનો સ્વીકાર કર્યો છે.

वन्न–વર્ણ, રંગ.

वन्न અને गंध અને रस, તે वन्न–गंध–रसा. वन्न–વર્ણ, રંગ ( Colour ).

गंध–ગંધ.

ગંધ એટલે વાસ ( Smell ).

रसा–રસો.

રસ–સ્વાદ ( Taste ).

फासा–સ્પર્શો.

સ્પર્શને અંગ્રેજી ભાષામાં ટચ ( Touch ) કહેવામાં આવે છે.

पुग्गलाणं–પુદ્ગલોનું.

तु–વળી, નિશ્ચયે કરીને, જ.

लक्खणं–લક્ષણ છે.

(૫) **અર્થ-સંકલના :**

**શબ્દ, અંધકાર, ઉદ્યોત, પ્રભા, છાયા, આતપ, વર્ણ, ગંધ, રસ અને સ્પર્શ એ પુદ્ગલોનું જ લક્ષણ છે.**

(૬) **વિવેચન :**

પૂર્વ ગાથામાં પુદ્ગલના પ્રકારો કહ્યા. હવે પુદ્ગલના સામાન્ય-વિશેષ ધર્મ કહે છે. શબ્દ, અંધકાર, ઉદ્યોત, પ્રભા, છાયા, આતપ વગેરે પુદ્ગલના વિશેષ ધર્મો છે. અહીં વગેરે શબ્દથી બંધ, સૌક્ષ્મ્ય, સ્થૌલ્ય, સંસ્થાન અને ભેદ સમજવાના છે. વર્ણ, ગંધ, રસ અને સ્પર્શ એ પુદ્ગલના સામાન્ય ધર્મો છે.

**શબ્દ :**

પુદ્ગલનો ધ્વનિરૂપ જે પરિણામ, તેને શબ્દ કહેવામાં આવે છે. તે શ્રોત્રેન્દ્રિય દ્વારા ગ્રાહ્ય છે, એટલે અરૂપી કે અલૌતિક નથી, પરંતુ મૂર્ત છે.

શબ્દની મૂર્તતા સિદ્ધ કરવા માટે જૈન ગ્રન્થોમાં ઘણું વિવેચન કરેલું છે. તેનો સાર એ છે કે જેમ પીપર વગેરે વસ્તુઓ દ્રવ્યાન્તરના વૈકારિક સંયોગોથી વિકૃત થાય છે, તેમ શબ્દ પણ કંઠ, મસ્તક, જિહ્વા, દંત, તાલુ, ઓષ્ઠ ઈત્યાદિ દ્રવ્યાન્તરના વિકારથી વિકૃત થતો માલુમ પડે છે, તેથી તે મૂર્ત છે.

જ્યારે ઢોલ, નગારાં, ત્રાંસા વગેરે બજાવવામાં આવે

છે, ત્યારે નીચેની ભૂમિમાં કંપન થાય છે, તેનું કારણ અન્ય કંઈ નહિ, પણ શબ્દની મૂર્તતા જ છે.

શંખાદિનો પ્રચંડ શબ્દ કાનોને બહેરા બનાવી દે છે. આવું સામર્થ્ય અમૂર્ત આકાશમાં સંભવતું નથી. એ તો પૌદ્ગલિક શક્તિનું જ પરિણામ છે.

પત્થર આદિ મૂર્ત વસ્તુઓને ફેંકવામાં આવે તો તે કોઈ પદાર્થ સાથે ટકરાઈને નીચે પડે છે, તેમ શબ્દ પણ વસ્તુઓ સાથે અથડાઈને પાછો પડે છે, તેથી એની મૂર્તતા સિદ્ધ છે. વળી તેનો પ્રતિધ્વનિ એટલે પડઘો પણ પડે છે, તે મૂર્તતા સિવાય કેમ બની શકે ?

શબ્દ ગમે ત્યાં જઈ શકે છે અને ધૂમાડા વગેરેની માફક તેનું પ્રસારણ પણ થાય છે. વળી તૃણ અને પાંદડાંની જેમ વાયુ તેને પ્રેરણા કરી શકે છે. જો પાછળથી હવા આવતી હોય છે તો પાછળની વ્યક્તિ આગળની વ્યક્તિનો શબ્દ સાંભળી શકતી નથી, કારણ કે તે વાયુ દ્વારા આગળ ખેંચાઈ જાય છે. શબ્દ એ પૌદ્ગલિક વસ્તુ હોય તો જ આવું બની શકે.

સૂર્યની હાજરીમાં તારાનો પ્રકાશ છૂપાઈ જાય છે, તેમ ભારે શબ્દમાં–અવાજમાં નાનો શબ્દ–નાનો અવાજ દબાઈ જાય છે, તેથી પણ સિદ્ધ થાય છે કે શબ્દ એ પુદ્ગલનું જ પરિણામ છે.

શબ્દના સચિત્ત, અચિત્ત અને મિશ્ર એવા ત્રણ

પ્રકારો પ્રસિદ્ધ છે. તેનો પરિચય સાતમી ગાથાના વિવેચનમાં અપાયેલો છે.

તત્ત્વાર્થભાષ્યમાં શબ્દના છ પ્રકારો નીચે મુજબ જણાવેલા છે: (૧) તત, (૨) વિતત, (૩) ઘન, (૪) શુષિર, (૫) સંઘર્ષ અને (૬) ભાષા. બૃહદ્‌વૃત્તિમાં એવો ખુલાસો કરવામાં આવ્યો છે કે આ છ પ્રકારો પ્રયોગજ શબ્દના છે. પ્રયોગજ એટલે પ્રયત્નથી ઉત્પન્ન થતો શબ્દ. બીજો એક પ્રકાર વૈસ્રસિક નામથી ઓળખાય છે, તેમાં સ્વાભાવિક રીતે ઉત્પન્ન થતા મેઘગર્જના વગેરેનો સમાવેશ થાય છે.

**તત**-ચામડાંથી મઢેલાં ઢોલ, નગારાં, ત્રાંસાં, તબલાં વગેરેનો શબ્દ.

**વિતત**-તારથી વાગતાં વીણા, સીતાર, સારંગી, દિલરુબા વગેરેનો શબ્દ.

**ઘન**-ધાતુ, કાષ્ઠ વગેરે નક્કર વસ્તુઓને સાપસામી અફાળવાથી ઉત્પન્ન થતો શબ્દ. કરતાલ, કાંસીજોડા, ઝાલર વગેરેનો શબ્દ આ પ્રકારનો છે.

**શુષિર**-ફુંક મારવાથી કે વાયુ ભરવાથી ઉત્પન્ન થતો શબ્દ. વાંસળી, મોરલી, હાર્મોનિયમ વગેરે વાજિંત્રોનો શબ્દ આ પ્રકારનો છે.

**સંઘર્ષ**-એક કે વધારે વસ્તુના સંઘર્ષથી ઉત્પન્ન થતા શબ્દને સંઘર્ષ કહેવાય છે. લાકડાના પાટિયા પર

કરવત ચાલતાં જે શબ્દ ઉત્પન્ન થાય કે યંત્ર ચાલતાં જે શબ્દ ઉત્પન્ન થાય, તે આ પ્રકારનો ગણાય છે.

**ભાષા**–મનુષ્ય, પશુ, પક્ષી વગેરેની બોલીને ભાષા કહેવામાં આવે છે. તેમાં મનુષ્યની ભાષા વ્યક્ત હોય છે અને પશુ–પક્ષીઓની ભાષા અવ્યક્ત હોય છે. કેટલાક તેના અક્ષરાત્મક અને અનક્ષરાત્મક એવા બે પ્રકારો માને છે તથા મનુષ્યની ભાષાનો અક્ષરાત્મકમાં અને પશુ–પક્ષીઓની ભાષાનો અનક્ષરાત્મકમાં સમાવેશ કરે છે.

શબ્દના પુદ્ગલો ચતુઃપ્રદેશી છે, પરંતુ તે અષ્ટસ્પર્શીના યોગથી ઉત્પન્ન થાય.છે.

શબ્દની ગતિ ઘણી ઝડપી હોય છે. તે સમય માત્રમાં લોકના છેડે પહોંચે છે અને ચાર સમયમાં તો સમસ્ત લોકમાં વ્યાપી જાય છે.

**અંધકાર :**

વસ્તુને જોવામાં બાધા, હરકત કે નડતર કરનારો પુદ્ગલનો જે પરિણામવિશેષ તે અંધકાર (Darkness) કહેવાય છે. નૈયાયિકો વગેરે એમ માને છે કે ‘ અંધકાર એ તેજનો અભાવ છે, પણ વાસ્તવમાં કોઈ પદાર્થ નથી. ’ પરંતુ તેમની આ માન્યતા ભ્રાંત છે; કારણ કે સૂર્ય અથવા દીવાના પ્રકાશથી જે અણુઓ તૈજસ પરિણામને પ્રાપ્ત થાય છે, તેજ અણુઓ પૂર્વોક્ત પ્રકાશના અભાવમાં શ્યામપણે પરિણમે છે, એટલે તેજનો અભાવ હોવા છતાં, પુદ્ગલનો સદ્ભાવ હોય છે કે જે આપણી દૃષ્ટિને

અંધ કરનાર હોવાથી અંધકાર કહેવાય છે. બીજું એ પણ વિચારવા જેવું છે કે જે વસ્તુ અભાવરૂપ હોય તેને કોઈ પ્રકારનું રૂપ કે કોઈ પ્રકારનો સ્પર્શ કેમ હોઇ શકે? જ્યારે અંધકારને તો શ્યામ રૂપ હોય છે અને શીત (ઠંડો) સ્પર્શ પણ હોય છે. તાત્પર્ય કે તે માત્ર અભાવ નથી, પણ એક જાતનો પૌદ્ગલિક પદાર્થ છે.

## પ્રકાશના ભેદ રૂપ ઉદ્યોત, પ્રભા અને આતપ

**પ્રકાશ :**

અંધકારનો વિરોધી પદાર્થ પ્રકાશ (Light) છે. તે પણ પુદ્ગલજન્ય છે, એટલે કે પુદ્ગલનો જ પરિણામ-વિશેષ છે; પરંતુ અહીં તેનો સાક્ષાત્ ઉલ્લેખ ન કરતાં તેના ઉદ્યોત, પ્રભા અને આતપ એવા ત્રણ પ્રકારો વર્ણવ્યા છે. તેમાં ઉદ્યોત શબ્દથી ચન્દ્ર, ગ્રહ, નક્ષત્ર, તારા વગેરેનો શીતળ પ્રકાશ અભિપ્રેત છે; પ્રભા શબ્દથી મણિ-રત્ન વગેરેની કાંતિ અભિપ્રેત છે અને આતપ શબ્દથી સૂર્યનો ઉષ્ણ પ્રકાશ અભિપ્રેત છે. કેટલાક મણિ-રત્ન વગેરેની કાંતિને પણ ઉદ્યોતરૂપ જ લેખે છે અને સૂર્ય તથા ચન્દ્રમાંથી જે કિરણરહિત એક પ્રકારનો ઉપપ્રકાશ નીકળે છે, તેને પ્રભા તરીકે ઓળખાવે છે. પરંતુ ઉપપ્રકાશનું વિશેષ વર્ણન શાસ્ત્રોમાં જોવામાં આવ્યું નથી, એટલે તે અંગે કંઈ પણ નિશ્ચયાત્મક વિધાન કરવું મુશ્કેલ છે.

તત્ત્વાર્થસૂત્રના પાંચમા અધ્યાયમાં પુદ્ગલના જે

દશવિધ પરિણામો બતાવ્યાં છે, તેમાં ઉદ્યોત અને આતપનો ઉલ્લેખ છે, પણ પ્રભાનો ઉલ્લેખ નથી.

**છાયા :**

પ્રકાશ પર આવરણ આવતાં છાયા દૃષ્ટિગોચર થાય છે. તે પણ પુદ્ગલનો જ એક પરિણામવિશેષ છે. તેના બે પ્રકારો છે: એક તદ્વર્ણવિકાર અને બીજો પ્રતિબિમ્બ. દર્પણ વગેરે સ્વચ્છ પદાર્થોમાં મુખ વગેરેનું જે બિંબ પડે છે અને જેમાં યથાવત્ આકાર આદિ દેખાય છે, તે તદ્વર્ણવિકાર રૂપ છાયા છે અને અન્ય અસ્વચ્છ પદાર્થો પર જે પડછાયો પડે છે, તે પ્રતિબિમ્બ રૂપ છાયા છે. અંગ્રેજી ભાષામાં આ બે ક્રિયાને અનુક્રમે રિફ્લેક્શન ( Reflection ) અને શેડો ( Shadow ) કહેવામાં આવે છે.

છાયા પૌદ્ગલિક હોવાનું એક પુષ્ટ પ્રમાણ એ છે કે તે કેમેરામાં ઝડપી શકાય છે.

અહીં પુદ્ગલના જે વિશેષ ધર્મો કહ્યા નથી, પણ તત્ત્વાર્થસૂત્ર આદિમાં વર્ણવાયેલા છે, તેનો પણ ટુંક પરિચય આપીશું.

**બંધ :**

વિવિધ પરમાણુઓના સંશ્લેષ અર્થાત્ સંયોગને બંધ કહેવામાં આવે છે. આ બંધ બે પ્રકારનો છે: પ્રાયોગિક અને વૈસ્રસિક. તેમાં જે બંધ પ્રયત્ન–સાપેક્ષ

હોય, તે પ્રાયોગિક કહેવાય છે. જેમકે—જીવ અને શરીરનો બંધ, લાકડી અને લાખનો બંધ, કપડાં અને દોરાનો બંધ વગેરે. જે બંધ પ્રયત્ન-નિરપેક્ષ હોય તે વૈસ્રસિક કહેવાય છે. જેમકે—વીજળી, મેઘ, ઇન્દ્રધનુષ આદિનો બંધ. આ બંને પ્રકારના બંધના ભેદાનુભેદ ઘણા છે, તે શ્રી ભગવતીસૂત્રની ટીકા આદિ ગ્રન્થોથી જાણવા.

**સૂક્ષ્મત્વ :**

સૂક્ષ્મતા ધારણ કરવી, એ પુદ્ગલનો એક વિશિષ્ટ ગુણ છે. સૂક્ષ્મતા બે પ્રકારની છે : અંત્ય અને આપેક્ષિક. પરમાણુની સૂક્ષ્મતા અંત્ય છે. તેમાં કોઈ અપેક્ષાએ સ્થૂલતા ઘટી શકતી નથી. આંબળાની સૂક્ષ્મતા આપેક્ષિક છે, કારણ કે તેમાં અપેક્ષાવિશેષથી સ્થૂલતા પણ ઘટી શકે છે. જેમકે—આંબળું, દાડમ, મોસંબી કે સફરજન કરતાં સૂક્ષ્મ છે, પણ ચણા, વટાણા કે ચણીબોર કરતાં સ્થૂલ છે.

**સ્થૂલત્વ :**

સ્થૂલતા ધારણ કરવી, એ પુદ્ગલનો એક વિશિષ્ટ ગુણ છે. સ્થૂલતા બે પ્રકારની છે : અંત્ય અને આપેક્ષિક. કેવલિસમુદ્ઘાત વખતે જગદ્-વ્યાપી અચિત્ત મહાસ્કંધ થાય છે, તે અંત્ય સ્થૂલતા છે અને કેરી કે દાડમ વગેરેની સ્થૂલતા તે આપેક્ષિક સ્થૂલતા છે, કારણ કે તે પપૈયા કે ફણસ કરતાં સૂક્ષ્મ પણ છે.

**સંસ્થાન :**

સંસ્થાન એટલે આકૃતિ, આકારવિશેષ. તેના મુખ્ય

બે પ્રકારો છે : ઈત્થંભૂત અને અનિત્થંભૂત. જે આકૃતિની અન્ય આકૃતિ સાથે તુલના કરી શકાય તે ઈત્થંભૂત અને તુલના ન કરી શકાય તે અનિત્થંભૂત. અથવા નિયત આકાર તે ઈત્થંભૂત અને મેઘાદિના જેવો અનિયત આકાર તે અનિત્થંભૂત. ઈત્થંભૂત સંસ્થાનના પાંચ પ્રકારો છે : (૧) પરિમંડલ–બહારથી ગોળ, પણ અંદરથી પોલું. જેમકે ચૂડી. (૨) વૃત્ત–બહારથી ગોળ અને અંદરથી પણ ભરેલું. જેમકે–કુંભારનો ચાકડો. (૩) ત્ર્યસ્ર–ત્રિકોણ. (૪) ચતુરસ્ર–ચોરસ અને (૫) આયત–દીર્ઘ. જેમકે–દંડ.

**ભેદ :**

એકત્વમાં પરિણત થયેલા પુદ્ગલપિંડનો વિશ્લેષ અર્થાત્ વિભાગ કરવો, એ ભેદ કહેવાય છે. તેનાં પાંચ પ્રકારો છે: (૧) ઔત્કરિક–ચીરવા અથવા ફાડવાથી વિભાગ થવા તે. કરવતથી લાકડાના જે વિભાગો થાય છે, તે ઔત્કરિક ભેદ સમજવો. (૨) ચૌર્ણિક–કણ કણના રૂપમાં ચૂર્ણ થવું તે. ઘઉંને ઘંટીમાં પીસવાથી જે આટો થાય છે, તે ચૌર્ણિક ભેદ સમજવો. (૩) ખંડ–ટુકડા થવા તે. ઘડો કે દર્પણ ફૂટતાં તેના જે ટુકડા થાય છે, તે ખંડ ભેદ સમજવો. (૪) પ્રતર–પડ ઉખડવા તે. અબરખ વગેરેમાંથી પડ ઉખડે છે, તે પ્રતર ભેદ સમજવો. (૫) અનુત્તર–છાલ નીકળવી વગેરે. શેરડીની છાલ જુદી કરવામાં આવે છે, તે અનુત્તર ભેદ સમજવો.

હવે પુદ્ગલના સામાન્ય ધર્મો–લક્ષણો અંગે વિચાર

કરીએ. વર્ણ, ગંધ, રસ અને સ્પર્શ, એ પુદ્ગલના સામાન્ય ધર્મો છે. તે માત્ર પુદ્ગલમાં જ જણાય છે, પણ ધર્માસ્તિકાય આદિ અન્ય પાંચ દ્રવ્યોમાં જણાતા નથી, એટલે તેને અહીં પુદ્ગલનાં લક્ષણો કહેલાં છે.

**વર્ણ :**

વર્ણ એટલે રંગ. તેના શ્વેત, પીત, રક્ત, નીલ અને કૃષ્ણ એવા પાંચ પ્રકારો છે. બીજા વર્ણો આ વર્ણોના તરતમ ભાવથી કે મિશ્રણથી થયેલા જાણવા. પરમાણુમાં કોઈ પણ એક વર્ણ હોય છે અને સ્કંધોમાં પાંચે ય વર્ણો યથાસંભવ હોય છે.

**ગંધ :**

ગંધના બે પ્રકારો છે : સુરભિગંધ અને દુરભિગંધ. પરમાણુમાં તેમાંનો કોઈ પણ એક ગંધ હોય છે અને સ્કંધોમાં બંને ય ગંધો યથાસંભવ હોય છે.

**રસ :**

રસ પાંચ પ્રકારનો છે : કડવો, તીખો, તુરો, ખાટો અને મીઠો. પરમાણુમાં કોઈ પણ એક રસ હોય છે અને સ્કંધોમાં પાંચે ય રસો યથાસંભવ હોય છે.

**સ્પર્શ :**

સ્પર્શના આઠ પ્રકારો છે : શીત, ઉષ્ણ, સ્નિગ્ધ, રુક્ષ, લઘુ, ગુરુ, મૃદુ અને કર્કશ. પરમાણુમાં શીત અને

સ્નિગ્ધ, અથવા શીત અને રુક્ષ, અથવા ઉષ્ણ અને સ્નિગ્ધ અથવા ઉષ્ણ અને રુક્ષ એ ચાર પ્રકારોમાંથી કોઈ પણ એક પ્રકારે બે સ્પર્શો હોય છે. સૂક્ષ્મપરિણામી સ્કંધોમાં શીત, ઉષ્ણ, સ્નિગ્ધ અને રુક્ષ એ ચાર સ્પર્શો હોય છે અને બાદરપરિણામી સ્કંધોમાં આઠે ય સ્પર્શો હોય છે.

પરમાણુની સ્કંધરૂપ પરિણતિમાં પરમાણુઓની સ્નિગ્ધતા અને રુક્ષતા એ મુખ્ય કારણ છે. પરંતુ તેનો સંયોગ અમુક ધોરણે જ થાય છે, જે ગ્રન્થાંતરથી જાણવો.

**(૧) ઉપક્રમ :**

ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાય અને પુદ્ગલાસ્તિકાયનાં લક્ષણો કહેવાઈ ગયાં. હવે ક્રમ પ્રાપ્ત કાલનું લક્ષણ કહેવું જોઈએ, પરંતુ તે અતિ પ્રસિદ્ધ હોવાથી કહેલું નથી. હવે પ્રકરણકાર મહર્ષિ કાલનું સ્વરૂપ જણાવવા માટે બારમી અને તેરમી ગાથા આ પ્રમાણે કહે છે :

**(૨) મૂળ ગાથાઓ :**

**एगा कोडि सतसट्ठि, लक्खा सत्तहत्तरी सहस्सा य ।**
**दो य सया सोलहिया, आवलिया इगमुहुत्तम्मि ॥१२॥**

**समयाऽऽवली मुहूत्ता, दीहा पक्खा य मास वरिसा य ।**
**भणिओ पलिया सागर, उस्सप्पिणि सप्पिणी कालो ॥१३॥**

(૩) સંસ્કૃત છાયા :

एका कोटिः सप्तषटिर्लक्षाः, सप्तसप्ततिः सहस्राश्च ।
द्वे च शते षोडशाधिके, आवलिका एकस्मिन् मुहूर्ते ॥१२॥

समयावलि मुहूर्ता दिवसाः, पक्षाश्च मासा वर्षाश्च ।
भणितः पल्यः सागरः उत्सर्पिण्यवसर्प्पिणी कालः ॥१३॥

(૪) શબ્દાર્થ :

एगा–એક.

कोडि–ક્રોડ.

सतसट्ठि–સડસઠ (૬૭).

लक्खा–લાખ.

सत्तहत्तरि–સિત્યોતેર (૭૭).

सहस्सा–હજાર.

य–અને.

दो–બે.

य–અને.

सया–સો.

सय–શત, સો. બહુવચનાર્થે सया.

सोल–સોળ.

सोल અને अहिया, તે सोलहिया. सोल–સોળ, સંખ્યાવિશેષ.

अहिया–અધિક, વધારે.

आवलिया–આવલિકા.

इग–એક.

मुहुत्तम्मि–મુહૂર્તમાં.

समय–સમય.

समय અને आवली તે समयावली. समय–સમય. અહીં સમય શબ્દથી એક પ્રકારનું કાલમાન સમજવું કે જે સૂક્ષ્મમાં સૂક્ષ્મ છે.

आवली–આવલિકા.

मुहुत्ता–મુહૂર્તો.

दीहा–દિવસો.

पक्खा–પક્ષો.

य–અને.

मास–માસ, મહિનો.

वरिसा–વર્ષો.

य–અને.

भणिओ–કહેલો છે.

पलियो–પલ્યોપમ.

सागर–સાગરોપમ.

उस्सप्पिणि–ઉત્સર્પિણી.

सप्पिणी–સર્પિણી, અવસર્પિણી.

कालो–કાલ.

**(૫) અર્થ-સંકલના :**

**એક મુહૂર્તમાં એક ક્રોડ, સડસઠ લાખ,**

(સત્યોતેર હજાર બસેંને સોળ અધિક (૧,૬૭,૭૭,૨૧૬) આવલિકા થાય છે.

સમય, આવલિકા, મુહૂર્ત, દિવસ, પક્ષ, માસ, વર્ષ, પલ્યોપમ, સાગરોપમ, ઉત્સર્પિણી અને અવસર્પિણીને કાલ કહેલો છે.

**(૬) વિવેચન :**

જૈન સૂત્રોમાં કહ્યું છે કે 'वत्तणालक्खणो कालो–કાલ વર્તનાલક્ષણવાળો છે.' અર્થાત્ કોઈ પણ પદાર્થની વર્તના–કોઈ પણ પદાર્થનું અસ્તિત્વ જાણવું હોય, તો તે કાલ દ્વારા જાણી શકાય છે. કાલની સહાય ન હોય તો આપણે કોઈ પદાર્થનું અસ્તિત્વ જાણી શકીએ નહિ.

કાલના બે પ્રકારો છે : એક નૈશ્ચયિક, બીજો વ્યાવહારિક. જંબૂદ્વીપપ્રજ્ઞપ્તિના વૃત્તિકાર મહર્ષિએ જણાવ્યું છે કે વર્તમાન કાલ એક સમયનો હોય છે, તેને નૈશ્ચયિક કાલ સમજવો અને આવલિકા આદિ શેષ સર્વ કાલને વ્યાવહારિક કાલ સમજવો.

જેમ પુદ્ગલના સૂક્ષ્મતમ ભાગને પરમાણુ કહેવામાં આવે છે, તેમ કાલના સૂક્ષ્મતમ ભાગને 'સમય' કહેવામાં આવે છે. આધુનિક યુગમાં આપણને કોઈ એમ પૂછે કે 'કાલ (Time) નો સહુથી નાનો ભાગ કયો?' તો ઉત્તરમાં આપણા હોઠ પર સેકન્ડનું નામ આવે છે, કારણકે ઘડિયાળમાં સહુથી નાના કાલમાન તરીકે તેની ગોઠવણ

કરેલી છે, પરંતુ વૈજ્ઞાનિક દૃષ્ટિએ જોઈએ તો આ કાલમાન ઘણું મોટું છે. આજે તો એવાં યંત્રો બનાવવામાં આવ્યાં છે કે જે સેકન્ડનો દશ હજારમો ભાગ પણ કહી આપે. પરંતુ જૈન દર્શન તો તેથી પણ આગળ વધેલું છે. તેણે કાલનું જે સૂક્ષ્મ માપ બતાવ્યું છે, તેનો મુકાબલો કોઈ પણ કરી શકે તેમ નથી.

સમયની સૂક્ષ્મતા સમજાવવા માટે જૈન શાસ્ત્રોમાં બે ઉદાહરણો આપવામાં આવ્યાં છે, તે અહીં રજૂ કરવા ઉચિત લેખાશે.

એક બારીક વસ્ત્રનો ટુકડો ઘણો જીર્ણ થઈ ગએલો છે. તે એક બળવાન વ્યક્તિના હાથમાં આપીને એમ કહેવામાં આવે કે તમે આ વસ્ત્રના બને તેટલી ઝડપથી બે ટુકડા કરો, તો એ માણસ આંખના પલકારામાં એ વસ્ત્રના બે ટુકડા કરી નાખશે.

હવે વસ્ત્ર તો તંતુમય હોય છે અને ફાટવાની ક્રિયા શરૂ થાય ત્યારે બધા તંતુઓ ક્રમશઃ ફાટે છે, એટલે આંખના પલકારામાં હજારો તંતુઓ ફાટ્યા, એ નિશ્ચિત છે. પરંતુ એક તંતુ તૂટવામાં જે સમય ગયો, તે પણ અસંખ્ય સમય જેટલો છે. આ પરથી સમયની સૂક્ષ્મતાનો ખ્યાલ આવી શકશે.

અથવા કમળના સો પાંદડાં ઉપરાઉપરી ગોઠવેલા હોય અને કોઈ બળવાન માણસ તેના પર ભાલાનો પ્રહાર કરે તો નિમેષ માત્રમાં તે વીંધાઈ જાય છે. સામાન્ય રીતે

તો આપણને એમ જ લાગે કે બધાં પાંદડાં સાથે વીંધાઈ ગયાં. પણ વાસ્તવમાં તે એક પછી એક વીંધાતાં હોય છે. હવે વિચાર કરો કે આ રીતે એક પાન વીંધતાં કેટલો અલ્પ કાલ વ્યતીત થાય ? પરંતુ આ કાલ પણ અસંખ્યાત સમયોને ભેગા કરીએ એટલો છે. આ પરથી સમય એ કાલનું કેટલું સૂક્ષ્મતમ માપ છે, તેનો ખ્યાલ આવી શકશે.

સમય એટલે કાલનો નિર્વિભાજ્ય ભાગ. આવા **અસંખ્ય** સમયો પસાર થાય, ત્યારે આવલિકા કહેવાય.

એક મુહૂર્તમાં કેટલી આવલિકા હોય ? તેનો ઉત્તર બારમી ગાથામાં આપ્યો છે. તેમાં જણાવ્યું છે કે એક મુહૂર્તમાં ૧૬૭૭૭૨૧૬ થી અધિક આવલિકા હોય છે. તેની ગણના અન્ય ગ્રંથોમાં આ પ્રમાણે બતાવી છે :

૨૫૬ આવલિકા = ૧ ક્ષુલ્લક ભવ.

નિગોદના જીવો આટલા સમયમાં એક ભવ પૂરો કરે છે, તેને ક્ષુલ્લક ભવ કહેવાય છે.

૬૫૫૩૬ ક્ષુલ્લક ભવ = ૧ મુહૂર્ત.

[ ૨૫૬ × ૬૫૫૩૬ = ૧૬૭૭૭૨૧૬ ]

ક્ષુલ્લક ભવ અને મુહૂર્ત વચ્ચે બીજાં કાલમાન કહેલાં છે, તે આ પ્રમાણે સમજવાં :

૧૭થી અધિક ક્ષુલ્લક ભવ = ૧ શ્વાસોચ્છ્વાસ કે પ્રાણ.

૭ પ્રાણ = ૧ સ્તોક.

૭ સ્તોક = ૧ લવ.

૭૭ લવ = ૧ મુહૂર્ત.

અહીં ૧૭થી અધિક ક્ષુલ્લક ભવની ૪૪૪૬$\frac{૨૪૫૮}{૩૭૭૩}$ આવલિકા ગણતાં આ ગણિત બરાબર મળી રહે છે.

લૌકિક કાલમાનની દૃષ્ટિએ કહીએ તો ૧ મુહૂર્તમાં ૨ ઘડી જેટલો સમય હોય છે અને આધુનિક યુગમાં અતિ પ્રચલિત એવા અંગ્રેજી કાલમાનની દૃષ્ટિએ કહીએ તો ૧ મુહૂર્તમાં ૪૮ મીનીટ જેટલો સમય હોય છે.

૩૦ મુહૂર્તનો એક દિવસ થાય છે. અહીં દિવસ શબ્દથી એક મિતિ કે એક તારીખ સમજવાની છે કે જેમાં દિવસ અને રાત્રિ બંનેનો સમાવેશ થાય છે. પ્રાચીન પરિભાષા મુજબ કહીએ તો આ કાલમાન એક અહોરાત્ર જેટલું છે.

૧૫ દિવસનો પક્ષ બને છે કે જેને સામાન્ય રીતે પખવાડિયું કહેવામાં આવે છે. આવા ૨ પક્ષ એટલે શુક્લ પક્ષ અને કૃષ્ણ પક્ષ સાથે મળીને ૧ માસ કે મહિનો થાય છે.

૨ માસની ૧ ઋતુ થાય છે અને ૩ ઋતુનું ૧ અયન થાય છે. આવાં બે અયનો મળીને ૧ વર્ષ થાય છે. અહીં એટલી નોંધ કરવી ઉચિત ગણાશે કે આધુનિક વ્યવહારમાં તો મુખ્યત્વે ત્રણ ઋતુઓ જ ગણાય છે: શિયાળો, ઉનાળો અને ચોમાસું. તેમાં હેમંત અને શિશિરનો સમાવેશ શિયાળામાં થાય છે, વસંત અને ગ્રીષ્મનો સમાવેશ ઉનાળામાં થાય છે અને વર્ષા તથા શરદનો સમાવેશ ચોમાસામાં થાય છે. સૂર્યની વિષુવવૃત્તથી ઉત્તર

કે દક્ષિણ તરફ ગતિ થવી તેને અયન કહેવાય છે. આવા એક અયનમાં ૩ ઋતુ એટલે ૬ માસ જેટલો સમય વ્યતીત થાય છે. સૂર્યનું ઉત્તર તરફ અયન થાય છે, ત્યારે ઉત્તરાયણ થયું કહેવાય છે અને દક્ષિણ તરફ અયન થાય ત્યારે દક્ષિણાયન થયું કહેવાય છે. આ સમય અનુક્રમે પોષ (જાન્યુઆરીની ચૌદમી તારીખે) અને અષાડમાં (જુલાઈની ચૌદમી તારીખે) આવે છે.

અહીં વર્ષ પછી સીધું પલ્યોપમનું માપ બતાવ્યું છે, પણ શાસ્ત્રમાં નીચેનાં કાલમાનોનો ઉલ્લેખ થએલો છે : ૫ વર્ષ = ૧ યુગ, ૨૦ યુગ = ૧ શતાબ્દી, ૧૦ શતાબ્દી = ૧ સહસ્રાબ્દી અને ૮૪૦૦ સહસ્રાબ્દી = ૧ પૂર્વાંગ. તાત્પર્ય કે ૮૪ લાખ વર્ષનું એક પૂર્વાંગ કહેવાય છે અને એવા ૮૪ લાખ પૂર્વાંગ ભેગા થતાં ૧ પૂર્વ બને છે. આ રીતે ૭૦૫૬૦૦૦૦૦૦૦૦૦૦ વર્ષ વ્યતીત થાય, ત્યારે એક પૂર્વ થયું ગણાય છે.

ત્યાર પછી પણ શાસ્ત્રમાં કેટલાંક માપો બતાવ્યાં છે, જેમાં મોટામાં મોટું માપ શીર્ષપ્રહેલિકાનું છે. તેમાં ૧૯૪ અંકની સંખ્યા હોય છે.

ત્યાર પછીનાં માપો અસંખ્યાતની કોટિમાં ગણાય છે. આ માપોમાં પલ્યોપમ અને સાગરોપમની મુખ્યતા છે. તેમાં પલ્યોપમનું માપ આ પ્રમાણે સમજવું. એક યોજન ઊંડા, પહોળા અને લાંબા ખાડામાં સાત દિવસના જન્મેલા યુગલિયા મનુષ્યના બાળકના એક વાળના

સાત વાર આઠ આઠ કરેલા (૨૦૯૭૧૫૨) કકડા ઠાંસી ઠાંસીને ભરી, તેમાંથી સો સો વર્ષે વાળનો એક એક કકડો કાઢતાં જેટલા કાળે એ ખાડો ખાલી થાય તેટલા કાળને બાદર–અદ્ધા–પલ્યોપમ કહેવાય; અને દરેક કકડાના અસંખ્ય કકડા કરીને સો–સો વર્ષે વાળનો એક એક કકડો કાઢીએ તેટલા કાળને સૂક્ષ્મ–અદ્ધા–પલ્યોપમ કહેવાય. નારક, તિર્યંચ, મનુષ્ય અને દેવના આયુષ્યનું પ્રમાણ બતાવવામાં આ કાલમાનનો ઉપયોગ થાય છે.

૧૦ કોટાકોટિ પલ્યોપમનું ૧ સાગરોપમ થાય છે અને ૧૦ કોટાકોટિ સાગરોપમનો ૧ ઉત્સર્પિણી કાલ તથા ૧૦ કોટાકોટિ સાગરોપમનો ૧ અવસર્પિણી કાલ ગણાય છે. આ રીતે કુલ ૨૦ કોટાકોટિ સાગરોપમ વ્યતીત થાય, ત્યારે ૧ કાલચક્ર પૂરું થયું ગણાય છે.

અનંત કાલચક્ર વ્યતીત થાય, ત્યારે ૧ પુદ્ગલ પરાવર્ત થયું ગણાય છે. ભૂતકાલમાં આવા અનંત પુદ્ગલપરાવર્તો સમાઈ ગયાં છે અને ભવિષ્યમાં તેનાથી અનંત ગણાં પુદ્ગલપરાવર્તો આવશે. કાલને અનાદિ–અનંત કહેવામાં આવે છે, તેનું કારણ હવે સમજી શકાશે.

અજીવતત્ત્વ નામનું ત્રીજું પ્રકરણ અહીં પૂરું થાય છે.

## પ્રકરણ ચોથું

# ષડ્દ્રવ્ય અંગે વિશેષ વિચારણા

[ ગાથા ચૌદમી ]

**(૧) ઉપક્રમ :**

જીવતત્ત્વમાં જીવદ્રવ્યનું વર્ણન કર્યું અને અજીવતત્ત્વમાં ધર્માસ્તિકાય આદિ પાંચ અન્ય દ્રવ્યોનું વર્ણન કર્યું. આ રીતે જીવ અને અજીવતત્ત્વનું વર્ણન કરતાં ષડ્દ્રવ્યનું વર્ણન કર્યું. હવે આ ષડ્દ્રવ્યની સાધર્મ્ય અને વૈધર્મ્યથી વિશેષ વિચારણા કરવા માટે પ્રકરણકાર મહર્ષિ ચૌદમી ગાથામાં કેટલાંક દ્વારોનો અર્થાત્ વિચારણીય મુદ્દાઓનો નિર્દેશ આ પ્રમાણે કરે છે :

**(૨) મૂળ ગાથા :**

**परिणामि जीव मुत्तं, सपएसा एग खित्त किरिया य ।**
**णिच्चं कारण कत्ता, सव्वगय इयर अपवेसे ॥१४॥**

**(૩) સંસ્કૃત છાયા :**

**परिणामी जीवो मूर्तः, सप्रदेशः एकः क्षेत्रं क्रिया च ।**
**नित्यं कारणं कर्त्ता, सवगतमितर अप्रवेशः ॥१४॥**

(૪) શબ્દાર્થ :

परिणामि–પરિણામી, પરિણામ પામનાર, પરિવર્તન પામનાર.

‘परिणामो अर्थान्तरगमनम्–એક અવસ્થા છોડી બીજી અવસ્થામાં જવું તે પરિણામ કહેવાય.’ જે પરિણામવાળો હોય, પરિણામને પામનારો હોય, તે પરિણામી કહેવાય. પરિણામને સામાન્ય રીતે પરિવર્તન કહી શકાય, એટલે જે પરિવર્તનશીલ છે, પરિવર્તન પામનાર છે, તે પરિણામી.

जीव–જીવ.

मुत्तं–મૂર્ત, રૂપી.

सपएसा–સપ્રદેશી, પ્રદેશ સહિત, પ્રદેશવાળા, પ્રદેશી.

एग–એક, એક સંખ્યાવાળા.

खित्त–ક્ષેત્ર, આધારભૂત દ્રવ્ય.

किरिया–ક્રિયા, ક્રિયાવાળાં, સક્રિય.

निच्चं–નિત્ય, શાશ્વત, એકરૂપે અવસ્થિત, સ્થાયી.

कारण–કારણ, કારણભૂત.

कत्ता–કર્તા, સ્વતંત્ર ક્રિયા કરનાર.

सव्वगय–સર્વગત, સર્વવ્યાપી.

इयर–ઈતર, પ્રતિપક્ષી ભેદસહિત.

अपवेसे–અપ્રવેશી, તદ્રૂપ નહિ થનાર, અન્ય દ્રવ્યના પરિણામરહિત.

(૫) અર્થ–સંકલના :

અહીં પરિણામીપણું, જીવપણું, રૂપીપણું,

**સપ્રદેશીપણું, એકપણું, ક્ષેત્રપણું, નિત્યપણું, કારણપણું, કર્તાપણું, સર્વવ્યાપીપણું, અને ઇતરમાં અપ્રવેશપણું વિચારવા યોગ્ય છે.**

(૬) **વિવેચન :**

એક વસ્તુનો જુદા જુદા દ્વારોથી કે જુદા જુદા દૃષ્ટિબિંદુઓથી વિચાર કરતાં તેનો વિશદ બોધ થાય છે; તેથી જ અહીં જીવાદિ ષડ્દ્રવ્યની પરિણામી આદિ બાર દ્વારો દ્વારા વિચારણા કરવાની આવશ્યકતા દર્શાવી છે. આ વિચારણા સાધર્મ્ય અને વૈધર્મ્યના વિવેકપૂર્વક થાય તો જ વિશેષ ફલવતી બને છે. સાધર્મ્ય એટલે સમાન ધર્મ અને વૈધર્મ્ય એટલે વિરુદ્ધ ધર્મ. તાત્પર્ય કે ષડ્દ્રવ્યમાં જુદાં જુદાં દષ્ટિબિંદુથી કયાં દ્રવ્યોમાં સમાન ધર્મ છે અને કયાં દ્રવ્યોમાં વિરુદ્ધ ધર્મ છે, તે જાણી લેવાથી તેનો વિશદ–વિશિષ્ટ–નિર્મલ બોધ પ્રાપ્ત થાય છે.

**૧. ષડ્દ્રવ્યમાં પરિણામી–અપરિણામીનો વિચાર :**

પ્રથમ દ્વાર '**પરિણામી**' કહ્યું છે; તેથી ષડ્દ્રવ્યમાં પરિણામી કેટલાં અને અપરિણામી કેટલાં? એ વિચારવું ઘટે છે. અહીં જેટલાં દ્રવ્યો પરિણામી છે, તેમને સાધર્મ્યવાળાં ગણવાં અને અપરિણામી છે, તેમને વૈધર્મ્યવાળાં ગણવાં.

નિશ્ચયનય ( Absolute view point )થી જોઈએ તો છ યે દ્રવ્યો પોતપોતાનાં સ્વરૂપમાં પરિણમે છે, તેથી પરિણામી છે; પરંતુ વ્યવહાર નય ( Practical view point ) થી જીવ અને પુદ્ગલ એ બે દ્રવ્યમાં જ પરિ-

ણામ-રુપાંતર થાય છે અને ધર્માસ્તિકાયાદિ બાકીનાં ચાર દ્રવ્યોમાં રૂપાંતર થતું નથી, તેથી જીવ અને પુદ્ગલ પરિણામી છે અને બાકીનાં ચાર દ્રવ્યો અપરિણામી છે.

ગતિ, ઇન્દ્રિય, કષાય, લેશ્યા, યોગ, ઉપયોગ, જ્ઞાન, દર્શન, ચારિત્ર અને વેદ, એ દશ જીવના મુખ્ય પરિણામો ગણાય છે. તેમાં દેવાદિ ચાર ગતિને પ્રાપ્ત થવું, તે જીવનો ગતિરૂપ પરિણામ છે; સ્પર્શનેન્દ્રિયાદિ પાંચ ઇન્દ્રિયોની દ્રવ્ય-ભાવથી પ્રાપ્તિ કરવી, તે ઇન્દ્રિયરૂપ પરિણામ છે; ક્રોધાદિ ચાર કષાયવંત થવું, તે કષાયરૂપ પરિણામ છે; કૃષ્ણાદિ છ લેશ્યાવંત થવું, તે લેશ્યારૂપ પરિણામ છે; મનો-યોગાદિ ત્રણ યોગવાળા થવું, તે યોગરૂપ પરિણામ છે; મતિજ્ઞાનાદિ બાર પ્રકારના ઉપયોગવંત થવું, તે ઉપયોગ પરિણામ છે; મતિ જ્ઞાનાદિ પાંચ જ્ઞાન અને મતિ અજ્ઞાનાદિ ત્રણ અજ્ઞાનવાળા થવું, તે જ્ઞાનરૂપ પરિણામ છે; મિથ્યાત્વ, ક્ષાયોપશમિક સમ્યકત્વ, મિશ્ર સમ્યકત્વ આદિથી યુકત થવું, તે દર્શન રૂપ પરિણામ છે; સામાયિકાદિ પાંચ પ્રકારના ચારિત્રવાળા થવું, તે ચારિત્રરૂપ પરિણામ છે; અને સ્રીવેદ, પુરુષવેદ તથા નપુસંકવેદને પ્રાપ્ત થવું, તે વેદરૂપ પરિણામ છે.

બંધ, ગતિ, સંસ્થાન, ભેદ, વર્ણ, ગંધ, રસ, સ્પર્શ, અગુરુલઘુત્વ અને શબ્દ એ દશ પુદ્ગલના પરિણામો છે. તેમાંથી અગુરુલઘુત્વ સિવાયના બધા પ્રકારોનું વર્ણન પુદ્ગલાસ્તિકાયના પરિચય-પ્રસંગે થઈ ગયેલું છે.

પુદ્ગલમાં ગુરુત્વ, લઘુત્વ, ગુરુલઘુત્વ અને અગુરુ-લઘુત્વરૂપ જે પરિણામ થાય છે, તે અગુરુલઘુત્વ તરીકે ઓળખાય છે. પત્થર, લોખંડ વગેરેમાં જે ભારેપણું છે, તે ગુરુત્વ જાણવું. વરાળ, ધૂમાડા વગેરેમાં જે હળવાપણું છે, તે લઘુત્વ જાણવું. વાયુ વગેરેમાં કૈંક ભારેપણું અને કૈંક હળવાપણું છે, તે ગુરુલઘુત્વ જાણવું. અને પરમાણુમાં ન ભારેપણું કે ન હળવાપણું છે, તે અગુરુલઘુત્વ જાણવું.

## ૨. ષડ્દ્રવ્યમાં જીવ-અજીવનો વિચાર :

બીજું દ્વાર '**જીવ**' કહ્યું છે, એટલે ષડ્દ્રવ્યમાં જીવ કેટલાં અને અજીવ કેટલાં ? એ વિચારવું ઘટે છે. પૂર્વે આ પ્રકારની વિચારણા ઘણા વિસ્તારથી થઈ ગયેલી છે. તેનો સાર એ છે કે ષડ્દ્રવ્યોમાં માત્ર એક દ્રવ્ય જીવરૂપ છે—ચૈતન્યથી યુક્ત છે અને બાકીનાં પાંચ દ્રવ્યો અજીવરૂપ છે, ચૈતન્યથી રહિત છે.

## ૩. ષડ્દ્રવ્યમાં મૂર્ત-અમૂર્તનો વિચાર :

ત્રીજું દ્વાર 'મૂર્ત' કહ્યું છે, એટલે ષડ્દ્રવ્યમાં મૂર્ત કેટલાં અને અમૂર્ત કેટલાં ? એ વિચારવું ઘટે છે. જે દ્રવ્યને વર્ણ, ગંધ, રસ અને સ્પર્શ હોય તે મૂર્ત કહેવાય છે. આવું દ્રવ્ય માત્ર એક પુદ્ગલ જ છે. બાકીનાં પાંચ દ્રવ્યો વર્ણાદિથી રહિત હોઈ અમૂર્ત છે. મૂર્ત એટલે રૂપી, અમૂર્ત એટલે અરૂપી.

અહીં પ્રશ્ન થવા સંભવ છે કે 'પૂર્વે જીવની ગણના રૂપીમાં કરેલી છે અને અહીં અરૂપીમાં કેમ?' તેનો ખુલાસો એ છે કે ત્યાં દેહધારી જીવના ચૌદ ભેદની અપેક્ષાએ જીવને રૂપી કહ્યો છે, પણ અહીં મૂળ દ્રવ્યની વિચારણા છે અને મૂળ દ્રવ્યરૂપે જીવ વર્ણાદિથી રહિત છે, એટલે તેને અરૂપી કહ્યો છે. તાત્પર્ય કે અપેક્ષા અનુસાર જીવના આ બંને ભેદો ઉચિત છે.

## ૪. ષડ્દ્રવ્યમાં સપ્રદેશી–અપ્રદેશીનો વિચાર :

ચોથું દ્વાર **'સપ્રદેશી'** કહ્યું છે, તેથી ષડ્દ્રવ્યમાં સપ્રદેશી કેટલાં અને અપ્રદેશી કેટલાં ? એ વિચારવું ઘટે છે. જીવને અસંખ્ય પ્રદેશ હોય છે, તેથી તે સપ્રદેશી છે. ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય અને આકાશાસ્તિકાય એ દરેકને સ્કંધ, દેશ અને પ્રદેશ હોય છે, તેથી તે પણ સપ્રદેશી છે. પુદ્ગલ સ્કંધ, દેશ, પ્રદેશ અને પરમાણુરૂપ હોય છે, તેથી તે પણ સપ્રદેશી છે. બાકી રહ્યું કાલ દ્રવ્ય. તેને પ્રદેશ હોતા નથી, એટલે તે અપ્રદેશી છે.

## ૫. ષડ્દ્રવ્યમાં એક–અનેકનો વિચાર :

પાંચમું દ્વાર 'એક' કહ્યું છે, તેથી ષડ્દ્રવ્યમાં એક કેટલાં અને અનેક કેટલાં ? એ વિચારવું ઘટે છે. ષડ્દ્રવ્યમાં ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય અને આકાશાસ્તિકાય સંખ્યામાં એક–એક છે અને બાકીનાં ત્રણ દ્રવ્યો અનેક–અનેક એટલે કે અનંત–અનંત છે.

## ૬. ષડ્દ્રવ્યમાં ક્ષેત્ર-ક્ષેત્રીનો વિચાર:

છઠ્ઠું દ્વાર 'ક્ષેત્ર' કહ્યું છે, એટલે ષડ્દ્રવ્યમાં ક્ષેત્ર કેટલાં અને ક્ષેત્રી કેટલાં ? એ વિચારવું ઘટે છે. જેમાં પદાર્થ રહે તે ક્ષેત્ર કહેવાય છે અને તેમાં રહેલા પદાર્થો ક્ષેત્રી કહેવાય છે. આ રીતે આકાશાસ્તિકાય ક્ષેત્ર છે અને બાકીનાં પાંચ દ્રવ્યો ક્ષેત્રી છે.

## ૭. ષડ્દ્રવ્યમાં સક્રિય-નિષ્ક્રિયનો વિચાર:

સાતમું દ્વાર 'ક્રિયા' કહ્યું છે, એટલે ષડ્દ્રવ્યમાં સક્રિય કેટલાં અને નિષ્ક્રિય કેટલાં ? એ વિચારવું ઘટે છે. જે દ્રવ્ય ગતિ વગેરે ક્રિયા કરે છે, તે સક્રિય કહેવાય છે અને બાકીનાં નિષ્ક્રિય કહેવાય છે. આ રીતે જીવ અને પુદ્ગલ સક્રિય છે, કારણકે તે ગતિ આદિ ક્રિયા કરે છે. બાકીનાં ચાર દ્રવ્યો નિષ્ક્રિય છે, કારણ કે તે ગતિ આદિ ક્રિયા કરતા નથી.

## ૮. ષડ્દ્રવ્યમાં નિત્ય-અનિત્યનો વિચાર:

આઠમું દ્વાર 'નિત્ય' કહ્યું છે, એટલે ષડ્દ્રવ્યમાં નિત્ય કેટલાં અને અનિત્ય કેટલાં ? એ વિચારવું ઘટે છે. નિશ્ચયનયથી જોઈએ તો બધાં દ્રવ્યો નિત્યાનિત્ય છે, એટલે કે દ્રવ્યની દૃષ્ટિએ નિત્ય છે અને પર્યાયની દૃષ્ટિએ અનિત્ય છે. પૂર્વે આ અંગે કેટલુંક વિવેચન થઈ ગયેલું છે. વ્યવહાર નયથી જોઈએ તો જે પદાર્થ સદા એક જ અવસ્થામાં રહેનારો હોય, તે શાશ્વત કે નિત્ય કહેવાય અને

જેની અવસ્થાઓ બદલાતી હોય તે અશાશ્વત કે અનિત્ય કહેવાય. આ રીતે જીવ અને પુદ્ગલ અનિત્ય છે, કારણકે તેમની અવસ્થાઓ બદલાતી રહે છે. દાખલા તરીકે જીવ એક વાર દેવની અવસ્થામાં હોય તો બીજી વાર મનુષ્યની અવસ્થામાં હોય છે; અથવા એક વાર મનુષ્યની અવસ્થામાં હોય છે તો બીજી વાર તિર્યંચ, નારક કે દેવની અવસ્થામાં હોય છે. આમ તેની અવસ્થા બદલાતી રહે છે. પુદ્ગલમાં પણ સંઘાત, ભેદ તથા ભેદસંઘાત વગેરે કારણે તેની અવસ્થામાં પરિવર્તન થાય છે.

બાકીનાં ચાર દ્રવ્યો નિત્ય છે, કારણ કે તેમની અવસ્થામાં કંઈ પરિવર્તન થતું નથી.

## ૯. ષડ્દ્રવ્યમાં કારણ–અકારણનો વિચાર :

નવમું દ્વાર '**કારણ**' કહ્યું છે, એટલે ષડ્દ્રવ્યમાં કારણ કેટલાં અને અકારણ કેટલાં? એ વિચારવું ઘટે છે. અહીં જે દ્રવ્ય અન્ય દ્રવ્યના કાર્યમાં ઉપકારી કે નિમિત્તભૂત હોય તેને કારણ સમજવાનું છે અને જે દ્રવ્યના કાર્યમાં નિમિત્ત ભૂત થયું હોય તેને અકારણ સમજવાનું છે. જેમ કુંભારકામમાં ચાકડો, દંડ આદિ દ્રવ્યો કારણ છે અને કુંભાર પોતે અકારણ છે, તેમ જીવના ગતિ આદિ કાર્યમાં ધર્માસ્તિકાય વગેરે અને યોગ આદિ કાર્યમાં પુદ્ગલ ઉપકારી કારણ છે, પરંતુ ધર્માસ્તિકાય વગેરેને જીવ ઉપકારી કારણ નથી, એટલે ધર્માસ્તિકાય આદિ પાંચ

દ્રવ્યો કારણ છે અને જીવ અકારણ છે. અહીં એટલી સ્પષ્ટતા આવશ્યક છે કે જીવદ્રવ્ય બીજા જીવોને ઉપયોગી હોવાથી પરસ્પર કારણ છે, પણ અહીં અન્ય દ્રવ્યો પ્રતિ કારણની વિવક્ષા હોવાથી અકારણ છે.

## ૧૦. ષડ્દ્રવ્યમાં કર્તા–અકર્તાનો વિચાર :

દશમું દ્વાર '**કર્તા**' કહ્યું છે, તેથી ષડ્દ્રવ્યમાં કર્તા કેટલાં અને અકર્તા કેટલાં? એ વિચારવું ઘટે છે. અહીં જે દ્રવ્ય અન્ય દ્રવ્યની ક્રિયા પ્રત્યે અધિકારી–સ્વામી હોય તેને કર્તા સમજવાનું છે અથવા જે દ્રવ્ય અન્ય દ્રવ્યોનો ઉપભોગ કરનાર હોય, તેને કર્તા સમજવાનું છે અને ઉપભોગમાં આવનારાં દ્રવ્યોને અકર્તા સમજવાનાં છે. આ રીતે વિચારતાં જીવ એ કર્તા છે, કારણ કે તે અન્ય દ્રવ્યની ક્રિયા પ્રત્યે અધિકારી કે સ્વામી છે અથવા તો અન્ય દ્રવ્યોનો ઉપભોગ કરનાર છે અને બાકીનાં દ્રવ્યો ઉપભોગમાં આવનારાં હોવાથી અકર્તા છે. શાસ્ત્રમાં એમ પણ કહ્યું છે કે જે ધર્મ, કર્મ, પુણ્ય, પાપ આદિ ક્રિયાનો કરનાર તે કર્તા અને નહિ કરનાર તે અકર્તા. આ દૃષ્ટિએ પણ જીવ કર્તા અને બાકીનાં દ્રવ્યો અકર્તા ઠરે છે.

## ૧૧. ષડ્દ્રવ્યમાં સર્વવ્યાપી–દેશવ્યાપીનો વિચાર :

અગિયારમું દ્વાર '**સર્વગત**' કહ્યું છે, એટલે ષડ્-દ્રવ્યમાં સર્વગત–સર્વવ્યાપી કેટલાં અને દેશવ્યાપી કેટલાં? એ વિચારવું ઘટે છે. જે દ્રવ્ય સર્વ જગાએ રહેલું હોય

તે સર્વગત કે સર્વવ્યાપી કહેવાય અને અમુક જગાએ રહેલું હોય તે દેશવ્યાપી કહેવાય. આ દૃષ્ટિએ આકાશ દ્રવ્ય સર્વવ્યાપી છે, કારણ કે તે લોક અને અલોક બંનેમાં વ્યાપેલું છે અને બાકીનાં પાંચ દ્રવ્યો દેશવ્યાપી છે, કારણ કે તે માત્ર લોકમાં જ વ્યાપેલાં છે.

## ૧૨. ષડ્દ્રવ્યમાં સપ્રવેશી-અપ્રવેશીનો વિચાર :

બારમું દ્વાર 'અપ્રવેશી' કહ્યું છે, એટલે ષડ્દ્રવ્યમાં સપ્રવેશી કેટલાં અને અપ્રવેશી કેટલાં? એ વિચારવું ઘટે છે. અહીં એક દ્રવ્યનું બીજા દ્રવ્યરૂપે થઈ જવું, એને પ્રવેશ સમજવાનો છે અને ન થઈ જવું, એને અપ્રવેશ સમજવાનો છે. જે આ પ્રકારનો પ્રવેશ કરી શકે તે સપ્રવેશી અને પ્રવેશ ન કરી શકે તે અપ્રવેશી. અહીં સમજવાનું એટલું છે કે બધાં દ્રવ્યો જો કે એક બીજામાં પરસ્પર પ્રવેશ કરીને રહેલાં છે, તો પણ કોઈ દ્રવ્ય અન્ય દ્રવ્યરૂપે થતું નથી, એટલે કે ધર્માસ્તિકાયનું અધર્માસ્તિકાય થતું નથી, જીવનું પુદ્ગલ થતું નથી, વગેરે. આથી છયે દ્રવ્યો અપ્રવેશી છે, પણ કોઈ સપ્રવેશી નથી.

ષડ્દ્રવ્યની આ વિચારણાનો વધારે સ્પષ્ટ ખ્યાલ નીચેના યંત્રથી આવી શકશે :

## ષડ્દ્રવ્યમાં પરિણામી આદિનો યંત્ર

| ષડ્દ્રવ્ય | પરિણામી | જીવ | મૂર્ત-રૂપી | સપ્રદેશી | એક-અનેક | ક્ષેત્ર-ક્ષેત્રી | સક્રિય | નિત્ય | કારણ | કર્તા | સર્વગત-દે | અપ્રવેશી |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ધર્માસ્તિકાય | ૦ | ૦ | ૦ | ૧ | ૧ | ક્ષેત્રી | ૦ | ૧ | ૧ | ૦ | દે૦ | ૧ |
| અધર્માસ્તિકાય | ૦ | ૦ | ૦ | ૧ | ૧ | ,, | ૦ | ૧ | ૧ | ૦ | દે૦ | ૧ |
| આકાશાસ્તિકાય | ૦ | ૦ | ૦ | ૧ | ૧ | ક્ષેત્ર | ૦ | ૧ | ૧ | ૦ | સ૦ | ૧ |
| પુદ્ગલાસ્તિકાય | ૧ | ૦ | ૧ | ૧ | અનંત | ક્ષેત્રી | ૧ | ૦ | ૧ | ૦ | દે૦ | ૧ |
| જીવાસ્તિકાય | ૧ | ૧ | ૦ | ૧ | ,, | ,, | ૧ | ૦ | ૦ | ૧ | દે૦ | ૧ |
| કાલ | ૦ | ૦ | ૦ | ૦ | ,, | ,, | ૦ | ૧ | ૧ | ૦ | દે૦ | ૧ |

'ષડ્દ્રવ્ય અંગે વિશેષ વિચારણા' નામનું ચોથું પ્રકરણ અહીં પૂરું થાય છે.

પ્રકરણ પાંચમું

# કર્મવાદ

જીવ અને અજીવતત્ત્વનું વર્ણન પૂરું થયું. હવે પુણ્ય, પાપ, આશ્રવ, સંવર, નિર્જરા, બંધ અને મોક્ષ એ સાત તત્ત્વોનું વર્ણન કરવાનું છે, પરંતુ આ સાતેય તત્ત્વોનું નિરૂપણ કર્મવાદને અનુસરીને થાય છે અને તેના ભેદોમાં પ્રાયઃ કર્મવાદની જ પરિભાષાનો ઉપયોગ થાય છે, તેથી કર્મવાદનું સામાન્ય સ્વરૂપ અવશ્ય સમજી લેવું જોઈએ.

કર્મવાદ એટલે કર્મને લગતો વાદ, કર્મનો સિદ્ધાંત (Theory of Karma). આજ સુધીમાં જે જે તીર્થંકર પરમાત્માઓ થઈ ગયા, તે સર્વેએ કર્મવાદનું નિરૂપણ કરેલું છે. જેને આપણે ગણધરવાદ તરીકે ઓળખીએ છીએ અને જેનું વાચન પર્યુષણા પર્વ દરમિયાન નિયમિત રીતે થાય છે, તે ગણધરવાદમાં મુખ્ય ચર્ચા કર્મને લગતી જ છે. તે પરથી કર્મવાદ કેટલો ગહન છે, તે બરાબર સમજી શકાશે.

આપણે જીવના સ્વતંત્ર અસ્તિત્વનો સ્વીકાર કરીએ,

અર્થાત્ જીવ અજીવને જુદા માનીએ, પણ કર્મની સત્તાનો સ્વીકાર ન કરીએ, તો પુણ્ય-પાપ આદિ બધાં તત્ત્વો એકડા વિનાનાં મીંડાં જેવાં બની જાય અને મોક્ષ પણ માત્ર કલ્પનાનો જ વિષય બની રહે. શુભ કર્મ તે પુણ્ય, અશુભ કર્મ તે પાપ, જેનાથી શુભ કે અશુભ કર્મનું આગમન થાય તે આશ્રવ, જેના વડે કર્મોનું આગમન અટકે તે સંવર, કર્મનું અમુક અંશે ખરવું તે નિર્જરા, જીવ સાથે કર્મનો ક્ષીરનીર જેવો પરસ્પર સંબંધ થવો તે બંધ અને જીવનો સર્વ કર્મમાંથી સર્વથા છૂટકારો થવો તે મોક્ષ. હવે આમાંથી કર્મ કાઢી લઈએ તો બાકી શું રહે? તાત્પર્ય કે જૈન તત્ત્વજ્ઞાન કર્મવાદથી ઓતપ્રોત છે અને તે એની સહુથી મોટી વિશેષતા છે.

અહીં પ્રશ્ન થવા સંભવ છે કે 'અન્ય દર્શનો કર્મને માને છે ખરાં?' તેનો ઉત્તર હકારમાં સાંપડે છે. બૌદ્ધ દર્શનના સંસ્કાર, વાસના કે અવિજ્ઞપ્તિ, સાંખ્ય દર્શનની પ્રકૃતિ, વેદાંત દર્શનની માયા કે અવિદ્યા, ન્યાય અને વૈશેષિક દર્શનનું અદૃષ્ટ અને મીમાંસક દર્શનનું અપૂર્વ એ બધાંયે કર્મનાં જ ભિન્ન ભિન્ન નામો છે. અન્ય શબ્દોમાં કહીએ તો ભારતનાં તમામ આસ્તિક દર્શનોએ કર્મના સિદ્ધાંતનો એક યા બીજા સ્વરૂપે સ્વીકાર કરેલો છે અને પ્રાણીઓને તેનાં ફળ વહેલા કે મોડા અવશ્ય ભોગવવા પડે છે, એ બાબતમાં પોતાની શ્રદ્ધા વ્યક્ત કરેલી છે.

આ જગત્ પર દૃષ્ટિપાત કરીએ તો સર્વત્ર વિચિત્રતા

કે વિષમતા વ્યાપેલી જણાય છે. એક રાજા છે, તો બીજો રંક છે; એક શ્રીમંત છે, તો બીજો ભીખારી છે; એક નીરોગી છે; તો બીજો રોગથી ભરેલો છે; એક વિદ્વાન છે, તો બીજો મૂર્ખ છે; એક સર્વ વાતે સુખી છે, તો બીજો દરેક રીતે દુઃખી છે. શરીર, રૂપ, રંગ, બોલી–ચાલી વગેરેમાં પણ જુદી જુદી પરિસ્થિતિ જોવામાં આવે છે. હવે કારણ સિવાય કાર્યની ઉત્પત્તિ થતી નથી, એટલે આ વિચિત્રતા કે વિષમતાનું પણ કંઈક કારણ હોવું જોઈએ. જ્ઞાની ભગવંતો કહે છે કે એ કારણ અન્ય કંઈ નહિ, પણ કર્મ જ છે.

'क्रियते तत् कर्म–જે કરાય તે કર્મ કહેવાય.' આ વ્યાખ્યા શબ્દશાસ્ત્રના ધોરણે થઈ. અહીં કર્મવાદના પ્રસંગમાં તે આ રીતે ઘટાવવામાં આવે છે: 'મિથ્યાત્વ આદિ હેતુઓ દ્વારા જે આત્મા વડે કરાય, તે કર્મ.'

થોડા વિવેચનથી આ વસ્તુ વધારે સ્પષ્ટ થશે. અનાદિ કાલથી સંસારમાં પરિભ્રમણ કરી રહેલો આત્મા મિથ્યાત્વ, અવિરતિ, પ્રમાદ, કષાય અને યોગના કારણે કાર્મણ વર્ગણાઓનો જે સમૂહ ગ્રહણ કરે છે, તે આત્મપ્રદેશો સાથે ઓતપ્રોત થયા પછી કર્મ કહેવાય છે.

'**अणाइ कालो, अणाइ जीओ, अणाइ जिणधम्मो**' આ સૂત્ર પાઠકોએ સાંભળ્યું હશે. તેનો અર્થ એ છે કે કાલ અનાદિ છે, જીવ પણ અનાદિ છે અને **જૈન ધર્મ** પણ અનાદિ છે.

અનાદિ કાલથી સંસારમાં રહેલા જીવો એક ગતિમાંથી બીજી ગતિમાં અને બીજી ગતિમાંથી ત્રીજી ગતિમાં એમ નિરંતર પરિભ્રમણ કર્યા કરે છે અને વિવિધ યોનિઓમાં ઉત્પન્ન થાય છે. સૂયગડાંગ સૂત્રના પ્રથમ શ્રુતસ્કંધના સાતમા અધ્યયનમાં કહ્યું છે કે 'संसारमावन्न परं परं ते, बंधंति वेदंति य दुन्नियाणि–સંસારમાં પરિભ્રમણ કરી રહેલો જીવ માનસિક, વાચિક અને કાયિક દુષ્કૃતોના કારણે નિરંતર નવાં નવાં કર્મો બાંધતો રહે છે અને તેનું ફળ ભોગવે છે.' તાત્પર્ય કે આત્માએ મિથ્યાત્વ આદિ કારણોએ જે કર્મો બાંધેલાં છે, તેનાં ફળ ભોગવવા માટે જ તેને સંસારમાં સતત પરિભ્રમણ કરવું પડે છે.

અહીં એટલી સ્પષ્ટતા કરવી ઉચિત છે કે આત્મા પ્રથમ શુદ્ધ હતો અને પછી કર્મથી લેપાયો–ખરડાયો–બંધાયો એવી કોઈ સ્થિતિ નથી; કારણ કે શુદ્ધ આત્માને જો કર્મ વળગતા હોય, તો સિદ્ધના જીવોને પણ કર્મ વળગે અને તેથી તેમને સંસારમાં પુનઃપ્રવેશ કરવો પડે. અને જો તેમ થાય તો સિદ્ધિ, મુક્તિ કે મોક્ષ માટે પ્રયત્ન કરવાનો કોઈ અર્થ ન રહે. તાત્પર્ય કે આત્મા માટીની ખાણમાં રહેલા સુવર્ણની જેમ પ્રથમથી જ કર્મયુક્ત હોય છે અને અકામ–સકામ નિર્જરા વડે એ કર્મનો ભાર હળવો કરતો રહે, તેમ તેમ તે પોતાનો વિકાસ સાધતો જાય છે. જ્યારે તે પોતાનો પરમ પુરુષાર્થ ફોરવી સર્વ કર્મનો નાશ કરે છે, ત્યારે તે પોતાના શુદ્ધ સ્વરૂપને પ્રાપ્ત થાય છે કે જેને પરમાત્મદશા કહેવામાં આવે છે.

પુદ્ગલ પરમાણુરૂપે પણ હોય છે અને સ્કંધરૂપે પણ હોય છે. તેમાં પરમાણુરૂપે રહેલા પુદ્ગલને આત્મા ગ્રહણ કરી શકતો નથી, પરંતુ સ્કંધરૂપે રહેલા પુદ્ગલને ગ્રહણ કરી શકે છે. આ લોકમાં સ્કંધો અનંતાનંત છે અને તેમની વર્ગણાઓ પણ પાર વિનાની છે. તેમાંથી આત્મા અમુક વર્ગણાને ગ્રહણ કરી ઔદારિક શરીર બનાવે છે, અમુક વર્ગણાને ગ્રહણ કરી વૈક્રિય શરીર બનાવે છે. આ જ રીતે આહારક અને તૈજસ શરીર, ભાષા, શ્વાસોચ્છ્વાસ વગેરેને લગતી વર્ગણાઓ ગ્રહણ કરીને તે તે વસ્તુઓનું નિર્માણ કરે છે; અને કેટલીક વર્ગણાઓ એવી છે કે જેને ગ્રહણ કરીને કર્મરૂપે પરિણમાવે છે. આવી વર્ગણાને કાર્મણ વર્ગણા કહેવાય છે.

સમસ્ત લોકમાં પુદ્ગલો ઠાંસી ઠાંસીને ભરેલાં છે અને અન્ય વર્ગણાઓની જેમ કાર્મણવર્ગણા પણ સર્વત્ર વ્યાપેલી છે, તેથી ચૌદ રાજલોકના કોઈ પણ ભાગમાં રહેલો આત્મા આ કાર્મણ વર્ગણાના પુદ્ગલોને તરત જ ગ્રહણ કરી શકે છે.

અહીં એ પણ સ્પષ્ટતયા સમજી લેવું જોઈએ કે કાર્મણ વર્ગણાઓ પોતાની મેળે આત્માને વળગી પડતી નથી, પણ આત્મા મિથ્યાત્વ આદિ કારણોને લીધે તેને પોતાના તરફ આકર્ષે છે અને તે આત્મપ્રદેશોમાં ક્ષીર–નીરની જેમ ઓતપ્રોત થઈ જાય છે. તાત્પર્ય કે કર્મનો કર્તા આત્મા છે અને તેનાં પરિણામે જે કંઈ દુઃખ, કષ્ટ

કે મુશીબત ભોગવવી પડે, તેની જવાબદારી તેની પોતાની છે. કેટલાક કહે છે કે 'કર્મે અમને મારી નાખ્યા' 'કર્મે અમારા ભુક્કા કાઢી નાખ્યા' પણ તેઓ ભૂલી જાય છે કે આ કર્મો વગર નોતરે–વગર આમંત્રણે આવેલાં નથી. તેને આત્માએ આમંત્રણ આપેલું છે, તેથી જ તેઓ આવ્યાં છે અને પોતાના સ્વભાવ પ્રમાણે પોતાનું કાર્ય કરી રહેલ છે. એટલે તેની સામે ફરિયાદ કરવાનો કોઈ અર્થ નથી.

અહીં એટલો ખુલાસો કરવો જરૂરી છે કે કર્મનાં પુદ્ગલો બધા આત્મપ્રદેશો સાથે ઓતપ્રોત થઈ જાય છે, પણ મધ્યવર્તી આઠ રુચક પ્રદેશોને તેની કશી અસર પહોંચતી નથી. એટલે કે તેટલો ભાગ શુદ્ધ આત્મસ્વરૂપે પ્રકાશતો રહે છે. જો આ પ્રદેશોને પણ કર્મની અસર પહોંચે, તો આત્માની જ્ઞાનાદિ શક્તિઓ તદ્દન દબાઈ જાય અને તેની અજીવથી જરાયે જૂદાઈ ન રહે; પણ તેમ બનતું નથી, એ નિશ્ચિત છે.

દીપક પર જો મલમલનું કપડું ઢાંકયું હોય તો તેનો પ્રકાશ કૈંક ઝાંખો પડે છે; જો માદરપાટનું કપડું ઢાંકયું હોય તો તેનો પ્રકાશ વધારે ઝાંખો પડે છે અને જાડું ખાદીનું કપડું ઢાંકયું હોય તો તેનો પ્રકાશ ઘણો વધારે ઝાંખો પડે છે. તાત્પર્ય કે આવરણના પ્રમાણમાં પ્રકાશ પર ઝાંખપ આવે છે. આ જ સ્થિતિ આત્મા પર કર્મનું આવરણ આવતાં બનવા પામે છે. જો કર્મનું આવરણ અતિ ગાઢ હોય તો આત્માની શક્તિઓ બિલકુલ

ઝાંખી પડી જાય છે, ગાઢ હોય તો ઝાંખી પડી જાય છે અને પાતળું કે અતિ પાતળું હોય તો એ શક્તિઓનો પ્રકાશ સારી રીતે પડે છે.

જ્યારે કાર્મણ વર્ગણા આત્મપ્રદેશો સાથે ઓતપ્રોત થાય છે અને કર્મસંજ્ઞા ધારણ કરે છે, તે જ વખતે તે કેવું ફળ આપશે અને તે આત્માને ક્યાં સુધી વળગી રહેશે, તેનો નિર્ણય થાય છે.

જ્યાં સુધી કર્મે પોતાનું ફળ આપ્યું ન હોય, ત્યાં સુધી તે સત્તામાં રહેલું ગણાય છે. તે જ્યારે પોતાનું ફળ બતાવવાની સ્થિતિમાં આવે, ત્યારે તેનો વિપાક થયેલો ગણાય છે અને જ્યારે તે પોતાનું ફળ આપવા લાગે, ત્યારે તે ઉદયમાં આવ્યું ગણાય છે. જ્યાં સુધી કર્મ ઉદયમાં આવી પોતાનું ફળ આપે નહિ, ત્યાં સુધીનો કાલ અબાધાકાલ ગણાય છે. અબાધાકાલ એટલે પીડા ન ઉપજાવનારો કાલ. દાખલા તરીકે એક મનુષ્ય પોતાનાં કુકર્મો વડે પ્રથમ નરકનું આયુષ્ય બાંધ્યું છે. પણ તે અત્યારે કશી પીડા કરી શકે નહિ, કારણ કે અત્યારે તે કર્મનો અબાધાકાલ વર્તે છે.

અબાધાકાલમાં કરણના ઝપાટા લાગી, તેની સ્થિતિમાં કેટલુંક પરિવર્તન થાય છે, પણ તેનું વર્ણન અહીં પ્રસ્તુત નથી. આ બાબતમાં એટલું જ યાદ રાખવું કે જે કર્મ નિકાચિત બંધાયું હોય તેમાં કંઈપણ પરિવર્તન

થતું નથી, એટલે કોઈ પણ અશુભ કર્મ નિકાચિતપણે બંધાઈ ન જાય, તેની ખાસ તકેદારી રાખવી જરૂરી છે.

## કર્મની મૂળ અને ઉત્તરપ્રકૃતિઓ.

ફળ આપવાના સ્વભાવ-પ્રકૃતિ પરથી કર્મના પ્રકારો પડે છે. તેમાં મુખ્ય પ્રકારોને મૂલપ્રકૃતિ અને પેટા પ્રકારોને ઉત્તરપ્રકૃતિ કહેવામાં આવે છે.

કર્મની મૂલ પ્રકૃતિ ૮ છે. તેનાં નામો આ પ્રમાણે જાણવા :-

(૧) **જ્ઞાનાવરણીય**-જે આત્માના જ્ઞાનગુણનું આવરણ કરે છે.

(૨) **દર્શનાવરણીય**-જે આત્માના દર્શનગુણનું આવરણ કરે છે. દર્શન એટલે સામાન્ય બોધ.

(૩) **વેદનીય**-જેના લીધે આત્માને શાતા અને અશાતાનો અનુભવ થાય છે.

(૪) **મોહનીય**-જેના લીધે આત્માના શુદ્ધ શ્રદ્ધાન અને સમ્યક્ ચારિત્રરૂપ ગુણનો રોધ થાય છે.

(૫) **આયુષ્ય**-જેના લીધે આત્માને નિયત શરીરમાં અમુક સમય સુધી રહેવું પડે છે.

(૬) **નામ**-જેના લીધે આત્મા મૂર્તપણું પામે છે અને શરીરાદિ ધારણ કરે છે.

(૭) **ગોત્ર**-જેના લીધે આત્માને ઊંચા કે નીચા કુલમાં અવતરવું પડે છે.

(૮) **અંતરાય**–જેના લીધે આત્માને દાન, લાભ, ભોગ, ઉપભોગ વગેરેમાં અંતરાય આવે છે.

કર્મની ઉત્તરપ્રકૃતિઓ ૧૫૮ છે, તે આ પ્રમાણે :

| મૂળ પ્રકૃતિ | ઉત્તરપ્રકૃતિઓની સંખ્યા |
|---|---|
| (૧) જ્ઞાનાવરણીય | ૫ |
| (૨) દર્શનાવરણીય | ૯ |
| (૩) વેદનીય | ૨ |
| (૪) મોહનીય | ૨૮ |
| (૫) આયુષ્ય | ૪ |
| (૬) નામ | ૧૦૩ |
| (૭) ગોત્ર | ૨ |
| (૮) અંતરાય | ૫ |
| | કુલ ૧૫૮ |

## જ્ઞાનાવરણીય કર્મની ૫ ઉત્તરપ્રકૃતિઓ

(૧) **મતિજ્ઞાનાવરણીય**–તે મતિજ્ઞાનનું આવરણ કરે છે.

(૨) **શ્રુતજ્ઞાનાવરણીય**–તે શ્રુતજ્ઞાનનું આવરણ કરે છે.

(૩) **અવધિજ્ઞાનાવરણીય**–તે અવધિજ્ઞાનનું આવરણ કરે છે.

(૪) **મનઃપર્યવજ્ઞાનાવરણીય**–તે મનઃપર્યવજ્ઞાનનું આવરણ કરે છે.

(૫) **કેવલજ્ઞાનાવરણીય**-તે કેવલજ્ઞાનનું આવરણ કરે છે.

મતિજ્ઞાનાવરણીય કર્મનો ક્ષયોપશમ થાય એટલે કે કેટલાકનો ક્ષય થાય અને કેટલાકનો ઉપશમ થાય, ત્યારે આપણને મતિજ્ઞાનનો પ્રકાશ સાંપડે છે. તેમાં વધારે ક્ષયોપશમવાળાને વધારે પ્રકાશ સાંપડે છે અને ઓછા ક્ષયોપશમવાળાને ઓછો પ્રકાશ સાંપડે છે. અન્ય ત્રણ જ્ઞાનોનું પણ એમ જ સમજવું. કેવલજ્ઞાનની ઉત્પત્તિ કેવલજ્ઞાનાવરણીય કર્મનો સંપૂર્ણ ક્ષય થાય, ત્યારે જ થાય છે.

## દર્શનાવરણીય કર્મની ૯ ઉત્તરપ્રકૃતિઓ

(૧) **ચક્ષુદર્શનાવરણીય**-તે ચક્ષુઈન્દ્રિય દ્વારા થતા વસ્તુના સામાન્ય બોધને રોકે છે.

(૨) **અચક્ષુદર્શનાવરણીય**-તે ચક્ષુ સિવાયની બાકીની ચાર ઇન્દ્રિયો તથા પાંચમા મન દ્વારા થતા વસ્તુના સામાન્ય બોધને રોકે છે.

(૩) **અવધિદર્શનાવરણીય**-તે આત્માને થતાં રૂપી દ્રવ્યના સામાન્ય બોધને રોકે છે.

(૪) **કેવલદર્શનાવરણીય**-તે કેવલદર્શન દ્વારા થનારા વસ્તુ માત્રના સામાન્ય બોધને રોકે છે.

(૫) **નિદ્રા**-સુખપૂર્વક ઉઠાડી શકાય એવી ઊંઘને નિદ્રા કહેવામાં આવે છે. તેનો ઉદય થતાં આત્માને વસ્તુનો સામાન્ય બોધ થઈ શકતો નથી.

(૬) **નિદ્રાનિદ્રા**–મુશ્કેલીથી ઉઠાડી શકાય એવી ઊંઘને નિદ્રાનિદ્રા કહેવામાં આવે છે. તેનો ઉદય થતાં આત્માને વસ્તુનો સામાન્ય બોધ થઈ શકતો નથી.

(૭) **પ્રચલા**–બેઠાં બેઠાં કે ઊભાં ઊભાં આવી જાય, પણ સુખપૂર્વક ઉઠાડી શકાય, એવી ઊંઘને પ્રચલા કહેવામાં આવે છે. તેના ઉદયે પણ જીવ ઉપયોગ મૂકી શકતો નથી; એટલે વસ્તુનો સામાન્ય બોધ થતો નથી.

(૮) **પ્રચલા પ્રચલા**–મુશ્કેલીથી ઉઠાડી શકાય એવી ઊંઘને પ્રચલા પ્રચલા કહેવામાં આવે છે. તે પણ વસ્તુના સામાન્ય બોધને રોકનારી છે.

(૯) **સ્ત્યાનર્દ્ધિ કે થીણદ્ધી**–જેમાં દિવસે ચિંતવેલું કાર્ય કરી નાખવામાં આવે અને જાગે ત્યારે કંઈ ખબર ન હોય, એવી ઊંઘને સ્ત્યાનર્દ્ધિ–થીણદ્ધી કહેવામાં આવે છે. આ નિદ્રા વખતે બળ ઘણું વધી જાય છે.

દર્શનાવરણીય કર્મનો જેટલો ક્ષયોપશમ હોય, તેટલું દર્શન થાય. દર્શનાવરણીય કર્મનો સંપૂર્ણ ક્ષય થાય, ત્યારે કેવલદર્શન થાય અને વસ્તુનું સંપૂર્ણ દર્શન થાય.

## વેદનીય કર્મની ૨ ઉત્તરપ્રકૃતિઓ

(૧) **શાતા વેદનીય**–આત્મા સ્વભાવે આનંદઘન હોવા છતાં આ કર્મને લીધે તે આરોગ્ય, ધન, અનુકુળ કુટુંબ પરિવાર વગેરે દ્વારા શાતાનો–વ્યાવહારિક સુખનો અનુભવ કરે છે.

(૨) **અશાતા વેદનીય**-આત્મા સ્વભાવે આનંદ ઘન હોવા છતાં આ કર્મને લીધે વિવિધ પ્રકારની આધિ, વ્યાધિ અને ઉપાધિઓ દ્વારા ઉત્પન્ન થતી અશાતાનો અનુભવ કરે છે.

## મોહનીય કર્મની ૨૮ ઉત્તરપ્રકૃતિઓ

મોહનીય કર્મના મુખ્ય બે વિભાગો છે: (૧) દર્શન મોહનીય અને (૨) ચારિત્ર મોહનીય. તેમાં જીવના દર્શનગુણનો-સમ્યક્ત્વનો રોધ કરે તે દર્શન મોહનીય કહેવાય છે અને ચારિત્રગુણનો રોધ કરે તે ચારિત્ર મોહનીય કહેવાય છે. દર્શન મોહનીયની ઉત્તર-પ્રકૃતિઓ ૩ છે, ચારિત્ર મોહનીયની ઉત્તરપ્રકૃતિઓ ૨૫ છે. અહીં એટલી સ્પષ્ટતા આવશ્યક છે કે બંધ તો માત્ર દર્શન મોહનીય કર્મનો જ પડે છે, પરંતુ પછીથી અવસ્થા અનુસાર તેના ત્રણ ભેદો પડી જાય છે.

### દર્શન મોહનીય

(૧) **સમ્યક્ત્વ દર્શન મોહનીય**-જ્યારે દર્શન મોહનીય કર્મના દલિકો-કર્મ પરમાણુઓ તદ્દન અલ્પરસ-વાળાં બની જવાથી જીવને તત્ત્વરુચિ રૂપ શ્રદ્ધામાં બાધા ન પહોંચાડે પણ માત્ર અતિચાર લાગવા પૂરતું જ નુકશાન પહોંચાડે ત્યારે તે સમ્યક્ત્વ દર્શન મોહનીય કહેવાય છે. આ કર્મનો ઉદય હોય ત્યાં સુધી આત્માને ક્ષાયિક સમ્યક્ત્વનો લાભ મળી શકતો નથી.

(૨) **મિશ્ર દર્શન મોહનીય**-જ્યારે દર્શન મોહ-

નીય કર્મનાં દલિકોનો અમુક ભાગ શુદ્ધ અને અમુક ભાગ અશુદ્ધ હોય, ત્યારે તે મિશ્ર દર્શન મોહનીય કહેવાય.

(૩) **મિથ્યાત્વ દર્શન મોહનીય**-જેના ઉદયથી જીવ મિથ્યાત્વમાં રાચે છે અને હિતને અહિત તથા અહિતને હિત સમજે છે. મિથ્યાત્વનો વિશેષ પરિચય આગળ આવશે.

**ચારિત્ર મોહનીય**-આ કર્મના ૨૫ પ્રકારો છે.

(૧) **સંજ્વલન ક્રોધ**-પાણીમાં દોરેલી રેખા જેવો, જે તરત શમે.

(૨) **પ્રત્યાખ્યાનીય ક્રોધ**-રેતીમાં દોરેલી રેખા જેવો, જે થોડા વખતે શમે.

(૩) **અપ્રત્યાખ્યાનીય ક્રોધ**-પૃથ્વીમાં પડેલી રેખા-ફાટ જેવો, જે ઘણા વખતે શમે.

(૪) **અનંતાનુબંધી ક્રોધ**--પર્વતમાં પડેલી ફાટ જેવો, જે જીવનભર શમે નહિ.

(૫) **સંજ્વલન માન**-નેતરની સોટી જેવું, જે સહેલાઈથી શમે.

(૬) **પ્રત્યાખ્યાનીય માન**-કાષ્ઠ જેવું, ઉપાયે શમે.

(૭) **અપ્રત્યાખ્યાનીય માન**-હાડકાં જેવું, જે મહાકાષ્ટે નમે.

(૮) **અનંતાનુબંધી માન**-પત્થરના થાંભલા જેવું, જે કોઈ રીતે ન નમે.

**(૯) સંજ્વલન માયા**-વાંસનાં છોલ જેવી, જે સરલતાથી પોતાની વક્રતા છોડે.

**(૧૦) પ્રત્યાખ્યાનીય માયા**-બળદના મૂત્રની ધારા જેવી, જેની વક્રતા પવન આવતાં દૂર થાય.

**(૧૧) અપ્રત્યાખ્યાનીય માયા**-ઘેટાનાં શીંગડા જેવી, જે ઘણા પ્રયત્ને પોતાની વક્રતા છોડે.

**(૧૨) અનંતાનુબંધી માયા**-વાંસના કઠણ મૂળ જેવી, જે કોઈ રીતે પોતાની વક્રતા છોડે નહિ.

**(૧૩) સંજ્વલન લોભ**-હળદરના રંગ જેવો, જે તરત દૂર થાય.

**(૧૪) પ્રત્યાખ્યાનીય લોભ**—વસ્ત્રે લાગેલા દીવાના કાજળ જેવો કે જે થોડા પ્રયત્ને દૂર થાય.

**(૧૫) અપ્રત્યાખ્યાનીય લોભ**—ગાડાનાં પડાની મળી જેવો, જે ઘણા પ્રયત્ને દૂર થાય.

**(૧૬) અનંતાનુબંધી લોભ**-કિરમજના રંગ જેવો, જે એક વખત ચડયો હોય તો દૂર ન થાય.

શાસ્ત્રમાં સંજ્વલન કષાયની મર્યાદા પંદર દિવસની, પ્રત્યાખ્યાનીય કષાયની મર્યાદા ચાર માસની, અપ્રત્યાખ્યાનીય કષાયની મર્યાદા બાર માસની અને અનંતાનુબંધી કષાયની જીવન ભરની કહેલી છે. આ કષાયોના ઉદયથી અનુક્રમે યથાખ્યાત ચારિત્ર, સર્વવિરતિ ચારિત્ર, દેશવિરતિ ચારિત્ર તથા સમ્યકત્વનો ઘાત થાય છે.

(૧૭) **હાસ્ય**–જેના ઉદયથી જીવને હસવું આવે.

(૧૮) **રતિ**–જેના ઉદયથી જીવને હર્ષ થાય.

(૧૯) **અરતિ**–જેના ઉદયથી જીવને વિષાદ થાય.

(૨૦) **ભય**–જેના ઉદયથી જીવને ભય લાગે.

(૨૧) **શોક**–જેના ઉદયથી જીવને શોક થાય.

(૨૨) **જુગુપ્સા**–જેના ઉદયથી જીવને ઘૃણા આવે.

(૨૩) **સ્ત્રીવેદ**–જેના ઉદયથી પુરુષને ભોગવવાની વૃત્તિ ઉદ્ભવે.

(૨૪) **પુરુષવેદ**–જેના ઉદયથી સ્ત્રીને ભોગવવાની વૃત્તિ ઉદ્ભવે.

(૨૫) **નપુંસકવેદ**–જેના ઉદયથી પુરુષ તથા સ્ત્રી બંનેને ભોગવવાની વૃત્તિ ઉદ્ભવે.

૧૭ થી ૨૫ સુધીની ઉત્તરપ્રકૃતિઓ નોકષાય તરીકે ઓળખાય છે, કારણ કે તે કષાયની યાદીમાં આવતી નથી; પરંતુ તે કષાયનું ઉદ્દીપન કરનારી છે, તેથી જ ચારિત્ર મોહનીયમાં સ્થાન પામેલી છે.

## આયુષ્ય કર્મની ૪ ઉત્તરપ્રકૃતિઓ

(૧) **દેવાયુષ્ય**–જેના ઉદયથી જીવને દેવના શરીરમાં અમુક સમય રહેવું પડે.

(૨) **મનુષ્યાયુષ્ય**–જેના ઉદયથી જીવને મનુષ્યના શરીરમાં અમુક વખત રહેવું પડે.

(૩) **તિર્યંચાયુષ્ય**—જેના ઉદયથી જીવને અમુક સમય સુધી તિર્યંચના શરીરમાં રહેવું પડે.

(૪) **નરકાયુષ્ય**—જેના ઉદયથી જીવને અમુક સમય સુધી તિર્યંચના શરીરમાં રહેવું પડે.

## નામકર્મની ૧૦૩ ઉત્તરપ્રકૃતિઓ

નામકર્મને ચિતારાની ઉપમા અપાય છે. ચિતારો જેમ જુદી જુદી જાતનાં ચિત્રોનું નિર્માણ કરે છે, તેમ નામ કર્મ પણ આત્માને ધારણ કરવાનાં સારાં-નરસાં શરીરો, રૂપ, રંગ, અવયવ, યશ, અપયશ, સૌભાગ્ય, દુર્ભાગ્ય વગેરેનું નિર્માણ કરે છે,

નામમર્મની ઉત્તરપ્રકૃતિઓ આમ તો ૪૨ છે, પણ પિંડપ્રકૃતિનો વિસ્તાર ગ્રહણ કરતાં તેની સંખ્યા ૧૦૩ની થાય છે.

બેંતાલીશ ઉત્તરપ્રકૃતિની ગણના આ પ્રમાણે થાય છે :

૧૪ પિંડપ્રકૃતિ
૮ પ્રત્યેક પ્રકૃતિ
૧૦ સ્થાવરદશક
૧૦ ત્રસદશક
———
૪૨

પરંતુ પિંડપ્રકૃતિની ૭૫ ઉત્તરપ્રકૃતિઓ ગણીએ તો તેમાં ૬૧ નો વધારો થાય છે, એટલે કુલ ૧૦૩ બને છે.

પિંડપ્રકૃતિની ૭૫ ઉત્તરપ્રકૃતિઓ આ પ્રમાણે ગણાય છે.

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧ | ગતિ | ૪ | ૮ | સંસ્થાન | ૬ |
| ૨ | જાતિ | ૫ | ૯ | વર્ણ | ૫ |
| ૩ | શરીર | ૫ | ૧૦ | રસ | ૫ |
| ૪ | ઉપાંગ | ૩ | ૧૧ | ગંધ | ૨ |
| ૫ | બંધન | ૧૫ | ૧૨ | સ્પર્શ | ૮ |
| ૬ | સંઘાત | ૫ | ૧૩ | આનુપૂર્વી | ૪ |
| ૭ | સંહનન | ૬ | ૧૪ | વિહાયોગતિ | ૨ |
| | | | | કુલ | ૭૫ |

અહીં તેમનું સ્વરૂપ સંક્ષેપમાં સમજી લઈએ.

**ચૌદ પિંડપ્રકૃતિ :**

(૧) **ગતિ નામકર્મ**—તેની ઉત્તરપ્રકૃતિઓ ચાર છે : નરકગતિ, તિર્યંચગતિ, મનુષ્યગતિ અને દેવગતિ.

(૨) **જાતિ નામકર્મ**—તેની ઉત્તરપ્રકૃતિ પાંચ છે : એકેન્દ્રિય જાતિ, બેઈન્દ્રિય જાતિ, તેઈન્દ્રિય જાતિ, ચઉરિન્દ્રિય જાતિ અને પંચેન્દ્રિય જાતિ.

(૩) **શરીર નામકર્મ**—તેની ઉત્તરપ્રકૃતિ પાંચ છે : ઔદારિક શરીર નામ, વૈક્રિય શરીર નામ, આહારક શરીર નામ, તૈજસ શરીર નામ અને કાર્મણ શરીર નામ.

'**शीर्यते इति शरीरम्**—જે સડી–પડી જાય, તે શરીર કહેવાય. કાયા, કલેવર, તનુ, તન, ચય, ઉપચય, દેહ, સંઘાત વગેરે તેના પર્યાયશબ્દો છે.

ઔદારિક શરીર નામકર્મના ઉદયથી જીવને ઔદારિક શરીર પ્રાપ્ત થાય છે. તે સ્થૂલ ઔદારિક વર્ગણાઓથી બનેલું હોય છે. અથવા મોક્ષપ્રાપ્તિમાં સાધન હોવાથી ઉદાર–પ્રધાન શરીર માટે ઔદારિક કહેવાય છે.

વૈક્રિય શરીર નામકર્મના ઉદયથી જીવને વૈક્રિય શરીર પ્રાપ્ત થાય છે. જે શરીર વિક્રિયાને પામે, એટલે કે નાનામાંથી મોટું થઈ શકે, મોટામાંથી નાનું થઈ શકે, પાતળામાંથી જાડું થઈ શકે, જાડામાંથી પાતળું થઈ શકે અથવા એક રૂપમાંથી અનેક રૂપ અને અનેક રૂપમાંથી એક રૂપ ધારણ કરી શકે તે વૈક્રિય કહેવાય છે. દેવો તથા નારકોને આ પ્રકારનું શરીર સ્વાભાવિક જ હોય છે. મનુષ્ય લબ્ધિથી–યોગસિદ્ધિથી આ પ્રકારનું શરીર ધારણ કરી શકે છે.

આહારક શરીર નામકર્મના ઉદયથી જીવને આહારક શરીર પ્રાપ્ત થાય છે. સૂક્ષ્મ અર્થનો સંદેહ નિવારણ કરવા અર્થે ચતુર્દશ પૂર્વધારી મુનિ કેવલી ભગવંત પાસે જવા માટે વિશુદ્ધ પુદ્ગલનું બનાવેલું જે અવ્યાઘાતી શરીર ધારણ કરે, તેને આહારક કહેવાય છે. આ શરીર માત્ર અંતર્મુહૂર્ત રહે છે.

તૈજસ શરીર નામકર્મના ઉદયથી જીવને જે તેજો-મય શરીર પ્રાપ્ત થાય છે, તે તૈજસ શરીર કહેવાય છે. તે ખાધેલ આહારનું પાચન કરે છે તથા ભૂખ લગાડે છે. તેજોલેશ્યા મૂકવામાં આ શરીર ઉપયોગી નીવડે છે.

જીવે ગ્રહણ કરેલ કાર્મણ વર્ગણાનો સમૂહ કાર્મણ શરીર નામકર્મના ઉદયથી કર્મરૂપે પરિણત થાય છે. તેને જ કાર્મણ શરીર કહેવામાં આવે છે.

તૈજસ અને કાર્મણ આ બંને સૂક્ષ્મ શરીરો છે અને જીવની સાથે તેમનો અનાદિ સંબંધ છે. તાત્પર્ય કે તે વિગ્રહગતિમાં પણ સાથે જ રહે છે.

(૪) **ઉપાંગ નામકર્મ**—તેની ઉત્તરપ્રકૃતિઓ ત્રણ છે: ઔદારિક ઉપાંગ નામ, વૈક્રિય ઉપાંગ નામ અને આહારક ઉપાંગ નામ. મસ્તક, હાથ, પગ, પીઠ, ઉદર વગેરે ઉપાંગ કહેવાય છે. તે પ્રથમનાં ત્રણ શરીરને જ હોય છે. પછીનાં બે શરીરોને હોતાં નથી.

(૫) **બંધન નામ કર્મ**—પૂર્વે બાંધેલાં અને નવાં બંધાતાં કર્મને એક સાથે જોડે, એકમેક કરે તે બંધન નામ કર્મ કહેવાય. આ કર્મની ઉત્તરપ્રકૃતિઓ પાંચ છે: (૧) ઔદારિક બંધન નામકર્મ (૨) વૈક્રિય બંધન નામ-કર્મ, (૩) આહારક બંધન નામકર્મ, (૪) તૈજસ બંધન નામકર્મ અને (૫) કાર્મણ બંધન નામકર્મ.

દરેક સંસારી જીવ બે, ત્રણ કે ચાર શરીરોના એકી સાથે સંબંધવાળો પણ હોય છે, એટલે તે તે શરીરને યોગ્ય પુદ્ગલો ગ્રહણ કરવાનું ચાલુ હોય છે અને તેથી ઉપરનાં પાંચ બંધન નામકર્મ ઉપરાંત બીજાં દશ બંધન નામ-કર્મ પણ કહેવાય છે. તે આ પ્રમાણે: (૧) ઔદારિક

તૈજસ બંધન ના૦ ક૦, (૨) ઔદારિક કાર્મણ બંધન ના૦ ક૦, (૩) ઔદારિક તૈજસ કાર્મણ બંધન ના૦ ક૦, (૪) વૈક્રિય તૈજસ બંધન ના૦ ક૦, (૫) વૈક્રિય કાર્મણ બંધન ના૦ ક૦, (૬) વૈક્રિય તૈજસ કાર્મણ બંધન ના૦ ક૦, (૭) આહારક તૈજસ ના૦ ક૦. (૮) આહારક કાર્મણ ના૦ ક૦, (૯) આહારક તૈજસ કાર્મણ ના૦ ક૦, (૧૦) આહારક તૈજસ કાર્મણ ના૦ ક૦.

(૬) **સંઘાત નામકર્મ**—આ કર્મને દંતાળીની ઉપમા આપવામાં આવે છે. જેમ દંતાળીથી ઘાસ ભેગું થાય છે, તેમ આ કર્મ જુદા જુદા શરીરને યોગ્ય પુદ્ગલ વર્ગણાઓને એકત્ર કરી આપે છે. તેની ઉત્તરપ્રકૃતિઓ પાંચ છે: (૧) ઔદારિક સંઘાત ના૦ ક૦, (૨) વૈક્રિય સંઘાત ના૦ ક૦, (૩) આહારક સંઘાત ના૦ ક૦, (૪) તૈજસ સંઘાત ના૦ ક૦ અને (૫) કાર્મણ સંઘાત ના૦ ક૦.

(૭) **સંહનન નામકર્મ**—(હાડના બંધારણને સંહનન કે સંઘયણ કહેવામાં આવે છે.) તેની ઉત્તરપ્રકૃતિઓ છ છે: (૧) વજ્ર-ઋષભ-નારાચ સંઘયણ ના૦ ક૦, બે હાડકાંને મર્કટ બંધ વડે બાંધેલાં હોય, તેના ઉપર ઋષભ એટલે પાટાના આકારવાળું હાડકું વીંટાળેલું હોય અને એ ત્રણ હાડકાંને ભેદનાર વજ્ર એટલે ખીલીના આકારવાળા હાડકાથી મજબુત થયેલ હોય તેને આ પ્રકારનું સંઘયણ કહે છે. (૨) ઋષભ-નારાચ સંહનન ના૦ ક૦-માત્ર ખીલી રહિત પૂર્વોક્ત હાડની જે રચના, તેને આ પ્રકારનું સંઘયણ

કહે છે. (૩) નારાચ સંહનન ના૦ ક૦—જ્યાં હાડકાની બંને બાજુ મર્કટબંધથી બંધાયેલી હોય, પણ હાડનો પાટો કે ખીલી ન હોય, તેને આ પ્રકારનું સંઘયણ કહે છે. (૪) અર્દ્ધ નારાચ સંહનન ના૦ ક૦—જેમાં હાડકાની એક બાજુ મર્કટબંધ હોય અને બીજી બાજુ ખીલી હોય તેવા હાડની રચનાને આ પ્રકારનું સંઘયણ કહે છે. (૫) કીલિકા સંહનન ના૦ ક૦—જ્યાં કીલિકા એટલે ખીલી માત્રથી જ હાડકાં બંધાયેલાં હોય, એવી હાડની રચનાને આ પ્રકારનું સંઘયણ કહે છે. અને (૬) સેવાર્ત સંહનન ના૦ ક૦. જ્યાં હાડકાં પરસ્પર અડીને જ રહેલાં હોય, તેને આ પ્રકારનું સંઘયણ કહે છે. પ્રાકૃતમાં તેને છેવટ્ઠું સંઘયણ કહેવામાં આવે છે.

(૮) **સંસ્થાન નામકર્મ**—(શરીરની આકૃતિને સંસ્થાન કહે છે.) તેની ઉત્તરપ્રકૃતિઓ છ છે: (૧) સમચતુરસ્ર સંસ્થાન ના૦ ક૦—પર્યંકાસને બેઠેલા પુરુષના બે ઢીંચણનું અંતર, ડાબા ખભા અને જમણા ઢીંચણનું અંતર, જમણા ખભા અને ડાબા ઢીંચણનું અંતર તથા આસન અને લલાટનું અંતર, એ પ્રમાણે ચાર અસ્ર-બાજુનું અંતર સરખું હોય તે સમચતુરસ્ર સંસ્થાન. અથવા બધાં અંગો પ્રમાણોપેત લક્ષણયુક્ત હોય, તે પણ શ્રેષ્ઠ સંસ્થાનવાળો કહેવાય. (૨) ન્યગ્રોધપરિમંડલ ના૦ ક૦—નાભિની ઉપરનો ભાગ પ્રમાણોપેત અને લક્ષણયુક્ત હોય, પણ નીચેનો ભાગ પ્રમાણ અને લક્ષણથી રહિત

હોય. (૩) સાદિસંસ્થાન ના૦ ક૦—નાભિની નીચેનાં અંગો પ્રમાણોપેત અને લક્ષણયુક્ત હોય, પણ ઉપરનાં અંગો પ્રમાણ અને લક્ષણરહિત હોય. (૪) વામન સંસ્થાન ના૦ ક૦—હાથ, પગ, મસ્તક, ડોક પ્રમાણોપેત તથા લક્ષણયુક્ત હોય, પણ બીજાં અંગો પ્રમાણ અને લક્ષણથી રહિત હોય. (૬) કુબ્જસંસ્થાન ના૦ ક૦—હાથ, પગ, મસ્તક અને ડોક પ્રમાણ તથા લક્ષણથી રહિત હોય, પણ બીજાં અંગો પ્રમાણોપેત તથા લક્ષણથી યુક્ત હોય અને (૬) હુંડક સંસ્થાન ના૦ ક૦—શરીરનાં બધાં અંગો પ્રમાણ અને લક્ષણથી રહિત હોય.

(૯) **વર્ણનામકર્મ**—તેની ઉત્તરપ્રકૃતિઓ પાંચ છે: (૧) કૃષ્ણ, (૨) નીલ—(ઘેરો વાદળી), (૩) રકત, (૪) પીત અને (૫) શ્વેત.

(૧૦) **રસનામકર્મ**—તેની ઉત્તર પ્રકૃતિઓ પાંચ છે: (૧) તિકત (કડવો), (૨) કટુ (તીખો), (૩) કષાય (તુરો), (૪) આમ્લ (ખારો) અને (૫) મધુર (મીઠો).

(૧૧) **ગંધનામકર્મ**—તેની ઉત્તરપ્રકૃતિઓ બે છે: ૧. સુરભિગંધ અને ૨. દુરભિગંધ.

(૧૨) **સ્પર્શનામ કર્મ**—તેની ઉત્તરપ્રકૃતિઓ આઠ છે: (૧) શીત, (૨) ઉષ્ણ, (૩) સ્નિગ્ધ, (૪) રુક્ષ, (૫) લઘુ, (૬) ગુરુ, (૭) મૃદુ અને (૮) કર્કશ.

(૧૩) **આનુપૂર્વીનામ કર્મ**—આ કર્મ બળદની નાથ જેવું છે. જેમ નાથને પકડીને બળદને ધારેલા સ્થળે

લઈ જવાય છે, તેમ આ કર્મ જીવની સાથે રહીને તેને ધારેલી ગતિમાં ધારેલા સ્થળે લઈ જાય છે. તેની ઉત્તર-પ્રકૃતિઓ ચાર છે: (૧) દેવગત્યાનુપૂર્વી ના૦ ક૦, (૨) મનુષ્ય ગત્યાનુપૂર્વી ના૦ ક૦, (૩) તિર્યંચ ગત્યાનુપૂર્વી ના૦ ક૦ અને (૪) નરક ગત્યાનુપૂર્વી ના૦ ક૦.

(૧૪) **વિહાયોગતિનામકર્મ**–જીવની ગમનાગમન પ્રવૃત્તિમાં નિયામક થનારા કર્મને વિહાયોગતિનામકર્મ કહે છે. ઉપર ગતિનામકર્મ આવી ગયું છે, એટલે અહીં વિહાયોગતિ શબ્દ યોજવામાં આવ્યો છે. વિહાય એટલે આકાશ–અવકાશ તેમાં ગતિ કરવી અર્થાત્ ચાલવું તે વિહાયોગતિ. તેની શુભ અને અશુભ એવી બે ઉત્તર પ્રકૃતિઓ છે. હંસ, હાથી વગેરેની ચાલને શુભ વિહાયોગતિ ગણવામાં આવે છે અને ઊંટ, કાગડા વગેરેની ચાલને અશુભ વિહાયોગતિ ગણવામાં આવે છે.

જે પ્રકૃતિમાં બીજી પ્રકૃતિઓ હોય અર્થાત્ તેના વિશેષ પ્રકારો હોય તે પિંડપ્રકૃતિ સમજવી. આ ચૌદ પ્રકારની પિંડપ્રકૃતિના ૭૫ ઉત્તરભેદો અર્થાત્ ૭૫ ઉત્તર પ્રકૃતિઓનો પરિચય અહીં પૂરો થયો.

**આઠ પ્રત્યેક પ્રકૃતિ :**

(૧) **અગુરુ લઘુનામકર્મ**–જેના ઉદયથી જીવને અતિ ભારે પણ નહિ અને અતિ હળવું પણ નહિ, એવું સપ્રમાણ વજનવાળું શરીર પ્રાપ્ત થાય.

(૨) **ઉપઘાત નામકર્મ**–જેના ઉદયથી જીવને

પડજીભ, ચોરદાંત, રસોળી વગેરે ઉપઘાતકારી અવયવો પ્રાપ્ત થાય.

(૩) **પરાઘાત નામકર્મ**-જેના ઉદયથી જીવ પોતાની હાજરીથી કે પોતાના વચનબળથી બીજાના પર પ્રભાવ પાડી શકે તથા અતિ બળવાનને પણ ક્ષોભ પમાડી શકે.

(૪) **આતપ નામકર્મ**-જેના ઉદયથી જીવ પોતાનું શરીર અનુષ્ણ હોવા છતાં ઉષ્ણ પ્રકાશ આપી શકે. આ કર્મનો ઉદય માત્ર સૂર્યના વિમાનમાં રહેલા પૃથ્વીકાય જીવોને જ હોય છે.

(૫) **ઉદ્યોત નામકર્મ**-જેના ઉદયથી જીવ પોતાના શરીરવડે શીત પ્રકાશ આપી શકે. જ્યોતિષી વિમાનના જીવો આ પ્રકારના હોય છે. વળી ખદ્યોત એટલે આગિયો અને કેટલીક વનસ્પતિનાં શરીરો પણ આ પ્રકારનાં હોય છે. યતિ અને દેવના ઉત્તરવૈક્રિય શરીરમાં પણ ઉદ્યોત-નામકર્મનો ઉદય હોય છે.

(૬) **શ્વાસોચ્છ્વાસ નામકર્મ**-જેના ઉદયથી જીવ શ્વાસોચ્છ્વાસનું નિયમન કરી શકે.

(૭) **નિર્માણનામકર્મ**-જેના ઉદયથી જીવ યોગ્ય સ્થળે અંગોપાંગનું નિર્માણ કરી શકે.

(૮) **તીર્થંકરનામકર્મ**-જેના ઉદયથી જીવ ત્રણેય ભુવનને પૂજવાયોગ્ય થાય; સુર, અસુર અને મનુષ્યને

પૂજ્ય એવું તીર્થ પ્રવર્તાવે અને પોતે કૃતકૃત્ય છતાં પણ ધર્મોપદેશની પ્રવૃત્તિ કરે.

**સ્થાવરદશક :**

(૧) **સ્થાવર નામકર્મ**–જેના ઉદયથી જીવ સ્થાવર-પણું પામે.

(૨) **સૂક્ષ્મનામકર્મ**–જેના ઉદયથી જીવ અત્યંત સૂક્ષ્મપણું પામે.

(૩) **અપર્યાપ્ત નામકર્મ**–જેના ઉદયથી જીવ પોતાને પૂરી કરવા યોગ્ય પર્યાપ્તિઓ પૂરી કરી શકે નહિ. કયો જીવ કેટલી પર્યાપ્તિઓને યોગ્ય છે, તેનું વિવેચન જીવતત્ત્વમાં થઈ ગયેલું છે.

(૪) **સાધારણ નામકર્મ**–જેના ઉદયથી જીવને અનંત જીવો વડે ભોગવાતું એવું સાધારણ શરીર પ્રાપ્ત થાય.

(૫) **અસ્થિર નામકર્મ**–જેના ઉદયથી જીવને અસ્થિર અવયવોની પ્રાપ્તિ થાય.

(૬) **અશુભ નામકર્મ**–જેના ઉદયથી જીવનું નાભિ નીચેનું શરીર અપ્રશસ્ત હોય, એટલે કે તેના સ્પર્શથી બીજાને અપ્રીતિ ઉત્પન્ન થાય.

(૭) **દુઃસ્વર નામકર્મ**–જેના ઉદયથી જીવને દુઃસ્વર એટલે કઠોર–અરુચિકર એવા સ્વરની પ્રાપ્તિ થાય.

(૮) **દુર્ભગનામકર્મ**–જેના ઉદયથી જીવ સહુને

અળખામણો લાગે. 'જ્યાં જાય ઉકો, ત્યાં સમુદ્ર સૂકો' વગેરે ઉક્તિઓ દુર્ભગનામકર્મને સૂચવનારી છે.

(૯) **અનાદેયનામકર્મ**-જેના ઉદયથી જીવનું ગમે તેવું યુક્તિયુક્ત વચન લોકમાન્ય થાય નહિ.

(૧૦) **અપયશઃકીર્તિનામ**-જેના ઉદયથી જીવને ગમે તેટલું કામ કરવા છતાં અપયશ અને અપકીર્તિ જ મળે.

**ત્રસદશક :**

આ દશક સ્થાવરદશકથી બિલકુલ ઉલટું છે. તેની દશ પ્રકૃતિઓ આ પ્રમાણે જાણવી :

(૧) **ત્રસનામકર્મ**-જેના ઉદયથી જીવને ત્રસપણું પ્રાપ્ત થાય.

(૨) **બાદરનામકર્મ**-જેના ઉદયથી જીવને બાદરપણું પ્રાપ્ત થાય.

(૩) **પર્યાપ્તનામકર્મ**-જેના ઉદયથી જીવ સ્વયોગ્ય પર્યાપ્તિઓ અવશ્ય પૂરી કરે.

(૪) **પ્રત્યેકનામકર્મ**-જેના ઉદયથી જીવ સ્વતંત્ર શરીર પામે.

(૫) **સ્થિરનામકર્મ**-જેના ઉદયથી જીવને સ્થિર અર્થાત્ દૃઢ અવયવોની પ્રાપ્તિ થાય.

(૬) **શુભનામકર્મ**-જેના ઉદયથી જીવનું નાભિ ઉપરનું શરીર પ્રશસ્ત હોય, એટલે કે તેના સ્પર્શથી બીજાને આનંદ આવે.

(૭) **સુસ્વરનામકર્મ**–જેના ઉદયથી જીવને મધુર સ્વરની પ્રાપ્તિ થાય.

(૮) **સુભગનામકર્મ**–જેના ઉદયથી જીવ સહુને પ્રિય લાગે.

(૯) **આદેયનામકર્મ**–જેના ઉદયથી જીવનું ગમે તેવું વચન પણ બીજાઓ માન્ય કરે.

(૧૦) **યશઃકીર્તિનામ કર્મ**–જેના ઉદયથી જીવને સર્વત્ર યશ અને કીર્તિની પ્રાપ્તિ થાય.

## ગોત્રકર્મની ૨ ઉત્તરપ્રકૃતિઓ

ગોત્રકર્મની ઉત્તરપ્રકૃતિઓ બે છે : (૧) ઉચ્ચ ગોત્ર અને (૨) નીચ ગોત્ર.

## અંતરાય કર્મની ૫ ઉત્તરપ્રકૃતિઓ

છતી શક્તિએ કાર્ય થઈ શકે નહિ, ભોગવિલાસની સામગ્રી વિદ્યમાન હોય છતાં ભોગવી શકાય નહિ, કોઈને દાન દેવાની ઘણી ભાવના હોય, છતાં દઈ શકાય નહિ; આ બધી ઘટનાઓ અંતરાય કર્મને આભારી છે. તેની ઉત્તરપ્રકૃતિઓ પાંચ છે :

(૧) **દાનાંતરાય કર્મ**–જેના ઉદયથી દાન દેવાની સર્વ સામગ્રી વિદ્યમાન હોય અને ઈચ્છા પણ હોય, છતાં દાન દઈ શકાય નહિ.

(૨) **લાભાંતરાય કર્મ**–જેના ઉદયથી ગમે તેવો પ્રયત્ન કરવા છતાં યથેષ્ટ લાભની પ્રાપ્તિ થાય નહિ.

(૩) **ભોગાંતરાય કર્મ**–જેના ઉદયથી ભોગ્ય સામગ્રી

ભોગવી શકાય નહિ. જે એકવાર ભોગવી શકાય, તે ભોગ્ય સામગ્રી. ભોજન વગેરે આ પ્રકારની સામગ્રી છે.

(૪) **ઉપભોગાંતરાય કર્મ**–જેના ઉદયથી ઉપભોગ્ય સામગ્રી ભોગવી શકાય નહિ. જે વારંવાર ભોગવી શકાય તે ઉપભોગ્ય સામગ્રી. મકાન, રાચરચીલું, બાગબગીચા, સ્ત્રી વગેરે આ પ્રકારની સામગ્રી છે.

(૫) **વીર્યાંતરાય કર્મ**–જેના ઉદયથી શક્તિનો યોગ્ય ઉપયોગ થઈ શકે નહિ.

## ઘાતી અને અઘાતી વિભાગ

આઠ કર્મોમાં ચાર ઘાતી ગણાય છે અને ચાર અઘાતી ગણાય છે. જે આત્માના મૂળ ગુણનો ઘાત કરે, તે ઘાતી. જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, મોહનીય અને અંતરાય એ ચાર કર્મો આ કોટિનાં છે. બાકીનાં ચાર અઘાતી ગણાય છે, કારણ કે તે આત્માના મૂળ ગુણોનો ઘાત કરનારા નથી.

ઘાતીકર્મની બધી ઉત્તરકૃતિઓ અશુભ છે અને અઘાતી કર્મની ઉત્તરપ્રકૃતિઓમાં કેટલીક શુભ અને કેટલીક અશુભ છે. તેનો વિશેષ ખ્યાલ પુણ્ય અને પાપતત્ત્વનાં વિવેચનથી આવી શકશે.

કર્મની મૂળ પ્રકૃતિ તથા ઉત્તરપ્રકૃતિઓની સંખ્યા પ્રસ્તુત પ્રકરણ ગ્રંથની ઓગણચાલીસમી ગાથામાં જણાવેલી છે. તેનું વર્ણન અગિયારમા પ્રકરણમાં આવશે.

'કર્મવાદ' નામનું પાંચમું પ્રકરણ અહીં પૂરું થાય છે.

## પ્રકરણ છઠ્ઠું

# પુણ્યતત્ત્વ

[ ગાથા પંદરમીથી સત્તરમી સુધી ]

**(૧) ઉપક્રમ :**

જીવ અને અજીવતત્ત્વના વર્ણન પછી ક્રમપ્રાપ્ત પુણ્યતત્ત્વનું વર્ણન કરવું જોઈએ, તેથી પ્રકરણકાર મહર્ષિ પંદરમી અને સોળમી ગાથામાં પુણ્યતત્ત્વના બેંતાલીશ ભેદો આ પ્રમાણે કહે છે :

**(૨) મૂળ ગાથાઓ :**

**सा उच्चगोअ मणुदुग, सुरदुग पंचिंदिजाइ पणदेहा ।**
**आइतितणूणुवंगा, आइमसंघयण–संठाणा ॥१५॥**
**वन्नचउक्काऽगुरुलहु–परघा उस्सास आयवुज्जोअं ।**
**सुभखगइ-निमिण-तसदस सुर-नर-तिरिआउ तित्थयरं ॥१६॥**

**(૩) સંસ્કૃત છાયા :**

सात–उच्चगोत्र–मनुष्यद्विक–सुरद्विक–पञ्चेन्द्रिय
जाति– पञ्चदेहानि ।
आदित्रितनूनामुपाङ्गानि आदिमसंहनन–संस्थाने ॥१५॥

**वर्णचतुष्क-अगुरुलघु-पराघात-उच्छ्वास-आतपोद्योतम् ।**
**शुभखगति-निर्माण-त्रसदशक-सुरनर-तिर्यगायुः तीर्थंकरम् ॥१६॥**

(૪) શબ્દાર્થ :

सा–શાતાવેદનીય.

उच्चगोअ–ઉચ્ચગોત્ર.

ઉચ્ચગોત્ર કર્મના ઉદયથી ઊંચા કુલમાં જન્મ થાય છે. ઉપલક્ષણથી દેશ, જાતિ, સ્થાન વગેરે પણ ઊંચા પ્રકારનાં મળે છે.

मणुदुअ–મનુષ્યદ્વિક, મનુષ્યગતિ અને મનુષ્યાનુપૂર્વી.

મનુષ્યદ્વિક એટલે મનુષ્યને લગતાં બે પ્રકારનાં કર્મો. તે અહીં મનુષ્યગતિ અને મનુષ્યગત્યાનુપૂર્વી કે મનુષ્યાનુપૂર્વી સમજવાં. મનુષ્યગતિ નામકર્મથી જીવને મનુષ્યત્વ પ્રાપ્ત થાય છે અને મનુષ્યાનુપૂર્વી નામકર્મ પૂર્વદેહ છોડચા પછી જીવને મનુષ્યગતિમાં જે સ્થાને ઉત્પન્ન થવાનું હોય, ત્યાં દોરી જાય છે.

सुरदुग–સુરદ્વિક; દેવગતિ અને દેવાનુપૂર્વી.

સુરદ્વિક એટલે દેવને લગતાં બે પ્રકારનાં કર્મો. તે અહીં દેવગતિ અને દેવાનુપૂર્વી જાણવાં. દેવગતિ નામકર્મથી જીવને દેવત્વ પ્રાપ્ત થાય છે અને દેવાનુપૂર્વી નામકર્મ જીવને દેવગતિમાં જે સ્થાને ઉત્પન્ન થવાનું હોય, ત્યાં દોરી જાય છે.

पंचिंदिजाइ–પંચેન્દ્રિય જાતિ, પંચેન્દ્રિયપણું.

**पणदेहा**–પાંચ શરીર, પાંચ પ્રકારનાં શરીર.

ઔદારિક આદિ પાંચ પ્રકારનાં શરીરો વિના પુણ્યનો ઉપભોગ થઈ શકતો નથી, તેથી તેમની ગણના પુણ્ય પ્રકૃતિમાં કરેલ છે.

**आइतितणूण**–પ્રથમના ત્રણ શરીરના.

आइ–આદિ, પ્રથમના. ति–ત્રણ. तणूण–શરીરનાં.

**उवंगा**–ઉપાંગો.

**आइमसंघयण–संठाणा**–પહેલું સંઘયણ અને પહેલું સંસ્થાન; વજ્ર–ઋષભ–નારાચ–સંઘયણ અને સમચતુરસ્ર સંસ્થાન.

आइम–પહેલું. संघयण–સંઘયણ. संठाणा–સંસ્થાન.

**वन्नचउक्क**–વર્ણચતુષ્ક. શુભ વર્ણ, શુભ ગંધ, શુભ શુભ રસ અને શુભ સ્પર્શ.

वन्नचउक्क અને अगुरुलहु તે **वन्नचउक्काऽगुरुलहु**. **वन्नचउक्क**–વર્ણચતુષ્ક. તે શુભ હોય તો જ પુણ્ય પ્રકૃતિમાં ગણાય છે, તેથી અહીં શુભ વર્ણ, શુભ ગંધ, શુભ રસ અને શુભ સ્પર્શ ગ્રહણ કરવા.

**अगुरुलहु**–અગુરુ લઘુનામ.

**परघा**–પરાઘાત નામ.

અહીં સંધિના નિયમથી **परघाय**ના य નો લોપ થયેલો છે. **परघाय** અને **पराघाय**નો અર્થ સમાન છે.

**ऊस्सास**–શ્વાસોચ્છ્‌વાસ નામ.

आयव-આતપ નામ.

उज्जोअं-ઉદ્યોત નામ.

सुभखगइ-શુભ વિહાયોગતિ.

निमिण-નિર્માણ નામ.

तसदस-ત્રસદશક. ત્રસ આદિ દશ પ્રકૃતિઓ. ત્રસ દશકનું વર્ણન સત્તરમી ગાથામાં આવશે.

सुर-नर-तिरियाउ-દેવ, મનુષ્ય અને તિર્યંચનું આયુષ્ય. દેવ અને મનુષ્યની જેમ તિર્યંચોને પણ પોતાનું જીવન પ્રિય હોય છે, તેથી તિર્યંચાયુની ગણના પુણ્ય પ્રકૃતિમાં થાય છે.

तित्थयरं-તીર્થંકર નામ.

## (૫) અર્થ-સંકલના :

**સાતા વેદનીય, ઉચ્ચ ગોત્ર, મનુષ્ય ગતિ અને મનુષ્યાનુપૂર્વી, દેવ ગતિ અને દેવાનુપૂર્વી, પંચેન્દ્રિય જાતિ, (ઔદારિક, વૈક્રિય, આહારક, તૈજસ અને કાર્મણ એ) પાંચ શરીર, પ્રથમના ત્રણ શરીરના ઉપાંગો, વજ્ર ઋષભ-નારાચ-સંઘયણ, સમચતુરસ્ર સંસ્થાન, શુભ વર્ણ-ગંધ-રસ-સ્પર્શ, અગુરુલઘુ નામ, પરાઘાત નામ, શ્વાસોચ્છ્વાસ નામ, આતપ નામ, ઉદ્યોત નામ, શુભ વિહાયોગતિ નામ, નિર્માણ નામ, ત્રસાદિ દશ પ્રકૃતિઓ, દેવાયુષ્ય, મનુષ્યાયુષ્ય, તિર્યંચાયુષ્ય અને તીર્થંકરનામ (એ બેંતાલીશ પુણ્યતત્ત્વના ભેદો છે.)**

## (૬) વિવેચન :

પુનાતીતિ પુણ્યમ્—જે અશુભ કર્મ વડે મલિન થયેલા જીવને—આત્માને ધીરે ધીરે પવિત્ર કરે, એટલે કે શુભ કર્મવાળો કરે અને અનુક્રમે મોક્ષે પહોંચાડે, તે પુણ્ય કહેવાય. તથા એ પુણ્યનાં કાર્ય કરવાથી જે શુભ કર્મ બંધાય, તે પણ પુણ્ય જ કહેવાય. તાત્પર્ય કે પુણ્યતત્ત્વના પુણ્યક્રિયા અને પુણ્યફળ એ બે અંગો છે અને તે પરસ્પર કારણ કાર્યરૂપ છે, તેથી એ બંને અંગોથી બરાબર પરિચિત થવું જોઈએ. પુણ્યની ક્રિયા થાય તો જ પુણ્યફળ બંધાય, એટલે પુણ્યક્રિયા કારણરૂપ છે અને પુણ્યફળ કાર્યરૂપ છે.

નીચેની નવ ક્રિયાઓથી પુણ્ય બંધાય છે :

(૧) પાત્રને અન્ન આપવું.
(૨) પાત્રને પાણી આપવું.
(૩) પાત્રને બેસવા કે રહેવા માટે સ્થાન આપવું.
(૪) પાત્રને શયન આપવું, એટલે કે સૂવાની સામગ્રી આપવી.
(૫) પાત્રને વસ્ત્ર આપવાં.
(૬) મનનો શુભ સંકલ્પ.
(૭) વચનનો શુભ વ્યાપાર.
(૮) કાયાનો શુભ વ્યાપાર.
(૯) દેવગુરુને નમસ્કાર કરવો.

અહીં એટલું લક્ષ્યમાં રાખવાનું છે કે જેઓ

સંસારની મોહ-માયા છોડીને મોક્ષ માર્ગને અભિમુખ થયેલા છે, તે સર્વે આત્માઓ સુપાત્ર ગણાય છે. તેમને ધર્મબુદ્ધિએ અન્નાદિક આપવાથી અશુભ કર્મની ઘણી નિર્જરાપૂર્વક મહાપુણ્ય બંધાય છે. શાલિભદ્રે સંગમકના ભવે ધર્મબુદ્ધિએ એક માસોપવાસી તપસ્વી મુનિરાજને ક્ષીરનું દાન દીધું હતું, તેથી મહાપુણ્ય બંધાયું હતું અને તેનાં ફળ રૂપે તેમને અતુલ રિદ્ધિસિદ્ધિ પ્રાપ્ત થઈ હતી.

જેઓ ગૃહસ્થાશ્રમમાં રહીને ધર્મનું યોગ્ય આચરણ કરે છે, તેઓ પાત્ર ગણાય છે. તેમને પણ ધર્મબુદ્ધિએ અન્નાદિક આપતાં ઘણું પુણ્ય ઉપાર્જન થાય છે.

વિશેષમાં જેઓ અતિ વૃદ્ધ, અશક્ત, અપંગ વગેરે હોવાના કારણે અનુકંપા કરવા યોગ્ય છે, તેમને અનુકંપા-બુદ્ધિએ અન્નાદિક આપતાં પુણ્ય ઉપાર્જન થાય છે. કહ્યું છે કે—

**इदं मोक्षफले दाने, पात्रापात्रविचारणा ।**
**दयादानं तु सर्वज्ञैः, कुत्रापि न निषिध्यते ॥**

'મોક્ષના હેતુથી જે દાન દેવાનું છે, તેમાં પાત્રા-પાત્રની વિચારણા કરવી ઘટે છે. પણ જે દાન, દયા, કરુણા કે અનુકંપા બુદ્ધિથી દેવાનું છે, તેમાં પાત્રાપાત્રની વિચારણા કરવી આવશ્યક નથી; કારણ કે સર્વજ્ઞોએ એવા દાનનો કોઈ પણ સ્થળે નિષેધ કરેલો નથી.'

**दीनादिकेभ्योऽपि दयाप्रधानं,**
**दानं तु भोगादिकरं प्रधानम् ।**

दीक्षाक्षणे तीर्थकृतोऽपि पात्रा-
पात्रादिचर्यां ददतो न चक्रुः ॥

'દીન-દુઃખીઓને દયાની ભાવનાથી અપાતું દાન શ્રેષ્ઠ છે અને ભોગાદિ સામગ્રીઓને અપાવનારું છે. દીક્ષા લેવાનો પ્રસંગ પ્રાપ્ત થતાં તીર્થંકરો એક વર્ષ સુધી જે દાન આપે છે, તેમાં પાત્ર-અપાત્રનો વિચાર કરતા નથી, પરંતુ સર્વેને સમાન બુદ્ધિથી દાન આપે છે.'

તાત્પર્ય કે કોઈ પણ દીન-દુઃખીને સહાય કરવાની બુદ્ધિએ દાન દેતાં પુણ્ય બંધાય છે અને કોઈ અભ્યાગત ઘરના દ્વારે આવીને ઊભો રહે, તેને નિરાશ કરીને પાછો કાઢતાં મારો ધર્મ નિંદાશે, માટે તેમ ન થવા દેવાની ઇચ્છાએ જેઓ અન્નાદિક આપે છે, તેઓ પણ પુણ્ય ઉપાર્જન કરે છે.

પુણ્યતત્ત્વ મુખ્યત્વે ગૃહસ્થને ઉપાદેય છે.

પુણ્ય ક્રિયાઓથી જે પુણ્ય બંધાય છે, તેનું ફલ બેંતાલીશ પ્રકારે ભોગવાય છે. આ બેંતાલીશ પ્રકારોનો ઉલ્લેખ પ્રસ્તુત ગાથાઓમાં કરવામાં આવ્યો છે. તે પર એક દૃષ્ટિપાત કરી લઈએ.

પુણ્યશાળી આત્માઓને સામાન્ય રીતે સર્વત્ર સુખનો અનુભવ થાય છે, તેથી અહીં પ્રથમ ઉલ્લેખ શાતાવેદનીયનો કરવામાં આવ્યો છે.

પુણ્યશાળી આત્માઓનો જન્મ ઉચ્ચકુલમાં થાય છે,

ઉચ્ચ જાતિમાં થાય છે અને તેમને ધન, વૈભવ, ઠકુરાઈ, ઉત્તમ વિચારો વગેરે સારા પ્રમાણમાં પ્રાપ્ત થાય છે. તેનું સૂચન ઉચ્ચ ગોત્ર દ્વારા કરવામાં આવ્યું છે.

મનુષ્ય ગતિ અને દેવગતિ પણ પુણ્યના પ્રભાવે જ સાંપડે છે, તેથી મનુષ્યદ્વિક અને સુરદ્વિકનો અહીં ઉલ્લેખ કરેલો છે. વળી પંચેન્દ્રિયપણું પણ પુણ્યના ઉદયે જ પ્રાપ્ત થાય છે, તે અહીં પંચેન્દ્રિય જાતિથી સૂચવ્યું છે.

શરીર વિના પુણ્યનું ફળ ભોગવાતું નથી, તેથી ઔદારિક આદિ પાંચેય શરીરની ગણના પુણ્યના ભેદમાં કરેલી છે.

પુણ્યશાળી આત્માઓના શરીરનું સંઘયણ એટલે શરીરનો બાંધો ઉત્તમ કોટિનો હોય છે તથા તેમની આકૃતિ પણ પ્રમાણોપેત અને સર્વે શુભ લક્ષણોથી યુક્ત હોય છે, તે અહીં પ્રથમ સંઘયણ અને સંસ્થાન શબ્દથી સૂચિત કર્યું છે.

શરીરનો શુભ વર્ણ, શુભ ગંધ, શુભ રસ તથા શુભ સ્પર્શ પણ પુણ્યને જ આધીન છે તથા લોહની જેમ અતિ ભારેપણું પણ નહિ, તેમ રૂની જેમ અતિ હળવાપણું પણ નહિ, પરંતુ સપ્રમાણ વજન એ પણ પુણ્યનું જ ફળ છે, તે અહીં અગુરુલઘુ પરથી જણાવેલ છે.

બીજા પર પ્રભાવ પડવો, તે પણ પુણ્ય વિના બનતું નથી, તેમ રૂપ-કાંતિ વગેરે પણ પુણ્યના પ્રકર્ષ વિના પ્રાપ્ત થતા નથી. વળી શ્વાસોચ્છ્વાસ સુખપૂર્વક લેવાય

એવા નાડીતંત્રની રચના પણ પુણ્યશાળીને જ પ્રાપ્ત થાય છે. તે અહીં પરાઘાત નામ, શ્વાસોચ્છ્વાસ નામ, આતપ નામ અને ઉદ્યોતનામથી સૂચવાયેલ છે.

ગમનાગમન પ્રવૃત્તિનું નિયમન કરનારી શુભ ચાલ પ્રાપ્ત થવી, તેને પણ પુણ્યનું જ ફળ માનવું જોઇએ અને અંગ–ઉપાંગની યોગ્ય સ્થળે ગોઠવણ થવી તેને પણ પુણ્યનું જ પરિણામ લેખવું જોઈએ. શુભ વિહાયોગતિ અને નિર્માણ નામનું રહસ્ય આ જ છે.

વિશેષમાં હવે પછી ત્રસાદિક જે દશ પ્રકૃતિઓનું વર્ણન આવવાનું છે, તે પણ પુણ્યનું જ પરિણામ સમજવું.

દેવ, મનુષ્ય અને તિર્યંચનું આયુષ્ય પણ પુણ્યના ઉદયથી જ પ્રાપ્ત થાય છે અને તીર્થંકરત્વ કે જે ત્રણે ય લોકમાં પરમ પૂજ્યતાને પ્રાપ્ત થયેલું છે, તેની પ્રાપ્તિ પણ સંચિત પુણ્યસમૂહને જ આધીન છે.

શાસ્ત્રકાર મહર્ષિઓએ પુણ્યના બે પ્રકારો માનેલા છે: (૧) પુણ્યાનુબંધી પુણ્ય અને (૨) પાપાનુબંધી પુણ્ય. તેમાં જે પુણ્યથી પુણ્યની પરંપરા ચાલે અર્થાત્ જે પુણ્ય ભોગવતાં નવા પુણ્યનો અનુબંધ થાય, તે પુણ્યાનુબંધી પુણ્ય સમજવું અને જે પુણ્ય ભોગવતાં નવીન પાપનો અનુબંધ થાય, તે પાપાનુબંધી પુણ્ય સમજવું.

એક મનુષ્યને પૂર્વ ભવના પુણ્ય પ્રભાવે સર્વ પ્રકારની સુખસામગ્રી પ્રાપ્ત થઈ છે, પરંતુ તે એમાં મોહગ્રસ્ત ન થતાં આત્મહિત તરફ મુખ્ય લક્ષ રાખીને મોક્ષની અભિલાષાથી ધર્મક્રિયા કરે છે, તે પૂર્વ પુણ્યનું

ફળ ભોગવે છે, તેની સાથે નવા પુણ્યનો બંધ પણ કરે છે, એટલે તે પુણ્યાનુબંધી પુણ્યવાળો કહેવાય છે. બીજો મનુષ્ય પૂર્વ ભવના પુણ્ય પ્રભાવે સર્વ પ્રકારની સુખસામગ્રી પામેલો છે, પરંતુ મોહવશાત્ અસદાચારી બનીને તેનો ઉપભોગ કરે છે, તેથી તેને પાપનો અનુબંધ થાય છે. આવા મનુષ્યને પાપાનુબંધી પુણ્યવાળો કહેવાય છે.

શાસ્ત્રકાર ભગવંતોએ આ બંને પ્રકારના પુણ્યનો સચોટ ખ્યાલ આપવા માટે તેમને ભોમિયા અને લૂટારાની ઉપમા આપેલી છે. પુણ્યાનુબંધી પુણ્ય મોક્ષમાર્ગના ભોમિયા જેવું છે, કારણ કે તે મનુષ્યને મોક્ષનો માર્ગ બતાવીને ચાલ્યું જાય છે. અને પાપાનુબંધી પુણ્ય લૂટારા જેવું છે, કારણ કે તે મનુષ્યની બધી પુણ્યસમૃદ્ધિ લૂંટી લે છે અને તેને પુણ્યવિહીન બનાવી દે છે. તાત્પર્ય કે આ બે પ્રકારનાં પુણ્યોમાં પુણ્યાનુબંધી પુણ્ય ઇચ્છવા જેવું છે અને તેને જ ઉપાદેય તત્ત્વ સમજવાનું છે.

**(૧) ઉપક્રમ :**

પંદરમી અને સોળમી ગાથામાં પુણ્યતત્ત્વના બેંતાલીશ ભેદો કહ્યા. તેમાં ત્રસ દશાદિ દશ પ્રકૃતિઓનો નિર્દેશ કર્યો. આ દશ પ્રકૃતિઓનો પરિચય કરાવવા માટે પ્રકરણ-કાર મહર્ષિ સત્તરમી ગાથા આ પ્રમાણે કહે છે :

**(૨) મૂળ ગાથા :**

**तस–बायर–पज्जत्तं, पत्तेअं थिरं सुभं च सुभगं च ।**
**सुस्सर आइज्ज जसं, तसाइदसगं इमं होइ ॥ १७ ॥**

(૩) સંસ્કૃત છાયા :

त्रस-बादर-पर्याप्तं, प्रत्येकं स्थिरं शुभं च सुभगं च ।
सुस्वराऽऽदेय-यशः, त्रसादिदशकमिदं भवति ॥ १७॥

(૪) શબ્દાર્થ :

तस-ત્રસનામ.

बायर-બાદર નામ.

पज्जत्त-પર્યાપ્ત નામ.

पत्तेयं-પ્રત્યેક નામ.

थिरं-સ્થિર નામ.

सुभं-શુભ નામ.

च-અને.

सुभगं સુભગ નામ.

च-અને.

सुस्सर-સુસ્વર નામ.

आइज्ज-આદેય નામ.

जसं-યશનામ, યશઃ કીર્તિનામ.

तसाइदसगं-ત્રસાદિદશક.

ત્રસનામ જેની આદિમાં છે, એવી દશ પ્રકૃતિઓનો સમૂહ તે ત્રસાદિદશક.

इमं-આ, એ.

होइ-છે.

(૫) અર્થ-સંકલના :

ત્રસ નામ, બાદર નામ, પર્યાપ્ત નામ, પ્રત્યેક

**નામ, સ્થિર નામ, શુભ નામ, સુભગ નામ, સુસ્વર નામ, આદેય નામ અને યશઃકીર્તિનામ એ ત્રસાદિ દશક છે.**

## (૬) વિવેચન :

પુણ્યના બેંતાલીશ ભેદોમાં ત્રસદશકની ગણના છે, તે ત્રસદશકનું વર્ણન આ ગાથામાં કરેલું છે.

ત્રસદશકમાં પ્રથમ ઉલ્લેખ ત્રસ નામકર્મનો કરેલો છે. આ કર્મના ઉદયથી જીવ ત્રસપણું પામે છે. જે જીવો ઠંડી, તાપ, ભય વગેરેથી ત્રાસ પામીને અર્થાત્ દુઃખી થઈ ને તેનો નાશ કરવાની એટલે પ્રતિકાર કરવાની ચેષ્ટા કરે, તેને ત્રસપણું સમજવું. સ્થાવરપણાની અપેક્ષાએ ત્રસપણું ઉત્તમ છે, તેથી તેને એક પ્રકારની પુણ્ય પ્રકૃતિ માનવામાં આવી છે. પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ અને વનસ્પતિના જીવો કરતાં વિકલેન્દ્રિય જીવો અને પંચેન્દ્રિય જીવોનું જીવન ઉચ્ચ કોટિનું હોય છે, તેમાં કોઈ શંકા નથી.

ત્રસદશકમાં બીજો ઉલ્લેખ બાદર નામકર્મનો કરવામાં આવ્યો છે. આ કર્મના ઉદયથી જીવને બાદરપણું ઉત્પન્ન થાય છે. સૂક્ષ્મપણાની અપેક્ષાએ આ સ્થિતિ સારી હોવાથી તેની ગણના પુણ્ય પ્રકૃતિમાં કરેલી છે.

ત્રસ દશકમાં ત્રીજો ઉલ્લેખ પર્યાપ્ત નામકર્મનો કરેલો છે. આ કર્મના ઉદયથી જીવ પોતાને યોગ્ય પર્યાપ્તિઓ પૂરી કરે છે અને તેની ગણના પર્યાપ્તમાં થાય છે. અપ-

ર્યાપ્તપણાની તુલનામાં આ સ્થિતિ નિઃશંક ચડિયાતી છે, તેથી તેની ગણના પુણ્ય પ્રકૃતિમાં કરેલી છે.

ત્રસદશકમાં ચોથો ઉલ્લેખ પ્રત્યેક નામકર્મનો કરેલો છે. આ કર્મના ઉદયથી જીવને પૃથક્ શરીર પ્રાપ્ત થાય છે, એટલે કે પોતાનું સ્વતંત્ર શરીર પ્રાપ્ત થાય છે. અનંત જીવોનું એક સાધારણ શરીર હોવું તેના કરતાં આ સ્થિતિમાં વધારે સુખ રહેલું છે, તેથી તેની ગણના પુણ્ય પ્રકૃતિમાં કરેલી છે.

ત્રસદશકમાં પાંચમો ઉલ્લેખ સ્થિર નામકર્મનો કરેલો છે. આ કર્મના ઉદયથી શરીરના હાડ વગેરેમાં સ્થિરતા એટલે દઢતા પ્રાપ્ત થાય છે અને તેથી જીવન-નિર્વાહમાં ઘણી સુગમતા રહે છે. આ કારણે તેની ગણના પણ પુણ્યપ્રકૃતિમાં જ કરેલી છે.

ત્રસદશકમાં છઠ્ઠો ઉલ્લેખ શુભનામ કર્મનો કરેલો છે. આ કર્મના ઉદયથી નાભિ ઉપરનો ભાગ પ્રશસ્ત હોય છે, એટલે કે તેના સ્પર્શથી બીજાને આનંદ ઉપજે છે; તેથી તેની ગણના પુણ્ય પ્રકૃતિમાં કરેલી છે. ×

ત્રસદશકમાં સાતમો ઉલ્લેખ સુભગ નામકર્મનો કરેલો છે. આ કર્મના ઉદયથી જીવ સહુને પ્રિય થઈ પડે છે, તેથી તેની ગણના પુણ્યપ્રકૃતિમાં કરેલી છે.

ત્રસદશકમાં આઠમો ઉલ્લેખ સુસ્વર નામકર્મનો કરેલો

× મહાપુરુષોનાં સર્વ અંગોને શુભ ગણવામાં આવે છે.

છે. આ કર્મના ઉદયથી જીવને સુંદર-મધુર સ્વર પ્રાપ્ત થાય છે, તેથી તેની ગણના પુણ્ય-પ્રકૃતિમાં કરેલી છે.

ત્રસદશકમાં નવમો ઉલ્લેખ આદેય નામ કર્મનો કરેલો છે. આ કર્મના ઉદયથી જીવનું વચન બીજાને માન્ય થાય છે, તેથી તેની ગણના પુણ્યપ્રકૃતિમાં કરેલી છે.

ત્રસદશકમાં છેલ્લો ઉલ્લેખ યશઃકીર્તિ નામકર્મનો કરેલો છે. આ કર્મના ઉદયથી જીવને યશ અને કીર્તિની પ્રાપ્તિ થાય છે, તેથી તેની ગણના પુણ્યપ્રકૃતિમાં કરેલી છે.

પુણ્ય નવ પ્રકારે બંધાય છે અને બેંતાલીશ પ્રકારે ભોગવાય છે. શાસ્ત્રકારોએ તેને સોનાની બેડીની ઉપમા આપી છે. તેનો અર્થ એ છે કે પુણ્યકર્મ પણ આખરે તો બંધન જ છે અને તેને છોડચા વિના મુક્તિ કે મોક્ષની પ્રાપ્તિ થતી નથી, પણ ધર્મની સામગ્રી મેળવવામાં તે ઉપયોગી છે, એટલે તેનો આદર કરવો યોગ્ય છે.

‘ પુણ્યતત્ત્વ ’ નામનું છઠ્ઠું પ્રકરણ અહીં પૂરું થાય છે.

## પ્રકરણ સાતમું

# પાપતત્ત્વ

[ ગાથા અઢારમીથી વીશમી સુધી ]

(૧) **ઉપક્રમ :**

પુણ્યનું વિરોધીતત્ત્વ પાપ છે, એટલે તેનું સ્વરૂપ પણ બરાબર સમજી લેવું જોઈએ; તેથી જ પ્રકરણકાર મહર્ષિ અઢારમી અને ઓગીણસમી ગાથામાં તેના બ્યાસી ભેદોનું વર્ણન આ પ્રમાણે કરે છે :

(૨) **મૂળ ગાથાઓ :**

**नाणंतरायदसगं, नव बीए नीअसाय मिच्छत्तं ।**
**थावरदसनिरयतिगं, कसाय पणवीस तिरियदुगं ॥ १८ ॥**
**इगबितिचउजाइओ, कुखगइ उवघाय हुंति पावस्स ।**
**अपसत्थं वन्नचऊ, अपढमसंघयणसंठाणा ॥ १९ ॥**

(૩) **સંસ્કૃત છાયા :**

**ज्ञानान्तरायदशकं, नव द्वितीये नीचैरसातं मिथ्यात्वम् ।**
**स्थावरदशकं निरयत्रिकं, कषायपञ्चविंशतिःतिर्यग्द्विकम् ॥ १८ ॥**

**एक द्वित्रिचतुर्जातयः, कुखगतिरुपघातो भवन्ति पापस्य ।**
**अप्रशस्तं वर्णचतुष्कमप्रथमसंहननसंस्थानानि ॥ १९ ॥**

(૪) **શબ્દાર્થ :**

नाणंतरायदसगं-જ્ઞાનાવરણીય અને અંતરાય કર્મની મળીને દશ પ્રકૃતિઓ.

જ્ઞાનાવરણીય કર્મની ઉત્તરપ્રકૃતિઓ પાંચ છે અને અંતરાયકર્મની ઉત્તર પ્રકૃતિઓ પણ પાંચ છે. તેનાં નામો કર્મવાદ પ્રકરણમાં જણાવેલાં છે.

**नव**-નવ.

**बीए**-બીજા કર્મની.

દર્શનાવરણીય કર્મને બીજું કર્મ કહેવામાં આવે છે, કારણ કે તે ક્રમમાં બીજું છે. તેની ઉત્તરપ્રકૃતિઓ નવ છે.

**नीअ**-નીચ ગોત્ર.

**नीअ** અને **असाय** તે **नीअसाय**. **नीअ**-નીચ ગોત્ર. ઉપલક્ષણથી નીચ જાતિ.

**असाय**-અશાતાવેદનીય.

**मिच्छत्तं**-મિથ્યાત્વ, વિપરીત શ્રદ્ધાન.

મિથ્યા-ખોટું, અસત્ય, વિપરીત. ત્વ પ્રત્યય ભાવ-સૂચક છે. તાત્પર્ય કે જેના ઉદયથી જીવ સત્યને અસત્ય સમજે અને અસત્યને સત્ય સમજે તેને મિથ્યાત્વ કહેવાય છે. જ્યાં સુધી મિથ્યાત્વ દૂર ન થાય, ત્યાં સુધી સમ્યકત્વ

પ્રાપ્ત થતું નથી, તેથી મિથ્યાત્વને આત્માનો મહાન શત્રુ માનવામાં આવ્યો છે. તેના પાંચ, છ તથા દશ પ્રકારો શાસ્ત્રમાં પ્રસિદ્ધ છે.

**थावरदस**–સ્થાવરદશક.

સ્થાવર નામ જેની આદિમાં છે એવી દશ પ્રકૃતિઓનો સમૂહ તે સ્થાવરદશક. કર્મવાદ પ્રકરણમાં નામકર્મ અને તેની ઉત્તરપ્રકૃતિઓમાં સ્થાવરદશકનાં નામ આપેલાં છે. તેનો ઉલ્લેખ પ્રકરણકાર સ્વયં વીશમી ગાથામાં કરશે.

**निरयतिगं**–નરકત્રિક.

નિરય–નરક, તેને લગતું ત્રિક તે નિરયત્રિક. અહીં નરકત્રિકથી નરકગતિ, નરકાનુપૂર્વી અને નરકનું આયુષ્ય એ ત્રણ કર્મપ્રકૃતિઓ સમજવાની છે.

**कसाय**–કષાય.

**पणवीस**–પચીશ પ્રકારના.

ચારિત્ર મોહનીયની ઉત્તરપ્રકૃતિઓ પચીશ છે: સોળકષાયરૂપ અને નવ નોકષાયરૂપ. તે બંનેનો અહીં કષાય તરીકે સામાન્ય ઉલ્લેખ કરવામાં આવ્યો છે.

**तिरियदुगं**–તિર્યગ્દ્વિક; તિર્યંચગતિ નામ અને તિર્યંચ આનુપૂર્વી નામ.

**इगबितिचउ जाईओ**–એકેન્દ્રિય, બેઇન્દ્રિય, તેઇન્દ્રિય અને ચતુરિન્દ્રિય જાતિ.

**कुखगइ**–અશુભ વિહાયોગતિ.

उवघाय–ઉપઘાત નામ.

हुंति–છે.

पावस्स–પાપના ભેદો.

अपसत्थं–અપ્રશસ્ત.

वन्नचऊ–વર્ણચતુષ્ક; વર્ણ, ગંધ, રસ અને સ્પર્શ.

अपढमसंघयणसंठाणा–પ્રથમ સિવાયનાં સંઘયણો અને સંસ્થાનો.

(૫) અર્થ-સંકલના :

**જ્ઞાનાવરણીય અને અંતરાયકર્મની મળીને દશ, બીજા દર્શનાવરણીય કર્મની નવ, નીચ ગોત્ર, અશાતાવેદનીય, મિથ્યાત્વ મોહનીય, સ્થાવર દશક, નરકત્રિક, પચીસ કષાય, તિર્યંચદ્વિક, એકેન્દ્રિય, બેઇન્દ્રિય, તેઇન્દ્રિય અને ચતુઇન્દ્રિય જાતિ, અશુભ વિહાયોગતિ, ઉપઘાત, અપ્રશસ્ત વર્ણ-ગંધ-રસ-સ્પર્શ તથા પહેલા સિવાયનાં સર્વ સંસ્થાનો. આ પ્રમાણે પાપતત્ત્વના બ્યાશી ભેદો છે.**

(૬) વિવેચન :

જૈન શાસ્ત્રોમાં કહ્યું છે કે 'पावकम्मं नेव कुज्जा, न कारवेज्जा–પાપકર્મ કરવું પણ નહિ અને કરાવવું પણ નહિ; કારણ કે તે दुग्गइनिबंधणं–દુર્ગતિનું કારણ છે અને मुक्खमग्ग-संसग्गविग्घभूअं–મોક્ષમાર્ગનો સંસર્ગ થવામાં વિઘ્નરૂપ છે.

બૌદ્ધ શાસ્ત્રોમાં પણ કહ્યું છે કે ' सव्वपावस्स अकरणं,

**कुसलस्स उपसंपदा**–કોઈ પાપ કરવું નહિ, પુણ્ય કાર્યો અવશ્ય સંપાદન કરવાં.'

વૈદિક શાસ્ત્રોમાં પણ કહ્યું છે કે '**प्रशस्तानि सदा कुर्यात्, अप्रशस्तानि वर्जयेत्**–પ્રશસ્ત કાર્યો અર્થાત્ પુણ્ય કાર્યો સદા કરવાં અને અપ્રશસ્ત અર્થાત્ પાપ કાર્યો છોડી દેવાં.'

તાત્પર્ય કે પાપ હેય છે, છોડવા યોગ્ય છે, તેથી તેનું સેવન હરગીઝ કરવા જેવું નથી.

આત્માને મલિન કરનારું જે અશુભ કર્મ તે પાપ કહેવાય છે અને જે કાર્યો કરવાથી આત્માને પાપનો બંધ થાય, તે પણ પાપ જ કહેવાય છે; તાત્પર્ય કે પાપતત્ત્વના પાપક્રિયા અને પાપફળ એ બે અંગો છે અને તે પરસ્પર કારણ–કાર્યરૂપ છે.

જેમ પુણ્ય નવ ક્રિયાથી બંધાય છે, તેમ પાપ અઢાર ક્રિયાથી બંધાય છે. આ અઢાર ક્રિયાઓને સામાન્ય રીતે અઢાર પાપસ્થાનકો કહેવામાં આવે છે. તેનાં નામો આ પ્રમાણે જાણવાં.

**पाणाइवायमलियं, चोरिक्कं मेहुण–दविणमुच्छं ।**
**कोहं माणं मायं, लोभं पिज्जं तहा दोसं ॥ १ ॥**

**कलहं अब्भक्खाणं, पेसुन्नं रइ–अरइ समाउत्तं ।**
**पर–परिवायं माया–मोसं मिच्छत्तसल्लं च ॥ २ ॥**

(૧) पाणाइवायं–પ્રાણાતિપાત, પ્રાણીવધ, જીવહિંસા કે હિંસા.

(૨) अलियं–અલિક વચન, અસત્ય વચન, મૃષાવાદ.

(૩) चोरिक्कं–ચોરી, અદત્તાદાન, માલીક તેની રાજી ખુશીથી આપ્યા વિના ગ્રહણ કરવું તે.

(૪) मेहुन्नं–મૈથુન, અબ્રહ્મસેવન, વિષયભોગ.

(૫) दविणमुच्छं–દ્રવ્યની મૂર્ચ્છા, ધનલોભ, પરિગ્રહ.

(૬) कोहं–ક્રોધ, ગુસ્સો, રોષ.

(૭) माणं–માન, અભિમાન, અહંકાર, દર્પ કે ગર્વ.

(૮) मायं–માયા, કપટ.

(૯) लोभं–લોભ, તૃષ્ણા, વધારે ને વધારે મેળવવાની વૃત્તિ.

(૧૦) पिज्जं–પ્રેમ, રાગ, આસક્તિ.

तहा–તેમજ

(૧૧) दोसं–દ્વેષ, અણગમો, તિરસ્કાર.

(૧૨) कलहं–કલહ, કજિયો.

(૧૩) अब्भक्खाणं–અભ્યાખ્યાન, કોઈના દોષો પ્રકટ કરવા તે.

(૧૪) पेसुन्नं–પૈશુન્ય, ચાડી ખાવી તે.

(૧૫) रइ–अरइ–હર્ષ અને વિષાદ કરવો તે.

समाउत्तं–સમાયુક્ત, સહિત.

(૧૬) परपरिवायं–પરપરિવાદ, બીજાનું ઘસાતું બોલવું તે, બીજાની નિંદા કરવી તે.

(૧૭) માયા–મોસં–માયા–મૃષાવાદ, છેતરપીંડી, બના-વટ, ષડ્યંત્ર રચવું તે.

(૧૮) मिच्छत्तसल्लं–મિથ્યાત્વ શલ્ય.

च–અને.

આ અઢાર પાપસ્થાનકોનો સંક્ષેપ કરવો હોય તો થઈ શકે એમ છે, પરંતુ મુમુક્ષુઓને પાપક્રિયાઓનો સ્પષ્ટ બોધ થવા માટે આટલો વિસ્તાર જરૂરનો છે.×

આ અઢાર પાપસ્થાનકો દ્વારા કરેલું પાપ જીવને બ્યાસી પ્રકારે ભોગવવું પડે છે, તેનો નિર્દેશ અઢારમી અને ઓગણીસમી ગાથામાં આ પ્રમાણે કરેલો છે :

## પાપતત્ત્વના ૮૨ ભેદો

| | |
|---|---|
| જ્ઞાનાવરણીય કર્મની ઉત્તરપ્રકૃતિઓ | ૫ |
| અંતરાય ,, ,, | ૫ |
| દર્શનાવરણીય ,, ,, | ૯ |
| નીચગોત્ર | ૧ |
| અશાતાવેદનીય | ૧ |
| મિથ્યાત્વ ( દર્શન મોહનીય ) | ૧ |
| સ્થાવરદશક | ૧૦ |
| નરકત્રિક | ૩ |

× આ અઢારેય પાપસ્થાનકનો વિસ્તૃત પરિચય અમોએ '**પાપનો પ્રવાહ**' નામના ધર્મ-બોધ ગ્રંથમાળાના ચૌદમા પુષ્પમાં **આપેલો** છે, તે મુમુક્ષુઓએ અવશ્ય જોવો.

| | |
|---|---|
| કષાય (મોહનીય કર્મ) | ૨૫ |
| તિર્યંચદ્વિક | ૨ |
| એકેન્દ્રિયાદિ ચાર જાતિ | ૪ |
| અશુભ વિહાયોગતિ | ૧ |
| ઉપઘાતનામ | ૧ |
| અપ્રશસ્ત વર્ણાદિ | ૪ |
| સંઘયણ (પહેલા સિવાય) | ૫ |
| સંસ્થાન (પહેલા સિવાય) | ૫ |
| | કુલ ૮૨ |

થોડાં વિવેચનથી આ વસ્તુ વધારે સ્પષ્ટ થશે. આત્માના જ્ઞાનગુણ પર આવરણ આવે તે ઈષ્ટ નથી; કારણ કે તેથી અજ્ઞાનમાં સબડવું પડે છે અને તેનાં પરિણામો ઘણાં માઠાં આવે છે. એક વિદ્વાને તો ત્યાં સુધી કહ્યું છે કે આ જગતમાં સહુથી મોટું પાપ અજ્ઞાન છે, કેમકે તેનાથી આવૃત્ત થયેલો જીવ હિતાહિતને જાણી શકતો નથી. જ્ઞાનાવરણીય કર્મો ભારે હોય તો મનુષ્યની દશા મૂઢ કે જડ જેવી બની જાય છે. તેથી કંઈપણ સમજવું કે ગ્રહણ કરવું તેને માટે ઘણું અઘરૂં થઈ પડે છે.

મતિ અને શ્રુત જ્ઞાનાવરણીય કર્મનો ક્ષયોપશમ થવાથી આપણને મતિ અને શ્રુત જ્ઞાનનો પ્રકાશ સાંપડે, પરંતુ અવધિજ્ઞાન, મનઃપર્યવજ્ઞાન અને કેવલજ્ઞાનનો પ્રકાશ મુદ્દલ સાંપડતો નથી, કારણ કે અવધિ-જ્ઞાનાવરણીય, મનઃ પર્યવજ્ઞાનાવરણીય અને કેવલજ્ઞાનાવરણીય કર્મો તેની આડે

અડીખમ ઊભેલાં છે. પરિસ્થિતિ આવી હોવાથી જ્ઞાનાવરણીય કર્મની પાંચેય ઉત્તર પ્રકૃતિઓને પાપના ભેદમાં ગણેલી છે.

જ્ઞાનાવરણીય પછી દર્શનાવરણીયનો ક્રમ આવે, પરંતુ ઉત્તરપ્રકૃતિઓની સમાન સંખ્યાને લઈને અહીં જ્ઞાનાવરણીય પછી અંતરાય કર્મને લીધું છે. જ્ઞાનાવરણીય એ ઘાતીકર્મ છે, તેમ અંતરાય પણ ઘાતીકર્મ છે. પહેલું આત્માના જ્ઞાનગુણનો ઘાત કરે છે, તો બીજું આત્માના દાનાદિ ગુણોનો ઘાત કરે છે.

અંતરાયકર્મની પાંચ ઉત્તરપ્રકૃતિઓ તે દાનાંતરાય, લાભાંતરાય, ભોગાંતરાય, ઉપભોગાંતરાય અને વીર્યાંતરાય. તે કેવાં અનિષ્ટ પરિણામો લાવે છે, તેનું દિગ્દર્શન કરી લઈએ.

જીવ ધારે તો પોતાનું સર્વસ્વ બીજાને દાનમાં આપી શકે, પરંતુ દાનાંતરાય કર્મ તેની એ વૃત્તિને કુંઠિત બનાવી દે છે, તે એટલી હદ સુધી કે એક નાનકડી વસ્તુ યા થોડું ધન બીજાને આપવું હોય તો આપી શકે નહિ. દાનનો મહિમા સમજાયો હોય, દાન દેવાની સામગ્રી તૈયાર હોય અને દાન લેનાર પણ ઉપસ્થિત હોય, છતાં દાન દઈ શકાય નહિ, ત્યાં દાનાંતરાયના ઉદય સિવાય બીજું શું કારણ કલ્પી શકાય ?

અમુક કારણસર શ્રેણિક રાજાએ પોતાની કપિલા નામની દાસીને તેના હાથે દાન દેવાનું કહ્યું, તો તેણે ઉત્તર આપ્યો કે 'મહારાજ ! મારા હાથે હું કોઈને દાન આપી

શકીશ નહિ.' છેવટે તેના હાથે ચાટવો બાંધવામાં આવ્યો અને તેના વડે દાન દેવરાવવાની શરૂઆત કરી તો કપિલા દાસી સહુ દાન લેનારાઓને કહેવા લાગી કે 'આ દાન હું નથી આપતી, એ તો શ્રેણિક રાજાનો ચાટવો આપે છે!' દાનાંતરાયનો તીવ્ર ઉદય કેવાં પરિણામો લાવે છે, તેનો આ શાસ્ત્રપ્રસિદ્ધ દાખલો છે.

જીવ ધારે તો આ જગતમાંથી જેટલો લાભ મેળવવો હોય તેટલો મેળવી શકે, પણ લાભાંતરાય કર્મ તેમાં આડું આવે છે. તે લાભને મર્યાદિત બનાવી દે છે અને તીવ્રભાવે ઉદયમાં આવેલ હોય તો ગમે તેવો પ્રયત્ન કરવા છતાં પણ લાભ થવા દેતું નથી. લાભાંતરાય કર્મનો જેટલો ક્ષયોપશમ હોય તેટલો લાભ મળી શકે, પણ તેથી વધારે મળી શકે નહિ. આ જગતમાં એવા દાખલાઓ પણ જોવામાં આવ્યા છે કે એક મનુષ્ય ૯૮ લાખ સહેલાઈથી મેળવી શકે, પણ એક ક્રોડ થવામાં જે બે લાખ ખૂટતા હોય, તે ગમે તેટલો પ્રયત્ન કરવા છતાં મેળવી શકે નહિ. વ્યક્તિ એ જ છે, અનુભવમાં ખામી નથી, પ્રયત્ન પણ બરાબર છે, છતાં આવું પરિણામ આવે, ત્યાં લાભાંતરાયનો ઉદય જ કારણભૂત હોય છે.

ભોગની ઈચ્છા હોય, ભોગની સામગ્રી તૈયાર હોય, પણ ભોગાંતરાય કર્મ એવી પરિસ્થિતિ ઉભી કરી દે કે ભોગ ભોગવાય જ નહિ. એક દાખલાથી આ વસ્તુ વધારે સ્પષ્ટ કરીએ. ભાત ભાતની વાનીઓ તૈયાર થઈ હતી; મિત્રો

અને મુરબ્બીઓ જમવા પધાર્યા હતા. શેઠના ઉત્સાહનો પાર ન હતો. તેઓ નિમંત્રક તરીકે સહુની વચ્ચે બેસીને આનંદ-વિનોદ કરી રહ્યા હતા. ઈસારો થતાં રસોઈયાએ બધી વાનીઓ પીરસી અને શેઠે જમવા માટે કોળિયો ભર્યો, ત્યાં પેટમાં આંકડી આવી. કોળિયો કોળિયાને ઠેકાણે રહી ગયો અને તેમને પલંગમાં સૂવાડવામાં આવ્યા. ત્યાર બાદ થોડા ઉપચારો કરતાં પેટ સ્વસ્થ થઈ ગયું, પણ પેલી ભોગ્ય સામગ્રીનો ભોગ થઈ શક્યો નહિ. અહીં ભોગાંતરાય કર્મે પોતાનો પ્રભાવ બતાવ્યો.

ઉપભોગમાં પણ ઘણી વાર આવું બને છે. અમુક પ્રકારનાં વસ્ત્ર-ભૂષણ વગેરે ભોગવવાની તાલાવેલી હોય, પણ સંયોગ જ એવા બને કે તેનો ઉપભોગ થઇ શકે નહિ.

આ ઉપભોગાંતરાય કર્મનો પ્રભાવ સમજવો.

અમુક કાર્યમાં શક્તિ ફોરવવા ધારી હોય છતાં ફોરવી શકાય નહિ, ત્યાં વીર્યાંતરાય કર્મનો ઉદય સમજવો. તેનો જેટલો ક્ષયોપશમ થાય, તેટલી જ શક્તિ ફોરવી શકાય, તેથી અધિક નહિ.

આ રીતે અંતરાય કર્મની પાંચેય ઉત્તરપ્રકૃતિઓ આત્માના મૂળભૂત ગુણોનો ઘાત કરનારી હોઈ પાપના ભેદમાં સ્થાન પામેલી છે.

દર્શનાવરણીય પણ એક પ્રકારનું ઘાતી કર્મ છે, કારણકે તે આત્માના મૂળગુણરૂપ દર્શનલબ્ધિનો ઘાત કરે છે. ચક્ષુદર્શનાવરણીય કર્મનો ઉદય હોય તો ચક્ષુ દ્વારા

વસ્તુનો સામાન્ય બોધ થઈ શકે નહિ; અક્ષુદર્શનાવરણીય કર્મનો ઉદય હોય તો સ્પર્શનેન્દ્રિય, રસનેન્દ્રિય, ઘ્રાણેન્દ્રિય, શ્રોત્રેન્દ્રિય તથા મન દ્વારા વસ્તુનો સામાન્ય બોધ થઈ શકે નહિ. તેનો જેટલો ક્ષયોપશમ થાય તેટલું જ દર્શન થઈ શકે. અવધિદર્શનાવરણીય કર્મના ઉદયે આત્માને રૂપી દ્રવ્યનો મર્યાદિત સામાન્ય બોધ થઈ શકે નહિ અને કેવળ દર્શનાવરણીય કર્મના ઉદયે કેવલ દર્શન દ્વારા થનારો વસ્તુ માત્રનો સામાન્ય બોધ થઈ શકે નહિ. આપણને અવધિ-દર્શન કે કેવલ દર્શન થતું નથી, કારણકે અવધિદર્શના-વરણીય અને કેવલદર્શનાવરણીય કર્મો ઉદયમાં છે. નિદ્રા પણ આત્માની દર્શનલબ્ધિ ઉપર એક જાતનું આવરણ લાવી દે છે, એટલે તે સમયે દર્શનોપયોગ હોતો નથી. નિદ્રા તમામ પ્રાણીઓને એક સરખી હોતી નથી. તેના અનેક પ્રકારો વિદ્યમાન છે, પરંતુ અહીં તેને પાંચ વર્ગમાં–પ્રકારમાં ગોઠવવામાં આવી છે. આ પાંચ પ્રકારો અને પ્રથમના ચાર પ્રકારો મળી દર્શનાવરણીય કર્મની ઉત્તર–પ્રકૃતિઓ નવ થાય છે, જે આત્માનું અહિત કરનારી હોઈ પાપના ભેદોમાં સ્થાન પામેલી છે.

નીચ ગતિમાં અવતાર થવો, એ પૂર્વે કરેલા પાપની કડક શિક્ષા છે, કારણકે ત્યાં અનેક પ્રકારની હાલાકીઓ ભોગવવી પડે છે, વિકાસનાં સાધનો અતિ મર્યાદિત હોય છે અને લોકોનો અનેક પ્રકારનો તિરસ્કાર સહન કરવો પડે છે. કોઈ એમ સમજતું હોય કે જમાનો આગળ વધશે

એટલે ઊંચ-નીચના ભેદો સાવ ભૂલાઈ જશે, પણ એ સમજણ બરાબર નથી. એ કર્મજન્ય ભેદો છે, એટલે કાયમ રહેવાના. જે લોકો એમ કહે છે કે અમારે ત્યાં શિક્ષણનું પ્રમાણ સારું છે અને સમાજે સુંદર પ્રગતિ કરેલી છે, ત્યાં પણ 'ઉમરાવ' અને 'આમ'ના ભેદો ટળ્યા નથી, તેમજ 'હાયર સર્કલ' અને 'લોઅર સર્કલ' એટલે ઉચ્ચ કક્ષાનું વર્તુલ અને નીચ કક્ષાનું વર્તુલ એ પ્રકારના ભેદો વર્તી જ રહ્યા છે. બધા મનુષ્યના સ્થિતિ, સંયોગો તેમજ વર્તન સરખાં હોતાં નથી, એટલે તેમાં ઊંચા-નીચાનો ભેદ સ્વાભાવિક રીતે જ પડી જાય છે અને તે જગતભરના દેશોમાં બરાબર જોવામાં આવે છે. તાત્પર્ય કે નીચ ગોત્રમાં અવતાર થવો, એ પૂર્વે કરેલાં પાપનું ફળ છે અને તે જીવને અવશ્ય ભોગવવું પડે છે.

પુણ્યશાળી આત્માઓને જેમ શાતાવેદનીયનો ઉદય હોય છે, તેમ પાપી આત્માઓને અશાતાવેદનીયનો ઉદય હોય છે. તેથી તેઓને અનેક પ્રકારની આધિ, વ્યાધિ અને ઉપાધિજન્ય દુઃખો ભોગવવાં પડે છે અને ચિત્તને જરા ય શાંતિ પ્રાપ્ત થતી નથી.

મિથ્યાત્વ એક ભયંકર વસ્તુ છે. તે શ્રદ્ધાનાં નિર્મળ નીરને ડહોળી નાખે છે અને તેમાં એક પ્રકારની ઘેરી મલિનતા ઊભી કરી દે છે. આ મલિનતાના પરિણામે જીવને અધર્મમાં ધર્મની સંજ્ઞા (વૃત્તિ-બુદ્ધિ) અને ધર્મમાં અધર્મની સંજ્ઞા થાય છે. અમાર્ગમાં માર્ગની સંજ્ઞા અને માર્ગમાં

અમાર્ગની સંજ્ઞા થાય છે; અજીવમાં જીવની સંજ્ઞા અને જીવમાં અજીવની સંજ્ઞા થાય છે; અસાધુમાં સાધુની સંજ્ઞા અને સાધુમાં અસાધુની સંજ્ઞા થાય છે; તથા અમુકતમાં મુકતની સંજ્ઞા અને મુકતમાં અમુકતની સંજ્ઞા થાય છે.

વળી મિથ્યાત્વના ઉદયથી સત્યશોધનની વૃત્તિ શિથિલ બની જાય છે, તેથી સત્ય પ્રાપ્ત થતું નથી અને અસત્યના પડછાયે જ ચાલવાનો વખત આવે છે. શાસ્ત્રકારો કહે છે કે 'મિથ્યાત્વ જેવો કોઈ શત્રુ નથી, મિથ્યાત્વ જેવું કોઈ વિષ નથી, મિથ્યાત્વ જેવો કોઇ અંધકાર નથી' આ સંયોગોમાં મિથ્યાત્વની ગણના પાપના એક ભેદ તરીકે થાય, એ સર્વથા ઉચિત છે.

સ્થાવરદશક અંગે આગળ વીસમી ગાથામાં વિવેચન આવશે.

નરકત્રિક એટલે નરક ગતિ, નરકાનુપૂર્વી અને નરકનું આયુષ્ય. લૌકિક ભાષામાં કહીએ તો જીવને નરકનાં દુઃખોનો આસ્વાદ કરાવનારી તોફાની ત્રિપુટી. નરકગતિ કર્મથી જીવને નરકમાં જ ઉત્પન્ન થવું પડે. તે દેવ, મનુષ્ય કે તિર્યંચ ગતિમાં જવા ઇચ્છે તો જઈ શકે નહિ. નરકાનુપૂર્વી નરકમાં ઉત્પન્ન થવાનાં સ્થાને લઈ જાય; અને નરકાયુષ્ય જીવને નારકની સ્થિતિમાં નિયત સમય સુધી ગોંધી રાખે કે જ્યાં અસહ્ય યાતનાઓ સહન કરવાની હોય છે. કેટલાક પાપ કરનારાઓ એમ માને છે કે કરેલા પાપના બદલામાં થોડો દંડ ભરી દઈશું કે થોડી સજા સહન કરી લઈશું

પણ જ્યારે તેમને એ ભાન થાય છે કે પાપનો બદલો પછીના ભવમાં પણ ભોગવવો પડે છે અને તે માટે નરક જેવાં નિકૃષ્ટ સ્થાનમાં ઉત્પન્ન થવું પડે છે, ત્યારે તેમનાં હોજાં ગગડી જાય છે અને તેમની પાપ કરવાની વૃત્તિ પર એક જાતનો કુઠારાઘાત થાય છે.

ચારિત્રમોહનીય કર્મની પચીસ ઉત્તરપ્રકૃતિઓ છે. તેમાં કષાયની મુખ્યતા હોવાથી અહીં **कसाय पणवीस** એવો શબ્દપ્રયોગ કરેલો છે. શ્રી પ્રજ્ઞાપનાસૂત્રના તેરમા પદે કષાયનો અર્થ નીચે મુજબ કરવામાં આવ્યો છે:

**सुह–दुक्ख–बहु–सहियं, कम्म–खेत्तं कसंति जं जम्हा ।**
**कलुसं ति जं च जीअं, तेण कसाइ त्ति वुच्चंति ॥**

'ઘણા પ્રકારનાં સુખ અને દુઃખથી યુક્ત એવા કર્મક્ષેત્રનું જે કર્ષણ કરે છે (ખેડે છે), અથવા જીવના શુદ્ધ સ્વરૂપને જે કલુષિત કરે છે, તે કષાય કહેવાય છે.'

કષાયના મુખ્ય સૂત્રધારો ક્રોધ, માન, માયા અને લોભ છે. તેમાં ક્રોધ પ્રીતિનો નાશ કરે છે, માન વિનયનો નાશ કરે છે, માયા મિત્રોનો નાશ કરે છે અને લોભ સર્વનો નાશ કરે છે.

આ ચાર કષાયોના તીવ્રાતિતીવ્ર, તીવ્ર, મધ્યમ અને ગૌણ એવા પ્રકારો કરતાં કષાયોની સંખ્યા ૧૬ પર આવે છે અને તે બધીય એક યા બીજા પ્રકારે ચારિત્રગુણની ઘાતક હોવાથી પાપપ્રકૃતિઓ લેખાય છે.

હાસ્ય, રતિ, અરતિ, ભય, શોક, જુગુપ્સા અને વેદ એટલે જાતીય સંજ્ઞા. એ કષાય જેટલી ભયંકર વૃત્તિઓ નથી, પરંતુ કષાયનું ઉદ્દીપન કરવામાં અગત્યનો ભાગ ભજવે છે, એટલે તેની ગણના પણ પાપપ્રકૃતિઓમાં જ થાય છે. જેનું પરિણામ બૂરું–અશુભ–અનિષ્ટ તેને પાપ-પ્રકૃતિ નહિ તો બીજું શું કહેવાય ?

તિર્યંચદ્વિક એટલે તિર્યંચગતિ અને તિર્યંચાનુપૂર્વી. તિર્યંચના આયુષ્યની ગણના પાપપ્રકૃતિમાં કરી નથી, કારણ કે તેમને પોતાનું જીવન પ્રિય હોય છે. તિર્યંચ ગતિનામકર્મથી જીવને તિર્યંચ તરીકે ઉત્પન્ન થવું પડે છે અને તિર્યંચાનુપૂર્વી તેને તિર્યંચ યોનિમાં ઉત્પન્ન થવાનાં સ્થાને લઈ જાય છે. તિર્યંચની અવસ્થા એ નિકૃષ્ટ અવસ્થા છે, તેમાં ઉત્પન્ન થવું કોને ગમે ? પણ પાપી પ્રવૃત્તિઓના પરિણામે જીવ તિર્યંચગતિ અને તિર્યંચાનુ-પૂર્વી નામનું કર્મ બાંધે છે અને તેનું ફલ ભોગવવા માટે તેને તિર્યંચ ગતિમાં અવતરવું પડે છે.

પંચેન્દ્રિયપણું પુણ્યને આધીન છે, બાકીની બધી જાતિઓ એટલે એકેન્દ્રિયપણું, બેઇન્દ્રિયપણું, તેઇન્દ્રિયપણું અને ચતુરિન્દ્રિયપણું પાપી પ્રવૃત્તિઓના પરિણામે પ્રાપ્ત થાય છે.

અશુભ વિહાયોગતિ એટલે અશુભ ચાલ, જેમાં કોઈ ઢંગ ન હોય એવી બેડોળ ચાલ. આવી ચાલ તો પાપકર્મના પરિણામે જ સાંપડે ને ? કોઈ એમ કહેતું

હોય કે ચાલને અને કર્મને શો સંબંધ છે? એ તો પ્રાણીઓના સ્વભાવ અનુસાર થયા કરે છે, તો એ કથન બરાબર નથી. સંસારી જીવની નાની–મોટી તમામ ક્રિયાઓ કર્મની સત્તા નીચે જ થાય છે, એટલે ચાલ તેમાંથી બાકી રહી શકે નહિ. જેને પ્રાણીઓનો સ્વભાવ કહેવામાં આવે છે, તે સ્વભાવ અર્થાત્ વ્યક્તિત્વ પણ કર્મ અનુસાર જ ઘડાય છે, તેથી અશુભવિહાયોગતિને પાપકર્મનું પરિણામ માનવામાં કોઈ આપત્તિ નથી.

ઉપઘાત નામકર્મની ગણના પણ અશુભ વર્ગમાં થાય છે, કારણ કે તેનાથી પડજીભ, ચોરદાંત, રસોળી વગેરે ઉપઘાતકારી અવયવોની પ્રાપ્તિ થાય છે.

જો શુભ વર્ણ, શુભ ગંધ, શુભ રસ અને શુભ સ્પર્શને પુણ્યનું પરિણામ માનીએ તો અશુભ કે અપ્રશસ્ત વર્ણ, અપ્રશસ્ત ગંધ, અપ્રશસ્ત રસ અને અપ્રશસ્ત સ્પર્શને પાપનું પરિણામ જ લેખવું જોઈએ. જેનું રૂપ જોવું ગમે નહિ, જેના શરીરમાંથી દુર્ગંધ આવ્યા કરતી હોય, જેનો સ્વાદ અરુચિકર હોય તથા સ્પર્શ પણ ખેદ પમાડે તેવો હોય, તે પાપકર્મના ઉદય વિના કેમ સંભવે? તાત્પર્ય કે આ બધી પાપપ્રકૃતિની જ લીલા છે.

વજ્ર–ઋષભ–નારાચ સંઘયણ એ આદર્શ સંઘયણ છે, તેથી તેને પુણ્યાધીન માનવામાં આવ્યું છે. પરંતુ ત્યાર પછીનાં પાંચ સંઘયણો એટલે ઋષભ–નારાચ–સંઘયણ,

નારાચ-સંઘયણ, અર્દ્ધનારાચ સંઘયણ, કીલિકા-સંઘયણ અને સેવાર્ત સંઘયણ, ઓછી-વત્તી ખામીવાળાં હોવાથી પાપપ્રકૃતિને આધીન છે. સંસ્થાનમાં પણ આવું જ છે. પહેલું સમચતુરસ્ર સંસ્થાન આદર્શ હોવાથી પુણ્યાધીન છે અને બાકીનાં પાંચ સંસ્થાનો એટલે ન્યગ્રોધપરિમંડલ, સાદિ, વામન, કુબ્જ અને હુંડક ઓછી-વત્તી ખામીવાળાં હોવાથી પાપપ્રકૃતિને આધીન છે.

પાપના બ્યાસી ભેદો પરનું વિવેચન અહીં પૂરું થયું.

જેમ પુણ્યના પુણ્યાનુબંધી પુણ્ય અને પાપાનુબંધી પુણ્ય એવા બે પ્રકારો છે, તેમ પાપના પણ પાપાનુબંધી પાપ અને પુણ્યાનુબંધી પાપ એવા બે પ્રકારો છે. જે પાપનું ફળ ભોગવતાં નવું પાપ બંધાતું જાય, તે પાપાનુબંધી પાપ અને જે પાપનું ફળ ભોગવતાં નવું પુણ્ય બંધાતું જાય, તે પુણ્યાનુબંધી પાપ.

એક મનુષ્ય પૂર્વે કરેલાં પાપોના પરિણામે આજે દુઃખ ભોગવી રહ્યો છે અને હજી પણ પાપકર્મ કર્યે જ જાય છે, તેને પાપાનુબંધી પાપવાળો સમજવો. આવા આત્માઓની હાલત અત્યંત બૂરી થાય છે. તેમની દુઃખ-પરંપરા દારુણ હોય છે અને તે લાંબો સમય ચાલ્યા કરે છે.

એક મનુષ્ય પૂર્વે કરેલાં પાપોને કારણે વર્તમાન ભવમાં દુઃખ ભોગવી રહ્યો છે, પણ તે સમતાથી ભોગવે છે, હાયવોય કરતો નથી અને ભવિષ્યમાં દુઃખ ભોગવવાનો વખત ન આવે તે માટે પાપથી બીતો રહે છે તથા

યથાશક્તિ ધર્માચરણ કરે છે. આવા મનુષ્યને પુણ્યાનુબંધી પાપવાળો સમજવો જોઈએ. આ સ્થિતિ આદરણીય છે, કારણ કે તેના પરિણામે દુઃખનો અંત આવે છે અને સુખનો સૂર્ય ચમકવા લાગે છે.

**(૧) ઉપક્રમ :**

અઢારમી ગાથામાં સ્થાવરદશકનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. તે સ્થાવરદશકનું સ્વરૂપ દર્શાવવા માટે પ્રકરણકાર મહર્ષિ વીશમી ગાથા આ પ્રમાણે કહે છે :

**(૨) મૂળ ગાથા :**

**थावर सुहुम अपज्जं, साहारणमथिरमसुभदुभगाणि ।**
**दुस्सरणाइज्जजसं, थावरदसगं विवज्जत्थं ॥२०॥**

**(૩) સંસ્કૃત છાયા :**

**स्थावरसूक्ष्मापर्याप्तं, साधारणमस्थिरमशुभदुर्भगानि ।**
**दुःस्वरानादेयायशः, स्थावरदशकं विपर्ययार्थम् ॥२०॥**

**(૪) શબ્દાર્થ :**

थावर–સ્થાવર નામ.

सुहुम–સૂક્ષ્મ નામ.

अपज्जं–અપર્યાપ્ત નામ.

साहारणं–સાધારણ નામ.

साहारणं અને अथिरं અને असुभ અને दुभग તે साहारणमथिरमसुभदुभगाणि. साहारणं–સાધારણ નામ.

अथिरं–અસ્થિર નામ.

असुभं—અશુભ નામ.

दुभगाणि—દુભગ નામ.

दुस्सर—દુઃસ્વર નામ.

**दुस्सर** અને **अणाइज्ज** અને **अजसं**, તે **दुस्सरणाइज्जजसं**.
दुस्सर—દુઃસ્વર નામ.

अणाइज्ज—અનાદેય નામ.

अजसं—અપયશકીર્તિ નામ.

थावरदसगं—સ્થાવરદશક.

સ્થાવર આદિ દશ પ્રકૃતિઓનો સમૂહ, તે સ્થાવરદશક.

विवज्जत्थं—વિપરીત અર્થવાળું, ત્રસદશક કરતાં વિપરીત અર્થવાળું છે.

## (૫) અર્થ-સંકલના :

**સ્થાવરનામ, સૂક્ષ્મનામ, અપર્યાપ્તનામ, સાધારણનામ, અસ્થિરનામ, અશુભનામ, દુભગનામ, દુઃસ્વરનામ, અનાદેયનામ અને અપયશકીર્તનામ, એ સ્થાવરદશક ત્રસદશક કરતાં વિપરીત અર્થવાળું છે.**

## (૬) વિવેચન :

પાપના ખ્યાસી ભેદોમાં સ્થાવરદશકની ગણના છે, તે સ્થાવરદશકનું વર્ણન આ ગાથામાં કરેલું છે. અહીં એટલી સ્પષ્ટતા કરવામાં આવી છે કે આ સ્થાવરદશક ત્રસદશક કરતાં વિપરીત અર્થવાળું છે, એટલે ત્રસદશકમાં જે દશ

પ્રકૃતિઓની ગણના કરવામાં આવી છે, તે દરેક કરતાં આનો અર્થ વિપરીત સમજવાનો છે.

ત્રસદશકમાં પ્રથમ ઉલ્લેખ ત્રસ નામનો કરવામાં આવ્યો હતો કે જેના પરિણામે જીવ ત્રસપણું પામે છે. અહીં સ્થાવરદશકમાં પ્રથમ ઉલ્લેખ સ્થાવર નામનો કરવામાં આવ્યો છે. આ કર્મના ઉદયથી જીવ સ્થાવરપણું પામે છે. પૃથ્વીકાય, અપ્કાય, અગ્નિકાય, વાયુકાય અને વનસ્પતિ-કાયના જીવો સ્થાવરપણામાં રહેલા છે. સ્થાવર જીવોનું મુખ્ય લક્ષણ એ છે કે તેઓ ઠંડી, તાપ વગેરેથી પીડા પામવા છતાં તેનો પરિહાર કરવાને સ્વયં એક સ્થળેથી બીજા સ્થળે જઈ શકતા નથી.

ત્રસદશકમાં બીજો ઉલ્લેખ બાદર નામનો કરવામાં આવ્યો હતો કે જેના પરિણામે જીવ બાદરપણું પામે છે. અહીં સ્થાવરદશકમાં બીજો ઉલ્લેખ સૂક્ષ્મ નામનો કરવામાં આવ્યો છે. આ કર્મના ઉદયથી જીવ સૂક્ષ્મપણું પામે છે. પૃથ્વીકાય, અપ્કાય, અગ્નિકાય, વાયુકાય અને સાધારણ વનસ્પતિકાયના જીવો સૂક્ષ્મ અવસ્થાએ સકલ લોકમાં વ્યાપ્ત છે. તેમને આ સૂક્ષ્મ નામકર્મનો ઉદય જાણવો.

ત્રસદશકમાં ત્રીજો ઉલ્લેખ પર્યાપ્ત નામનો કરવામાં આવ્યો હતો કે જેના પરિણામે જીવ પર્યાપ્તપણું પામે છે. અહીં સ્થાવરદશકમાં ત્રીજો ઉલ્લેખ અપર્યાપ્ત નામનો કરવામાં આવ્યો છે. આ કર્મના ઉદયથી જીવ સ્વયોગ્ય પર્યાપ્તિઓ પૂરી કર્યા પહેલાં જ મરણ પામે છે અને તેથી અપર્યાપ્ત તરીકે ઓળખાય છે.

ત્રસદશકમાં ચોથો ઉલ્લેખ પ્રત્યેક નામનો કરવામાં આવ્યો હતો કે જેના પરિણામે જીવને સ્વતંત્ર કે પૃથક્ શરીરની પ્રાપ્તિ થાય છે. સ્થાવરદશકમાં ચોથો ઉલ્લેખ સાધારણ નામનો કરવામાં આવ્યો છે. આ કર્મના ઉદયથી જીવને સાધારણ શરીરની પ્રાપ્તિ થાય છે. સાધારણ શરીર એટલે અનંત આત્માઓનું એકજ શરીર. તેમાં જીવન ધારણની બધી ક્રિયાઓ સાથે જ થાય. સાધારણ વનસ્પતિ-કાયના જીવોને આવું જ શરીર પ્રાપ્ત થયેલું હોય છે.

ત્રસદશકમાં પાંચમો ઉલ્લેખ સ્થિર નામનો કરવામાં આવ્યો હતો કે જેના પરિણામે હાડ વગેરે સ્થિરતા-દૃઢતા પામે છે. સ્થાવરદશકમાં પાંચમો ઉલ્લેખ અસ્થિર નામનો કરવામાં આવ્યો છે. આ કર્મના ઉદયથી જીવને અસ્થિર અવયવોની પ્રાપ્તિ થાય છે.

ત્રસદશકમાં છઠ્ઠો ઉલ્લેખ શુભ નામનો કરવામાં આવ્યો હતો કે જેના પરિણામે નાભિ ઉપરનો ભાગ પ્રશસ્ત હોય છે. સ્થાવરદશકમાં છઠ્ઠો ઉલ્લેખ અશુભ નામનો કરવામાં આવ્યો છે. આ કર્મના ઉદયથી જીવને નાભિ નીચેનું શરીર અપ્રશસ્ત પ્રાપ્ત થાય છે. જેના સ્પર્શથી આનંદ થાય તે પ્રશસ્ત અને આનંદ ન થાય તે અપ્રશસ્ત.

ત્રસદશકમાં સાતમો ઉલ્લેખ સુભગ નામનો કરવામાં આવ્યો હતો કે જેના પરિણામે જીવ સહુને પ્રિય થઈ પડે

છે. સ્થાવરદશકમાં સાતમો ઉલ્લેખ દુર્ભગ નામનો કરવામાં આવ્યો છે. આ કર્મના ઉદયથી જીવ સહુને અળખામણો થઈ પડે છે.

ત્રસદશકમાં આઠમો ઉલ્લેખ સુસ્વર નામનો કરવામાં આવ્યો હતો કે જેના પરિણામે મધુર સ્વરની પ્રાપ્તિ થાય છે. સ્થાવરદશકમાં આઠમો ઉલ્લેખ દુઃસ્વર નામનો કરવામાં આવ્યો છે. આ કર્મના ઉદયથી જીવને કર્કશ કે કઠોર સ્વરની પ્રાપ્તિ થાય છે.

ત્રસદશકમાં નવમો ઉલ્લેખ આદેય નામનો કરવામાં આવ્યો હતો કે જેના પરિણામે જીવનું વચન બીજાને માન્ય થાય છે. સ્થાવરદશકમાં નવમો ઉલ્લેખ અનાદેય નામનો કરવામાં આવ્યો છે. આ કર્મના ઉદયથી જીવનું વચન ગમે તેવું યુક્તિયુક્ત હોય તો પણ બીજા માન્ય રાખતા નથી.

ત્રસદશકમાં છેલ્લો ઉલ્લેખ યશઃકીર્તિ નામનો કરવામાં આવ્યો હતો કે જેના પરિણામે જીવને યશ અને કીર્તિની પ્રાપ્તિ થાય છે. સ્થાવરદશકમાં છેલ્લો ઉલ્લેખ અપયશ: કીર્તિ નામનો કરવામાં આવ્યો છે. આ કર્મના ઉદયથી જીવ ગમે તેવાં સારાં કામ કરે તો પણ તેને અપયશ તથા અપકીર્તિના જ ભાગી થવું પડે છે.

આ રીતે સ્થાવરદશકનું તુલનાત્મક વિવેચન અહીં પૂરું થાય છે અને તે સાથે 'પાપતત્ત્વ' નામનું સાતમું પ્રકરણ પણ પૂરું થાય છે.

## પ્રકરણ આઠમું

# આશ્રવતત્ત્વ

[ ગાથા એકવીસમીથી ચોવીશમી સુધી ]

### (૧) ઉપક્રમ :

નવતત્ત્વ એ જૈનધર્મનું નાક છે; અથવા તો જૈનદર્શનનો મુકુટમણિ છે. તેમાં જીવ અને અજીવ તત્ત્વ વડે સમસ્ત વિશ્વનું સ્વરૂપ વિચારાયું છે; પુણ્ય અને પાપતત્ત્વ વડે જીવનનાં સુખ-દુઃખની સમસ્યા ઉકેલવામાં આવી છે; અને આશ્રવ-બંધ તથા સંવર-નિર્જરા તત્ત્વ વડે હેય અને ઉપાદેયની સ્પષ્ટ ભેદરેખાઓ અંકિત કરી મોક્ષનું મંગલમય સ્વરૂપ પ્રકાશવામાં આવ્યું છે.

આ નવ તત્ત્વમાંથી જીવ, અજીવ, પુણ્ય અને પાપ તત્ત્વનો પરિચય અપાઈ ગયો; હવે ક્રમપ્રાપ્ત આશ્રવ-તત્ત્વનો પરિચય આપવા માટે પ્રકરણકાર મહર્ષિ એકવીસમી ગાથામાં તેના બેંતાલીશ ભેદોનું સામાન્ય કથન આ પ્રમાણે કરે છે :

(૨) મૂળ ગાથા :

इंदिय-कसाय-अव्वय, जोगा पंच चउ पंच तिन्नि कमा ।
किरियाओ पणवीसं, इमा उ ताओ अणुक्कमसो ॥२१॥

(૩) સંસ્કૃત છાયા :

इन्द्रिय-कषायाऽव्रतयोगाः पंच चत्वारि पंच त्रीणि क्रमात् ।
क्रिया पञ्चविंशतिः इमास्तु ता अनुक्रमशः ॥२१॥

(૪) શબ્દાર્થ :

इंदिय-ઇન્દ્રિય, ઇન્દ્રિયાશ્રવ.

कसाय-કષાય, કષાયાશ્રવ.

अव्वय-અવ્રત, અવ્રતાશ્રવ.

जोगा-યોગો, યોગાશ્રવ.

આત્મપ્રદેશોમાં જે પરિસ્પંદન થઈ રહ્યું છે, તેને યોગ કહેવામાં આવે છે. યોગ એટલે મોક્ષમાર્ગમાં જોડનારો ધર્મવ્યાપાર, એ અર્થ અહીં અભિપ્રેત નથી.

पंच-પાંચ, પાંચ પ્રકારનો.

चउ-ચાર, ચાર પ્રકારનો.

पंच-પાંચ, પાંચ પ્રકારનો.

तिन्न-ત્રણ, ત્રણ પ્રકારનો.

कमा-ક્રમથી, ક્રમ પ્રમાણે, અનુક્રમે.

किरियाओ-ક્રિયાઓ.

**पणवीसं**–પચીશ.

**इमा**–આ.

**उ**–તો, વળી.

**ताओ**–તે, તે ક્રિયાઓ.

**अणुक्कमसो**–અનુક્રમશઃ, અનુક્રમે.

(૫) **અર્થ-સંકલના :**

**ઇન્દ્રિયાશ્રવ, કષાયાશ્રવ, અવ્રતાશ્રવ અને યોગાશ્રવ પાંચ પ્રકારનો, ચાર પ્રકારનો, પાંચ પ્રકારનો અને ત્રણ પ્રકારનો છે. ક્રિયાઓ પચીશ છે. તે અનુક્રમે આ પ્રમાણે જાણવી :**

(૬) **વિવેચન :**

આશ્રવ શબ્દની વ્યુત્પત્તિ પ્રથમ પ્રકરણમાં આપેલી છે. તે અનુસાર જેના વડે શુભ કે અશુભ કર્મનું ગ્રહણ, સંપાદન કે આગમન થાય, તેને આશ્રવ સમજવાનો છે. આશ્રવ એ કર્મબંધનો હેતુ છે, તેથી તેની ગણના હેય તત્ત્વમાં થાય છે. હેય એટલે છોડવા યોગ્ય.

જેમ કોઈ મોટા તળાવમાં ગરનાળાં દ્વારા સ્વચ્છ તેમજ ગંદું પાણી દાખલ થાય છે, તેમ જીવમાં આશ્રવ દ્વારા શુભ અને અશુભ કર્મો દાખલ થાય છે.

આશ્રવના મુખ્ય ભેદો ચાર છે : (૧) ઇન્દ્રિયાશ્રવ, (૨) કષાયાશ્રવ, (૩) અવ્રતાશ્રવ અને (૪) યોગાશ્રવ. તેમાં ઇન્દ્રિયાશ્રવ પાંચ પ્રકારનો છે, કષાયાશ્રવ ચાર પ્રકારનો

છે, અવ્રતાશ્રવ પાંચ પ્રકારનો છે અને યોગાશ્રવ ત્રણ પ્રકારનો છે. વિશેષમાં પચીશ પ્રકારની ક્રિયાઓ પણ આશ્રવમાં ગણાય છે. આ રીતે આશ્રવતત્ત્વના ૫ + ૪ + ૫ + ૩ + ૨૫ મળીને કુલ ૪૨ ભેદો થાય છે.

ઇન્દ્રિયોનાં કારણે કર્મનું જે આગમન થાય, તેને ઇન્દ્રિયાશ્રવ કહે છે. તેના પાંચ પ્રકારો છે : સ્પર્શનેન્દ્રિયાશ્રવ, રસનેન્દ્રિયાશ્રવ, ઘ્રાણેન્દ્રિયાશ્રવ, ચક્ષુરિન્દ્રિયાશ્રવ અને શ્રોત્રેન્દ્રિયાશ્રવ. તેમાં સ્પર્શનેન્દ્રિયના ૮ વિષયો છે, રસનેન્દ્રિયના ૫ વિષયો છે, ઘ્રાણેન્દ્રિયના ૨ વિષયો છે, ચક્ષુરિન્દ્રિયના ૫ વિષયો છે અને શ્રોત્રેન્દ્રિયના ૩ વિષયો છે. આ રીતે પાંચ ઇન્દ્રિયોના બધા મળીને ૨૩ વિષયો છે કે જેનો પરિચય પૂર્વે યથાસ્થાને અપાઈ ગયેલો છે.

આત્મા પાંચ ઇન્દ્રિયો દ્વારા આ ત્રેવીશ વિષયોનો ભોગ કરે છે. હવે તે અનુકૂળ વિષય મળતાં રાગી બને–રાજી થાય અને પ્રતિકૂળ વિષય મળતાં દ્વેષી બને–નારાજ થાય, તો કર્મનું આગમન થાય છે અને તે તે ઇન્દ્રિયને લગતો આશ્રવ ગણાય છે. દાખલા તરીકે એક મનુષ્યને સૂવા માટે મોટી તળાઈ મળતાં તે રાજી થાય છે અને મનથી તેનાં વખાણ કરે છે કે સૂવા માટે કેવી સુંદર તળાઈ મળી! તો ત્યાં કર્મનું આગમન થાય છે અને તે સ્પર્શનેન્દ્રિયાશ્રવ કહેવાય છે. તેજ રીતે સુંદર રસોઈ, સુગંધી પદાર્થો, મનહર રૂપ તથા મધુર સ્વરથી ઉત્તેજના પામી તેમાં આસક્ત બને તો કર્મનું આગમન થાય

છે અને તે અનુક્રમે રસનેન્દ્રિયાશ્રવ, ઘ્રાણેન્દ્રિયાશ્રવ, ચક્ષુરિન્દ્રિયાશ્રવ અને શ્રોત્રેન્દ્રિયાશ્રવ કહેવાય છે. આ જ રીતે પ્રતિકુળ શય્યા મળતાં, બેસ્વાદ રસોઈ પ્રાપ્ત થતાં, દુર્ગંધી પદાર્થોનો પરિચય થતાં, અપ્રશસ્ત રૂપ જોતાં કે કોઈ કઠોર શબ્દ સાંભળતાં મન નારાજ થાય, એટલે કે મનમાં દ્વેષ ઉપજે તો પણ કર્મનું આગમન થાય છે અને તે ઇન્દ્રિયનો આસ્રવ ગણાય છે.

અહીં એ સ્પષ્ટતા પણ કરવી જોઈએ કે આત્મા ઇન્દ્રિયના વિષયોમાં રાગી પણ ન બને અને દ્વેષી પણ ન બને, પરંતુ મધ્યસ્થતા કે સમભાવ ધારણ કરે તો કર્મનું આગમન થતું નથી, પણ કર્મો આવતાં અટકે છે કે જેને સંવર કહેવામાં આવે છે. વીતરાગ મહાપુરુષોને ઇન્દ્રિયો હોય છે, પણ તે આસ્રવ રૂપ નથી, કારણ કે તેઓ ઇન્દ્રિયના વિષયમાં રાગ-દ્વેષપૂર્વક વર્તતા નથી.

ઇન્દ્રિયના પાંચેય આશ્રવો શુભ અને અશુભ એમ બે પ્રકારના હોય છે. તેમાં પ્રશસ્ત ભાવે વર્તતાં જે આશ્રવ થયો હોય, તે શુભ કહેવાય છે અને અપ્રશસ્ત ભાવે વર્તતાં જે આશ્રવ થયો હોય, તે અશુભ કહેવાય છે.

દાખલા તરીકે શ્રીજિનેશ્વર દેવના સ્નાત્ર વખતે, ગુરુ તેમજ ગ્લાન મુનિનું વૈયાવૃત્ય કરતાં, તેમજ ધર્મોપકરણોનો સ્પર્શ થતાં રાગ થાય-આનંદ આવે તો શુભાશ્રવ થાય, કારણ કે ત્યાં પ્રશસ્ત ભાવ વર્તે છે; અને સ્ત્રી, પુત્ર વગેરેને સાંસારિક સ્નેહથી સ્પર્શ કરતાં રાગ થાય-આનંદ

આવે તો અશુભાશ્રવ થાય, કારણ કે ત્યાં અપ્રશસ્ત ભાવ વર્તે છે. અથવા ગુરુ વગેરેની ભક્તિના નિમિત્તે અન્નપાનની પરીક્ષા કરવા રસનાનો ઉપયોગ કરીએ તો શુભાશ્રવ થાય, અને લિજ્જત ખાતર રસોઈ ચાખીએ તો અશુભાશ્રવ થાય, કારણ કે ત્યાં અનુક્રમે પ્રશસ્ત અને અપ્રશસ્ત ભાવ વર્તે છે. અથવા પ્રભુપૂજાની સામગ્રીમાં રહેલી સુગંધથી રાજી થઈએ તો શુભાશ્રવ થાય અને મોજની ખાતર તેલ, અત્તર વગેરેની ખુશબો માણીએ તો અશુભાશ્રવ થાય, કારણ કે પ્રથમમાં પ્રશસ્ત ભાવ છે અને બીજામાં અપ્રશસ્ત ભાવ છે. અથવા જિનપ્રતિમા, ગુરુ, સંઘ, શાસ્ત્ર, ધર્મસ્થાન આદિનાં દર્શન કરીએ અને તેમનાં * ગુણગાન સાંભળીએ તો શુભાશ્રવ થાય અને રૂપવતી રમણીઓનાં અંગોપાંગ નિહાળીએ, ખેલતમાશા જોઈએ તથા નાટક–સીનેમાનાં ગીતો વગેરે સાંભળીએ તો અશુભાશ્રવ થાય, કારણ કે ત્યાં અનુક્રમે પ્રશસ્ત–અપ્રશસ્ત ભાવનું પ્રવર્તન છે.

આનો સાર એ છે કે ઇન્દ્રિયોના સમૂહને અંકુશમાં રાખીએ, તેના વિષયમાં અનાસક્ત રહીએ તથા અનિષ્ટ વસ્તુઓનો સંયોગ થતાં નારાજ ન થઈએ તો કર્મના આગમનથી બચી શકાય છે અને આત્માની ઉન્નતિ કરી શકાય છે. પરંતુ ઇન્દ્રિયોને વશ થયા, તેની ઉત્તેજના અનુભવી કે તેની આસક્તિમાં ફસ્યા તો કર્મનો પ્રવાહ ધોધબંધ આત્મા ભણી વહે છે અને પરિણામે બંધ થતાં

* સ્ત્રીને ઉદ્દેશીને લઈએ ત્યાં પુરુષનાં રૂપાદિ ઘટાવવા.

આત્માની અધોગતિ થાય છે. માર્ગાનુસરણમાં પણ ઇન્દ્રિયોના જય ઉપર ભાર મૂકાયો છે, તો ચારિત્રની ઉત્તર ભૂમિકાઓ અંગે તો કહેવું જ શું ? ઇન્દ્રિયોનો જય કર્યા વિના મોક્ષમાર્ગની આરાધનામાં આગળ વધી શકાતું નથી.

કષાયના કારણે કર્મનું જે આગમન થાય, તેને કષાયાશ્રવ કહે છે. તેના ચાર પ્રકારો તે (૧) ક્રોધાશ્રવ, (૨) માનાશ્રવ, (૩) માયાશ્રવ અને (૪) લોભાશ્રવ.

મનની જે વૃત્તિઓ આત્માને કલુષિત કરે છે, તે કષાય કહેવાય છે. તે કોઈ વાર ક્રોધરૂપે પ્રકટ થાય છે, તો કોઈ વાર માનરૂપે; કોઈવાર માયારૂપે પ્રગટ થાય છે, તો કોઈ વાર લોભરૂપે. તેમાં ક્રોધ અને માન દ્વેષનું પરિણામ છે અને માયા તથા લોભ રાગનું પરિણામ છે, એટલે તે કર્મના સમૂહને આત્મા ભણી ખેંચે છે. કષાયને આત્માના કટ્ટા શત્રુ કહ્યા છે, કારણકે તે ઘણાં કર્મોને ખેંચી લાવે છે અને આત્માને ચોરાશીના ચક્કરમાં ભમાડે છે.

કષાય કોઈ પ્રશસ્ત કારણે ઉત્પન્ન થયો હોય તો શુભાશ્રવનું કારણ બને છે, અન્યથા અશુભાશ્રવનું કારણ તો છે જ.

‘કષાય પ્રશસ્ત કારણે કેવી રીતે થાય ?’ એ પ્રશ્નનો ઉત્તર એ છે કે કોઈ વ્યકિત દેવ, ગુરુ કે ધર્મનો ઈરાદાપૂર્વક ધ્વંસ કરતી હોય કે દુર્વિનીત શિષ્યને ઠેકાણે લાવવો હોય તો ક્રોધ કરવો પડે છે; અથવા પોતાને પ્રાપ્ત થયેલા શ્રેષ્ઠ ધર્મ અંગે કંઈક અભિમાન પણ ધારણ કરવું પડે

છે, અથવા પશુઓનો સંહાર થતો હોય કે દીક્ષાના સાચા અભિલાષીને તેના કુટુંબીજનો બળજબરીથી રોકી રાખતા હોય તો અમુક પ્રકારે માયાનું સેવન પણ કરવું પડે છે. અને જ્ઞાન-દર્શન-ચારિત્ર તથા વૈયાવૃત્ત્યાદિનાં ઉપકરણો વગેરે માટે કંઈક લોભ પણ રાખવો પડે છે. આ રીતે ક્રોધાદિ ચારે કષાયો પ્રશસ્ત કારણે પણ થાય છે.

મોક્ષની આરાધનામાં આગળ વધવું હોય તો ઇન્દ્રિયજયની જેમ કષાયજય પણ અવશ્ય કરવો પડે છે. અથવા તો સંસારમાંથી મુક્તિ મેળવવી હોય તો પ્રથમ કષાયમાંથી મુક્તિ મેળવવી પડે છે. તેથી જ કહેવાયું છે કે 'कषाय-मुक्तिः किल मुक्तिरेव-કષાયમાંથી મુક્તિ મેળવવી એ જ ખરેખર! સાચી મુક્તિ છે.'

વ્રતનો અભાવ અવ્રત કહેવાય છે. વ્રત એટલે વિરતિ, ત્યાગ, નિયમ કે પ્રત્યાખ્યાન. તે આત્મા પર એક જાતનું નિયંત્રણ લાવે છે અને તેથી કર્મનું આગમન અટકી જાય છે, પરંતુ અવ્રતની દશામાં કોઈ નિયંત્રણ રહેતું નથી. એટલે જાણતાં-અજાણતાં કર્મનું આગમન થયા જ કરે છે કે જેને અવ્રતાશ્રવ કહેવાય છે.

અવ્રતાશ્રવના પાંચ પ્રકારો છે: (૧) પ્રાણાતિપાત, (૨) મૃષાવાદ, (૩) અદત્તાદાન; (૪) મૈથુન અને (૫) પરિગ્રહ. તેમાં પ્રાણીના કોઈ પણ પ્રાણનો અતિપાત એટલે નાશ કરવો તે પ્રાણાતિપાત કહેવાય છે. પ્રાણીવધ, જીવવધ, જીવહિંસા, હિંસા, ઘાતના, મારણા, વિરાધના વગેરે તેના

પર્યાયશબ્દો છે. મૃષા એટલે અસત્ય. ઉપલક્ષણથી અપ્રિય અને અહિતકર. તેને વદવું તે મૃષાવાદ કહેવાય છે. અલિક વચન, અસત્ય વચન, જૂઠાણું વગેરે તેના પર્યાયશબ્દો છે. અદત્ત એટલે વસ્તુના માલીકે રાજીખુશીથી નહિ દીધેલું, તેનું આદાન એટલે ગ્રહણ કરવું, તે અદત્તાદાન કહેવાય છે. સ્તેય, ચોરી, પરદ્રવ્યહરણ વગેરે તેના પર્યાયશબ્દો છે. મિથુન એટલે સ્ત્રીપુરુષનું જોડું. તેમની વિષયભોગને લગતી જે ક્રિયા તેને મૈથુન કહેવાય છે. અબ્રહ્મ તેનો પર્યાય-શબ્દ છે.[1] પરિ ઉપસર્ગ સમંતતોભાવનો દ્યોતક છે અને ગ્રહપદ ગ્રહણનું સૂચન કરે છે. તાત્પર્ય કે મૂર્છા યા મમ-ત્વભાવથી ધન, ધાન્ય, ક્ષેત્ર, વાસ્તુ, રૂપું, સોનું, રાચ રચીલું, નોકર-ચાકર તથા ઢોરઢાંખર વગેરેનો સંગ્રહ કર-વાની ક્રિયાને પરિગ્રહ કહેવામાં આવે છે.

અઢાર પાપસ્થાનકોમાં આ પાંચ ક્રિયાઓને પહેલી મૂકી છે, કારણ કે તે મોટાં પાપો છે. તેનું સેવન કરતાં કર્મનો જબ્બર પ્રવાહ આત્મા ભણી વહે છે અને પરિ-ણામે આત્માની અધોગતિ થાય છે. વિશેષમાં આ પાપમય પ્રવૃત્તિઓનું વિરમણ કરવામાં ન આવે, એટલે કે તેનો સંકલ્પપૂર્વક ત્યાગ કરવામાં ન આવે, ત્યાં સુધી કર્મનું આગમન ચાલુ જ રહે છે. એક ખેતરને વાડ કરીએ તો

---

૧. વૈક્રિય (દેવી) અને ઔદારિક (માનુષી અને તિર્યંચી) એ બે પ્રકારની સ્ત્રી સાથે મન, વચન કાયાથી અબ્રહ્મ સેવવું, સેવરાવવું અને અનુમોદવું, એ રીતે અબ્રહ્મના ૧૮ પ્રકારો થાય છે.

તેની સલામતી જળવાય છે અને વાડ ન કરીએ તો ગમે તે ઢોર-ઢાંખર અંદર આવીને તેને ચરી જાય છે. આ જ રીતે વ્રત એ આત્મરક્ષણની વાડ છે. તે કર્મરૂપી ઢોરોને અંદર આવતાં અટકાવે છે, પરંતુ એ પ્રકારની વાડ ન હોય તો કર્મરૂપી ઢોર ગમે ત્યારે અંદર ઘુસી જાય છે અને આત્માની લીલુડી ગુણવાટિકાનું નિકંદન કાઢી નાખે છે.

અવ્રતમાં પણ પ્રશસ્ત અને અપ્રશસ્તની વિચારણાને સ્થાન છે. દાખલા તરીકે એક મનુષ્ય શાસનદ્રોહી, સંઘને સતાવનાર તથા ધર્મનો ધ્વંસ કરનારો હોય, તો તેને દંડ આપવા માટે કેટલીક હિંસાનો આશ્રય લેવો પડે છે, પણ ત્યાં ભાવના પ્રશસ્ત હોવાથી શુભાશ્રવ થાય છે. જ્યારે સ્વાર્થાદિનિમિત્તે અન્ય જીવોની હિંસા કરવામાં આવે, ત્યાં અપ્રશસ્ત ભાવ છે, તેથી તે અશુભાસ્રવને જન્મ આપે છે. બીજા અવ્રતોમાં પણ યથાયોગ્ય આ પ્રમાણે વિચારવું.

યોગને કારણે કર્મનું જે આગમન થાય, તેને યોગાશ્રવ કહે છે. જીવ અસંખ્ય પ્રદેશવાળો છે, આ વસ્તુ પૂર્વે જીવતત્ત્વના વર્ણન પ્રસંગે કહેવામાં આવી છે. આ પ્રદેશોમાંથી મધ્યના આઠ પ્રદેશો કે જેને 'રુચક' કહેવામાં આવે છે, તે સિવાયના બધા પ્રદેશોમાં એક પ્રકારનું પરિસ્પંદન (Vibration) થાય છે અને તે પરિસ્પંદનના કારણે જ કાર્મણ વર્ગણાઓનો સમૂહ જીવ તરફ આકર્ષાઈ તેની સાથે સમ્બદ્ધ થાય છે. આત્મપ્રદેશોનું આ પરિસ્પંદન ત્યારે જ બંધ થાય છે કે જ્યારે આત્મા ચૌદમા ગુણસ્થાનકે

આવી અયોગી બને છે. પછી કર્મોનું જીવ ભણી આકર્ષણ થતું નથી અને કર્મનો બંધ પડતો નથી.

પ્રવૃત્તિના ભેદથી યોગના ત્રણ પ્રકારો પડે છે: (૧) કાયયોગ, (૨) વચનયોગ અને (૩) મનોયોગ. તાત્પર્ય કે આત્મા કાયા દ્વારા જે પ્રવૃત્તિ કરે છે, તે કાયયોગ કહેવાય છે; વચનદ્વારા જે પ્રવૃત્તિ કરે છે, તે વચનયોગ કહેવાય છે અને મનદ્વારા જે પ્રવૃત્તિ કરે છે, તે મનોયોગ કહેવાય છે. આ ત્રણે પ્રકારના યોગદ્વારા કર્મનું આગમન થાય છે, તેથી યોગાશ્રવના ત્રણ પ્રકારો છે.

મન, વચન, કાયાની પ્રવૃત્તિ પ્રશસ્ત ભાવથી થતી હોય તો શુભાશ્રવ થાય છે અને અપ્રશસ્ત ભાવથી થતી હોય તો અશુભાશ્રવ થાય છે. દાખલા તરીકે ચાલવું, એ કાયયોગ છે, તેથી આશ્રવ તો થવાનો જ; પરંતુ એ ચાલવાની ક્રિયા દેવગુરુનાં દર્શન માટે થતી હોય કે કોઈ જીવની રક્ષા માટે થતી હોય યા તીર્થગમનાદિ નિમિત્તે થતી હોય તો શુભાશ્રવ થાય છે, કારણ કે તે પ્રશસ્ત ભાવથી થાય છે. પરંતુ તે ક્રિયા અર્થ કે કામની પ્રવૃત્તિ માટે થતી હોય કે કોઈ સાથે લડવા-ઝઘડવા માટે થતી હોય કે નાટક-સીનેમા આદિ જોવા માટે થતી હોય તો અશુભાશ્રવ થાય છે, કારણ કે તે અપ્રશસ્ત ભાવથી થાય છે.

## (૧) ઉપક્રમ :

એકવીસમી ગાથામાં '**किरियाओ पणवीसं**' એ શબ્દો વડે પચીશ ક્રિયાઓનું સૂચન કરવામાં આવ્યું છે

અને 'इमा उ ताओ अणुक्कमसो' એ પદ વડે આ ક્રિયાઓનું વર્ણન કરવાની તત્પરતા દર્શાવી છે. હવે પ્રકરણકાર મહર્ષિ એકવીસમી, બાવીસમી અને ત્રેવીસમી ગાથામાં તે પચીશ ક્રિયાઓનાં નામ આ પ્રમાણે જણાવે છે :

(૨) મૂળ ગાથાઓ :

काइय अहिगरणिया, पाउसिया पारितावणी किरिया।
पाणाइवायारंभिय, परिग्गहिआ मायवत्ती अ ॥२२॥
मिच्छादंसणवत्ती, अपच्चक्खाणीय दिट्ठि पुट्ठि य।
पाडुच्चिय सामंतोवणीअ नेसत्थि साहत्थी ॥२३॥
आणवणि विआरणिया, अणभोगा अणवकंखपच्चइया।
अन्ना पओग समुदाणपिज्ज दोसेरियावहिया ॥२४॥

(૩) સંસ્કૃત છાયા :

कायिक्यधिकरणिकी, प्राद्वेषिकी पारितापनिकी क्रिया।
प्राणातिपातिक्यारम्भिकी, पारिग्रहिकी मायाप्रत्ययिकी च ॥
मिथ्यादर्शनप्रत्ययिकी अप्रत्याख्यानिकी च दृष्टिकी पृष्टिकी च।
प्रातित्यकी सामन्तोपनिपातिकी नैशस्त्रिकी स्वाहस्तिकी ॥२३॥
आज्ञापनिकी वैदारणिकी, अनाभोगिक्यनवकाङ्क्षा प्रत्ययिकी।
अन्या प्रायोगिकी सामुदानिकी प्रैमिकी द्वैषिकी–
ऐर्यापथिकी ॥२४॥

(૪) શબ્દાર્થ :

काइय–કાયિકી.

अहिगरणिया–અધિકરણિકી.

पाउसिया–પ્રાદ્વેષિકી.

पारितावणी–પારિતાપનિકા.

किरिया–ક્રિયા.

पाणाइवाय–પ્રાણાતિપાતિકી.

पाणाइवाय અને आरंभिय તે पाणाइवायारंभिय. पाणाइवाय–પ્રાણાતિપાત, પ્રાણાતિપાતિકી.

आरंभिय–આરંભિકી.

परिग्गहिआ–પ્રારિગ્રહિકી.

मायवत्ती -માયાપ્રત્યયિકી.

अ–અને.

मिच्छादंसणवत्ती–મિથ્યાદર્શનપ્રત્યયિકી.

अपच्चक्खाणो–અપ્રત્યાખ્યાનિકી.

य–અને.

दिट्ठि–દૃષ્ટિકી.

पुट्ठि–પૃષ્ટિકી.

य–પદ પૂરણાર્થે.

पाडुच्चिय–પ્રાતિત્યકી.

सामंतोवणीअ–સામંતોપનિપાતિકી.

नेसत्थि–નૈશસ્ત્રકી, નૈસૃષ્ટિકી.

साइत्थी–સ્વાહસ્તિકી.

आणवणि–આજ્ઞાપનિકી.

विआरणिया–વૈદારણિકી.

अणभोगा–અનાભોગિકી.

अणवकंखपच्चइया–અનવકાંક્ષપ્રત્યયિકી.

अन्ना–બીજી.

पओग–પ્રાયોગિકી.

समुदाण–સમાદાનિકી.

पिज्ज–પ્રેમિકી.

दोस–દ્વેષિકી.

इरियावहिया–ઐર્યાપથિકી.

(૫) અર્થ-સંકલના :

(૧) કાયકી, (૨) અધિકરણિકી, (૩) પ્રાદ્વેષિકી, (૪) પારિતાપનિકી, (૫) પ્રાણાતિપાતિકી, (૬) આરંભિકી, (૭) પારિગ્રહિકી, (૮) માયાપ્રત્યયિકી, (૯) મિથ્યાદર્શનપ્રત્યયિકી, (૧૦) અપ્રત્યાખ્યાનિકી, (૧૧) દષ્ટિકી, (૧૨) સ્પૃષ્ટિકી, (૧૩) પ્રાતિત્યકી, (૧૪) સામંતોપનિપાતિકી, (૧૫) નૈશસ્ત્રીકી (નૈસૃષ્ટિકી), (૧૬) સ્વાહસ્તિકી, (૧૭) આજ્ઞાપનિકી, (૧૮) વૈદારણિકી, (૧૯) અનાભોગિકી, (૨૦) અનવકાંક્ષપ્રત્યયિકી, (૨૧) પ્રાયોગિકી, (૨૨) સમાદાનિકી, (૨૩) પ્રેમિકી, (૨૪) દ્વૈષિકી અને (૨૫) ઐર્યાપથિકી આ પચીશ ક્રિયાઓ છે.

(૬) વિવેચન :

આત્મા જે વ્યાપાર વડે શુભાશુભ કર્મ ગ્રહણ કરે,

તેને અહીં ક્રિયા કહેલી છે. આવી ક્રિયાઓ પચીશ છે. તે આ પ્રમાણે :

(૧) **કાયિકી**–કાયા એટલે શરીર, તેને અજયણાએ પ્રવર્તાવતાં જે ક્રિયા લાગે, તેને કાયિકી ક્રિયા કહેવાય છે. આ ક્રિયા બે પ્રકારની છે : (૧) અનુપરત કાયિકી ક્રિયા અને (૨) અનુપયુક્ત કાયિકી ક્રિયા. તેમાં જેણે હિંસાદિ પાપોનું પ્રત્યાખ્યાન કરેલું નથી, એવા વિરતિરહિત જીવની કાયાની પ્રવૃત્તિ વડે જે ક્રિયા થાય તે અનુપરત કાયિકી ક્રિયા કહેવાય અને જેણે હિંસાદિ પાપોનું પ્રત્યાખ્યાન કરેલું છે, એવા વિરતિધર પ્રમત્ત સાધુને અનુપયોગપણે વર્તતાં કાયાની પ્રવૃત્તિ દ્વારા જે ક્રિયા થાય, તે અનુપયુક્ત કાયિકી ક્રિયા કહેવાય.

(૨) **અધિકરણિકી :** અધિકરણ એટલે હિંસાના સાધનો; તે શસ્ત્રાદિ સમજવાં. આ ક્રિયા બે પ્રકારની છે : (૧) સંયોજનાધિકરણિકી અને (૨) નિર્વર્તનાધિકરણિકી. તેમાં સંયોજન એટલે હિંસાનાં સાધનો–તલવાર, ધનુષ્ય, ભાલા, બરછી, બંદુક, તોપ વગેરે સજાવી–જોડી તૈયાર રાખવાં, તે સંયોજનાધિકરણિકી ક્રિયા કહેવાય અને તેને નવાં તૈયાર કરાવવાં, તે નિર્વર્તનાધિકરણિકી ક્રિયા કહેવાય. ઔદારિક શરીર પણ હિંસાનું સાધન હોવાથી, તેના દ્વારા અધિકરણિકી ક્રિયા લાગે છે.

(૩) **પ્રાદ્વેષિકી**–જીવ તથા અજીવ પર દ્વેષ કરવાથી જે ક્રિયા લાગે, તે પ્રાદ્વેષિકી કહેવાય.

(૪) **પારિતાપનિકી**–પોતાને અથવા પરને પરિતાપ ઉપજાવવા વડે જે ક્રિયા લાગે, તે પારિતાપનિકી ક્રિયા કહેવાય. પુત્રાદિકના વિયોગથી દુઃખી થતો જીવ પોતાની છાતી કૂટે, માથું ફોડે તો તે સ્વપારિતાપનિકી ક્રિયા કહેવાય અને જો પુત્ર–શિષ્ય વગેરેને તાડન–તર્જન કરે તો પરપારિતાપનિકી ક્રિયા કહેવાય. તાત્પર્ય કે આ ક્રિયા પણ સ્વ અને પરના ભેદથી બે પ્રકારની છે.

(૫) **પ્રાણાતિપાતિકી**–પોતાના તથા બીજાનાં પ્રાણનો નાશ કરતાં જે ક્રિયા લાગે, તે પ્રાણાતિપાતિકી ક્રિયા કહેવાય.

(૬) **આરંભિકી**–ખેતી કરવી, ઘાસ કાપવું, રસોઈ કરવી વગેરે જીવનનિર્વાહ માટેની પ્રવૃત્તિઓને આરંભ કહેવામાં આવે છે. તેના દ્વારા જે ક્રિયા લાગે, તે આરંભિકી કહેવાય છે. આમાં જીવ હણવાની બુદ્ધિ હોતી નથી, છતાં જીવ હણાય છે, તેથી ક્રિયા લાગે છે. જો જીવ હણવાની બુદ્ધિએ આવી ક્રિયા થાય, તો તેની ગણના પ્રાણાતિપાતિકીમાં થાય છે.

(૭) **પારિગ્રહિકી**—ધન, ધાન્ય, જમીન, પશુ વગેરેનો મમત્વ ભાવથી સંગ્રહ કરતાં જે ક્રિયા લાગે, તેને પારિગ્રહિકી કહેવાય.

(૮) **માયાપ્રત્યયિકી**—માયા–કપટ કરવાથી જે ક્રિયા લાગે, તે માયાપ્રત્યયિકી કહેવાય. પ્રત્યય એટલે કારણ.

(૯) **મિથ્યાદર્શનપ્રત્યયિકી**—જિનપ્રણીત તત્ત્વોની વિપરીત શ્રદ્ધા કરતાં જે ક્રિયા લાગે, તે મિથ્યાદર્શનપ્રત્યયિકી કહેવાય.

(૧૦) **અપ્રત્યાખ્યાનિકી**—ત્યાગની અભિમુખ્યતાએ લેવાતી પ્રતિજ્ઞાને પ્રત્યાખ્યાન કહેવાય છે. આવી પ્રતિજ્ઞાના અભાવે જે ક્રિયા લાગે, તે અપ્રત્યાખ્યાનિકી કહેવાય.

(૧૧) **દૃષ્ટિકી**—જીવ અથવા અજીવને રાગાદિથી દેખતાં જે ક્રિયા લાગે, તે દૃષ્ટિકી કહેવાય.

(૧૨) **સ્પૃષ્ટિકી**—જીવ અથવા અજીવને રાગાદિથી સ્પર્શ કરતાં જે ક્રિયા લાગે, તે સ્પૃષ્ટિકી કહેવાય.

(૧૩) **પ્રાતિત્યકી**—જીવ અથવા અજીવને આશ્રયી રાગ દ્વેષ કરતાં જે ક્રિયા લાગે, તે પ્રાતિત્યકી ક્રિયા કહેવાય. કોઈના હાથી, ઘોડા, નોકર-ચાકર વગેરેને રાગદ્વેષથી જોતાં જીવપ્રાતિત્યકી ક્રિયા લાગે, અને આભૂષણ, મહેલ વગેરેને રાગદ્વેષથી જોતાં અજીવપ્રાતિત્યકી ક્રિયા લાગે.

(૧૪) **સામંતોપનિપાતિકી**—સમંતાત્ એટલે ચારે બાજુથી; ઉપનિપાત એટલે લોકોનું આવી પડવું, અથવા ત્રસ જંતુઓનું આવી પડવું, તે સામંતોપનિપાતિકી ક્રિયા. તાત્પર્ય કે પોતાને ત્યાં ઉત્તમ હાથી, ઘોડા વગેરે લાવવાથી અનેક લોકો જોવા આવે અને તેમની પ્રશંસા સાંભળી પોતે રાજી થાય તથા કોઈ તેની ખોડ-ખાંપણ બતાવે તો દ્વેષ આવે, તેને સામંતોપનિપાતિકી ક્રિયા કહેવાય.

અથવા તેલ-ઘી વગેરેનાં ભાજનો ઉઘાડાં મૂકતાં તેમાં ચારે બાજુથી ઉડતા ત્રસ જીવો આવીને પડે, તે પણ સામંતોપ-નિપાતિકી ક્રિયા કહેવાય.

(૧૫) **નૈશસ્ત્રિકી**—રાજા વગેરેની આજ્ઞાથી શસ્ત્ર-અસ્ત્ર ઘડાવવા વડે જે ક્રિયા લાગે, તે નૈશસ્ત્રિકી કહેવાય. અથવા જીવ અને અજીવ પર યંત્રપ્રયોગ કરતાં જે ક્રિયા લાગે, તે નૈસૃષ્ટિકી કહેવાય. યંત્રાદિ વડે કૂવામાંથી પાણી કાઢી કૂવો ખાલી કરવો તે જીવનૈસૃષ્ટિકી ક્રિયા કહેવાય અને ધનુષ્યમાંથી બાણ ફેંકવું, તે અજીવનૈસૃષ્ટિકી ક્રિયા કહેવાય.

(૧૬) **સ્વાહસ્તિકી**—પોતાના હાથે શ્વાનાદિ જીવ વડે અથવા શસ્ત્રાદિ અજીવ વડે જીવ મારવાથી જે ક્રિયા લાગે, તે સ્વાહસ્તિકી કહેવાય.

(૧૭) **આજ્ઞાપનિકી**—જીવ અથવા અજીવને આજ્ઞા કરવાથી જે ક્રિયા લાગે, તે આજ્ઞાપનિકી કહેવાય. અહીં આનયનિકી એવું નામ પણ જોવામાં આવે છે. બીજા પાસે કોઈ વસ્તુ મંગાવવાથી જે ક્રિયા લાગે, તે આનયનિકી કહેવાય.

(૧૮) **વૈદારણિકી**—જીવ અથવા અજીવને વિદારણ કરવા વડે જે ક્રિયા લાગે, અથવા બીજાના દુશ્ચરિત્રનો પ્રકાશ કરી તેની માન-પૂજાનો નાશ કરવા વડે જે ક્રિયા લાગે, તે વૈદારણિકી કહેવાય. અહીં વૈતારિણકી એવું નામ

પણ જોવામાં આવે છે. બીજાઓને છેતરવા વડે જે ક્રિયા લાગે તે વૈતારણિકી ક્રિયા કહેવાય.

(૧૯) **અનાભોગિકી**—અનાભોગ એટલે અસાવધાની. કોઈ પણ પ્રવૃત્તિ અસાવધાનીએ કરતાં જે ક્રિયા લાગે, તે અનાભોગિકી કહેવાય.

(૨૦) **અનવકાંક્ષપ્રત્યયિકી**—પોતાના અથવા પરના હિતની આકાંક્ષા-અપેક્ષારહિત આ લોક અને પરલોક વિરુદ્ધ ચોરી, પરદારગમન વગેરે પ્રવૃત્તિ કરતાં જે ક્રિયા લાગે, તે અનવકાંક્ષપ્રત્યયિકી કહેવાય.

(૨૧) **પ્રાયોગિકી**—અહીં પ્રયોગ શબ્દથી હિંસાદિ દુષ્ટ કાયવ્યાપાર, અસત્ય ભાષણરૂપ દુષ્ટ વચનવ્યાપાર અને દ્રોહ, ઈર્ષ્યા, અભિમાન વગેરેરૂપ દુષ્ટ મનોવ્યાપાર સમજવો. તેના વડે જે ક્રિયા લાગે, તે પ્રાયોગિકી કહેવાય.

(૨૨) **સમાદાનિકી**—ત્રણ પ્રકારના યોગ દ્વારા આઠ પ્રકારના કર્મપુદ્ગલને ગ્રહણ કરવારૂપ જે ક્રિયા, તે સમાદાનિકી કહેવાય. અથવા તો યોગને બનાવવામાં સમર્થ એવાં પુદ્ગલોનું ગ્રહણ કરવું, તે સમાદાનિકી ક્રિયા કહેવાય.

(૨૩) **પ્રેમપ્રત્યયિકી**—પોતે પ્રેમ કરતાં અથવા બીજાને પ્રેમ ઉપજે એવાં વચનો બોલતાં જે ક્રિયા લાગે, તે પ્રેમપ્રત્યયિકી કહેવાય.

(૨૪) **દ્વેષપ્રત્યયિકી**—પોતે દ્વેષ કરતાં અથવા બીજાને દ્વેષ ઉપજે એવાં વચનો બોલતાં જે ક્રિયા લાગે, તે દ્વેષપ્રત્યયિકી કહેવાય.

(૨૫) **ઐર્યાપથિકી**—કષાયનો અભાવ થતાં કેવળ કાયયોગ નિમિત્તે જે ક્રિયા લાગે, તે ઐર્યાપથિકી કહેવાય. આ ક્રિયા મોહનીયકર્મ રહિત છદ્મસ્થને અથવા સયોગી કેવલીને હોય છે.

આમાંના કેટલાક ભેદો ઇન્દ્રિય, કષાય, અવ્રત અને યોગમાં અંતર્ગત થઇ શકે એવા છે, પણ ક્રિયાની અપેક્ષાએ તેનું સ્વતંત્ર નિરૂપણ કરેલું છે. તેમાં ઉપલક દૃષ્ટિએ કેટલાક ભેદ સમાન જેવા લાગે છે, પણ સૂક્ષ્મ દૃષ્ટિએ વિચારતાં તે જુદા છે.

આશ્રવથી બચીએ તો કર્મબંધથી બચાય અને કર્મબંધથી બચીએ તો આત્માની ઉન્નતિ સાધી શકાય; તેથી આશ્રવથી બચવા માટે પૂરતી કાળજી રાખવાની જરૂર છે.

'આશ્રવતત્ત્વ' નામનું આઠમું પ્રકરણ અહીં પૂરું થાય છે.

## પ્રકરણ નવમું

# સંવરતત્ત્વ

[ ગાથા પચીશમીથી તેત્રીશમી સુધી ]

### (૧) ઉપક્રમ :

જેમ જીવનું વિરોધી તત્ત્વ અજીવ છે અને પુણ્યનું વિરોધી તત્ત્વ પાપ છે, તેમ આશ્રવનું વિરોધી તત્ત્વ સંવર છે. તત્ત્વાર્થસૂત્રમાં તો 'आश्रवनिरोधः संवरः – આશ્રવનો નિરોધ, તેજ સંવર ' એવી સ્પષ્ટ વ્યાખ્યા કરવામાં આવી છે.

આશ્રવની ગણના હેયતત્ત્વમાં થઈ છે, કારણ કે કર્મનો સમૂહ–કર્મનું કટક આત્મા ભણી આવે એ ઈષ્ટ નથી. ધાડપાડુઓનું કોઈ ટોળું ગામભણી આવતું હોય, તો એને ઈષ્ટ કોણ લેખે ? એ ગામમાં આવે તો નિશ્ચિત લૂંટફાટ કરવાનું અને લોકોને ત્રાસ પમાડવાનું. કર્મકટકની સ્થિતિ પણ આવી જ છે. તેનો આત્મા સાથે સંબંધ થયો કે તે જ્ઞાનાદિ અનેક ગુણોનો રોધ કરવાનું અને દુઃખ, કષ્ટ કે મુશીબતોની જાળ પાથરવાનું. પરંતુ સંવરની ક્રિયા આ

અનિચ્છનીય સ્થિતિમાંથી બચાવે છે. તે કર્મકટકને ‘ રૂક જાઓ ’નો આદેશ આપે છે અને આત્મગુણોનો વિકાસ કરી તેનું ઊર્ધ્વીકરણ કરે છે. શાસ્ત્રીય પરિભાષામાં કહીએ તો આત્માને તે એક પછી એક ઊંચા ગુણસ્થાનકે ચડાવે છે અને એ રીતે તેની ઉન્નતિ કરવામાં અપૂર્વ ફાળો આપે છે. સંવરતત્ત્વની ગણના શુદ્ધ ઉપાદેય તત્ત્વમાં થાય છે.

હવે ક્રમપ્રાપ્ત સંવરતત્ત્વનું વર્ણન કરવા માટે પ્રકરણકાર મહર્ષિ પચીશમી ગાથા આ પ્રમાણે કહે છે:

(૨) મૂળગાથા :

**समिई गुत्ती परीसह, जइधम्मो भावणा चरित्ताणि ।**
**पण ति दुवीस दस, बार पंच भेएहिं सगवन्ना ॥२५॥**

(૩) સંસ્કૃત છાયા :

**समितिर्गुप्तिः परीषहो यतिधर्मो–भावनाश्चरित्राणि ।**
**पंच त्रिक द्वाविंशतिर्दश द्वादशपञ्चभेदः सप्तपञ्चाशत् ॥२५॥**

(૪) શબ્દાર્થ :

समिई–સમિતિ.

‘ समेकीभावेनेति समितिः–સારી રીતે એકીભાવ થયેલો છે–એકાગ્રતા થયેલી છે, જે ક્રિયામાં તે સમિતિ. ’ અથવા ‘ शोभनैकाग्रपरिणामा चेष्टा समितिः–એકાગ્ર પરિણામવાળી અર્થાત્ સમ્યગ્ ઉપયોગવાળી પ્રવૃત્તિ તે સમિતિ. ’

गुत्ती–ગુપ્તિ.

गोपनं गुप्तिः–જે ક્રિયા વડે અનિષ્ટ સંપર્ક કે અનિષ્ટ

પરિણામ રોકાય, તેને ગુપ્તિ કહે છે. અહીં गुप् ધાતુ રક્ષા કરવાના અર્થમાં છે.

**परीसह**–પરીષહ, પરીષહજય.

મોક્ષમાર્ગમાંથી વિનિપાત ન થવા દેનારી તેમજ કર્મની નિર્જરાના કારણભૂત એવી ક્ષુધાદિ ઉપદ્રવો સહન કરવાની શક્તિને પરીષહજય કહે છે.

**जइधम्मो**–યતિધર્મ.

મોક્ષ માટે યત્ન કરે તે યતિ કહેવાય છે. સાધુ, શ્રમણ, મુનિ, ભિક્ષુ એ તેના પર્યાયશબ્દો છે. યતિનો ધર્મ, તે યતિધર્મ.

**भावणा**–ભાવના.

જે ભવવૈરાગ્યાદિ નિમિત્તે વારંવાર ભાવવામાં આવે–વિચારવામાં આવે, તે ભાવના કહેવાય છે. અથવા જેના પુનઃ પુનઃ સ્મરણ વડે આત્મા મોક્ષાભિમુખ થાય, તેને ભાવના સમજવાની છે.

**चरित्ताणि**–ચારિત્ર.

'चरन्ति अनिन्दितमनेन इति चारित्रम् । જેના વડે અનિન્દિત અર્થાત્ પ્રશસ્ત આચરણ થાય, તે ચારિત્ર કહેવાય.' અથવા 'अष्टविध–कर्मचयरिक्तीकरणाद् वा चारित्रम्–આઠ પ્રકારના કર્મસંચયને ખાલી કરનાર હોવાથી તે ચારિત્ર કહેવાય છે.'

**पण**–પાંચ.

त्ति–ત્રણ.

दुवीस–બાવીશ.

दस–દશ.

बार–બાર.

पंच–પાંચ.

भेएहिं–ભેદો વડે.

सगवन्ना–સત્તાવન.

(૫) અર્થ-સંકલના :

**સંવરતત્ત્વ સમિતિ, ગુપ્તિ, પરીષહજય, યતિધર્મ, ભાવના અને ચારિત્રના પાંચ, ત્રણ, બાવીશ, દશ. બાર અને પાંચ ભેદો વડે સત્તાવન પ્રકારનું છે.**

(૬) વિવેચન :

સંવરતત્ત્વ સત્તાવન ભેદે જાણવા યોગ્ય છે. આ સત્તાવન ભેદોનો નિર્દેશ પ્રસ્તુત ગાથામાં કરવામાં આવ્યો છે. તેમાં પ્રથમ સંવરતત્ત્વના મુખ્ય છ ભેદો કહી, પછી તેના ઉત્તરભેદો કહેવામાં આવ્યા છે. સમિતિ, ગુપ્તિ, પરીષહજય, યતિધર્મ, ભાવના અને ચારિત્ર એ સંવર-તત્ત્વના મુખ્ય ભેદો છે. તેમાં સમિતિ પાંચ પ્રકારની છે, ગુપ્તિ ત્રણ પ્રકારની છે. પરીષહજય બાવીશ પ્રકારનો છે, યતિધર્મ દશ પ્રકારનો છે, ભાવના બાર પ્રકારની છે અને ચારિત્ર પાંચ પ્રકારનું છે. આ રીતે સંવરતત્ત્વના કુલ સત્તાવન ભેદો થાય છે.

તત્ત્વાર્થસૂત્રમાં સંવરતત્ત્વના મુખ્ય છ ભેદો આપેલા છે, પણ તેના ક્રમમાં તફાવત છે, જેમ કે–' स गुप्ति समितिधर्मानुप्रेक्षापरीषहजयचारित्रैः ।' તે અર્થાત્ સંવર ગુપ્તિ, સમિતિ (યતિ) ધર્મ, અનુપ્રેક્ષા (ભાવના), પરીષહજય અને ચારિત્ર વડે થાય છે.' વિશેષમાં ' तपसा निर्जरा च ' એ સૂત્ર વડે એમ સૂચિત કર્યું છે કે તપ વડે સંવર અને નિર્જરા બંને થાય છે, એટલે તપને પણ સંવરની જ એક ક્રિયા સમજવાની છે.

અહીં સંવરના જે છ મુખ્ય ભેદો આપ્યા છે, તે સાધુ કે શ્રમણજીવનનાં પ્રધાન અંગો છે; તાત્પર્ય કે સંવરની સાધના સાધુજીવનમાં ઉત્તમ રીતે થાય છે. સંયમી આત્માની જીવનધારણ કરવા માટેની સમ્યક્ પ્રવૃત્તિ, તે સમિતિ કહેવાય છે; મન–વચન–કાયાની સાવદ્ય પ્રવૃત્તિને રોકવી અને નિરવદ્ય પ્રવૃત્તિ કરવી, તે ગુપ્તિ કહેવાય છે; સંયમમાં સ્થિર રહેવા માટે ક્ષુદ્ર ઉપદ્રવો સમભાવે સહન કરી લેવા, તે પરીષહજય કહેવાય છે; ક્ષમાદિ દશ ઉત્તમ ધર્મોનું પાલન કરવું, તે યતિધર્મ કહેવાય છે; અનિત્યાદિ બાર પ્રકારની વિચારધારાનું સેવન કરવું, તે ભાવના કહેવાય છે; અને વિરતિમય જીવન ગાળવું, તે ચારિત્ર કહેવાય છે.

## (૧) ઉપક્રમ :

પૂર્વ ગાથામાં સંવરના સત્તાવન ભેદોની ગણના કરવામાં આવી છે. તેમાં પ્રથમ ઉલ્લેખ સમિતિ અને ગુપ્તિનો કરવામાં

આવ્યો છે. સમિતિ પાંચ પ્રકારની છે, ગુપ્તિ ત્રણ પ્રકારની. તેનાં નામો પ્રકરણકાર મહર્ષિ છવ્વીસમી ગાથામાં આ પ્રમાણે કહે છે :

(૨) મૂળગાથા :

इरिया भासेसणाऽऽदाणे, उच्चारे समिईसु अ ।
मणगुत्ती वयगुत्ती, कायगुत्ती तहेव य ॥२६॥

(૩) સંસ્કૃત છાયા :

ईर्या-भाषा-एषणाऽऽदाने, उच्चारे समितयश्च ।
मनोगुप्तिः वचोगुप्तिः, कायगुप्तिस्तथैव च ॥२६॥

(૪) શબ્દાર્થ :

इरिया-ઈર્યાસમિતિ.

ईरणम् ईर्या-જવા-આવવાની કે ચાલવાની પ્રવૃત્તિને ઈર્યા કહેવામાં આવે છે. તેને લગતી જે સમિતિ, તે ઈર્યાસમિતિ.

भास-ભાષાસમિતિ.

भास અને एसणा ની સંધિ થતાં भासेसणा એવું પદ બનેલું છે. भास-ભાષા, વાણી-વ્યવહાર. તેને લગતી જે સમિતિ તે ભાષાસમિતિ.

एसणा-એષણાસમિતિ.

एसणा-શુદ્ધ આહાર, ઉપધિ અને શય્યા મેળવવાનો પ્રયત્ન, તેને લગતી જે સમિતિ, તે એષણાસમિતિ.

आदाने-આદાનસમિતિ, આદાનનિક્ષેપસમિતિ.

આદાન-લેવું, ઉપલક્ષણથી મૂકવું. તાત્પર્ય કે વસ્ત્ર, પાત્ર વગેરે લેવા અને મૂકવાને લગતી જે સમિતિ, તે આદાનસમિતિ કે આદાન-નિક્ષેપ સમિતિ.

**उच्चारे**-ઉચ્ચારસમિતિ, ઉત્સર્ગસમિતિ.

उच्चार-ઝાડો-પેશાબ. ઉપલક્ષણથી કફ, નાસિકાનો મેલ, અશુદ્ધ આહાર, વધેલો આહાર, નિરુપયોગી થયેલ ઉપકરણ વગેરે. તેને પરઠવવાને લગતી જે સમિતિ, તે ઉચ્ચાર કે ઉત્સર્ગસમિતિ. તેને પારિષ્ઠાપનિકાસમિતિ પણ કહે છે. પરિષ્ઠાપન કરવું એટલે નિરુપયોગી થયેલ વસ્તુને વિધિસર પરઠવવી દેવી-છોડી દેવી.

**मणगुत्ती**-મનોગુપ્તિ.

મનને સાવદ્યમાર્ગના વિચારથી રોકવું અને સમ્યગ્ વિચારમાં પ્રવર્તાવવું, તે મનોગુપ્તિ કહેવાય. સમિતિ પ્રવૃત્તિ-રૂપ છે અને ગુપ્તિ નિવૃત્તિ-પ્રવૃત્તિરૂપ છે.

**वयगुत्ती**-વચનગુપ્તિ.

સાવદ્ય વચન ન બોલવું અને નિરવદ્ય વચન બોલવું, તે વચનગુપ્તિ કહેવાય.

**कायगुत्ती**-કાયગુપ્તિ.

કાયાને સાવદ્ય પ્રવૃત્તિમાંથી રોકવી અને નિરવદ્ય પ્રવૃત્તિમાં જોડવી, તે કાયગુપ્તિ કહેવાય.

**तहेव**-તેમજ.

**य**-વળી, અથવા છંદપૂર્તિ માટે.

(૫) અર્થ-સંકલના :

પાંચ સમિતિઓ તે ઈર્યાસમિતિ, ભાષાસમિતિ, એષણાસમિતિ, આદાન-નિક્ષેપસમિતિ અને ઉત્સર્ગસમિતિ. તેમજ ત્રણ ગુપ્તિઓ તે મનોગુપ્તિ, વચનગુપ્તિ અને કાયગુપ્તિ.

(૬) વિવેચન :

સંવરની સિદ્ધિ કરવા માટે જે ક્રિયાઓ ઉપયોગી મનાયેલી છે, તેમાં સમિતિ અને ગુપ્તિની મુખ્યતા છે. શાસ્ત્રકારોએ તેને અષ્ટપ્રવચનમાતાની ઉપમા આપેલી છે. પ્રવચન એટલે સંયમી પુરુષનો ચારિત્રરૂપ દેહ. તેનું ધારણ-પોષણ કરવા માટે માતા સમાન એવી જે આઠ વસ્તુઓ તે અષ્ટ પ્રવચનમાતા. શ્રી ઉતરાધ્યયન સૂત્રમાં કહ્યું છે કે–

एयाओ पञ्च समिईओ, चरणस्स य पवत्तणे ।
गुत्ती नियत्तणे वुत्ता, असुभत्थेसु सव्वसा ॥
एसा पवयणमाया, जे सम्मं आयरे मुणी ।
खिप्पं सव्व संसारा, विप्पमुच्चइ पण्डिए ॥

'આ પાંચ સમિતિઓ ચારિત્રનું પ્રવર્તન કરવામાં ઉપયોગી છે; અને ત્રણ ગુપ્તિઓ અશુભ વ્યાપારમાંથી સર્વથા નિવૃત્ત થવા માટે ઉપયોગી છે. આ રીતે આઠ પ્રવચનમાતાનું જે બુદ્ધિમાન મુનિ સમ્યગ્ આચરણ કરે છે, તે સર્વ સંસારમાંથી શીઘ્ર મુક્ત થાય છે.'

ઈર્યાસમિતિનું પાલન કરવા માટે નીચેના છ નિયમોનું અનુસરણ જરૂરી છે :

(૧) જ્ઞાન-દર્શન-ચારિત્રના હેતુથી ચાલવું, અન્ય હેતુથી નહિ.

(૨) દિવસના સમય દરમિયાન ચાલવું, રાત્રે નહિ.

(૩) જ્યાં સારી રીતે અવરજવર થતી હોય તેવા માર્ગમાં ચાલવું, પણ તદ્દન નવા માર્ગમાં ચાલવું નહિ કે જ્યાં સચિત્ત માટી વગેરેનો સંભવ હોય છે.

(૪) સારી રીતે જોઈને ચાલવું, પણ જોયા વિના ચાલવું નહિ.

(૫) નજરને નીચી રાખી ચાર હાથ ભૂમિનું અવલોકન કરતાં ચાલવું, પણ નજરને ઊંચી રાખી અહીં તહીં જોતા ચાલવું નહિ.

(૬) ઉપયોગપૂર્વક ચાલવું, ઉપયોગ વિના નહિ.

**ભાષા સમિતિનું** પાલન કરવા માટે નીચેના આઠ નિયમોનું અનુસરણ જરૂરી છે :

(૧) ક્રોધથી બોલવું નહિ

(૨) અભિમાનપૂર્વક બોલવું નહિ.

(૩) માયા એટલે છલથી બોલવું નહિ.

(૪) લોભથી બોલવું નહિ.

(૫) હાસ્યથી બોલવું નહિ.

(૬) ભયથી બોલવું નહિ.

(૭) વાક્ચાતુરીથી બોલવું નહિ.

(૮) વિકથા કરવી નહિ.

અહીં વિકથા શબ્દથી સ્ત્રીકથા, ભક્તકથા (ભોજનને

લગતી વાત), દેશકથા (લૌકિક રિવાજોને લગતી વાત) અને રાજકથા (રાજાઓના ઐશ્વર્યને લગતી વાત) સમજવાની છે. તે ઇન્દ્રિયો તથા મનમાં ઉત્તેજના લાવનારી હોવાથી છોડવા યોગ્ય છે.

ભાષાસમિતિનું પાલન કરનાર કઠોર વાણીનો પ્રયોગ કરે નહિ. કાણાને કાણો કહેવો, નપુંસકને નપુંસક કહેવો, વ્યાધિગ્રસ્તને રોગી કહેવો કે ચોરને ચોર કહેવો, એ કઠોરવાણી છે. તેમને પણ મહાશય, મહાનુભાવ, દેવાનુપ્રિય ઇત્યાદિ સારા શબ્દો વડે સંબોધવા જરૂરી છે.

ભાષાસમિતિનું પાલન કરનારે સાવદ્ય વાણીનો ઉપયોગ પણ કરવાનો નથી. 'આ વૃક્ષો કાપવા યોગ્ય છે,' 'આ વાછડા હવે જોડવા યોગ્ય છે,' 'અહીંનું ઘાસ કાપી નાખો,' વગેરે શબ્દપ્રયોગો સાવદ્ય છે.

આત્મહિતાર્થીએ પ્રિય, પથ્ય તથા સત્ય વચન બોલવું યોગ્ય છે.

**એષણાસમિતિનું** પાલન કરવા માટે નીચેના ૪૨ નિયમોનું અનુસરણ જરૂરી છે :

(૧) જે આહાર કે વસ્તુ શ્રમણ એટલે સાધુ–સાધ્વીજીઓ માટે જ બનાવી હોય, તે લેવી નહિ.

(૨) જે આહાર કે વસ્તુ શ્રમણવર્ગનો ઉદ્દેશ રાખીને બનાવી હોય, તે લેવી નહિ.

(૩) જે આહાર અકલ્પ્યના સંસર્ગમાં આવેલો હોય,

તે લેવો નહિ. પિંડનિર્યુક્તિમાં તેને અધ્યવપૂરક નામનો દોષ કહેલો છે.

(૪) જે આહાર કે વસ્તુ પોતાના પરિવાર તથા શ્રમણોને લક્ષમાં રાખીને બનાવી હોય તે લેવી નહિ.

(૫) જે આહાર કે વસ્તુ શ્રમણોને માટે કેટલાક વખતથી રાખી મૂકેલી હોય, તે લેવી નહિ.

(૬) જે આહાર કે વસ્તુ ખાસ કરીને દાન માટે તૈયાર કરેલી હોય, તે લેવી નહિ.

(૭) જે આહાર કે વસ્તુ અંધારામાં પડી હોય અને તેને જોવા માટે દીવો કરવો પડે તેમ હોય કે અન્ય રીતે પ્રકાશ કરવો પડે તેમ હોય, તો તે લેવી નહિ.

(૮ થી ૧૨) જે આહાર કે વસ્તુ શ્રમણોને આપવા માટે કિંમત આપીને ખરીદેલી હોય, ઉધાર લીધેલી હોય, વિનિમય કરીને મેળવેલી હોય, બીજા સ્થાનેથી મંગાવેલી હોય, કે બીજા પાસેથી ઝુંટવીને મેળવેલી હોય, તે લેવી નહિ.

(૧૩) જે આહાર કે વસ્તુ સામેથી લાવવામાં આવી હોય, તે લેવી નહિ.

(૧૪) જે આહાર કે વસ્તુ કમાડ ખોલીને કે માળ ઉપરથી ઉતારીને લાવવામાં આવી હોય, તે લેવી નહિ.

(૧૫) જે આહાર કે વસ્તુ ભાગીદારની સંમતિ વિના આપવામાં આવી હોય, તે લેવી નહિ.

(૧૬) જે આહાર કે વસ્તુ શ્રમણોનું આગમન જાણીને અધિક પાણી વગેરે નાખીને બનાવી હોય, તેને લેવી નહિ.

નીચેની રીતિએ પણ આહારાદિ ગ્રહણ કરવા નહિ :-

(૧૭) બાળકને રમાડીને.

(૧૮) દૂતીની માફક સગાંવહાલાંના સમાચાર કહીને.

(૧૯) નિમિત્ત કે જ્યોતિષ કહીને.

(૨૦) જ્ઞાતિ કે જાતિ બતાવીને. જેમકે-હું અમુક જ્ઞાતિનો કે જાતિનો છું. સંસારપક્ષે અમુકનો અમુક સગો થાઉં છું વગેરે.

(૨૧) દીનતા બતાવીને. જેમકે-તમે નહિ આપો તો અમને બીજા કોણ આપશે ?

(૨૨) દવા કરીને.

(૨૩) ક્રોધ કરીને.

(૨૪) અહંકાર કરીને.

(૨૫) કપટ કરીને.

(૨૬) લોભ કરીને.

(૨૭) દાતારના ગુણો ગાઈને.

(૨૮) વિદ્યા, કામણ કે વશીકરણ કરીને

(૨૯) મંત્ર-તંત્રનો પ્રયોગ કરીને.

(૩૦) ગોળી, ચૂર્ણ આદિના નુસખા બતાવીને.

(૩૧) સૌભાગ્ય-દુર્ભાગ્યનું કથન કરીને.

(૩૨) ગર્ભ પડાવીને (ગર્ભ પાડવામાં સહાયભૂત થઈને).

(૩૩) જેની નિર્દોષતાની પૂરી ખાતરી ન થઈ હોય તે ગ્રહણ કરીને.

(૩૪) હાથ સચિત્ત વસ્તુથી ખરડાયેલો હોય અને આપે તો.

(૩૫) આહાર કે વસ્તુ કોઈ સચિત્ત પદાર્થ પર રાખેલી હોય અને તે આપે તો.

(૩૬) આહાર કે વસ્તુ પર કોઈ સચિત્ત પદાર્થ રાખેલો હોય અને તે આપે તો.

(૩૭) આહાર કે વસ્તુ સચિત્તને સ્પર્શ કરતા હોય તો.

(૩૮) દાતા અંધ કે પંગુ હોય અને આપે તો.

(૩૯) વસ્તુ પૂરેપૂરી અચિત્ત ન હોય અને આપે તો.

(૪૦) સચિત્ત અને અચિત્ત વસ્તુ એક સાથે મળેલી હોય અને આપે તો.

(૪૧) કોઈ અયતનાએ વહોરાવતું હોય તો.

(૪૨) તુરતના લીંપેલાં આંગણાં પરથી આવીને આપે તો.

**આદાન-નિક્ષેપ સમિતિનું** પાલન કરવા માટે આસન, શય્યા, વસ્ત્ર, પાત્ર, પુસ્તક ઈત્યાદિ વસ્તુઓને લે-મૂક કરતાં પૂરતી સાવધાની રાખવાની જરૂર છે. એટલે કે વસ્તુને ગમે તેમ ફેંકવી નહિ, પછાડવી નહિ, પણ યથાસ્થાને સાચવીને મૂકવી. તેમજ લેવા પડે તો ઘસડીને લેવી નહિ કે ગમે તેમ લેવી નહિ, પણ વ્યવસ્થિત રીતે લેવી. આ સમિતિનું પાલન કરવા માટે મુનિઓ પ્રાતઃકાળના પ્રતિક્રમણ બાદ મુહપત્તી, ચોળ[1]પટ્ટો, ઊની [2]કલ્પ, સૂતરના

૧. અધોવસ્ત્ર. ૨. અંતરપટ.

બે કલ્પ, રજોહરણની અંદરનો નિસિજ્જ, ઓઘો, સંથારિયું, ઉત્તરપટ્ટો અને દંડ વગેરેની પડિલેહણા–પ્રતિલેખના કરે છે અને તેમાં કોઈ જીવજંતુ જોવામાં આવે તો ઓઘાની ઊનની અતિ કોમળ દશી વડે તેને દૂર કરી દે છે. દિવસના ત્રીજા પ્રહરે પણ તેઓ આવી જ રીતે મુહપત્તી, ચોલપટ્ટો, ગુચ્છો, પાત્રલેખનિકા, પાત્રબંધ, પડલા, રજસ્ત્રાણ, પાત્રસ્થાપન, માત્રક (ભિક્ષામાં વસ્તુ જોવા આદિનું પાત્ર), પાતરાં રજોહરણ, ઊનનું કલ્પ, અને બે સૂતરાઉ કલ્પ વગેરેની પડિલેહણા કરે છે.

**ઉત્સર્ગસમિતિ કે પારિષ્ઠાપનિકાસમિતિનું** પાલન કરવા માટે મલ, મૂત્ર, શ્લેષ્મ, થૂક, કેશ, નિરુપયોગી ઉપકરણ તથા અન્ય પરઠવવા યોગ્ય વસ્તુઓ જીવજંતુરહિત તથા અચિત્ત ભૂમિમાં એટલે કે જ્યાં લીલોતરી પ્રમુખ ન ઉગેલ હોય તેવી જગાએ વિધિસર પરઠવવી જરૂરી છે.

જીવનધારણ માટે ચાલવું, ખાનપાનાદિ સામગ્રી મેળવવી, વસ્ત્ર–પાત્ર વગેરેની લે–મૂક કરવી તથા મલ–મૂત્રાદિનું વિસર્જન કરવું જરૂરી છે, પણ તે દરેક ક્રિયા સાવધાનીપૂર્વક–યતનાપૂર્વક–શાસ્ત્રના નિયમપૂર્વક કરવી, એ પાંચ સમિતિનો સાર છે. તેનાથી ચારિત્રનું ઘડતર ઉત્તમ પ્રકારે થાય છે અને ઉપયોગ વધતાં વિશેષ આત્મજાગૃતિ અનુભવાય છે.

હવે ગુપ્તિ સંબંધી વિચારણા કરીએ. મનને સાવદ્ય

માર્ગના વિચારોથી રોકવું અને સમ્યગ્ વિચારોમાં પ્રવર્તાવવું તે મનોગુપ્તિ કહેવાય છે. સમિતિ માત્ર પ્રવૃત્તિરૂપ છે, જ્યારે ગુપ્તિ નિવૃત્તિ અને પ્રવૃત્તિ બંને રૂપ છે. મનોગુપ્તિના ત્રણ પ્રકારો છે : (૧) અકુશલનિવૃત્તિ, (૨) કુશલપ્રવૃત્તિ અને (૩) યોગનિરોધ. તેમાં મનને આર્તધ્યાન અને દુર્ધ્યાનથી રોકવું, તે અકુશલનિવૃત્તિરૂપ મનોગુપ્તિ છે. મનને ધર્મ-ધ્યાન અને શુકલધ્યાનમાં જોડવું, તે કુશલપ્રવૃત્તિરૂપ મનોગુપ્તિ છે અને મનોયોગનો સર્વથા નિરોધ કરવો, તે યોગનિરોધરૂપ મનોગુપ્તિ છે. કેવલી ભગવંતને મનોયોગનો સર્વથા અભાવ થતાં આ ત્રીજા પ્રકારની મનોગુપ્તિ હોય છે.

સાવદ્ય વચનનો નિગ્રહ કરવો અને નિરવદ્ય વચનની પ્રવૃત્તિ કરવી, તે વચનગુપ્તિ કહેવાય છે. આ વચનગુપ્તિ બે પ્રકારની છે : (૧) મૌનાવલંબિની અને (૨) વાઙ્-નિયમિની. તેમાં મુખ, નયન, આંગળી વગેરેથી થતી તમામ પ્રકારની સંજ્ઞાઓનો ત્યાગ કરીને મૌનનું અવલંબન કરવું, તે મૌનાવલંબિની વચનગુપ્તિ કહેવાય છે અને બોલતી વખતે કે શાસ્ત્ર વાંચતી વખતે મુખ આડી મુહપત્તી રાખવી, તે વાઙ્નિયમિની વચનગુપ્તિ કહેવાય છે.

કાયાને સાવદ્ય પ્રવૃત્તિમાંથી રોકવી અને નિરવદ્ય પ્રવૃત્તિમાં જોડવી, તે કાયગુપ્તિ કહેવાય છે. આ કાયગુપ્તિ બે પ્રકારની છે : (૧) ચેષ્ટાનિવૃત્તિ અને (૨) યથાસૂત્ર ચેષ્ટાનિયમિની. તેમાં ઉપસર્ગાદિ પ્રસંગે પણ કાયાને

ચલાયમાન ન કરવી તથા કેવલી ભગવંતોએ કરેલો કાયયોગનો નિરોધ તે ચેષ્ટાનિવૃત્તિરૂપ કાયગુપ્તિ કહેવાય છે અને શાસ્ત્રમાં કહેલી વિધિ પ્રમાણે ગમનાગમન આદિ કરવું તે યથાસૂત્રચેષ્ટાનિયમિનીરૂપ કાયગુપ્તિ કહેવાય છે.

મનનો નિગ્રહ કરવો, વચનનો નિગ્રહ કરવો અને કાયાનો પણ નિગ્રહ કરવો તથા તેનું સમ્યગ્ માર્ગે પ્રવર્તન કરવું, એ ત્રણ ગુપ્તિનો સાર છે.

સંવરની સાધના માટે સમિતિ અને ગુપ્તિનું પાલન ઘણું જરૂરી છે. ગૃહસ્થો પણ તેનું યથાશક્તિ પાલન કરીને કર્મપ્રવાહને આત્મા ભણી આવતો રોકી શકે છે.

(૧) ઉપક્રમ :

સંવરના સત્તાવન ભેદોમાં સમિતિ અને ગુપ્તિ પછી પરીષહનો ઉલ્લેખ થયેલો છે. પરીષહ બાવીશ પ્રકારના છે અને તેનો આત્માર્થીએ જય કરવાનો છે. આ પરીષહનાં નામો પ્રકરણકાર મહર્ષિ સત્તાવીશમી અને અઠ્ઠાવીશમી ગાથામાં આ પ્રમાણે રજૂ કરે છે :—

(૨) મૂળ ગાથાઓ :

खुहा पिवासा सी उण्हं, दंसाचेलारइत्थिओ ।
चरिया निसीहिया सिज्जा, अक्कोस वह जायणा ॥ २७ ॥
अलाभ रोग तणफासा, मल सक्कार परीसहा ।
पन्ना अन्नाण सम्मत्तं, इअ बावीस परीसहा ॥ २८ ॥

(૩) સંસ્કૃત છાયા :

क्षुधा पिपासा शीतमुष्णं, दंशोऽचेलकोऽरतिः स्त्रियः ।
चर्या नैषेधिकी शय्या, आक्रोशो वधो याचना ॥ २७ ॥
अलाभ रोगतृणस्पर्शा, मलसत्कारपरिषहौ ।
प्रज्ञा अज्ञानं सम्यक्त्वमिति द्वाविंशतिः परीषहाः ॥ २८ ॥

(૪) શબ્દાર્થ :

खुहा-ક્ષુધા, ક્ષુધાપરીષહ.

पिवासा-પિપાસા, તૃષા, તૃષાપરીષહ.

सी-શીતપરીષહ.

અહીં મૂળ શબ્દ सीअ નો अ લુપ્ત થયેલો છે.

उण्हं-ઉષ્ણપરીષહ.

दंस-દંશપરીષહ.

दंस અને अचेल અને अरइ તથા इत्थिओ, તે दंसाचेलारइत्थिओ. दंस-ડંખ. જંતુઓ કરડે તેને ડંખ માર્યો કહેવાય છે.

अचेल-અચેલકપરીષહ.

अचेल એટલે વસ્ત્રનો અભાવ અથવા જીર્ણ વસ્ત્ર.

अरइ-અરતિપરીષહ.

इत्थिओ-સ્ત્રીપરીષહ.

चरिया-ચર્યાપરીષહ.

निसीहिया-નૈષેધિકીપરીષહ.

सिज्जा-શય્યાપરીષહ.

अक्कोस–આક્રોશપરીષહ.

वह–વધપરીષહ..

जायणा–યાચનાપરીષહ.

अलाभ–અલાભપરીષહ.

रोग–રોગપરીષહ.

तणफासा–તૃણસ્પર્શપરીષહ.

मल–મલપરીષહ.

सक्कार–સત્કારપરીષહ.

परीसहा–પરીષહો.

पन्ना–પ્રજ્ઞાપરીષહ.

अन्नाण–અજ્ઞાનપરીષહ.

सम्मत्तं–સમ્યક્ત્વપરીષહ.

इअ–એ પ્રમાણે.

बावीस–બાવીશ.

परीसहा–પરીષહો.

**(૫) અર્થ-સંકલના :**

**(૧) ક્ષુધાપરીષહ, (૨) તૃષાપરીષહ, (૩) શીત-પરીષહ, (૪) ઉષ્ણુપરીષહ, (૫) દંશપરીષહ, (૬) અચેલકપરીષહ, (૭) અરતિપરીષહ, (૮) સ્ત્રી-પરીષહ, (૯) ચર્યાપરીષહ, (૧૦) નૈષેધિકીપરીષહ, (૧૧) શય્યાપરીષહ, (૧૨) આક્રોશપરીષહ, (૧૩) વધપરીષહ, (૧૪) યાચનાપરીષહ, (૧૫) અલાભ-પરીષહ, (૧૬) રોગપરીષહ, (૧૭) તૃણુસ્પર્શ-**

**પરીષહ, (૧૮) મલપરીષહ, (૧૯) સત્કારપરીષહ, (૨૦) પ્રજ્ઞાપરીષહ, (૨૧) અજ્ઞાનપરીષહ અને (૨૨) સમ્યક્ત્વપરીષહ, એ પ્રમાણે બાવીશ પરીષહો જાણવા.**

(૬) **વિવેચન :**

હવે ક્રમપ્રાપ્ત બાવીશ પરીષહજયનો પરિચય મેળવીએ. પરિ એટલે સમસ્તપણે, સહ એટલે સહન કરવું, પણ ધર્મમાર્ગનો ત્યાગ ન કરવો, તે પરીષહજય કહેવાય. અપેક્ષાવિશેષથી આવા પરીષહો અનેક પ્રકારના સંભવે, પરંતુ નિર્ગ્રંથપ્રવચનમાં બાવીશ પરીષહો પ્રસિદ્ધ છે અને તેનોજ અહીં નિર્દેશ કરવામાં આવ્યો છે.

(૧) **ક્ષુધાપરીષહ**—ક્ષુધા એટલે ભૂખ. તે સમ્યક્ પ્રકારે સહન કરી લેવી, પણ સદોષ આહાર ગ્રહણ કરવો નહિ, તે ક્ષુધાપરીષહનો જય કહેવાય.

(૨) **તૃષાપરીષહ**—તૃષા એટલે તરસ. તે સમ્યક્ પ્રકારે સહન કરી લેવી, પણ સદોષ પાણી વાપરવું નહિ, તે તૃષાપરીષહનો જય કહેવાય.

(૩) **શીતપરીષહ**—શીત એટલે ઠંડી. તે સમ્યક્ પ્રકારે સહન કરી લેવી, પણ અગ્નિ વગેરે સદોષ આચરણથી નિવારવી નહિ, તેને શીતપરીષહનો જય કહેવાય.

(૪) **ઉષ્ણપરીષહ**—ઉષ્ણ એટલે ઉષ્ણતા–ગરમી. તે સમ્યક્ પ્રકારે સહન કરી લેવી, પણ સદોષ આચરણથી શીતલતા ન સેવવી, તેને ઉષ્ણપરીષહનો જય કહેવાય.

(૫) **દંશપરીષહ**—ડાંસ, મચ્છર વગેરે ક્ષુદ્ર જંતુઓએ ઉપજાવેલ પીડા સમ્યક્ પ્રકારે સહન કરી લેવી, પણ તેનું અશુભ ચિંતવવું નહિ, તેને દંશપરીષહનો જય કહેવાય.

(૬) **અચેલપરીષહ**—ચેલ એટલે વસ્ત્ર. તે સર્વથા ન મળે કે જીર્ણપ્રાયઃ મળે, તો પણ દીનતા ન ચિંતવવી, તેમજ ઉત્તમ તથા મૂલ્યવાન વસ્ત્રની ઈચ્છા ન કરવી, તે અચેલપરીષહનો જય કર્યો ગણાય.

(૭) **અરતિપરીષહ**—અરતિ એટલે ઉદ્વેગનાં કારણો ઉપસ્થિત થયાં હોય, છતાં ઉદ્વેગ ન પામતાં ધર્મ-સ્થાનોની ભાવના ભાવવી અને ચારિત્રપાલનમાં ધૈર્ય રાખવું, તે અરતિપરીષહનો જય કહેવાય.

(૮) **સ્ત્રીપરીષહ**—વિષયેચ્છા પૂર્ણ કરવા માટે સ્ત્રીઓએ કરેલા ઉપદ્રવો સમ્યક્ પ્રકારે સહન કરવા પણ લેશમાત્ર વિકાર થવા દેવો નહિ, તેમજ સ્ત્રીને આધીન થવું નહિ, તે સ્ત્રીપરીષહનો જય કહેવાય.

(૯) **ચર્યાપરીષહ**—ચર્યા એટલે ચાલવું, વિહાર કરવો. મુનિએ એક સ્થાને નિયતવાસ ન કરતાં ગ્રામાનુ-ગ્રામ વિહાર કરવો, તે ચર્યાપરીષહનો જય કહેવાય.

(૧૦) **નૈષેધિકીપરીષહ**—સ્ત્રી, પશુ અને નપુંસક-વર્જિત સ્થાનમાં રહેતા કોઈ ઉપસર્ગ થાય તો ભયભીત ન થતાં સમભાવપૂર્વક સહન કરી લેવા, તે નૈષેધિકી પરીષહનો જય કહેવાય; અથવા સ્મશાન, ઉદ્યાન, પર્વત

અને શૂન્ય સ્થાનમાં રહેતાં જે ઉપસર્ગો થાય તેથી ચલિત ન થવું, તે નિષદ્યાપરીષહનો જય કહેવાય. અહીં નૈષેધિકી અને નિષદ્યા એ બંને પાઠો ચાલે છે.

(૧૧) **શય્યાપરીષહ**—ઊંચી-નીચી કે પ્રતિકૂળ શય્યા મળતાં ખેદ ન પામવો તથા અનુકૂળ શય્યા મળતાં હર્ષ ન પામવો, તે શય્યાપરીષહનો જય કહેવાય.

(૧૨) **આક્રોશપરીષહ**—કોઈએ કઠોર વચન કહ્યાં હોય, તે સમ્યક્ પ્રકારે સહન કરી લેવા, પણ તેનું અશુભ ચિંતવવું નહિ, તે આક્રોશપરીષહનો જય કહેવાય.

(૧૩) **વધપરીષહ**—વધ એટલે તાડન. કોઈ દુરાત્મા દંડ, ચાબુક વગેરેથી પ્રહાર કરે, છતાં 'આ સ્વ-કર્મનું ફળ છે, શરીર વિનશ્વર છે, માત્ર મારો આત્મા નિત્ય છે,' એમ વિચારી સમભાવે સહન કરી લે, તે વધ-પરીષહનો જય કહેવાય.

(૧૪) **યાચનાપરીષહ**—સાધુઓને જીવનનિર્વાહ માટે ભિક્ષાવૃત્તિએ રહેવાનું હોય છે. આ વખતે યાચના કરતાં એવો વિચાર ન લાવવો કે મારાથી બીજા પાસે કેમ મગાય ? પણ એમ વિચારવું કે મુનિનો એ ધર્મ છે, મુનિને માગ્યા વિના કંઈ પણ ન કલ્પે તો તે યાચના-પરીષહનો જય કહેવાય.

(૧૫) **અલાભપરીષહ**—ભિક્ષા માગવા છતાં કોઈ વસ્તુ ન મળે તો લાભાંતરાયકર્મનો ઉદય સમજે અને આજે તપોવૃદ્ધિ થશે એમ સમજી મનને સમભાવમાં રાખે તો અલાભપરીષહનો જય કહેવાય.

(૧૬) **રોગપરીષહ**—શરીરમાં ઉત્પન્ન થયેલા રોગને સમ્યક્ પ્રકારે સહન કરવો, પણ ઉદ્વેગ ન કરવો, તે રોગપરીષહનો જય કહેવાય.

(૧૭) **તૃણસ્પર્શપરીષહ**—ગચ્છથી નીકળેલા જિનકલ્પી મુનિને તૃણનો સંથારો હોય છે. તે તૃણની અણીઓ શરીરમાં વાગે છતાં વસ્ત્રની ઈચ્છા ન કરે અને સમભાવે સહન કરી લે, તે તૃણસ્પર્શપરીષહનો જય કહેવાય. સ્થવિરકલ્પી મુનિને વસ્ત્રનો પણ સંથારો હોય છે. તે પ્રતિકૂળ પ્રાપ્ત થતાં મનમાં ખેદ ન કરે, તે પણ આ પ્રકારનો જ પરીષહજય ગણાય.

(૧૮) **મલપરીષહ**—પરસેવા વગેરે કારણે શરીર પર મલ જામ્યો હોય, છતાં શ્રૃંગાર ને વિષયના કારણરૂપ સ્નાનની ઈચ્છા કરે નહિ, તે મલપરીષહનો જય કર્યો કહેવાય.

(૧૯) **સત્કારપરીષહ**—પોતાનો ઘણો સત્કાર થતો દેખી હર્ષ પામે નહિ, તથા કોઈ સત્કાર ન કરે તો પણ ખેદ પામે નહિ, તે સત્કારપરીષહનો જય કહેવાય.

(૨૦) **પ્રજ્ઞાપરીષહ**—જ્ઞાનનું અભિમાન ન કરવું, પરંતુ નમ્રતા ધારણ કરવી અને પૂર્વે થઈ ગયેલા મહાજ્ઞાનીઓની તુલનામાં હું કોણ? એમ વિચારી આત્માનું અનુશાસન કરવું, તે પ્રજ્ઞાપરીષહનો જય કહેવાય.

(૨૧) **અજ્ઞાનપરીષહ**—ઘણો પરિશ્રમ કરવા છતાં આગમ વગેરેનાં તત્ત્વો જાણે નહિ, તો તેથી ખેદ ધારણ ન કરતાં જ્ઞાનાવરણીય કર્મનો ઉદય વિચારી સમભાવમાં રહે તો અજ્ઞાનપરીષહનો જય કહેવાય.

(૨૨) **સમ્યક્ત્વપરીષહ**—અનેક કષ્ટો અને ઉપ-સર્ગો પ્રાપ્ત થવા છતાં સર્વજ્ઞભાષિત ધર્મની શ્રદ્ધામાંથી ચલાયમાન ન થાય અને શાસ્ત્રોના સૂક્ષ્મ અર્થો ન સમજાય તો પણ વ્યામોહ ન કરે, તે સમ્યક્ત્વપરીષહનો જય કહેવાય.

## પરીષહનો યંત્ર

| | પરીષહનાં નામો | કયા કર્મના ઉદયથી | | ગુણ સ્થાનક |
|---|---|---|---|---|
| ૧ | ક્ષુધા | વેદનીય | કર્મના | ૧ થી ૧૩ |
| ૨ | પિપાસા | ,, | ,, | ૧ થી ૧૩ |
| ૩ | શીત | ,, | ,, | ૧ થી ૧૩ |
| ૪ | ઉષ્ણ | ,, | ,, | ૧ થી ૧૩ |
| ૫ | દંશ | ,, | ,, | ૧ થી ૧૩ |
| ૬ | અચેલ | ચારિત્ર મોહનીય | ,, | ૧ થી ૯ |
| ૭ | અરતિ | ,, ,, | ,, | ૧ થી ૯ |
| ૮ | સ્ત્રી | ,, ,, | ,, | ૧ થી ૯ |
| ૯ | ચર્યા | વેદનીય | ,, | ૧ થી ૧૩ |
| ૧૦ | નિષદ્યા | ચારિત્ર મોહનીય | ,, | ૧ થી ૯ |
| ૧૧ | શય્યા | વેદનીય | ,, | ૧ થી ૧૩ |
| ૧૨ | આક્રોશ | ચારિત્ર મોહનીય | ,, | ૧ થી ૯ |
| ૧૩ | વધ | વેદનીય | ,, | ૧ થી ૧૩ |
| ૧૪ | યાચના | ચારિત્ર મોહનીય | ,, | ૧ થી ૯ |
| ૧૫ | અલાભ | લાભાન્તરાય | ,, | ૧ થી ૧૨ |
| ૧૬ | રોગ | વેદનીય | ,, | ૧ થી ૧૩ |
| ૧૭ | તૃણસ્પર્શ | ,, | ,, | ૧ થી ૧૩ |
| ૧૮ | મલ | ,, | ,, | ૧ થી ૧૩ |
| ૧૯ | સત્કાર | ચારિત્ર મોહનીય | ,, | ૧ થી ૯ |
| ૨૦ | પ્રજ્ઞા | જ્ઞાનાવરણના ક્ષયોપશમથી | | ૧ થી ૧૨ |
| ૨૧ | અજ્ઞાન | જ્ઞાનાવરણના ઉદયથી | | ૧ થી ૧૨ |
| ૨૨ | સમ્યક્ત્વ | દર્શન મોહનીયના ,, | | ૧ થી ૭ |

(૧) ઉપક્રમ :

હવે ક્રમપ્રાપ્ત યતિધર્મનું વર્ણન કરવા માટે પ્રકરણ-કાર મહર્ષિ ઓગણત્રીસમી ગાથા આ પ્રમાણે કહે છે:

(૨) મૂળ ગાથા :

खंती मद्दव अज्जव, मुत्ती तव संजमे अ बोधव्वे ।
सच्चं सोअं अकिंचणं, च बंभं च जइधम्मो ॥२९॥

(૩) સંસ્કૃત છાયા :

क्षान्तिर्मार्दव आर्जवो मुक्तिः तपः संयमश्चबोद्धव्यः।
सत्यं शौमचाकिञ्चन्यं च ब्रह्म च यतिधर्मः ॥२९॥

(૪) શબ્દાર્થ :

खंती–ક્ષાંતિ, ક્ષમા.

मद्दव–માર્દવ, મૃદુતા.

अज्जव–આર્જવ, સરલતા.

मुत्तो–મુક્તિ, નિર્લોભતા.

तव–તપ, તપશ્ચર્યા.

संजमे–સંયમ.

बोधव्वे–જાણવા.

सच्चं–સત્ય.

सोअं–શૌચ, પવિત્રતા.

अकिंचणं–આકિંચન્ય, અકિંચનતા, અપરિગ્રહ.

न विद्यते किंचन यस्य सोऽकिञ्चनः, अकिञ्चनस्य-भावोऽकिञ्चनत्वम्—જેની પાસે કંઈ પણ નથી તે અકિંચન.

અકિંચનનો ભાવ તે આકિંચન્ય કે અકિંચનતા. તાત્પર્ય કે સર્વ પરિગ્રહનો ત્યાગ કે અપરિગ્રહ એ અકિંચનતા છે.

च-અને.

बंभं-બ્રહ્મચર્ય, ગુરુકુલવાસ.

च-અને, વળી.

जइधम्मो-યતિધર્મ.

**(૫) અર્થ-સંકલના :**

**ક્ષમા, મૃદુતા, સરલતા, નિર્લોભતા, તપ, સંયમ, પવિત્રતા, અપરિગ્રહ અને બ્રહ્મચર્ય એ દશ ગુણોને યતિધર્મ જાણવો.**

**(૬) વિવેચન :**

સમિતિ, ગુપ્તિ અને પરીષહજયની જેમ યતિધર્મ પણ સંવરનું મૂળભૂત અંગ છે.

યતિધર્મ એટલે યતિનો ધર્મ અથવા તો સંવરની સિદ્ધિ માટે યતિઓ વડે ધારણ કરાતો ધર્મ. મોક્ષની પ્રાપ્તિ માટે પંચમહાવ્રતાદિની ધારણાપૂર્વક જે સતત યત્ન કરે, તે યતિ કહેવાય છે. મુનિ, શ્રમણ, અણગાર, ભિક્ષુ, સાધુ એ તેના પર્યાયશબ્દો છે. તાત્પર્ય કે અહીં યતિધર્મથી સાધુ-મુનિરાજે જે ધર્મનું પાલન કરવાનું છે, જે ગુણોનો ઉત્કૃષ્ટ વિકાસ કરવાનો છે, તેનો નિર્દેશ કરવામાં આવ્યો છે.

યતિધર્મ દશ પ્રકારનો છે. તે અંગે તત્ત્વાર્થસૂત્રના

નવમા અધ્યાયના છઠ્ઠા સૂત્રમાં જણાવ્યું છે કે, 'उत्तमः क्षमामार्दवार्जवशौचसत्यसंयमतपस्त्यागाकिञ्चन्यब्रह्मचर्याणां धर्मः- ક્ષમા, માર્દવ, આર્જવ, શૌચ, સત્ય, સંયમ, તપ, ત્યાગ, આકિંચન્ય અને બ્રહ્મચર્ય એ દશ પ્રકારનો ઉત્તમ (યતિ) ધર્મ છે.'

અહીં એટલી સ્પષ્ટતા આવશ્યક છે કે ક્ષમા આદિ દશ પ્રકારનો ધર્મ જ્યારે અહિંસા–સત્ય આદિ મૂલ ગુણો અને સ્થાન–આહારની શુદ્ધિ આદિ ઉત્તરગુણોના પ્રકર્ષથી યુક્ત હોય, ત્યારે યતિધર્મ બને છે, અન્યથા નહિ. અન્ય રીતે કહીએ તો અહિંસા આદિ મૂલગુણો કે તેમના ઉત્તરગુણોના પ્રકર્ષ વિના જો ક્ષમા આદિ ગુણો હોય તો તેને સામાન્ય ધર્મ કહી શકાય, પણ યતિધર્મ ન કહી શકાય. ×

ક્રોધનો નિગ્રહ કરવો એટલે કે ક્રોધને દબાવી દેવો, પણ તેને પ્રકટ કરવો નહિ, તેને ક્ષમા કહેવામાં આવે છે. આ ક્ષમા પાંચ પ્રકારની છે: (૧) ઉપકાર–ક્ષમા, (૨) અપકાર–ક્ષમા, (૩) વિપાક–ક્ષમા, (૪) વચન–ક્ષમા અને (૫) ધર્મ–ક્ષમા.

---

× મનુસ્મૃતિમાં કહ્યું છે કે–

क्षमा दया दमो ध्यानं, सत्यं शीलं धृतिर्घृणा ।
विद्या विज्ञानमास्तिक्यमेतद् ब्राह्मणलक्षणम् ॥

'ક્ષમા, દયા, ઇન્દ્રિયદમન, ધ્યાન, સત્ય, શીલ, ધૈર્ય, પાપ પ્રત્યે ધૃણા (તિરસ્કાર), વિદ્યા, વિજ્ઞાન (આત્મજ્ઞાન) અને આસ્તિક્ય એ દશ બ્રાહ્મણનાં લક્ષણો છે.'

એક માણસે આપણને નુકશાન પહોંચાડયું હોય કે કડવાં વચનો કહ્યાં હોય, પણ પૂર્વે તેણે આપણા પર ઉપકાર કરેલો હોય, એ ધ્યાનમાં રાખીને તેના પર ક્રોધ કરવો નહિ, એ **ઉપકાર-ક્ષમા** કહેવાય. 'હું ગુસ્સે થઈશ તો મને એ હેરાન કરશે' એવા અભિપ્રાયથી ક્રોધ ન કરવો, એ **અપકાર-ક્ષમા** કહેવાય. 'ક્રોધનાં ફળ અતિ કડવાં છે.' એમ વિચારી ક્રોધ ન કરવો, એ **વિપાક-ક્ષમા** કહેવાય. કોઈનાં કડવાં વચનથી દુભાવું નહિ, તેમ જ કોઈને કડવું વચન કહેવું નહિ, એ **વચન-ક્ષમા** કહેવાય અને સામાનો પ્રતિકાર કરવાની શક્તિ હોવા છતાં 'ક્ષમા એ મારો ધર્મ છે' એમ વિચારી ક્ષમા ધારણ કરવી, એ **ધર્મ-ક્ષમા** કહેવાય.

શ્રમણ ભગવાન મહાવીરે ક્ષમા ગુણને કેટલી હદે કેળવ્યો હતો, તે ચંડકૌશિક આદિના પ્રસંગોથી જાણી શકાય છે. વળી આત્મશુદ્ધિમાં અત્યંત ઉપકારક એવી ષડાવશ્યકની ક્રિયાનું જૈન શાસ્ત્રોમાં જે વિધાન કરવામાં આવ્યું છે, તેમાં ચોથા પ્રતિક્રમણ નામના આવશ્યક પ્રસંગે ચૌદ રાજલોકના સર્વે જીવોને તેમના દોષોની ક્ષમા આપવાનું તેમ જ પોતે તેમના પ્રત્યે કરેલા દોષોની ક્ષમા માગવાનું જણાવેલું છે અને તે માટે જ '**खामेमि सव्व-जीवे, सव्वे** जीवा **खमंतु मे**' આદિ પદો બોલવામાં આવે છે.

માન, અભિમાન કે અહંકારનો નિગ્રહ કરવો અને ચિત્તમાં તથા બાહ્ય વ્યવહારમાં નમ્રતા ધારણ કરવી, તેને

**માર્દવ** કે **મૃદુતા** કહેવામાં આવે છે. (૧) જાતિ, (૨) કુલ, (૩) રૂપ, (૪) ઐશ્વર્ય-મોટાઈ, (૫) વિજ્ઞાન-બુદ્ધિ, (૬) શ્રુત-શાસ્ત્રજ્ઞાન, (૭) લાભ-પ્રાપ્તિ તથા (૮) વીર્ય-શક્તિ એ આઠ બાબતમાં મદ ન કરવાથી આ ગુણ કેળવી શકાય છે. ગુરુજનોનો વિનય એ મૃદુતાની ખાસ નિશાની છે.

માયા કે કુટિલતાના દોષો વિચારી તેનો નિગ્રહ કરવો, તેને **આર્જવ** કે **સરલતા** કહેવામાં આવે છે.

વિચાર એક પ્રકારનો, વાણી બીજા પ્રકારની અને વર્તન ત્રીજા પ્રકારનું એ પરિસ્થિતિને માયા, કુટિલતા કે દંભ કહેવામાં આવે છે. તેનો ત્યાગ કરી વિચાર, વાણી અને વર્તનની એકવાક્યતા કેળવવી તેને **આર્જવ** કે **સરલતા** કહેવામાં આવે છે. જિનાગમોમાં કહ્યું છે કે 'સરલતાને ધારણ કરનારો આત્મા જ ધર્મનો સાચો અધિકારી છે,' તે પરથી આ ગુણનું મહત્ત્વ સમજી શકાશે.

લોભનો ત્યાગ કરવો, તેને મુક્તિ કે નિર્લોભતા કહેવામાં આવે છે. શાસ્ત્રોમાં કહ્યું છે કે-

**कोहो पीइं पणासेइ, माणो विणयनासणो ।**
**माया मित्ताणि नासेइ, लोहो सव्वविणासणो ॥**

'ક્રોધ પ્રીતિ કે સદ્ભાવનો નાશ કરે છે, માન વિનયનો નાશ કરે છે, માયા મિત્રોનો એટલે વિશ્વાસનો નાશ કરે છે અને લોભ તો સર્વનો નાશ કરે છે.'

લોભી મનુષ્ય પોતાની ઇચ્છા પૂરી ન થતાં ક્રોધે

ભરાય છે, અથવા કંઈક પ્રાપ્ત થાય તો અભિમાન કરે છે, વિવિધ પ્રકારના છલકપટોનો એટલે કે માયાનો આશ્રય લે છે અને તે મિત્રો, મુરબ્બીઓ કે આપ્તજનો જોડે પણ લડે છે. આ રીતે લોભથી સર્વ ઉત્તમ પ્રકારના ગુણોનો નાશ થાય છે; તેથી સાધુ પુરુષ કોઈ પ્રકારનો લોભ રાખે નહિ.

શરીર અને મનની શુદ્ધિ માટે બાહ્ય-અભ્યંતર તપશ્ચર્યા કરવી, એ તપ નામનો યતિધર્મ છે. તે અહીં સંવરતત્ત્વના પ્રસંગે કહેલો છે, પણ આગળ નિર્જરાતત્ત્વમાં વિસ્તારથી કહેવાશે, કારણ કે તેનાથી કર્મની નિર્જરા પણ થાય છે. શ્રી તત્ત્વાર્થસૂત્રના નવમા અધ્યાયમાં 'तपसा निर्जरा च । ३ ॥' એ સૂત્ર વડે આ વસ્તુ સ્પષ્ટ કરવામાં આવી છે. જ્યાં યતિધર્મ કે સાધુધર્મનું સંક્ષેપથી કથન કરવામાં આવ્યું છે, ત્યાં અહિંસા, સંયમ અને તપ એ ત્રણ ગુણોનો જ નિર્દેશ કરવામાં આવ્યો છે, તેમ જ 'તપસ્વી' એ યતિ કે સાધુનો પર્યાયશબ્દ બની ગયેલ છે, તે પરથી પણ તપનું મહત્ત્વ સમજી શકાશે.

મન, વચન અને કાયાને નિયમમાં રાખવા તે સંયમ કહેવાય છે. અથવા સમ્યક્ પ્રકારના જે યમો-મહાવ્રતો કે અણુવ્રતો તેની ધારણા તે સંયમ છે. જૈન શાસ્ત્રોમાં સાધુઓને માટે ૧૭ પ્રકારનો સંયમ આરાધ્ય ગણાયેલો છે, તે આ પ્રમાણે :—૫ મહાવ્રત, ૫ ઇન્દ્રિયોનો નિગ્રહ,

૪ કષાયનો જય, તથા મન, વચન અને કાયાના અશુભ વ્યાપારરૂપ ૩ દંડની નિવૃત્તિ.

જિનાગમોમાં કહ્યું છે કે—

**जह कुम्मे सअङ्गाइं, सए देहे समाहरे ।**
**एवं पावाइं मेहावी, अज्झप्पेण समाहरे ॥**

'જેમ કાચબો પોતાના અંગોને શરીરમાં ગોઠવી દે છે, તેમ બુદ્ધિમાન સાધક આધ્યાત્મિક ભાવના દ્વારા આત્માને અંતર્મુખ બનાવીને અસંયમથી પોતાને બચાવે.'

હિતકર, માપસર, પ્રિય અને ધર્મની પ્રેરણા આપે એવાં વચન બોલવાં, તે સત્ય કહેવાય છે. વળી લીધેલી શુભ પ્રતિજ્ઞાઓને પાળવી તે પણ સત્ય કહેવાય છે. જિન ભગવંતોએ કહ્યું છે કે '**सच्चस्स आणाए से उवट्ठिए मेहावी मारं तरइ** ॥—સત્યની આજ્ઞામાં રહેનારો તે બુદ્ધિમાન પુરુષ મૃત્યુને તરી જાય છે.' તાત્પર્ય કે સદા સત્ય બોલવું અને સત્ય આચરવું, એ સાધુપુરુષનો પરમ ધર્મ છે.

શૌચ એટલે પવિત્રતા. એના બાહ્ય અને અભ્યંતર એવા બે પ્રકારો છે. તેમાં સ્નાનાદિથી શરીરને શુદ્ધ કરવું તે બાહ્ય શૌચ ગણાય છે. આવું શૌચ સાધુઓને કલ્પતું નથી, બાકી સંયમ અને તપનાં અનુષ્ઠાનોને લીધે તેમનો દેહ પવિત્ર રહે છે. મનને પવિત્ર રાખવું એટલે કે તેના વડે દુષ્ટ વિચારો કરવા નહિ, એ અભ્યંતર શૌચ કહેવાય છે. સાધુપુરુષો આવું શૌચ કેળવવા માટે સદા પ્રયત્નશીલ રહે છે.

પોતાની પાસે કોઈ પણ પ્રકારની માલમત્તા રાખવી નહિ, તેને આકિંચન્ય કહેવાય છે. અન્ય શબ્દોમાં કહીએ તો અપરિગ્રહી રહેવું, એ સાધુનો ઉત્તમ ધર્મ છે. પરિગ્રહથી મોહ-મમત્વ જાગે છે અને તેના લીધે મોક્ષમાર્ગની સાધનામાં અનેક પ્રકારના અંતરાયો ઊભા થાય છે, તેથી સાધુએ આકિંચન્ય ગુણને કેળવવાની ખાસ જરૂર છે.

બ્રહ્મ એટલે આત્મા. તેને વિષે ચરવું-લીન રહેવું તે બ્રહ્મચર્ય કહેવાય છે. અન્ય શબ્દોમાં કહીએ તો વિષય-ભોગનો ત્યાગ કરીને આત્મરમણતા કરવી, એ ઉત્તમ કોટિનું બ્રહ્મચર્ય છે. અથવા તો મન, વચન અને કાયાથી મૈથુનનો ત્યાગ કરવો, તે બ્રહ્મચર્ય કહેવાય છે. ગુરુની આજ્ઞામાં તથા સાધુસમુદાયમાં રહીને તેના નિયમોને અનુસરીને શાસ્ત્રોનો અભ્યાસ કરવો તથા આત્મકલ્યાણકારી ક્રિયાઓની તાલીમ લેવી. તેને બ્રહ્મચર્યવાસ કે ગુરુકુલવાસ કહેવામાં આવે છે. આ પણ ઉત્તમ પ્રકારનો યતિધર્મ ગણાય છે.

આ દશ પ્રકારના યતિધર્મનું પાલન કરવાથી કર્મનું આગમન રોકાય છે અને આત્મવિકાસમાં ઝડપી પ્રગતિ થાય છે.

**(૧) ઉપક્રમ :**

સમિતિ, ગુપ્તિ, પરીષહ અને યતિધર્મનું વર્ણન કર્યા પછી હવે પ્રકરણકાર મહર્ષિ ભાવનાનું વર્ણન કરવા

માટે ત્રીશમી અને એકત્રીશમી ગાથા આ પ્રમાણે રજૂ કરે છે :

(૨) મૂળ ગાથાઓ :

पढममणिच्चमसरणं, संसारो एगया य अन्नत्तं ।
असुइत्तं आसव संवरो य तह णिज्जरा नवमी ॥३०॥
लोगसहावो बोही, दुल्लहा धम्मस्स साहगा अरिहा ।
एआओ भावणाओ, भावेअव्वा पयत्तेणं ॥३१॥

(૩) સંસ્કૃત છાયા :

प्रथममनित्यमशरणं संसार एकता चान्यत्वम् ।
अशुचित्वमाश्रवः संवरश्च तथा निर्जरा नवमी ॥३०॥
लोकस्वभावो बोधिर्दुलभा धर्मस्य साधका अर्हन्तः ।
एता भावना भावयितव्याः प्रयत्नेन ॥३१॥

(૪) શબ્દાર્થ :

पढमं–પ્રથમ.

पढमं, अणिच्चं અને असरणं એ ત્રણ પદોની સંધિ થવાથી અહીં पढममणिच्चमसरणं એવો પાઠ બનેલો છે.

अणिच्चं–અનિત્ય, અનિત્યભાવના.

असरणं–અશરણ, અશરણભાવના.

संसारो–સંસાર, સંસારભાવના.

एगया–એકત્વ, એકત્વભાવના.

य–વળી.

अन्नत्तं-અન્યત્વ, અન્યત્વભાવના.

असुइत्तं-અશુચિત્વ, અશુચિત્વભાવના.

आसव-આશ્રવ, આશ્રવભાવના.

संवरो-સંવર, સંવરભાવના.

य-વળી.

तह-તથા.

णिज्जरा-નિર્જરા, નિર્જરાભાવના.

नवमी-નવમી.

लोगसहावो-લોકસ્વભાવ, લોકસ્વભાવભાવના.

बोही-બોધિ.

दुल्लहा-દુર્લભ.

આ પદ અગિયારમી તથા બારમી બંને ભાવનાને લાગુ પડે છે.

धम्मस्स-ધર્મના.

साहगा-સાધક.

अरिहा-અરિહંતો.

एआओ-આ.

भावणाओ-ભાવનાઓ.

भावेअव्वा-ભાવવા યોગ્ય છે, ભાવવી.

पयत्तेणं-પ્રયત્નવડે, પ્રયત્નપૂર્વક.

(૫) **અર્થ-સંકલના :**

**પહેલી અનિત્યભાવના છે. ત્યારપછી અનુક્રમે**

**અશરણ, સંસાર, એકત્વ, અન્યત્વ, અશુચિત્વ અને આશ્રવ નામની ભાવનાઓ છે. નવમી નિર્જરા ભાવના છે.**

**ત્યાર પછી લોકસ્વભાવ નામની ભાવના છે. બોધિ અને ધર્મના સાધક અરિહંતો દુર્લભ છે. આ બાર ભાવનાઓ પ્રયત્નપૂર્વક ભાવવી.**

(૬) વિવેચન :

ભવવૈરાગ્યાદિ નિમિત્તે જે વારંવાર ભાવવામાં–વિચારવામાં આવે છે, તે ભાવના કહેવાય છે. અથવા જેના પુનઃ પુનઃ સ્મરણવડે આત્મા મોક્ષાભિમુખ થાય, તે ભાવના કહેવાય છે. વધારે સ્પષ્ટતાથી કહીએ તો જે મનોવૃત્તિ શુભ વિચારવાળી હોય અને આત્માને મોક્ષનો અભિલાષી બનાવવાપૂર્વક વૈરાગ્યાદિ સંયમસાધનો પ્રત્યે દોરી જતી હોય, તેને ભાવના સમજવાની છે.

નિર્ગ્રંથનાયકોએ ભાવનાનું મહત્ત્વ પ્રકાશતાં કહ્યું છે કે—

**भावणाजोगसुद्धप्पा, जले नावा व आहिया ।**
**नावा व तीरसंपन्ना, सव्वदुक्खा तिउट्टई ॥**

'ભાવનારૂપી યોગથી શુદ્ધ થયેલા આત્માને જલમાં નૌકા સમાન કહેલો છે. નૌકા જેમ અથાગ જળને પાર કરીને કિનારે પહોંચે છે, તેમ આવો શુદ્ધ આત્મા ભવપરંપરાનો નાશ કરીને સર્વ દુઃખનો અંત કરે છે.'

આ ભાવના બાર પ્રકારની છે: (૧) અનિત્યભાવના, (૨) અશરણભાવના, (૩) સંસારભાવના, (૪) એકત્વ ભાવના, (૫) અન્યત્વભાવના, (૬) અશુચિત્વભાવના, (૭) આશ્રવભાવના, (૮) સંવરભાવના, (૯) નિર્જરા ભાવના, (૧૦) લોકસ્વભાવભાવના, (૧૧) બોધિદુર્લભ ભાવના અને (૧૨) અર્હત્ દુર્લભભાવના કે જેને સામાન્ય રીતે ધર્મભાવના કહેવામાં આવે છે.

કેટલાક ગ્રંથોમાં દશમી ધર્મભાવના, અગિયારમી લોક-સ્વભાવભાવના અને બારમી બોધિદુર્લભભાવના એવો ક્રમ પણ આપેલો છે, પરંતુ તેમાં કોઈ તાત્ત્વિક તફાવત નથી.

તત્ત્વાર્થસૂત્રકારે ભાવનાના સ્થાને 'અનુપ્રેક્ષા' શબ્દનો પ્રયોગ કર્યો છે, પણ તેનો ક્રમ તો આજ પ્રમાણે દર્શાવ્યો છે. જેમ કે 'अनित्याशरणसंसारैकत्वान्यत्वाशुचित्वास्रवसंवरनिर्जरालोकबोधिदुर्लभधर्मस्वाख्यातमनुचिन्तनमनुप्रेक्षाः । — અનિત્ય, અશરણ, સંસાર, એકત્વ, અશુચિ, આશ્રવ, સંવર, નિર્જરા, લોક, બોધિદુર્લભ અને ધર્મસ્વાખ્યાતનું અનુચિંતન એ અનુપ્રેક્ષાઓ છે.'

આ બાર ભાવનાઓનું સ્વરૂપ અનુક્રમે આ પ્રમાણે જાણવું:

**(૧) અનિત્યભાવના**–શરીર, યૌવન, ધનસંપત્તિ તથા કુટુંબ વગેરેના સંબંધની અસ્થિરતા–અનિત્યતા ચિંતવવી, તેને અનિત્ય ભાવના કહે છે. દાખલા તરીકે નીચેનું પદ્ય અનિત્ય ભાવનાનું દ્યોતક છે:—

अनित्यमारोग्यमनित्ययौवनं,
विभूतयो जीवितमप्य नित्यम् ।
अनित्यताभिः प्रहतस्य जन्तोः
कथं रतिः कामगुणेषु जायते ? ॥

'આરોગ્ય અનિત્ય છે, યૌવન અનિત્ય છે, સંપત્તિ અનિત્ય છે અને જીવન પણ અનિત્ય છે. આમ અનિત્યતાથી હણાયેલા પ્રાણીને કામભોગમાં આનંદ કેવી રીતે આવે ? તાત્પર્ય કે ન જ આવવો જોઈએ. તેણે આ સર્વ વસ્તુઓની અનિત્યતા વિચારી આત્મકલ્યાણ સાધવામાં જ ઉદ્યત થવું જોઈએ.

(૨) **અશરણભાવના**–વ્યાધિ, જરા અને મૃત્યુથી ઘેરાયેલા આ સંસારમાં પ્રાણીને કોઈનું શરણ નથી, એમ ચિંતવવું, તેને અશરણભાવના કહે છે. નિમ્ન પદ્યમાં અશરણભાવના વ્યક્ત થયેલી છે :

जहेह सीहो य मिगं गिहाय,
मच्चू नरं नेइ हु अंतकाले ।
न तस्स माया व पिया य माया,
कालम्मि तस्स सहरा भवंति ॥

'જેમ કોઈ સિંહ મૃગના ટોળામાં પેસીને તેમાંના એકાદ મૃગને પકડીને ચાલતો થાય, તેમ અંતકાળે મૃત્યુ પણ કુટુંબીજનોમાં કૂદી પડીને તેમાંના એકાદ જણને

પકડીને ચાલતું થાય છે, ત્યારે તેની પત્ની, પિતા કે માતા કોઈ તેનું રક્ષણ કરી શકતાં નથી.'

(૩) **સંસારભાવના**—ચાર ગતિરૂપ આ સંસાર અનંત દુઃખોથી ભરેલો છે. તેમાં પ્રાણીને કર્મવશાત્ નિરંતર ભ્રમવું પડે છે. વળી જે એક કાળે માતા હોય, તે સ્ત્રી થાય છે અને સ્ત્રી હોય, તે માતા થાય છે; પિતા હોય, તે પુત્ર થાય છે અને પુત્ર હોય, તે પિતા થાય છે; માટે તે સર્વથા ત્યાગ કરવા યોગ્ય છે, આદિ ચિંતવવું, તેને સંસારભાવના કહે છે. નીચેનાં વચનોમાં સંસારભાવના પ્રકટ થયેલી છે :

**जम्म दुक्खं जरा दुक्खं, रोगा य मरणाणि य ।**
**अहो दुक्खो हु संसारो, जत्थ कीसन्ति जंतुणो ॥**

'અહો આ સંસાર દુઃખમય છે કે જેમાં પ્રાણીઓ અનેક પ્રકારની પીડાઓ પામે છે. તેમાં જન્મનું દુઃખ છે, જરાનું દુઃખ છે, તેમજ રોગ અને મરણનું પણ દુઃખ છે.'

**गतसारेऽत्र संसारे, सुखभ्रान्तिः शरीरिणाम् ।**
**लालपानमिवाङ्गुष्ठे, बालानां स्तन्यविभ्रमः ॥**

'અંગૂઠો ચૂસીને લાળનું પાન કરતાં બાળકોને જેમ માતાનું સ્તનપાન કરવાનો ભ્રમ થાય છે, તેમ આ સંસાર સુખરહિત હોવા છતાં પ્રાણીઓને તેમાં સુખનો ભ્રમ થાય છે.'

(૪) **એકત્વભાવના**–આ જીવ એકલો આવ્યો છે, એકલો જવાનો છે અને સુખ–દુઃખાદિ પણ એકલો જ ભોગવે છે, એમ ચિંતવવું તેને એકત્વભાવના કહે છે. નીચેના આપ્તવાક્યોમાં એકત્વભાવનાનું યથાર્થ પ્રતિબિંબ પડેલું છે:

**एगोहं नत्थि मे कोई, नाहमन्नस्स कस्सई ।**
**एवं अदीण–मणसो, अप्पाणमणुसासइ ॥**
**एगो मे सासओ अप्पा, नाण–दंसण–संजुओ ।**
**सेसा मे बाहिराभावा, सव्वे संजोग–लक्खणा ॥**

'હું એકલો છું, મારું કોઈ નથી અને હું પણ કોઈનો નથી. એવું અદીન મનથી વિચારી સાધક પુરુષ આત્માને સમજાવે.

જ્ઞાન અને દર્શનથી સંયુક્ત એક મારો આત્મા જ શાશ્વત છે અને બીજા બધા સંયોગથી ઉત્પન્ન થયેલા બહિર્ભાવો છે.'

(૫) **અન્યત્વભાવના**–શરીર, ધન, બંધુઓ વગેરેથી આત્માને અન્ય ચિંતવવો–જુદો ચિંતવવો, તેને અન્યત્વ ભાવના કહે છે. વાચકશેખર શ્રી ઉમાસ્વાતિ મહારાજે પ્રશમરતિ પ્રકરણમાં કહ્યું છે કે—

**अन्योऽहं स्वजनात्परिजनाच्च विभवाच्छरीरकाच्चेति ।**
**यस्य नियता मतिरियं, न बाधते तं हि शोककलिः ॥**

'પોતાના કુટુંબીજનો, નોકરચાકર; સંપત્તિ અને

શરીર એ બધાથી હું અન્ય છું, ભિન્ન છું, જુદો છું, એવી જેને નિશ્ચયાત્મક બુદ્ધિ પેદા થઈ છે, તેને શોકરૂપી ક્લેશ કંઈ પણ પીડા ઉપજાવી શકતો નથી.' તાત્પર્ય કે જે સાધક અન્યત્વ ભાવનાનો આશ્રય લે છે, તે બહિરાત્મ ભાવમાંથી અંતરાત્મભાવમાં અને છેવટે પરમાત્મભાવમાં સ્થિર થઈ સર્વ દુઃખોથી મુક્ત થાય છે.

(૬) **અશુચિત્વભાવના**–આ શરીર અશુચિનો ભંડાર છે. તેનાં વિવિધ દ્વારોમાંથી નિરંતર અશુચિનો પ્રવાહ વહ્યા કરે છે. વળી અત્તર આદિ સુગંધમય શુદ્ધ પદાર્થો પણ તેના સંસર્ગમાં આવતાં અશુચિમય બની જાય છે. આવા અશુચિમય શરીર પર મોહ શો? વગેરે ચિંતવવું તેને અશુચિમયભાવના કહે છે. શ્રી વિનયવિજયજી મહારાજે શાંતસુધારસભાવનામાં કહ્યું છે કે—

स्नायं स्नायं पुनरपि पुनः स्नान्ति शुद्धाभिरद्भिः,
वारं वारं बत मलतनुं चन्दनैरर्चयन्ते ।
मूढात्मानो वयमपमलाः प्रीतिमित्याश्रयन्ते,
नो शुद्ध्यन्ते कथमवकरः शक्यते शोद्धुमेवम् ॥

'અહો! મૂઢ જીવો ફરી ફરીને સ્નાન કરે છે અને મલના સ્થાનરૂપ આ શરીરને ચંદન વડે ચર્ચે છે. પછી અમે પવિત્ર છીએ, એમ માનીને એના પર મોહ ધરે છે; પરંતુ એ શરીર કદી પણ શુદ્ધ થતું નથી. ઉકરડો કદી પણ શુદ્ધ થાય ખરો?'

અહીં શરીરને ઉકરડા સાથે સરખાવવાનું કારણ એ છે કે ઉકરડામાંથી કચરો ઉપડ્યો-ન ઉપડ્યો, ત્યાં બીજો કચરો આવી પડે છે અને તેથી તે ગંધાતો જ રહે છે, તેમ શરીરમાંથી એકત્ર થયેલો મલ હઠ્યો-ન હઠ્યો કે બીજો મલ ભેગો થાય છે અને તેથી તે ગંધાતું જ રહે છે.

(૭) **આસ્રવભાવના**—આસ્રવના હેતુઓ અંગે ખાસ વિચારણા કરવી, તે આસ્રવભાવના કહેવાય છે. આ વિચારણા સામાન્ય રીતે નીચે પ્રમાણે કરવામાં આવે છે :

‘ જેમ પર્વતમાંથી ચારે બાજુ પડતાં ઝરણાનાં પાણી વડે તળાવ જલ્દી ભરાઈ જાય છે, તેમ મિથ્યાત્વ, અવિરતિ, પ્રમાદ, કષાય અને યોગનાં કારણે આવેલાં કર્મો વડે આત્મા ભરાઈ જાય છે, તેથી હે જીવ! તું આ પાંચે કારણોથી વિરામ પામ.’

‘ મિથ્યાત્વના યોગે અનાદિ કાળથી તું આ સંસારમાં રખડતો રહ્યો છે અને તે કર્મની ઉત્પત્તિનું મુખ્ય કારણ છે, એમ સમજી તેનો ત્યાગ કર.’

‘વિષયના રસમાં લુબ્ધ બનેલા હાથી, માછલા, ભમરા, પતંગિયા, હરણ વગેરે પ્રાણીઓના આખરી હાલ શું થાય છે? એ વિચારી તું વિષયરસ—અવિરતિને છોડી દે.’

‘ હે આત્મન્! દિવસ અને રાત્રિ સડસડાટ ચાલ્યા જાય છે. કાળ કોઈને માટે ઉભો રહેતો નથી. જે ક્ષણો ગઈ તે પાછી આવતી નથી, એમ વિચારી તું પ્રમાદનો ત્યાગ કર અને ક્ષણે ક્ષણનો આત્મહિતાર્થે ઉપયોગ કર.’

'હે જીવ! ક્રોધ, માન, માયા અને લોભ એ ચાર મહાન લુંટારાઓ તારી આત્મસમૃદ્ધિને લૂંટી રહ્યા છે, માટે તેનાથી ચેતીને ચાલ. આ ચાર કષાયો સંસારરૂપી વૃક્ષના મૂળનું સિંચન કરનારા છે, માટે તેનો ત્યાગ કર.'

'હે ચેતન! તું મનથી કેટલાં કર્મો બાંધે છે? વચનથી કેટલાં કર્મો બાંધે છે? અને કાયાથી કેટલાં કર્મો બાંધે છે? તેનો વિચાર કર.'

'અસંયમનું ફળ બૂરું છે અને સંયમનું ફળ સારું છે, એ વાત તું કદી ભૂલીશ નહિ.'

(૮) **સંવરભાવના**–આસ્રવને રોકનારા ઉપાયો સંબંધી ચિંતન કરવું, તેને સંવર ભાવના કહેવાય છે. આ વિચારણા સામાન્ય રીતે આ પ્રમાણે કરવામાં આવે છે :

'હે જીવ! તું સમ્યક્ત્વ વડે મિથ્યાત્વનો નિરોધ કર, વિરતિ–વ્રત વડે અવિરતિનો નિરોધ કર, પ્રબળ પુરુષાર્થ દાખવી પ્રમાદનો નિરોધ કર, ક્ષમા–નમ્રતા–સરલતા–સંતોષ વડે કષાયોનો નિરોધ કર અને મનોગુપ્તિ, વચનગુપ્તિ તથા કાયાગુપ્તિ વડે મન, વચન અને કાયાની અશુભ પ્રવૃત્તિઓનો નિરોધ કર.

'હે ચેતન! તું ઈર્યાપથિકી આદિ પાંચેય સમિતિનું સ્વરૂપ તથા મનોગુપ્તિ આદિ ત્રણ ગુપ્તિઓનું સ્વરૂપ બરાબર સમજી લે અને તેનું પાલન કરવામાં ઉત્સાહ રાખ.'

'હે આત્મન્! તું ક્ષુધા–પીપાસા આદિ બાવીશ

પ્રકારના પરીષહો સમભાવે સહી લે, દશ પ્રકારના યતિ-ધર્મનું ઉત્સાહથી પાલન કર, બાર પ્રકારની ભાવનાઓનું સેવન કર તથા પાંચ પ્રકારના ચારિત્રનો મર્મ વિચારી તેની ઉચ્ચ ભૂમિકાઓ અનુક્રમે ચઢતો જા.'

અહીં ગૃહસ્થ સાધકોએ વિશેષમાં એ પણ વિચારવુ ઘટે છે કે 'સંવરની સાધના માટે મહાપુરુષોએ સામાયિક, પ્રતિક્રમણ, પોષધ, જિનદર્શન, જિનપૂજા, ગુરુદર્શન આદિ જે જે ઉપાયો બતાવ્યા છે, તેનો હે જીવ! તું ખૂબ ખૂબ આદર કર અને તેનું બને તેટલું આરાધન કર.'

(૯) **નિર્જરાભાવના**–કર્મનિર્જરાના ઉપાયો સંબંધી ચિંતન કરવું તેને નિર્જરાભાવના કહેવાય છે. તેનું ચિંતન સામાન્ય રીતે આ પ્રમાણે કરવામાં આવે છે:

'ઇંધિનનો ઢગલો અગ્નિથી બળીને ખાખ થઈ જાય છે, તેમ કર્મનો ઢગલો તપ વડે બળીને ખાખ થઈ જાય છે; અથવા તળાવનું પાણી જેમ સૂર્યના આકરા તાપથી શોષાઈ જાય છે, તેમ કર્મ પણ તપથી શોષાઈ જાય છે. માટે હે જીવ! તું બને તેટલું તપનું આરાધન કર.'

'હે ચેતન! 'મારાથી તપ કેમ થશે? એમાં તો ઘણું કષ્ટ સહન કરવું પડે' એવો વિચાર તું હરગીઝ કરીશ નહિ, કારણ કે તેં નરક–નિગોદ તિર્યંચના ભવમાં અનેક કષ્ટો સહન કર્યાં છે, તેનો તો આ લાખમો ભાગ પણ નથી. વળી તને કાયાની માયા એવી તે કેવી વળગી

છે કે તારાથી તપશ્ચર્યા થતી નથી! શ્રી મહાવીર પ્રભુએ કેટલી તપશ્ચર્યા કરી? અન્ય મહાપુરુષોએ કેટલી તપશ્ચર્યા કરી, તેનો તું વિચાર કર.'

'હે આત્મન્! તું અતિ ખાવાની તૃષ્ણા છોડી દે અને ઉદર થોડું ઊણું રાખવામાં જ સંતોષ માન. કાયાની સુખશીલતાનો ત્યાગ કર અને ધર્મસાધના-નિમિત્તનાં લોચ, વિહાર આદિનાં કષ્ટો સમભાવે સહી લે.'

'હે ચેતન! તું બને તેટલું એકાંતનું સેવન કર અને અંગોપાંગ સંકોચીને રહે, કારણ કે એ સુંદર તપશ્ચર્યા છે.'

'વળી હે ચેતન! જિનેશ્વર ભગવાને બતાવેલી અભ્યંતર તપશ્ચર્યા ઘણી સુંદર છે. દોષ લાગતાં પ્રાયશ્ચિત લેવું, મોક્ષનાં સાધનોનો વિનય કરવો, આચાર્ય, ઉપાધ્યાયાદિ દશનું નિરાશંસ ભાવે વૈયાવૃત્ત્ય કરવું, શાસ્ત્રનું અધ્યયન-અધ્યાપન કરવું, કાયોત્સર્ગ અવસ્થામાં રહેવું, કષાયનો વ્યુત્સર્ગ કરવો આદિ. આ તપશ્ચર્યાની યથાશક્તિ આરાધના કરવાથી તેં ભવોભવમાં બાંધેલાં કર્મો ખપી જશે અને તું તારા નિર્મળ સ્વરૂપને પામી શકીશ.'

**(૧૦) લોકસ્વરૂપ ભાવના**–લોકના સ્વરૂપનું ચિંતન કરવું, તે લોકસ્વરૂપ ભાવના કહેવાય છે. તેમાં સામાન્ય રીતે આ પ્રકારે વિચારણા કરવામાં આવે છે:

'આ લોકરૂપી પુરુષ પગ પહોળા કરીને ઊભેલો છે અને તેણે પોતાના બે હાથ કેડ ઉપર રાખેલા છે. એક

બીજાની નીચે નીચે વીસ્તીર્ણ છત્રાકારે રહેલી રત્નપ્રભા વગેરે સાતે નરકભૂમિઓ તેનાં બે પગનાં સ્થાને છે.

અસંખ્યાત દ્વીપ–સમુદ્રવાળો મધ્યલોક તથા સૂર્ય–ચંદ્રાદિ જ્યોતિષચક્રો તેનાં નાભીસ્થાને છે. તેની ઉપર પહેલો–બીજો અને ત્રીજો–ચોથો દેવલોક અને તેની ઉપર બ્રહ્મલોક અર્થાત્ પાંચમો દેવલોક તેની બે કોણીઓ છે અને ઉપર બીજા સાત દેવલોક, નવ ગ્રૈવેયક, પાંચ અનુત્તરવિમાન અને છેવટે આવેલી સિદ્ધશિલા એ તેનાં મસ્તકનાં સ્થાને છે,

કુલ ચૌદ રજ્જુ પ્રમાણ ઊંચો આ લોક અનાદિ, અનંત, અકૃત્રિમ અને શાશ્વત છે. તથા ધર્મ, અધર્મ, આકાશ, કાલ,પુદ્ગલ અને જીવ એ છ દ્રવ્યોથી ભરેલો છે. તેની ચારે બાજુ અલોકાકાશ આવેલું છે, અર્થાત્ આ લોક આકાશના એક ભાગમાં જ અવસ્થિત છે.

આ લોકરૂપી રંગમંડપમાં આત્મા એ નટ છે અને કાલ, સ્વભાવ, નિયતિ, કર્મ તથા ઉદ્યમ એ પાંચ સમવાય–કારણોરૂપી વાજિંત્રોએ નચાવ્યા મુજબ નાચે છે.'

'હે ચેતન! ચર અને સ્થિર; જંગમ અને સ્થાવર વસ્તુથી ભરેલા આ લોકનું સ્વરૂપ તું બરાબર સમજી લે. આ લોક દ્રવ્યથી નિત્ય છે, ધ્રુવ છે, શાશ્વત છે; અને પર્યાયથી અનિત્ય છે, ચલ છે, અસ્થિર છે.

આ લોકનો કોઈ પણ ભાગ એવો નથી કે જ્યાં તું

કર્મવશાત્ ઉત્પન્ન થયો ન હોય. આ લોકના સર્વ ભાગમાં તારું ભ્રમણ ચાલુ જ રહ્યું છે.

'હે જીવ! આ લોકનાં મથાળે રહેલી સિદ્ધશિલા તરફ જ તારી દૃષ્ટિ રાખ. તારે એક દિવસ ત્યાં જ પહોંચવાનું છે.'

**(૧૧) બોધિદુર્લભભાવના**–આ જીવને બોધિલાભ થવો દુર્લભ છે, એમ ચિંતવવું, એ બોધિદુર્લભ ભાવના કહેવાય છે. તેમાં સામાન્ય રીતે આ પ્રમાણે ચિંતન કરવામાં આવે છે :–

'આ જીવને મનુષ્યત્વ, કર્મભૂમિ, આર્યદેશ, ઉત્તમકુળ, શરીર અને ઇંદ્રિયનું પૂરું સામર્થ્ય, દીર્ઘ આયુષ્ય, સદ્ગુરુનો યોગ, શાસ્ત્રશ્રવણ અને બોધિની પ્રાપ્તિ ઉત્તરોત્તર ઘણી દુર્લભ છે.'

'હે જીવ! તું મનુષ્યપણું શી રીતે પામ્યો? પ્રથમ નિગોદ અવસ્થામાં હતો, ત્યાં અનંત પુદ્ગલપરાવર્તકાળ સુધી ઝડપી જન્મ-મરણ કર્યા જ કર્યાં અને અનંત દુઃખ ભોગવ્યું. પછી તું પૃથ્વીકાયાદિ સ્થાવરપણું પામ્યો અને તેમાં અસંખ્યાત ઉત્સર્પિણી-અવસર્પિણીઓ વ્યતીત કરી. પછી ત્રસપણું પામ્યો અને અસંખ્યાતાકાળ સુધી બેઇંદ્રિય, તેઇંદ્રિય તથા ચઉરિંદ્રિયના ભવો કર્યા. પછી પંચેંદ્રિયમાં પ્રવેશ કર્યો અને નરક તથા તિર્યંચ અવસ્થામાં ઘણા કાળ સુધી દુઃખનો અનુભવ કરી છેવટે તું

મનુષ્યભવ પામ્યો. માટે શાસ્ત્રકારોએ તેને દશ દૃષ્ટાંતે દુર્લભ કહ્યો છે, તે યથાર્થ છે.

મનુષ્યપણું પામ્યા પછી કર્મભૂમિમાં અને તેમાંયે આર્યદેશમાં જન્મ પામવો દુર્લભ છે. તે પણ તું પામ્યો. આર્યદેશમાં પણ ઉત્તમ કુળની પ્રાપ્તિ થવી દુર્લભ છે, તે પણ તને પ્રાપ્ત થઈ. તેમાં પણ શરીર અને ઇંદ્રિયોનું પૂરુ સામર્થ્ય હોવું દુર્લભ છે, પણ તેય તને પ્રાત થયું. જો આયુષ્ય અતિ અલ્પ હોય તો શું થઈ શકે? ઘણા માણસો ગર્ભાવસ્થામાં મરણ પામે છે અથવા જન્મ પામ્યા પછી થોડા જ વખતમાં વિવિધ રોગોનો ભોગ બની મૃત્યુને આધીન થાય છે. ત્યારે તું તો દુર્લભ એવું દીર્ઘાયુષ્ય પણ પામ્યો.

આ બધું પામવા છતાં બોધિનો લાભ થવો, એટલે કે **જૈન** ધર્મની પ્રાપ્તિ થવી અતિ દુર્લભ છે. તને **જૈન** ધર્મની પ્રાપ્તિ થઈ, એ તારું પરમ સૌભાગ્ય માન અને અરિહંતદેવ, નિર્ગ્રંથ ગુરુ તથા સર્વજ્ઞ-કથિત ધર્મના સિદ્ધાંતોમાં પૂરેપૂરી શ્રદ્ધા રાખ.

જૈન મહર્ષિઓએ બોધિ અર્થાત્ સમ્યક્ત્વને ચિંતામણિ રત્ન અને કલ્પવૃક્ષથી પણ અધિક કહેલ છે, તેનો મર્મ તું વારંવાર વિચાર. ખરેખર! આ જગતમાં બોધિ અર્થાત્ સમ્યક્ત્વ જેવી સુંદર કોઈ પણ વસ્તુ નથી, અને જો સમ્યક્ત્વ હોય તો જ્ઞાન અને ક્રિયા સફળ છે, માટે હે જીવ! તું સમ્યક્ત્વમાં બરાબર સ્થિર થા.'

(૧૨) **અર્હદ્ દુર્લભભાવના**—ધર્મના સાધક-ઉત્પાદક-ઉપદેશક એવા અરિહંત આદિની પ્રાપ્તિ પણ મહા દુર્લભ છે, એમ વિચારવું એ અર્હદ્ દુર્લભભાવના કે ધર્મભાવના કહેવાય છે. કહ્યું છે કે—

**तित्थयर गणहरो, केवली य पत्तेयबुद्ध पुव्वधरा ॥**
**पंचविहायारधरो, दुल्लहो आयरियोऽवि ॥**

'તીર્થંકર, ગણધર, કેવલી, પ્રત્યેક બુદ્ધ, પૂર્વધર અને પાંચ પ્રકારના આચારને ધારણ કરનાર આચાર્ય પણ આ લોકમાં પ્રાપ્ત થવા મહા દુર્લભ છે.'

અહીં એમ પણ વિચારવું ઘટે છે કે-

**दानं च शीलं च तपश्च भावो,**
**धर्मश्चतुर्धा जिनबान्धवेन ।**
**निरूपितो यो जगतां हिताय,**
**स मानसे मे रमतामजस्रम् ॥**

'જિનબાંધવ શ્રી તીર્થંકર દેવે જગતના હિતાર્થે દાન, શીલ, તપ અને ભાવ એ ચાર પ્રકારનો ધર્મ ઉપદેશ્યો છે, તે મારા મનમાં નિરંતર વાસ કરો.'

વિશેષમાં એમ પણ વિચારવું ઘટે છે કે-

'હે આત્મન્! ધર્મ એ મંગલરૂપી કમલાનું કેલિસ્થાન, કરુણાનું કેતન, શિવસુખનું સાધન, ભવભયનું બાધન અને જગતનો આધાર છે, માટે તેનું શરણ અંગીકાર કર.'

'હે ચેતન! ધર્મ એ અબંધુનો બંધુ છે, અસહાયનો સહાય છે અને સર્વ પ્રકારની ઇષ્ટસિદ્ધિને આપનારો છે, માટે તેનું શરણ અંગીકાર કર.'

'હે આત્મન્! ધર્મ આ ભવ તથા પરભવ બંનેમાં સુખકારી છે તથા ક્રમશઃ મુક્તિસુખને આપનારો છે, માટે તેનું શરણ અંગીકાર કર.'

'હે ચેતન! કામધેનુ, કલ્પવૃક્ષ કે ચિંતામણિ રત્નથી જે ફલની પ્રાપ્તિ થાય છે, તે થોડા વખત જ સુખ આપે છે અને તે પણ અપૂર્ણ હોય છે, જ્યારે ધર્મનાં સેવનથી થતી ફલપ્રાપ્તિ ચિરકાળ સુધી સુખને આપનારી હોય છે તથા તે સુખ પૂર્ણ હોય છે, માટે તેનું શરણ અંગીકાર કર.'

'હે આત્મન્! આ જગતમાં એવું કયું દુઃખ છે કે જે ધર્મના સેવનથી ન ટળે? અથવા આ જગતમાં એવું કયું સુખ છે કે જે ધર્મના સેવનથી ન મળે? તાત્પર્ય કે દુઃખને દૂર કરવાનો અને સુખને સાધવાનો સાચો ઉપાય ધર્મ છે, માટે તેનું શરણ અંગીકાર કર.'

'હે ચેતન! તું શ્રુતધર્મ અને ચારિત્રધર્મનું શરણ સ્વીકાર, જેથી તારો ભવનિસ્તાર શીઘ્ર થશે.'

'હે આત્મન્! તું ક્ષમાધર્મ, માર્દવધર્મ, આર્જવધર્મ, મુક્તિધર્મ, તપોધર્મ, સંયમધર્મ, સત્યધર્મ, શૌચધર્મ, અકિંચનધર્મ અને બ્રહ્મચર્યધર્મનું પાલન કર, જેથી તારો ભવનિસ્તાર શીઘ્ર થશે.'

'હે આત્મન્! તું સર્વજ્ઞકથિત સત્ય ધર્મનું શરણ સ્વીકાર તો તારો ભવનિસ્તાર શીઘ્ર થશે.'

આ બાર ભાવનાઓ ઉપરાંત મૈત્રી, પ્રમોદ, કારુણ્ય અને માધ્યસ્થ એ ચાર ભાવનાઓ પણ ભાવવા યોગ્ય છે. તેમાં સર્વ જીવોને મિત્ર સમાન ગણવા, તે મૈત્રીભાવના છે; પરજીવને સુખી જોઈ રાજી થવું, તે પ્રમોદભાવના છે; દુઃખી જીવો પ્રત્યે કરુણા–અનુકંપા ધારણ કરવી, તે કારુણ્યભાવના છે; અને પાપી–અધર્મી જીવો પ્રત્યે ઉપેક્ષાવૃત્તિ ધારણ કરવી, એ માધ્યસ્થભાવના છે.

વિશેષમાં પ્રાણાતિપાતવિરમણ આદિ દરેક મહાવ્રતની પાંચ પાંચ ભાવનાઓ છે, તે પણ ભાવવા યોગ્ય છે. તેનો વિસ્તાર યોગશાસ્ત્ર વગેરે ગ્રંથોથી જાણવો.

**(૧) ઉપક્રમ :**

ભાવના પછી ચારિત્રનો અધિકાર આવે છે. તેની રજૂઆત પ્રકરણકાર મહર્ષિ બત્રીશમી અને તેત્રીશમી ગાથામાં આ પ્રમાણે કરે છે:

**(૨) મૂળ ગાથા :**

**सामाइअत्थ पढमं, छेओवट्ठावणं भवे बीअं।**
**परिहारविसुद्धीअं, सुहुमं तह संपरायं च ॥३२॥**
**तत्तो अ अहक्खायं, खायं सव्वंमि जीवलोगंमि।**
**जं चरिऊण सुविहिया, वच्चंति अयरामरं ठाणं ॥३३॥**

(૩) સંસ્કૃત છાયા :

सामायिकमत्र प्रथमं, छेदोपस्थापनं भवेद् द्वितीयं ।
परिहारविशुद्धिकं सूक्ष्मं तथा सम्परायं च ॥३२॥
ततश्च यथाख्यातं, ख्यातं सर्वस्मिन् जीवलोके ।
यच्चरित्वा सुविहिता, गच्छन्त्यजरामरं स्थानम् ॥३३॥

(૪) શબ્દાર્થ :

सामाइयं–સામાયિક.

सामाइयं અને अत्थ, એ सामाइयमत्थ.

अत्थ–અત્ર, અહીં, આ અધિકારે.

पढमं–પ્રથમ, પહેલું.

छेओवट्ठावणं–છેદોપસ્થાપન.

भवे–છે.

बीअं–બીજું.

परिहारविसुद्धीअं–પરિહારવિશુદ્ધિ.

सुहुमं–સૂક્ષ્મ.

तह–તથા.

संपरायं–સંપરાય.

च–અને.

तत्तो–પછી.

अ–અને, વળી.

अहक्खायं–યથાખ્યાત.

खायं–ખ્યાત, પ્રખ્યાત.

सव्वंमि--સર્વ.

આ પદ जीवलोगंमिનું વિશેષણ હોવાથી સપ્તમીમાં આવેલું છે.

जीवलोगंमि–જીવલોકમાં, જગતમાં.

जं–જેને.

चरिऊण–આચરીને.

सुविहिया–સુવિહિત સાધુઓ.

વિધિનો સારી રીતે આદર કરે તે સુવિહિત કહેવાય છે.

वच्चंति–જાય છે, પામે છે.

अयरामरं–અજરામર.

જે અજર અને અમર હોય તે અજરામર. અજર એટલે જરા અવસ્થાને ન પામે એવું અને અમર એટલે જ્યાં મરણ નથી એવું. તાત્પર્ય કે જ્યાં વૃદ્ધાવસ્થા નથી, તેમજ મરણ નથી અને પરિણામે નવો જન્મ પણ નથી, તેને અજરામર કહેવામાં આવે છે.

ठाणं–સ્થાનને.

અજરામર સ્થાન એટલે મોક્ષ.

**(૫) અર્થ-સંકલના :**

**અહીં (ચારિત્રના અધિકારે) સામાયિક નામનું ચારિત્ર પહેલું છે, છેદોપસ્થાપન નામનું ચારિત્ર બીજું છે, પરિહારવિશુદ્ધિ નામનું ચારિત્ર**

**ત્રીજું છે અને સૂક્ષ્મસંપરાય નામનું ચારિત્ર ચોથું છે. પછી સર્વ જગતમાં પ્રસિદ્ધ એવું યથાખ્યાત નામનું ચારિત્ર છે કે જેને આચરીને સુવિહિત સાધુઓ મોક્ષ પામે છે.**

**(૬) વિવેચન :**

ચારિત્રમોહનીય કર્મના ક્ષય, ઉપશમ કે ક્ષયોપશમથી પ્રકટ થયેલો આત્માનો શુદ્ધ સ્વભાવ તે ચારિત્ર કહેવાય છે. આ ચારિત્ર પાંચ પ્રકારનું છે : (૧) સામાયિક ચારિત્ર, (૨) છેદોપસ્થાપન કે છેદોપસ્થાપનીય ચારિત્ર, (૩) પરિહારવિશુદ્ધિ ચારિત્ર, (૪) સૂક્ષ્મસંપરાય ચારિત્ર અને (૫) યથાખ્યાત ચારિત્ર. આ પાંચ ચારિત્રનું સ્વરૂપ અનુક્રમે આ પ્રમાણે જાણવું :

**(૧) સામાયિક ચારિત્ર :**

આત્મા કર્મના સંયોગે અનાદિકાળથી વિષમ સ્થિતિમાં રહેલો છે. આ વિષમ સ્થિતિને દૂર કરીને સમસ્થિતિમાં—સમભાવમાં લાવવાનું મુખ્ય સાધન સામાયિક ચારિત્ર છે. તે હિંસાદિ સાવદ્ય યોગનો ત્યાગ કરવાથી તથા સંવર–નિર્જરાનું સેવન કરવાથી સિદ્ધ થાય છે. **સમ** એટલે સમસ્થિતિ કે સમભાવ, તેનો આય એટલે લાભ તે **સમાય.** તેનાથી યુક્ત જે ક્રિયા તે **સામાયિક.**

આ સામાયિક ચારિત્ર બે પ્રકારનું છે : (૧) ઇત્વરકથિક અને (૨) યાવત્કથિક. ભરતાદિ દશ ક્ષેત્રમાં પહેલા અને છેલ્લા તીર્થંકરના શાસનમાં પ્રથમ લઘુ દીક્ષા

અપાય છે, તે ઇત્વરકથિકસામાયિક ચારિત્ર કહેવાય છે, કારણ કે તે થોડા કાળ માટે જ હોય છે. શ્રાવકો શિક્ષા-વ્રતના અધિકારે સામાયિક, પોષધ, પ્રતિક્રમણ વગેરે ક્રિયાઓ કરે છે, તેનો સમાવેશ પણ આ ઇત્વરકથિક સામાયિક ચારિત્રમાં જ થાય છે.

મધ્યના બાવીશ તીર્થંકરના શાસનમાં તેમજ મહાવિદેહમાં સર્વદા પ્રથમ લઘુ દીક્ષા અને પુનઃ વડી દીક્ષા એવો વ્યવહાર નથી. ત્યાં પ્રથમથી જ વડી દીક્ષા હોય છે, માટે તેને યાવત્કથિક સામાયિક ચારિત્ર કહેવામાં આવે છે.

આ બે ચારિત્રો પકી ઇત્વરકથિક સાતિચાર અને ઉત્કૃષ્ટ છ માસનું હોય છે, જ્યારે યાવત્ કથિક નિરતિચાર (અલ્પ અતિચાર) અને જીવનભરનું હોય છે.

## (૨) છેદોપસ્થાપનીય ચારિત્ર :

પૂર્વના સામાયિક ચારિત્રના સદોષ કે નિર્દોષ પર્યાયનો છેદ કરીને ઉપસ્થાપન કરવું, એટલે કે પુનઃ દીક્ષા લેવી, વિશુદ્ધ મહાવ્રતો અંગીકાર કરવા, તે છેદો-પસ્થાપનીય ચારિત્ર કહેવાય છે. તેના સાતિચાર અને નિરતિચાર એવા બે પ્રકારો છે. તેમાં જેણે મહાવ્રતોનો મૂળથી ભંગ કર્યો હોય તેને પુનઃ મહાવ્રતો આપવામાં આવે તે સાતિચાર છેદોપસ્થાપનીય ચારિત્ર કહેવાય અને લઘુ દીક્ષાવાળા સાધુને શસ્ત્રપરિજ્ઞા નામનું અધ્યયન પૂરું થયા પછી વડી દીક્ષા આપવામાં આવે તેને નિરતિચાર

છેદોપસ્થાપનીય ચારિત્ર કહેવાય. વિશેષમાં એક તીર્થંકરના સાધુને બીજા તીર્થંકરના શાસનમાં પ્રવેશ કરવો હોય ત્યારે તેમને પણ પુનઃ ચારિત્ર ઉચ્ચરવું પડે છે, (ચારિત્રને લગતી પ્રતિજ્ઞા ગ્રહણ કરવી પડે છે) તે પણ નિરતિચાર છેદોપસ્થાપનીય ચારિત્ર કહેવાય. શ્રી પાર્શ્વનાથ પ્રભુના સાધુઓ ચાર મહાવ્રતોથી યુક્ત હતા. તેમણે શ્રી મહાવીર પ્રભુના પાંચ મહાવ્રતોવાળો માર્ગ અંગીકાર કર્યો, ત્યારે પુનઃ ચારિત્ર ગ્રહણ કર્યું હતું, એ હકીકત આગમપ્રસિદ્ધ છે.

મધ્યના બાવીશ તીર્થંકરના શાસનમાં તેમજ મહાવિદેહ ક્ષેત્રમાં છેદોપસ્થાપનીય ચારિત્ર હોતું નથી. તાત્પર્ય કે તે પહેલા તથા છેલ્લા તીર્થંકરના શાસનમાં તેમજ ભરતાદિ ક્ષેત્રમાં જ હોય છે.

## પરિહારવિશુદ્ધિ ચારિત્ર :

પરિહાર એટલે ગચ્છના ત્યાગપૂર્વક જે વિશિષ્ટ તપ કરી આત્માની વિશુદ્ધિ કરવામાં આવે તેને પરિહાર વિશુદ્ધિ ચારિત્ર કહેવામાં આવે છે. તેનું સ્વરૂપ આ પ્રમાણે સમજવું :

સ્થવિરકલ્પી સાધુઓના ગચ્છમાંથી ગુરુની આજ્ઞા પામી ૯ સાધુઓ ગચ્છનો પરિહાર કરે છે, એટલે કે તેને છોડીને કેવલી ભગવંત અથવા ગણધર અથવા પૂર્વે જેમણે પરિહારકલ્પ અંગીકાર કર્યો હોય તેવા સાધુ મુનિરાજ પાસે જાય છે અને પરિહારકલ્પ અંગીકાર કરે છે. તેમાં ચાર સાધુ છ માસ સુધી તપ કરે છે અને બીજા ચાર

સાધુ તેમનું વૈયાવૃત્ત્ય કરે છે તથા એક સાધુ વાચનાચાર્ય ગુરુ થાય છે. છ મહિના બાદ તપ પૂર્ણ થયે તે સાધુઓ વૈયાવૃત્ય કરનારા થાય છે અને વૈયાવૃત્ય કરનારા સાધુઓ છ માસનો તપ આરંભે છે. તેમનો તપ પૂર્ણ થયે વાચનાચાર્ય પોતે છ માસનો તપ કરે છે. એ વખતે જઘન્યથી એક અને ઉત્કૃષ્ટથી સાત સાધુ તેમનું વૈયાવૃત્ય કરનારા થાય છે. આ પ્રમાણે અઢાર માસે પરિહારકલ્પ પૂર્ણ થાય છે.

પરિહારકલ્પ અંગીકાર કરનાર સાધુઓ ગ્રીષ્મકાલમાં જઘન્ય ચતુર્થભક્ત એટલે એક ઉપવાસ, મધ્યમ ષષ્ઠભક્ત એટલે બે ઉપવાસ અને ઉત્કૃષ્ટ અષ્ટમભક્ત એટલે ત્રણ ઉપવાસ કરે છે; શિશિરઋતુમાં જઘન્ય ષષ્ઠભક્ત, મધ્યમ અષ્ટમ ભક્ત અને ઉત્કૃષ્ટ દશમભક્ત એટલે ચાર ઉપવાસ કરે છે; તથા વર્ષાકાલમાં જઘન્ય અષ્ટમ ભક્ત, મધ્યમ દશમભક્ત અને ઉત્કૃષ્ટ દ્વાદશભક્ત એટલે પાંચ ઉપવાસ કરે છે. આ દરેક તપમાં પારણે આયંબિલ કરે છે. વળી વૈયાવૃત્ત્ય કરનાર અને વાચનાચાર્ય પણ હંમેશાં આયંબિલ કરે છે.

આ કલ્પ પૂરો થયા પછી કેટલાક સાધુઓ ફરી તેજ પરિહારવિશુદ્ધિ ચારિત્રનો સ્વીકાર કરે છે, તો કેટલાક સાધુઓ જિનકલ્પનો સ્વીકાર કરે છે અને કેટલાક સાધુઓ પુનઃ ગચ્છમાં આવે છે. તેમાં તરત જ જિનકલ્પને સ્વીકારનારા યાવત્કથિક પરિહારવિશુદ્ધિક અને બીજા ઈત્વર-કથિક પરિહારવિશુદ્ધિક કહેવાય છે.

આ કલ્પમાં તપશ્ચર્યા કરનાર સાધુઓ તપશ્ચર્યા કરતાં સુધી નિર્વિશમાનક કહેવાય છે અને તપશ્ચર્યા કરી રહ્યા બાદ નિર્વિષ્ટકાયિક કહેવાય છે.

આ ચારિત્ર પ્રથમ અને ચરમ તીર્થંકરના તીર્થમાં હોય છે, મધ્યના બાવીશ તીર્થંકરના સમયમાં હોતું નથી.

## (૪) સૂક્ષ્મસંપરાય ચારિત્ર

જે ચારિત્રમાં મોહનીય કર્મની ૨૮ પ્રકૃતિઓ પૈકી ૨૭ પ્રકૃતિઓનો ક્ષય થયેલો હોય છે અને માત્ર સંજ્વલન લોભ કે જેને માટે અહીં સંપરાય સંજ્ઞાનો પ્રયોગ કરવામાં આવ્યો છે, તેનો અતિ સૂક્ષ્મ ભાગ–સ્વલ્પ અંશ બાકી રહ્યો હોય, તે ચારિત્રને સૂક્ષ્મ સંપરાય કહેવામાં આવે છે. દશમા ગુણસ્થાનકે વર્તતા આત્માને આ પ્રકારનું ચારિત્ર હોય છે.

## (૫) યથાખ્યાત ચારિત્ર

યથા એટલે જે પ્રમાણે ख्यात એટલે કહેલું છે. તાત્પર્ય કે સર્વજ્ઞ ભગવંતોએ ચારિત્રનું શુદ્ધ સ્વરૂપ જે પ્રકારનું પ્રકાશ્યું છે, તેવા ચારિત્રને યથાખ્યાત ચારિત્ર કહેવામાં આવે છે. આ ચારિત્રમાં કષાયનો સર્વથા ઉપશમ કે ક્ષય થવાથી વીતરાગપણાની પ્રાપ્તિ હોય છે. તેના ચાર પ્રકારો છે:

(૧) ઉપશાન્ત યથાખ્યાત, (૨) ક્ષાયિક યથાખ્યાત, (૩) છાદ્મસ્થિક યથાખ્યાત તથા (૪) કેવલિક યથાખ્યાત.

અગિયારમા ગુણસ્થાનકે મોહનીય કર્મ સત્તામાં

હોય છે, પણ તદ્દન શાંત હોવાથી તેનો ઉદય હોતો નથી. તે વખતનું ચારિત્ર તે ઉપશાંત યથાખ્યાત.

બારમા, તેરમા તથા ચૌદમા ગુણસ્થાનકે મોહનીય કર્મનો તદ્દન ક્ષય થવાથી જે ક્ષાયિક ભાવનું ચારિત્ર હોય, તે ક્ષાયિક યથાખ્યાત.

અગિયારમે અને બારમે ગુણસ્થાને રહેલો આત્મા છદ્મસ્થ હોવાથી તેના ચારિત્રને છાદ્મસ્થિક યથાખ્યાત ચારિત્ર કહેવાય છે અને તેરમા તથા ચૌદમા ગુણસ્થાને રહેલો આત્મા કેવલી હોવાથી તેમનું ક્ષાયિક ભાવનું ચારિત્ર તે કૈવલિક યથાખ્યાત ચારિત્ર કહેવાય છે.

અહીં એટલી સ્પષ્ટતા કરવી ઉચિત છે કે વાસ્તવમાં સામાયિક એ જ ચારિત્ર છે, પરંતુ તેની જુદી જુદી અવસ્થાઓને લીધે તેનાં જુદાં જુદાં નામો પડેલાં છે. દાખલા તરીકે પૂર્વ પર્યાયનો છેદ અને નવા પર્યાયનું ઉપસ્થાપન કરવાથી જે સામાયિક ચારિત્રનો સદ્ભાવ તેનું નામ છેદોપસ્થાપનીય ચારિત્ર; પરિહારકલ્પ કરવાથી જે વિશુદ્ધિ થાય એ વખતનું સામાયિક ચારિત્ર તે પરિહારવિશુદ્ધિ ચારિત્ર. માત્ર સૂક્ષ્મ સંપરાય જ ઉદયમાં હોય, તે વખતે જે જાતનું સામાયિક ચારિત્ર તે સૂક્ષ્મ સંપરાય ચારિત્ર અને સંપૂર્ણ શુદ્ધિવાળું સામાયિક ચારિત્ર તે યથાખ્યાત ચારિત્ર. મોક્ષની પ્રાપ્તિ યથાખ્યાત ચારિત્રથી જ થાય છે.

'સંવરતત્ત્વ' નામનું નવમું પ્રકરણ અહીં પૂરું થાય છે.

### પ્રકરણ દશમું

# નિર્જરાતત્ત્વ

[ ગાથા ચોત્રીશમીથી છત્રીશમી સુધી ]

**(૧) ઉપક્રમ :**

કર્મનું નિર્જરવું અર્થાત્ ઝરવું, સડવું કે અમુક અંશે નાશ પામવું, એ નિર્જરા કહેવાય છે. આ પ્રકારની નિર્જરા વડે જ કર્મનો આત્યંતિક ક્ષય થાય છે અને છેવટે મુક્તિ, મોક્ષ કે પરમપદનું અનિર્વચનીય સુખ માણી શકાય છે, તેથી નિર્જરાની ગણના શુદ્ધ ઉપાદેય તત્ત્વમાં થયેલી છે.

સંવરતત્ત્વ પછી નિર્જરાતત્ત્વનો અને નિર્જરા તત્ત્વ પછી બંધતત્ત્વનો અધિકાર આવે છે. આ બંને તત્ત્વોનો નિર્દેશ પ્રકરણકાર મહર્ષિએ ચોત્રીશમી ગાથામાં અનુક્રમે આ પ્રમાણે કર્યો છે :

**(૨) મૂળ ગાથા :**

**बारसविहं तवो, णिज्जरा य बंधा चउविगप्पा अ ।**
**पयइ–ठिइ–अणुभाग–प्पएसभेएहिं नायव्वो ॥३४॥**

(૩) **સંસ્કૃત છાયા :**

**द्वादशविधं तपो निर्जरा च बन्धश्चतुर्विकल्पश्च ।**
**प्रकृतिस्थित्यनुभागप्रदेशभेदैर्ज्ञातव्यः ॥३४॥**

**શબ્દાર્થ :**

बारसविहं—બાર પ્રકારનો.

तवो—તપ.

णिज्जरा—નિર્જરા.

य—અને, વળી.

बन्धो—બંધ.

चउविगप्पो—ચાર પ્રકારનો.

अ—અને.

पयइ—પ્રકૃતિ.

पयइ અને ठिइ અને अणुभाग અને प्पएस તેના ભેઅ તે पयइ-ठिइ-अणुभाग-प्पएस-भेअ, તેના વડે पयइ-ठिइ-अणुभाग-प्पएस-भेएहिं.

ठिइ—સ્થિતિ.

अणुभाग—અનુભાગ.

प्पएस—પ્રદેશ.

भेएहिं—ભેદો વડે.

नायव्वो—જાણવો.

(૫) **અર્થ-સંકલના :**

**વળી બાર પ્રકારનો તપ એ નિર્જરા છે અને**

**બંધ ચાર પ્રકારનો છે. તે પ્રકૃતિ, સ્થિતિ, અનુભાગ તથા પ્રદેશના ભેદો વડે જાણવા યોગ્ય છે.**

(૬) **વિવેચન :**

શ્રી જિનેશ્વર ભગવંતોએ કહ્યું છે કે '**भवकोडी-संचियं कम्मं तवसा निज्जरिज्जइ**–ક્રોડો ભવમાં સંચિત કરેલું કર્મ તપવડે ક્ષય પામે છે.' અહીં એટલી સ્પષ્ટતા આવશ્યક છે કે ગાઢ રસથી બંધાયેલ નિકાચિત કર્મના અલ્પ નિકાચિત અને સુનિકાચિત એવા બે પ્રકારો છે. તેમાંથી તપશ્ચર્યા વડે અમુક હદ સુધીનાં અલ્પ નિકાચિત કર્મોનો ક્ષય થાય છે, જ્યારે સુનિકાચિત કર્મો વિપાકોદય-રસોદયથી અવશ્ય ભોગવવા પડે છે.*

નિર્જરા બે પ્રકારની છે : (૧) દ્રવ્યનિર્જરા અને (૨) ભાવનિર્જરા. તેમાં કર્મ પુદ્ગલોને આત્મ પ્રદેશમાંથી ખેરવવા તે દ્રવ્યનિર્જરા છે અને જેનાથી કર્મપુદ્ગલો ખરે એવા આત્માનો તપશ્ચર્યાદિવાળો શુદ્ધ પરિણામ એ ભાવનિર્જરા છે.

નિર્જરાના બે પ્રકારો અન્ય રીતે પણ ગણાય છે. જેમ કે—(૧) અકામનિર્જરા અને (૨) સકામનિર્જરા. તેમાં સમ્યકત્વ રહિત અજ્ઞાન કષ્ટવાળી જે તપશ્ચર્યા તે

* 'તપોરત્ન મહોદધિ' નામના ગ્રંથમાં અનેક તપોનું વર્ણન કરેલું છે. અમોએ 'તપવિચાર', 'તપનાં તેજ', 'તપની મહત્તા' વગેરે પુસ્તકોમાં તપ સંબંધી ઘણી જાણવા જેવી વસ્તુઓ આપેલી છે.

અકામનિર્જરા અને સમ્યકત્વથી યુક્ત વિવેકવાળી જે તપશ્ચર્યા તે સકામનિર્જરા.

જિનાગમોમાં તપશ્ચર્યા બાર પ્રકારની કહી છે, એટલે નિર્જરાના પણ બાર ભેદો જ ગણવામાં આવે છે. તેનું વર્ણન પાંત્રીશમી અને છત્રીશમી ગાથાઓમાં આવશે.

બંધ ચાર પ્રકારનો છે : (૧) પ્રકૃતિબંધ, (૨) સ્થિતિ-બંધ, (૩) અનુભાગબંધ અને (૪) પ્રદેશબંધ. તેનું વર્ણન સાડત્રીશમી ગાથામાં આવશે.

**(૧) ઉપક્રમ :**

બાર પ્રકારના તપમાં છ પ્રકારો બાહ્ય તપના છે અને છ પ્રકારો અભ્યંતર તપના છે. તેમાં બાહ્ય તપના છ પ્રકારો પ્રકરણકાર મહર્ષિ ચોત્રીશમી ગાથામાં આ પ્રમાણે વર્ણવે છે :

**(૨) મૂળ ગાથા :**

**अणसणमूणोअरिया, वित्तीसंखेवणं रसच्चाओ ।**
**कायकिलेसो संलीणया य बज्झो तवो होइ ॥३५॥**

**(૩) સંસ્કૃત છાયા :**

**अनशनमूनोदरिका, वृत्तिसंक्षेपणं रसत्यागः ।**
**कायक्लेशः संलीनता च बाह्यं तपो भवति ॥ ३५ ॥**

**(૪) શબ્દાર્થ :**

अणसणं–અનશન, આહારત્યાગ.

अणसणं અને ऊणोयरिया તે अणसणमूणोयरिया.

ऊणोयरिया–ઊનોદરિકા.

वित्तीसंखेवणं–વૃત્તિસંક્ષેપ.

रसच्चाओ–રસત્યાગ.

कायकिलेसो–કાયક્લેશ.

संलीणया–સંલીનતા.

य–અને.

बज्झो–બાહ્ય.

तवो–તપ.

होइ–છે.

## (૫) અર્થ-સંકલના :

**અનશન, ઊનોદરિકા, વૃત્તિસંક્ષેપ, રસત્યાગ, કાયક્લેશ અને સંલીનતા એ બાહ્ય તપ છે.**

## (૬) વિવેચન

તપની વ્યાખ્યા જુદા જુદા ધર્મમાં જુદા જુદા પ્રકારે કરવામાં આવી છે. કોઈએ અમુક વ્રતને જ તપ માન્યું છે; કોઈએ વનવાસ, કંદમૂળ ભક્ષણ કે સૂર્યની આતાપનાને જ તપ ગણ્યું છે; તો કોઈએ કેવળ દેહ અને ઇન્દ્રિયોના દમનથી જ તપની પૂર્ણતા સ્વીકારી છે. પરંતુ જૈન પરંપરામાં તેની વ્યાખ્યા આ પ્રમાણે કરવામાં આવી છે:

**रसरुधिरमांसमेदोऽस्थिमज्जशुक्राण्यनेन तप्यन्ते ।**
**कर्माणि चाशुभानीत्यतस्तपो नाम नैरुक्तम् ॥**

'જેનાથી રસ, રુધિર, માંસ, મેદ, અસ્થિ, મજ્જા

અને શુક્ર એ શરીરની સાતેય ધાતુઓ તથા અશુભ કર્મો તપે, તે તપ જાણવું.'

આ વ્યાખ્યા પ્રમાણે કોરૂં દેહદમન એ તપ નથી અને માત્ર માનસિક તિતિક્ષા એ પણ તપ નથી. તેમાં દેહ અને મન ઉભયની શુદ્ધિ કરનારાં તત્ત્વો જોઈએ. જૈન તપ આ બંને પ્રકારની શુદ્ધિ પર રચાયેલું છે.

શ્રી જિનેશ્વર ભગવંતોએ કહ્યું છે કે '**नो इहलोगट्ठयाए नो परलोगट्ठयाए नो उभयलोगट्ठयाए नो कीत्तिवन्नसद्दसिलोगट्ठयाए नन्नत्थं निज्जरट्ठयाए**—હે મુમુક્ષુઓ ! તમે કોઈ પણ પ્રકારનું તપ આ લોકના સુખની ઈચ્છાથી નહિ; પરલોકના સુખની ઈચ્છાથી નહિ; ઉભય લોકના સુખની ઈચ્છાથી નહિ; કીર્તિ, મહત્તા કે પ્રશંસાની ઈચ્છાથી નહિ, પણ માત્ર કર્મની નિર્જરા અર્થે જ કરજો.'

અહીં એ પણ સમજી લેવું જરૂરનું છે કે અમુક દિવસ કે અમુક વખત ભૂખ્યા રહેવું તે તપ નહિ પણ લંઘન-લાંઘણ છે. 'અમુક વસ્તુ નહિ મળે તો ઉપવાસ કરીશ' એ પ્રકારની ચેતવણીપૂર્વક થતા ઉપવાસ વગેરે એક પ્રકારનાં તાગાં છે, પણ શુદ્ધ શાસ્ત્રીય તપ નથી. જે તપ મોક્ષપ્રાપ્તિના હેતુથી માત્ર કર્મની નિર્જરા માટે કરવામાં આવે, તેને જ શુદ્ધ શાસ્ત્રીય તપ ગણવાનો છે.

તપના બાહ્ય અને અભ્યંતર એવા બે પ્રકારો છે. તેમાં જે તપ બાહ્ય વસ્તુના ત્યાગની અપેક્ષાવાળું છે તથા જેને દેખીને લોકો 'આ તપસ્વી છે' એમ સમજી શકે

છે તથા જે મુખ્યત્વે શરીરને તપાવે છે તેને બાહ્ય તપ કહેવામાં આવે છે. આ તપના છ પ્રકારો અનુક્રમે નીચે મુજબ જાણવા :—

## (૧) અનશનતપ

શરીરનાં ધારણ–પોષણ માટે ગ્રહણ કરવામાં આવતો આહાર ચાર પ્રકારનો છે: (૧) અશનરૂપ, (૨) પાનરૂપ, (૩) ખાદિમરૂપ અને (૪) સ્વાદિમરૂપ. તેમાં રોટલી, પુરી, ભાત, મીઠાઈ વગેરે જે વસ્તુઓ વડે ક્ષુધાનું પૂરું શમન થઈ શકે છે, તેને અશન કહેવાય છે; પાણી પાન કહેવાય છે; અમુક અંશે ક્ષુધાની તૃપ્તિ કરી શકે તે ફૂલ–ફલાદિ તથા મેવા પ્રમુખ વસ્તુઓને ખાદિમ કહેવાય છે અને લવીંગ, એલચી, તાંબૂલ વગેરે મુખશુદ્ધિ કરનારાં દ્રવ્યોને સ્વાદિમ કહેવાય છે. આ ચાર પ્રકારના આહાર પૈકી ચારે પ્રકારના આહારોનો ત્યાગ કરવો તેને ચઉવિહાહારું–ચૌવિહારું અનશન અને પાન સિવાયના બીજા ત્રણ પ્રકારના આહારોનો ત્યાગ કરવો તે તિવિહાહારું–તિવિહારું અનશન કહેવાય છે.

આવું અનશન બે પ્રકારે થાય છે: (૧) ઈત્વર–કાલિક એટલે થોડા સમય માટે અને (૨) યાવત્કથિક એટલે જીવનપર્યંત. તેમાં ઈત્વરકાલિક અનશનને સામાન્ય રીતે ઉપવાસ કહેવામાં આવે છે. એકાસણું, આયંબિલ વગેરે તપોનો સમાવેશ પણ આ પ્રકારમાં જ થાય છે. યાવત્કથિક અનશનને સામાન્ય રીતે અનશન કે સંથારો

કહેવામાં આવે છે. તેના ત્રણ પ્રકારો છે: (૧) પાદપોપગમન; (૨) ઇંગિનીમરણ અને (૩) ભક્તપરિજ્ઞા. તેનો વિસ્તાર આચારાંગસૂત્ર આદિથી જાણવો.

## (૨) ઊનોદરિકા તપ

જેમાં ઉદર એટલે પેટ, ઊન એટલે થોડું ઓછું કે અપૂરું હોય તે ઊનોદરિકા, એવું જે તપ તે ઊનોદરિકા તપ. તાત્પર્ય કે પુરુષનો આહાર બત્રીશ કોળિયા જેટલો અને સ્ત્રીનો આહાર અઠ્ઠાવીસ કોળિયા જેટલો છે, તેનાથી થોડું ઓછું જમવું, તેને ઊનોદરિકા નામનું તપ કહેવામાં આવે છે. કોળિયાનું પ્રમાણ મુખમાં સુખેથી ગ્રહણ કરી શકાય તેટલું સમજવું.

અહીં પ્રશ્ન થવા સંભવ છે કે 'થોડું ઓછું જમવું તેને તપ કેમ કહેવાય?' તેનો ઉત્તર એ છે કે પ્રમાણ કરતાં થોડું ઓછું જમવું એમાં એક પ્રકારની તિતિક્ષા છે, તેથી તેને તપ કહેવાય છે. સામાન્ય રીતે મનુષ્યો જમવા બેઠા કે તૃપ્ત થાય તેટલું ખાય છે અને કોઈ કોઈ વાર ભોજનની સમાપ્તિ થઈ ગઈ હોય છતાં કોઈ સ્વાદિષ્ટ વાની આવી પડે તો તરત જ તેના પર હાથ અજમાવવા લાગી જાય છે. આ જાતની વૃત્તિ પર કાબૂ મેળવવો, તે ઊનોદરિકા તપનો હેતુ છે.

ઠાંસીને જમવાથી મગજ પર લોહીનું દબાણ વિશેષ થાય છે. પરિણામે સ્ફુર્તિનો નાશ થાય છે તથા આળસ અને ઊંઘ આવવા માંડે છે. વળી ઠાંસીને જમવાથી

શરીરમાં મેદનું પ્રમાણ વધે છે અને બીજા દોષો પણ ઊભા થાય છે. આ કારણથી જિન ભગવંતોએ બ્રહ્મચર્યના રક્ષણની આઠમી વાડમાં ' **अतिमात्राऽभोग :**–પ્રમાણથી અધિક આહાર કરવો નહિ ' એવો આદેશ આપેલો છે.

આધુનિક આહારશાસ્ત્રીઓએ ઘણા સંશોધન પછી જાહેર કર્યું છે કે મિતાહારી માણસો પ્રમાણમાં લાંબું જીવે છે, જ્યારે અકરાંતિયા થઈને ભોજન કરનારાઓ અનેક રોગના ભોગ બની વહેલા મૃત્યુ પામે છે.

## (૩) વૃત્તિસંક્ષેપ તપ :

જેનાથી જીવતું રહેવાય તેને વૃત્તિ કહે છે. તેમાં ભોજન, જલ વગેરેનો સમાવેશ થાય છે. આ વૃત્તિનો દ્રવ્ય, ક્ષેત્ર, કાલ અને ભાવથી સંક્ષેપ કરવો–સંકોચ કરવો, તેને વૃત્તિસંક્ષેપ નામનું તપ કે અભિગ્રહની ધારણા કહેવાય છે.

સાધુ–મહાત્માઓ આ તપ નીચે મુજબ કરે છે :

(૧) **દ્રવ્યસંક્ષેપ**—અમુક જાતની ભિક્ષા મળે તો જ લેવી.

(૨) **ક્ષેત્રસંક્ષેપ**—એક, બે કે અમુક ઘરમાંથી જ ભિક્ષા મળે તો લેવી.

(૩) **કાલસંક્ષેપ**—દિવસના પ્રથમ પહોરમાં કે મધ્યાહ્ન પછી ભિક્ષા મળે તો જ લેવી. ( પ્રાચીન કાળમાં ગોચરી મધ્યાહ્ન કાળે જ થતી, તે અપેક્ષાએ આ કાલસંક્ષેપ છે. )

(૪) **ભાવસંક્ષેપ**—અમુક સ્થિતિમાં રહેલી વ્યક્તિ દ્વારા મળે તો જ ભિક્ષા ગ્રહણ કરવી.

આ પ્રકારના અભિગ્રહથી ઉગ્ર તિતિક્ષા થાય છે અને સ્વાભાવિક રીતે જ તપશ્ચર્યા થાય છે. શ્રમણ ભગવાન મહાવીરદેવ અનેક પ્રકારનો અભિગ્રહ ધારણ કરતા હતા અને આત્માની કસોટી કરતા હતા. તેમાં એક વાર તેમણે દશ બોલનો અતિ ઉગ્ર અભિગ્રહ નીચે પ્રમાણે ધારણ કર્યો હતો :–

(૧) **દ્રવ્યસંક્ષેપ**–સૂપડામાં [૧]અડદના બાકળા[૨] હોય.

(૨) **ક્ષેત્રસંક્ષેપ**—વહોરાવનારનો એક પગ ઉંબરાની અંદર હોય અને બીજો પગ બહાર હોય.[૩]

(૩) **કાલસંક્ષેપ**—બધા ભિક્ષુઓ ભિક્ષાચરી કરી ગયેલા હોય.[૪]

(૪) **ભાવસંક્ષેપ**–રાજપુત્રી[૫] દાસીપણાને પામેલી હોય,[૬] માથું મૂંડાવેલું હોય,[૭] પગમાં લોખંડની બેડી હોય,[૮] અટ્ઠમની તપશ્ચર્યાવાળી હોય,[૯] અને આંખમાં આંસુ હોય[૧૦] તે વહોરાવે તો જ ભિક્ષા લેવી.

તેમનો આ અભિગ્રહ પાંચ માસ અને પચીસ દિવસના ઉપવાસ પછી કૌશાંબી નગરીમાં ચંદનબાળા દ્વારા પૂર્ણ થયો હતો.

ગૃહસ્થો આ તપ સરલ રીતે કરવો હોય તો ' અમુક

જ વસ્તુઓથી ચલાવી લેવું ' એવી પ્રતિજ્ઞાપૂર્વક પણ કરી શકે છે.

**(૪) રસત્યાગ તપ :**

જેનાથી શરીરની ધાતુઓ વિશેષ પુષ્ટ થાય તેને રસ કહેવામાં આવે છે. જેમકે દૂધ, દહીં, ઘી, તેલ, ગોળ વગેરે. તેનો ત્યાગ કરવો, તે રસત્યાગ નામનું તપ કહેવાય છે.

રસને શાસ્ત્રીય પરિભાષામાં વિકૃતિ અથવા વિગઈ કહેવામાં આવે છે, કારણ કે તેને ગ્રહણ કરવાથી શરીર તથા મનમાં વિષયનો વિકાર ઉત્પન્ન થાય છે. આ વિકૃતિના મુખ્ય ભેદો દશ છે: (૧) મધ, (૨) મદિરા, (૩) માખણ, (૪) માંસ, (૫) દૂધ, (૬) દહીં, (૭) ઘી, (૮) તેલ, (૯) ગોળ અને (૧૦) પકવાન્ન. તેમાં મધ, મદિરા, માખણ અને માંસમાં તે તે પ્રકારના અસંખ્ય જીવો ક્ષણે ક્ષણે ઉત્પન્ન થતા હોવાથી તથા તે તામસી કે વિકારી હોવાથી મુમુક્ષુઓને માટે સર્વથા અભક્ષ્ય છે અને બાકીની ૭ વિકૃતિઓનો–વિગઈઓનો યથાશક્તિ ત્યાગ કરવો ઘટે છે. સ્વાદની ખાતર નાખવામાં આવતું મરચું પણ અપેક્ષા–વિશેષથી રસ જ છે, એટલે તેમાં પણ સંયમી બનવાની જરૂર છે.

રસત્યાગમાં આયંબિલની તપશ્ચર્યા મુખ્ય છે. તેમાં ૭ વિગઈ તથા મરચાં વગેરે મસાલાઓના ત્યાગપૂર્વક એકાસણું અર્થાત્ એકજ ટંક ભોજન કરવાનું હોય છે. આ

તપની તાલીમ માટે ચૈત્ર સુદિ સાતમથી પૂનમ અને આસો સુદિ સાતમથી પૂનમ એમ નવ-નવ દિવસની બે ઓળીઓ નિયત થયેલી છે. ×

## (૫) કાયક્લેશ તપ

કાય એટલે શરીર. તેને સંયમના નિર્વાહ અર્થે જે કષ્ટ આપવું, તે કાયક્લેશ કહેવાય છે.

અહીં એટલી સ્પષ્ટતા આવશ્યક છે કે ઠંડા પાણીમાં ઊભા રહેવું, પંચાગ્નિની આતાપના લેવી, ઝાડની ડાળીએ ઊંધા મસ્તકે લટકી રહેવું વગેરે અજ્ઞાન કષ્ટનો તપમાં સમાવેશ થતો નથી, કારણ કે તેમાં જીવોની હિંસા રહેલી છે અને સંયમના સાધનરૂપ ઇન્દ્રિયો વગેરેની હાનિ થવાનો સંભવ છે. પરંતુ તેમાં સુખપૂર્વક કરી શકાય તેવાં આસનોનો સમાવેશ થાય છે. કહ્યું છે કે—

**ठाणा वीरासणाईया, जीवस्स उ सुहावहा ।**
**उग्गा जहा धरिज्जंति, कायकिलेसं तमाहियं ॥**

'જીવ સુખે કરી શકે તેવાં વીરાસનાદિ આસનો ઉગ્ર પ્રકારે ગ્રહણ કરવાં તેને કાયક્લેશ કહેવાય છે.' અહીં વિરાસનાદિ શબ્દથી પદ્માસન, ગોદોહિકાસન વગેરે સુખ-સાધ્ય સાધનો અભિપ્રેત છે.

તિતિક્ષા બુદ્ધિથી ઉઘાડા પગે ચાલવું, ખુલ્લા માથે

× આયંબિલ તપની મહત્તા જાણવા માટે જુઓ અમારું લખેલું '**આયંબિલ-રહસ્ય.**' તે જૈન શિક્ષાવલીની બીજી શ્રેણીમાં નવમા પુસ્તક તરીકે પ્રકટ થયેલું છે.

રહેવું, કેશનો લોચ કરવો, ટાઢ-તડકો વેઠી લેવો, તથા ડાંસ-મચ્છર વગેરેનો ઉપદ્રવ સહન કરવો, તે પણ કાય-ક્લેશ નામનું તપ ગણાય છે.

કાયાની કોમળતા દૂર કરવા માટે તથા અપ્રમત્ત દશા કેળવવા માટે આ તપ અત્યંત આવશ્યક છે.

### (૬) સંલીનતા તપ

સંલીનતા એટલે શરીરનું સંગોપન કે પ્રવૃત્તિનો સંકોચ. તે અંગે શાસ્ત્રોમાં કહ્યું છે કે—

**इंदिअ-कसाय-जोए, पडुच्च संलीणया मुणेयव्वा ।**
**तह य विवित्त-चरिआ पण्णत्ता वीयरायेहिं ॥**

'ઇન્દ્રિય, કષાય અને યોગને આશ્રીને સંલીનતા સમજવી; તથા વિવિક્તચર્યાને પણ વીતરાગોએ સંલીનતા કહેલી છે.'

તાત્પર્ય કે ઇન્દ્રિયોને તેના વિષયમાંથી પાછી વાળવી, એ ઇન્દ્રિયજય નામની પ્રથમ સંલીનતા છે; ક્રોધ, માન, માયા અને લોભ એ ચાર કષાયોને ઉદયમાં આવવા ન દેવા અથવા ઉદયમાં આવે તો નિષ્ફળ કરવા, એ કષાયજય નામની બીજી સંલીનતા છે; અપ્રશસ્ત યોગનો નિરોધ કરવો અને કુશલ યોગની ઉદીરણા કરવી એ યોગનિરોધ નામની ત્રીજી સંલીનતા છે; અને સ્ત્રી, પશુ, તથા નપુંસક આદિ અયોગ્ય સંસર્ગવાળા સ્થાનનો ત્યાગ કરી એકાંતમાં શુદ્ધ સ્થાનને વિષે શયન તથા આસન રાખવું, એ વિવિક્તચર્યા નામની ચોથી સંલીનતા છે.

આ તપનું મહત્ત્વ સ્પષ્ટ છે. જ્યાં સુધી તોફાની ઘોડા જેવી ઇન્દ્રિયો પર કાબૂ આવે નહિ, ત્યાં સુધી સંયમની સાધના થઈ શકતી નથી. વળી જ્યાંસુધી ક્રોધ, માન, માયા અને લોભનું દમન કરવામાં આવે નહિ, ત્યાં સુધી માનસિક શાંતિ મળવી મુશ્કેલ છે. તે જ રીતે અપ્રશસ્ત યોગ કર્મબંધનનું મુખ્ય કારણ હોઈને તેને રોકવાની પણ તેટલી જ જરૂર છે; અને બ્રહ્મચર્યના શુદ્ધ પાલન માટે તથા એકત્વ ભાવના કેળવવા માટે વિવિક્ત-ચર્યાની જેટલી ઉપયોગિતા સ્વીકારીએ તેટલી ઓછી જ છે.

ઘણીવાર મનુષ્યો ઉપવાસ, આયંબિલ, ઊનોદરિકા કે વૃત્તિસંક્ષેપ વગેરે તપો કરી શકે છે, પણ સહવાસ છોડી એકાંત-નિર્જન સ્થાનમાં વસી શકતા નથી. તેનાં મુખ્ય કારણો બે છે: એક તો તેમણે પોતાની આસપાસ જે સૃષ્ટિ ઊભી કરેલી છે, તેની મોહકતા તેમના મનમાંથી છૂટતી નથી અને બીજું તેમના મનમાં કોઈને કોઈ પ્રકારનો ભય રહેલો હોય છે. આ બંને દોષો જીતવા માટે સંલીનતા એ ઉત્તમ પ્રકારનું તપ છે.

**(૧) ઉપક્રમ :**

હવે પ્રકરણકાર મહર્ષિ અભ્યંતર તપના છ પ્રકારો છત્રીશમી ગાથામાં આ પ્રમાણે જણાવે છે:

**(૨) મૂળ ગાથા :**

**पायच्छित्तं विणओ, वेयावच्चं तहेव सज्झाओ ।**
**झाणं उस्सग्गोऽवि अ, अब्भितरओ तवो होइ ॥ ३६ ॥**

(3) સંસ્કૃત છાયા :

प्रायश्चित्तं विनयो, वैयावृत्त्यं तथैव स्वाध्यायः ।
ध्यानं कायोत्सर्गोऽपि च अभ्यन्तरं तपो भवति ॥ ३६ ॥

(૪) શબ્દાર્થ :

पायच्छित्तं–પ્રાયશ્ચિત.
विणओ–વિનય.
वेयावच्चं–વૈયાવૃત્ત્ય.
तहेव–તેમજ.
सज्झाओ–સ્વાધ્યાય.
झाणं–ધ્યાન.
उस्सग्गो–ઉત્સર્ગ, વ્યુત્સર્ગ.
अवि–પણ.
अ–અને.
अब्भिंतरओ–અભ્યંતર.
तवो–તપ.
होइ–છે.

(૫) અર્થ-સંકલના :

પ્રાયશ્ચિત્ત, વિનય, વૈયાવૃત્ત્ય, સ્વાધ્યાય, ધ્યાન અને વ્યુત્સર્ગ એ અભ્યંતર તપ છે.

(૬) વિવેચન :

જે તપ લોકો બાહ્ય દૃષ્ટિથી સ્પષ્ટપણે સહસા જાણી શકતા નથી, જે તપથી લોકો તપ કરનારને તપસ્વી કહેતા

નથી કે જેનાથી બાહ્ય શરીર તપતું નથી, પરંતુ જે આત્મા અને મનને તપાવે છે અને વિશેષતાએ અંતરંગ પ્રવૃત્તિ-વાળું હોય છે, તેને અભ્યંતર તપ કહેવામાં આવે છે. આ તપના છ પ્રકારો નીચે મુજબ જાણવા :

## (૧) પ્રાયશ્ચિત્ત તપ

મનુષ્ય માત્ર અપૂર્ણ કે છદ્મસ્થ હોય ત્યાં સુધી ભૂલને પાત્ર છે. તેના વડે નાની-મોટી ભૂલો થયા કરે છે. પરંતુ એ ભૂલોનું ભાન થાય એટલે કે હૃદયમાં પશ્ચાત્તાપ થાય અને તેનું યોગ્ય પ્રાયશ્ચિત કરવામાં આવે તો આત્મા શુદ્ધ થાય છે. તેથી જ પ્રાયશ્ચિતને એક પ્રકારનું અભ્યંતર તપ ગણવામાં આવ્યું છે.

'प्रायशो वा चित्तं जीवं शोधयति कर्ममलिनं तत् प्रायश्चित्तम्–કર્મવડે મલિન થયેલા ચિત્તને એટલે જીવને ઘણા ભાગે શોધે તે પાયશ્ચિત્ત. 'पायच्छित्त' શબ્દનો સંસ્કૃત સંસ્કાર 'पापच्छित्त' પણ થાય છે. એટલે પાપનું છેદન કરનારી જે ક્રિયા, તે પ્રાયશ્ચિત એવો અર્થ પણ સમુચિત છે

શાસ્ત્રીય પરિભાષા પ્રમાણે મૂલ ગુણો અને ઉત્તર ગુણોમાં લાગેલા અતિચારની શુદ્ધિ માટે જે વિશિષ્ટ ક્રિયા કે અનુષ્ઠાન કરવું, તે પ્રાયશ્ચિત્ત કહેવાય છે. આ પ્રાય-શ્ચિત્તના દશ પ્રકારો છે. તે અંગે શ્રી જિનભદ્રગણિક્ષમા-શ્રમણે જીતકલ્પસૂત્રમાં કહ્યું છે કે–

**तं दसविहमालोयण पडिक्कमणोभयविवेगवोस्सग्गे ।**
**तवछेयमूल अणवट्ठया य पारंचिए चेव ॥**

'(૧) આલોચન, (૨) પ્રતિક્રમણ, (૩) તદુભય, (૪) વિવેક, (૫) વ્યુત્સર્ગ, (૬) તપ, (૭) છેદ, (૮) મૂળ, (૯) અનવસ્થાપ્ય અને (૧૦) પારાંચિક એમ પ્રાયશ્ચિત્તના દશ પ્રકારો છે.'

તત્ત્વાર્થસૂત્રના નવમા અધ્યાયમાં કહ્યું છે કે '**आलोचनप्रतिक्रमण तदुभयविवेकव्युत्सर्गतपच्छेदपरिहारोपस्थापनानि**–આલોચન, પ્રતિક્રમણ, તદુભય, વિવેક, વ્યુત્સર્ગ, તપ, છેદ, પરિહાર અને ઉપસ્થાપન એ નવ પ્રકારો પ્રાયશ્ચિત્તના છે. એટલે તેમાં મૂળ, અનવસ્થાપ્ય અને પારાંચિક પ્રાયશ્ચિત્તને બદલે પરિહાર અને ઉપસ્થાપનનો નિર્દેષ છે. એ રીતે તેમાં પ્રાયશ્ચિત્તના નવ પ્રકારો જણાવેલા છે.

પ્રાયશ્ચિત્તના દશ પ્રકારનું સંક્ષિપ્ત સ્વરૂપ આ પ્રમાણે સમજવું :

૧. **આલોચના પ્રાયશ્ચિત્ત**–ગુરુ સમક્ષ પોતાનો અપરાધ નિખાલસપણે પ્રકટ કરવો, તે આલોચના પ્રાયશ્ચિત્ત કહેવાય. આલોચના એટલે દોષોનું પ્રકાશન. ખ્રિસ્તી ધર્મમાં આ ક્રિયાને 'એકરાર' (Confession) કહેવામાં આવે છે.

૨. **પ્રતિક્રમણ પ્રાયશ્ચિત્ત**–થયેલા અપરાધ માટે પશ્ચાત્તાપ કરવો અને નવી ભૂલ ન થાય, તે માટે સાવધાન રહેવું, એ પ્રતિક્રમણ પ્રાયશ્ચિત્ત કહેવાય. પ્રતિ એટલે

પાછું, ક્રમણ એટલે ફરવું. તાત્પર્ય કે આપણે જે અપરાધ કર્યો હોય કે ભૂલ કરી હોય, એ સ્થિતિમાંથી પાછા ફરી મૂળ નિર્દોષ સ્થિતિમાં આવી જવું, તે પ્રતિક્રમણ કહેવાય. તે માટે જૈન પરંપરામાં 'मिच्छा मि दुक्कडं' એ શબ્દો બોલવાનો વ્યવહાર પ્રચલિત છે. मिच्छा-એટલે મિથ્યા. मि-એટલે મારું. दुक्कडं-એટલે દુષ્કૃત. તાત્પર્ય કે 'મેં જે દુષ્કૃત કર્યું છે-પાપ કર્યું છે, તે મારું આચરણ મિથ્યા છે, ખોટું છે. તે માટે હું દિલગીર થાઉં છું.' પ્રતિક્રમણ પ્રાયશ્ચિત્ત એ અભ્યંતર તપ છે, એટલે તેમાં અંતરની દિલગીરી હોવી જોઈએ. માત્ર મોઢેથી 'मिच्छा मि दुक्कडं' એવા શબ્દો બોલીએ, પણ અંતરમાં તેને માટે દિલગીરી, વ્યથા કે પશ્ચાત્તાપ ન હોય તો તેની ગણના અભ્યંતર તપમાં થઈ શકે નહિ.

૩. **મિશ્ર પ્રાયશ્ચિત્ત**-આલોચના અને પ્રતિક્રમણ બંને કરવામાં આવે, તેને મિશ્ર પ્રાયશ્ચિત્ત કહેવાય.

૪. **વિવેક પ્રાયશ્ચિત્ત**-શુદ્ધ જાણીને ગ્રહણ કરેલાં અન્નપાણી અશુદ્ધ જણાતાં તેનો ત્યાગ કરવો, તે વિવેક પ્રાયશ્ચિત્ત કહેવાય.

૫. **વ્યુત્સર્ગ પ્રાયશ્ચિત્ત**-દોષની શુદ્ધિ માટે ગુરુએ જેટલો કાયોત્સર્ગ કરવાનો કહ્યો હોય, તેટલો કાયોત્સર્ગ કરવો, એ વ્યુત્સર્ગ પ્રાયશ્ચિત્ત કહેવાય. वि એટલે વિશેષ પ્રકારે, उत्सर्ग એટલે કાયચેષ્ટાદિનો ત્યાગ. કાયોત્સર્ગનું વિશેષ વર્ણન આગળ આવશે.

૬. **તપ પ્રાયશ્ચિત્ત**-દોષની શુદ્ધિ માટે ગુરુએ ફરમાવેલ નીવી, આયંબિલ, ઉપવાસ વગેરે કરવાં, તે તપ પ્રાયશ્ચિત્ત કહેવાય.

૭. **છેદ પ્રાયશ્ચિત્ત**-મહાવ્રતોનું આરોપણ થયું હોય તે દિવસથી માંડીને જેટલા દિવસ, પક્ષ, માસ કે વર્ષ થયાં હોય, તેમાંથી અમુક દીક્ષા સમય કાપી નાખવો, એટલે કે દીક્ષાપર્યાયમાં ઘટાડો કરવો, તે છેદ પ્રાયશ્ચિત્ત કહેવાય. દીક્ષાપર્યાયમાં ઘટાડો થતાં તેનું સ્થાન નીચું આવે, તે દંડ સમજવો.

૮. **મૂળ પ્રાયશ્ચિત્ત**-મોટો અપરાધ થતાં ફરી ચારિત્ર આપવું, તે મૂળ પ્રાયશ્ચિત્ત કહેવાય. આ રીતે ચારિત્ર આપતાં તેનું સ્થાન નૂતન દીક્ષિત જેવું થાય છે, એટલે કે તે પોતાની મૂળ પાયરીથી ઘણો નીચો આવી જાય છે, એટલે તેને મોટો દંડ સમજવાનો છે.

૯. **અનવસ્થાપ્ય પ્રાયશ્ચિત્ત**-કરેલા અપરાધનો જે તપરૂપ દંડ આપ્યો હોય, તે ન કરે ત્યાં સુધી તેને મહાવ્રતમાં ન સ્થાપવો, તે અનવસ્થાપ્ય પ્રાયશ્ચિત્ત કહેવાય.

૧૦. **પારાંચિત પ્રાયશ્ચિત્ત**-મહાન અપરાધ થતાં ૧૨ વર્ષ સુધી ગચ્છ અને વેશનો ત્યાગ કરી અમુક પ્રકારની મોટી શાસનપ્રભાવના કરીને પુનઃ દીક્ષા લઈ ગચ્છમાં આવવું, તે પારાંચિત પ્રાયશ્ચિત કહેવાય.

આ પ્રાયશ્ચિત્તો કેવા દોષોને ક્યારે લાગુ પડે છે,

તેનું વિશેષ સ્પષ્ટીકરણ 'વ્યવહારસૂત્ર' તથા 'જિતકલ્પ-સૂત્ર' આદિ ગ્રંથોમાં જણાવેલું છે.

## (૨) વિનય તપ :

વિનય એટલે શિષ્ટાચાર, ભક્તિ, અંતરનું બહુમાન અને આશાતનાનું વર્જન. તેના વડે અભિમાનનો નાશ થાય છે, નમ્રતા પ્રકટે છે અને ધર્મારાધનની યોગ્યતા આવે છે, તેથી જ તેનો સમાવેશ અભ્યંતર તપમાં કરવામાં આવ્યો છે.

વાચકશેખર શ્રી ઉમાસ્વાતિ મહારાજે પ્રશમરતિપ્રકરણમાં વિનયની મહત્તા દર્શાવતાં કહ્યું છે કે–

**"विनय-फलं शुश्रूषा, गुरुशुश्रूषा-फलं श्रुतज्ञानम् ।**
**ज्ञानस्य फलं विरतिर्विरतिफलं चास्रव-निरोधः ॥ ७२ ॥**
**संवरफलं तपोबलमथ तपसो निर्जराफलं दृष्टम् ।**
**तस्मात् क्रियानिवृत्तिः, क्रियानिवृत्तेरयोगित्वम् ॥ ७३ ॥**
**योग-निरोधाद् भवसन्तति-क्षयः सन्ततिक्षयान्मोक्षः ।**
**तस्मात् कल्याणानां, सर्वेषां भाजनं विनयः ॥७४॥"**

'વિનય'નું ફલ ગુરુ-શુશ્રૂષા છે, ગુરુ-શુશ્રૂષાનું ફલ શ્રુતજ્ઞાન છે, શ્રુતજ્ઞાનનું ફલ વિરતિ છે અને વિરતિનું ફલ આસ્રવ-નિરોધ છે. આસ્રવ-નિરોધ એટલે સંવર, તેનું ફલ તપોબલ છે અને તપોબલનું ફલ નિર્જરા કહેલી છે. તેનાથી ક્રિયા-નિવૃત્તિ થાય છે અને ક્રિયા નિવૃત્તિથી અયોગિપણું પ્રાપ્ત થાય છે. અયોગિપણું એટલે યોગનિરોધ, તેથી ભવ-સંતતિ અર્થાત્ ભવ-પરંપરાનો ક્ષય

થાય છે અને ભવ-પરંપરાનો ક્ષય થતાં મોક્ષ મળે છે. આ રીતે સર્વ કલ્યાણોનું ભાજન 'વિનય' છે.'

વિનયની એક વ્યાખ્યા એમ પણ કરવામાં આવે છે કે-' विनीयते-विशेषेण दूरीक्रियतेऽष्टविधं कर्मानेनेति विनयः- જેનાથી આઠ પ્રકારનાં કર્મો દૂર કરી શકાય તે વિનય.' આ પ્રકારના વિનયને મોક્ષવિનય કહેવામાં આવે છે. તેના દશવૈકાલિકનિર્યુક્તિમાં પાંચ પ્રકારો જણાવ્યા છે. જેમ કે-

**दंसण-नाण-चरित्ते, तव अ तह ओवयारिए चेव ।**
**एसो अ मोक्ख-विणओ, पंचविहो होइ नायव्वो ॥**

'દર્શન સંબંધી, જ્ઞાન સંબંધી, ચારિત્ર સંબંધી, તપ સંબંધી, તેમજ ઔપચારિક એવી રીતે મોક્ષવિનય પાંચ પ્રકારે જાણવા યોગ્ય છે.'

## ૧. દર્શનવિનય

દર્શનાચરણમાં કહેલા નિઃશંકિત, નિઃકાંક્ષિત આદિ આઠ પ્રકારના નિયમો પાળવા તથા પ્રશમ, સંવેગ, નિર્વેદ, અનુકંપા અને આસ્તિક્ય (ધર્મ, અધર્મ, દેવલોક, નારક ઇત્યાદિ પદાર્થો છે એવી પ્રતીતિ) એ સમ્યક્ત્વ લક્ષણને ધારણ કરવાં, તે દર્શનવિનય કહેવાય.

## ૨. જ્ઞાનવિનય

જ્ઞાનાચારમાં કહેલા કાલ, વિનય આદિ આઠ પ્રકારના નિયમો પાળવા તથા મતિ આદિ પાંચ પ્રકારના જ્ઞાનનું શ્રદ્ધાન અને બહુમાન કરવું, તે જ્ઞાનવિનય કહેવાય.

### ૩. ચારિત્રવિનય

સામાયિકાદિ પાંચ પ્રકારના ચારિત્રની શ્રદ્ધા, તેનું વિધિપૂર્વક પાલન તથા તેની સત્પ્રરૂપણા, તે ચારિત્ર વિનય કહેવાય.

### ૪. તપવિનય

બાર પ્રકારના તપમાં શ્રદ્ધા તથા તેનું યથાશક્તિ આચરણ, તેને તપવિનય કહેવાય.

### ૫. ઉપચારવિનય

સમ્યગ્ દર્શન-જ્ઞાન-ચારિત્રાદિ ઉત્તમ ગુણયુક્ત મુનિ વગેરેને દેખી ઊભા થવું, સામે જવું, હાથ જોડવા, પ્રણિ-પાત કરવો, મિષ્ટ સંભાષણ કરવું ઇત્યાદિ શુદ્ધ ક્રિયાના વ્યવહારરૂપ જે વિનય કરવો, તે ઉપચાર વિનય કહેવાય.

### (૩) વૈયાવૃત્ત્ય તપ

ધર્મસાધનનિમિત્તે અન્નપાન વગેરે વિધિપૂર્વક મેળવી આપવાં, તેમજ સંયમની આરાધના કરનાર ગ્લાન વગેરેની સેવાભક્તિ કરવી, તે વૈયાવૃત્ત્ય કહેવાય છે. નિઃસ્વાર્થ સેવાભક્તિ અને તિતિક્ષા વિના આવું વૈયાવૃત્ત્ય થઈ શકતું નથી, તેથી તેનો સમાવેશ અભ્યંતર તપમાં કરેલો છે.

ઉત્તરાધ્યયનસૂત્રના ઓગણત્રીશમા અધ્યયનમાં કહ્યું છે કે 'वेयावच्चेणं तित्थयरनामगुत्ते कम्मं निबंधइ-વૈયાવૃત્ત્યથી તીર્થંકર નામગોત્ર બંધાય છે.'

ભગવતીસૂત્રના પચીશમા શતકના સાતમા ઉદ્દેશમાં વૈયાવૃત્યના દશ પ્રકારો નીચે મુજબ જણાવેલા છે :–

"से किं तं–वेयावच्चे ? वेयावच्चे दसविहे पन्नत्ते, तं जहा १ आयरिय–वेयावच्चे, २ उवज्झाय–वेयावच्चे, ३ थेर–वेयावच्चे, ४ तवस्सि–वेयावच्चे, ५ गिलाण–वेयावच्चे, ६ सेह–वेयावच्चे, ७ कुल–वेयावच्चे, ८ गण–वेयावच्चे, ९ संघ–वेयावच्चे, १० साहम्मिय–वेयावच्चे । से तं वेयावच्चे ।

'હે ભગવંત ! તે વૈયાવૃત્ય કેવું હોય ? (ભગવાન કહે છે. હે આયુષ્મન્) વૈયાવૃત્ય દશ પ્રકારનું કહેલું છે, તે આ રીતે :

૧ આચાર્યનું વૈયાવૃત્ય.

૨ ઉપાધ્યાયનું વૈયાવૃત્ય.

૩ સ્થવિર એટલે વૃદ્ધ સાધુનું વૈયાવૃત્ય.

૪ તપસ્વીનું વૈયાવૃત્ય.

૫ ગ્લાન એટલે માંદા કે અશક્ત સાધુનું વૈયાવૃત્ય.

૬ શૈક્ષ એટલે નવદીક્ષિત હોઈને જે શિક્ષા પ્રાપ્ત કરે છે, તે સાધુનું વૈયાવૃત્ય.

૭ કુલ એટલે એક આચાર્યનો સમુદાય, તેનું વૈયાવૃત્ય.

૮ ગણ એટલે જુદા જુદા આચાર્યોના સમાન વાંચનાવાળા સહાધ્યાયીઓ, તેમનું વૈયાવૃત્ય.

૯ સંઘ એટલે સકલ શ્રમણસંઘ, તેનું વૈયાવૃત્ય.

૧૦ સાધર્મિક એટલે સમાન ધર્મ પાળનારા મુનિઓનું વૈયાવૃત્ય.

વૈયાવૃત્ત્ય કરનારે કેવી નમ્રતા રાખવી જોઈએ, તે માટે કૂબડા-નંદિષેણ મુનિનું દૃષ્ટાંત પ્રસિદ્ધ છે.

ગૃહસ્થો પણ સાધુ, સાધ્વી, તેમજ સાધર્મિકોની નિષ્કામ સેવાભક્તિ કરીને આ તપનું આચરણ કરી શકે છે.

### (૪) સ્વાધ્યાય તપ

મોક્ષમાર્ગનું પ્રતિપાદન કરનારાં શાસ્ત્રોનું અધ્યયન-અધ્યાપન કરવું તે સ્વાધ્યાય કહેવાય છે. અથવા સ્વ એટલે આત્મા, તેના હિતાર્થે આપ્તવચનનો અધ્યાય કરવો, અર્થાત્ મનન કરવું, તે પણ સ્વાધ્યાય કહેવાય છે. અથવા ઈષ્ટમંત્રનો જપ કરવો, તે પણ સ્વાધ્યાય કહેવાય છે.

સ્વાધ્યાય કરતાં અશુભ પ્રવૃત્તિઓ રોકાય છે, તથા મનના ભાવો નિર્મળ થતાં કર્મની નિર્જરા થાય છે, તેથી સ્વાધ્યાયનો સમાવેશ અભ્યંતર તપમાં કરવામાં આવ્યો છે. ઉત્તરાધ્યયનસૂત્રના ત્રીશમા અધ્યયનમાં કહ્યું છે કે-

**वायणा पुच्छणा चेव, तहेव परियट्टणा ।**
**अणुप्पेहा धम्मकहा, सज्झाओ पंचहा भवे ॥**

'સ્વાધ્યાય પાંચ પ્રકારનો છે : (૧) વાચના, (૨) પ્રચ્છના, (૩) પરિવર્તના, (૪) અનુપ્રેક્ષા અને (૫) ધર્મકથા.'

તત્ત્વાર્થસૂત્રમાં પણ સ્વાધ્યાય પાંચ પ્રકારનો જ કહ્યો છે, પણ તેના ક્રમમાં થોડો ફેર છે. જેમકે-'वाचनाप्रच्छनाऽनुप्रेक्षाऽम्नायधर्मोपदेशाः— વાચના, પ્રચ્છના, અનુપ્રેક્ષા,

આમ્નાય અને ધર્મોપદેશ એ સ્વાધ્યાયના પાંચ પ્રકારો છે.' અહીં અનુપ્રેક્ષાને ત્રીજી મૂકેલી છે તથા પરિવર્તના (આમ્નાય) ને ચોથી મૂકેલી છે.

### ૧. વાચના

વાચનાચાર્ય કે વિદ્યાગુરુ સમીપે જઈ વિધિવત્ વંદન કર્યા બાદ તેમની પાસેથી વિનયપૂર્વક સૂત્ર અને અર્થનો પાઠ લેવો, તે વાચના કહેવાય છે. અહીં સૂત્રથી નિર્ગ્રંથપ્રવચન અને તેના આધારે રચાયેલાં અન્યશાસ્ત્રો સમજવાનાં છે.

### ૨. પ્રચ્છના

ગ્રહણ કરેલાં સૂત્ર તથા અર્થ સંબંધી જે કંઈ પ્રશ્નો ઉઠે, તે વિનમ્ર ભાવે ગુરુ સમક્ષ રજૂ કરી, તેનું સ્પષ્ટીકરણ કે સમાધાન મેળવવું, તે પ્રચ્છના કહેવાય છે.

અહીં એટલું સ્પષ્ટ કરવું જરૂરી છે કે આ જગત્માં માત્ર બે જ મનુષ્યોને પ્રશ્ન ઉઠતા નથી. એક તો જે જડ છે અને બીજો જે પૂરેપૂરો જ્ઞાની છે. તે સિવાયના સર્વ મનુષ્યોને ઓછા કે વત્તા પ્રશ્નો ઉઠવાના. આ પ્રશ્નોનું યોગ્ય સમાધાન થાય તો જ્ઞાનમાં વૃદ્ધિ થાય છે અને તે જ્ઞાન-વૃદ્ધિ જીવનમાં ઘણી ઉપકારક નીવડે છે.

### ૩. પરિવર્તના

ગુરુ પાસેથી ગ્રહણ કરેલા સૂત્રના પાઠ તેમજ અર્થની પુનઃ પુનઃ આવૃત્તિ કરવી, તેને પરિવર્તના કહેવામાં આવે છે. પરાવર્તના, પુનરાવૃત્તિ, આવૃત્તિ, આમ્નાય એ તેના

પર્યાયશબ્દો છે. આવૃત્તિ કર્યા વિના શાસ્ત્ર જ્ઞાન તાજું રહેતું નથી.

### ૪. અનુપ્રેક્ષા

ગ્રહણ–ધારણ કરેલા સૂત્ર અને અર્થ સંબંધી અનુ-પ્રેક્ષણ એટલે ચિંતન–મનન કરવું, તેને અનુપ્રેક્ષા કહેવાય છે. અનુપ્રેક્ષા વિના સૂત્ર–સિદ્ધાંતનું વાસ્તવિક રહસ્ય સમજાતું નથી. અન્યત્ર નિદિધ્યાસન શબ્દ વડે આ વસ્તુ સૂચિત કરવામાં આવી છે.

### ૫. ધર્મકથા

સૂત્ર-સિદ્ધાંતનું યથાર્થ જ્ઞાન પ્રાપ્ત કર્યા પછી અન્યને ધર્મનું કથન કરવું, ધર્મનો ઉપદેશ આપવો, તે ધર્મકથા કહેવાય છે.

સ્વાધ્યાયદ્વારા સાધકે વિશ્વનું સ્વરૂપ, ષડ્દ્રવ્યો અને તેના ગુણપર્યાય, આત્માની જુદી જુદી અવસ્થાઓ તથા મોક્ષમાર્ગના ઉપાયરૂપ સમ્યગ્ દર્શન, સમ્યગ્ જ્ઞાન તથા સમ્યક્ ચારિત્રનો વિશદ બોધ પ્રાપ્ત કરી લેવાનો હોય છે કે જે તેને શ્રેયસની સિદ્ધિમાં ઘણો સહાયક નીવડે છે.

### (૫) ધ્યાન તપ

ચિંતનીય વિષયમાં મનને એકાગ્ર કરવું તેને ધ્યાન કહેવાય છે. આ ધ્યાન બે પ્રકારનું છે : (૧) અશુભ અને (૨) શુભ. તેમાં અશુભ ધ્યાન કર્મબંધનું કારણ હોઈ છોડવા યોગ્ય છે અને શુભ ધ્યાન કર્મની નિર્જરાનું કારણ હોઈ ઉપાદેય છે.

અશુભ ધ્યાન બે પ્રકારનું છે : (૧) આર્તધ્યાન અને (૨) રૌદ્ર ધ્યાન. તેમાં આર્ત એટલે દુઃખ કે પીડાનું ચિંતન મુખ્ય હોય, તેને આર્તધ્યાન અને જેમાં રુદ્રતા એટલે હિંસા, ક્રોધ, વૈર વગેરેનું ચિંતન મુખ્ય હોય, તેને રૌદ્ર-ધ્યાન સમજવાનું છે.

આર્તધ્યાનના ચાર પ્રકારો છે : (૧) અનિષ્ટવસ્તુ સંયોગ–અનિષ્ટ વસ્તુ પ્રાપ્ત થતાં તેના વિયોગને માટે નિરંતર ચિંતા કરવી તે. (૨) ઈષ્ટવિયોગ–કોઈ ઈષ્ટ એટલે મનોનુકૂલ વસ્તુ ચાલી જતાં તેની પુનઃ પ્રાપ્તિ માટે સતત ચિંતા કરવી તે. (૩) પ્રતિકૂલવેદના–શારીરિક પીડા, માનસિક પીડા કે રોગ થતાં તેને દૂર કરવાની સતત ચિંતા કરવી તે. (૪) ભોગ–લાલસા–ભોગની તીવ્ર લાલસાને વશ થઈ અપ્રાપ્ત ભોગોને પ્રાપ્ત કરવાનો દૃઢ સંકલ્પ કરવો અને મનને તેમાં જ જોડાયેલું રાખવું તે.

રૌદ્રધ્યાનના પણ ચાર પ્રકારો છે : (૧) હિંસાનુબંધી–હિંસા સંબંધી સતત વિચારો કરવા તે. (૨) અનૃતાનુબંધી–અસત્ય બોલવા સંબંધી સતત વિચારો કરવા તે. (૩) સ્તેયાનુબંધી–ચોરી સંબંધી સતત વિચારો કરવા તે. (૪) વિષયસંરક્ષણાનુબંધી–વિષય ભોગની સામગ્રીનું રક્ષણ કરવા અંગે સતત વિચારો કરવા તે

આ ચાર પ્રકારના આર્તધ્યાન તથા ચાર પ્રકારના રૌદ્રધ્યાનને છોડીએ, ત્યારે જ શુભ ધ્યાન ધરી શકાય છે.

શુભ ધ્યાન બે પ્રકારનું છે : (૧) ધર્મધ્યાન અને

શુક્લધ્યાન. તેમાં ધર્મ સંબંધી સતત ચિંતન કરવું, તે **ધર્મધ્યાન** કહેવાય છે અને વ્યાક્ષેપ તથા સંમોહાદિથી રહિત ઉજ્જવલ ધ્યાન ધરવું, તે શુક્લધ્યાન કહેવાય છે.

ધર્મધ્યાન ચાર પ્રકારનું છે: (૧) આજ્ઞાવિચય–વીતરાગ મહાપુરુષોની ધર્મ સંબંધી જે આજ્ઞાઓ છે, તે અંગે સતત ચિંતન કરવું તે. (૨) અપાયવિચય–સાંસારિક સુખો વડે થતાં અપાય કે અનિષ્ટનું સતત ચિંતન કરવું તે. (૩) વિપાકવિચય–કર્મના શુભાશુભ વિપાકોનું ચિંતન કરવું તે. (૪) સંસ્થાનવિચય–દ્રવ્ય તથા ક્ષેત્ર સંબંધી સતત ચિંતન કરવું તે. અહીં દ્રવ્ય શબ્દથી જિનાગમોમાં વર્ણવાયેલા ધર્મ, અધર્મ, આકાશ, કાલ, પુદ્ગલ અને જીવ એ છ દ્રવ્યો સમજવાનાં છે તથા ક્ષેત્ર શબ્દથી ચૌદ રાજપ્રમાણ લોક સમજવાનો છે. તાત્પર્ય કે વિશ્વનું સ્વરૂપ ચિંતવવું, તે આ ધ્યાનનો મુખ્ય હેતુ છે.

શુક્લધ્યાન પણ ચાર પ્રકારનું છે: (૧) પૃથકત્વ–વિતર્ક–સવિચાર—અહીં પૃથક્ત્વનો અર્થ છે ભિન્ન; વિચારનો અર્થ છે એક અર્થ પરથી બીજા અર્થ પર, એક શબ્દથી બીજા શબ્દ પર, અર્થથી શબ્દપર અને શબ્દથી અર્થપર તથા એક યોગથી બીજા યોગ પર* ચિન્તનાર્થે થતી પ્રવૃત્તિ. તાત્પર્ય કે શ્રુતજ્ઞાનનાં આલંબન-

---

* અહીં યોગ શબ્દથી મનયોગ, વચનયોગ અને કાયયોગ એ ત્રણ યોગો પૈકીનો કોઈ પણ એક યોગ સમજવાનો છે.

પૂર્વક ચેતન અને અચેતન પદાર્થમાં ઉત્પાદ, વ્યય, ધ્રૌવ્ય, રૂપિત્વ, અરૂપિત્વ, સક્રિયત્વ, અક્રિયત્વ આદિ પર્યાયોનું ભિન્ન ભિન્ન રૂપથી ચિંતન કરવું, તે આ ધ્યાનનો મુખ્ય વિષય છે. (૨) એકત્વ–વિતર્ક–નિર્વિચાર—અહીં એકત્વનો અર્થ અભિન્નતા છે, વિતર્કનો અર્થ શ્રુતજ્ઞાન છે અને નિર્વિચારનો અર્થ એક અર્થથી બીજા અર્થ પર, એક શબ્દથી બીજા શબ્દ પર, કે અર્થથી શબ્દ પર અને શબ્દથી અર્થ પર તથા એક યોગથી બીજા યોગ પર ચિંતનાર્થે કોઈ પ્રવૃત્તિ ન કરવી, એ છે. તાત્પર્ય કે શ્રુતજ્ઞાનનાં આલંબનપૂર્વક માનસિકાદિ કોઈ પણ એક યોગમાં સ્થિર થઈને દ્રવ્યના એક જ પર્યાયનું અભેદ ચિંતન કરવું, તે આ ધ્યાનનો મુખ્ય વિષય છે. અહીં એટલી સ્પષ્ટતા કરવી ઉચિત ગણાશે કે પ્રથમ ધ્યાનના દૃઢ અભ્યાસથી આ બીજા ધ્યાનની યોગ્યતા પ્રાપ્ત થાય છે. જેમ સમસ્ત શરીરમાં વ્યાપેલું ઝેર મંત્રાદિ ઉપાયોથી એક ડંખની જગાએ લાવીને સ્થાપિત કરવામાં આવે છે, તેમ અખિલ જગતના ભિન્ન ભિન્ન વિષયોમાં ભટકતાં મનને આ ધ્યાન દ્વારા એક જ વિષય પર લાવીને એકાગ્ર કરવામાં આવે છે અને એ રીતે મન એક જ વિષય પર એકાગ્ર થતાં સર્વથા શાંત થઈ જાય છે, એટલે કે તે પોતાની સર્વ ચંચળતા છોડી નિષ્કંપ બની જાય છે. આનું પરિણામ એ આવે છે કે આત્માના જ્ઞાનાદિ ગુણ પર લાગેલાં સર્વ કર્મો–સર્વ આવરણો દૂર થઈ જાય છે અને સર્વજ્ઞતા પ્રાપ્ત થાય છે કે જેના લીધે આત્મા

સમસ્ત લોકાલોકના સર્વ દ્રવ્યોના ભૂત, વર્તમાન અને ભવિષ્યકાલિન સર્વ પર્યાયો જાણી-જોઈ શકે છે. (૩) સૂક્ષ્મક્રિયા અપ્રતિપાતી–જ્યારે સર્વજ્ઞતાને પામેલો આત્મા યોગનિરોધના ક્રમથી અન્તે સૂક્ષ્મ શરીરયોગનો આશ્રય લઈને બાકીના સર્વયોગોને રોકી દે છે, ત્યારે આ ધ્યાન પ્રાપ્ત થયું ગણાય છે. તેમાં શ્વાસોચ્છ્વાસ જેવી સૂક્ષ્મ-ક્રિયા જ બાકી રહેલી હોય છે અને તેમાંથી પડવાપણું હોતું નથી, એટલે તેને સૂક્ષ્મક્રિયા અપ્રતિપાતી કહેવામાં આવે છે. (૪) વ્યુપરતક્રિયા અનિવૃત્તિ–જ્યારે શરીરની શ્વાસપ્રશ્વાસાદિ સૂક્ષ્મ ક્રિયા પણ બંધ થઈ જાય છે અને આત્મપ્રદેશ સર્વથા નિષ્કંપ થઈ જાય છે, ત્યારે આ ધ્યાન પ્રાપ્ત થયું ગણાય છે. તેમાં સ્થૂલ કે સૂક્ષ્મ કોઈપણ પ્રકારની માનસિક, વાચિક કે કાયિક ક્રિયા રહેતી નથી અને તે સ્થિતિ પાછી જતી પણ નથી.

આ ધ્યાનનો કાળ अ, इ, उ, ऋ, ऌ એ પાંચ હ્રસ્વ અક્ષર બોલીએ એટલો જ ગણાય છે. આ ધ્યાનના પ્રતાપથી શેષ સર્વ કર્મો ક્ષીણ થઈ જતાં આત્મા પોતાની સ્વાભાવિક ઊર્ધ્વગતિથી લોકના અગ્રભાગે પહોંચે છે અને ત્યાં આવેલી સિદ્ધશિલામાં સ્થિર થઈને અનંતકાળ સુધી અનિર્વચનીય સુખનો ઉપભોગ કરે છે. શુક્લધ્યાનના આ છેલ્લા બે પ્રકારોમાં શ્રુતજ્ઞાનનું આલંબન હોતું નથી, એટલે તે નિરાલંબન ધ્યાન કહેવાય છે.

શુક્લધ્યાનના ચાર ભેદોમાં પહેલા બે શુક્લધ્યાન

છદ્મસ્થને અને છેલ્લાં બે ધ્યાન કેવલિ ભગવંતને હોય છે; તથા પહેલા ત્રણ ધ્યાન સયોગીને અને છેલ્લું ધ્યાન અયોગીને હોય છે. તથા એ ચારે ધ્યાનનો પ્રત્યેકનો કાળ અંતર્મુહૂર્ત પ્રમાણનો હોય છે. છાદ્મસ્થિક ધ્યાન યોગની એકાગ્રતારૂપ હોય છે અને કૈવલિક ધ્યાન યોગ નિરોધરૂપ હોય છે. તાત્પર્ય કે કેવલિ અવસ્થામાં યોગના નિરોધને જ ધ્યાન ગણવામાં આવે છે.

## (૬) ઉત્સર્ગ કે વ્યુત્સર્ગ તપ

ઉત્સર્ગ એટલે ત્યાગ. વ્યુત્સર્ગ એટલે વિશેષતાપૂર્વક ત્યાગ. તેના બે પ્રકારો છે: (૧) દ્રવ્યવ્યુત્સર્ગ અને (૨) ભાવ વ્યુત્સર્ગ. તેમાં દ્રવ્યુત્સર્ગ ચાર પ્રકારનો છે: (૧) ગણવ્યુત્સર્ગ–ગચ્છનો ત્યાગ કરી જિનકલ્પાદિ કલ્પ અંગીકાર કરવો તે. (૨) શરીરવ્યુત્સર્ગ–કાયક્રિયાનો ત્યાગ કરવો; કાયોત્સર્ગ અવસ્થાએ રહેવું તે. (૩) ઉપધિવ્યુત્સર્ગ–અન્ય કલ્પ અંગીકાર કરતાં સર્વજ્ઞની આજ્ઞા પ્રમાણે ઉપધિ એટલે વસ્ત્ર–પાત્ર આદિનો ત્યાગ કરવો તે. (૪) અશુદ્ધ-ભક્તપાનવ્યુત્સર્ગ–અશુદ્ધ આહારપાણીનો ત્યાગ કરવો તે.

ભાવવ્યુત્સર્ગ ત્રણ પ્રકારનો છે: (૧) કષાયવ્યુત્સર્ગ–કષાયનો ત્યાગ કરવો તે. (૨) ભવોત્સર્ગ–ભવના કારણ–રૂપ મિથ્યાત્વાદિ બંધહેતુઓનો ત્યાગ કરવો તે. (૩) કર્મોત્સર્ગ–જ્ઞાનાવરણ આદિ કર્મોનો ત્યાગ કરવો તે.

સંક્ષેપમાં કહીએ તો ત્યાગવૃત્તિ ઉત્કૃષ્ટતાએ કેળવવા માટે આ તપ કરવામાં આવે છે.

કાયાને એક આસને સ્થિર કરવી, વાણીનો મૌન વડે નિગ્રહ કરવો અને મનને ધ્યાનમાં જોડવું, એવી જે અવસ્થાવિશેષ તે કાયોત્સર્ગ કહેવાય છે. તે મુખ્યતાએ ઊભા રહીને કરવામાં આવે છે.

કાયોત્સર્ગ કેવી રીતે કરવો ? તે સંબંધી શાસ્ત્રોમાં કહ્યું છે કે—

**चउरंगुलं मुहपत्ती, उज्जूए डब्बहत्थ रयहरणं ।**
**वोसट्ठचत्तदेहो, काउस्सग्गं करिज्जाहि ॥ १ ॥**

‘બંને પગ સીધા ઊભા રાખી, આગળના ભાગમાં ચાર આંગળ જેટલું અને પાછળના ભાગમાં કાંઈક ઓછું અંતર રાખવું અને તે વખતે સીધા લટકતા રાખેલા જમણા હાથમાં મુહપત્તી અને ડાબા હાથમાં રજોહરણ ગ્રહણ કરવાં. પછી દેહની મમતાનો સંપૂર્ણ રીતે ત્યાગ કરવા પૂર્વક કાયોત્સર્ગ કરવો.’

કાયોત્સર્ગ કરતી વખતે એવી ભાવના રાખવી જોઈએ કે—

**वासी चंदणकप्पो, जो मरणे जीविए य सममणो ।**
**देहे य अपडिबद्धो, काउसग्गो हवइ तस्स ॥ १ ॥**

‘શરીરને કોઈ વાંસલાથી છેદી નાખે કે તેના પર

ચંદનનો શાંતિદાયક લેપ કરે અથવા જીવન ટકે કે જલદી તેનો અંત આવે, છતાં જે દેહભાવનાથી ખરડાય નહિ અને મનને સમભાવમાં રાખે. તેને જ કાયોત્સર્ગ હોય છે.'

નિર્ગ્રંથ મહર્ષિઓએ કાયોત્સર્ગને **सव्वदुक्खविमोक्खणं**–એટલે સર્વ દુઃખોથી મૂકાવનારો કહ્યો છે.

## અન્ય તપો

જૈન સમાજમાં નાનાં મોટાં અનેક તપો પ્રચલિત છે. તે દરેકમાં અમુક વિધિ–વિધાનો કરવાનાં હોય છે. આ તપનું વિગતવાર વર્ણન કરવું, એ સ્વતંત્ર ગ્રંથનો વિષય હોઈને અહીં તેનો વર્ણાનુક્રમે નિર્દેશ માત્ર કરેલો છે.

૧ અક્ષયનિધિ તપ
૨ અખંડ દશમી તપ
૩ અગિયાર અંગનો તપ
૪ અંગશુદ્ધિ તપ
૫ અઠ્ઠાવીશ લબ્ધિનો તપ
૬ અવિધવા દશમી તપ
૭ અદુઃખદર્શી તપ
૮ અમૃતાષ્ટમી તપ
૯ અંબિકા તપ
૧૦ અશોકવૃક્ષ તપ
૧૧ અશુભનિવારણ તપ
૧૨ અષ્ટઅષ્ટમિકા તપ
૧૩ અષ્ટમહાસિદ્ધિ તપ
૧૪ અષ્ટકર્મસૂદન તપ
૧૫ અષ્ટકર્મોત્તર પ્રકૃતિ તપ
૧૬ અષ્ટપ્રવચનમાતૃ તપ
૧૭ અષ્ટમાસી તપ
૧૮ અષ્ટાહ્નિક તપ
૧૯ અષ્ટાપદ તપ
૨૦ આયંબિલ વર્દ્ધમાન તપ
૨૧ આગમોક્ત કેવલી તપ
૨૨ ઇંદ્રિયપરાજય તપ
૨૩ ઋષભકાંતુલા (હાર) તપ
૨૪ ઋષભદેવસંવત્સર તપ

૨૫ એકાદશી (મૌન) તપ
૨૬ એકાવલિ તપ
૨૭ એકસો વીસ કલ્યાણકનો તપ
૨૮ એકસો સિત્તેર જિનનો તપ
૨૯ કંઠાભરણ તપ
૩૦ કનકાવલી તપ
૩૧ કર્મચક્રવાલ તપ
૩૨ કર્મચતુર્થ તપ
૩૩ કલંકનિવારણ તપ
૩૪ કષાયજય તપ
૩૫ કેવલી (તીર્થંકર જ્ઞાન) તપ
૩૬ કોટિશીલા તપ
૩૭ ક્ષીરસમુદ્ર તપ
૩૮ ગણધર (શ્રીવીરના) તપ
૩૯ ગુણરત્નસંવત્સર તપ
૪૦ ગૌતમ પડઘો
૪૧ ગૌતમકમળ તપ
૪૨ ઘડિયા બે ઘડિયાનો તપ
૪૩ ઘન તપ
૪૪ ચતુર્ગતિ નિવારણ તપ
૪૫ ચતુર્વિધ સંઘ તપ
૪૬ ચઉસઠ્ઠી તપ
૪૭ ચત્તારિ-અટ્ઠ-દસ-દોય તપ
૪૮ ચંદનબાળા તપ
૪૯ ચાંદ્રાયણ તપ
૫૦ ચિંતામણિ તપ
૫૧ ચૌદ પૂર્વનો તપ
૫૨ ચ્યવન તથા જન્મ તપ
૫૩ છમાસી તપ
૫૪ છન્નું જિનની ઓળીનો તપ
૫૫ જિનગુણ સંપત્તિ તપ
૫૬ જિનજનક તપ
૫૭ જિનદીક્ષા તપ
૫૮ જ્ઞાનપંચમી તપ
૫૯ તીર્થ તપ
૬૦ તીર્થંકરનિર્વાણ તપ
૬૧ તીર્થંકર વર્દ્ધમાન તપ
૬૨ તીર્થંકરજ્ઞાન તપ
૬૩ તીર્થંકરમાતૃ તપ
૬૪ તિલક (દમયંતી) તપ
૬૫ તેર કાઠિયાનો તપ
૬૬ ત્રિપર્યન્ત-ઘન તપ
૬૭ દશ પચ્ચક્ખાણ મોટાંનો તપ

૬૮ દશ પચ્ચક્ખાણુ નાનાંનો તપ
૬૯ દશાદશમિકા તપ
૭૦ દશવિધ યતિધર્મ તપ
૭૧ દારિદ્રયહરણ તપ
૭૨ દીવાળી (નિર્વાણદીપક) તપ
૭૩ દેવળ ઇંડા તપ
૭૪ દ્વાદશાંગી તપ
૭૫ ધર્મચક્ર તપ
૭૬ નવકારપદાક્ષરમાન તપ
૭૭ નવકાર તપ (નાનો)
૭૮ નવનિધાન તપ
૭૯ નવપદજીની ઓળી
૮૦ નવનવમિકા તપ
૮૧ નવ બ્રહ્મચર્ય ગુપ્તિ તપ
૮૨ નિરૂજશિખ તપ
૮૩ નિગોદ આયુઃ ક્ષય તપ
૮૪ નિજગીષ્ઠ તપ
૮૫ નંદીશ્વર તપ
૮૬ નંદ્યાવર્ત તપ (મોટો)
૮૭ નંદ્યાવર્ત તપ (નાનો)
૮૮ પખવાસો
૮૯ પાદકડી તપ
૯૦ પરમભૂષણ તપ
૯૧ પરદેશી રાજાના છઠ્ઠ
૯૨ પરમપાલી તપ
૯૩ પંચપરમેષ્ઠિ તપ
૯૪ પંચમહાવ્રત તપ
૯૫ પંચમેરુ તપ
૯૬ પંચરંગી તપ
૯૭ પંચામૃત તપ
૯૮ પાર્શ્વ જિન ગણધર તપ
૯૯ પાંચ છઠ્ઠ તપ
૧૦૦ પાંચ પચ્ચક્ખાણ તપ
૧૦૧ પીસ્તાલીશ આગમનો તપ
૧૦૨ પુંડરિક તપ
૧૦૩ પોષ દશમી તપ
૧૦૪ પ્રતિહાર્ય તપ
૧૦૫ બત્રીશ કલ્યાણક તપ
૧૦૬ બીજનો તપ
૧૦૭ બૃહત્ સિંહનિક્રીડિત તપ
૧૦૮ બૃહત્ સંસાર તારણ તપ
૧૦૯ ભદ્ર તપ
૧૧૦ ભદ્રોત્તર તપ

૧૧૧ મહાધનાદિ તપ
૧૧૨ મહાભદ્ર તપ
૧૧૩ શ્રી મહાવીર સર્વ-
સંખ્યા તપ
૧૧૪ માઘમાલા તપ
૧૧૫ માણિક્યપાવડાં તપ
૧૧૬ મુકુટસપ્તમી તપ
૧૧૭ મુક્તાવલી તપ
૧૧૮ મોક્ષત્રયોદશી તપ
૧૧૯ મેરુકલ્યાણક તપ
૧૨૦ મોક્ષકરંડક તપ
૧૨૧ મોટો રત્નોત્તર તપ
૧૨૨ યોગશુદ્ધિ તપ
૧૨૩ રત્નમાલા તપ
૧૨૪ રત્નરોહણ તપ
૧૨૫ રત્નપાવડી તપ
૧૨૬ રત્નાવલી તપ
૧૨૭ રોહિણી તપ
૧૨૮ લઘુ અષ્ટાહ્નિકા તપ
૧૨૯ લઘુ પંચમી તપ
૧૩૦ લઘુ સંસારતારણ તપ
૧૩૧ લક્ષ પ્રતિપદ તપ
૧૩૨ લોકનાલી તપ
૧૩૩ વર્ગ તપ
૧૩૪ વીશ સ્થાનક તપ
૧૩૫ શત્રુંજય મોદક તપ
૧૩૬ શત્રુંજય છટ્ઠ અટ્ઠમ તપ
૧૩૭ શિવકુમારનાં બેલાં
૧૩૮ શ્રુતદેવતા તપ
૧૩૯ શ્રેણી તપ
૧૪૦ ષટ્કાયાલોચન તપ
૧૪૧ સપ્તસપ્તમિકા તપ
૧૪૨ સમવસરણ તપ (નાનું)
૧૪૩ સમવસરણ તપ (મોટું)
૧૪૪ સર્વતોભદ્ર તપ
૧૪૫ સર્વસુખસંપત્તિ તપ
૧૪૬ સર્વાંગસુંદર તપ
૧૪૭ સંલેષણા તપ
૧૪૮ સંવત્સર તપ
૧૪૯ સૂર્યાયણ તપ
૧૫૦ સોપાન તપ
૧૫૧ સૌભાગ્યસુંદર તપ
૧૫૨ સાત સૌખ્ય આઠ
મોક્ષ તપ
૧૫૩ સિદ્ધિ તપ
૧૫૪ સુખ દુઃખના મહિ-
માનો તપ

| | |
|---|---|
| ૧૫૫ સુંદરી તપ | ૧૫૮ સૌભાગ્યકલ્પવૃક્ષ તપ |
| ૧૫૬ સિંહાસન તપ | ૧૫૯ સ્વર્ગસ્વસ્તિક તપ |
| ૧૫૭ સ્વર્ગકરંડક તપ | વગેરે. |

'નિર્જરાતત્ત્વ' નામનું દશમું પ્રકરણ અહીં પૂરું થાય છે.

## પ્રકરણ અગિયારમું

# બંધતત્ત્વ

[ ગાથા સાડત્રીશમીથી બેંતાલીશમી સુધી ]

### (૧) ઉપક્રમ :

આત્મપ્રદેશો સાથે કાર્મણ વર્ગણાઓનું ઓતપ્રોત થવું તેને બંધ કહેવામાં આવે છે. એક લોઢાના ગોળાને અગ્નિ વડે તપાવવામાં આવે તો એ ગોળો લાલચોળ બની જાય છે, અર્થાત્ અગ્નિ અને લોઢાના પરમાણુ એવા એકાકાર બની જાય છે કે તેમાં અગ્નિ અને લોઢાની કોઈ જુદાઈ જણાતી નથી. આત્મા અને કર્મનો બંધ પણ આ પ્રકારનો જ છે. જયારે કાર્મણવર્ગણા આત્મપ્રદેશો સાથે જોડાઈ જાય છે, ત્યારે બંને એકાકાર બની જાય છે અને એવી સ્થિતિવાળો આત્મા સકર્મ એટલે કર્મસહિત–કર્મબંધનવાળો ગણાય છે.

કર્મબંધનને લીધે જ આત્માને ચાર ગતિ અને ચોરાશી લક્ષ જીવયોનિરૂપ સંસારમાં પરિભ્રમણ કરવું

પડે છે અને અનેક પ્રકારની અકથ્ય યાતનાઓ ભોગવવી પડે છે, તેથી બંધની ગણના હેયતત્ત્વમાં થાય છે.

પાપ અને પુણ્ય એ જેમ વિરોધી તત્ત્વો છે, આશ્રવ અને સંવર એ જેમ વિરોધી તત્ત્વો છે, તેમ બંધ અને મોક્ષ પણ વિરોધી તત્ત્વો છે. બંધ એટલે કર્મનું આત્મા સાથે બંધાવું અને મોક્ષ એટલે કર્મનું આત્માથી સર્વથા છૂટા થવું. આત્માને કર્મનો બંધ પડે છે, માટે જ મોક્ષની જરૂર છે.

બંધ ચાર પ્રકારનો છે અને તે પ્રકૃતિ, સ્થિતિ, અનુભાગ તથા પ્રદેશના ભેદથી જાણવા યોગ્ય છે, એ હકીકત અગાઉ ચોત્રીશમી ગાથામાં કહેવાઈ ગઈ છે. હવે એ પ્રકૃતિ, સ્થિતિ, અનુભાગ તથા પ્રદેશ શબ્દથી શું સમજવું ? તેની સ્પષ્ટતા પ્રકરણકાર મહર્ષિ સાડત્રીશમી ગાથામાં આ પ્રમાણે કરે છે :

**(૨) મૂળગાથા :**

**पयइ सहावो वुत्तो, ठिई कालावहारणं ।**
**अणुभागो रसो णेओ, पएसो दलसंचओ ॥३७॥**

**(૩) સંસ્કૃત છાયા :**

**प्रकृतिः स्वभाव उक्तः, स्थितिः कालावधारणम् ।**
**अणुभागो रसो ज्ञेयः, प्रदेशो दलसंचयः ॥३७॥**

**(૪) શબ્દાર્થ :**

**पयइ**–પ્રકૃતિ.

सहावो–સ્વભાવ.

वुत्तो–કહ્યો છે.

ठिइ–સ્થિતિ.

कालावहारणं–કાલાવધારણ, કાલનો નિશ્ચય.

अणुभागो–અનુભાગ.

रसो–રસ.

णेओ–જાણવો.

पएसो–પ્રદેશ.

दलसंचओ–દલસંચય, દલિકોનો સમૂહ.

## (૫) અર્થ-સંકલના :

**પ્રકૃતિને સ્વભાવ કહેલો છે. સ્થિતિ એટલે કાલનો નિશ્ચય, અનુભાગ એટલે રસ અને પ્રદેશ એટલે દલિકોનો સંચય.**

## (૬) વિવેચન :

બંધ ચાર પ્રકારનો છે, એ વસ્તુ ચોત્રીશમી ગાથામાં કહેવાઈ ગઈ છે અને તેનાં નામો પણ તેમાં જણાવેલાં છે. હવે તે દરેક પ્રકારનું સ્વરૂપ શું છે ? તે આ ગાથામાં જણાવ્યું છે.

આત્મપ્રદેશો સાથે કર્મનો બંધ થતી વખતે ચાર વસ્તુઓ બને છે. પ્રથમ તો કર્મનો સ્વભાવ નક્કી થાય છે, એટલે કે આ કર્મથી આત્માનો જ્ઞાનગુણ રોધાશે, આ કર્મથી આત્માનો દર્શનગુણ રોધાશે વગેરે. તેને

પ્રકૃતિબંધ કહેવામાં આવે છે. બીજું આ કર્મ આત્મા સાથે કેટલો કાળ રહેશે, તેનો નિર્ણય થાય છે. તેને સ્થિતિબંધ કહેવામાં આવે છે. ત્રીજું આ કર્મ આત્માને કેવું શુભાશુભ ફળ આપશે તથા કેટલા તીવ્રતમ, તીવ્રતર, તીવ્ર, મંદ, મંદતર કે મંદતમ ભાવે ફળ આપશે, તેનો નિર્ણય છે. તેને અનુભાગ બંધ કે રસબંધ કહેવામાં આવે છે; અને ચોથું એ વખતે કાર્મણ વર્ગણાના દલિકોનો અમુક સમૂહ ગ્રહણ થાય છે. તેને પ્રદેશબંધ કહેવામાં આવે છે.

**(૧) ઉપક્રમ :**

બંધના ચારેય પ્રકારનું સામાન્ય સ્વરૂપ જણાવ્યા પછી પ્રકરણકાર મહર્ષિ પ્રકૃતિબંધનું સ્વરૂપ વિશેષપણે પ્રકાશવા અર્થે આડત્રીશમી ગાથા આ પ્રમાણે કહે છે:

**(૨) મૂળગાથા :**

**पडपडिहारऽसिमज्ज–हडचित्तकुलालभंडगारीणं ।**
**जह एएसिं भावा, कम्माणऽवि जाण तह भावा ॥३८॥**

**(૩) સંસ્કૃત છાયા :**

**पटप्रतिहारासिमद्य–हडिचित्रकुलालभाण्डागारिणाम् ।**
**यथैतेषां भावाः, कर्मणामपि जानीहि तथा भावान् ॥३८॥**

**(૪) શબ્દાર્થ :**

पड–પાટો.

पडिहार–પ્રતિહાર, દ્વારપાળ.

असि–અસિ, તરવાર.

मज्ज–મદ્ય, મદિરા.

हड–હેડ, લાકડાની એક પ્રકારની બેડી.

चित्त–ચિત્ર, ચિત્રકાર.

कुलाल–કુંભાર.

भंडगारीणं–ભંડારીના.

આ આખું પદ સામાસિક હોવાથી તેના છેડે ષષ્ઠીના બહુવચનનો પ્રત્યય લાગેલો છે.

जह– જેવા.

एएसिं–એ વસ્તુઓના.

भावा–ભાવો.

कम्माण–કર્મોના.

अवि–પણ, જ.

जाण–જાણવા.

तह–તેવા.

भावा–ભાવો, સ્વભાવો.

## (૫) અર્થ-સંકલના :

**પાટો, દ્વારપાળ, તરવાર, મદિરા, હેડ, ચિતારો, કુંભાર અને ભંડારીના જેવા સ્વભાવો છે, તેવા જ સ્વભાવો કર્મના જાણવા.**

## (૬) વિવેચન :

સ્વભાવ પ્રમાણે કર્મના આઠ પ્રકારો પડે છે. તેમાં

પહેલું જ્ઞાનાવરણીય નામનું કર્મ છે. આ કર્મનો સ્વભાવ ચક્ષુના પાટા જેવો છે. ચક્ષુ પર પાટો બાંધવાથી જેમ કોઈ વસ્તુ દેખી–જાણી શકાતી નથી, તેમ જીવના જ્ઞાનરૂપ ચક્ષુ પર જ્ઞાનાવરણીય કર્મરૂપ પાટો આવવાથી જીવ કોઈ વસ્તુ જાણી શકતો નથી. તાત્પર્ય કે આ કર્મથી જીવનો અનંતજ્ઞાનગુણ રોધાય છે.

બીજું દર્શનાવરણીય નામનું કર્મ છે. આ કર્મનો સ્વભાવ દ્વારપાળ જેવો છે. દ્વારપાળે રોકેલો મનુષ્ય જેમ રાજાને જોઈ શકતો નથી, તેમ દર્શનાવરણીય કર્મના ઉદયથી જીવ પદાર્થ અને વિષયને દેખી શકતો નથી. તાત્પર્ય કે આ કર્મથી જીવનો અનંતદર્શનગુણ રોધાય છે.

ત્રીજું વેદનીય નામનું કર્મ છે. આ કર્મનો સ્વભાવ મધ વડે લેપાયેલી તરવાર જેવો છે. મધ વડે લેપાયેલી તરવારને ચાટતાં પ્રથમ તે મીઠી લાગે છે, પણ જીભ કપાવાથી પશ્ચાત્ દુઃખ ભોગવવું પડે છે, તેમ આ કર્મ વડે જીવને કૃત્રિમ સુખ–દુઃખનો અનુભવ થાય છે. તાત્પર્ય કે આ કર્મથી અવ્યાબાધ ને અનંત સુખ જે જીવને સ્વાધીન છે, તેને બદલે તે બાહ્ય પરાધીન સુખ–દુઃખને ખરા સુખ–દુઃખ સમજે છે.

ચોથું મોહનીય નામનું કર્મ છે. આ કર્મનો સ્વભાવ મદિરા જેવો છે. મદિરા પીવાથી મનુષ્ય બેશુદ્ધ થાય છે અને તે હિતાહિતને જાણી શકતો નથી, તેમ આ કર્મને

લીધે જીવ ધર્મ-અધર્મ કંઈ જાણી કે પાળી શકતો નથી. તાત્પર્ય કે આ કર્મથી જીવનો શુદ્ધ સમ્યક્ત્વ તથા અનંત ચારિત્રગુણ રોધાય છે.

પાંચમું આયુષ્ય નામનું કર્મ છે. આ કર્મનો સ્વભાવ હેડ કે બેડી જેવો છે. બેડીમાં જકડાયેલા કેદીને અમુક સમય સુધી એ હાલતમાં રહેવું જ પડે છે, તેમ આયુષ્યકર્મને લીધે જીવને એક શરીરમાં અમુક સમય સુધી રહેવું પડે છે. તાત્પર્ય કે આ કર્મથી જીવનો અક્ષયસ્થિતિગુણ રોધાય છે.

છઠ્ઠું નામ નામનું કર્મ છે. આ કર્મનો સ્વભાવ ચિત્રકાર જેવો છે. ચિત્રકાર જેમ અનેક રંગોથી અંગ-ઉપાંગયુક્ત દેવ, મનુષ્ય આદિના વિવિધ રૂપો ચિતરે છે, તેમ નામકર્મને લીધે જીવને અનેક રૂપ-રંગવાળાં શરીર તથા અંગોપાંગ પ્રાપ્ત થાય છે. તાત્પર્ય કે આ કર્મને લીધે જીવનો અરૂપીગુણ રોધાય છે.

સાતમું ગોત્ર નામનું કર્મ છે. આ કર્મનો સ્વભાવ કુંભારના જેવો છે. કુંભાર ચોરી, કુંભસ્થાપના વગેરે માટે ઉત્તમ ઘડા બનાવે તો માંગલિક તરીકે પૂજાય છે અને મદિરાદિકના ઘડા બનાવે તો નિંદનીક થાય છે. તેમ આ કર્મને લીધે જીવ ઉચ્ચ ગોત્રમાં જન્મે તો પૂજનીક થાય છે અને નીચ કુલમાં જન્મે તો નિંદનીક થાય છે. તાત્પર્ય કે આ કર્મનો સ્વભાવ જીવના અગુરુલઘુગુણને રોકવાનો છે.

આઠમું અંતરાય નામનું કર્મ છે. આ કર્મનો સ્વભાવ ભંડારી જેવો છે. રાજા દાન આપવાના સ્વભાવવાળો એટલે કે દાતાર હોય, પણ તેના ધનભંડારની વ્યવસ્થા કરનારો ભંડારી જો પ્રતિકૂળ હોય તો રાજા તેની ઇચ્છા મુજબ દાન આપી શકતો નથી, એટલે કે તેમાં અંતરાય પડે છે, રૂકાવટ આવે છે; તેમ જીવનો સ્વભાવ અનંત દાન, લાભ, ભોગ, ઉપભોગ અને વીર્ય લબ્ધિવાળો હોવા છતાં આ કર્મને લીધે તે પોતાનો અનંતદાનાદિ સ્વભાવ પ્રકટ કરી શકતો નથી. તેમાં કોઈ ને કોઈ પ્રકારના અંતરાયો આવ્યા જ કરે છે. તાત્પર્ય કે આ કર્મથી જીવનો અનંતવીર્યાદિ ગુણ રોધાય છે.

(૧) ઉપક્રમ :

હવે પ્રકરણકાર મહર્ષિ કર્મની મૂળ તથા ઉત્તર–પ્રકૃતિઓના સંગ્રહરૂપ ઓગણચાલીસમી ગાથા આ પ્રમાણે કહે છે :

(૨) મૂળ ગાથા :

इह नाणदंसणावरणवेयमोहाउनामगोयाणि ।
विग्घं च पण नव दु अट्ठवीस चउ तिसय दु पणविहं ॥३९॥

(૩) સંસ્કૃત છાયા :

अत्र ज्ञानदर्शनावरणवेद्यमोहायुर्नामगोत्राणि ।
विघ्नं च पञ्चनव द्व्यष्टाविंशतिचतुस्त्रिशद्द्वि पञ्चविधम् ॥३९॥

(૪) શબ્દાર્થ :

इह-અહીં, આ અધિકારે.

नाण-જ્ઞાનાવરણીય.

दंसणावरण-દર્શનાવરણીય.

અહીં રહેલો आवरण શબ્દ नाणने પણ લાગુ પડે છે.

वेय-વેદનીય.

मोह-મોહનીય.

आउ-આયુષ્ય.

नाम-નામ.

गोयाणि-ગોત્ર.

આખું પદ સામાસિક હોવાથી આ પદ બહુવચનમાં આવેલું છે.

विग्धं-અંતરાય.

च-અને.

पण-પાંચ.

नव-નવ.

दु-બે.

अट्ठवीस-અઠ્ઠાવીસ.

चउ-ચાર.

तिसय-એકસો ત્રણ.

ति-ત્રણ, सय-સો. ત્રણ તથા સો મળી એકસો ત્રણ.

दु-બે.

पणविहं-પાંચ પ્રકારવાળા.

(૫) અર્થ-સંકલના :

અહીં જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, વેદનીય, મોહનીય, આયુષ્ય, નામ, ગોત્ર અને અંતરાય એ આઠ કર્મની મૂળ પ્રકૃતિઓ છે. તે અનુક્રમે પાંચ, નવ, બે, અઠ્ઠાવીસ, ચાર, એકસો ને ત્રણ, બે તથા પાંચ પ્રકારની છે.

(૬) વિવેચન :

પ્રકૃતિબંધનો વિશેષ ખ્યાલ આપવા માટે પ્રકરણકાર મહર્ષિએ અહીં કર્મની મૂળપ્રકૃતિઓ તથા તેની ઉત્તરપ્રકૃતિઓની સંખ્યા જણાવી છે, તે આ પ્રમાણે :

| મૂળપ્રકૃતિ | ઉત્તરપ્રકૃતિઓ |
|---|---|
| ૧ જ્ઞાનાવરણીય | ૫ |
| ૨ દર્શનાવરણીય | ૯ |
| ૩ વેદનીય | ૨ |
| ૪ મોહનીય | ૨૮ |
| ૫ આયુષ્ય | ૪ |
| ૬ નામ | ૧૦૩ |
| ૭ ગોત્ર | ૨ |
| ૮ અંતરાય | ૫ |
| | કુલ ૧૫૮ |

પૂર્વે પાંચમા કર્મવાદ-પ્રકરણમાં કર્મની આ ૮ મૂળ પ્રકૃતિ તથા ૧૫૮ ઉત્તરપ્રકૃતિઓનો પરિચય આપેલો છે.

(૧) ઉપક્રમ :

પ્રકૃતિબંધનું વર્ણન કર્યા પછી પ્રકરણકાર મહર્ષિ સ્થિતિબંધનું વર્ણન કરે છે. તેમાં પ્રથમ બે ગાથા વડે કર્મની ઉત્કૃષ્ટ સ્થિતિ કેટલી હોય? તે જણાવે છે:

(૨) મૂળ ગાથાઓ :

नाणे य दंसणावरणे, वेयणिए चेव अंतराए अ ।
तीसं कोडाकोडी, अयराणं ठिइ अ उक्कोसा ॥ ४० ॥
सित्तरि कोडाकोडी, मोहणिए वीस नाम गोएसु ।
तित्तीसं अयराइं, आउट्ठिइ बंध उक्कोसा ॥४१॥

(૩) સંસ્કૃત છાયા :

ज्ञाने च दर्शनावरणे, वेदनीये चवान्तराये च ।
त्रिंशत् कोटीकोटयोऽतराणां स्थितिश्चोत्कृष्टा ॥ ४० ॥
सप्ततिः कोटीकोट्यो मोहनीये विंशतिर्नामगोत्रयोः ।
त्रयस्त्रिंशदतराण्यायुः स्थितिबन्धः उत्कर्षात् ॥ ४१ ॥

(૪) શબ્દાર્થ :

नाणे–જ્ઞાનાવરણીય કર્મમાં.

य–અને.

दंसणावरणे–દર્શનાવરણીય કર્મમાં.

वेयणिए–વેદનીય કર્મમાં.

चेव–નિશ્ચયપૂર્વક.

अंतराए–અંતરાય કર્મમાં.

अ–અને.

तीसं–ત્રીશ.

कोडाकोडी–કોડાકોડી.

ક્રોડને ક્રોડથી ગુણતાં જે સંખ્યા આવે છે, તેને કોડાકોડી કહે છે. ૧૦૦૦૦૦૦૦ x ૧૦૦૦૦૦૦૦ = ૧૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦.

अयराणं–અયરોની, સાગરોપમોની.

ठिइ–સ્થિતિ.

उक्कोसा–ઉત્કર્ષથી, ઉત્કૃષ્ટ, વધારેમાં વધારે.

सित्तरि–સિત્તેર.

कोडाकोडी–કોડાકોડી.

मोहणिए–મોહનીય કર્મની.

वीस–વીશ.

नाम–નામકર્મનો.

गोएसु–ગોત્ર કર્મનો.

तित्तीसं–તેત્રીશ.

अयराइं–સાગરોપમ.

आउ–આયુષ્યનો.

ट्ठिइबंध–સ્થિતિબંધ.

उक्कोसा–ઉત્કર્ષથી, ઉત્કૃષ્ટથી.

## (૫) અર્થ–સંકલના :

જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, વેદનીય અને

અંતરાય કર્મમાં ઉત્કૃષ્ટ સ્થિતિ ત્રીસ કોડાકોડી સાગરોપમની હોય છે.

મોહનીય કર્મનો ઉત્કૃષ્ટ સ્થિતિબંધ સિત્તેર કોડાકોડી સાગરોપમ, નામ અને ગોત્ર કર્મનો વીશ કોડાકોડી સાગરોપમ અને આયુષ્ય કર્મનો તેત્રીશ સાગરોપમનો હોય છે.

**(૬) વિવેચન :**

દરેક કર્મનો ઉત્કૃષ્ટ સ્થિતિબંધ કેટલો હોય છે? તેનો ખુલાસો આ બે ગાથાઓમાં નીચે પ્રમાણે કરવામાં આવ્યો છે :

| કર્મ | ઉત્કૃષ્ટ સ્થિતિબંધ |
|---|---|
| જ્ઞાનાવરણીય .... | .... ૩૦ કોડાકોડી સાગરોપમ |
| દર્શનાવરણીય .... | ૩૦ ,, ,, |
| વેદનીય | .... ૩૦ ,, ,, |
| મોહનીય | ... ૭૦ ,, ,, |
| આયુષ્ય | .... ૩૩ સાગરોપમ |
| નામ | .... ૨૦ કોડાકોડી સાગરોપમ |
| ગોત્ર | ૨૦ ,, ,, |
| અંતરાય | .... ૩૦ ,, ,, |

આ જ્ઞાની ભગવંતોએ જાણેલી હકીકત છે. તેમાં તર્કને સ્થાન નથી.

**(૧) ઉપક્રમ :**

હવે કર્મની જઘન્ય સ્થિતિ કેટલી હોય, તે દર્શાવવા

પ્રકરણકાર મહર્ષિ બેંતાલીશમી ગાથા આ પ્રમાણે કહે છે:

(૨) મૂળ ગાથા :

वारस मुहुत्त जहन्ना, वेयणिए अट्ठ नाम गोएसु ।
सेसाणंतमुहुत्तं, एयं बंधट्ठिईमाणं ॥ ४२ ॥

(૩) સંસ્કૃત છાયા :

द्वादश मुहूर्तानि जघन्या वेदनीयेऽष्टौ नामगोत्रयोः ।
शेषाणामन्तर्मुहूर्त्तमेतद् बन्धस्थितिमानम् ॥४२॥

(૪) શબ્દાર્થ :

वारस–બાર.

मुहुत्त–મુહૂર્ત.

એકરાત્રિ–દિવસમાં ૩૦ મુહૂર્ત હોય છે. એટલે એક મુહૂર્તનો સમય ૪૮ મીનીટ જેટલો સમજવાનો છે.

जहन्ना–જઘન્ય સ્થિતિ, ઓછામાં ઓછો સમય.

वेयणिय–વેદનીય કર્મની.

अट्ठ–આઠ મૂહૂર્ત.

नाम–નામ કર્મની.

गोएसु–ગોત્ર કર્મની.

सेसाण–શેષ પાંચ કર્મની.

सेसाणं અને अंतमुहुत्तंની સંધિ થતાં सेसाणंतमुहुत्तं એવું પદ બનેલું છે.

अंतमुहुत्तं–અંતર્મુહૂર્ત.

एए–આ.

बंधट्ठिइमाणं–બંધની સ્થિતિનું પ્રમાણ.

बंध ની ठ्ठिइ તેનું माण તે बंधट्ठिइमाणं. बंध–બંધ. ठ्ठिइ–સ્થિતિ. माणं–માન, માપ, પ્રમાણ.

(૫) અર્થ-સંકલના :

**વેદનીય કર્મની જઘન્ય સ્થિતિ ૧૨ મુહૂર્ત, નામકર્મ તથા ગોત્રકર્મની ૮ મુહૂર્ત અને શેષ પાંચ કર્મની અંતર્મુહૂર્ત હોય છે. આ સ્થિતિબંધનું પ્રમાણ જાણવું.**

(૬) વિવેચન :

દરેક કર્મની જઘન્ય સ્થિતિ કેટલી હોય છે? તેનો ખુલાસો આ ગાથામાં નીચે પ્રમાણે કરવામાં આવ્યો છે :

| | કર્મ | જઘન્ય સ્થિતિબંધ |
|---|---|---|
| ૧ | જ્ઞાનાવરણીય | ૧ અંતર્મુહૂર્ત |
| ૨ | દર્શનાવરણીય | ૧ ,, |
| ૩ | વેદનીય | ૧૨ મુહૂર્ત |
| ૪ | મોહનીય | ૧ અંતર્મુહૂર્ત |
| ૫ | આયુષ્ય | ૧ ,, |
| ૬ | નામ | ૮ મુહૂર્ત |
| ૭ | ગોત્ર | ૮ ,, |
| ૮ | અંતરાય | ૧ અંતર્મુહૂર્ત |

અહીં સ્થિતિબંધ અંગે થોડી સ્પષ્ટતા આવશ્યક

છે. સંસારી આત્માઓ અનાદિકાલથી જ્ઞાનાવરણીય આદિ આઠેય પ્રકારના કર્મથી બંધાયેલા છે. આ કર્મબંધન પ્રવાહ કે પરંપરાની દૃષ્ટિએ અનાદિકાલનું સમજવાનું છે, પણ વ્યક્તિ એટલે વિશિષ્ટ કર્મની અપેક્ષાએ નહિ. વિશિષ્ટ કર્મની અપેક્ષાએ તો તે સાદિસાંત છે, એટલે કે તેનો આદિ પણ છે અને અંત પણ છે. વ્યક્તિની અપેક્ષાએ કર્મબંધન વધારેમાં વધારે સિત્તેર કોડાકોડી સાગરોપમ કાલપ્રમાણ હોય છે, તેથી અધિક આત્મા સાથે વળગી રહેવાની કોઈ પણ કર્મની સ્થિતિ નથી.

દિવસ અને રાત્રિનો દાખલો લેવાથી આ વસ્તુ વધારે સ્પષ્ટ થશે. એક દિવસ અથવા એક રાત્રિને શરૂઆત પણ હોય છે અને સમાપ્તિ પણ હોય છે, છતાં સમગ્ર દિવસ-રાત્રિની અપેક્ષાએ દિવસ કે રાત્રિની શરૂઆત કહી શકીએ નહિ, એવી રીતે ભોગવાયેલાં કર્મો છૂટાં પડતાં જાય છે અને બંધનાં કારણો વિદ્યમાન હોઈને નવાં નવાં કર્મો બંધાતાં રહે છે, જેથી પ્રવાહ કે પરંપરારૂપે જીવની સાથે કર્મનો સંયોગ ક્યારે થયો? તે કહી શકાય નહિ. તાત્પર્ય કે પ્રવાહ કે પરંપરાની દૃષ્ટિએ આત્મા સાથે કર્મનો સંબંધ અનાદિ છે.

અહીં કર્મની સ્થિતિનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે, તે આત્માની સાથે કર્મનો બંધ પડે ત્યારથી માંડીને તે આત્માથી છૂટું પડે ત્યાં સુધીનો સમજવાનો છે.

સ્થિતિ દરમિયાન બદ્ધકર્મની અવસ્થા બે પ્રકારની

હોય છે : (૧) અબાધાકાલ (અનુદય) અને (૨) નિષેકકાલ (ભોગ્યકાળ). રસાયણો ખાતાંની સાથેજ કામ આપતાં નથી, પણ અમુક સમય પછી જ આપે છે; અથવા કોઈ વસ્તુ ચૂલે ચડાવતાં તરત જ ચડી જતી નથી, પણ અમુક સમય પછી જ ચડે છે; તેમ બંધાયેલું કર્મ બંધાતાની સાથે જ પોતાનું ફળ આપતું નથી, પણ અમુક સમયે જ આપે છે. આ રીતે એક કર્મ જ્યાં સુધી પોતાનું ફળ બતાવવાની સ્થિતિમાં ન આવે ત્યાં સુધીના કાલને અબાધાકાલ કહેવામાં આવે છે.

કર્મનો અબાધાકાલ પૂરો થયા પછી જ કર્મ તેનું ફળ આપવાનું શરૂ કરે છે, તેને કર્મનો ઉદય કહેવામાં આવે છે. ઉદયકાળમાં કર્મને ભોગવવા માટે કર્મદલિકની રચના થાય છે, માટે તેને નિષેકકાલ–ભોગ્યકાલ કહેવાય છે. તાત્પર્ય કે કર્મની જેટલી સ્થિતિ બંધાઈ હોય, તેમાંથી અમુક સ્થિતિ અબાધાકાલમાં જાય છે અને બાકીની સ્થિતિ નિષેક એટલે ભોગ્યકાલમાં જાય છે. ભોગ્યકાલમાં કર્મનાં પુદ્ગલો ક્રમશઃ ઉદયમાં આવે છે અને પોતાનું ફળ આપીને આત્માથી છૂટા પડી જાય છે.

અહીં એટલું યાદ રાખવું ઘટે કે કર્મ ઉદયમાં આવે ત્યારે તેનો વેગ વધારે હોવાથી ઘણા કર્મપ્રદેશો આવી પડે છે અને ત્યાર પછી તે ક્રમશઃ ઓછા થતા જાય છે. બંદુકમાંથી ગોળી છૂટે ત્યારે તેનો વેગ ઘણો હોય છે, પછી તે ઓછો થતો જાય છે, તેમ અહીં પણ સમજવું.

અહીં અબાધાકાલ અંગે એટલી સ્પષ્ટતા આવશ્યક છે કે જે કર્મની જેટલા કોડાકોડી સાગરોપમપ્રમાણ સ્થિતિ બંધાય, તેના તેટલા સો વર્ષનો અબાધાકાલ હોય છે. દાખલા તરીકે જ્ઞાનાવરણીય કર્મની ઉત્કૃષ્ટ સ્થિતિ ૩૦ કોડાકોડી સાગરોપમ પ્રમાણ બંધાતી હોવાથી ઉત્કૃષ્ટ સ્થિતિમાં તેનો અબાધાકાલ ૧૦૦ x ૩૦ = ૩૦૦૦ વર્ષનો હોય છે. આ પ્રમાણે આયુષ્ય સિવાયના સાતેય કર્મોનું સમજી લેવું. આયુષ્યકર્મના અબાધાકાલનું પ્રમાણ નિયત નથી, એટલે તેનો સ્થિતિબંધ અબાધાકાલ રહિત કહેલો છે.

અહીં પ્રકરણકારે અનુભાગબંધ તથા પ્રદેશબંધનું સ્વરૂપ ગાથા દ્વારા કહ્યું નથી, એટલે તે અંગે પણ કેટલીક સ્પષ્ટતા કરીશું.

કર્મ બાંધતી વખતે જીવના જેવા પરિણામો—અધ્યવસાયો × હોય છે, તેવો રસ પડે છે અને જેવો રસ પડે છે, તે પ્રમાણે તેનું અતિ તીવ્ર, તીવ્ર, મંદ કે મંદતર ફળ મળે છે. અધ્યવસાયોની તીવ્રતા—મંદતા સમજવા માટે શાસ્ત્રકારોએ જંબૂવૃક્ષ અને ૭ પુરુષોનું દૃષ્ટાંત નીચે મુજબ આપ્યું છે :—

૭ મુસાફરો એક જંબૂવૃક્ષ નીચે આવ્યા. તેમાંના પહેલાએ કહ્યું : 'આ જાંબૂડાને તોડી પાડીએ તો મનગમતાં જાંબૂ ખાઈ શકાય.' બીજાએ કહ્યુ : 'આખા ઝાડને

× કષાયના ઉદયથી આત્માનો જે પરિણામ થાય, તેને અધ્યવસાય કહેવાય છે.

તોડી પાડવાને બદલે તેનું એક મોટું ડાળું જ તોડી પાડીએ, તો આપણું કામ થઈ જશે.' ત્રીજાએ કહ્યું : 'એમાં ડાળું પાડવાની શું જરૂર છે? એક મોટી ડાળીને જ તોડી પાડો ને? એમાંથી આપણને જોઈએ તેટલાં જાંબૂ મળી રહેશે.' ચોથાએ કહ્યું : 'મોટી કે નાની ડાળી તોડવાની જરૂર નથી, માત્ર ફળવાળા ગુચ્છાઓ જ તોડી પાડો.' પાંચમાએ કહ્યું : 'મને તો એ પણ વ્યાજબી જણાતું નથી. જો આપણે જાંબૂડાં ખાવાનું જ કામ છે, તો માત્ર જાંબૂડાં જ તોડી લ્યો.' એ સાંભળી છઠ્ઠાએ કહ્યું કે 'ભૂખ શમાવવી એ આપણું પ્રયોજન છે, તો નિષ્કારણ વૃક્ષને ઉખેડવાની, તોડવાની કે તેનાં ફળો પાડવાની ચેષ્ટા શું કામ કરવી? અહીં ઘણાં જાંબૂડાં પોતાની મેળે જ નીચે પડેલાં છે, જે તાજાં અને સ્વાદિષ્ટ છે, માટે તેનાથી જ કામ ચલાવો.'

અધ્યવસાયોની આ તરતમતા વ્યવહારની દરેક પ્રવૃત્તિમાં અનુભવી શકાય છે. એટલે એક પ્રવૃત્તિ બાહ્ય દૃષ્ટિએ સરખી હોવા છતાં વાસ્તવિક રીતે સરખી નથી. 'જેવા અધ્યવસાય તેવો બંધ' એ ન્યાયે એક પ્રવૃત્તિ એક વ્યક્તિને નિકાચિત કર્મબંધનું કારણ બને છે, જ્યારે તે જ પ્રવૃત્તિ બીજી, ત્રીજી અને ચોથી વ્યક્તિને અનુક્રમે નિધત્ત, બદ્ધ અને સ્પૃષ્ટ કર્મબંધનો અધિકારી બનાવે છે. અહીં નિધત્તથી ગાઢ, બદ્ધથી કંઈક ગાઢ અને કંઈક શિથિલ તથા સ્પૃષ્ટથી શિથિલ કર્મબંધ સમજવાનો છે.

નિધત્ત, બદ્ધ અને સ્પૃષ્ટ કર્મબંધનું સ્વરૂપ સોયના દૃષ્ટાંતથી સમજાશે. કેટલીક સોયોને દોરામાં પરોવેલી હોય અને તે કટાઈ જવાથી અરસપરસ ચોટી ગયેલી હોય, તો તેને છૂટી પાડવામાં મહેનત પડે છે, તેમ જે કર્મબંધન ગાઢ હોઈ તેને તોડવા માટે તપાદિ વિશિષ્ટ અનુષ્ઠાન કરવું પડે, તે નિધત્ત કર્મબંધ કહેવાય છે.

કેટલીક સોયોને દોરાથી પરોવેલી હોય, તો તેને છૂટી પડતાં વાર લાગે છે, તેમ જે કર્મનું બંધન વિશિષ્ટ આલોચના વગેરેથી તૂટે, તેને બદ્ધ કર્મબંધ કહેવાય છે.

અને કેટલીક સોયોનો ઢગલો પડેલો હોય તો એના પર હાથ મૂકતાં જ તે વિખરાઈ જાય છે, તેમ જે કર્મોનું બંધન અતિ શિથિલ હોઈ સામાન્ય પશ્ચાત્તાપ આદિથી તૂટી જાય, તેને સ્પૃષ્ટ કર્મબંધ કહેવાય છે.

આત્માના અધ્યવસાયો બદલાયા કરે છે અને નવા નવા અધ્યવસાયો ઉત્પન્ન થાય છે, એટલે અધ્યવસાયોનાં સ્થાનકો અસંખ્યાત માનવામાં આવ્યાં છે.

આત્માના અધ્યવસાયો બદલાતા ન હોત ને બધો વખત એક સરખા જ રહેતા હોત તો ચડતી કે પડતીનો અનુભવ થાત નહિ, તેમ જ કર્મની સ્થિતિમાં જે વિચિત્રતા દેખાય છે, તે પણ દેખાત નહિ.

અહીં એટલું લક્ષ્યમાં રાખવું ઘટે કે આત્મા નિગોદમાં જડ પ્રાયઃ અવસ્થામાં હોય છે, ત્યારે પણ તેનામાં

અધ્યવસાયો હોય છે અને તેજ કારણે તેનું કર્મબંધન ચાલુ રહે છે. જો તેને કોઈ પ્રકારના અધ્યવસાય ન હોય તો તેનામાં અને જડમાં કોઈ તફાવત રહે નહિ.

વનસ્પતિને અધ્યવસાયો હોય છે, એ વાત બંગાળના સુપ્રસિદ્ધ વૈજ્ઞાનિક શ્રી જગદીશચંદ્ર બોઝે પ્રયોગો દ્વારા સાબીત કરી આપેલી છે.

જ્યારે વનસ્પતિ જેવા એકેન્દ્રિય જીવોને અધ્યવસાય હોય, ત્યારે વિકલેન્દ્રિય, તેમજ તિર્યંચ પંચેન્દ્રિય એટલે પશુ, પક્ષી, જલચર વગેરેને અધ્યવસાય હોય એમાં આશ્ચર્ય શું ? જૈન શાસ્ત્રોએ તિર્થંચોને થતા અધ્યવસાયની કેટલીક સુંદર નોંધ કરેલી છે.

છેવટે એ પણ યાદ રાખવું ઘટે છે કે અશુભ પ્રકૃતિનો રસ લીમડાના રસ જેવો કડવો એટલે જીવને પીડાકારી હોય છે અને શુભપ્રકૃતિનો રસ શેલડી જેવો મધુર એટલે જીવને આહ્લાદકારી હોય છે.

અશુભ પ્રકૃતિનો રસ જેટલો મંદ હોય તેટલો સારો અને શુભ પ્રકૃતિનો રસ જેટલો તીવ્ર હોય તેટલો સારો. સરવાળે તો બધાં કર્મોને નીરસ-નિઃસત્ત્વ બનાવી દેવાનાં છે, જેથી આત્માને સંસારનો ઉપદ્રવ થાય નહિ.

પ્રદેશબંધ અંગે એટલું લક્ષ્યમાં રાખવું કે યોગ-વ્યાપારની વિશેષતા પ્રમાણે તેની વિશેષતા હોય છે, અર્થાત્ યોગબળના પ્રમાણમાં જ કાર્મણ વર્ગણાના દલિકો ગ્રહણ

થાય છે. અન્ય શબ્દોમાં કહીએ તો ઉત્કૃષ્ટ યોગે ઉત્કૃષ્ટ પ્રદેશબંધ થાય છે અને જઘન્ય યોગે જઘન્ય પ્રદેશબંધ થાય છે. અને તે જ કારણે પ્રદેશબંધમાં અનેક પ્રકારની ન્યૂનાધિકતા હોય છે.

બંધનું વિશેષ સ્વરૂપ કર્મગ્રંથ, પંચસંગ્રહ વગેરે ગ્રંથોથી જાણવું.

'બંધતત્ત્વ' નામનું અગિયારમું પ્રકરણ અહીં પૂરું થાય છે.

## પ્રકરણ બારમું

# મોક્ષતત્ત્વ

### [ ગાથા તેંતાલીશમીથી પચાશમી સુધી ]

**(૧) ઉપક્રમ :**

પ્રાણીઓની સર્વ પ્રવૃત્તિ સુખને અર્થે થાય છે. આ સુખની ચરમ સીમા મોક્ષની અવસ્થામાં અનુભવાય છે, તેથી મોક્ષ એ શુદ્ધ ઉપાદેય તત્ત્વ ગણાયું છે.

આત્મા પુરુષાર્થના યોગે જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, મોહનીય અને અંતરાય એ ચાર ઘાતી કર્મનો ક્ષય કરે ત્યારે તે જ્ઞાનની દૃષ્ટિએ સર્વજ્ઞ બને છે અને ચારિત્રની દૃષ્ટિએ વીતરાગઅવસ્થાને પ્રાપ્ત કરે છે. ત્યાર બાદ જ્યારે તે પોતાનો દેહ છોડે છે, ત્યારે વેદનીય, આયુષ્ય, નામ અને ગોત્ર એ ચાર અઘાતી કર્મો પણ નાશ પામે છે અને એ રીતે સર્વ કર્મનો ક્ષય થતાં કરે તે મોક્ષની પ્રાપ્તિ છે.

મોક્ષમાં જન્મ, જરા કે મૃત્યુ હોતા નથી; માત્ર ચિદાનંદ અવસ્થા એટલે જ્ઞાન અને આનંદમય અવસ્થાનો

જ અનુભવ હોય છે, તેથી જ તેને પરમ સુખનું ધામ માનવામાં આવ્યું છે.

આ મોક્ષતત્ત્વનો વિશદ બોધ નવ અનુયોગદ્વારો વડે થાય છે, તેથી પ્રકરણકાર મહર્ષિ તેંતાલીશમી ગાથામાં નવ અનુયોગદ્વારો કહે છે. તે આ પ્રમાણે :

(૨) મૂળગાથા :

संतपयपरूवणया, दव्वपमाणं च खित्त फुसणा य।
कालो अ अंतरं भाग, भावे अप्पाबहुं चेव ॥ ४३ ॥

(૩) સંસ્કૃત-છાયા :

सत्पदप्ररूपणा, द्रव्यप्रमाणं च क्षेत्रं स्पर्शना च।
कालश्च अंतरं भागो, भावोऽल्पबहुत्वं चैव ॥ ४३ ॥

(૪) શબ્દાર્થ :

संतपयपरूवणया–સત્પદની પ્રરૂપણા, સત્પદપ્રરૂપણાદ્વાર.

दव्वपमाणं–દ્રવ્યપ્રમાણ, દ્રવ્યપ્રમાણદ્વાર.

च–અને.

खित्त–ક્ષેત્ર, ક્ષેત્રદ્વાર.

फुसणा–સ્પર્શના, સ્પર્શનાદ્વાર.

य–અને, વળી.

कालो–કાલ, કાલદ્વાર.

अ–અને.

अंतरं–અંતર, અંતરદ્વાર.

भाग–ભાગ, ભાગદ્વાર.

भावे-ભાવ, ભાવદ્વાર.

अप्पाबहुं-અલ્પબહુત્વ, અલ્પબહુત્વદ્વાર.

चेव-નિશ્ચયે નિશ્ચયપૂર્વક.

**(૫) અર્થ-સંકલના :**

**(૧) સત્પદપ્રરૂપણાદ્વાર, (૨) દ્રવ્યપ્રમાણદ્વાર, (૩) ક્ષેત્રદ્વાર, (૪) સ્પર્શનાદ્વાર, (૫) કાલદ્વાર, (૬) અંતરદ્વાર, (૭) ભાગદ્વાર, (૮) ભાવદ્વાર અને (૯) અલ્પબહુત્વદ્વાર, એ નિશ્ચયે નવ અનુયોગ-દ્વારો છે.**

**(૬) વિવેચન :**

સૂત્ર અને અર્થનું વ્યાખ્યાન કરવું તેને અનુયોગ કહેવામાં આવે છે. આ અનુયોગનું જે દ્વાર એટલે માર્ગ કે ઉપાય, તે અનુયોગદ્વાર. તેનો ઉપયોગ કોઈ પણ વસ્તુ કે તત્ત્વનું જ્ઞાન પ્રાપ્ત કરવા માટે થઈ શકે છે. તત્ત્વાર્થસૂત્રના પ્રથમ અધ્યાયમાં કહ્યું છે કે ' सत्-संख्या-क्षेत्र-स्पर्शन-कालान्तर-भावाल्पबहुत्वैश्च-સત્, સંખ્યા, ક્ષેત્ર, સ્પર્શન, કાલ, અંતર, ભાવ અને અલ્પબહુત્વ એ આઠ અનુયોગદ્વાર વડે જીવાદિતત્ત્વોનું જ્ઞાન થાય છે. અહીં ભાગ સિવાયના આઠેય અનુયોગદ્વારનાં નામો જોઈ શકાય છે.

મોક્ષનો વિષય ગહન હોવાથી તેનો વિશદ બોધ થવા માટે પ્રકરણકાર મહર્ષિએ નવ અનુયોગદ્વારની આવ-શ્યકતા દર્શાવી છે અને તેનાં નામો પણ જણાવ્યાં છે. જેમ કે—

### ૧. સત્પદપ્રરૂપણાદ્વાર

સત્ એટલે વિદ્યમાનતા, તેની સિદ્ધિ અર્થેનું જે પદ તે સત્પદ. તેની પ્રરૂપણા કરનાર એટલે કે તેનું પ્રતિપાદન કરનાર જે દ્વાર, તે સત્પદપ્રરૂપણા દ્વાર. તાત્પર્ય કે કોઈ પણ પદવાળો પદાર્થ સત્ છે કે અસત્? એટલે આ જગતમાં વિદ્યમાન છે કે નહિ? તેનું પ્રમાણ આપીને તે અંગે પ્રતિપાદન કરવું, તે સત્પદપ્રરૂપણાદ્વાર કહેવાય છે.

### ૨. દ્રવ્યપ્રમાણદ્વાર

તે પદાર્થ જગતમાં કેટલા છે? તેની સંખ્યા દર્શાવવી, તે દ્રવ્યપ્રમાણદ્વાર કહેવાય છે.

### ૩. ક્ષેત્રદ્વાર

ક્ષેત્ર એટલે જગા. તે પદાર્થ કેટલી જગામાં રહેલો છે? એમ જણાવવું, તે ક્ષેત્રદ્વાર કહેવાય છે. આ દ્વારને અવગાહનાદ્વાર પણ કહે છે. અવગાહવું એટલે વ્યાપીને રહેવું.

### ૪. સ્પર્શનાદ્વાર

તે પદાર્થ કેટલા આકાશપ્રદેશને સ્પર્શીને રહેલો છે? એમ જણાવવું, તે સ્પર્શનાદ્વાર કહેવાય છે.

### ૫. કાલદ્વાર

તે પદાર્થની સ્થિતિ કેટલા કાલપર્યંત છે? એમ દર્શાવવું, તે કાલદ્વાર કહેવાય છે.

### ૬. અંતરદ્વાર

જે પદાર્થ જે રૂપે છે, તે પદાર્થ મટીને બીજા રૂપે

થઈ પુનઃ મૂળ રૂપે થાય કે નહિ? અને થાય તો તે અન્યરૂપે કેટલો કાળ રહીને ફરી થાય? એમ જણાવવું, તે અંતરદ્વાર કહેવાય છે. અહીં અંતર શબ્દથી કાલનું વ્યવધાન સમજવાનું છે.

**૭. ભાગદ્વાર**

તે પદાર્થની સંખ્યા સ્વજાતીય કે પરજાતીય પદાર્થોના કેટલામે ભાગે અથવા કેટલા ગુણી છે? એમ જે દર્શાવવું, તે ભાગદ્વાર કહેવાય છે.

**૮. ભાવદ્વાર**

ઔપશમિક, ક્ષાયિક, ક્ષાયોપશમિક, ઔદયિક અને પારિણામિક આ પાંચ ભાવોમાંથી તે પદાર્થ કયા ભાવમાં અંતર્ગત છે? એમ જે દર્શાવવું, તે ભાવદ્વાર કહેવાય છે.

**૯. અલ્પબહુત્વદ્વાર**

તે પદાર્થના ભેદોમાં પરસ્પર સંખ્યાનું અલ્પત્વ તથા બહુત્વ એટલે હીનાધિકતા દર્શાવવી, તે અલ્પબહુત્વદ્વાર કહેવાય છે.

નવ અનુયોગ દ્વારો વડે મોક્ષતત્ત્વના નવ પ્રકારો ગણવામાં આવે છે, બાકી સકલ કર્મથી મુક્ત થયેલ આત્માના સ્વરૂપમાં કોઈ ભેદ હોતો નથી.

**(૧) ઉપક્રમ :**

નવ અનુયોગદ્વારો પૈકી પહેલું સત્પદપ્રરૂપણા નામનું દ્વાર મોક્ષતત્ત્વમાં કેવી રીતે ઉતારવું? તે પ્રકરણકાર મહર્ષિ ચુમાલીશમી ગાથામાં આ પ્રમાણે જણાવે છે :

(૨) મૂળ ગાથા :

संतं सुद्धपयत्ता, विज्जंतं खकुसुमंव्व न असंतं ।
मुक्खत्ति पयं तस्स उ, परूवणा मग्गणाईहिं ॥ ४४ ॥

(૩) સંસ્કૃત છાયા :

सत् शुद्ध पदत्वाद् विद्यमानं खकुसुमवत् न असत् ।
मोक्ष इति पदं तस्य तु, प्ररूपणा मार्गणादिभिः ॥ ४४ ॥

(૪) શબ્દાર્થ :

संतं–સત્.
જેનું અસ્તિત્વ હોય તેને સત્ કહેવાય.

सुद्धपयत्ता–શુદ્ધ પદ હોવાથી, એક પદ હોવાથી.

विज्जंतं–વિદ્યમાન છે.

खकुसुमंव्व–આકાશના પુષ્પની પેઠે.

ख–આકાશ. તેનું कुसुम–પુષ્પ તે खकुसुम. व्व–અવ્યય પેઠે અથવા જેમનો અર્થ દર્શાવે છે.

न–નથી.
असंतं–અસત્, અવિદ્યમાન.
मुक्ख–મોક્ષ.
त्ति–ઇતિ, એ.
पयं–પદ.
तस्स–તેની.
उ–વળી.

परूवणा—પ્રરૂપણા, પ્રતિપાદન, કથન.

मग्गणाईहिं—માર્ગણાઓ વડે.

(૫) અર્થ-સંકલના :

**મોક્ષ એ સત્ છે. એક પદ હોવાથી વિદ્યમાન છે, પરંતુ આકાશના પુષ્પની પેઠે અવિદ્યમાન નથી. 'મોક્ષ' એ જાતનું પદ છે, (માટે તેનો અર્થ છે) અને તેની પ્રરૂપણા માર્ગણાઓ વડે થાય છે.**

(૬) **વિવેચન :**

કોઈ પણ વસ્તુ સિદ્ધ કરી આપવા માટે ન્યાય-શાસ્ત્રમાં પ્રતિજ્ઞા, હેતુ, ઉદાહરણ, ઉપનય અને નિગમન એ પાંચ અવયવવાળો પ્રયોગ થાય છે. જેમાં અને જે સિદ્ધ કરવાનું હોય તે બેનું કથન તે પ્રતિજ્ઞા; તેનું કારણ આપવું તે હેતુ; તે અંગે અનુકૂળ કે પ્રતિકૂળ દાખલો આપવો તે ઉદાહરણ; તેને યોગ્ય રીતે ઘટાવવો તે ઉપ-નય; અને પ્રતિજ્ઞા અનુસાર પ્રમાણ જાહેર કરવું તે નિગમન. અહીં આ પાંચ અવયવનો પ્રયોગ થયેલો છે. તે આ પ્રમાણે :

૧. **પ્રતિજ્ઞા**—મોક્ષ સત્ છે.

૨. **હેતુ**—એક પદના અર્થરૂપ હોવાથી વિદ્યમાન છે.

૩. **ઉદાહરણ**—આકાશ પુષ્પની પેઠે અવિદ્યમાન નથી. જે શુદ્ધ એટલે એક પદ હોય, તેનો અર્થ હોય

જ. જેમકે—સુવર્ણ, આભરણ, રત્ન, તેજ, વંધ્યા, પુત્ર, આકાશ, પુષ્પ વગેરે. આ બધાં એક પદો છે, માટે તેના અર્થો છે, એટલે કે તે પ્રકારના પદાર્થો વિદ્યમાન છે. અને જે શુદ્ધ એટલે એકલું પદ નથી, પણ જોડાયેલાં પદો છે, તેના અર્થો હોય કે ન પણ હોય. જેમકે—સુવર્ણાભરણ-સોનાનું આભરણ, એ બે પદવાળી વસ્તુ વિદ્યમાન છે; રત્નતેજ-રત્નનું તેજ, એ બે પદવાળી વસ્તુ વિદ્યમાન છે; અને વંધ્યાપુત્ર-વાંઝણીનો પુત્ર, એ બે પદવાળી વસ્તુ વિદ્યમાન નથી; તે જ રીતે આકાશપુષ્પ-આકાશનું પુષ્પ, એ બે પદવાળી વસ્તુ પણ વિદ્યમાન નથી. અહીં વિરુદ્ધ ઘટનાવાળું ઉદાહરણ આપેલું છે.

૪. **ઉપનય**—મોક્ષ એ શુદ્ધ પદ છે, માટે તેનો અર્થ છે.

૫. **નિગમન**—તે મોક્ષ પદનો અર્થરૂપ જે પદાર્થ, તે જ મોક્ષ છે.

અહીં ઉપનય અને નિગમન એક સાથે ટુંકમાં કહેલા છે, પણ ન્યાયની પરિભાષા અનુસાર તે ઉપર પ્રમાણે જુદા સમજવાના છે.

અહીં કોઈ એમ કહે કે 'ડિત્થ, કિત્થ આદિ એક એક પદની કલ્પના કરીએ તો શું તે જાતનો પદાર્થ હોય છે ખરો? નથી જ. તેમ મોક્ષ એ પદ કલ્પનાવાળું હોય તો તે જાતનો પદાર્થ કેમ સંભવી શકે? તાત્પર્ય

કે ન જ સંભવી શકે. વળી એક એક પદવાળી સર્વ વસ્તુઓ વિદ્યમાન હોય એમ પણ બની શકે નહિ.'

તેનો ઉત્તર એ છે કે જે શબ્દના અર્થ કે વ્યુત્પત્તિ થઈ શકે તે જ પદ કહેવાય. અર્થશૂન્ય શબ્દને પદ કહેવાય નહિ. મોક્ષ શબ્દ અર્થ અને વ્યુત્પત્તિયુક્ત છે, માટે પદ છે, અને તે પદ છે, માટે જ તે પ્રકારનો પદાર્થ છે. ડિત્થ, કિત્થ આદિ શબ્દો અર્થશૂન્ય છે, એથી તે પદો નથી અને તે પદો નથી, માટે જ તે પ્રકારનો પદાર્થ નથી. આથી ઉપર જે એમ કહ્યું છે કે 'જે શુદ્ધ એટલે એક પદ હોય, તેનો અર્થ હોય જ' એ યથાર્થ છે.

અહીં પ્રકરણકારે એમ સૂચન કર્યું છે કે આ સત્પદની .પ્રરૂપણા માર્ગણાઓ વડે થાય છે. માર્ગણા એટલે વિવક્ષિત ભાવનું અન્વેષણ કે શોધન. તેનું વર્ણન આગામી ગાથામાં આવશે.

**(૧) ઉપક્રમ :**

મોક્ષરૂપ સત્પદની પ્રરૂપણા કરનારી માર્ગણાઓ મુખ્યત્વે ચૌદ છે અને ઉત્તરભેદથી બાસઠ છે. તે જણાવવા માટે પ્રકરણકાર મહર્ષિ પીસ્તાલીશમી ગાથા આ પ્રમાણે કહે છે :

**(૨) મૂળ ગાથા :**

**गइ इंदिए य काए, जोए वेए कसाय नाणे अ ।**
**संजम दंसण लेसा, भव सम्मे सन्नि आहारे ॥४५॥**

(3) સંસ્કૃત છાયા :

गतिरिन्द्रियं च कायः, योगो वेदः कषायो ज्ञानं च ।
संयमो दर्शनं लेश्या, भव्यः सम्यक्त्वं संज्ञ्याहारः ॥४५॥

(૪) શબ્દાર્થ :

गइ-ગતિ.
इंदिए-ઇન્દ્રિય.
य-અને.
काए-કાય.
जोए-યોગ.
वेए-વેદ.
कसाय-કષાય.
नाणे-જ્ઞાન.
अ-અને.
संजम-સંયમ, ચારિત્ર.
दंसण-દર્શન.
लेसा-લેશ્યા.
भव-ભવ્ય.
सम्मे-સમ્યક્ત્વ.
सन्नि-સંજ્ઞી.
आहारे-આહાર.

(૫) અર્થ-સંકલના :

ગતિ, ઇન્દ્રિય, કાય, યોગ, વેદ, કષાય, જ્ઞાન,

**ચારિત્ર, દર્શન, લેશ્યા, ભવ્ય, સમ્યક્ત્વ, સંજ્ઞી અને આહાર એ ચૌદ માર્ગણાઓ છે.**

**(૬) વિવેચન :**

અહીં વિવક્ષિત મોક્ષભાવનું અન્વેષણ-શોધન ગતિ આદિ દ્વારા કરવાનું છે અને બીજા પણ અનેક ભાવોનું અન્વેષણ-શોધન શાસ્ત્રોમાં ગતિ આદિ દ્વારા કરેલું હોવાથી ગતિ આદિ ૧૪ વસ્તુઓને માર્ગણા કહેવામાં આવે છે. તેના ઉત્તરભેદો ૬૨ છે, તેને પણ સામાન્ય રીતે માર્ગણા જ કહેવામાં આવે છે. ૬૨ માર્ગણાઓ આ પ્રમાણે સમજવી :

**(૧) ગતિમાર્ગણા-૪**

૧ દેવગતિ
૨ મનુષ્યગતિ
૩ તિર્યંચગતિ
૪ નરકગતિ

**(૨) ઈન્દ્રિયમાર્ગણા-૫**

૧ એકેન્દ્રિયજાતિ
૨ દ્વીન્દ્રિયજાતિ
૩ ત્રીન્દ્રિય જાતિ
૪ ચતુરિન્દ્રિયજાતિ
૫ પંચેન્દ્રિયજાતિ

**(૩) કાયમાર્ગણા-૬**

૧ પૃથ્વીકાય

૨ અપ્કાય
૩ તેજસ્કાય ( તેઉકાય )
૪ વાયુકાય
૫ વનસ્પતિકાય
૬ ત્રસકાય

## (૪) યોગમાર્ગણા-૩

૧ મનોયોગ
૨ વચનયોગ
૩ કાયયોગ

## (૫) વેદમાર્ગણા-૩

૧ સ્ત્રીવેદ
૨ પુરુષવેદ
૩ નપુંસકવેદ

## (૬) કષાયમાર્ગણા-૪

૧ ક્રોધ
૨ માન
૩ માયા
૪ લોભ

## (૭) જ્ઞાનમાર્ગણા-૮

૧ મતિજ્ઞાન
૨ શ્રુતજ્ઞાન
૩ અવધિજ્ઞાન

૪ મનઃપર્યવજ્ઞાન
૫ કેવળજ્ઞાન
૬ મતિઅજ્ઞાન
૭ શ્રુતઅજ્ઞાન
૮ વિભંગજ્ઞાન

અહીં અજ્ઞાન શબ્દથી ઉતરતા દરજ્જાનું જ્ઞાન સમજવું. વિભંગજ્ઞાન એ ઉતરતા દરજ્જાનું એક પ્રકારનું અવધિજ્ઞાન છે.

## (૮) ચારિત્રમાર્ગણા-૭

૧ સામાયિકચારિત્ર
૨ છેદોપસ્થાપનચારિત્ર
૩ પરિહારવિશુદ્ધિચારિત્ર
૪ સૂક્ષ્મસંપરાયચારિત્ર
૫ યથાખ્યાતચારિત્ર
૬ દેશવિરતિચારિત્ર
૭ અવિરતિચારિત્ર

સર્વવિરતિને પ્રથમના પાંચ પ્રકારમાંથી કોઈપણ એક ચારિત્ર હોય, વ્રતધારી શ્રાવકને દેશવિરતિચારિત્ર હોય અને જેણે કોઈપણ પ્રકારના વ્રતની ધારણા કરી નથી, તેને અવિરતિચારિત્ર હોય.

## (૯) દર્શનમાર્ગણા-૪

૧ ચક્ષુઃદર્શન
૨ અચક્ષુઃદર્શન

૩ અવધિદર્શન
૪ કેવલદર્શન

## (૧૦) લેશ્યામાર્ગણા-૬

૧ કૃષ્ણ
૨ નીલ
૩ કાપોત
૪ તેજો
૫ પદ્મ
૬ શુકલ

મન, વચન અને શરીરમાં રહેલા એક જાતના પુદ્ગલોના સંબંધથી જીવના જે શુભાશુભ પરિણામ થાય, તેને લેશ્યા કહે છે. તેના બે ભેદ છે: (૧) દ્રવ્યલેશ્યા અને (૨) ભાવલેશ્યા. યોગાંતર્ગત કૃષ્ણાદિ પુદ્ગલો તે દ્રવ્યલેશ્યા અને તેના સંબંધથી જીવના જે શુભાશુભ પરિણામ થાય તે ભાવલેશ્યા. જ્યારે જીવનો પરિણામ તીવ્ર કષાયયુક્ત હોય છે, ત્યારે કૃષ્ણ આદિ અશુભ લેશ્યાઓ હોય છે અને કષાયની મંદતા કે અભાવ હોય ત્યારે તેજો વગેરે શુભ લેશ્યાઓ હોય છે. કૃષ્ણ, નીલ અને કાપોત એ અશુભ લેશ્યાઓ છે અને તેજો, પદ્મ તથા શુકલ એ શુભ લેશ્યાઓ છે. અગિયારમા પ્રકરણમાં જંબૂવૃક્ષ અને છ પુરુષોનું દૃષ્ટાંત આપેલું છે, તે અનુસાર લેશ્યાની તીવ્રતા-મંદતા સમજવી.

(૧૧) ભવ્યમાર્ગણા-૨

૧ ભવ્ય
૨ અભવ્ય

મોક્ષે જવાની યોગ્યતા જેનામાં હોય તે ભવ્ય અને તે યોગ્યતા જેનામાં ન હોય તે અભવ્ય.

અહીં સંપ્રદાયથી જાતિભવ્યને ભવ્યમાંથી બાદ કરવામાં આવે છે, કારણ કે તેમનો પણ મોક્ષ થતો નથી.

(૧૨) સમ્યક્ત્વમાર્ગણા-૬

૧ ઔપશમિક
૨ ક્ષાયોપશમિક
૩ ક્ષાયિક
૪ મિશ્ર
૫ સાસ્વાદન
૬ મિથ્યાત્વ

સમ્યક્ત્વનું વર્ણન તેરમા પ્રકરણમાં કરેલું છે. જીવને સમ્યક્ત્વની સ્પર્શના ન થઇ હોય, ત્યારે મિથ્યાત્વ હોય છે, તેથી સમ્યક્ત્વમાર્ગણામાં મિથ્યાત્વને પણ સ્થાન આપેલું છે.

(૧૩) સંજ્ઞીમાર્ગણા-૨

૧ સંજ્ઞી
૨ અસંજ્ઞી

જેને દીર્ઘકાલિકી સંજ્ઞા એટલે વિશિષ્ટ મનોવિજ્ઞાન

હોય તે સંજ્ઞી અને જે વિશિષ્ટ મનોવિજ્ઞાન રહિત હોય તે અસંજ્ઞી.

## (૧૪) આહારમાર્ગણા-૨

૧ આહારક

૨ અનાહારક

ભવધારણીય શરીરને લાયક ઓજ કે ઓજસ-આહાર, લોમઆહાર અને કવલાહાર પૈકી યથાસંભવ આહારવાળા તે આહારક અને એ ત્રણેય આહારથી રહિત તે અનાહારક. અપર્યાપ્ત અવસ્થામાં તૈજસ-કાર્મણ શરીર વડે ગ્રહણ કરાતો આહાર તે ઓજસઆહાર, શરીર-પર્યાપ્તિ પૂર્ણ થયા બાદ ત્વચા કે શરીર દ્વારા ગ્રહણ કરાતો આહાર તે લોમઆહાર અને કોળિયાથી મુખ દ્વારા લેવાતો આહાર તે કવલાહાર.

ઉત્તરભેદોની સંખ્યા ૪ + ૫ + ૬ + ૩ + ૩ + ૪ + ૮ + ૭ + ૪ + ૬ + ૨ + ૬ + ૨ + ૨ = ૬૨ છે.

આ દરેક માર્ગણામાં સર્વ સંસારી જીવોનો સમાવેશ થાય છે. અન્ય રીતે કહીએ તો સર્વ સંસારી જીવો ગતિની દૃષ્ટિએ ચાર પ્રકારના છે, ઇન્દ્રિયની અપેક્ષાએ પાંચ પ્રકારના છે, કાયની દૃષ્ટિએ છ પ્રકારના છે, એમ સર્વત્ર સમજવાનું છે.

## (૧) ઉપક્રમ :

પીસ્તાલીશમી ગાથામાં માર્ગણાઓનું વર્ણન કર્યું-

હવે મોક્ષમાં કઈ કઈ માર્ગણાઓ હોય છે? તે દર્શાવવા માટે પ્રકરણકાર મહર્ષિ છેંતાલીશમી ગાથાનું કથન આ પ્રમાણે કરે છે :

(૨) મૂળ ગાથા :

नरगइ पणिंदि तस भव सन्नि अहक्खाय खइअसम्मत्ते ।
मुक्खोऽणाहार केवल–दंसणनाणे न सेसेसु ॥४६॥

(૩) સંસ્કૃત છાયા :

नरगति पंचेन्द्रियत्रसभव्यसंज्ञियथाख्यातक्षायिकसम्यक्त्वे ।
मोक्षोऽनाहारकेवल-दर्शनज्ञाने न शेषेषु ॥ ४६ ॥

(૪) શબ્દાર્થ :

नरगइ–નરગતિ, મનુષ્યગતિ.
पणिंदि–પંચેન્દ્રિયજાતિ.
तस–ત્રસકાય.
भव–ભવ્ય.
सन्नि–સંજ્ઞી.
अहक्खाय–યથાખ્યાત ચારિત્ર.
खइयसम्मत्ते–ક્ષાયિક સમ્યક્ત્વમાં.
मुक्खो–મોક્ષ છે.
अणाहार–અનાહાર.
केवलदंसण–કેવલદર્શન.
नाणे–કેવળજ્ઞાનમાં.

ન–નથી.

સેસેસુ–શેષમાં, બાકીની માર્ગણાઓમાં.

(૫) **અર્થ–સંકલના :**

**મનુષ્યગતિ, પંચેન્દ્રિયજાતિ, ત્રસકાય, ભવ્ય, સંજ્ઞી, યથાખ્યાતચારિત્ર, ક્ષાયિકસમ્યક્ત્વ, અનાહાર, કેવલદર્શન અને કેવળજ્ઞાન એ માર્ગણાઓમાં મોક્ષ છે, શેષ માર્ગણાઓમાં મોક્ષ નથી.**

(૬) **વિવેચન :**

મોક્ષ કઈ માર્ગણાઓમાં હોય ? અને કઈ માર્ગણામાં ન હોય ? તેનું સ્પષ્ટીકરણ આ ગાથામાં કરવામાં આવ્યું છે.

સંસારી પ્રાણીઓ નરક, તિર્યંચ, મનુષ્ય અને દેવ એ ચાર ગતિઓ પૈકી કોઈ પણ એક ગતિમાં હોય છે. તેમાં મનુષ્યગતિમાં રહેલો જીવ મોક્ષ પામી શકે, પણ બાકીની ત્રણ ગતિમાં રહેલો જીવ મોક્ષ પામી શકે નહિ. અહીં કોઇ પ્રશ્ન કરે કે 'એમ શાથી ?' તો સર્વવિરતિચારિત્ર વિના મોક્ષ નથી અને સર્વવિરતિચારિત્ર માત્ર મનુષ્ય ગતિમાં જ સંભવે છે, તેથી અન્ય ત્રણ ગતિવાળાને મોક્ષનો સંભવ નથી.

સંસારી પ્રાણીઓ એકેન્દ્રિય આદિ પાંચ જાતિમાં વિભક્ત છે, તેમાંની પંચેન્દ્રિય જાતિમાં રહેલો જીવ મોક્ષ પામી શકે, પણ બાકીની ઇન્દ્રિયોવાળા મોક્ષ પામી

શકે નહિ, તેનું કારણ સ્પષ્ટ છે. પંચેન્દ્રિય જાતિ સિવાય મનુષ્યનો ભવ સંભવી શકતો નથી અને મનુષ્યના ભવ સિવાય મોક્ષની પ્રાપ્તિ થતી નથી.

સંસારી પ્રાણીઓ પૃથ્વીકાય, અપ્કાય, તેજસ્કાય, વાયુકાય, વનસ્પતિકાય કે ત્રસકાય, એ છ કાયો પૈકી કોઈ પણ એક કાયમાં હોય છે. તેમાં પૃથ્વીકાય આદિ પાંચ પ્રકારના જીવો સ્થાવરકાય કહેવાય છે. તેમને ચારિત્રનો યોગ નહિ હોવાથી મોક્ષમાં જઈ શકતા નથી, જ્યારે ત્રસકાયમાં મનુષ્ય દેહે ચારિત્રનો યોગ હોઈ તેને મોક્ષની પ્રાપ્તિ થઈ શકે છે.

સંસારી પ્રાણીઓ ભવ્ય અને અભવ્ય એવા બે પ્રકારના છે. તેમાં ભવ્ય પ્રાણીને મોક્ષની પ્રાપ્તિ થઈ શકે છે અને અભવ્ય પ્રાણીને મોક્ષની પ્રાપ્તિ થતી નથી. ભવ્ય પ્રાણીને મોક્ષની પ્રાપ્તિ થવાનું કારણ એ છે કે તે સંસારમાં પરિભ્રમણ કરતાં કરતાં એક કાળે રાગ-દ્વેષની નિબિડ ગ્રંથિનો ભેદ કરી સમ્યક્ત્વને સ્પર્શી શકે છે, તેથી વધારેમાં વધારે અર્ધપુદ્ગલપરાવર્તકાળમાં તેનો મોક્ષ થાય છે, જ્યારે અભવ્ય આત્માઓ રાગ-દ્વેષની નિબિડ ગ્રંથિ સમીપ અનંતી વાર આવવા છતાં તેનો ભેદ કરી શકતા નથી, તેથી તેઓ મોક્ષની પ્રાપ્તિ કરી શકતા નથી.

'કેટલાક આત્માઓ ભવ્ય અને કેટલાક આત્માઓ અભવ્ય કેમ?' તેનો ઉત્તર એ છે કે 'વસ્તુસ્થિતિ જ

એવી છે. અર્થાત્ એ પ્રાકૃતિક ભેદો છે, એટલે તેમાં કોઈ કાળે કંઈ પરિવર્તન થઈ શકતું નથી.'

ભવ્ય આત્માઓ સામાન્ય રીતે પાપભીરુ હોય છે, એટલે કે તેમનાથી કોઈ પાપ થઈ જાય, તો તેમનું હૃદય દુભાય છે, જ્યારે અભવ્ય આત્માઓના પરિણામ સામાન્ય રીતે નિષ્ઠુર હોય છે, એટલે કે તેમનાથી કોઈ પાપ થઇ જાય તો પણ તેમના હૃદય પર કોઈ અસર થતી નથી. આ બાબતમાં અંગારમર્દકસૂરિનું દૃષ્ટાંત પ્રસિદ્ધ છે.

સંસારી જીવો સંજ્ઞી અને અસંજ્ઞી એમ બે પ્રકારના હોય છે. તેમાં સંજ્ઞી એટલે વિશિષ્ટ મનોવિજ્ઞાન-વાળા જીવને ચારિત્રનો યોગ હોવાથી તેમને મોક્ષની પ્રાપ્તિ થાય છે, પણ અસંજ્ઞી એટલે વિશિષ્ટ મનો-વિજ્ઞાનથી રહિતને ચારિત્રનો યોગ નહિ હોવાથી, તેમને મોક્ષની પ્રાપ્તિ થઈ શકતી નથી.

સંસારી જીવો સંયમ કે ચારિત્રની અપેક્ષાએ સાત પ્રકારના છે. જેમકે—સામાયિકચારિત્રવાળા, છેદોપસ્થાપન ચારિત્રવાળા, પરિહારવિશુદ્ધિચારિત્રવાળા, સૂક્ષ્મસંપરાય-ચારિત્રવાળા, યથાખ્યાતચારિત્રવાળા, દેશવિરતિને ધારણ કરનારા તથા અવિરતિ એટલે જેમણે કોઈ પણ પ્રકારની વિરતિ–વ્રતધારણા કરી નથી એવા. આ જીવો પૈકી યથાખ્યાતચારિત્રવાળાને જ મોક્ષની પ્રાપ્તિ થાય છે, કારણ કે એ ચારિત્ર સંપૂર્ણ શુદ્ધ છે. તેથી ભિન્ન અન્ય ચારિત્રોમાં ઓછી કે વત્તી અશુદ્ધિ હોઈ તેમને

મોક્ષની પ્રાપ્તિ થતી નથી. અન્ય રીતે કહીએ તો અવિરતિવાળા આત્માઓનો મોક્ષ થતો નથી, દેશવિરતિવાળા આત્માઓનો પણ તે જ અવસ્થામાં મોક્ષ થતો નથી, જ્યારે સર્વવિરતિવાળા આત્માઓ યથાખ્યાત એટલે સંપૂર્ણ શુદ્ધ ચારિત્રની અવસ્થાએ પહોંચે ત્યારે તેમનો મોક્ષ થાય છે.

સમ્યકત્વની દૃષ્ટિએ સંસારી જીવ ઔપશમિક આદિ છ પ્રકારની માર્ગણાઓમાં રહેલા છે. તેમાંથી ક્ષાયક સમ્યકત્વવાળા આત્માને જ મોક્ષની પ્રાપ્તિ થાય છે, અન્ય સમ્યકત્વવાળાને નહિ. ક્ષાયક સમ્યકત્વ યથાખ્યાત ચારિત્રવાળાને જ હોય છે, એટલે તેમને મોક્ષની પ્રાપ્તિ થાય છે. સમ્યકત્વના અન્ય પ્રકારોમાં યથાખ્યાત ચારિત્ર હોતું નથી, એટલે તેમાં મોક્ષની પ્રાપ્તિ થતી નથી.

સંસારી જીવો તેરમા ગુણસ્થાનક સુધી સયોગી હોઈ તેઓ આહારક માર્ગણામાં અંતર્ગત થાય છે અને ચૌદમા ગુણસ્થાનકે અયોગી બનતાં અનાહારક માર્ગણામાં આવે છે. આ અનાહારક માર્ગણામાં આવેલા જીવોનો મોક્ષ થાય છે, અન્યનો નહિ.

સંસારી જીવો જ્ઞાનની દૃષ્ટિએ આઠ પ્રકારના છે: જેમકે મતિજ્ઞાનવાળા, શ્રુતજ્ઞાનવાળા, અવધિજ્ઞાનવાળા, મનઃપર્યવજ્ઞાનવાળા, કેવળજ્ઞાનવાળા, મતિઅજ્ઞાનવાળા, શ્રુત અજ્ઞાનવાળા અને વિભંગજ્ઞાનવાળા. તેમાંથી કેવળજ્ઞાન-

વાળા જીવને જ મોક્ષ હોય, અન્યને નહિ. અન્ય બધા જ્ઞાનમાં જ્ઞાનાવરણીયનું ઓછું કે વત્તું આવરણ હોય છે અને જ્યાં સુધી કોઈ પણ કર્મનું આવરણ હોય, ત્યાં સુધી જીવ મોક્ષ પામી શકતો નથી.

સંસારી જીવો દર્શનની અપેક્ષાએ ચાર પ્રકારના છે. જેમકે ચક્ષુઃદર્શનવાળા, અચક્ષુઃદર્શનવાળા, અવધિદર્શનવાળા અને કેવલદર્શનવાળા. તેમાં કેવલદર્શનવાળા જીવો જ મોક્ષ પામી શકે, પણ અન્ય દર્શનવાળા મોક્ષ પામી શકે નહિ, કારણ કે તેમને દર્શનાવરણીય કર્મનું અમુક આવરણ હોય છે.

હવે શેષ ચાર માર્ગણાઓ રહી : (૧) કષાય, (૨) વેદ, (૩) યોગ અને (૪) લેશ્યા. આ માર્ગણામાં વર્તતા જીવોને મોક્ષની પ્રાપ્તિ થતી નથી, એટલે કે જીવ જ્યારે કષાયથી રહિત બને, વેદ (જાતીય સંજ્ઞા)થી રહિત બને, સર્વ યોગોને રુંધીને અયોગી બને, તેમજ સર્વ લેશ્યાઓથી રહિત એવું પોતાનું સંપૂર્ણ શુદ્ધ સ્વરૂપ પ્રાપ્ત કરે, ત્યારે જ તેને મોક્ષની પ્રાપ્તિ થાય છે.

આ રીતે માર્ગણાદ્વારા સત્પદની પ્રરૂપણા સમજવી.

### (૧) ઉપક્રમ :

ત્રણ ગાથા વડે સત્પ્રરૂપણાદ્વાર કહ્યા પછી પ્રકરણકાર મહર્ષિ દ્રવ્યપ્રમાણદ્વાર અને ક્ષેત્રદ્વારનું વર્ણન સુડતાલીશમી ગાથામાં આ પ્રમાણે કરે છે :

(૨) મૂળ ગાથા :

दव्वपमाणे सिद्धाणं, जीवदव्वाणि हुंतिऽणंताणि ।
लोगस्स असंखिज्जे, भागे इक्को य सव्वेवि ॥ ४७ ॥

(૩) સંસ્કૃત છાયા :

द्रव्यप्रमाणे सिद्धानां, जीवद्रव्याणि भवन्त्यनंतानि ।
लोकस्यासंख्येयभागे एकश्च सर्वेऽपि ॥ ४७ ॥

(૪) શબ્દાર્થ :

दव्वपमाणे–દ્રવ્યપ્રમાણમાં, દ્રવ્યપ્રમાણ નામના દ્વારમાં.
सिद्धाणं–સિદ્ધના.
जीवदव्वाणि–જીવદ્રવ્યો.
अणंताणि–અનંત.
हुंति–છે.
लोगस्स–લોકના.
असंखिज्जे–અસંખ્યાતા.
भागे–ભાગમાં
इक्को–એક સિદ્ધ.
य–વળી.
सव्वेवि–સર્વે પણ.

(૫) અર્થ-સંકલના :

દ્રવ્યપ્રમાણ નામના અનુયોગદ્વારમાં (એવું કથન છે કે) સિદ્ધના જીવદ્રવ્યો અનંત છે. (ક્ષેત્ર

**નામના અનુયોગદ્વારમાં એવું કથન છે કે) એક અને સર્વે સિદ્ધો લોકના અસંખ્યાતમા ભાગમાં રહેલા છે.**

**(૬) વિવેચન :**

અહીં દ્રવ્યપ્રમાણ નામના દ્વારે એમ કહેવામાં આવ્યું છે કે 'સિદ્ધના જીવદ્રવ્યો અનંત છે.' સિદ્ધ એટલેમોક્ષમાં ગયેલો જીવ. તે અંગે વિશેષાવશ્યકભાષ્યમાં કહ્યું છે કે–

**दीहकालरयं जं तु, कम्मं से सियमट्ठहा ।**
**सियं धंतं ति सिद्धस्स, सिद्धत्तमुवजायइ ॥**

'પ્રવાહની અપેક્ષાએ દીર્ઘકાળની સ્થિતિવાળું અને સ્વભાવથી આત્માને મલિન કરનારું એવું જે કર્મ, તે આઠ પ્રકારે બંધાય છે. આ અષ્ટવિધ કર્મને બાળી નાખવાથી સિદ્ધની સિદ્ધતા ઉત્પન્ન થાય છે.' તાત્પર્ય કે જીવ આઠેય કર્મોનો ક્ષય કરી મોક્ષમાં જાય, તેને સિદ્ધ કહેવામાં આવે છે.

જે જીવ સિદ્ધ થાય, તે દ્રવ્યરૂપે તો કાયમ જ રહે છે અને આવા સિદ્ધો આજસુધીમાં અનંત થયા છે, કારણ કે જઘન્યથી એક સમયના અંતરે અને ઉત્કૃષ્ટથી છ માસના અંતરે અવશ્ય કોઈ જીવ મોક્ષે જાય એવો નિયમ છે. હવે આ રીતે આજ સુધીમાં અનંતકાળ વહી ગયો છે. તાત્પર્ય કે અનંતકાળના પ્રમાણમાં સિદ્ધ જીવો પણ અનંત હોય, એ સ્વાભાવિક છે.

અહીં ક્ષેત્ર નામના અનુયોગદ્વારે એમ કહેવામાં આવ્યું છે કે 'એક સિદ્ધનો જીવ લોકના અસંખ્યાતમા ભાગમાં રહેલો છે અને સર્વ સિદ્ધ જીવો પણ લોકના અસંખ્યાતમા ભાગમાં જ રહેલા છે.'

પ્રથમ ક્ષણે તો એમ જ લાગે છે કે આ કેમ બની શકે? પણ સર્વ પરિસ્થિતિ લક્ષ્યમાં લેવાથી આ કથનની યથાર્થતા સમજાય છે.

સૌથી જઘન્ય બે હાથના શરીરવાળા અને ઉત્કૃષ્ટ પાંચસો ધનુષ્યના શરીરવાળા મનુષ્યો સિદ્ધ થાય છે. હવે સિદ્ધ થનારો આત્મા જ્યારે શરીરનો ત્યાગ કરે છે, ત્યારે શરીરની અંદરનો પોલાણનો ભાગ પૂરાઈ આત્મપ્રદેશોનો ઘન થાય છે, તેથી તેમના મૂળ શરીરની અવગાહનાનો એક તૃતીયાંશ ભાગ ઘટે છે અને બે તૃતીયાંશ ભાગ બાકી રહે છે. આ રીતે સિદ્ધની જઘન્ય અવગાહના ૧ હાથ અને ૮ આંગળ તથા ઉત્કૃષ્ટ અવગાહના ૩૩૩ ધનુષ્ય, ૧ હાથ અને ૮ આંગળ હોય છે. ક્ષેત્રનું આ પ્રમાણ લોકના અસંખ્યાતમા ભાગ જેટલું છે.

હવે સિદ્ધના સમગ્ર જીવો લોકના અગ્રભાગે ૪૫ લાખયોજન પ્રમાણ સિદ્ધશિલા છે, ત્યાંથી ૧ યોજન દૂર લોકનો અંત છે, તે યોજનના ૧/૨૪ મા ભાગમાં લોકાંતને અડીને ૪૫ લાખ યોજનપ્રમાણ ક્ષેત્રમાં રહેલા છે. ક્ષેત્રનું આ પ્રમાણ લોકના અસંખ્યાતમા ભાગ જેટલું જ છે.

અહીં એટલું યાદ રાખવું ઉચિત લેખાશે કે સમસ્ત લોક ૧૪ રજ્જુપ્રમાણ ઊંચો છે. તેમાં ૧ રજ્જુનું પ્રમાણ નિમિષ માત્રમાં ૧ લાખ યોજન જનારો દેવ ૭ માસમાં જેટલું અંતર વટાવે તેટલું છે; અથવા તો ૩૮,૧૨૭,૯૭૦ મણનો એક ભાર એવા એકહજાર મણ ભારવાળા તપેલા ગોળાને જોરથી ફેંકવામાં આવે અને તે ગતિ કરતો ૬ માસ, ૬ દિવસ, ૬ પહોર, ૬ ઘડી અને ૬ સમયમાં જેટલું અંતર કાપે, તેટલું છે. તેથી જ ઉપરના ક્ષેત્રોને લોકના અસંખ્યાતમા ભાગ જેટલા કહેલા છે.

(૧) ઉપક્રમ :

હવે ક્રમપ્રાપ્ત સ્પર્શના, કાલ અને અંતર નામના દ્વારો કહેવા માટે પ્રકરણકાર મહર્ષિ અડતાલીશમી ગાથા આ પ્રમાણે કહે છે :

(૨) મૂળગાથા :

**फुसणा अहिया कालो, इग सिद्ध पडुच्च साइओणंतो ।**
**पडिवाया भावाओ, सिद्धाणं अंतरं नत्थि ॥४८॥**

(૩) સંસ્કૃત છાયા :

**स्पर्शनाधिका कालः, एकसिद्धं प्रतीत्य साद्यनन्तः ।**
**प्रतिपाताऽभावतः सिद्धानामन्तरं नास्ति ॥४८॥**

(૪) શબ્દાર્થ :

फुसणा–સ્પર્શના.

अहिया–અધિક.

कालो–કાલ.

इग सिद्ध–એક સિદ્ધને.

पडुच्च–આશ્રયી, અપેક્ષાએ.

साइओणंतो–સાદિ અનંત.

पडिवाय–પ્રતિપાતના, પડવાના, પુનઃ સંસારમાં આવવાના.

अभावाओ–અભાવથી.

सिद्धाणं–સિદ્ધોને.

अंतरं–અંતર.

नत्थि–નથી.

## (૫) અર્થ-સંકલના :

**સ્પર્શના અધિક હોય છે. એક સિદ્ધની અપેક્ષાએ કાલ સાદિ-અનંત છે. પડવાનો અભાવ હોવાથી સિદ્ધોમાં અંતર હોતું નથી.**

## (૬) વિવેચન :

અહીં પ્રકરણકાર મહર્ષિએ સંક્ષિપ્તમાં ત્રણ દ્વારો કહ્યાં છે. તેમાં સ્પર્શનાદ્વારના અધિકારે કહ્યું છે કે 'સ્પર્શના અધિક હોય છે,' એટલે કે સિદ્ધના જીવોનું જેટલું અવગાહનાક્ષેત્ર હોય છે, તે કરતાં સ્પર્શનાક્ષેત્ર અધિક હોય છે. અહીં એટલું સમજી લેવું જરૂરી છે કે કોઈ પણ પદાર્થના અવગાહનાક્ષેત્ર કરતાં તેનું સ્પર્શનાક્ષેત્ર

અધિક જ હોય છે. દાખલા તરીકે એક પરમાણુ લોકાકાશના એક પ્રદેશમાં અવગાહેલો છે, પણ તે છયે દિશાના પ્રદેશોને સ્પર્શે છે. છ દિશા એટલે પૂર્વાદિ ચાર દિશા, ઊર્ધ્વદિશા તથા અધોદિશા. તે જ રીતે સિદ્ધના જીવો અમુક ક્ષેત્રમાં રહેલા હોય છે, પણ તેઓ છયે દિશાને સ્પર્શે છે, એટલે તેમનું સ્પર્શનાક્ષેત્ર અવગાહના કરતાં અવશ્ય અધિક હોય છે.

અહીં કાલદ્વારના અધિકારે કહ્યું છે કે 'એક સિદ્ધની અપેક્ષાએ કાલ સાદિ–અનંત છે.' એનો અર્થ એમ સમજવાનો કે દરેક સિદ્ધ જીવ અમુક કાલે મોક્ષે ગયેલો હોય છે, એટલે તેની આદિ હોય છે, પણ તેનું સિદ્ધપણું શાશ્વત હોવાથી તેનો અંત હોતો નથી. જે કાલની આદિ છે, પણ અંત નથી, તે સાદિ–અનંત.

અહીં અંતરદ્વારના અધિકારે કહ્યું છે કે 'પડવાનો અભાવ હોવાથી સિદ્ધોમાં અંતર નથી.' આ કથનનું તાત્પર્ય એ છે કે એક જીવ સિદ્ધ થાય તો તેને પડવાપણું હોતું નથી, એટલે કે તે સંસારમાં પુનઃ આવતો નથી. સંસારપરિભ્રમણનું ખાસ કારણ કર્મ છે, તેનો અભાવ થવાથી સંસારપરિભ્રમણનો પણ અભાવ જ થાય છે. અથવા તો બળી ગયેલાં બીજ ઉગી શકતાં નથી, તેમ જે કર્મો એક વાર દગ્ધ થયાં–બળી ગયાં, તે પોતાનું કંઈ પણ સામર્થ્ય બતાવી શકતા નથી. આ સંયોગોમાં સિદ્ધાવસ્થાને પામેલો જીવ સંસારમાં પાછો કેમ આવી શકે ?

કોઈક દર્શનકાર એમ માને છે કે સિદ્ધાવસ્થાને પામેલા જીવો સંસારને દુઃખી જોઈને તેના ઉદ્ધાર માટે ફરી સંસારમાં આવે છે અને પોતાનું કર્તવ્ય બજાવે છે; પણ આ વિધાનથી તેનું નિરસન થાય છે. કારણ વિના કાર્ય સંભવી શકતું નથી, તેમ કર્મ વિના સંસારનું પરિભ્રમણ સંભવી શકતું નથી.

સિદ્ધોમાં અંતર હોતું નથી, એનો અર્થ એમ સમજવાનો છે કે પહેલું સિદ્ધત્વ, પછી સંસારિત્વ, પાછું સિદ્ધત્વ એમ સિદ્ધત્વમાં કોઈ અંતર હોતું નથી. તાત્પર્ય કે એકવાર સિદ્ધાવસ્થા પ્રાપ્ત થઈ કે તે નિરંતર સિદ્ધાવસ્થા જ રહે છે. તેમાં કોઈ પણ પ્રકારનું કાલનું વ્યવધાન થતું નથી.

(૧) ઉપક્રમ :

હવે ક્રમપ્રાપ્ત ભાગદ્વાર અને ભાવદ્વારનું વર્ણન કરવા માટે પ્રકરણકાર મહર્ષિ ઓગણપચાસમી ગાથા કહે છે, તે આ પ્રમાણે :

(૨) મૂળગાથા :

**सव्वजियाणमणंते, भागे ते तेसिं दंसणं नाणं ।**
**खइए भावे परिणामिए अ पुण होइ जीवत्तं ॥ ४९ ।**

(૩) સંસ્કૃત-છાયા :

**सर्वजीवानामनन्ते, भागे ते तेषां दर्शनं ज्ञानं ।**
**क्षायिके भावे पारिणामिके च पुनर्भवति जीवत्वम् ॥ ४९ ॥**

(૪) શબ્દાર્થ :

सव्वजियाणं–સર્વ જીવોના.
अणंते–અનંતમા.
भागे–ભાગે.
ते–તે, સિદ્ધ જીવો.
तेसिं–તેમનું, સિદ્ધોનું.
दंसणं–દર્શન, કેવલદર્શન.
नाणं–જ્ઞાન, કેવલજ્ઞાન.
खइए–ક્ષાયિક.
भावे–ભાવનું છે.
परिणामिए–પારિણામિક ભાવનું.
अ–છંદપૂર્તિ માટે.
पुण–પુનઃ, વળી.
होइ–છે.
जीवत्तं–જીવત્વ.

(૫) અર્થ-સંકલના :

**સિદ્ધ જીવો સર્વ જીવોના અનંતમા ભાગે છે. તેઓનું દર્શન અને જ્ઞાન ક્ષાયિક ભાવે છે અને જીવપણું પારિણામિક ભાવે છે.**

(૬) વિવેચન :

સિદ્ધ જીવો અનંત છે, એ વસ્તુ દ્રવ્યપ્રમાણદ્વાર વડે કહેવામાં આવી, પરંતુ અન્ય જીવોની સરખામણીમાં

સિદ્ધ જીવોની એ સંખ્યાને કેટલી સમજવી ? તેનો ઉત્તર અહીં ભાગદ્વારથી આપવામાં આવ્યો છે.

'સિદ્ધ જીવો સર્વ જીવોના અનંતમા ભાગે છે.' આનો અર્થ એમ સમજવાનો છે કે સિદ્ધ જીવોની સંખ્યા યદ્યપિ અનંત છે, પણ સંસારી જીવોની સંખ્યા સાથે તેની સરખામણી કરવામાં આવે તો તેના અનંતમા ભાગ જેટલી જ થાય છે. અહીં એ જાણી લેવું જરૂરનું છે કે સિદ્ધોની સંખ્યા સર્વ સંસારી જીવોના અનંતમા ભાગે તો છે જ, પણ તે એક નિગોદના પણ અનંતમા ભાગે જ છે. તે અંગે નિર્ગ્રંથપ્રવચનમાં નીચેની ગાથા પ્રસિદ્ધ છે :

**जइआ य होइ पुच्छा, जिणाण मग्गंमि उत्तरं तइया ।**
**इक्कस्स निगोयस्सवि, अणंतभागो उ सिद्धिगओ ॥**

'જિનમાર્ગમાં જ્યારે જ્યારે શ્રી જિનેશ્વર દેવને પૂછવામાં આવે છે કે 'હે ભગવન્! અત્યાર સુધીમાં કેટલા જીવો મોક્ષે ગયા ?' ત્યારે ત્યારે ઉત્તર મળે છે કે 'હજી એક નિગોદનો અનંતમો ભાગ મોક્ષમાં ગયો છે.'

આ લોકમાં નિગોદના નામથી ઓળખાતા અસંખ્યાત ગોળાઓ છે. આ દરેક ગોળામાં અસંખ્યાત નિગોદ હોય છે અને તે દરેક નિગોદમાં અનંત અનંત જીવ હોય છે. આવી એક નિગોદના અનંતમા ભાગ જેટલા જીવો જ હજી સુધી સિદ્ધિગતિ એટલે મોક્ષને પામેલા છે.

આમાંથી એ વસ્તુ ફલિત થાય છે કે નિગોદમાંથી

વ્યવહારરાશિમાં આવીને તથા અનુક્રમે પ્રગતિ સાધીને ગમે તેટલા જીવો મોક્ષમાં જાય તો પણ આ સંસાર કદી જીવ–રહિત થવાનો નહિ. અનંત ઓછા અનંત=અનંત, એ ગણિતનો સિદ્ધાંત અહીં બરાબર લાગુ પડે છે.

અહીં એ સ્પષ્ટતા કરવી આવશ્યક છે કે સંખ્યાઓ ત્રણ પ્રકારની છે : (૧) સંખ્યાત, (૨) અસંખ્યાત અને (૩) અનંત. તેમાં સંખ્યાતનો અધિકાર પૂરો થયા પછી અસંખ્યાતનો અધિકાર શરૂ થાય છે અને અસંખ્યાતનો અધિકાર પૂરો થયા પછી અનંતનો અધિકાર શરૂ થાય છે. આ અનંતનું ગણિત આપણી કલ્પનામાં એકદમ આવે તેવું નથી, કારણ કે આપણે સંખ્યાતના ગણિતથી જ ટેવાયેલા છીએ. સંખ્યાતના ગણિતમાં ૫ માંથી ૩ લઈએ તો ૨ રહે અને ૨ માંથી ૨ લઈએ તો ૦ રહે, અહીં વાતનો છેડો આવે. પણ અનંતમાં તેવું નથી. અનંતમાંથી અનંત જાય તો પણ અનંત જ રહ્યા કરે. જો તેનો છેડો આવતો હોય તો તેને અનંત કહેવાય જ કેમ ? એટલે અનંત નિગોદમાંથી અનંત જીવો મોક્ષે જાય તો પણ અનંત જ બાકી રહે.

અનંતની કલ્પના આવે તે માટે અહીં એક બે ઉદાહરણો આપીશું. ૧ ની સંખ્યાને ૨ થી ગુણતાં જ રહીએ તો ક્યાં સુધી ગુણી શકાય ? અથવા ૧ ની સંખ્યાને ૨ થી ભાગતાં રહીએ તો ક્યાં સુધી ભાગી શકાય ? તેનો છેડો આવશે નહિ, એટલે ત્યાં અનંતવાર એમ કહીને જ સંતોષ માનવો પડે.

**જૈન** શાસ્ત્રકારોએ અસંખ્યાત તથા અનંતના પણ કેટલાક પ્રકારો પાડેલા છે, તે અન્ય ગ્રંથોથી જાણવા.

સિદ્ધાત્માઓ દ્રવ્યરૂપે શાશ્વત હોય છે, પણ તેમાં કોઈ પ્રકારનો ભાવ હોય છે કે નહિ? તેનો ઉત્તર ભાવ-દ્વારથી સાંપડે છે. તેમાં જણાવ્યું છે કે 'સિદ્ધોનું જ્ઞાન અને દર્શન ક્ષાયિક ભાવે હોય છે અને જીવત્વ પારિણામિક ભાવે હોય છે.' આનો અર્થ એમ સમજવાનો કે (૧) ઔપશમિક, (૨) ક્ષાયિક, (૩) ક્ષાયોપશમિક, (૪) ઔદયિક અને (૫) પારિણામિક એ પાંચ પ્રકારના ભાવો પૈકી સિદ્ધાત્માઓને ક્ષાયિક તથા પારિણામિક એ બે ભાવો હોય છે, પણ ઔપશમિક, ક્ષાયોપશમિક કે ઔદયિક ભાવ હોતો નથી, કારણ કે આ ત્રણે ય ભાવો કર્મજન્ય છે. *

'ક્ષાયિક ભાવના નવ પ્રકારો છે : (૧) કેવલજ્ઞાન, (૨) કેવલદર્શન, (૩) ક્ષાયિક સમ્યક્ત્વ, (૪) ક્ષાયિક ચારિત્ર, (૫) દાનલબ્ધિ, (૬) લાભલબ્ધિ, (૭) ભોગ

---

* મોહનીય કર્મની ઉપશાંત અવસ્થા (અનુદય અવસ્થા)ને ઉપશમ કહેવામાં આવે છે. તેથી ઉત્પન્ન થયેલો આત્મપરિણામ તે **ઔપશમિક ભાવ.** કર્મનો સર્વથા નાશ થવો તે ક્ષય. તેનાથી ઉત્પન્ન થયેલો આત્મપરિણામ તે **ક્ષાયિક ભાવ.** ઉદયમાં આવેલા કર્મનો ક્ષય અને ઉદયમાં નહિ આવેલાં કર્મોનો ઉપશમ તે ક્ષયોપશમ. તેથી ઉત્પન્ન થયેલો આત્મપરિણામ તે **ક્ષાયોપશમિક ભાવ.** કર્મના ઉદયથી ઉત્પન્ન થતો ગતિ, લેશ્યા, કષાય આદિ આત્મપરિણામ તે **ઔદયિક ભાવ** અને વસ્તુનો અનાદિસ્વભાવ તે **પારિણામિક ભાવ.**

લબ્ધિ, (૮) ઉપભોગલબ્ધિ અને (૯) વીર્યલબ્ધિ. તેમાંથી સિદ્ધ જીવોને કેવલજ્ઞાન અને કેવલદર્શન એ બે ક્ષાયિક ભાવો જ કેમ કહ્યા ?'

આ પ્રશ્નનો ઉત્તર એ છે કે આ બે ભાવો આત્માના મૂળગુણની મુખ્યતાએ કહ્યા છે અને તેનો કોઈ અપેક્ષા–વિશેષથી નિષેધ નથી, જ્યારે બીજા ભાવોનો અપેક્ષા–વિશેષથી નિષેધ છે. જેમકે—'શ્રી વીતરાગના વચન ઉપર પ્રતીતિરૂપ શ્રદ્ધા'ને સમ્યકત્વ કહીએ તો સિદ્ધાત્મા પોતે વીતરાગ છે, તેમને બીજા કયા વીતરાગના વચન પરની શ્રદ્ધા ઘટી શકે ?

અહીં ક્ષાયિકભાવની શ્રદ્ધાના અભાવે સિદ્ધાત્માને ક્ષાયિક સમ્યકત્વ ઘટી શકે નહિ, પરંતુ દર્શન–મોહનીય અને અનંતાનુબંધી કષાયના ક્ષયથી જે આત્મિક ગુણરૂપ ક્ષાયિક સમ્યકત્વ, તે ઘટી શકે.

'જેના વડે મોક્ષમાં જવાય તે ચારિત્ર અથવા આઠ પ્રકારના કર્મસમૂહનો નાશ કરનાર તે ચારિત્ર.' એ પ્રમાણે ચારિત્રની વ્યાખ્યા થાય છે. હવે ચારિત્રના આ વ્યુત્પત્તિ–લક્ષણમાંનું કોઈ લક્ષણ સિદ્ધાત્માઓમાં ઘટતું નથી, તેમ જ ચારિત્રના પાંચ ભેદોમાંનો કોઈ ભેદ શ્રી સિદ્ધાત્મામાં છે નહિ, તે કારણથી સિદ્ધમાં ચારિત્રનો અભાવ છે. પરંતુ મોહનીયકર્મના ક્ષયથી પ્રકટ થયેલ સ્વસ્વરૂપમાં રમણતારૂપ જે ક્ષાયિક ચારિત્ર, તે સિદ્ધાત્મામાં

અવશ્ય હોય છે. આ જ કારણે શાસ્ત્રોમાં સિદ્ધાત્માઓને 'नो चारित्ती नो अचारित्ती' કહ્યા છે.

વળી દાનાદિક ચાર પ્રવૃત્તિઓ ગ્રહણ–ધારણ યોગ્ય બાદરપરિણામી પુદ્‌ગલ સ્કંધોના લીધે સંભવે છે અને સિદ્ધાત્મામાં ગ્રહણ–ધારણ યોગ્ય બાદરપરિણામી પુદ્‌ગલ સ્કંધોનો અભાવ હોય છે, એટલે તેમાં આ ચાર લબ્ધિઓ હોતી નથી. અને જેમાં ક્રિયા–પ્રવૃત્તિ હોય, તેને વીર્ય કહીએ તો એ લક્ષણ પણ સિદ્ધાત્મામાં ઘટી શકતું નથી, કારણ કે 'सिद्धा णं अविरिया' એવું આગમવચન છે. પરંતુ અંતરાય કર્મના ક્ષયથી ઉત્પન્ન થતા આત્મપરિણામરૂપ દાનાદિક લબ્ધિઓ સિદ્ધાત્માને હોય છે.

આ વિવેચનના સાર રૂપે એમ સમજવું કે સિદ્ધાત્માને કેવળજ્ઞાન અને કેવળદર્શન એ બે ક્ષાયિક ભાવો મુખ્યતાયે હોય છે, પણ બીજા સાત ભાવોનો સર્વથા નિષેધ નથી.

પારિણામિક ભાવના ત્રણ પ્રકારો છે: (૧) જીવત્વ, (૨) ભવ્યત્વ અને (૩) અભવ્યત્વ. તેમાં સિદ્ધાત્માઓને જીવત્વ હોય છે અને ભવ્યત્વ કે અભવ્યત્વ હોતું નથી. મોક્ષમાં જવાની યોગ્યતા તે ભવ્યત્વ અને અયોગ્યતા તે અભવ્યત્વ. સિદ્ધાત્માએ તો મોક્ષ પ્રાપ્ત કરી લીધું છે, એટલે આ બેમાંથી એક પણ ભાવ તેમને ઘટી શકતો નથી. શાસ્ત્રમાં સિદ્ધાત્માઓને 'नो भव्वा नो अभव्वा' કહ્યા છે, તેનું રહસ્ય આ જ છે.

સિદ્ધાત્માઓને જીવત્વ હોય છે અને તેથી જ તેઓ જીવરૂપે સદાકાળ ટકી રહે છે. આને પારિણામિક ભાવ સમજવાનો છે.

(૧) ઉપક્રમ :

હવે પ્રકરણકાર મહર્ષિ પચાશમી ગાથામાં ક્રમપ્રાપ્ત અલ્પબહુત્વ નામનું દ્વાર તથા ઉપસંહારનાં વચનો કહે છે. તે આ પ્રમાણે :

(૨) મૂળગાથા :

थोवा नपुंससिद्धा, थी नर सिद्धा कमेण संखगुणा ।
इअ मुक्खतत्तमेअं, नवतत्ता लेसओ भणिया ॥५०॥

(૩) સંસ્કૃત છાયા :

स्तोका नपुंसकसिद्धाः, स्त्रीनरसिद्धाः क्रमेण संख्यगुणाः ।
इति मोक्षतत्त्वमेतन्नवतत्त्वानि लेशतो भणितानि ॥५०॥

(૪) શબ્દાર્થ :

थोवा–થોડા, અલ્પ.
नपुंससिद्धा–નપુંસકલિંગે સિદ્ધ થયેલા.
थी–સ્ત્રીલિંગે.
नर–નરલિંગે, પુરુષલિંગે.
सिद्धा–સિદ્ધ થયેલા.
कमेण–અનુક્રમે.
संखगुणा–સંખ્યાતગુણ.
इअ–એ, એ પ્રમાણે.

मुक्खतत्तं–મોક્ષતત્ત્વ.

एअं–આ.

नवतत्ता–નવતત્ત્વો.

लेसओ–લેશથી, સંક્ષેપથી.

भणिया–કહ્યા.

**(૫) અર્થ-સંકલના :**

**નપુંસકલિંગે સિદ્ધ થયેલા જીવો થોડા છે. સ્ત્રીલિંગે સિદ્ધ થયેલા અને પુરુષલિંગે સિદ્ધ થયેલા અનુક્રમે સંખ્યાત ગુણ છે. એ પ્રમાણે મોક્ષતત્ત્વ કહ્યું અને નવતત્ત્વો સંક્ષેપથી કહ્યા.**

**(૬) વિવેચન :**

સત્પદપ્રરૂપણા આદિ આઠ દ્વારોનું વર્ણન પૂરું થયું. હવે અલ્પબહુત્વ નામનું નવમું દ્વાર બાકી રહ્યું. આ દ્વારમાં કયા સિદ્ધ જીવો થોડા હોય અને કયા વધારે હોય? તેનું વર્ણન કરવાનું છે. તે અંગે અહીં કહ્યું છે કે 'નપુંસિકલિંગે સિદ્ધ થયેલા જીવો થોડા છે. સ્ત્રી-લિંગે સિદ્ધ થયેલા અને પુરુષલિંગે સિદ્ધ થયેલા અનુક્રમે સંખ્યાત ગુણ છે.'

અહીં પ્રથમ એ સ્પષ્ટતા કરી દઈએ કે સિદ્ધના જીવોમાં લિંગનો અભાવ હોવાથી તેઓ એકસરખા હોય છે, પણ છેલ્લા જે દેહથી તેઓ મોક્ષ પામે છે, તેની અપેક્ષાએ અહીં નપુંસકલિંગ, સ્ત્રીલિંગ અને પુરુષલિંગ એવા ત્રણ ભેદો કરેલા છે અને તેમનું અલ્પબહુત્વ દર્શાવેલું છે.

મનુષ્યવર્ગમાંથી જેઓ મોક્ષે જાય છે, તેમાં નપુંસકલિંગવાળા સહુથી થોડા હોય છે, કારણ કે તેવા જીવો એક સમયમાં માત્ર ૧૦ જ મોક્ષે જઈ શકે છે, તેથી વધારે નહિ. જ્યારે સ્ત્રીલિંગવાળા એક સમયમાં ૨૦ મોક્ષે જઈ શકે છે. આ રીતે સ્ત્રીલિંગથી મોક્ષમાં જનારનું પ્રમાણ વધારે હોવાથી તેમને સંખ્યાત ગુણ એટલે અમુક સંખ્યાથી ગુણીએ તેટલા વધારે કહેલા છે. ૧૦ કરતાં ૨૦ની સંખ્યા બમણી છે.

હવે સ્ત્રીલિંગથી મોક્ષે જનારા કરતાં પુરુષલિંગથી મોક્ષે જનારા વધારે હોય છે, કારણ કે તેઓ સમકાળે ૧૦૮ સુધી મોક્ષે જઈ શકે છે, જ્યારે સ્ત્રીલિંગમાં સમકાળે ૨૦ થી વધારે મોક્ષે જઈ શકતા નથી. ૨૦ કરતાં ૧૦૮ની સંખ્યા લગભગ સાડાપાંચ ગણી છે, એટલે સ્ત્રીલિંગ કરતાં પુરુષલિંગે સિદ્ધ થનારને સંખ્યાત ગુણ કહેલા છે.

અહીં એટલી સ્પષ્ટતા આવશ્યક છે કે ૧૦ પ્રકારના જન્મ નપુંસકોને ચારિત્રનો જ અભાવ હોવાથી તેઓ મોક્ષે જઈ શકતા નથી, પરંતુ જન્મ્યા બાદ કૃત્રિમ રીતે થયેલા ૬ પ્રકારના નપુંસકોને ચારિત્રનો લાભ હોવાથી તેઓ મોક્ષે જઈ શકે છે.

સિદ્ધોના અલ્પબહુત્વનો વિષય ઘણો વિસ્તારવાળો છે. તે અન્ય ગ્રંથોથી જાણવો.

આ રીતે મોક્ષતત્ત્વનું વર્ણન પૂરું થયું અને તે સાથે નવતત્ત્વોનું સંક્ષિપ્ત વર્ણન પણ પૂરું થયું. પરંતુ તેના અનુસંધાનમાં બીજું જે કહેવાનું છે, તે હવે પછીનાં બે પ્રકરણોમાં કહેવાશે.

## પ્રકરણ તેરમું

# સમ્યક્ત્વ

[ ગાથા એકાવનમીથી ચોપનમી સુધી ]

### (૧) ઉપક્રમ :

સમ્યગ્ દર્શનનું અપરનામ સમ્યક્ત્વ છે. આ સમ્યક્ત્વ શબ્દ સમ્યક્ પદને ત્વ પ્રત્યય લાગવાથી બનેલો છે, એટલે તેનો અર્થ સમ્યક્પણું, સારાપણું કે સુંદરતા થાય છે. આ સુંદરતા આત્માની સમજવાની છે, પુદ્ગલની નહિ. જ્યાં સુધી આત્મા મિથ્યાત્વથી યુક્ત હોય છે, ત્યાં સુધી તેનામાં સમ્યક્પણું, સારાપણું કે સુંદરતા પ્રકટતી નથી. જ્યારે મિથ્યાત્વનો મલિન ભાવ દૂર થાય, ત્યારે જ આત્મામાં સમ્યક્પણું, સારાપણું કે સુંદરતા પ્રગટ થાય છે. તાત્પર્ય કે સમ્યક્ત્વ એ આત્માની સુંદરતા છે, આત્માનો એક પ્રકારનો શુદ્ધ પરિણામ છે, નિર્મળ રુચિ છે.

આ સમ્યક્ત્વની પ્રાપ્તિ નવતત્ત્વો તથા તેના ભેદ-પ્રભેદો બરાબર જાણવાથી તથા તેના પર શ્રદ્ધા રાખવાથી

થાય છે. આ વસ્તુ પ્રકરણકાર મહર્ષિ એકાવનમી ગાથામાં આ પ્રમાણે કહે છે :

(૨) મૂળ ગાથા :

जीवाइ नव पयत्थे, जो जाणइ तस्स होइ सम्मत्तं ।
भावेण सद्दहंतो, अयाणमाणेऽवि सम्मत्तं ॥५१॥

(૩) સંસ્કૃત છાયા :

जीवादि नवपदार्थान्, यो जानाति तस्य भवति सम्यक्त्वम् ।
भावेन श्रद्धतोऽज्ञानवतोऽपि सम्यक्त्वम् ॥ ५१ ॥

(૪) શબ્દાર્થ :

जीवाइ–જીવ વગેરે.
नव–નવ.
पयत्थे–પદાર્થોને, તત્ત્વોને.
जो–જે.
जाणइ–જાણે છે.
तस्स–તેને.
होइ–હોય છે, થાય છે.
सम्मत्तं–સમ્યક્ત્વ.
भावेण–ભાવપૂર્વક.
सद्दहंतो–શ્રદ્ધા કરતા જીવને,
अयाणमाणे–ન જાણવા છતાં.
अवि–પણ.
सम्मत्तं–સમ્યક્ત્વ.

(૫) અર્થ-સંકલના :

**જીવાદિ નવતત્ત્વોને જે બરાબર જાણે છે, તેને સમ્યકત્વની પ્રાપ્તિ થાય છે અને જેઓ તેના બોધ વિના પરંતુ ભાવથી તેના પર શ્રદ્ધા રાખે છે, તેને પણ સમ્યકત્વની પ્રાપ્તિ થાય છે.**

(૬) વિવેચન :

બુદ્ધિમાન મનુષ્યો નિષ્ફળ પ્રવૃત્તિ કરતા નથી. વધારે સ્પષ્ટ કહીએ તો તેઓ કોઈ પણ પ્રવૃત્તિનો પ્રારંભ કરતાં પહેલાં તેનું પરિણામ કે ફળ શું ? તે જાણી લે છે. તેમાં જો એમ જણાય કે આ પ્રવૃત્તિનું પરિણામ ખરેખર સારૂં કે સુંદર આવશે, તો તેઓ એમાં પ્રવૃત્ત થાય છે, અન્યથા તેમાં પ્રવૃત્ત થતા નથી.

આ રીતે અહીં પ્રશ્ન થવા સંભવ છે કે ' જીવ આદિ નવતત્ત્વોને જાણવાનું ફળ શું ? ' તેથી પ્રકરણકાર મહર્ષિ જણાવે છે કે ' જે પુરુષ કે સ્ત્રી જીવઆદિ નવપદાર્થોને જાણે છે, તેને સમ્યકત્વ અર્થાત્ સમ્યગ્દર્શનની પ્રાપ્તિ થાય છે. '

અહીં કદાચ એવો પ્રશ્ન થાય કે ' જીવ આદિ નવતત્ત્વને જાણવાથી સમ્યગ્દર્શનની પ્રાપ્તિ શી રીતે થાય ? ' તેનો ઉત્તર એ છે કે જીવ આદિ નવતત્ત્વો જાણનાર એટલું જરૂર સમજી જાય છે કે-

(૧) જીવ છે.

(૨) તે નિત્ય છે.

(૩) તે કર્મનો કર્તા છે.

(૪) તે કર્મફળનો ભોક્તા છે.

(૫) તે પોતાના પુરુષાર્થથી સકલ કર્મબંધનોને તોડી મોક્ષની પ્રાપ્તિ કરી શકે છે. અને

(૬) એ મોક્ષનો ઉપાય પુણ્યજનક પ્રવૃત્તિ તથા સંવર અને નિર્જરાની આરાધના છે.

આ રીતે છ સ્થાનો–સિદ્ધાંતો જેના મનમાં બરાબર ઠસે, તેને તત્ત્વભૂત પદાર્થો પર શ્રદ્ધા થઈ ગણાય અને તેજ સમ્યકત્વ છે. કહ્યું છે કે 'तत्त्वार्थश्रद्धानं सम्यग् दर्शनम्–તત્ત્વભૂત પદાર્થોનું યથાર્થ શ્રદ્ધાન તે, સમ્યગ્ દર્શન છે.'

અહીં કોઈ એમ પૂછે કે 'શું જીવ આદિ નવતત્ત્વો જાણનારને જ સમ્યકત્વની પ્રાપ્તિ થાય? અન્યને નહિ?' તો પ્રકરણકાર મહર્ષિ તેના સમાધાન અર્થે જણાવે છે કે જ્ઞાનાવરણીય કર્મના તથાવિધ ક્ષયોપશમના અભાવે કોઈ આત્મા જીવ આદિ નવતત્ત્વોનું સ્વરૂપ બરાબર જાણી શકે નહિ, પરંતુ તેની આંતરિક શ્રદ્ધા એવી હોય કે આ નવતત્ત્વો યથાર્થ છે, સત્ય છે, તો તેને પણ સમ્યકત્વની પ્રાપ્તિ થાય છે.

શાસ્ત્રકાર ભગવંતોએ કહ્યું છે કે 'एगविहं दुविहं तिविहं, चउहा पंचविहं दसविहं सम्मं–સમ્યકત્વ એક પ્રકારનું,

બે પ્રકારનું, ત્રણ પ્રકારનું, ચાર પ્રકારનું, પાંચ પ્રકારનું તથા દશ પ્રકારનું હોય છે.

સમ્યક્ તત્ત્વની રુચિ એટલે શ્રી જિનકથિત તત્ત્વોમાં યથાર્થપણાની બુદ્ધિ, એ સમ્યક્ત્વનો એક પ્રકાર છે.

નૈસર્ગિક અને આધિગમિક એ સમ્યક્ત્વના બે પ્રકારો છે. નૈસર્ગિક એટલે સ્વાભાવિક રીતે થવું અને આધિગમિક એટલે ગુરુના ઉપદેશ આદિ નિમિત્તોથી થવું. અથવા દ્રવ્યસમ્યક્ત્વ અને ભાવસમ્યક્ત્વ એવા પણ તેના બે પ્રકારો છે. તેમાં શ્રી જિનેશ્વરદેવકથિત તત્ત્વોમાં સામાન્ય રુચિ તે દ્રવ્યસમ્યક્ત્વ છે અને વસ્તુને જાણવાના ઉપાયરૂપ પ્રમાણ–નય વગેરેથી જીવાજીવાદિ તત્ત્વોને વિશુદ્ધ રૂપે જાણવા એ ભાવસમ્યક્ત્વ છે. વળી શાસ્ત્રોમાં નિશ્ચયસમ્યક્ત્વ અને વ્યવહારસમ્યક્ત્વ એવા બે પ્રકારો પણ માનેલા છે. તેમાં આત્માનો જે શુદ્ધ પરિણામ, તે નિશ્ચય સમ્યક્ત્વ અને તેમાં હેતુભૂત સડસઠ ભેદોનું જ્ઞાન પ્રાપ્ત કરી તેનું શ્રદ્ધા અને ક્રિયા રૂપે પાલન કરવું, તે વ્યવહારસમ્યક્ત્વ છે.

ઔપશમિક, ક્ષાયિક અને ક્ષાયોપશમિક એ સમ્યક્-ત્વના ત્રણ પ્રકારો છે. તેમાં અનંતાનુબંધી ક્રોધ, માન, માયા, લોભ તથા સમ્યક્ત્વ મોહનીય, મિશ્ર મોહનીય અને મિથ્યાત્વ મોહનીય એ સાત કર્મપ્રકૃતિઓનો અંતર્મુહૂર્ત સુધી તદ્દન ઉપશમ થવાથી જે સમ્યક્ત્વ પ્રકટ થાય તેને ઔપશમિક સમ્યક્ત્વ કહેવાય; આવું

સમ્યકત્વ એક ભવમાં બે વાર અને સમસ્ત સંસારચક્રમાં પાંચ વાર પ્રાપ્ત થઈ શકે છે. આ સમ્યકત્વ અંતર્મુહૂર્તથી વધારે રહેતું નથી. ઉપર કહેલી સાતેય કર્મ પ્રકૃતિઓનો સંપૂર્ણ ક્ષય થવાથી જે સમ્યકત્વ પ્રકટ થાય તેને ક્ષાયિક સમ્યકત્વ કહેવાય. તેનો કાલ સાદિ–અનંત છે. અને ઉપર કહેલી સાત પ્રકૃતિમાંથી ઉદયમાં આવેલાનો ક્ષય તેમજ સત્તામાં પડેલાનો વિપાકથી ઉપશમ થતાં જે સમ્યકત્વ પ્રકટ થાય, તેને ક્ષાયોપશમિક સમ્યકત્વ કહેવાય. આ સમ્યકત્વનો વધારેમાં વધારે કાળ ૬૬ સાગરોપમ છે. પહેલું અને બીજું સમ્યકત્વ નિરતિચાર છે, જ્યારે ત્રીજું સમ્યકત્વ સાતિચાર છે, તેથી આ સમ્યકત્વને શંકા, કાંક્ષા આદિ અતિચારો લાગે છે.

ઔપશમિક આદિ ત્રણ પ્રકારોમાં મિશ્રસમ્યકત્વ ઉમેરીએ તો તેના ચાર પ્રકારો થાય. ઉપર કહેલી સાતમાંની ફક્ત મિશ્ર મોહનીય કર્મની પ્રકૃતિ ઉદયમાં હોય અને બાકીની પ્રકૃતિ ઉપશાંત હોય, તે વખતે જે સમ્યકત્વ–મિથ્યાત્વરૂપ મિશ્રભાવ અંતર્મુહૂર્ત પર્યંત હોય, તેને મિશ્ર સમ્યકત્વ કહેવાય છે. આ સમ્યકત્વમાં જિનપ્રણીત તત્ત્વ પર ન રાગ–ન દ્વેષ એવી સ્થિતિ હોય છે. કેટલાક ઔપશમિક આદિ ત્રણ પ્રકારોમાં વેદક સમ્યકત્વ ઉમેરીને તેના ચાર પ્રકારો માને છે. ક્ષાયિક સમ્યકત્વ પ્રકટ થતાં પહેલાં સમ્યકત્વ મોહનીયનાં જે ચરમ દલો વેદાય છે, તેને વેદક સમ્યકત્વ કહેવામાં આવે છે.

આ ચાર પ્રકારોમાં સાસ્વાદનસમ્યકત્વ ઉમેરીએ

તો સમ્યકત્વના પાંચ પ્રકારો થાય છે. ઉપર જણાવેલા અંતર્મુહૂર્તના વખતવાળા ઔપશમિક સમ્યકત્વથી પડીને મિથ્યાત્વે પહોંચતાં પહેલાં એક સમયથી માંડીને ૬ આવલિકા સુધી સમ્યકત્વના કિંચિત્ સ્વાદરૂપ જે સમ્યકત્વ હોય છે, તેને સાસ્વાદન સમ્યકત્વ કહે છે.

સમ્યકત્વના દશ પ્રકારો નીચે પ્રમાણે ગણાય છે :–

(૧) **નિસર્ગરુચિ**–જે જીવ શ્રી જિનેશ્વરદેવોએ યથાર્થ અનુભવેલા ભાવોને પોતાની મેળે જાતિસ્મરણાદિ જ્ઞાનથી જાણીને 'તે એમ જ છે, પણ અન્યથા નથી' એવી અડગ શ્રદ્ધા રાખે, તે નિસર્ગરુચિ.

(૨) **ઉપદેશરુચિ**–કેવલી કે છદ્મસ્થ ગુરુઓ વડે કહેવાયેલા ઉપર્યુક્ત ભાવો પર શ્રદ્ધા રાખે તે ઉપદેશરુચિ.

(૩) **આજ્ઞારુચિ**–રાગ, દ્વેષ, મોહ, અજ્ઞાન વગેરે દોષોથી રહિત મહાપુરુષની આજ્ઞા પર રુચિ ધરાવે, તે આજ્ઞારુચિ.

(૪) **સૂત્રરુચિ**-જે અંગપ્રવિષ્ટ કે અંગબાહ્ય સૂત્રો ભણીને તત્ત્વમાં રુચિવાળો થાય, તે સૂત્રરુચિ. વર્તમાન શાસનમાં શ્રી ગૌતમસ્વામી આદિ ગણધરોએ રચેલાં શાસ્ત્રો અંગપ્રવિષ્ટ કહેવાય છે. તેના આચારાંગ, સૂત્રકૃતાંગ, સ્થાનાંગ, સમવાયાંગ, વ્યાખ્યાપ્રજ્ઞપ્તિ ( શ્રી ભગવતીજી ), જ્ઞાતાધર્મકથા, ઉપાસકદશાંગ, અન્તકૃદ્દશાંગ, અનુત્તરો–પપાતિકદશાંગ, પ્રશ્નવ્યાકરણ, વિપાકશ્રુત અને દૃષ્ટિવાદ એવા બાર પ્રકારો છે. તેને સમગ્રપણે દ્વાદશાંગી કહેવામાં આવે છે.

આ ઉપરાંત જૈન શ્રુતમાં શ્રી ભદ્રબાહુસ્વામી વગેરે ચતુર્દશપૂર્વધરાદિ વૃદ્ધ આચાર્યોએ રચેલાં બીજાં સૂત્રો પણ છે, તે અનંગપ્રવિષ્ટ કહેવાય છે.

(૫) **બીજરુચિ**–જેમ એક બીજ વાવવાથી અનેક બીજો ઉત્પન્ન થાય છે, તેમ એક પદ, હેતુ કે એક દૃષ્ટાંત સાંભળીને જે જીવ ઘણાં પદો, ઘણા હેતુઓ અને ઘણાં દૃષ્ટાંતો પર શ્રદ્ધાવાળો થાય, તે બીજરુચિ.

(૬) **અભિગમરુચિ**–જે શાસ્ત્રોનો વિસ્તૃત બોધ પામીને તત્ત્વ પર રુચિ ધરાવે, તે અભિગમરુચિ.

(૭) **વિસ્તારરુચિ**–જે છ દ્રવ્યોને પ્રમાણ અને નયો વડે જાણીને અર્થાત્ વિસ્તારથી બોધ પામીને તત્ત્વ પર રુચિવાળો થાય, તે વિસ્તારરુચિ.

(૮) **ક્રિયારુચિ**–જે અનુષ્ઠાનોમાં કુશલ હોય તથા ક્રિયા કરવામાં રુચિવાળો હોય, તે ક્રિયારુચિ.

(૯) **સંક્ષેપરુચિ**–જે થોડું સાંભળીને પણ તત્ત્વની રુચિવાળો થાય, તે સંક્ષેપરુચિ. ચિલાતીપુત્ર મહાત્મા ઉપશમ, વિવેક અને સંવર, એ ત્રણ પદો સાંભળીને જ તત્ત્વમાં રુચિવાળા થયા હતા.

(૧૦) **ધર્મરુચિ**–જે ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય વગેરે પદાર્થોને કહેનારાં જિનવચનો સાંભળીને શ્રુત-ચારિત્રરૂપ ધર્મ પર શ્રદ્ધાવાળો થાય, તે ધર્મરુચિ.

આ દરેક આત્માનું સમ્યક્ત્વ તે સમ્યક્ત્વનો એક પ્રકાર, એમ દશ પ્રકારો સમજવા.

(૧) ઉપક્રમ :

સમ્યક્ત્વની પ્રાપ્તિ થયા પછી તે સ્થિર-નિશ્ચલ કેમ રહે ? તે અંગે પ્રકરણકાર મહર્ષિ બાવનમી ગાથામાં જણાવે છે કે-

(૨) મૂળ ગાથા :

सव्वाइं जिणेसर-भासियाइं वयणाइं नन्नहा हुंति ।
इइ बुद्धी जस्स मणे, सम्मत्तं निच्चलं तस्स ॥५२॥

(૩) સંસ્કૃત છાયા :

सर्वाणि जिनेश्वरभाषितानि वचनानि नान्यथा भवन्ति ।
इति बुद्धिर्यस्य मनसि, सम्यक्त्वं निश्चलं तस्य ॥५२॥

(૪) શબ્દાર્થ :

सव्वाइं-સર્વે.

जिणेसर-भासियाइं-જિનેશ્વરનાં કહેલાં.

वयणाइं-વચનો.

न-ન.

न અને अन्नहाની સંધિ થવાથી नन्नहा એવું પદ બનેલું છે.

अन्नहा-અન્યથા, વિપરીત, અસત્ય.

हुंति-હોય.

इइ-એવા પ્રકારની.

बुद्धी-બુદ્ધિ.

जस्स-જેના.

मणे–મનમાં.

सम्मत्तं–સમ્યકત્વ.

निच्चलं–નિશ્ચલ, ચલાયમાન ન થાય તેવું, દૃઢ.

तस्स–તેનું.

(૫) અર્થ-સંકલના :

**જિનેશ્વરના કહેલાં સર્વે વચનો સત્ય જ હોય, પણ અસત્ય ન હોય, એવી બુદ્ધિ જેના મનમાં હોય છે, તેનું સમ્યકત્વ દૃઢ રહે છે.**

(૬) વિવેચન :

પ્રાપ્ત થયેલું સમ્યકત્વ ચાલ્યું ન જાય, મલિન ન થાય, ડગમગે નહિ, તે માટેનો મુખ્ય ઉપાય શ્રી જિનેશ્વર ભગવંતનાં વચનો પરની પરમ શ્રદ્ધા છે. વધારે સ્પષ્ટ કહીએ તો જે મનુષ્ય એમ માને છે કે 'શ્રી જિનેશ્વર ભગવંત ક્રોધ, લોભ, ભય, હાસ્ય વગેરે દોષોથી રહિત વીતરાગ પરમાત્મા હોઈ કદી અસત્ય બોલે નહિ, તેમને અસત્ય બોલવાનું પ્રયોજન શું ? તેઓ જે કંઈ વચન બોલે તે સત્ય જ હોય,' તેનું સમ્યકત્વ સ્થિર રહે છે, નિર્મળ રહે છે અને જરાપણ ચલાયમાન થતું નથી.

અહીં માત્ર 'जिणेसर-भासियाइं वयणाइं' ન કહેતાં 'सव्वाइं' વિશેષણ લગાડ્યું છે, તેનું કારણ એ છે કે જિનેશ્વરનાં અમુક વચનોને સત્ય માને અને અમુક વચનોને અસત્ય માને, તો તેનું સમ્યકત્વ દૂષિત થાય છે અને ચાલ્યું જાય છે. શાસ્ત્રોમાં કહ્યું છે કે—

पयमक्खरंपि इक्कं, जो न रोएइ सुत्तनिदिट्ठं ।
सेसं रोयंतो वि हु, मिच्छद्दिट्ठी मुणेयव्वो ॥

'સૂત્રમાં નિર્દિષ્ટ કરેલા એવા એક પદને કે એક પણ અક્ષરને જે માનતો નથી, તેને બાકીનું બધું માનવા છતાં મિથ્યાદૃષ્ટિ સમજવો.'

અહીં એ પણ સમજી લેવું ઘટે કે જે નય, નિક્ષેપ અને અનેકાંતથી યુક્ત એવા જિનવચનોને સત્ય માને અને એકાંત પ્રતિપાદનવાળાં અન્ય દર્શનીઓનાં વચનોને પણ સત્ય માને, તેને સમ્યક્ત્વ હોઈ શકતું નથી, કારણ કે તેમાં ગોળ અને ખોળને અથવા કંચન અને કથીરને એક માની લેવા જેવી વિવેકશૂન્યતા રહેલી છે. આવી વિવેકશૂન્યતાને શાસ્ત્રમાં અનભિગ્રહિક મિથ્યાત્વ કહેલું છે. સમ્યક્ત્વમાં મુખ્ય વસ્તુ સત્ય અને અસત્યના ભેદરૂપ વિવેકની જાગૃતિ છે, એ ભૂલવાનું નથી.

અહીં પ્રસંગવશાત્ એ પણ જણાવી દઈએ કે સદ્ગુરુની પર્યુપાસના કરવાથી જિનવચનો સાંભળવા મળે છે અને તેનું યથાર્થ રહસ્ય સમજાય છે. પછી તેમાં શંકા-કુશંકાને સ્થાન રહેતું નથી; એટલે સમ્યક્ત્વની સ્થિરતા માટે સદ્ગુરુની પર્યુપાસના પણ અતિ મહત્ત્વની છે.

વિશેષમાં જ્ઞાની ભગવંતોએ એમ પણ કહ્યું છે કે સમ્યક્ત્વને સ્થિર રાખવું હોય, તેમાં કોઈ પણ પ્રકારનો ડાઘ પાડવો ન હોય, તો વ્યાપન્નદર્શની અને કુદૃષ્ટિનો

ત્યાગ કરવો, અર્થાત્ તેના સહવાસમાં વિશેષ આવવું નહિ. કદાચ કોઈ કારણ–પ્રસંગે આવી જવાય તે જુદી વાત છે.

જેને એક વાર જીવ–અજીવ વગેરે તત્ત્વો પર શ્રદ્ધા હોય, પણ પછીથી કદાગ્રહ, મિથ્યાગ્રહ કે મિથ્યાત્વનો ઉદય થવાને લીધે તે શ્રદ્ધા વ્યાપન્ન થયેલી છે–નાશ પામેલી છે, તે વ્યાપન્ન દર્શની કહેવાય; અને જેની દૃષ્ટિ મિથ્યાત્વથી કુત્સિત થયેલી છે, તે કુદૃષ્ટિ કહેવાય. 'સંગ તેવો રંગ' એ ન્યાયે આવી વ્યક્તિઓના સહવાસથી મનમાં પણ શંકા જાગે અને છેવટે સમ્યક્ત્વથી ભ્રષ્ટ થવાય, એ દેખીતું છે.

અનુભવી પુરુષોની એ વાણી છે કે—

**कुसंगतेः कुबुद्धिः स्यात्, कुबुद्धेः कुप्रवर्तनम् ।**
**कुप्रवृत्तेर्भवेज्जन्तुर्भाजनं दुःखसन्ततेः ॥**

'કુસંગતિથી કુબુદ્ધિ થાય છે, કુબુદ્ધિથી કુપ્રવર્તન થાય છે અને કુપ્રવર્તનથી પ્રાણી દુઃખપરંપરાનું ભાજન બને છે.

**(૧) ઉપક્રમ :**

નવતત્ત્વોને જાણવાથી અને તેના પર શ્રદ્ધા રાખવાથી સમ્યક્ત્વની પ્રાપ્તિ થાય છે તથા જિનવચનો પર પરમ શ્રદ્ધા રાખવાથી એ સમ્યક્ત્વ નિશ્ચલ–દૃઢ બને છે, એમ જણાવ્યા પછી પ્રકરણકાર મહર્ષિ સમ્યક્ત્વની પ્રાપ્તિથી થતા મહાન લાભનું વર્ણન ત્રેપનમી ગાથામાં આ પ્રમાણે કરે છે :

(૨) મૂળ ગાથા :

अंतोमुहुत्तमित्तंपि, फासियं हुज्ज जेहिं सम्मत्तं ।
तेसिं अवड्ढपुग्गलपरियट्टो चेव संसारो ॥५३॥

(૩) સંસ્કૃત છાયા :

अन्तमुहूर्तमात्रमपि, स्पृष्टं भवेद् यैः सम्यक्त्वम् ।
तेषामपार्धपुद्गलपरावर्त्तश्चैव संसारः ॥ ५३ ॥

(૪) શબ્દાર્થ :

अंतोमुहुत्त–અંતમુહૂર્ત.

मित्तं–માત્ર, ફક્ત,

मित्तं અને अपि ની સંધિ થતાં 'मित्तंपि' એવું પદ બને છે.

अपि–પણ.

फासियं–સ્પર્શ કરેલો.

हुज्ज–હોય.

जेहिं–જેઓ વડે, જેઓએ.

सम्मत्तं–સમ્યકત્વ.

तेसिं–તેઓને.

अवड्ढ–કંઈક ન્યૂન એવો અર્ધ.

अव એટલે કિંચિત્ ન્યૂન એવો अर्ध તે अपार्ध.

पुग्गलपरियट्टो–પુદ્ગલપરાવર્ત.

આ કાલનું એક પ્રકારનું માપ છે. તેનો વિશેષ પરિચય ચોપનમી ગાથામાં આપેલો છે.

ચેવ–નિશ્ચયથી.

સંસારો–સંસાર.

જેમાં જીવોનું નિરંતર સંસરણ–ભ્રમણ થાય છે, તેને સંસાર કહે છે.

### (૫) અર્થ–સંકલના :

**જેઓએ માત્ર અંતર્મુહૂર્ત પણ સમ્યક્ત્વનો સ્પર્શ કરેલો હોય, તેઓને કંઇક ન્યૂન એવો અર્ધપુદ્ગલપરાવર્ત જેટલો જ સંસાર હોય છે, તેથી અધિક નહિ.**

### (૬) વિવેચન :

૯ સમયનું જઘન્ય અંતર્મુહૂર્ત અને ૨ ઘડીમાં ૧ સમય ન્યૂન કાળનું ઉત્કૃષ્ટ અંતર્મુહૂર્ત ગણાય છે. તેની વચ્ચેનો કાળ એટલે ૧૦ સમયથી માંડીને ઉત્કૃષ્ટ અંતર્મુહૂર્ત સુધીનો કાળ મધ્યમ અંતર્મુહૂર્ત ગણાય છે. અહીં અંતર્મુહૂર્ત શબ્દથી અસંખ્ય સમયપ્રમાણ મધ્યમ અંતર્મુહૂર્ત ગ્રહણ કરવાનું છે.

કોઈ જીવને માત્ર આ અંતર્મુહૂર્ત જેટલા કાળ માટે જ સમ્યક્ત્વની સ્પર્શના થઈ હોય અને ત્યારબાદ તે ત્યાંથી પડી, મિથ્યાત્વ પામી, તીવ્ર કર્મબંધ કરી, સંસારમાં પરિભ્રમણ કરે તો વધારેમાં વધારે કંઈક ન્યૂન અર્ધપુદ્ગલપરાવર્ત કાળ સુધી જ કરે, પછી તે પુનઃ સમ્યક્ત્વ પામી, ચારિત્ર ગ્રહણ કરી, અવશ્ય મોક્ષે જાય.

અહીં એટલું યાદ રાખવું ઘટે કે સમ્યક્ત્વને પામેલા કેટલાક જીવો તેજ ભવે મોક્ષે જાય છે, તો કેટલાક જીવો બે-ત્રણ ભવે અને કેટલાક જીવો સાત-આઠ ભવે મોક્ષે જાય છે. આચાર્યવર શ્રી ભદ્રબાહુ સ્વામીએ ઉવસગ્ગહરં સ્તોત્રમાં કહ્યું છે કે-

**तुह सम्मत्ते लद्धे, चिंतामणिकप्पपायवब्भहिए।**
**पावंति अविग्घेणं, जीवा अयरामरं ठाणं ॥**

'હે ભગવન્! ચિંતામણિરત્ન અને કલ્પવૃક્ષથી પણ અધિક એવું તમારું સમ્યક્ત્વ પામ્યે છતે જીવો કોઈ પણ વિઘ્ન વિના મોક્ષને પામે છે.' તાત્પર્ય કે તેમને સરલતાથી થોડા સમયમાં જ મોક્ષ મળે છે. અનંત ભવ-ભ્રમણની અપેક્ષાએ એક, બે, ત્રણ, સાત કે આઠ ભવને અહીં થોડો સમય સમજવાનો છે.

સમ્યક્ત્વની સ્પર્શના અંગે જ્ઞાની ભગવંતોએ કહ્યું છે કે સંસારી જીવ-અનંત પુદ્ગલપરાવર્ત કાળ સુધી મિથ્યાત્વનો અનુભવ કરતો સંસારમાં પરિભ્રમણ કરે છે. નદીનો પત્થર અહીં-તહીં કૂટાતો છેવટે ગોળ બની જાય છે, તેમ આ જીવ અનાભોગપણે (સમજણ વિના, સ્વાભાવિક) પ્રવૃત્તિ કરતો જ્યારે આયુષ્ય સિવાયના સાતેય કર્મોની સ્થિતિ પલ્યોપમના અસંખ્યાતમા ભાગે ઓછી એવી એક કોડાકોડી સાગરોપની કરે છે, ત્યારે તે રાગદ્વેષના અતિ નિબિડ પરિણામરૂપ ગ્રંથિપ્રદેશ સમીપે આવે છે. અભવ્ય જીવો પણ આ રીતે કર્મસ્થિતિ હળવી કરીને અનંતી વાર

ગ્રંથિપ્રદેશ સમીપે આવે છે, પણ તેઓ એનો ભેદ કરી શકતા નથી; જ્યારે ભવ્ય જીવો અપૂર્વકરણના યોગે એ ગ્રંથિનો ભેદ કરી નાખે છે અને સમ્યકત્વની સ્પર્શના કરે છે. જે કરણ–ક્રિયા પૂર્વે થઈ નથી, તે અપૂર્વકરણ.

(૧) ઉપક્રમ :

ત્રેપનમી ગાથામાં પુદ્ગલપરાવર્ત કાળનો ઉલ્લેખ કર્યો છે. તેની સ્પષ્ટતા ચોપનમી ગાથામાં પ્રકરણકાર મહર્ષિ આ પ્રમાણે કરે છે :

(૨) મૂળ ગાથા :

**उस्सप्पिणी अणंता, पुग्गलपरियट्टओ मुणेयव्वो ।**
**तेऽणंताऽतीअद्धा, अणागयद्धा अणंतगुणा ॥ ५४ ॥**

(૩) સંસ્કૃત છાયા :

**उत्सर्पिण्योऽनन्ताः पुद्गलपरावर्तको ज्ञातव्यः ।**
**तेऽनन्ता अतीताद्धा, अनागताद्धानन्तगुणाः ॥ ५४ ॥**

(૪) શબ્દાર્થ :

उस्सप्पिणी–ઉત્સર્પિણીઓ.

अणंता–અનંત.

पुग्गलपरियट्टओ–પુદ્ગલપરાવર્ત કાલ.

मुणेयव्वो–જાણવો.

ते–તે પુદ્ગલપરાવર્ત.

ते અને अणंता, તે तेऽणंता.

अणंता—અનંત.

अतीअ—અતીત, વ્યતીત, ભૂત.

अतीअ અને अद्धा, તે अतीद्धा.

अद्धा—કાલ.

अणागय—અનાગત, ભવિષ્ય.

अणागय અને अद्धा તે अणागयद्धा.

अद्धा—કાલ.

अणंतगुणा—અનંતગુણો.

**(૫) અર્થ-સંકલના :**

**અનંત ઉત્સર્પિણીઓ (અને અવસર્પિણીઓ)નો એક પુદ્ગલપરાવર્ત કાળ જાણવો. તેવા અનંત પુદ્ગલપરાવર્તનો ભૂતકાળ અને તેથી અનંતગુણો ભવિષ્યકાલ જાણવો.**

**(૬) વિવેચન :**

જેમાં રસ-કસ શુભાદિ ભાવોનું ઉત્સર્પણ થાય, એટલે કે અનુક્રમે ચડતા પરિણામો જણાય, તેને ઉત્સર્પિણી કાલ કહેવામાં આવે છે. ઉત્સર્પિણી કાલ પૂરો થયા પછી તરત જ અવસર્પિણી કાલ શરૂ થાય છે. તેમાં રસ-કસ શુભાદિ ભાવોનું અવસર્પણ થાય છે, એટલે કે તે અનુક્રમે ઓછા થતા જાય છે.

ઉત્સર્પિણી કાલ પછી અવસર્પિણી કાલ અને પછી પાછો ઉત્સર્પિણી કાલ આવે છે, એટલે અહીં ઉત્સર્પિણીઓ શબ્દથી ઉત્સર્પિણી અને અવસર્પિણી એ બંને પ્રકારો

ગ્રહણ કરવાના છે. ઉત્સર્પિણી કાલ ૧૦ કોડાકોડી સાગરોપમ જેટલો હોય છે અને અવસર્પિણી કાલ પણ ૧૦ કોડાકોડી સાગરોપમ જેટલો હોય છે. આ રીતે ૧ ઉત્સર્પિણી અને ૧ અવસર્પિણીમાં ૨૦ કોડાકોડી સાગરોપમ જેટલો કાલ વ્યતીત થાય છે, તેને કાલચક્ર કહેવામાં આવે છે.

ઉત્સર્પિણી કાળમાં છ આરા હોય છે, તેનાં નામ અને તેનું કાલમાન આ પ્રમાણે સમજવું :

| | |
|---|---|
| પહેલો દુષમ-દુષમ આરો | ૨૧૦૦૦ વર્ષ |
| બીજો દુષમ આરો | ૨૧૦૦૦ વર્ષ |
| ત્રીજો દુષમ-સુષમ આરો | બેંતાલીશ હજાર વર્ષ ન્યૂન ૧ કોડાકોડી સાગરોપમ કાલ |
| ચોથો સુષમ-દુષમ આરો | ૨ કોડાકોડી સાગરોપમ કાલ |
| પાંચમો સુષમ આરો | ૩ કોડાકોડી સાગરોપમ કાલ |
| છઠ્ઠો સુષમ-સુષમા આરો | ૪ કોડાકોડી સાગરોપમ કાલ |

અવસર્પિણીનો ક્રમ આથી ઉલટો હોય છે, એટલે કે તેમાં પ્રથમ સુષમ-સુષમા આરો, પછી સુષમ આરો અને છેવટે દુષમ-દુષમા આરો હોય છે. તે દરેક આરાનું કાલમાન તો ઉપર મુજબ જ હોય છે. હાલ અવસર્પિણી કાલનો પાંચમો દુષમ નામનો આરો ચાલી રહેલો છે. આવી અનંત ઉત્સર્પિણી અને અવસર્પિણીઓ વ્યતીત થાય, ત્યારે એક પુદ્ગલપરાવર્ત જેટલો કાલ વ્યતીત થયેલો ગણાય.

પુદ્ગલપરાવર્તના દ્રવ્ય, ક્ષેત્ર, કાલ અને ભાવથી

ચાર પ્રકારો છે અને તે પ્રત્યેક બાદર અને સૂક્ષ્મ હોવાથી તેના નીચે મુજબ આઠ પ્રકારો પડે છે :

૧ બાદર દ્રવ્યપુદ્ગલપરાવર્ત
૨ સૂક્ષ્મ ,,
૩ બાદર ક્ષેત્રપુદ્ગલપરાવર્ત
૪ સૂક્ષ્મ ,,
૫ બાદર કાલપુદ્ગલપરાવર્ત
૬ સૂક્ષ્મ ,,
૭ બાદર ભાવપુદ્ગલપરાવર્ત
૮ સૂક્ષ્મ ,,

ચૌદ રાજલોકમાં રહેલાં સર્વ પુદ્ગલોને એક જીવ ઔદારિક આદિ કોઈ પણ વર્ગણાપણે ( આહારક વિના ) ગ્રહણ કરી કરીને મૂકે, તેમાં જેટલો કાલ વ્યતીત થાય તે **દ્રવ્યપુદ્ગલપરાવર્ત.** એક જીવ મરણ વડે લોકાકાશના પ્રદેશોને સ્પર્શીને મૂકે, તેમાં જેટલો કાલ વ્યતીત થાય તે **ક્ષેત્રપુદ્ગલપરાવર્ત.** એક જીવ ઉત્સર્પિણી તથા અવસર્પિણીના સમયોને વારંવાર મરણ વડે સ્પર્શીને મૂકે, તેમાં જેટલો કાલ વ્યતીત થાય તે **કાલપુદ્ગલપરાવર્ત,** અને એક જીવ રસબંધના અધ્યવસાયોને પૂર્વોક્ત રીતે મરણ વડે સ્પર્શી સ્પર્શીને મૂકે, તેમાં જેટલો કાલ વ્યતીત થાય તે **ભાવપુદ્ગલપરાવર્ત.**

જ્યારે કોઈપણ અનુક્રમ વિના પુદ્ગલોને જેમ તેમ સ્પર્શીને મૂકે ત્યારે બાદર પુદ્ગલપરાવર્ત કહેવાય અને

અનુક્રમે સ્પર્શીને મૂકે ત્યારે સૂક્ષ્મ પુદ્ગલપરાવર્ત કહેવાય.

અહીં સૂક્ષ્મ ક્ષેત્રપુદ્ગલપરાવર્ત વિવક્ષિત છે, એટલે તેનું સ્વરૂપ વધારે સ્પષ્ટતાથી સમજવું જોઈએ.

એમ માનો કે એક જીવ લોકાકાશના અમુક પ્રદેશમાં રહીને મરણ પામ્યો. હવે કેટલોક કાલ વ્યતીત થયા બાદ તે જીવ સ્વાભાવિક રીતે તે આકાશપ્રદેશની પંક્તિમાં રહેલા બીજા પ્રદેશમાં રહીને મરણ પામ્યો. ત્યાર બાદ કેટલાક સમયે તે આકાશપ્રદેશની પંક્તિમાં રહેલા ત્રીજા પ્રદેશમાં રહીને મરણ પામ્યો. આમ તેણે જે આકાશ પ્રદેશની જે શ્રેણી શરૂ કરી હોય તે પૂરી કરે. ત્યારબાદ આકાશના પ્રતરમાં રહેલી તેની સાથેની અસંખ્ય શ્રેણીઓને એ જ રીતે પૂરી કરે. તેમાં જેટલો કાલ વ્યતીત થાય તથા વચમાં બીજા ભવો કરવામાં જેટલો કાલ વ્યતીત થાય. તે સૂક્ષ્મ ક્ષેત્રપુદ્ગલપરાવર્ત કહેવાય.

આવા અનંત પુદ્ગલપરાવર્ત આ જીવે વ્યતીત કર્યાં છે અને તે સમ્યકત્વ પામે નહિ તો હવે પછી અનંત પુદ્ગલપરાવર્ત કાલ સુધી તેને આ જ રીતે ભવભ્રમણ કરવું પડે, એ નિશ્ચિત છે.

ભૂતકાલ અનંત પુદ્ગલપરાવર્ત જેટલો છે અને ભવિષ્ય કાલ તેથી પણ અનંતગણો મોટો છે, એટલે ભૂત કરતાં ભવિષ્ય કાલ ઘણો મોટો છે. આ બધો કાલ જીવને

સંસારમાં પરિભ્રમણ કરવું ન પડે તે માટે તેણે સમ્યક્ત્વની પ્રાપ્તિ કરી લેવી જોઈએ. કહ્યું છે કે—

अतुलगुणनिधानं सर्वकल्याणबीजं,
जननजलधिपोतं भव्यसत्त्वैकचिह्नम् ।
दुरिततरुकुठारं पुण्यतीर्थं प्रधानम्,
पिबत जितविपक्षं दर्शनाख्यं सुधाम्बु ॥

'હે લોકો! તમે સમ્યગ્દર્શનરૂપી અમૃત જલનું પાન કરો, કારણ કે તે અતુલ ગુણોનું નિધાન છે, સર્વ કલ્યાણનું બીજ છે, જન્મ-મરણાદિમય સંસારસાગરને તરી જવા માટેનું વહાણ છે, ભવ્યજીવોનું એક લક્ષણ છે, પાપરૂપી વૃક્ષને છેદવા માટે કુહાડો છે, પવિત્ર એવું તીર્થ છે, સર્વ રીતે શ્રેષ્ઠ છે અને મિથ્યાત્વને જિતનારું છે.'

અહીં 'સમ્યક્ત્વ' નામનું તેરમું પ્રકરણ પૂરું થાય છે.

प्रकरण चौदमुं

# सिद्धना भेदो

[ गाथा पंचावनमीथी ओगणसाठमी सुधी ]

## (१) उपक्रम :

मोक्षमां गयेला जीवोने सिद्ध कहेवामां आवे छे, ए हकीकत आगळ कहेवाई गई छे. आ सिद्धात्माओ शक्ति–सामर्थ्य तेम ज गुणप्राप्तिमां समान होय छे, एटले तेमनी वच्चे कोई जातनो भेद होतो नथी, पण तेमनी मोक्ष पामती वखतनी अवस्थाविशेष परथी तेमना पंदर प्रकारो पडे छे. ते अहीं प्रकरणकार महर्षि पंचावनमी गाथामां आ प्रमाणे रजू करे छे :

## (२) मूळ गाथाओ :

**जिण अजिण तित्थऽतित्था, गिहि अन्न सलिंग थी नर नपुंसा ।**
**पत्तेय सयंबुद्धा, बुद्धबोहिय इक्कणिक्का य ॥५५॥**

(૩) સંસ્કૃત છાયા :

जिनाजिनतीर्थातीर्था गृहन्यस्वलिङ्गस्त्रीनरनपुंसकाः ।
प्रत्येकस्वयंबुद्धौ, बुद्धबोधितैकानेकाश्च ॥५५॥

(૪) શબ્દાર્થ :

जिण-જિન-જિનસિદ્ધ.

अजिण-અજિન-અજિનસિદ્ધ.

तित्थ-તીર્થ-તીર્થસિદ્ધ.

अतित्थ-અતીર્થ-અતીર્થસિદ્ધ.

गिहि-ગૃહસ્થ-ગૃહસ્થલિંગસિદ્ધ.

अन्न-અન્ય-અન્યલિંગસિદ્ધ.

सलिंग-સ્વલિંગ-સ્વલિંગસિદ્ધ.

थी-સ્ત્રી-સ્ત્રીલિંગસિદ્ધ.

नर-નર, પુરુષ-પુરુષલિંગસિદ્ધ.

नपुंसा-નપુંસક, નપુંસકલિંગસિદ્ધ.

पत्तेय-પ્રત્યેક, પ્રત્યેકબુદ્ધસિદ્ધ.

सयंनी પછી રહેલો बुद्ध શબ્દ અહીં પણ લાગુ પડે છે.

सयंबुद्धा-સ્વયંબુદ્ધ-સ્વયંબુદ્ધસિદ્ધ.

बुद्धबोहिय-બુદ્ધબોધિત, બુદ્ધબોધિતસિદ્ધ.

इक्क-એક, એકસિદ્ધ.

इक्क અને अणिक्का તે इक्कणिक्का.

अणिक्का-અનેક, અનેકસિદ્ધ.

य-અને.

**(૫) અર્થ-સંકલના :**

**(૧) જિનસિદ્ધ, (૨) અજિનસિદ્ધ, (૩) તીર્થસિદ્ધ, (૪) અતીર્થસિદ્ધ, (૫) ગૃહસ્થલિંગસિદ્ધ, (૬) અન્યલિંગસિદ્ધ, (૭) સ્વલિંગસિદ્ધ, (૮) સ્રીલિંગસિદ્ધ, (૯) પુરુષલિંગસિદ્ધ, (૧૦) નપુંસકલિંગસિદ્ધ, (૧૧) પ્રત્યેકબુદ્ધસિદ્ધ (૧૨) સ્વયંબુદ્ધસિદ્ધ, (૧૩) બુદ્ધબોધિતસિદ્ધ, (૧૪) એકસિદ્ધ અને (૧૫) અનેકસિદ્ધ એ સિદ્ધના પંદર ભેદો છે.**

**(૬) વિવેચન :**

સિદ્ધાત્માઓમાં વાસ્તવિક કોઈ ભેદ નથી, પણ પૂર્વાવસ્થાની અપેક્ષાએ ઔપચારિક રીતે તેમના પંદર ભેદો ગણવામાં આવે છે. આ પંદર ભેદો સર્વથા ભિન્ન નથી, અર્થાત્ એક બીજામાં અંતર્ગત છે, પણ વિશેષ બોધ માટે તેમને અહીં જુદા જુદા દર્શાવવામાં આવ્યા છે. તેમનું સ્વરૂપ આગળની ગાથાઓથી સમજાશે.

**(૧) ઉપક્રમ :**

સિદ્ધના પંદર ભેદો કહ્યા પછી તેના વિશેષ બોધાર્થે પ્રકરણકાર મહર્ષિ દરેક ભેદનું સ્વરૂપ દૃષ્ટાંતપૂર્વક અનુક્રમે નીચેની ચાર ગાથાઓમાં કહે છે. તે આ પ્રમાણે :

**(૨) મૂળ ગાથાઓ :**

**जिणसिद्धा अरिहंता, अजिणसिद्धा य पुंडरिअपमुहा ।**
**गणहारि तित्थसिद्धा, अतित्थसिद्धा य मरुदेवा ॥५६॥**

गिहिलिंग सिद्ध भरहो, वक्कलचीरी य अन्नलिंगम्मि ।
साहू सलिंगसिद्धा, थीसिद्धा चंदणापमुहा ॥५७॥
पुंसिद्धा गोयमाई, गांगेयाई नपुंसया सिद्धा ।
पत्तेय-सयंबुद्धा, भणिया करकंडु कविलाई ॥ ५८ ॥
तह बुद्धबोहि गुरुबोहिया य इगसमये इगसिद्धा य ।
इगसमयेऽवि अणेगा, सिद्धा तेऽणेगसिद्धा य ॥५९॥

(૩) સંસ્કૃત છાયા :

जिनसिद्धा अर्हन्तोऽजिनसिद्धाश्च पुण्डरिकप्रमुखाः ।
गणधारिणस्तीर्थसिद्धा अतीर्थसिद्धाश्च मरुदेवी ॥५६॥
गृहिलिङ्गसिद्धा भरतो, वल्कलचीरी चान्यलिङ्गो ।
साधवः स्वलिंगसिद्धाः, स्त्रीसिद्धाश्चन्दनाप्रमुखाः ॥५७॥
पुरुषसिद्धा गौतमादयो गाङ्गेयादयो नपुंसकाः सिद्धाः ।
प्रत्येक-स्वयंबुद्धा, भणिताः करकण्डु-कपिलादयः ॥५८॥
तथा बुद्धबोधिता गुरुबोधिता एकसमय एकसिद्धाश्च ।
एकसमये ऽप्यनेकाः, सिद्धास्तेऽनेकसिद्धाश्च ॥५९॥

(૪) શબ્દાર્થ :

जिणसिद्धा–જિનસિદ્ધો.
अरिहंता–અરિહંતો, તીર્થંકરો.
अजिणसिद्धा–અજિનસિદ્ધો.
य–અને.

पुंडरिअपमुहा–પુંડરિક પ્રમુખ, પુંડરિક ગણધર વગેરે.
गणहारि–ગણધરો.
તીર્થંકરના મુખ્ય શિષ્યો.
तित्थसिद्धा–તીર્થંસિદ્ધો.
अतित्थसिद्धा–અતીર્થંસિદ્ધો.
य–અને.
मरुदेवा–મરુદેવી.
गिहिलिंगसिद्ध–ગૃહસ્થલિંગસિદ્ધ.
भरहो–ભરત, ભરત ચક્રવર્તી.
वक्कलचीरी–વલ્કલચીરી
य–અને.
अन्नलिंगम्मि–અન્યલિંગ સિદ્ધોમાં.
साहू–સાધુ.
सलिंगसिद्धा–સ્વલિંગ સિદ્ધો.
थीसिद्धा–સ્ત્રીલિંગ સિદ્ધા.
चंदणापमुहा–ચંદના પ્રમુખ, ચંદનબાળા વગેરે.
पुंसिद्धा–પુરુષલિંગસિદ્ધો.
गोयमाई–ગૌતમ આદિ.
गांगेयाई–ગાંગેય આદિ.
नपुंसया–નપુંસકલિંગ.
सिद्धा–સિદ્ધો.
पत्तेय–सयंबुद्धा–પ્રત્યેકબુદ્ધ અને સ્વયંબુદ્ધસિદ્ધો.
भणिया–કહેલા છે.
करकंडु–कविलाई–કરકંડુ અને કપિલ વગેરે.

तह-તથા.

बुद्धबोहि-બુદ્ધબોધિત.

અહીં અંત્ય य નો લોપ થયેલો છે.

गुरुबोहिया-ગુરુથી બોધ પામેલા.

य-અને.

इगसमये-એક સમયમાં.

इगसिद्धा-એક સિદ્ધો.

य-વળી.

इगसमये-એક સમયે.

अवि-પણ.

अणेगा-અનેક.

सिद्धा-સિદ્ધો.

ते-તેઓ.

अणेगसिद्धा-અનેક સિદ્ધો.

य-અને.

(૫) અર્થ-સંકલના :

જિનસિદ્ધો તે તીર્થંકરો, અજિનસિદ્ધો તે પુંડરિક ગણધર વગેરે, તીર્થસિદ્ધો તે ગણધરો અને અતીર્થસિદ્ધો તે મરુદેવા માતા વગેરે.

ગૃહસ્થલિંગ સિદ્ધ તે ભરત ચક્રવર્તી, અન્યલિંગસિદ્ધ તે વલ્કલચીરી, સ્વલિંગસિદ્ધ તે સાધુઓ અને સ્ત્રીલિંગ સિદ્ધ તે ચંદનબાળા વગેરે.

પુરુષલિંગસિદ્ધ તે ગૌતમ વગેરે, નપુંસક

લિંગસિદ્ધ તે ગાંગેય વગેરે, પ્રત્યેકબુદ્ધસિદ્ધ તે કરકંડુ અને સ્વયંબુદ્ધસિદ્ધ તે કપિલ વગેરે.

તથા બુદ્ધબોધિતસિદ્ધ તે ગુરુથી બોધ પામેલા, એકસિદ્ધ તે એક સમયમાં એકસિદ્ધ થયેલા અને અનેકસિદ્ધ તે એક સમયમાં અનેક સિદ્ધ થયેલા.

(૬) **વિવેચન :**

તીર્થંકરો જિનપદ પામીને સિદ્ધ થયેલા છે, માટે તેમને **જિનસિદ્ધ** સમજવા અને પુંડરિક ગણધર વગેરે જિનપદ પામ્યા વિના સિદ્ધ થયેલા છે, તેથી તેમને **અજિનસિદ્ધ** સમજવા. તાત્પર્ય કે જિન તથા અજિન બંને અવસ્થામાં મોક્ષે જઈ શકાય છે.

તીર્થંકર ભગવંતે તીર્થ પ્રવર્તાવ્યું હોય, તે સમયમાં તીર્થનો આશ્રય પામીને જે જીવો મોક્ષે જાય, તે **તીર્થ-સિદ્ધ** કહેવાય, જેમકે—ગણધર ભગવંતો. અને તીર્થંકરો દ્વારા તીર્થનું પ્રવર્તન ન થયું હોય અને તેવા સમયે જે જીવો મોક્ષે જાય, તે **અતીર્થસિદ્ધ** કહેવાય. શ્રી ઋષભદેવ ભગવાનની માતા મરુદેવી કેવળજ્ઞાન પામીને મોક્ષે ગયા, તે વખતે તીર્થંકર દ્વારા તીર્થ પ્રવર્તેલું ન હતું. આ રીતે બીજા પણ જે જીવો આવા સમયે મોક્ષમાં ગયા હોય તે બધા અતીર્થસિદ્ધ કહેવાય. આનો અર્થ એમ સમજવાનો કે તીર્થની અવિદ્યમાનતામાં મોક્ષનો દરવાજો બંધ થતો નથી.

કેટલાક જીવો **શરીર** પર ગૃહસ્થનો વેશ હોય છતાં કર્મનો ક્ષય થવાને લીધે મોક્ષ પામે છે, તેમને **ગૃહસ્થ-લિંગસિદ્ધ** જાણવા. દાખલા તરીકે ભરત ચક્રવર્તી. તેઓ અરીસાભુવનમાં ઊભા ઊભા વિવિધ આભૂષણોથી અલંકૃત પોતાના દેહની શોભા જોતા હતા. એવામાં એક આંગળી પરથી અંગુઠી સરકી પડી અને તે આંગળી વરવી લાગી. આથી તેમણે બીજાં પણ આભૂષણો ઉતારીને શરીરને નિહાળ્યું, તો આખું શરીર શોભારહિત લાગ્યું. આથી તેમને શરીર વગેરેની અનિત્યતા સમજાઇ અને અનિત્ય ભાવનાનો ઉત્કૃષ્ટ આશ્રય લેતાં ચારેય ઘાતી કર્મનો ક્ષય થયો, એટલે કેવલજ્ઞાન પામ્યા અને અનુક્રમે મોક્ષે સિધાવ્યા.

કેટલાક જીવો અન્યલિંગ એટલે તાપસ વગેરેના વેશમાં પણ મોક્ષ પામે છે. મહાત્મા વલ્કલચીરી તાપસના વેશમાં હતા, પણ ભાવશુદ્ધિને કારણે કર્મનો ક્ષય થતાં કેવલજ્ઞાન પામ્યા અને મોક્ષમાં સિધાવ્યા. આવા સિદ્ધોને **અન્યલિંગસિદ્ધ** સમજવા. કેટલાક જીવો જૈન શ્રમણના વેશમાં મોક્ષે જાય છે, તેમને **સ્વલિંગસિદ્ધ** સમજવા. સ્વલિંગ એટલે જિનશાસનનું પોતાનું લિંગ, જિનશાસનમાં નિયત થયેલો સાધુનો વેશ.

લિંગનો અર્થ જાતીયસંજ્ઞા કરીએ તો **સ્ત્રીલિંગ, પુરુષલિંગ** અને **નપુંસકલિંગ** એ ત્રણેય લિંગમાં જીવો મોક્ષે જાય છે. દાખલા તરીકે ચંદનબાળા **સ્ત્રી**

હતાં, ગૌતમસ્વામી વગેરે પુરુષ હતા અને ગાંગેય વગેરે (કૃત્રિમ) નપુંસક હતા. કેટલાક એમ માને છે કે સ્રીલિંગે મોક્ષ ન મળે, તેનું આ વિધાનથી નિરસન થાય છે.

કેટલાક જીવો સંધ્યાના રંગ, વૃદ્ધત્વ વગેરે નિમિત્તો પામી વૈરાગ્યવાન બને છે અને મોક્ષે જાય છે, જેમકે રાજર્ષિ કરકંડુ; તો કેટલાક જીવો સંધ્યાના રંગ, વૃદ્ધત્વ આદિ કોઈ પણ નિમિત્ત પામ્યા વિના, તેમજ ગુરુના ઉપદેશ વિના પણ મોક્ષમાં જાય છે, જેમકે મહાત્મા કપિલ. તેમજ કેટલાક જીવો ગુરુથી બોધ પામીને ચારિત્ર ગ્રહણ કરે છે તથા તેના નિરતિચાર પાલનથી મોક્ષે જાય છે. તેમને અનુક્રમે **પ્રત્યેકબુદ્ધસિદ્ધ, સ્વયંબુદ્ધસિદ્ધ** અને **બુદ્ધબોધિતસિદ્ધ** જાણવા.

કેટલીક વાર એક સમયમાં એક જીવ મોક્ષે જાય છે, તેમને **એકસિદ્ધ** સમજવા અને કેટલીક વાર એક સમયમાં અનેક જીવો સિદ્ધ થાય છે, તેમને **અનેકસિદ્ધ** સમજવા.

સિદ્ધ ભગવંતોની સ્તુતિના અધિકારે કહેવાયું છે કે—

**सिद्धाणं बुद्धाणं, पारगयाणं परंपर–गयाणं ।**
**लोअग्गमुवगयाणं, नमो सया सव्व–सिद्धाणं ॥**

'જેઓ સિદ્ધ છે, બુદ્ધ છે, પારગત છે, પરંપરાગત છે અને લોકના અગ્રભાગે ગયેલા છે, એવા સર્વ સિદ્ધોને સદા નમસ્કાર હો.'

અહીં સિદ્ધ વિશેષણથી આઠે કર્મનો ક્ષય કરનાર, બુદ્ધ વિશેષણથી સર્વજ્ઞ અને સર્વદર્શી, પારગત વિશેષણથી સંસારનો પાર પામેલા, પરંપરાગત વિશેષણથી ગુણ-સ્થાનકની પરંપરાનો આશ્રય લઈ મોક્ષમાં જનારા, એવો અર્થ અભિપ્રેત છે.

મોક્ષમાં જનાર સર્વ જીવો કર્મરહિત થાય કે પોતાની સ્વાભાવિક ઊર્ધ્વ ગતિથી લોકના અગ્રભાગે રહેલી સિદ્ધશિલામાં પહોંચી જાય છે અને ત્યાં સદાકાલ સ્થિર રહે છે.

આવા સર્વ સિદ્ધ ભગવંતોને ત્રિવિધ વંદન કરી નવ-તત્ત્વ-પ્રકરણ પરની દીપિકા નામની વૃત્તિ પૂરી કરીએ છીએ.

સર્વ જગત્નું કલ્યાણ હો.

# આધારભૂત સાહિત્યની યાદી


**૧ આર્હતદર્શન દીપિકા**

ર. ઉ. શ્રી મંગલવિજયજી મહારાજ

વિ. પ્રો. હીરાલાલ રસિકલાલ કાપડિયા એમ. એ.

પ્ર. શ્રી યશોવિજયજી જૈન ગ્રંથમાળા, ભાવનગર

**૨ આવશ્યકનિર્યુક્તિ**

ર. શ્રી હરિભદ્રસૂરિ

**૩ શ્રી ઉત્તરાધ્યયનસૂત્ર બૃહદ્વૃત્તિ**

ર. શ્રી. શાન્ત્યાચાર્ય

પ્ર. શ્રી દે. લા. જૈન પુસ્તકોદ્ધાર સંસ્થા, સુરત

**૪ કર્મગ્રન્થ ૧ થી ૬ ભાગ**

**૫ જીવ-વિચાર-પ્રકાશિકા**

જૈન સાહિત્ય-પ્રકાશન-મંદિર, મુંબઈ-૯.

**૬ જૈન દર્શન ઔર આધુનિક વિજ્ઞાન**

લે. મુનિશ્રી નગરાજજી

પ્ર. આત્મારામ એન્ડ સન્સ, દિલ્લી

**૭ જૈન દર્શનનો કર્મવાદ**

લે. પ્ર. મા. ખુબચંદ કેશવલાલ

શ્રી પાર્શ્વ જૈન પાઠશાળા, શિરોહી.

**૮ તત્ત્વાર્થસૂત્ર**

પં. સુખલાલજી

શ્રી જૈન સાહિત્ય-પ્રકાશન-સમિતિ, અમદાવાદ

**૯ નવતત્ત્વ-વિસ્તારાર્થ**
સંગ્રાહક-સિ. વા. ન્યા. વિ. શ્રી વિજયોદયસૂરિ
પ્ર. વાડીલાલ બાપુલાલ શાહ
શ્રી જૈન ગ્રન્થપ્રકાશકસભા, અમદાવાદ

**૧૦ નવતત્ત્વ-સાહિત્ય-સંગ્રહ**
સંગ્રાહક-સિ. વા. ન્યા. વિ. શ્રી વિજયોદયસૂરિ

**૧૧** શ્રી नवतत्त्वप्रकरणम्-સુમંગલા ટીકાસહિત
ટી. પ. મુનિ શ્રી ધર્મવિજય (તે હાલના શ્રી વિજય ધર્મસૂરીશ્વરજી મહારાજ)
શ્રી મુક્તિકમલ જૈન મોહનમાળા, વડોદરા

**૧૨ નવતત્ત્વ-પ્રકરણ** [સાર્થ] [આવૃત્તિ ત્રીજી]
શ્રી જૈન શ્રેયસ્કર મંડળ, મ્હેસાણા

**૧૩ નવતત્ત્વ-પ્રકરણ** [આવૃત્તિ બીજી]
પ્રકાશક તથા વિવેચક-પં. ભગવાનદાસ હરખચંદ-અમદાવાદ

**૧૪ શ્રી પ્રતિક્રમણ-સૂત્ર પ્રબોધ-ટીકા**-ભાગ-૧-૨-૩
જૈન સાહિત્ય-વિકાસ-મંડળ, મુંબઈ

**૧૫ ભગવતી સૂત્ર**-ભાગ **પહેલો, બીજો.**
પ્ર. મનસુખલાલ રવજીભાઈ મહેતા, મુંબઈ

**૧૬ ભગવતી સૂત્ર-ભાગ ત્રીજો, ચોથો.**
પ્ર. ગુજરાત વિદ્યાપીઠ, અમદાવાદ

**૧૭ વિશેષાવશ્યક ભાષ્ય**-ભાગ પહેલો, બીજો (ગુ. અનુવાદ)
ર. શ્રી જિનભદ્રગણિક્ષમાશ્રમણ
વૃ. શ્રી મલધારી હેમચંદ્રાચાર્ય
પ્ર. શ્રી આગમોદય સમિતિ-સુરત
ઉપરાંત કોષો, પ્રકીર્ણ લેખો વગેરે.

સાહિત્યવારિધિ શતાવધાની પંડિત

શ્રી ધીરજલાલ ટોકરશી શાહે

# જૈન ધર્મ સંબંધી

## લખેલાં ૨૨૮ પુસ્તકોની સૂચિ

જેમાં

બાળવાર્તાઓ, કથાઓ, ચરિત્રો, કાવ્યો, નાટકો, વિહાર-વર્ણનો, યાત્રાપ્રસંગો, સૂત્ર-સિદ્ધાંત પરનાં વિવેચનો તથા મહત્ત્વના વિશેષાંકો વગેરેનો સમાવેશ થાય છે.

**જૈન ધર્મના આચાર-વિચારને સમજાવતા આ રસમય સુંદર સાહિત્યનું વાંચન-મનન અવશ્ય કરો.**

[ વિ. સં. ૧૯૮૫ થી સં. ૨૦૨૨ ના ચૈત્ર સુધી ]

૧ થી ૧૦૩ બાળ-ગ્રંથાવળીના મણકાઓ
૧૦૪ શ્રી આદિનાથ ( જૈન ચરિત્રમાળા )
૧૦૫ શ્રી મલ્લિનાથ ,,
૧૦૬ શ્રી અરિષ્ટનેમિ ,,
૧૦૭ પ્રભુ પાર્શ્વનાથ ,,
૧૦૮ શ્રમણ ભગવાન મહાવીર ,,
૧૦૯ ભરતેશ્વર ,,
૧૧૦ ચક્રી સનત્કુમાર ,,
૧૧૧ મગધરાજ શ્રેણિક ,,
૧૧૨ સતી સીતા ,,
૧૧૩ દ્રૌપદી ,,
૧૧૪ સતી દમયંતી ,,
૧૧૫ સતી ચંદનબાળા ,,
૧૧૬ અનાથી મુનિ ,,
૧૧૭ મહર્ષિ કપિલ ,,
૧૧૮ મુનિ હરિકેશબલ ,,
૧૧૯ નમિરાજ ,,
૧૨૦ દશ ઉપાસકો ,,
૧૨૧ શેઠ સુદર્શન ,,
૧૨૨ મંત્રનો મહિમા ,,
૧૨૩ વીતરાગની વાણી ,,
૧૨૪ જલમંદિર પાવાપુરી ( ખંડ-કાવ્ય ) ,,

૧૨૫ વિમળશાહ (સયાજી બાલ–સાહિત્યમાળા)
૧૨૬ વસ્તુપાળ–તેજપાળ ,,
૧૨૭ શ્રી વિજયધર્મસૂરિ (શ્રી વિજયધર્મસૂરિ ગ્રંથમાળા)
૧૨૮ શ્રી વિજયાનંદસૂરિ (જ્યોતિ કાર્યાલય)
૧૨૯ વિશ્વવંદ્ય પ્રભુ મહાવીર (એક લાખ નકલ ,, )
૧૩૦ પાદલિપ્તસૂરિ (ઐતિહાસિક નોંધ–જૈન પત્ર ભાવનગર)
૧૩૧ રતિસુંદરી (જૈન ધર્મપ્રસારક સભા–ભાવનગર)
૧૩૨ ઋષિદત્તા ,,
૧૩૩ કલાવતી ,,
૧૩૪ સતી સુભદ્રા ,,
૧૩૫ રાજનગર સાધુ–સંમેલન (જ્યોતિ કાર્યાલય)
૧૩૬ જૈનોની શિક્ષણસમસ્યા ,,
૧૩૭ જૈન તત્ત્વપ્રવેશક ગ્રંથમાળા
ભા. ૨ જો (કર્પૂર વિ. ગ્રંથમાળા)
૧૩૮ તપવિચાર (જ્યોતિ કાર્યાલય)
૧૩૯ ત્રણ મહાન તર્કો (ધર્મબોધ–ગ્રંથમાળા)
૧૪૦ સફળતાની સીડી ,,
૧૪૧ સાચું અને ખોટું ,,
૧૪૨ આદર્શ દેવ ,,
૧૪૩ ગુરુદર્શન ,,
૧૪૪ ધર્મામૃત ,,
૧૪૫ શ્રદ્ધા અને શક્તિ ,,
૧૪૬ જ્ઞાનોપાસના ,,

| | | |
|---|---|---|
| ૧૪૭ | ચારિત્રવિચાર | ( ધર્મબોધ-ગ્રંથમાળા ) |
| ૧૪૮ | દેતાં શીખો | ,, |
| ૧૪૯ | શીલ અને સૌભાગ્ય | ,, |
| ૧૫૦ | તપનાં તેજ | ,, |
| ૧૫૧ | ભાવનાસૃષ્ટિ | ,, |
| ૧૫૨ | પાપનો પ્રવાહ | ,, |
| ૧૫૩ | બે ઘડી યોગ | ,, |
| ૧૫૪ | મનનું મારણ | ,, |
| ૧૫૫ | પ્રાર્થના અને પૂજા | ,, |
| ૧૫૬ | ભક્ષ્યાભક્ષ્ય | ,, |
| ૧૫૭ | જીવન-વ્યવહાર | ,, |
| ૧૫૮ | દિનચર્યા | ,, |
| ૧૫૯ | શ્રી નમસ્કાર મહામંત્ર | (સંપાદન શ્રી આત્માનંદ સભા) |
| ૧૬૦ | જિનેંદ્ર કાવ્યસંગ્રહ ભા. ૧ લો | (શ્રી જૈન ધાર્મિક શિક્ષણ સંઘ-મુંબઈ) |
| ૧૬૧ | જિનેંદ્ર કાવ્યસંગ્રહ ભા. ૨ જો | ,, |
| ૧૬૨ | ધાર્મિક પ્રશ્નોત્તરી ભા. ૧ લો | ,, |
| ૧૬૩ | ,, ભા. ૨ જો | ,, |
| ૧૬૪ | ,, ભા. ૩ જો | ,, |
| ૧૬૫ | શ્રી પ્રતિક્રમણસૂત્ર પ્રબોધટીકા ભા. ૧ લો | ( જૈન સાહિત્ય-વિકાસ-મંડળ, વિલેપારલે ) |
| ૧૬૬ | ,, ભા. ૨ જો | ,, |
| ૧૬૭ | ,, ભા. ૩ જો | ,, |

૧૬૮ શ્રી પંચપ્રતિક્રમણ સૂત્ર–પ્રબોધ ટીકાનુસારી શબ્દાર્થ, અર્થસંકલના તથા સૂત્રપરિચય સાથે ,,

૧૬૯ ઉપધાન–રહસ્ય (શ્રી વિજયદાનસૂરિ ગ્રંથમાળા–સુરત)

૧૭૦ ઉપધાન–સ્વરૂપ ,,

૧૭૧ ઉપધાન–ચિંતન ,,

૧૭૨ જિનશાસનની જયપતાકા ભા. ૧ લો (શ્રી આર્ય જંબૂ- અને શ્રી કુલ્પાકજી તીર્થની સ્વામી જૈન મુક્તાબાઈ અપૂર્વ સંઘયાત્રા જ્ઞાનમંદિર–ડભોઈ)

૧૭૩ કવિકુલતિલક શતાવધાની મુનિરાજ શ્રી કીર્તિવિજયજી (શ્રી આ૦ ક૦ જૈન જ્ઞાનમંદિર)

૧૭૪ દક્ષિણમાં દિવ્ય પ્રકાશ ,,

૧૭૫ શ્રીમદ્ વિજયલક્ષ્મણસૂરીશ્વરજી ,,

૧૭૬ જૈનધર્મ પરિચય ભાગ ૧ લો

૧૭૭ જૈનધર્મ પરિચય ભાગ ૨ જો

૧૭૮ જિનશાસનની જયપતાકા ભાગ ૨ જો (શ્રી આર્ય જંબૂસ્વામી જૈન મુક્તાબાઈ જ્ઞાનમંદિર ડભોઈ)

૧૭૯ જીવનનું ધ્યેય જૈન શિક્ષાવલી પ્રથમ શ્રેણી (જૈન સાહિત્ય–પ્રકાશન–મંદિર)

૧૮૦ પરમપદનાં સાધનો ,,

૧૮૧ ઈષ્ટદેવની ઉપાસના ,,

૧૮૨ સદ્ગુરુસેવા ,,

૧૮૩ આદર્શ ગૃહસ્થ ,,

| | | |
|---|---|---|
| ૧૮૪ | આદર્શ સાધુ | ,, |
| ૧૮૫ | નિયમો શા માટે ? | ,, |
| ૧૮૬ | તપની મહત્તા | ,, |
| ૧૮૭ | મંત્રસાધન | ,, |
| ૧૮૮ | યોગાભ્યાસ | ,, |
| ૧૮૯ | વિશ્વશાંતિ | ,, |
| ૧૯૦ | સફળતાનાં સૂત્રો | ,, |
| ૧૯૧ | સારું તે મારું | જૈન શિક્ષાવલી બીજી શ્રેણી |
| ૧૯૨ | દાનની દિશા | ,, |
| ૧૯૩ | નયવિચાર | ,, |
| ૧૯૪ | સામાયિકની સુંદરતા | ,, |
| ૧૯૫ | મહામંત્ર નમસ્કાર | ,, |
| ૧૯૬ | કેટલાક યંત્રો | ,, |
| ૧૯૭ | આયંબિલ-રહસ્ય | ,, |
| ૧૯૮ | આત્મતત્ત્વવિચાર ભા ૧ લો | (સંપાદન-સંસ્કરણ) |
| ૧૯૯ | યશોજીવનવાટિકા | (અપ્રસિદ્ધ ) |
| ૨૦૦ | શાસનપ્રભાવક સૂરિદેવ | |
| ૨૦૧ | શ્રી ભુવન-વિહારદર્પણ | |
| ૨૦૨ | શ્રી લબ્ધિજીવનપ્રકાશ | |
| ૨૦૩ | સતી નંદયંતી (નાટક) | પત્રમાં છપાયેલું |
| ૨૦૪ | શાલિભદ્ર (નાટક) | ,, |
| ૨૦૫ | જલમંદિર પાવાપુરી (કાવ્ય) | |
| ૨૦૬ | ભાવનાભવનાશિની | જૈન શિક્ષાવલી ત્રીજી શ્રેણી |

૨૦૭ સમ્યકત્વસુધા ,,
૨૦૮ શક્તિનો સ્રોત ,,
૨૦૯ અહિંસાની ઓળખાણ ,,
૨૧૦ જીવનઘડતર ,,
૨૧૧ પ્રાર્થનાનું રહસ્ય ,,
૨૧૨ પ્રતિક્રમણનું રહસ્ય ,,
૨૧૩ ઉવસગ્ગહરં સ્તોત્ર ,,
૨૧૪ તંત્રોનું તારણ ,,
૨૧૫ સાધર્મિકવાત્સલ્ય ,,
૨૧૬ જૈન પર્વો ,,
૨૧૭ આત્મતત્ત્વવિચાર ભાગ ૨ જો (સંપાદન-સંસ્કરણ)
૨૧૮ શ્રમણાંક (સંપાદન) સેવાસમાજ કાર્યાલય
૨૧૯ જૈન ધર્મ-સાર (બૃહદ્ગ્રંથ)
૨૨૦ ગુણશ્રી ગૌરવગાથા
૨૨૧ વિદુષી સાધ્વીજી રંજનશ્રીજી જીવનપ્રકાશ
૨૨૨ શ્રી સમેતશિખર-તીર્થદર્શન
[ છેલ્લા ઉદ્ધારના વર્ણન સાથે ]
૨૨૩ શ્રી સમ્મેતશિખર પાવાપુરી સ્પેશ્યલ
ટ્રેઈનનો દળદાર વિશેષાંક
૨૨૪ શ્રી ગોડી પાર્શ્વનાથ સાર્ધશતાબ્દી
સ્મારકગ્રંથ (સંપાદન) શ્રી વિજયદેવસૂર સંઘ-
મુંબઈ
૨૨૫ શ્રી વીર-વચનામૃત જૈન સાહિત્ય-પ્રકાશન-મંદિર

૨૨૬ જિનોપાસના જૈન સાહિત્ય-પ્રકાશન-મંદિર

૨૨૭ જીવ-વિચાર-પ્રકાશિકા ,,

યાને

જૈન ધર્મનું પ્રાણીવિજ્ઞાન

૨૨૮ નવ-તત્ત્વ-દીપિકા ,,

યાને

જૈન ધર્મનું અદ્ભુત તત્ત્વજ્ઞાન

દરેક જૈને અવશ્ય વાંચવા-વિચારવા યોગ્ય,
દરેક મુમુક્ષુએ અવશ્ય અભ્યાસ કરવા યોગ્ય.
એક અનેરું પ્રકાશન
વિ. સં. ૨૦૨૩ના ચૈત્ર-વૈશાખમાં પ્રકટ થશે.
તેનું શુભ નામ છે

# શ્રી સામાયિક યોગસિદ્ધિ

સામાયિક એ જૈન ધર્મની એક વિશિષ્ટ યોગક્રિયા છે. તેની સિદ્ધિ શી રીતે થાય? તે જૈનશાસ્ત્રો, અન્ય યોગ-પ્રક્રિયાઓ તથા મનોવિજ્ઞાનના આધારે આ ગ્રંથમાં દર્શાવવામાં આવ્યું છે.


તેની રચના અનેક યશસ્વી ગ્રંથોના લેખક અને સંપાદક સાહિત્યવારિધિ શતાવધાની પંડિત **શ્રી ધીરજલાલ ટોકરશી શાહ** કરી રહ્યા છે. ગીતાર્થ મુનિઓના સંશોધન બાદ તે મુદ્રણાલયમાં જશે અને સુંદર સ્વરૂપે પ્રકટ થશે. લગભગ ૫૦૦ પૃષ્ઠ, પાકું પૂંઠું, સુંદર જેકેટ. સં. ૨૦૨૨ની દીવાળી સુધી લવાજમ ભરનાર માટે

મુંબઈ તથા અમદાવાદમાં રૂપિયા ૫-૦૦. અન્ય સ્થળેથી લવાજમ મોકલનારે પોસ્ટેજના રૂ. ૧-૭૦ વધારે ગણીને કુલ રૂ. ૬-૭૦ પૈસાનો મનીઑર્ડર કરવો. ત્યાર બાદ મૂલ્ય રૂા. ૬-૦૦ તથા પોસ્ટેજ અલગ રહેશે.

તમારી નકલો આજે જ નોંધાવી દો—

**જૈન સાહિત્ય-પ્રકાશન-મંદિર**

લધાભાઈ ગુણપત બીલ્ડીંગ, ચીંચબંદર, મુંબઈ-૯



# ગણિત-ચમત્કાર

આંકડાની રમતો, કોયડાઓ
ચમત્કારિક પ્રયોગો વગેરે.

લેખક:-
શતાવધાની પંડિત
શ્રી ધીરજલાલ શાહ

મૂલ્ય ૫ રૂપિયા

# આ ગ્રંથ

— ભારતભરના વિદ્વાનોએ એકી અવાજે વખાણેલો છે.

— નાના-મોટા સહુને ગમ્મત સાથે જ્ઞાન આપે એવો છે.

— એમાં આંકડાની અનેકવિધ રમતો અને કોયડાઓ ઉપરાંત ગણિતના અનેક ચમત્કારિક પ્રયોગોનું રહસ્ય ખુલ્લું કરવામાં આવ્યું છે.

— આ ગ્રંથનું અધ્યયન કરનાર મિત્રમંડળ, મિજલસ, તેમજ મોટી પરિષદોમાં ગણિતના ચમત્કારિક પ્રયોગો કરવાને શક્તિમાન બને છે અને તેથી યશ તથા લાભ બંનેની પ્રાપ્તિ કરે છે.

— શુભ પ્રસંગે વિદ્યાર્થીઓ તથા મિત્રોને ભેટ આપવા યોગ્ય છે. હવે થોડી જ નકલો સિલકે રહી છે.

**મૂલ્ય રૂ. ૫-૦૦**

રજી. બુ. પો.થી મંગાવતાં પોસ્ટેજના રૂ. ૧-૨૫ પૈસા પડે છે.

## પ્રજ્ઞા-પ્રકાશન-મંદિર

લધાભાઈ ગુણપત બીલ્ડીંગ, ચીંચબંદર, **મુંબઈ-૯.**

**મુંબઈ તથા અમદાવાદના જાણીતા બુકસેલરો પાસેથી પણ મળી શકશે.**

# ગણિત-રહસ્ય

* શતાવધાની પંડિત શ્રી ધીરજલાલ ટોકરશી શાહે ગુજરાતી જનતાને અનેક ઉત્તમ કોટિનાં પુસ્તકો આપ્યાં છે, તેમાં આ પુસ્તક એક સમૃદ્ધ ઉમેરો કરે છે.
* ગણિત–ચમત્કારનું સાંગોપાંગ અવલોકન કરીને અંક-શાસ્ત્રની અજાયબ દુનિયામાં પ્રવેશ કર્યા બાદ આ ગ્રંથનું અધ્યયન અવશ્ય કરવા જેવું છે.
* તેમાં અંક–જાદુગરી (Mathemagic)ના અનેક હેરત-ભર્યા પ્રયોગોનું રહસ્ય ખુલ્લું કરવામાં આવ્યું છે. તે ઉપરાંત અંકસ્મૃતિ, અંકચમત્કૃતિ તથા ૮૦ જેટલા કોયડાઓનો ઉપયોગી સંગ્રહ પણ આપવામાં આવ્યો છે.
* માત્ર ગુજરાતી ભાષામાં જ નહિ, પણ ભારતની તમામ ભાષાઓમાં આ જાતનો ગ્રંથ પહેલવહેલો છે.

**મૂલ્ય રૂા. ૫–૦૦**

**રજી. બુ. પો.થી મંગાવતાં પોસ્ટેજના રૂા. ૧–૨૫ પૈસા વધુ.**
**વી. પી. થી પુસ્તક મોકલાય છે.**

## પ્રજ્ઞા–પ્રકાશન–મંદિર

લધાભાઈ ગુણપત બીલ્ડીંગ, ચીંચબંદર, મુંબઈ–૯

**મુંબઈ તથા અમદાવાદના જાણીતા ગ્રંથ વિક્રેતાઓ પાસેથી પણ મળી શકશે.**

# જીવ–વિચાર–પ્રકાશિકા

યાને

## જૈન ધર્મનું પ્રાણીવિજ્ઞાન

તે અંગે

## કેટલાક અભિપ્રાયો

[ ૧ ]

કોઈપણ આસ્તિક દર્શનમાં અહિંસાધર્મનું સર્વોત્કૃષ્ટ પ્રાધાન્ય છે. એમ છતાં જૈન દર્શનની અહિંસા એ સંપૂર્ણ અને યથાર્થ અહિંસા છે. જીવનમાં ભલે બીજા બધાય ધર્મ–તત્ત્વોનું સ્થાન હોય, પણ એક અહિંસારૂપ ધર્મતત્ત્વનો અભાવ હોય તો બીજા ધર્મ–તત્ત્વોની વાસ્તવિક દૃષ્ટિએ કશી કિંમત નથી. જ્યારે સંયોગવશાત્ બીજા ધર્મ–તત્ત્વો જીવનમાં ન્યૂનાધિક હોય, પરંતુ અહિંસાના તત્ત્વની સંપૂર્ણ શ્રદ્ધા સાથે ભાવભરી અમલ કરવાની ભાવના હોય તો તે આત્મા થોડા સમયમાં મુક્તિનો અધિકારી બની શકે છે.

આ અહિંસાતત્ત્વની શ્રદ્ધા તેમજ યથોચિત અમલ અંગે સ્વદયા, પરદયા, હેતુહિંસા, સ્વરૂપહિંસા, અનુબંધહિંસા વગેરે વગેરે ભેદ–પ્રભેદો ઉપરાંત પ્રાણી–વિજ્ઞાનનો

બોધ થવો એ હરકોઈ મુમુક્ષુ માટે અત્યંત આવશ્યક છે. આપણો પોતાનો આત્મા મૂળ સ્વરૂપમાં શુદ્ધ છતાં કર્મના કારણે આજ સુધીના ભૂતકાળ દરમિયાન કેવી કેવી જીવ-યોનિમાં ઉત્પન્ન થવા સાથે અનેક યાતનાઓનો કેવો ભાગીદાર બન્યો છે ? તે પણ આ પ્રાણીવિજ્ઞાનનો બોધ થવાથી આપણને ખ્યાલ આવી શકે છે.

આ વિષયનું પ્રતિપાદન કરનારા જીવાભિગમ-પન્નવણા-ભગવતી સૂત્ર વગેરે આગમગ્રંથો ઉપરાંત જીવ-વિચાર-પ્રકરણ, જીવસમાસ, બૃહત્સંગ્રહણી, લોક-પ્રકાશ વગેરે અનેકાનેક ગ્રન્થો જૈન દર્શનનાં આજે વિદ્યમાન છે અને તે બધાય ગ્રન્થોમાં પ્રવેશ કરવા માટે શ્રી શાન્તિસૂરિ વિરચિત જીવ-વિચાર-પ્રકરણ મુખપાઠ કરવા જેવો પાઠ્યગ્રન્થ છે. આપણી પ્રત્યેક ધાર્મિક પાઠશાળાઓમાં આ ગ્રન્થનું પઠન-પાઠન કેટલાંય વર્ષોથી આજપર્યંત અવિરતપણે ચાલુ છે.

આ જીવ-વિચાર-પ્રકરણ ઉપર સંસ્કૃત-તેમજ ગુજ-રાતી-હિન્દીમાં અનેક વિવેચનગ્રન્થો આજ સુધીમાં પ્રકાશન પામ્યા છે અને તે બધાય વિવેચનગ્રન્થો પોત-પોતાની મર્યાદામાં પ્રાણીવિજ્ઞાનનો બોધ આપનારા છે, એમ છતાં શતાવધાની પં. શ્રી ધીરજલાલ ટોકરશી શાહે વિસ્તૃત વિવેચન અને વિવિધ ચિત્રો-યંત્રોના સાહિત્ય સાથે લગભગ ૫૦૦ પૃષ્ઠનો તૈયાર કરેલ આ જીવવિચાર-પ્રકાશિકા નામનો ગ્રન્થ આજ સુધી પ્રગટ થયેલ જીવ-વિચાર-પ્રકરણના સર્વ ગ્રન્થોમાં અનોખી ભાત પાડનારો છે.

સર્વકોઈ મુમુક્ષુ મહાનુભાવો આ ગ્રન્થનું સાદ્યન્ત પઠન–પાઠન કરે, જીવના ભેદ–પ્રભેદોનું જ્ઞાન મેળવે અને સર્વોચ્ચ કક્ષાના અહિંસાતત્ત્વનું પરિપાલન કરવા પૂર્વક સકલ કર્મનો ક્ષય કરવા સાથે પોતાના આત્માને એ સર્વ ભેદ–પ્રભેદો રહિત બનાવી સિદ્ધ અવસ્થાની પ્રાપ્તિ માટે પુરુષાર્થ કરે, એ જ શુભ ભાવના.

**—પ. પૂ. આ. શ્રી વિજયધર્મસૂરીશ્વરજી મહારાજ**

[ ૨ ]

જીવ જો ખરેખર જીવને ઓળખતો થઈ જાય તો તેને મુક્તિ મેળવતાં વાર લાગે નહિ. હિંસા અને અહિંસાનો ભેદ જીવની ઓળખાણ થતાં સ્પષ્ટ સમજાઈ જાય છે. જીવ–વિચાર–પ્રકરણ એ ઓળખાણ કરાવવા સમર્થ છે. આ પ્રકરણ પર લખાયેલી આ પ્રકાશિકા જીવના સ્વરૂપ પર ખરેખર પરમ પ્રકાશ પાથરે છે અને સમ્યગ્જ્ઞાનની વૃદ્ધિ કરવા પૂર્વક આત્માનું અભીષ્ટ સાધવામાં પ્રબળ નિમિત્ત બને એમ છે.

**—પ. પૂ. આ. શ્રી વિજયધર્મધુરંધરસૂરીશ્વરજી મહારાજ**

[ ૩ ]

શિક્ષકોએ વિદ્યાર્થીઓને જીવ–વિચાર–પ્રકરણનો અભ્યાસ કરાવતાં પહેલાં આ ગ્રંથ ધ્યાનથી વાંચી જવાની જરૂર છે અને ખુદ વિદ્યાર્થીઓએ પણ તેનું પુનઃપુનઃ વાંચન–મનન કરવા જેવું છે. સંઘો, સંસ્થાઓ તથા

પુણ્યશાળી આત્માઓએ આવા સાહિત્યનો પ્રચાર કરવા માટે કટિબદ્ધ થવું જોઈએ.

—પ. પૂ. પં. શ્રી કીર્તિવિજયજી ગણિવર્ય

[ ૪ ]

'જીવ-વિચાર-પ્રકાશિકા' પુસ્તક મળ્યું. વાંચી ખૂબ જ આનંદ થયો. આપની શ્રુતભક્તિ, શાસનભક્તિ અને સાહિત્યભક્તિ અધિક અધિક તેજસ્વી બનો અને આપની વાણીનાં સુંદર પ્રકાશનો વધુ ને વધુ પ્રચાર પામી ખૂબ ખૂબ પ્રભાવક બનો.

**– પ. પૂ. મુનિરાજ શ્રી ન્યાયવિજયજી મહારાજ**

[ ૫ ]

શ્રી ધીરજલાલભાઈનું જીવ-વિચાર-પ્રકાશિકા અત્યાર સુધીનાં બધાં પ્રકાશનો કરતાં શ્રેષ્ઠતમ છે. ભાવી પ્રજા જરૂર નક્કી કરશે કે શ્રી શાંતિસૂરિજીએ રચેલા જીવ-વિચાર-પ્રકરણ પર સફલ, સરસ અને હૃદયસ્પર્શી ટીકા રચનારા શ્રી ધીરજભાઈ જ હતા.

**– પ. પૂ. મુનિ શ્રી પૂર્ણાનંદવિજયજી મહારાજ**

[ ૬ ]

– આ ગ્રંથ ઘણો જ સરસ અને ઉપયોગી છે. તેમાં જીવ સંબંધી વિવિધ દૃષ્ટિએ સારો પ્રકાશ પાડવામાં આવ્યો છે.

**– પ. પૂ. મુનિરાજ શ્રી અશોકવિજયજી મહારાજ**

[ ૭ ]

– જીવ–વિચાર–પ્રકાશિકા યાને જૈન ધર્મનું પ્રાણી–વિજ્ઞાન એ પુસ્તકમાં તમારો પ્રયત્ન પ્રશંસનીય છે. અત્યાર સુધીમાં આ વિષયને લગતાં પુસ્તકોમાં આની વિશેષતા તરી આવે છે. સંશોધકો અને પ્રસ્તાવના–લેખકો પણ આ વિષયના સુપ્રસિદ્ધ પ્રૌઢ જ્ઞાતાઓ–પૂ. આચાર્ય મ., ગણિવર્ય મુનિરાજો અને સદ્‌ગૃહસ્થોનો સહકાર મળ્યો, એથી પણ આ ગ્રંથના ગૌરવમાં વધારો થયો છે.

પ્રાકૃત પાઠની સંસ્કૃત છાયા, પદાર્થ, અન્વય, ભાવાર્થ, વિવેચન દ્વારા મૂળ ગ્રંથના આશયને સુગમ કરવાની શૈલી વિશિષ્ટ છે. ખંડવાર પ્રકરણો પાડી, ચિત્રો, યંત્રો અને પરિશિષ્ટો સાથે, આધુનિક વિજ્ઞાનવિચારણા સાથે, સંકલના કરેલી હોવાથી અભ્યાસીઓને ઉપકારક થશે તેવી આશા છે. જૈન પાઠશાલાઓમાં અને અન્ય સંસ્થાઓમાં આ ગ્રંથનું પઠન–પાઠન ઉપયોગી નીવડશે, તેમ લાગે છે. દરેક જૈન કુટુંબમાં અને પુસ્તકાલયમાં આ પુસ્તક હોવું જોઈએ.

પ્રૌઢ લેખક શતાવધાની સાહિત્ય–વારિધિ પં. શ્રી ધીરજભાઈને આવી રચના માટે ધન્યવાદ ઘટે છે.

**– પ્રાચ્યવિદ્યાવિશારદ પં. શ્રી લાલચંદ ભ. ગાંધી**

[ ૮ ]

– અત્યાર સુધીમાં જીવવિચાર અંગે બહાર પડેલાં પ્રકાશનોમાં આ પ્રકાશન ઘણી વિશેષતા ધરાવે છે. પ્રકરણ

ગ્રંથના અભ્યાસ કરનારાઓ માટે તે ઘણું જ ઉપયોગી છે. અત્યારના વિજ્ઞાનના જમાનામાં આ જાતનું પુસ્તક તૈયાર કરવામાં શ્રી ધીરજલાલભાઇએ ઘણો પરિશ્રમ કરેલો છે. તેમના દ્વારા આવું સાહિત્ય ઉત્તરોત્તર વધારે પીરસાતું રહે, એમ ઇચ્છું છું.

**– પં. શ્રી અભેચંદ ભ. ગાંધી**

[ ૯ ]

– જીવ-વિચાર-પ્રકાશિકાનું સાદ્યંત અવલોકન કરતાં એમ લાગ્યું કે તમારા હાથે એક પ્રાચીન પ્રકરણ પર ખરે-ખર આધુનિક ઢબની સુંદર ટીકા રચાઈ છે. અભ્યાસીઓને તે ખૂબ ઉપયોગી થઈ પડશે.

**– શ્રી અગરચંદ નાહટા.**

[ ૧૦ ]

– પંડિત શ્રી ધીરજલાલભાઈએ આજ સુધીમાં અનેક ગ્રંથો રચેલા છે. તેમાં પ્રસ્તુત વિશિષ્ઠ ગ્રન્થના સર્જનથી એકનો ઉમેરો થાય છે. જૈન સંઘે આ ગ્રંથને આવકારી જૈન ધાર્મિક શિક્ષણસંઘ-મુંબઈ, શ્રી યશોવિજયજી જૈન પાઠશાળા-મ્હેસાણા, શ્રી તત્ત્વજ્ઞાન વિદ્યાપીઠ પુના, શ્રી રાજનગર-અમદાવાદની પાઠશાળાઓ, શ્રી જૈન શ્વેતામ્બર એજ્યુકેશન બોર્ડ-મુંબઈ વગેરે મુખ્ય સંસ્થાઓના અભ્યાસ-ક્રમમાં દાખલ કરવો જોઈએ, એવો અમારો અભિપ્રાય છે.

અમે એમ પણ માનીએ છીએ કે ભૌતિકવાદના રંગે રંગાયેલા આજના યુવક-યુવતીઓને જો આ ગ્રંથ સાંગોપાંગ વંચાવવામાં આવે તો જરૂર તેમનું વલણ આત્મવાદી થાય અને તેઓ પુણ્ય-પાપ તથા આધ્યાત્મિક અનુષ્ઠાનોમાં શ્રદ્ધા ધરાવતા થઈ જાય, એટલે ધર્મપ્રેમી દાનવીર ગૃહસ્થોએ આ પુસ્તકોની વધારે નકલો ખરીદી આ વર્ગમાં અવશ્ય વહેંચવી જોઈએ.

– શ્રી ફતેહચંદ ઝવેરભાઈ
– **શ્રી મનસુખલાલ તારાચંદ મહેતા**

[ ૧૧ ]

જીવવિચાર પ્રકાશિકામાં કેટલાક ગૂઢ વિષયો અને પ્રશ્નોને શ્રીયુત્ ધીરૂભાઇએ સરળ રીતે રજૂ કર્યા છે. એથી અભ્યાસકો અને તેના જિજ્ઞાસુ વાંચકોને આ ગ્રંથ વિશેષ ઉપયોગી અને ઉપકારક બનશે, એમાં કોઈ સંદેહ નથી. આ ગ્રંથના મુક્ત કંઠે વખાણ કરવા એમાં જરા પણ અતિશયોક્તિ નથી. જીવ સંબંધી વિચાર વાંચકને શ્રદ્ધા પ્રતિ અચૂક ખેંચશે. પુસ્તક સચિત્ર છે, એ એની મહત્તામાં ઉમેરો કરે છે.

**સોમચંદ ડી શાહ,**
તંત્રી-**સુઘોષા**

[ ૧૨ ]

જીવ-વિચાર-પ્રકાશિકામાં વિષયની રજૂઆત અને છણાવટ એવી રીતે કરવામાં આવી છે કે જો તેનો અભ્યાસ બરાબર કરવામાં આવે તો વિષયનું જ્ઞાન બરોબર થાય. ગામોગામ દરેક સંઘમાં રાત્રિના સમયે સૌએ ભેગા મળી આવાં પુસ્તકોનું વાચન-શ્રવણ કરવું જોઈએ. જ્ઞાનનાં પુસ્તકો કે પ્રકાશનની સાર્થકતા જ્ઞાનપ્રચારમાં કે તેના અધ્યયનમાં રહેલી છે. સાધનોનો ઉપયોગ ન થાય તો સાધનોનું મૂલ્ય શું? આવાં ઉપયોગી વિષયનાં પુસ્તકો દરેક ગામના જ્ઞાનભંડાર સુધી પહોંચવા જોઇએ અને તેનું રોજ નિયમિત પારાયણ થવું જોઈએ.

**પ્રાણજીવન હ. ગાંધી,**
મંત્રી-શ્રી જૈન ધાર્મિક શિક્ષણસંઘ,
મુંબઈ

[ ૧૩ ]

જીવસંબંધી સંપૂર્ણ જ્ઞાન પ્રાપ્ત થાય એ દૃષ્ટિએ જીવ-વિચાર-પ્રકાશિકાનું સંકલન થયું છે. આવો જીવ સ્વરૂપ દર્શાવનારો ઝીણવટભર્યો ગ્રંથ આજ સુધી કોઈના તરફથી બહાર પડયો નથી. આવી સુંદર રચના માટે હાર્દિક અભિનંદન.

**-પંડિત હરજીવનદાસ ભાયચંદ શાહ,**
**અમદાવાદ**

[ ૧૪ ]

"જીવ-વિચાર-પ્રકાશિકા" નામનું પુસ્તક જોયું, તેમાં જીવ સંબંધી વિષયનો સારો સંગ્રહ કરવામાં આવ્યો છે. જીવવિચારના અભ્યાસકને વિષયની સંકલનાની દૃષ્ટિએ આ પુસ્તક અત્યંત ઉપયોગી થશે અને જીવસંબંધી ઘણી ઝીણવટભરી હકીકતો જાણવા મળશે. ભારતવર્ષની પ્રત્યેક જૈનશાળામાં આ પુસ્તક જરૂર હોવું જોઈએ, એમ મારું માનવું છે.

**–પંડિત રસિકલાલ શાન્તિલાલ મહેતા,**
શ્રી સરસ્વતીબેન જૈન પાઠશાળા,
**અમદાવાદ**

[ ૧૫ ]

શ્રી જીવ-વિચાર-પ્રકાશિકા પુસ્તક વાંચ્યું અને વિચાર્યું. જીવસંબંધી સંપૂર્ણ હકીકત દર્શાવતું આ પુસ્તક ખૂબ જ મનનીય છે, તેમજ અભ્યાસકોને જીવ સંબંધી ઘણું જ્ઞાન આપે તેવું છે. ચિત્રોએ તેની મહત્તા વધારી છે. આવું પ્રકાશન અદ્યાપિ કોઈએ કર્યું નથી, તેથી આપશ્રીને લાખો ધન્યવાદ.

**–માસ્તર રતિલાલ બાદરચંદ,**
**અમદાવાદ**

[ ૧૬ ]

શ્રીમાન્ ધીરૂભાઈ,

અનંત ઉપકારી પરમાત્મા વીતરાગદેવના શાસનમાં “ જીવરક્ષા ” એ ધર્મનું પ્રથમ પગથિયું છે. “ જીવરક્ષા ”ના પાલન માટે જીવ સંબંધી સૂક્ષ્મ જ્ઞાન આવશ્યક છે. જો કે પૂજ્ય પૂર્વ મહર્ષિઓએ “ જીવ ” સંબંધી તત્ત્વજ્ઞાન આગમોમાં અનેક રીતે ગુંથેલું છે, પરંતુ આગમગ્રંથોને ભણવામાં અસમર્થ જીવોને જીવવિષયક વિશાળ અનુભવ આપતું આપશ્રી તરફથી પ્રકાશિત થયેલું “ શ્રી જીવવિચાર પ્રકાશિકા ” નામનું આ પુસ્તક વાંચી અમને ઘણો જ આનંદ અને સંતોષ ઉત્પન્ન થયો છે.

આ પુસ્તકમાં અનેક ચિત્રો દ્વારા, યુક્તિ-પ્રયુક્તિઓ દ્વારા અને દૃષ્ટાંતો દ્વારા મૌલિક વિષયને સમજાવવામાં જે અદ્ભૂત કલાનો ઉપયોગ કર્યો છે, તે અતિ-અનુમોદનીય છે. જૈન શાસનના તત્ત્વજ્ઞાનના પિપાસુ જીવોને આપશ્રી તરફથી પ્રતિ વર્ષે નવા નવા વિષયોને સૂક્ષ્મતાએ દર્શાવતાં પુસ્તકોનો લાભ મળતો જ રહે એવી આશા સાથે વિરમું છું.

એજ લિ.

**– ધીરજલાલ ડાહ્યાલાલ મહેતા,**
ઠે. ઝવેરીવાડ, ખડતરની ખડકી,
**અમદાવાદ**

પુષ્પ સંખ્યા· ... ૭૨ આગળના = ૫૨૮